




શ્રી ને

ના શુભ પ્રસંગે



ઘરની રાણી બનીને અખંડ સૌભાગ્ય પામો. અને સુખ સંપત્તિ મેળવી તમારો સંસાર જીવનને ઉજ્જવળ બનાવો [illegible] સાથે સપ્રેમ ભેટ.

તરફથી


મિત્ર

તા.




ઘરની રાણી (બ્લૉક : શ્રી. કનુ દેસાઈના સૌજન્યથી) ગોવ્રત

સંસ્કારલક્ષ્મી પછીનું બીજું ગૃહ ઉપયોગી સુવાર્ણું સર્જન

# ઘરની  રાણી

[ વિભાગ ૧-૨-૩-૪-૫ સાથે ]

એકસોએકાવન કરતાં પણ વધુ ચિત્રો સાથેનું
સંસ્કારી કુટુંબો માટેનું સચિત્ર કલામય સંસ્કરણ

કર્તા

ડુંગરસી ધરમસી સંપટ

**સંસ્કાર લક્ષ્મી**ના રચયિતા

'હે સ્ત્રી! તું ઘરની માલિક બનીને જા, અને
ત્યાં બધાની સાથે **રાણી** જેવો વર્તાવ કર'

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ • પબ્લીશર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.



ઘરની રાણી                    તુલસી વ્રત

( બ્લૉક : શ્રી કનુ દેસાઈના સૌજન્યથી )

# ઘરની રાણી



કિંમત રૂા. ૬-૧૨-૦ આની


પ્રકાશક
**નંદલાલ મોહનલાલ ઠક્કર**
એન. એમ. ઠક્કરની કંપની
ગોવિંદ બિલ્ડીંગ, ૧૪૦,
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

મુદ્રક
**મણીલાલ છગનલાલ શાહ**
ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
સીવીલ હૉસ્પીટલ પાસે,
ઘીકાંટા રોડ : અમદાવાદ



# પ્રસ્તાવના

**પ્રા**ચિન ઋષિ મુનીઓએ ગૃહસ્થાશ્રમને સૌ આશ્રમોમાં દિવ્ય અને ઉચ્ચ ગણ્યો છે. પતિ અને પત્નીરૂપી યુગલ સંસારમાં પ્રેમ, માધુર્ય અને સહકારથી પોતાના ગૃહસ્થાશ્રમને દીપાવી શકે છે. પરંતુ સંયોગ અને સ્વભાવદોષથી વિક્ષેપો અને કાળા વાદળા આવ્યા કરે છે. પરંતુ તેમાં પણ પતિ પત્ની જરા સાદી સમજ વાપરી સંસારને બાંધછોડ અને સમાધાનવૃત્તિથી હળવો કરી શકે છે.

આ પુસ્તકમાં ગુર્જર નારીઓના સંસાર ચિત્રો મારા હૃદયમાં જે પ્રતિબિંબિત થયા હતા તે પ્રકાશમાં મૂકું છું. મને આપણી સ્ત્રીઓના આર્યહૃદયને માટે અતિશય શ્રદ્ધા છે. દુઃખોમાં, સંકટોમાં, હાડમારીઓમાં એ આર્યહૃદયો સહનશીલતા અને નારીત્વની ઉચ્ચ ભાવનાઓ દેખાડી શકે છે. પોતાના વહાલાઓને માટે ભૂખમરો, ટાઢ, તડકો અને ગરીબાઈને સહન કરી શકે છે. સંયોગો ક્યારેય એમને પતિત પણ બનાવી શકે છે પરંતુ હૃદયમાંથી ક્યારેય આર્યભાવનાઓનો સમૂળો ધ્વંસ થતો નથી.

ગૃહસંસારના આ ચિત્રોથી–છેલ્લા ૫૦ વરસો થયા આપણા જીવનમાં કેવો વિકાસ થતો આવે છે તેની વાંચનારને સહેજે પ્રતીતી થશે. ઘરરખ્ખુ, ઉદાર અને પવિત્ર સ્ત્રીજીવન સાદાઈ, કરકસર અને સરલ જીવનમાંથી સરતું સરતું પાશ્ચિમાત્ય અસર નીચેના આધુનિક જીવન તરફ વળે છે. અગાઉની સ્ત્રીઓ લગભગ અભણ, વહેમી અને અજ્ઞાન હતી. પરંતુ એમનામાં આરોગ્ય, સરળતા, સાદાઈ અને મહેનત હતાં. હમણાંની સ્ત્રીઓમાં જ્ઞાન, વિજ્ઞાન, શિક્ષણસાહિત્ય, સ્વતંત્રતા અને લલિતકળાઓ છે. પરંતુ મારી સમજણ પ્રમાણે અગાઉની સ્ત્રીઓનું આરોગ્ય અને ખડતલપણું ઓછું થયું છે. પાશ્ચિમાત્ય ફેશને, ખર્ચાળપણું, વિશેષ-પણાની સ્વતંત્રતા અને ખોટો દંભ કંઈક પ્રમાણમાં આવ્યાં છે. છતાં આ સર્વની પાછળના આર્યનારિત્વની પવિત્ર ભાવના જે વંશ-પરંપરાથી, હજારો વર્ષોથી લોહીમાં ઉતરી આવી છે તેનો નાશ થયો નથી.

જુના વખતનું નારીજીવન એ સમયોને અનુકૂળ રચાયું હતું. હમણાનું આધુનિક નારીજીવન આ સમયના પ્રવાહને અનુકૂળ થવા મથે છે. બંનેમાં કયું શ્રેષ્ઠ એ પ્રશ્ન અસ્થાને છે. સમય પ્રમાણે બંને શ્રેષ્ઠ છે. સમયનો પ્રવાહ બદલાતો જાય છે. બંનેમાંથી જે જે શિવ, સુંદર અને દિવ્ય છે તે જ આપણા સ્ત્રીજીવનમાં આવે તો આપણું ભવિષ્ય જરૂર ઉજ્વળ બને. જુના જીવનમાંથી ગૃહકામની દક્ષતા, ખડતલપણું અને આધુનિક જીવનમાંથી જ્ઞાન, વિજ્ઞાન, શિક્ષણ અને આરોગ્યનું જ્ઞાન આવે એ જ કલ્યાણમાર્ગ છે. જુના સમયના અજ્ઞાન, વ્હેમ અને ખોટી રાહરસમોનો ત્યાગ ધીમેધીમે થતો જાય છે. પરંતુ એમની જગ્યા ફેશનોની ટીશીઆરી, નાજુકાઈ, અનહદ પ્રમાણનું સ્વાતંત્ર્ય અને ગૃહકામમાં અનભિજ્ઞપણું ન લે એ ઇચ્છવા યોગ્ય છે. બુદ્ધ ભગવાને સૂચવેલો મધ્યમ માર્ગ આપણી જીવનનૌકાને સહિસલામત પ્રવાસ કરાવવાને અનુકુળ થઈ પડશે. પુરાણો પણ કહે છે કે જુનું

એ સર્વે સોનું નથી. નવું એ સર્વે ખરાબ નથી. બન્નેના છેલ્લા છેડાઓ પકડીને (extreme) માર્ગગમન અનુકૂળ થઈ નહિ પડે.

યુરોપના જીવનનું પ્રતિબિંબ હવે સંપૂર્ણપણે આપણા સંસાર ઉપર પડવા લાગ્યું છે. એમનું સાહિત્ય હવે ઘરેઘર વંચાય છે. યુરોપિયન જીવનની આંધળી નકલ આપણા માટે ઈષ્ટ નથી. આથી આપણું કલ્યાણ નથી. મહાત્મા ગાંધીજીએ જે નિડર, પવિત્ર, ઉચ્ચ આદર્શવાળું, ઉદ્યોગી અને આત્મભોગવાળું નારીત્વ પ્રબોધ્યું છે તે જ આપણા ગૃહજીવન માટે શ્રેષ્ઠ હોવાની મારી માન્યતા છે.


નાના ગામ, નાનું શહેર અને મોટાં શહેરના ગૃહજીવનોના દર્શન આ પુસ્તકના પાનાઓના પટ ઉપર વાંચનાર જોઈ શકશે. સંયુક્ત કુટુંબની પ્રથા આપણામાં અગાઉ હતી, હજી પણ છે. એ પદ્ધતિ ચીનમાં અત્યંત વિશાળ પ્રમાણમાં વ્યાપેલી છે. જાપાનના લોકો પણ એ પદ્ધતિને અનુકૂળ બનાવી રહ્યા છે. આપણે ત્યાં પણ પશ્ચિમના પવનના પ્રભાવથી સંયુક્ત કુટુંબની આપણી પદ્ધતિ ઉપર મોટા ઘણાના ઘાવ થાય છે જ્યાં સંપ અને સુમતિ છે ત્યાં જ સંયુક્ત કુટુંબશોભા, સંપત્તિ અને સંગઠ્ઠનનો વિકાસ કરનાર છે. જ્યાં મતભેદ, ઝગડા, કલેશ અને ટૂંકી બુદ્ધિ છે ત્યાં સંયુક્ત કુટુંબ ભાર, દુઃખ અને નુકશાનકારક નીવડે છે.

આપણે ત્યાં જગતમાં જવલ્લેજ મળે એવા આદર્શો છે. સીતા, સાવિત્રી, અનુસુયા, અરૂંધતી, દ્રૌપદીથી માંડીને ઠેઠ ઝાંસીની લક્ષ્મીબાઈ સુધીના મહાન આદર્શો આપણી બ્હેનો પાસે છે. એ આદર્શોના બીજો આપણી સ્ત્રીઓના અંતઃકરણમાં ઊંડા ઉતરેલા છે. ગમે એટલા યુરોપના પ્રવાહો આપણા આધુનિક જીવન ઉપર આઘાતો કરે તો પણ પ્રાચિન હિંદી મહિલાઓના પૂજ્ય આદર્શો આપણી સ્ત્રીઓ ક્યારેય ભૂલી શકશે નહિ.

આપણી ગુર્જર સુંદરીઓ અને પુરુષો આવા આદર્શદ્વારા કલ્યાણમય સંસારને રચો એવી શ્રી મંગલ ભાવનાને આશિષથી વધાવી લઉં છું.

ભાઈશ્રી નંદલાલભાઈના ઉત્તેજન વગર આ પુસ્તક લખાત નહિ. એમનો હું ખાસ ઋણી છું. ગ્રામ્ય ખેડૂત જીવનની સમસ્યાઓના ચિત્રો રજુ કરતી વાર્તા રજુ કરવાની ઇચ્છા પણ એમના સહકારથી જ સિદ્ધ થશે. કાંઈ પણ આર્થિક સ્વાર્થો રહિતની સેવા ગુજરાતને ચરણે મુકવાની મારી હૃદયની ઇચ્છાને અનુકૂળ થવા માટે પણ નંદલાલભાઈનો હું આભારી છું.

કરાચી : જન્મ ૯મી શ્રાવણ–૧૯૯૯ : ડુંગરસી ધરમસી સંપટ



# નિવેદન

‘**ઘરની રાણી**’ના સર્જન પાછળ ‘**સંસ્કાર લક્ષ્મી**’ની સફળતા કારણભૂત છે. એની સફળતાથી જ ગુજરાતના મધ્યમ અને સંસ્કારી કુટુમ્બની નારીઓ માટેનાં એક પુસ્તક માટે પ્રેરણા મળી છે. આ પ્રેરણાથી જ ‘ઘરની રાણી’ જન્મી છે. ગુજરાતના માસિકો, સાપ્તાહિકો તેમ જ દૈનિકવર્તમાનપત્રોમાં પોતાના અનુભવના નીચોડ રૂપ મનનીય સાહિત્ય પીરસી તે દ્વારા જેઓ ગુજરાતના પાંચ લાખ ઉપરાંતના વાંચકવર્ગના નીકટના પરિચયમાં સદા રહે છે તે—મુરબ્બી શ્રી ડુંગરસીભાઈ સંપટે આ ગ્રન્થમાં નારી જીવનનાં અનેક પ્રશ્નો ચર્ચી આપણા ગુજરાતનાં ઘરેઘરનાં રોજ-બરોજ બનતાં બનાવોનું ચિત્ર એક કુશળ કારીગર અને શિલ્પીની માફક એમાં ચીતર્યુ છે. એમનું આ વર્ણન જેટલુ સચોટ છે એટલું જ તે વાસ્તવિક છે, જેટલું તે કઠોર છે તેટલું જ તે સહાનુભૂતિ અને પ્રેમથી નીતરતું છે. ગુજરાતની ગરવી પુત્રીઓને, વહુઓને, સાસુઓને અને નણંદોને માટે જ આ પુસ્તક નથી પરન્તુ પિતાઓને, પતિઓને, સસરાઓને અને ભાઈઓને પણ એમાંથી ઘણું જાણવાનુ મળી શકે એમ છે. એમા માત્ર ઉપદેશો કે હકીકતોજ નથી પરન્તુ સંસાર જીવનના સારા અને નરસાં પ્રસંગોનું આબેહૂબ સચિત્ર અને સત્ય ચિત્રાત્મક વર્ણન છે.

પુસ્તકના આગળના બે સચિત્ર દ્વિરંગી વિભાગો પણ બહેનોને શું જોઈએ છે તથા તેઓ શું માગે છે તે અનુલક્ષીને જ આપવામાં

આવ્યા છે. પહેલા વિભાગમાં સુન્દરતા પ્રાપ્ત કરવા માટેના કેટલાક સરળ અને સુલભ રીતે પ્રાપ્ત થાય એવા પ્રયોગો તથા સૂચનો કરવામાં આવ્યા છે. સુન્દર શા માટે બનવું પડે, સાચી સુન્દરતા કઈ કહેવાય? તેની પણ સુન્દર ચર્ચા એમાં કરવામાં આવી છે. બીજા વિભાગમાં પતિનો પ્રેમ જીતવા માટેના કેટલાક ઉપાયો બતાવવામાં આવ્યા છે. સંસારની સફળતા માટે પતિનો પ્રેમ પૂરી રીતે સંપાદન કરવો જરૂરી છે અને જેમના સંસારમાં એક બીજા પ્રત્યે અવિશ્વાસ હોય છે તેમનાં સંસાર ધૂળ જેવા જ છે એ વાતનું સમર્થન એમાં કરેલું છે. પતિને કેવી રીતે વશ કરવા, તેને અનુકૂળ કેવી રીતે બનવું તેની સુંદર ચર્ચા દલીલો અને પ્રયોગો સાથે એમાં છે.

આ પુસ્તકને કલાની કારીગરીનો ઓપ ચઢાવવા માટે અમે શ્રીયુત કનુભાઈ દેસાઈનાં ખાસ ઋણી છીએ. એમના અનેક કિંમતી સૂચનો આ ગ્રંથ પ્રકાશન માટે મળ્યાં છે અને એમની જ માયાળુ મમતાને લઈને 'ઘરની રાણી' આટલું સુન્દર અને ભવ્ય રૂપ ધારણ કરી શકી છે. શ્રી મનુભાઈ દેસાઈ તરફથી તેમ જ અન્ય ચિત્રકાર મિત્રો તરફથી જે સહકાર મળ્યો છે તેને માટે પણ તેમના આભારી છીએ. શ્રી ડુંગરસીભાઈ સંપટનો ક્યા શબ્દોમાં આભાર માનવો તે ખરેખર સૂઝતું નથી.

'સંસ્કાર લક્ષ્મી'ની જેમજ ગુજરાતના સંસ્કારી કુટુંબો આ પુસ્તકને સત્કારશે તો આ ગ્રંથના સર્જન માટેનો કર્તાનો તેમજ અમારો શ્રમ અમે સફળ થયેલો માનીશું.

પ્ર કા શ ક

આ ગ્રન્થના વિદ્વાન કર્ત્તા સાક્ષર શ્રી ડુંગરસી



સંપટની વિવિધ ૨૫ કૃત્તિઓ

(૧) સંસ્કારલક્ષ્મી
(૨) ઘરની રાણી
(૩) હુન્નર ઉદ્યોગ ને વ્યાપાર. ભા. ૧-૨-૩
(૪) સ્ત્રીઓનું આરોગ્ય
(૫) મહારાજ્યોની યુદ્ધ શક્તિ
(૬) જાપાન
(૭) કેમ અને ક્યારે ?
(૮) હિમાલયના પૂણ્ય પ્રદેશમાં
(૯) કચ્છનો વેપારતંત્ર
(૧૦) આપણા પૂર્વજો. (જૈન 'નું ભેટ પુસ્તક)
(૧૧) ભાટિયા વહાણવટું
(૧૨) ભાટિયાઓમાં પ્રવર્તિ રહેલી બેકારી નિવારણના ઉપાયો
(૧૩) કચ્છનો ક્રોમવેલ-ફત્તેહમામદ ફોજદાર (અપ્રગટ)
(૧૪) હુંડિયામણ
(૧૫) હિંદની ગરીબાઈ
(૧૬) સીંગાપોર
(૧૭) ઓસ્ટ્રેલીઆ
(૧૮) ડચ ઇસ્ટઇન્ડીઝ
(૧૯) સ્વાધીન ભારત
(૨૦) કચ્છની લોકવાર્તાઓ
(૨૧) હિંદ-વિશ્વયુદ્ધના વમળમાં
(૨૨) જીવનસખી (૨૩) જર્મની
(૨૪) ? (તૈયારીમાં) (૨૫) ? (તૈયારીમાં)

# ઘરની રાણી

## અનુક્રમ

# ઘરની રાણી

## ભાગ ૨ જો

---

# ઘરની રાણી


શ્રી. ડુંગરસી ધરમસી સંપટ રચિત

## વિભાગ ૩ જો

## વિભાગ ૫ મો

# ઘરની રાણી

ભાગ ૧ લો.



# સ્ત્રીજીવનની વિવિધ દશ અવસ્થાઓ



સ્ત્રીની પહેલી અવસ્થા બાલિકાની છે. એ શૈશવ અવસ્થામાં હોય છે ત્યારે તેને તેની ભાવિ અવસ્થાનો જરાય ખ્યાલ હોતો નથી. તે તો માત્ર રમતગમતમાં જ મશ્ગૂર રહે છે.



બાલિકા ધીરેધીરે મોટી થાય છે, હવે તે ભાઈની બહેન બને છે. તેના જીવનમાં ભાઈ તેનું સર્વસ્વ છે અને ભાઈને પણ બહેન વહાલી છે. બન્ને ભાઈબહેન એકબીજામાં જ ઓતપ્રોત બની આ સંસારથી અનભિજ્ઞ રહે છે અને એમાં જ પોતાના સુખની સાર્થકતા અનુભવે છે.



હવે બાલિકા કન્યા બને છે. એનું કન્યાજીવન પણ સંસારના સુખ-દુઃખોથી અજાણ્યુ રહે છે. એ ભણે છે, રમત રમે છે અને માતા પાસેથી ગૃહસંસારને ઉપયોગી એવા શિક્ષણનો પણ અનુભવ કરવા માંડે છે.

કન્યાની અવસ્થા જ્યારે **ગૌરીમાં** ફેરવાય છે ત્યારે તેનામાં પ્રભુભક્તિનાં અંકુર ફુટે છે. એ પ્રભુ પ્રતિશ્રદ્ધા ધરાવે છે અને પોતાના ભાવિ સુખ માટે, પોતાના ઈચ્છિત ફળ માટે તે નિરંતર ઈષ્ટ પ્રાર્થના કર્યા કરે છે.





ગૌરીને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થતાં તેને પોતાનો એક જીવનસાથી મળે છે. આ જીવનસાથીની તે પરિણીતા બની તેની સાથે ભાવિજીવનના સોનેરી સોણલાની ઇમારત ઘડે છે.

પરિણીત પતિપ્રભુ આગળ પોતાના રૂપ-ગુણ અને માધુર્યથી નાનામોટા સૌને વશીભૂત બનાવી દે છે સૌ તેના મનોહર ગુણોથી આકર્ષાય છે આમ એ મનોહારિણી મુગ્ધા બની ઝગકાર ઉપાડી લે છે





અને સમય જતાં એ મુગ્ધા એક બાળકની માતા બને છે. 'દેવના દીધેલ ને એ નિત્ય પોતાના હૈયા સરખું રાખે છે અને પોતાના જીવનને ધન્ય માને છે. હવે બાળક એ તેનું સર્વસ્વ બને છે.

પુત્રના કાલાઘેલા શબ્દોથી, તેના મધુર હાસ્ય અને પ્રેમભર્યા ભાવોથી માતાના રોમેરોમ પુલકિત બને છે. બાળકની અનેક જીજ્ઞાસા તૃપ્ત કરી એ માતૃસુખનો અનેરો આનંદ લૂંટે છે.





માતૃસુખનો આનંદ ભોગવતાં ગૃહિણી પોતાના ગૃહકાર્યને પણ વિસરતી નથી અને જ્યારે એમાંથી એ પરવારે છે ત્યારે એ પોતાના બાળકને પ્રેમથી રમાડી પોતાનો સારોય થાક ઉતારી દે છે.

ગૃહિણીને પ્રભુકૃપાથી પૌત્રાની પ્રાપ્તિ થાય છે હવે એ પુત્રવધુને 'ઘરની રાણી' બનાવી પોતાનું શેષજીવન પૌત્રાની સાથે રમતગમતમાં ગાળી તેમની વહાલી દાદીમાનું પદ મેળવે છે.



# ઘરની રાણીને !



**હે સ્ત્રી !** તું ઘરની માલિક થઈને જા; અને ત્યાં જેટલાં પુરુષો હોય તેમની સાથે રાણીની જેમ વર્તાવ કર.

હે રાણી ! સસરા ઉપર તું મહારાણી પદ મેળવ, સાસુ ઉપર મેળવ, નણંદ ઉપર મેળવ, દીયર ઉપર મેળવ. આખા ઘરને કબજે કરી તું તેની અધિષ્ઠાત્રી બન !

જ્યાં જ્યાં તું જાય છે ત્યાં ત્યાં તું પ્રકાશ પાથરે છે. તું પોતે સુખી થાય છે અને બીજાને પણ સુખી બનાવે છે.

તું જંગલને પણ મંગલ બનાવી દે છે. વનને પણ રાજમહેલ કરતાં અધિક સુંદર બનાવી દે છે. કાંટાળી ઝાડીને ફૂલવાડીમાં ફેરવી નાંખે છે.

હે સુકુમારી! વિધાતાએ તને પુરુષોને ઠેકાણે લાવવા માટે બનાવી છે. તું ન હોત તો પુરુષો પશુ જેવા હોત. સ્વર્ગમાં પણ એવું શું છે, કે જે તારામાં નથી? અદ્ભૂત તેજ, પવિત્રતા, સત્ય, અનંત આનંદ અને અમર પ્રેમ એ સર્વ તારામાં છૂપાયું છે!

હે સ્ત્રી! તું પુરુષોને દોરનારી એક દેવી છે. તારામાં ઈશ્વરી અંશ છે. પુરુષના સુખ-દુઃખ તારા જ હાથમાં છે, તું જ તેને તારે-તું જ તેને મારે.

હે નારી! તારી સહાયતા વિનાનું પુરુષનું જીવન, કુન્દન વિનાના માણેક જેવું છે. જ્યારે દુઃખ અને વેદનાથી પુરુષોના હૃદય તૂટી જતાં હોય ત્યારે તું તેમના સ્વાસ્થ્યને સાચવનારી પરી, સુન્દરી-અપ્સરાનું કામ કરે છે.

હે સ્ત્રી! તું જો ઇચ્છે તો સ્વર્ગને નરક અને નરકને સ્વર્ગ બનાવી દે છે! ધનવાનને નિર્ધન અને નિર્ધનને ધનવાન બનાવી દેવાની તારામાં તાકાત છે.

સુન્દરી! તું પુરુષની ભાગ્યવિધાત્રી છે! એના જીવનનાં કાજળ કાળા અંધારામાં પ્રકાશ આપતી. ચમકતી સૌદામિની છે. તું છે તો બધું છે. તું નથી તો આ સમૃદ્ધિભર્યા વિશ્વમાં બીજું કંઈ જ નથી.

તું પુરુષની અર્ધાંગના છે, તું તેનો સૌથી મહાન મિત્ર છે; તથા ધર્મ, અર્થ અને કામનું મૂળ છે. જે તારૂં અપમાન કરે છે, તેનો કાળ નાશ કરે છે.

હે હરિણાક્ષી! શંભુ, સ્વયંભૂ અને હરિને તેં તારા ઘરમાં કામ કરનારા સેવકો બનાવ્યા હતા. તું જો ધારે તો પુરુષને દેવ અને દાસ બનાવી શકે છે.

તારાઓને આકાશની કવિતા કહેવામાં આવી છે, તો તને પૃથ્વીની કવિતા કહી છે. દુનિયાના ભાગ્યની રક્ષા તારા જ હાથમાં છે.

ઓ દેવી! તું રાત્રિનો તારો અને દિવસનો હીરો છે. તું ઝાકળના બિંદુ જેવી છે, કે જેનાથી કાંટાનાં મુખ પણ મોતીથી

ભરાઈ જાય છે. જ્યારે તારી આંખનું તેજ અમારા હૃદયને શાન્ત કરતું નથી, ત્યારે રાત્રિ દિવસ અમારે માટે નિઃસત્ત્વ છે અને ઉદાસીનતાથી ભરેલા રહે છે.

સ્ત્રી! તું સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહની દૈવીમૂર્તિ છે.

હે રૂપવતી! વિધાતાએ તને સુન્દર બનાવી છે, એટલા માટે તને મહત્ત્વવાળી ગણવામાં આવી નથી; તને પ્રેમને માટે બનાવવામાં આવી છે એટલે લોકો તારા પર પ્રેમ રાખતા નથી; પરન્તુ તને તેઓ એટલા માટે પૂજે છે કે તારે લીધે જ મનુષ્યનું મનુષ્યત્વ છે. તારા વગર મનુષ્યની કિંમત એક કોડીની પણ નથી.

તું પરમાત્માનું સૌથી મહાન જાદુ છે.

રમણી! યાદ રાખ કે તને પુરુષની વિવેકશીલ સહચરી બનાવવામાં આવી છે, એના વિકારોની ગુલામ નહિ. તારા અસ્તિત્વની પૂર્ણતા માત્ર એની નિસ્સાર વાસનાઓની તૃપ્તિમાં નથી બલ્કે એના જીવનની મુશ્કેલીઓમાં, તારી કોમળતાથી એને સંતોષ આપવામાં અને મૃદુલ પ્રેમ–ભાવથી એની ચિન્તાને મિટાવવામાં છે.

પ્રત્યેક સ્ત્રી પોતાના ઘરની રાણી છે, પરન્તુ આ રાણી પદ એ અવસ્થામાં તેને મળે છે કે જ્યારે એ રાણી થવાની અધિકારિણી બને છે. ઘરમાં પતિ સિવાય બધા પ્રકારના માણસો હોય છે. દિયર, જેઠ, સાસુ, સસરા, દેરાણી, જેઠાણી, નણંદ, ભત્રીજી, નોકર–ચાકર વગેરે. આ બધાની સાથે તેને એક જ વ્યવહાર કરવો પડતો નથી જેઓ નાના હોય છે તેમની સાથે નાના જેવો અને જેઓ મોટા હોય છે તેમની સાથે મોટા જેવો વ્યવહાર કરવો પડે છે. એટલા માટે જ સ્ત્રીમાં આદરભાવ, સેવાભાવ, પ્યારનો ભાવ, સમાનતાનો ભાવ, શાસનનો ભાવ આદિ બધા પ્રકારના ગુણો હોવા જોઈએ. સ્ત્રી! તું આ બધા ગુણોને પ્રાપ્ત અને પુરુષ પર શાસન કર!

## આદર્શ સ્ત્રી

એ દેવી કોણ છે કે જે મનુષ્યના હૃદય પર વિજય પ્રાપ્ત કરે છે, જે એને પ્રેમના પથમાં ખેંચી લાવે છે અને એના હૃદય પર શાસન કરે છે!

એ સામેથી આવી રહી છે. એની ચાલમાં કુમારાવસ્થાનું માધુર્ય ભર્યું છે. એનું અન્તઃકરણ નિર્દોષ છે અને એના નેત્રોમાં વિનયશીલતા ઝલકી રહી છે.



એના હાથ કામ કરવાને ઉત્સુક છે, એના પગ ડરથી દોડવા માટે પ્રસન્ન નથી.

એ સ્વચ્છ વસ્ત્ર પહેરે છે. એ સંયમથી આહાર કરે છે. નમ્રતા અને સૌમ્યતા એના શિર પર વૈભવના મુકુટ રૂપ શોભા આપી રહ્યા છે.

એની જીભ પર સંગીતનો વાસ છે. એના અધરોમાંથી મધુરતા ટપકે છે.

એના સમસ્ત શબ્દોમાં શિષ્ટતા ભરેલી રહે છે અને એના ઉત્તરોમાં નમ્રતા અને સત્યતા છે.

વિનમ્રતા અને આજ્ઞાપાલન એના જીવનનો પાઠ છે, શાન્તિ અને સુખ એના પુરસ્કાર છે.

એ દૂર દ્રષ્ટિથી કામ કરે છે અને સદ્-ગુણથી વર્તે છે.

એની આંખોમાંથી કોમળતા અને પ્રેમ વરસે છે પરન્તુ વિવેક પોતાના રાજદંડ સહિત એની ભ્રમરો પર વાસ કરે છે.

એની સામે વિષયી મનુષ્યની જીભ મૂક થઈ જાય છે અને એના સદ્દગુણની ધાકથી એનું મુખ બંધ થઈ જાય છે.

જ્યારે કોઈ કોઈની નિંદા કરી રહ્યું હોય છે અને એની સહવાસિનીની ચાલચલગતની ચર્ચા ચાલી રહી હોય છે તે સમયે

ઉદારતા અને સૌજન્ય એના મુખને બંધ કરી દે છે અને સ્તબ્ધતાની આંગળી તેના અધરો પર આવી બેસે છે.

એનું હૃદય નેકીનું ઘર છે. એટલે એ બીજા પર પણ બદીની આશંકા સેવી શકતી નથી.

સુખી હશે એ પુરુષ કે જે એને અર્ધાંગિની બનાવશે અને સુખી હશે એ બાલક કે જે એને પોતાની માતા કહેશે.

ગૃહ-સ્વામિની થતાં જ ઘરમાં શાન્તિ છવાઈ જાય છે. એ વિચાર-પૂર્વક આદેશ કરે છે અને એના પાલનમાં જરાપણ વાર થતી નથી.

એ પ્રાતઃકાળે ઊઠે છે, કામ-કાજનો વિચાર કરે છે અને પ્રત્યેકને યોગ્ય કામ બતાવે છે.

પોતાના પરિવારની ચિન્તામાં તેને પૂરો આનંદ આવે છે. માત્ર એનું જ એ ચિન્તન કરે છે અને એના સહનમાં મિતવ્યયની સાથે શોભા પણ નજરે પડે છે.

એની વ્યવસ્થામાં નજરે પડતી દૂરદર્શિતા એના પતિની સમીપ આદરની વસ્તુ છે અને એની પ્રશંસા સાંભળીને એને મનમાં ને મનમાં જ આનંદ થાય છે.

એ પોતાના બાલકોના મન પર જ્ઞાનનો સંસ્કાર સીંચે છે અને પોતાના જ નેક ઉદાહરણો દ્વારા એના આચારને ઘડે છે.

એ એક કામ કહે છે અને ઝટ નોકરો એને માટે દોડે છે. એ કામ ઇચ્છે છે કે તરત જ તે કામ બની જાય છે. સેવકો એને માટે પ્રાણ આપવા તત્પર હોય છે કારણ, એમને માટેનો પ્રેમ તેના હૃદયમાં ભારેભાર ભરેલો છે.

ઉત્કર્ષ-કાલમાં એ ઘમંડથી ફુલી જતી નથી. વિપત્તિના સમયમાં એ પોતાના ભાગ્યના ઘાને ધૈર્યની સાથે સહન કરે છે.

એના પરામર્શથી એના પતિના કષ્ટ હલકા થાય છે અને એના પ્રેમથી એ પ્રિય થઈ જાય છે. એ પોતાના હૃદયને એના હૃદયમાં પ્રેરિત કરે છે અને સાન્ત્વના મેળવે છે.

**એ મનુષ્ય સુખી છે કે જેણે આવી સતીને પોતાની સહચરી બનાવી છે. એ બાલક ધન્ય છે કે જે એને 'મા' કહીને પોકારે છે.**

# પતિને !

તારે માટે એક હૃદયેશ્વરી મેળવીને ઈશ્વરના આદેશનું પાલન કર. એક સહચરીની વ્યવસ્થા કરીને સમાજની એક વિશ્વાસ-પાત્ર વ્યક્તિ બની જા.



પરન્તુ, સાવધાની સાથે એની પરખ કર; ઉતાવળ ન કરતો. કારણ તારી એ પસંદગી પર જ તારા ભાવી સુખનો આધાર રહેલો છે.

જો એ પોતાનો અધિક સમય વસ્ત્રાભૂષણોની સજાવટમાં શંગારમાં નષ્ટ કરતી હોય, જો એ પોતાના જ રૂપલાવણ્ય પર લટ્ટુ બની જતી હોય અને પોતાની જ પ્રશંસાથી છલકાતી હોય, એ બહુ હસનારી, જોરથી બોલનારી હોય, એના પગ પોતાના પિતાને ઘેર ટકતા ન હોય અને એની આંખો નિઃસંકોચ લોકોના ચહેરા પર ચકરાતી હોય તો એનું સૌન્દર્ય ચાહે આકાશ-મંડળના ચન્દ્રની જેમ કેમ ન હોય, તો એની મોહિનીથી તું તારું મુખ ફેરવી લેજે, એના રસ્તાથી તારો પગ હટાવી લેજે અને કાલ્પનિક પ્રલોભનોના મોહજાળમાં તારા આત્માને ફસાવતો નહિ.

પરન્તુ જો ઉત્તમ શિષ્ટાચારથી ભરેલી સહૃદયતા એનામાં નજરે પડે, તારી રુચિ અનુસારના ગુણો એનામાં જણાય, એ તારા

કલામાં રહે એવા ભાવ બતાવતી હોય તો તુ તેને તારે ઘેર લઈ જજે. એ તારી સખી, તારા જીવનની સહચરી અને તારા હૃદયની દેવી થવાને યોગ્ય છે.

એને તું ઈશ્વર-દત્ત પ્રસાદ સમજી રાખ. તારા સહૃદય વ્યહવારથી તું એને તારી પ્રિયપાત્રી બનાવ.

એ તારી ગૃહ-સ્વામિની છે. એટલે એની સાથે તું આદરથી વ્યહવાર રાખ. તારા આવા વ્યહવારથી નોકર-ચાકરો પણ તેની સાથે સારો વર્તાવ કરી શકશે.

કારણ વગર તું એની પ્રવૃત્તિઓનો વિરોધ ન કર. એ તારી ચિન્તાઓની ભાગીદાર છે. તું એને પણ તારા સુખનો સાથી બનાવ.

એના અપરાધને સૌમ્યતાથી સહી લે. એને સારી સમજ આપ. સખ્તી કરી જબરજસ્તીથી તું એની સાથે કયારેય વર્તીશ નહિ.

તારા રહસ્યો-ગુપ્ત વાતોના સંબંધમાં એના હૃદય પર વિશ્વાસ રાખ. એ શુદ્ધ અંતઃકરણથી તને સલાહ આપશે. એની વાતમાં કદી પણ દગલબાજી હશે નહિ.

**એની શય્યા પ્રતિ પ્રામાણિક રહી-એક-પત્ની-વ્રત ધારણ કર; કારણ એ તારા બાલકોની માતા છે.**

જ્યારે કષ્ટો અને રોગોનું તેના પર આક્રમણ થાય, ત્યારે તું દયામાયાથી તેના દુઃખોને હલકા બનાવી દે. દયા અને પ્રેમભરી દ્રષ્ટિની એક જ વાત તેના દુઃખોને શમન અને દર્દને હળવા બનાવી દેશે, દશ વૈદ્યોના કરતાં તારી એક જ દયાભરી દ્રષ્ટિ તેના પર ઝડપી અસર કરી દેશે.

એના સ્ત્રીત્વની કોમળતા અને એના શરીરની સુકુમારતા પર વિચાર કરી એની દુર્બળતાઓની પ્રતિ કઠોરતાનો વ્યહવાર ન કર. પણ સ્વયં તું તારી અપૂર્ણતાનો જ વિચાર કર અને એમાં જ રાચ.

**પ્રભુને પ્રાર્થના કર !-" ઈશ્વર ! લઈ જ લેવું હોય તો બધું લઈ લેજે, પણ પુરુષની જીંદગીમાંથી સ્રીને લઈ ના લઈશ."**

# વર—વહુ

**સૌ**ભાગ્ય માટે હું તારો હાથ પકડું છું; મારી સાથે તું ઘરડી થા; ભગ, (સૂર્ય) અર્યમા, સવિતા અને પુરંધિ એ દેવોએ ગૃહસ્થાશ્રમ ભોગવવા માટે તને મને આપી છે.



હું સામવેદ અને તું તેની ઋચા પ્રમાણે છે. હું દ્યોરૂપ ને તું પૃથ્વીરૂપ છે. તારી પ્રજા દીર્ઘાયુષી થાઓ. આપણે પરસ્પર પ્રેમથી જોડાઈ તેજસ્વી થઈએ, ને ઉચ્ચ મનોવૃત્ત ધારણ કરીએ. હે કન્યા! આ પૃથ્વી પર પગ મૂકી તેના જેવી તું દ્રઢ થા, તારી સાથે લડનાર-ઝઘડનારને સામી ઊભી રહી શાંત પાડ અને તને મારવા આવનારનો તું પરાજય કર.

મારા વ્રતને અનુકૂળ હું તારૂં હૃદય કરૂં છું. તારૂં ચિત્ત મારા ચિત્તને અનુકૂળ બનો. તું એક ચિત્તે મારી આજ્ઞાનું પાલન કર. પ્રજાપતિ પ્રભુ મારૂં કલ્યાણ કરવા તને પ્રેરણા કરે.

હું વસ્ત્ર આપું છું તે પહેરી તું વૃદ્ધ થા અને પતિવ્રતના તેજ વડે સો વર્ષ જીવ. પ્રજાને ઉત્પન્ન કરનારી તથા દ્રવ્યનું રક્ષણ કરનારી હે કન્યા! એક દિશામાંથી બીજી દિશામાં જતા વાયુની જેમ પ્રસન્નતા પૂર્વક તું તારા પિતાના ઘરમાંથી મારી જોડે આવે છે, તેથી વાયુદેવતા તારા કર્ણનો આશ્રય લઈ તને તેજસ્વી વચનો સંભળાવી સ્વધર્મનિષ્ઠ કરો.

આ મારા ઘરની લક્ષ્મી છે, આંખોનું અમૃતઅંજન છે. એનો સ્પર્શ શરીરને માટે ગાઢ ચંદનરસ છે. એના હાથ મારા ગળામાં મોતીઓની જેમ શીતળ અને સુખદ છે.

તું મારું જીવન છે, મારું બીજું હૃદય છે, મારી આંખો માટે ચન્દ્રમાની ચાંદની અને શરીરને માટે અમૃતરસ છે.

હે કન્યા! તું સૌમ્ય (શીતળ) દૃષ્ટિવાળી થા, કદીપણ પતિનો વિરોધ કરીશ નહિ, પશુઓનું પાલન કરજે, સૂર્યાદિ દેવતાઓનું સેવન કરજે, તારું મન પ્રસન્ન રાખજે, સુખી થજે અને સૌને સુખ આપજે.

હે વધૂ! તું ધ્રુવના તારાની જેમ સ્થિર થા, અને સંસાર આકાશમાં સદા ટગમગ્યા કર.

હે વર! તારી વહુનું રક્ષણ કર. તેને દેવી તરીકે માન અને તારા સુખ-દુઃખમાં તું તેને તારો અર્ધો ભાગીદાર બનાવ!

"મારા પ્રાણની જોડે હું તારા પ્રાણ જોડું છું. મારા અસ્થિ જોડે હું તારા અસ્થિ જોડું છું, મારા માંસની સાથે તારા માંસને અને મારી ચામડીની સાથે તારી ચામડીને જોડું છું." એમ કહી તું તેને તારી અર્ધાંગના તરીકે સ્થાપિત કર.

હે વધૂ! પતિ સાથે તું તારું શરીર જોડ અને તમે બન્ને ઘરડાં થાઓ ત્યાંસુધી એક સાથે રહી તમારા દામ્પત્ય જીવનને સફળ અને મંગળમય બનાવો.

## પતિ-પત્ની

આવ મારી પ્રિયા! આવ, મારી પાસે બેસ. રાત વીતી ગઈ છે અને ચોતરફ પ્રકાશ ફેલાઈ રહ્યો છે; પરન્તુ તારા વગર મારાથી પ્રાર્થનાના શબ્દો બોલાતા નથી. આવ, મારી પાસે બેસ, તું પ્રભુને મારે માટે પ્રાર્થના કરજે, હું તારે માટે કરીશ.

સ્ત્રીને એના યોગ્ય પતિ મળે એ જ સ્ત્રીનું સૌથી મોટું સૌભાગ્ય છે.

પત્ની પતિની આંખોનું અંજન બની રહે એમાં જ એના સ્ત્રી-જીવનની સફળતા છે.



પત્ની પતિને પૂજે, તેના સ્મરણોને એ સદા હૈયામાં રાખે અને તેની સ્મૃતિને સદૈવ પ્રેમ અને પવિત્રતાનો અર્ઘ્ય અર્પ્યા કરે.

# સ્ત્રી અને ઘર

**સ્ત્રી** એ ઘરની રાણી છે. રાજાનું શાસન જેવી રીતે દેશ પર ચાલે છે તેવી જ રીતે સ્ત્રીનું શાસન ઘર પર ચાલે છે.



ઘર એ ગૃહિણીઓનું એક નાનું રાજ્ય છે; ત્યાં તેઓ સંપૂર્ણ કારભાર કરે છે. તે સ્વાધીન ભાવથી રાજ રાણીઓની જેમ પોતાની ઇચ્છા મુજબ સર્વ કામકાજ કરાવી લે છે. ઘરનું કોઈ પણ માણસ તેની ઇચ્છા વિરુદ્ધ વર્તી શકતું નથી.

સ્ત્રી એ ઘરનું ધન અને ઘરની શોભા છે. સદા તેની રક્ષા કરવી જોઈએ.

ઘરરૂપી દુનિયા પરમેશ્વરે સ્ત્રીઓને જ સોંપી દીધી છે.

દુનિયાનો છેડો પોતાનું ઘર અને ઘરનો છેડો પોતાની સ્ત્રી.

જે ઘરમાં સ્ત્રી હોય છે ત્યાં દેવતાઓનો નિવાસ હોય છે. સ્ત્રીવાળું ઘર આનંદ, ઉલ્લાસ અને હર્ષથી છલકાતું રહે છે. અંધારા ગરીબ ઘરને પણ સ્ત્રી શ્રીમન્ત બનાવવા તેમાં ઓજસ પૂરી શકે છે. સ્ત્રી એ જ ઘર છે, અને ઘર એ જ સ્ત્રી છે. માનવી વગરની દુનિયા નકામી છે તેમ સ્ત્રી વગરનું ઘર નકામું છે.

ઝાડ નીચે પણ જે પુરુષની સ્ત્રી હોય છે, તે તેનું ઘર જાણવું. પણ સ્ત્રી વિનાનો મહેલ તો વન જેવો જ છે!

હે ગૃહિણી! ઘરમાં તું તારા વહાલા પતિને પ્રજા આપી સુખી કર; ઘરમાં તારું ગૃહપતિ(ત્ની) પણું પણું ભોગવવા માટે જાગતી રહે.

તારું પુસ્તક એ તારું ઘર છે. ઘરમાંથી તું જેટલું શીખે છે, તેટલું પુસ્તકોમાંથી નથી શીખતી.

વ્યવસ્થા એ ઘરની શોભા છે, સંતુષ્ઠ સ્ત્રી એ જ ઘરની લક્ષ્મી છે. સંતોષ એ ઘરનું સુખ છે, અતિથિસત્કાર એ જ ઘરનો વૈભવ છે.



# સ્ત્રી અને પુરુષ



**આ** આત્મા (શરીર) મનુષ્ય પોતે સ્ત્રી અને પુરુષ ઉભય રૂપ છે. અંગુઠા એ પુરુષ, આંગળીઓ એ સ્ત્રી; કાન એ પુરુષ, ભમ્મરો એ સ્ત્રી; હોઠ એ પુરુષ, નાસિકા એ સ્ત્રી; દાંત એ પુરુષ, જિહ્વા એ સ્ત્રી છે.

સ્ત્રી અને પુરુષ એ બન્ને એક ગાડાના પૈંડા છે. એક પૈડુ નકામું થતાં જેમ ગાડું ભાંગી જાય છે તેમ સ્ત્રી અને પુરુષમાંથી કોઈ જતાં તેમનું સંસારજીવન ભાંગી ભુક્કો થઈ જાય છે.

હે પુરુષ! સ્ત્રી એ પ્રકૃતિની પુત્રી છે. તેના તરફ તું કોપ દ્રષ્ટિથી જોતો નહિ. તેનું હૃદય કોમળ છે. તેના પર વિશ્વાસ રાખ.



શી એ પ્રકૃતિની પુત્રી ?

હે પુરુષ! સ્ત્રી જાતિના પ્રતાપે જ તું ન્યાય અને ધર્મની મૂર્તિ બને છે. તેની દિવ્ય જ્યોતિ જ તારા હૃદયના અવગુણોને દૂર નસાડી દે છે.

*

પુરુષ પોતાનું પરતંત્રપણું છૂપાવવાની ગમે તેટલી કોશિશ કરે તો પણ સ્ત્રીઓ જ હમેશા તેના ઉપર રાજ્ય ચલાવે છે.

*

સ્ત્રીનું પ્રત્યેક અંગ શુદ્ધ છે.

પુરુષ શક્તિ છે, સ્ત્રી સૌન્દર્ય છે.

જે કોઈ સ્ત્રીને પતિત કરે છે તે પોતાની માતાને પતિત કરે છે.

સ્ત્રીનું સતીત્વ ભંગ કરતાં પહેલાં મરી જવું એજ ઉત્તમ કર્મ છે. સ્ત્રીને પાપકર્મમાંથી બચાવી લેવી એ સૌથી મહાન તીર્થ છે.

જેને સ્ત્રી શ્રાપ આપે છે તેને ઇશ્વર પણ શ્રાપ આપે છે.

સ્ત્રીઓના આંસુમાં સ્વર્ગમાંથી અગ્નિ બોલાવવાની શક્તિ છે.

સ્ત્રીનાં ગીત ઇશ્વરને પ્રિય છે. જો પુરુષ પોતાનો અવાજ ઇશ્વરને પહોંચાડવા ઇચ્છતો હોય તો તેણે સ્ત્રીની સાથે તેની પ્રાર્થના કરવી.

પુરુષોનું સર્વ જ્ઞાન, સ્ત્રીઓના વિશુદ્ધ પ્રેમની સાથે તુલના કરી શકે એમ નથી જ.

પુરુષમાં સ્ત્રી શ્રેષ્ઠતાઈ ઉત્પન્ન કરનાર છે.

સ્ત્રીના સ્નેહથી જેનું હૃદય સંસ્કારી બન્યું નથી, સ્ત્રીની હિંમતથી જેનું હૃદય ધૈર્યવાન થયું નથી, અને સ્ત્રીની વિવેક બુદ્ધિથી જેનું વર્તન નિયમિત થયું નથી તે પુરુષ કદી પણ સદ્વર્તન રાખી શકતો નથી.

# માતા

**તા**રું સ્વર્ગ તારી માતાના ચરણોમાં છે. તારા તીર્થ તારી માતામાં છે. એની જ પૂજા કર! એને જ સંતોષ આપ.



મોટા પુરુષો જે કંઈ કરી શક્યા છે તે તેમની જનેતાને જ આભારી છે. જનેતા પુત્રને જેવું શિક્ષણ આપી શકશે તેવું બીજું કોઈ પણ આપી શકશે નહિ.

માતા મનુષ્યને જેવો બનાવે છે તેવો જ તે બને છે. એક આદર્શ માતાને સો શિક્ષકો કરતાં પણ શ્રેષ્ઠ ગણવામાં આવી છે.

બાળકની ભાવિ ઉન્નતિ અથવા અવનતિનો આધાર તેની માતા ઉપર જ છે.

માતાનું અવસાન થવા છતાં પણ તેનું સંસ્મરણ પુત્ર જીંદગી સુધી પણ ભૂલી શકતો નથી. એના મીઠા શબ્દો, એનું પ્રેમ નીતરતું વાત્સલ્ય તેના હૃદયમાં સદાને માટે જડાઈ જાય છે.

જે ઘરમાં માતા બુદ્ધિમતી હોય છે તે ઘર મનુષ્યત્વ અને સભ્યતાનું મહા-વિદ્યાલય બને છે. ઘરમાં જ મહત્ત્વપૂર્ણ અને સત્યના અગત્યના પાઠોનું શિક્ષણ મળે છે; માટે મહાન પુરુષો ઉત્પન્ન કરવા

એવી માતાઓની જરૂર છે કે જે પોતાનો પૂર્ણ સમય મુશ્કેલ કાર્યો કરવામાં ગાળવાની યોગ્યતા રાખતી હોય.

કોઈ માતાને મોટી ગણે છે, કોઈ પિતાને મોટા કહે છે પરન્તુ માતા જ મહાન છે. મહાભારત-ધર્મગ્રન્થો અને મોટાં પુરુષો પણ માતાને જ મહાન ગણે છે.

માતા એક દેવી છે તેનું સ્વાગત કરો!

હિંદુ ધર્મમાં ઈશ્વરને પિતા પણ અને માતા પણ કહી છે. એ સિવાય સંસારના કોઈ પણ ધર્મે પરમબ્રહ્મને માતાના રૂપમાં સ્વીકારી નથી. હિંદુધર્મમાં માતાનું એ સ્થાન છે. એ માતા છે અને એ ઈશ્વર પણ છે.



તારું સ્વર્ગ તારી માતાના ચરણોમાં છે.

# સુન્દર બનો!

સુન્દરતા દરેકને ગમે છે, પછી એ સ્ત્રીને લગતી હોય, પુરુષને લગતી હોય કે કુદરતને લગતી હોય તો પણ સૌ તેના પ્રતિ આકર્ષાય છે. સૌ તેવા બનવાનો પ્રયત્ન કરે છે.



**સુન્દરમય સૃષ્ટિ**

અને સુન્દરતા શેમાં નથી? આ સૃષ્ટિ જ સુન્દરતાની છે. દરેકમાં સુન્દરતા છે. કોયલના સ્વરમાં સુન્દરતા છે, ભ્રમરના મધુર ગુંજારવમાં સુન્દરતા છે, નીલા આકાશમાં સુન્દરતા છે, અનન્ત વારિરાશિમાં સુન્દરતા છે, નિર્જન પહાડી દ્રષ્યોમાં, લીલાછમ ખેતરોમાં, ફળ ફળોથી લચી પડતાં વૃક્ષોમાં, ચાંદની રાતની શીતલતામાં આદિ દરેકમાં સુન્દરતા છે.


પરન્તુ સૃષ્ટિની આ સુન્દરતા અને આપણે જેના ઉપર ચર્ચા કરવા માંગીએ છીએ તે સુન્દરતા ભિન્ન વસ્તુ છે. સમસ્ત સૃષ્ટિમાં મનુષ્ય જાતિનું સ્થાન અતિ ઊંચું છે અને માનવજીવનમાં સ્ત્રીનું સ્થાન મુખ્ય છે. જે પ્રકૃતિએ સ્ત્રી-જીવનને ઘડ્યું છે તેણે તેને અપાર સૌન્દર્ય આપી એની પ્રતિષ્ઠા વધારી છે.



સ્ત્રી સૌન્દર્યની દેવી છે અને સાથે લક્ષ્મી અને જ્ઞાનની પ્રતિમા પણ છે. એની દ્વારા જ્ઞાનની જ્યોત પ્રકટે છે—એ જ સ્ત્રી અને સમૃદ્ધિનો યોગ કરાવી આપે છે.

## સ્ત્રી એ સંસારની માયા છે!

જીવન કલેશથી ભરેલું છે. સંસાર અસાર છે. સુખ અને શાન્તિ કરતાં દરિદ્રતા અને દુઃખ અધિક છે તો પણ જીવન કોઈને અકારૂં નથી. સંસાર કોઈને અરૂચિકર નથી. બધા જ તેને ચાહે છે. સૌ લાંબુ જીવન જીવવા ઇચ્છે છે. એનું એક કારણ છે-અને તે એક જ કારણ છે કે જેને લીધે કોઈ આ દુઃખ અને વેદનાપૂર્ણ સંસારને છોડવા અને તેનો પરિત્યાગ કરવા ઇચ્છતું નથી. એ કારણ છે સંસારની માયા! અને **સ્ત્રી એજ માયા છે** અને માયા એજ સૌન્દર્ય છે.



### સ્ત્રી-સૌન્દર્યની દેવી

સ્ત્રીને સૌન્દર્યની દેવી કહેવામાં આવી છે, અને વાસ્તવિક રીતે તે દેવી જ છે. સ્ત્રીમાં સૌન્દર્ય ન હોય, તેનામાં રૂપ-ગુણ અને પ્રતિભા ન હોય તો તે પુરુષોને આકર્ષી તેમને પ્રભાવિત બનાવી શકતી નથી. પુરુષના દુઃખ, શોક તેની ઉદાસિનતા દૂર કરવાને માટે સ્ત્રીજ એક અમોઘ સાધન છે. સ્ત્રીના કોમળ શબ્દો, તેના નમ્ર હાવભાવ અને તેનો મધુર, પ્રેરક ઉત્સાહ પુરુષના દુઃખ-શોકને ભુલાવી તેને નવજીવન આપે છે. સંસાર જીવનની યાત્રામાં સ્ત્રીનો ઉત્સાહ ન હોય, તેની પ્રેરણા ન હોય અને તેનું આકર્ષણ ન હોય તો તે યાત્રા કદાપિ પણ સફળ થઈ શકતી નથીજ. સંસારનું મુખ્ય અંગ સ્ત્રીજ છે. સ્ત્રીમાં સંસાર છે અને સ્ત્રી જો પુરુષને આકર્ષી તેના પ્રતિ પોતાનો પ્રભાવ ન જન્માવી શકે તો તે સ્ત્રી પોતાના સંસારને સફળ બનાવી શકતી નથી.

સ્ત્રીને પ્રકૃતિની ઉપમા આપવામાં આવી છે. પ્રકૃતિ સદા લીલીછમ અને સૌન્દર્યમય હોય તોજ સુંદર લાગે છે. સ્ત્રીઓએ પણ સદા સુંદરી, આનંદમયી અને પ્રફુલ્લિત રહેવું જોઈએ, એમાં જ તેમની શોભા અને તેમના જીવનની સાર્થકતા છે.

## સૌન્દર્યનું અભિમાન

ઘણાં પ્રાચીન સમયથી સ્ત્રી–જાતિ પોતાના રૂપ-સૌન્દર્ય માટે અભિમાન લેતી આવી છે. સંસારની સર્વ સ્ત્રીઓ માટે સૌન્દર્ય અતિ પ્યારૂ ગણાયું છે. સ્ત્રીને પોતાના જીવનમાં સૌથી અધિક વહાલી વસ્તુ હોય તો તે તેનું રૂપ, સૌન્દર્ય અને તેનું યૌવન જ છે. એનાથી જ એ પૂજાય છે, અને માનપાન મેળવી શકે છે. સ્ત્રીમાં સૌન્દર્ય ન હોય, યૌવન ન હોય, રૂપ ન હોય તો કયો પુરુષ એને સ્વીકારી શકે? કોણ એનામાં ચિત્ત લગાવે, કોણ તેના તરફ પૂજ્યભાવ બતાવે! જે દિવસથી સ્ત્રી પોતાના એ રૂપ, યૌવન અને સૌન્દર્યને ગુમાવી બેસે છે તે દિનથી એ ઘૃણા, નિંદા અને અવહેલનાની વસ્તુ બની જાય છે.

પ્રત્યેક વ્યક્તિ સુન્દર બનવા ઈચ્છે છે. દરેકને સુન્દરતા ગમે છે. ખરી સુન્દરતા તો એ છે કે જેને જોઈને માનવીનું ચિત્ત આકર્ષાય, જેને જોઈને તેનું અંતર ઠરે. નકલી સૌન્દર્ય માનવીને હાસ્યાસ્પદ સ્થિતિમાં લાવી મૂકે છે અને તેનાથી લાભ થવાને બદલે તેને નુકશાન જ થાય છે.

## બે પ્રકારની સુન્દરતા

સુન્દરતા બે પ્રકારની આવે છે. સ્વાભાવિક અને સ્વયંસિદ્ધ, સ્વાભાવિક સુંદરતા સ્વસ્થ માતા–પિતા દ્વારા મળે છે. સ્વયંસિદ્ધ એટલે કે પોતે મેળવેલી સુંદરતા, શારીરિક વ્યાયામ, સરલ જીવન, નિયમિત આહાર–વિહાર તથા અન્ય ઉપચારો દ્વારા પ્રાપ્ત કરી શકાય

છે. પહેલા પ્રકારની સુંદરતાને ચિરસ્થાયી બનાવવાનો યત્ન કરવામાં ન આવે તો તે થોડા સમય સુધી રહે છે અને પછી નષ્ટ થઈ જાય છે. યૌવન સુધી જ એનું પ્રાબલ્ય હોય છે. બીજા પ્રકારની સુંદરતા ચિરસ્થાયી, ચિત્તાકર્ષક અને મનમોહક હોય છે. જીવનને સફળ બનાવવા માટે, પ્રતિભા અને વ્યક્તિત્વને ખિલવવા માટે તથા પુરુષોને પ્રભાવિત કરવાને માટે આવા જ સૌન્દર્યની જરૂર છે. અને તેને મેળવવાનો તેમણે પ્રયત્ન કરવો જોઈએ.

**દરેક સ્ત્રી સુન્દર બની શકે છે!**

સૌન્દર્યને વય સાથે સંબંધ રહેલો છે. તો પણ એનો અર્થ એમ નથી કે વધુ વયની સ્ત્રી સુન્દર ન બની શકે. પ્રસિદ્ધ સૌન્દર્ય વિવેચક કેરોલનું કહેવું છે કે કોઈ સ્ત્રી ૫૦ વર્ષ સુધી સૌન્દર્યની પરવા ન કરે તો એ સુન્દર બની શકતી નથી એમ કહેવું ખોટું છે. બલ્કે ૫૦ વર્ષની અવસ્થા પસાર થયા છતાં પણ સુન્દર બનવાની ઈચ્છા તેના હૃદયમાં જાગે તો તે અવશ્ય સુન્દર બની શકે છે. પરન્તુ તેની એ ઈચ્છા આન્તરિક અને સાચ્ચી હોવી જોઈએ.

આપણા લોકોની સાધારણ માન્યતા છે કે સ્ત્રીનું સૌન્દર્ય ક્ષણિક હોય છે. ૨૪-૨૬ વર્ષની વયે તેનું શરીર વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ જાય છે. ત્રણ-ચાર બાલકો થતાં કે પછી સંસારજીવનનો ભાર સહન કરતાં જુવાન સ્ત્રી ઘરડી થવા માંડે છે. આવી સ્ત્રીઓએ નિરાશ ન થતાં સુન્દર બનવા માટેનો આન્તરિક ભાવ જન્માવવો, સુન્દર થવાના લક્ષણો કેળવવા. જરૂર તે સ્ત્રી સુન્દર બનશે જ.

●

# ત્રણ પ્રકારનું સૌન્દર્ય

## ત્રણ પ્રકારનું સૌન્દર્ય

સ્ત્રીઓના સૌન્દર્યના ત્રણ મુખ્ય અંગ છેઃ—

૧—આન્તરિક સૌન્દર્ય
૨—બાહ્ય સૌન્દર્ય
૩—વ્યાવહારિક સૌન્દર્ય

આ ત્રણ પ્રકારના સૌન્દર્ય પર વિચાર કરીએ.

## આન્તરિક સૌન્દર્ય

સ્ત્રીની ખરી સુન્દરતા તેના અંતરના સૌન્દર્યમાં જ રહેલી છે. બાહ્ય સૌન્દર્ય ક્ષણિક છે જ્યારે આન્તરિક સૌન્દર્ય ચિરસ્થાયી હોય છે. બાહ્ય સૌન્દર્ય પુરુષને લોભાવી તેના પ્રતિ આસક્તિ જન્માવે છે જ્યારે આન્તરિક સૌન્દર્ય માનની લાગણી જન્માવી પુરુષને પ્રભાવિત બનાવી શકે છે.

આન્તરિક સૌન્દર્યમાં સતીત્વ, પવિત્રતા, પતિ-પ્રેમ, સૌજન્ય, લજ્જા, શિક્ષણ અને કુટુમ્બ-વાત્સલ્ય આદિ ગુણોનો સમાવેશ હોય છે. એમાં સ્ત્રીનું હૃદય સુન્દર હોવું જરૂરનું છે. હૃદયની કોમળતા, સ્વભાવની ઉદારતા, માનસિક પ્રસન્નતા તથા સદ્વ્યવહાર, શીલ, સ્નેહ આદિનું જેટલું અધિક સમ્મિશ્રણ હશે એટલી જ અધિક એ સ્ત્રી આન્તરિક રીતે સુન્દર હશે.

## સ્ત્રીની કોમળતા

સ્ત્રી-જીવનની બનાવટમાં પ્રકૃતિએ જે તત્વોનો ઉપયોગ કર્યો છે, એ બધાં તત્વો અત્યન્ત કોમળ છે—સુકુમાર છે. આ માટે જ સ્ત્રીનું જીવન કોમળ હોય છે. એ સુકુમાર પણ તે માટે જ ગણાય છે. એનું હૃદય કોમળ છે, એનું શરીર કોમળ છે. કોમળતા જ એનું




કમળ પુષ્પના જેવી એ કોમળ અને ચન્દ્રની ચાંદનીના જેવી શ્વેત તથા તેજમયી છે.

રૂપ છે—સુકુમારતા જ એની શોભા છે. એ પોતે કઠોર નથી—એટલે એને કઠોરતા પ્રિય નથી. જે સ્ત્રીનું હૃદય અને શરીર કઠોર, નિષ્ઠુર હોય છે તે સ્ત્રી, સ્ત્રી જ નથી. એના સ્ત્રી જીવનમાં સ્ત્રીત્વ નથી હોતું. સ્ત્રી–જીવનનું જે આકર્ષણ છે એ તેનામાં હોતું નથી. જેની વાણીમાં કોમળતા છે, જેના હૃદયમાં શીલ અને સ્નેહ છે એ સ્ત્રીજ મોટી સૌભાગ્યવતી છે. આવી જ સ્ત્રીઓ નિષ્ઠુર અને દુરાચરણીમાં દુરાચરણી પતિ પર પણ પોતાનું વશીકરણ ચલાવી તેમને પોતાના તાબા નીચે આણી શકે છે. આવી સ્ત્રીઓનો બધા આદર કરે છે; બધા તેને પૂજે છે. પરન્તુ જે સ્ત્રી કઠોર હોય છે, જેનામાં દયા, માનવતા હોતી નથી તે સ્ત્રી ઘરનાઓથી માંડીને તે બહારનાઓ સુધી નિંદાય છે, હડધૂત થાય છે.

### બાહ્ય સૌન્દર્ય

બાહ્ય સૌન્દર્ય દેહ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. દરેક અંગ, પ્રત્યંગ સુડોળ અને વ્યવસ્થિત હોવા જરૂરનાં છે. વાળ શ્યામ, લાંબા, ચિકણા અને પાતળા હોવા જોઈએ. ચહેરો ઉજ્જવળ, કાંતિયુક્ત અને સ્વચ્છ નીતરો હોવો જોઈએ. ગરદન થોડીક લાંબી અને માંસળ હોવી જોઈએ. છાતી ભરેલી, કમર પાતળી, કટિ અને જાંઘનો મધ્ય ભાગ થોડોક મોટો, પગ બહુ મોટા નહિ તેમજ નાના પણ નહિ એવા પ્રમાણસર હોવા જોઈએ. બાહ્ય સૌન્દર્ય માટે આ બધું આવશ્યક છે.

### સ્ત્રીઓનું રૂપ–સૌન્દર્ય કેવું હોવું જોઈએ !

સ્ત્રી–સૌન્દર્યના વિદ્વાનોએ સ્ત્રીઓના રૂપ–સૌન્દર્ય માટે પોતાનો નીચેનો મત પ્રદર્શિત કર્યો છે. તેમનો આ મત હજુ આજે પણ સર્વમાન્ય ગણાય છે. એમના કથન મુજબઃ—

૧—આંખ
૨—દાંત

૩—નખ

૪—ચહેરાની કાન્તિ

સ્ત્રી-શરીરના આ ચાર ભાગ ઉજ્જવલ વર્ણના હોવા જોઈએ.

૧—વાળ

૨—પાંપણો

૩—ભવાં

૪—આંખની કીકીઓ

આ ચાર ભાગ શ્યામ વર્ણના હોવા જોઈએ.

૧—ગાલ

૨—જીભ

૩—કપાળ

૪—અધર

આ ચાર ભાગ રક્તવર્ણના હોવા જોઈએ.

૧—મસ્તક

૨—આંગળીઓનો અગ્ર ભાગ

૩—પગની એડીઓ

૪—બાહુ પ્રદેશ

આ ચાર ભાગ ગોળ અને સમાન હોવા જોઈએ.

૧—નેત્ર

૨—મસ્તકના વાળ

૩—ભ્રમર

૪—આંગળીઓ

આ ચાર ભાગ લાંબા હોવા જોઈએ.

૧—નિતમ્બ

૨—ગ્રીવા

૩—ઘૂંટણ

૪—જાંઘ

આ ચાર ભાગ મોટા હોવા જોઈએ.

૧—મસ્તક

૨—નેત્ર

૩—સ્તન

૫—સ્કન્ધ

આ ચાર ભાગ વિશાળ હોવા જોઈએ.

## સ્ત્રીઓનાં શરીર અને અંગો કેવા હોવા જોઈએ?

સ્ત્રીના નીચે મુજબનાં અંગો પણ તેની સુન્દરતા પ્રકટ કરાવે છે.

૧-શરીરનું કદ સાધારણ હોવું જોઈએ. બહુ લાંબુ નહિ તેમજ બહુ ટૂંકુ પણ ન હોવું જોઈએ.

૨-સુડોળ અને સુગઠિત શરીર, પ્રત્યેક અંગ ભરાવદાર અને સરખું હોવું જોઈએ.

૩-છાતી વશાળ અને ઉભરાયલી, સુડોળ અને સુગઠિત.

૪-નેત્રો મોટા અને મૃગોના જેવા, અથવા તો કમલનયની.

૫-શરીર સ્વાસ્થ્યપૂર્ણ અને પ્રત્યેક અંગથી ખીલેલું.

૬-મસ્તકના વાળ લાંબા, કૃષ્ણવર્ણા, મુલાયમ અને સુન્દર હોવા જોઈએ.

૭-સુન્દર આકર્ષક ભરાવદાર ચહેરો, કાન્તિવાળી મુખાકૃતિ અને તેજસ્વી મુખમુદ્રા.

૮-ગરદન બહુ લાંબી કે બહુ નાની ન હોય પરન્તુ પ્રમાણસર હોવી જોઈએ.

૯-કમર અને પેટ પાતળા હોય.

૧૦-ચામડી માંસથી ભરેલી અને ગૌરવર્ણી. ઘૂંટીઓ માંસાળ અને સુગઠિત હોવી જોઈએ.

૧૧-નિતમ્બ ભારે અને માંસાળ હોય, હાથ લાંબા અને લોહીથી ભરેલા હોય.

૧૨-મસ્તક વિશાળ હોય, ઓષ્ઠ કંઈક પાતળા અને લાલ રંગવાળા તેમજ તેમાંથી મન્દ-મન્દ હાસ્ય પણ ફરકયા કરતું હોય.

આ પ્રકારના અંગોની રચના થયેલી હોય તો તે સ્ત્રી સંપૂર્ણ સુન્દરી મનાઈ છે. વાસ્તવમાં કહીએ તો સ્ત્રીની સુન્દર આકૃતિ, ગૌરવર્ણ, સ્વસ્થ આરોગ્યવાળું શરીર, પ્રભાવશાળી મુખમુદ્રા અને સુડોળ અંગ-પ્રત્યંગ એજ તેની સુન્દરતાના સૂચક ચિન્હો છે. સ્ત્રીનો બાહ્ય રંગ જેટલો સુન્દર હોવો જોઈએ એટલો જ સુન્દર એનો આન્તરિક રંગ પણ હોવો જરૂરનો છે.

## વ્યાવહારિક સૌન્દર્ય

સ્ત્રીના સૌન્દર્યનું આ ત્રીજું અંગ ગણાય છે. જેની વાણીમાં, જેના વ્યવહાર, વર્તાવમાં સૌન્દર્ય હોય, મધુરતા હોય, જે નરમ સ્વભાવની અને નાના-મોટા સૌને માનની લાગણીથી જોનારી હોય, જેનામાં કાર્યની આવડત, શીલ અને મૃદુલ સ્વભાવ તથા સહૃદયી લાગણી હોય તેને વ્યાવહારિક સુન્દરી કહેવામાં આવી છે. શારીરિક સૌન્દર્ય હોવા છતાં પણ જેનામાં વ્યાવહારિક સૌન્દર્ય હોતું નથી એ સુન્દરી સ્ત્રી પૂર્ણ રૂપથી સુન્દરી ગણાતી પણ નથી. વ્યવહારમાંજ સ્ત્રીની સુન્દરતાની, તેના ગૃહનો, તેના કુળ અને ગુણની પરીક્ષા છૂપાયલી છે.

આમ સ્ત્રીનું સૌન્દર્ય આ ત્રણ પ્રકારના ઓપથી પૂર્ણ બન્યું છે. જે સ્ત્રીમાં આ ત્રણે પ્રકાર હોય છે તેજ સર્વોત્તમ-સંપૂર્ણ સુન્દરી ગણાય છે અને તેને જ સૌન્દર્યની પરાકાષ્ઠા પણ કહે છે.

# સોળ શૃંગાર

## શૃંગાર શા માટે?

સૌન્દર્યના ત્રણ પ્રકારની ચર્ચા કર્યા બાદ શૃંગારની વાત પણ કંઈક ચર્ચા માંગી લે છે. સ્ત્રીને માટે શૃંગાર એ બાહ્ય રૂપનું એક આવશ્યક અંગ છે. શૃંગારનો ઉપયોગ શરીરને સુન્દર, સુશોભિત, સુલલિત અને સુસુન્દર બનાવવા માટે જ કરવામાં આવે છે. શૃંગાર સોળ પ્રકારના છે અને એ અનાદિકાળથી સ્ત્રીજાતિમાં વ્યાપક બનેલાં છે. એ નીચે મુજબનાં છે:—

૧—તેલ, અત્તર આદિ સુગન્ધિત પદાર્થોનું મર્દન અથવા તેનો ઉપયોગ
૨—વસ્ત્ર
૩—ચાંલ્લો
૪—કાજળ-અંજન
૫—કાનમાં લટકણ, કુંડળ
૬—નાકમાં મોતીની વારી, જડ
૭—કંઠમાં હાર-કંઠહાર
૮—કેશ-ગૂંફન, અંબોડો
૯—ફુલોના આભૂષણ, વેણી, હાર
૧૦—સિંદુર
૧૧—શરીરમાં ચન્દન, કેસર આદિનો લેપ
૧૨—હાથ, પગ, દેહ આદિ ભાગો પર મેંદી મૂકવી, ચિત્રામણો કાઢવા
૧૩—પાન-તામ્બૂલ ભક્ષણ
૧૪—કમરમેખલા
૧૫—હાથમાં કંકણ, ચુડી, બંગડી
૧૬—રત્નજડિત આભૂષણો-અલંકારો.

આ શૃંગાર પ્રાચીન સમયનાં છે. ચાલુ કાળમાં કદાચ આ બધા શૃંગાર અવ્યાહવારિક ગણાય તો પણ થઈ શકે એટલા મર્યાદિત શૃંગાર તો કરવા જ. શૃંગારને સ્ત્રીનું સૌભાગ્ય ગણવામાં આવ્યું છે. એનાથી સૌભાગ્ય, યશ અને રૂપ-ગુણની વૃદ્ધિ થાય છે.



આમ્રપાલી એક સુપ્રસિદ્ધ ઐતિહાસિક સુન્દરી હતી. એ પોતાના
શૃંગાર માટે અધિક પ્રસિદ્ધિ પામી હતી.

## તેલ-માલીશ

### માલીશની જરૂર શા માટે?

તેલથી આખા શરીરને માલીશ કરવામાં આવે તો ચામડી ચીકણી, તેજ મારતી અને બળવાન બને છે. માલીશથી શરીરને પણ પુષ્ટિ મળે છે. ચામડીના તથા શરીરના રોગો માલીશ દ્વારા સારા પણ થઈ શકે છે.

મહર્ષિ ચરક કહે છે કેઃ—જેવી રીતે માટીનો ઘડો, ચામડું અને ગાડાની ધરી તેલ આપવાથી દૃઢ અને ટકાઉ બને છે, તેમ હમેશાં શરીરે તેલનું માલીશ કરવાથી શરીર દૃઢ બને છે અને ચામડી સરસ થાય છે. વાયુના વિકારો પણ તેનાથી થતાં નથી. માલીશ શરીરને ભરાવદાર અને બળવાન બનાવે છે.

પ્રસિદ્ધ વૈદક ગ્રન્થ ભાવપ્રકાશમાં પણ માલીશના ગુણ વર્ણવેલા છે. એ કહે છે કેઃ-માલીશ વાત અને કફનો નાશ કરે છે. શ્રમની શાન્તિ કરે છે. બળ આપે છે, ઊંઘ લાવે છે અને શરીરને મૃદુ બનાવે છે. એનાથી આયુષ્ય વધે છે અને દેહની પુષ્ટિ થાય છે.

ડૉ. ઘોષ નામના એક પ્રસિદ્ધ લેખકે પણ માલીશ માટે જાણવા યોગ્ય ઉદ્‌ગારો તેમના એક ગ્રન્થમાં લખ્યા છે. તેઓ કહે છે કેઃ-માલીશ શરીરને ઠંડુ રાખે છે, ચામડીને સુંવાળી અને સ્વચ્છ બનાવે છે. શરીરના મેલને તે ચામડીથી છૂટો પાડે છે અને સ્નાન વખતે આ મેલને દૂર કરવામાં તે ઘણી સહાયતા કરે છે. માલીશથી શરીરને એક જાતની ચંપી થાય છે. આ ચંપી લોહીની ગતિને વધારે છે. એનાથી માંસપેશીઓને કસરત મળે છે અને તેથી શરીરમાં તાઝગી અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે.

## માલીશ કયાં કરવું ?

ઘણાં માને છે કે માલીશ માત્ર મસ્તકમાં જ કરવું જોઈએ પરન્તુ તે માન્યતા ભૂલ ભરેલી છે. આયુર્વેદ કહે છે કે માલીશથી શરીરના બધા અંગો મજબુત બને છે એટલે આખા શરીરમાં તેનું મર્દન કરવું જોઈએ.

## માલીશ માટેના મુખ્ય અંગો

મસ્તક, કાન, પગ, છાતી, હાથ એ માલીશ માટેના અંગો છે. શીયાળામાં પ્રાતઃકાળે નહાવાની પહેલાં કાન, હાથ, પગને માલીશ કરવામાં આવે તો ઠંડીની અસર થતી નથી. શીયાળામાં નિત્ય માલીશ ન થઈ શકે તો ત્રણ–ચાર દિવસે પણ માલીશ કરવું. બીજી ઋતુઓમાં દશ–બાર દિવસે માલીશ કરવું. માલીશ સૌન્દર્યવર્ધક પણ છે. એનાથી ચામડી ફાટતી નથી અને તે પુષ્ટ તથા કોમળ રહે છે.

## કોણે માલીશ ન કરવુ ?

જે લોકો માંદા હોય, જેમની તબીયત અસ્વસ્થ હોય, જેઓને ઉલટી આવતી હોય, જેમણે જુલાબ લીધો હોય તેવાઓએ માલીશથી મુક્ત રહેવું. કારણ એથી રોગ અસાધ્ય થઈ જવાની દહેશત રહે છે.

## માલીશ કયા તેલનું કરવું ?

માલીશ કયા તેલનું કરવું એ પણ જાણવું જરૂરનું છે. વૈદકશાસ્ત્ર કહે છે કે તલનું તેલ, સરસીયું તેલ, અગ્નિનો યોગ આપીને અગરૂ આદિ સુગંધી પદાર્થોમાંથી કાઢેલું તેલ, ફુલેલ તેલ કે પછી બીજા પદાર્થોમાંથી મેળવેલું તેલ સર્વદા હિતકારી છે. ઘણાં તલના તેલને જ શ્રેષ્ઠ ગણે છે.

## માથામાં માલીશ કરવાથી થતાં લાભો.

મસ્તકમાં માલીશ કરવાથી ઈન્દ્રિયોને તૃપ્તિ મળે છે. દ્રષ્ટિબળ વધે છે અને માથાનાં દરદો દૂર થઈ જાય છે. તેલના માલીશથી વાયુ, કફ મટે છે. થાક ઊતરી જાય છે અને શરીર પ્રફુલ્લ બની જાય છે.

મસ્તકમાં તેલ સીંચવાથી વાળ વધુ પ્રમાણમાં ઉગે છે અને તે લાંબા, સ્નિગ્ધ, નરમ અને સુંદર બને છે. ઉપરાંત તેમાં જુ, ખોડો, ગુમડાં વગેરે થતાં નથી.

મહર્ષિ ચરક કહે છે કેઃ—"જે માનવી હમેશાં માથામાં તેલ નાખે છે તેને કદી પણ માથાનો દુખાવો થતો નથી, ટાલ પડતી નથી, પળિયાં આવતાં નથી, વાળ ખરી જતા નથી. ખાસ કરીને ખોપરીનાં હાડકાં બહુ મજબુત બને છે અને વાળ પણ દ્રઢમૂળ, દીર્ઘ અને કાળા થાય છે. એનાથી ઊંઘ પણ સારી આવે છે."

**કાનમાં તેલ શા માટે નાંખવું?**

કાનમાં તેલ નાંખવાથી કાનના રોગો થતાં નથી. મેલ પણ થવા પામતો નથી. કાનના રોગો, ગળું ઝલાઈ જવું, હડપચી ઝલાઈ જવું આદિ રોગો થતાં નથી. ધીમેથી બોલેલું પણ સાંભળી શકાય છે. એનાથી બહેરાશ આવતી નથી. રસ આદિ પદાર્થો કાનમાં નાંખવા હોય તો જમ્યા પહેલા નાંખવા. તેલ નાંખવું હોય તો સૂર્ય આથમ્યા પછી નાંખવું.

**પગમાં માલીશ કરવાથી થતા લાભો.**

પગમાં તેલનું માલીશ કરવામાં આવે તો પગ મજબુત બને છે, સારી ઊંઘ આવે છે, આંખ મજબુત બને છે, પગ ફાટી જતાં નથી અને તે મજબુત થાય છે.

બહેનોએ તેલ માલીશ અને સ્નાનની ટેવ તો જરૂર પાડવી જ જોઈએ.

# સ્નાન

## સ્નાનની જરૂર શા માટે ?

સ્ત્રીઓની સુંદરતાને વિકસાવવા માટે સ્નાનની ખાસ જરૂર રહેલી છે. શરીરને અલંકારો શોભાવી શકે, વસ્ત્રોથી પણ પાવડરથી પણ અંગને સુંદર બનાવી શકાય પરન્તુ સાચ્ચી સુંદરતા અને તે પણ આન્તરિક દેહની એ તો સ્નાનથી જ લાવી શકે છે. સ્નાન શરીરનાં બાહ્ય સૌન્દર્યને તથા તેના આન્તરિક ભાવોને પ્રફુલ્લ અને પવિત્ર બનાવી શકે છે. શરીરનો થાક તેનાથી ઊતરી જાય છે અને સખ્ત કાર્ય કરવા છતાં પણ તેનાથી આનંદ–આરામ અને તાઝગી મળી શકે છે.

**સ્નાન સ્ત્રીનું મંગલ કરે છે.**



પ્રાચીનકાળમાં પણ સ્નાનનું મહત્વ હતું. સુગંધિત દ્રવ્યો સાથે ઘરની ગૃહિણી, કન્યા કે વધુ નિત્ય સ્નાન કરી પોતાના દેહને આરસ જેવું સ્વચ્છ બનાવતી. સ્નાનનું કાર્ય પાંચ–દશ–પંદર મીનીટ નહિ પણ અર્ધો કે કલાક સુધી પણ ચાલતું. પુરાણકાળમાં સ્નાન સમયે ગીતો ગવાતા, સ્ત્રીનું મંગલ ઇચ્છવામાં આવતું અને તેનું સૌન્દર્ય વધે તે માટે સતત કાળજી લેવામાં આવતી. આજે સ્નાનનું મહત્વ લુપ્ત થતું જાય છે. ઘરકામમાં પ્રવૃત્ત રહેતી ગુણ-સુંદરીઓને પદ્ધતિસરનાં સ્નાનનો સમય મળતો નથી, અને એટલે જ તેમને જેમતેમ નાહી નિત્યકામમાં લાગી જવું પડે છે.

## વૈદકશાસ્ત્રની દ્રષ્ટિએ સ્નાનનું મહત્વ.

વૈદકશાસ્ત્રમાં પણ સ્નાનનું મહત્વ વર્ણવેલું છે. સ્નાનથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, શક્તિ વધે છે, આયુષ્યની વૃદ્ધિ થાય છે. ઉત્સાહ તથા જોમ મળે છે. સખ્તમાં સખ્ત પરિશ્રમ મટી જાય છે પરસેવો, આળસ, તૃષા, બળતરા આદિને પણ સ્નાન દૂર કરી દે છે. શરીર પર બહારના તાઢા પદાર્થો રેડવાથી ગરમી દબાઈને અંદર જતી રહે છે તેથી સ્નાનની સાથે માનવીનો અગ્નિ પણ પ્રદીપ્ત થાય છે. તાઢા પાણી દ્વારા સ્નાન કરવાથી રક્તપિત્ત મટે છે, ઉના પાણીથી સ્નાન કરવાથી બળ વધે છે. વાયુ-કફ દૂર થઈ જાય છે. અતિ ઉષ્ણ પાણીથી સ્નાન કરવામાં આવે તો તે આંખને નુકશાન પહોંચાડે છે.

સુશ્રુત સંહિતા કહે છે કેઃ—સ્નાન નિદ્રા, દાહ અને શ્રમને હરનાર છે. પરસેવો, ખૂજલી અને તૃષાને હણી દે છે. મનને આનંદ આપે છે, અને બધી ઈન્દ્રિયોની શુદ્ધિ કરે છે. તંદ્રા અને પાપનું એ શમન કરે છે. સંતોષ અને શક્તિ આપે છે પુરુષાતનને વધારે છે તથા લોહીને સ્વચ્છ રાખે છે.

વાગ્ભટે પણ સ્નાનની જરૂર પર ભાર મૂકી તેને વાજીકરણ ઔષધ તરીકે વર્ણવ્યું છે. એ આયુષ્ય, બળ અને ઉત્સાહ આપે છે.



નૂરજહાં

### સ્નાન અને સૌન્દર્ય.

સ્નાન સૌન્દર્યને વધારનારૂં છે. નૂરજહાં ઈતિહાસ પ્રસિદ્ધ સુંદરી હતી. પોતાના સૌન્દર્યના બળથી જ એ દિલ્હીના રાજ-સિંહાસન પર ચઢી હતી. એને સ્નાન અતિ પ્રિય હતું. અને એના સૌન્દર્યનું મુખ્ય કારણ પણ એ જ હતું. સૌન્દર્યને આકર્ષક બનાવવામાં સ્નાનનો મુખ્ય હાથ છે. ફ્રાન્સના ઈતિહાસમાં સૌન્દર્યની દ્રષ્ટિથી

'ડાયને ડે પોયટિયર્સ'નું સ્થાન અતિ ઉચ્ચ સમજવામાં આવે છે. પોતાના સમયમાં એ સૌન્દર્યની દેવી હતી. એના અપાર સૌન્દર્યનું કારણ પણ સ્નાન જ હતું. એ પ્રતિ દિન ઠંડા પાણીથી ખૂબ સ્નાન કરતી.

**સ્નાનનો સમય**

નહાવાનો સુંદર સમય પ્રાતઃકાળનો, સાંજનો તથા સૂતાં પહેલાનો છે ઘણાંઓએ નહાવાનો ઉત્તમ સમય પ્રાતઃકાળનો જ ગણ્યો છે. પ્રાતઃકાળે સ્નાન કરવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે અને ગરમી પણ જળવાઈ રહે છે. ડો. ઘોષ કહે છે કેઃ–સ્નાન માટે ઉત્તમ વખત સવારનો જ છે. જો રાત્રે સ્નાન કરવું હોય તો ગરમ પાણીએ જ નાહવું ઉચિત છે. સ્નાનના કાર્યને સ્ત્રીઓએ પોતાના દૈનિક જીવનનો એક કાર્યક્રમ જ બનાવવો જોઈએ. ઓછામાં ઓછું એક કલાક સ્નાન કરવું. એટલો સમય ફાજલ ન પડી શકે તો અર્ધો કલાક તો જરૂર તેની પાછળ ગાળવો. સૌન્દર્ય અને સુખાકારીની દ્રષ્ટિએ, આનંદ અને આરામની દ્રષ્ટિએ પણ સ્ત્રીઓએ સ્નાનને મહત્વ આપવું જ રહ્યું.

**સ્નાન કેવી રીતે કરવું જોઈએ?**



સ્નાન કેવી રીતે કરવું જોઈએ એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આખું શરીર પાણીમાં સમાઈ જાય તેવી રીતે સ્નાન કરવું જોઈએ. આ માટે બાથટબ ( Bathtub )ની શોધ થઈ છે. એમાં પાણી ભરવામાં આવે છે અને તે બાદ નહાનારી વ્યક્તિ તેમાં સ્નાન કરે છે. ગરીબ તથા મધ્યમ ઘરોમાં બાથટબ ન હોઈ શકે એ સમજી શકાય એમ છે. આવું સાધન ન હોય તોપણ પદ્ધતિસરનું સ્નાન થઈ શકે છે.

સ્નાનનો બીજો વિધિ એ છે કે પ્રથમ પગોને ન ભિંજવતા મસ્તક પલાળવું જોઈએ. તે પછી ધડ, કમર અને પગ. આ પ્રકારે સ્નાન કરવાથી વિકૃત ઉષ્ણતા શિરમાંથી નીકળી ધડમાં જઈ પગો મારફતે નીકળી જાય છે. જે સ્ત્રીઓ પહેલાં પોતાના પગ ધોઈ સ્નાન કરે છે તેઓ પોતાની આંખો સુરક્ષિત રાખી શકતી નથી. ઝટપટ નાહવા કરતાં મસળી-મસળીને નાહવાની ટેવ પાડવી.

**નદી સ્નાનનું મહત્વ.**

નદી, સ્વચ્છ તળાવ કે સમુદ્રમાં સ્નાન કરવું એ પણ સારૂં છે. શાસ્ત્રોમાં સમુદ્ર-સ્નાનનો મોટો મહિમા વર્ણવેલો છે. સમુદ્રજળમાં એક પ્રકારની વિદ્યુત શક્તિ રહેલી છે એટલે એમાં નાહવાથી નીરોગી અને ચૈતન્યમય બનાય છે. આપણા હિંદુ ધર્મશાસ્ત્રે નદીને દેવી સ્વરૂપ માની છે. નદીમાં સ્નાન કરતી વખતે અનેક શ્લોકોથી તેની સ્તુતિ કરવાની પ્રથા પણ છે. હે નદી! હે પવિત્ર યમુના! તારા સ્નાનથી મારા મનનો મેલ દૂર કર. હે નર્મદા! મારૂં કલ્યાણ કર, હું તારે શરણે આવું છું! હે કૃષ્ણા! હે ગોદાવરી! તું મારૂં સૌભાગ્ય અમર કર! તારો જ મારે આશ્રય છે. નદીઓ, તીર્થસ્થાનો, આદિના નામો દઈને સ્નાન કરવાની ટેવ હજુ આપણા અનેક ઘરોમાં પ્રચલિત છે.

**ઠંડા પાણીથી નાહવું કે ગરમ પાણીથી?**

આપણો દેશ ગરમ હોવાથી બે વખત સ્નાન કરવામાં આવે એ અગત્યનું છે. બન્ને વખત ગરમ કે ઠંડા પાણીથી નાહવા કરતાં સવારે ઠંડા અને રાત્રિના ગરમ પાણીથી નાહવામાં આવે તો તે આરોગ્ય તથા તેજની વૃદ્ધિ કરે છે.

આખા દિવસના પરિશ્રમને લઈને શરીરે પરસેવો-ચિકાશ થાય છે. શરીર કામથી થાકી જાય છે. એટલે તેને દૂર કરવા માટે રાત્રિના ગરમ પાણીથી જ સ્નાન કરવું સારૂં છે. ઉષ્ણુંસ્નાન પરસેવો તથા ચિકાશને દૂર કરી દે છે અને થાકને ઉતારી શરીરને હલકું બનાવી દે છે.

વૈદકશાસ્ત્ર કહે છે કેઃ—અતિ ઠંડા પાણીથી શીતઋતુમાં સ્નાન કરવાથી કફ અને વાયુ કોપે છે, જ્યારે અતિ ઉષ્ણ પાણીથી ઉષ્ણ-કાળમાં સ્નાન કરવાથી પિત્ત અને રક્ત વધે છે અને બગડે છે.



### સ્નાન કેવી રીતે કરશો ?

સ્નાન એકદમ ગરમ પાણીએ કરવામાં આવે એ નુકશાનકારક છે. એથી શરીરની ચામડીને નુકશાન પહોંચે છે અને તેનું મુલાયમપણું નષ્ટ થઈ જાય છે. કાંતો હુંફાળા અથવા તો વધુ ગરમ અને ઠંડુ નહિ એવા પાણીથી સ્નાન કરવું હિતકર છે. પ્રથમ શરીરને પાણીથી પલાળી દો. પછી સાબુ, કે ચણાનો લોટ–દૂધની મલાઈ સાથે ભેળી તેનાથી મુખ, હાથ, છાતી પર મર્દન કરો. (સાબુ વાપરો તો હલકા પ્રકારના, ચરબીવાળા વાપરશો નહિ. એથી ચામડી બગડી જાય છે. ઉંચા પ્રકારના–ગોદરેજ-તાતા–મૈસુર વગેરેના જ સાબુ વાપરવા. સાબુ ચામડીને મુલાયમ રાખે છે અને તેને સાફ બનાવે છે.) તે બાદ પુનઃ શરીર પર પાણી રેડો, અને ચામડીને સ્વચ્છ બનાવી દો. પછી શરીરના એકેએક અવયવ પર પાણી રેડી તેને મસળી સાફ કરો અને પાછું પાણી રેડો. આ મુજબ અર્ધો કલાક–કલાક વિતાવો. તમારૂં શરીર તદ્દન હલકું થઈ જશે. કામનો થાક ઉતરી જશે, ચામડી રેશમ જેવી મુલાયમ અને આરસ જેવી ઉજળી થઈ જશે. સાથે સાથે તમારામાં કામ કરવાનો ઉલ્લાસ અને તાઝગી પણ આવશે.

### સ્નાન માટે સુગંધિ પદાર્થોનો ઉપયોગ

ઠંડુ પાણી અનુકૂળ આવતું હોય તો ઠંડા પાણીથી પણ સ્નાન કરવું સારૂં છે. ઠંડા પાણીમાં સુગંધિ પદાર્થો જેવા કે ગુલાબજળ,

સુખડનું તેલ, ગુલાબ પુષ્પો આદિ નાંખવા, એથી શરીરનો બહાર ખીલી ઊઠશે. દુર્ગન્ધ દૂર થઈ જશે અને મન હસુહસુ થઈ જશે. નાહવા માટે પૂરતું પાણી ન મળી શકતું હોય ત્યારે આવી રીતે સુગંધિત પદાર્થો નાંખીને નાહવું હિતકર છે. પાણીમાં નાખવા માટે સુગંધિ વસાણુઓથી ભરેલી પડીઓ બજારમાં સારા પ્રમાણમાં મળે છે. રોજ ન બની શકે તો બબ્બે દિવસે પણ આવા પદાર્થોથી સ્નાન કરવું જરૂરનું છે.

**ટુવાલથી શરીરને સાફ કરો**

સ્નાન કરીને સ્વચ્છ ટુવાલથી તમારા શરીરને લૂછી નાંખો. આવી રીતે શરીર લૂછવાથી દાદર, ખૂજલી થતી નથી. શરીરનો મેલ તદ્દન સાફ થઈ જાય છે. શરીરનો ચળકાટ દેખાય ત્યાં સુધી ટુવાલને ચામડી સાથે ઘસો. તે બાદ સગવડ અને સાધન હોય તો સુખડનું તેલ કે પછી મલાઈ લગાવો. આથી ચામડીની સુંદરતા વધી જશે અને તમારા હૃદયમાં અવનવા ઉલ્લાસની ઊર્મિઓ ઉછળશે.

વૈદકિય શાસ્ત્રે તથા આધુનિક વિજ્ઞાને સ્નાનનું મહત્વ અધિક ગણ્યું છે. શ્રમને દૂર કરવા માટે સ્નાનને પરમ ઔષધ ગણ્યું છે. બહેનો સ્નાનને પોતાના નિત્યના કાર્યક્રમનું એક અંગ બનાવે અને બની શકતો સમય તેની પાછળ ગાળે તો તેમનું દેહલાલિત્વ જરૂર ખીલી ઊઠે એટલું જ નહિ પરન્તુ તેમનામાં ચામડીના જે રોગો થાય છે તે પણ અટકી જાય અને તેમનું શરીર સ્વાસ્થ્ય સંપૂર્ણ આરોગ્યમય બને.

# ચહેરાનું સૌન્દર્ય

**ચહેરાનું સૌન્દર્ય શા માટે ?**

વસ્ત્રાલંકારો, બાહ્ય રૂપરંગ અને રૂપગુણની સાથે ચહેરાનું સૌન્દર્ય પણ હોવું જરૂરનું છે. ચહેરો જો રૂપવાન, આકર્ષક સુંદર ન હશે તો બાહ્ય સૌન્દર્યનો ઠઠારો કંઈપણ કામનો ગણાશે નહિ. એક સ્ત્રી ગમે એટલા કિંમતી વસ્ત્રાલંકારો પહેરે પરન્તુ એના મુખ પર તેજ ન હોય, પ્રતિભા ન હોય, સૌન્દર્યની શોભા ન હોય તો તેના એ વસ્ત્રાલંકારો ફીક્કા પડી જાય છે, તેનું મહત્વ કંઈજ રહેતું નથી અને તે ગમે એટલી સજાવટ કરે તો પણ તેનું સૌન્દર્ય દીપી ઉઠતું નથી એ ચોક્કસજ છે.



**ચહેરાની સુન્દરતા કેવી રીતે મેળવાય ?**

ચહેરાનું સૌન્દર્ય મુખ્યત્વે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તથા આરોગ્ય પર નિર્ભર રહે છે. જ્યારે શરીર સ્વચ્છ અને નીરોગ રહે છે ત્યારે લોહી પણ શુદ્ધ અને વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે, અને એની ઝલક ચહેરા પર દેખાઈ આવે છે. માનસિક સ્વાસ્થ્યનો પ્રભાવ પણ ચહેરા પર અદ્ભૂત અસર નાંખે છે. મન પ્રફુલ્લ અને શાન્ત હોય તો મુખ પર તેની અસર થાય છે અને પરિણામે તે આનંદી અને ઉત્સાહી બને છે. મનનો ચહેરા સાથે એટલો તોગાઢ સંબંધ છે કે તેનાથી મનના ભાવો પણ પારખી શકાય છે.

આથી જ ચહેરાને સુન્દર બનાવવા માટેની સૌથી પ્રથમ જરૂર રહેલી છે. મનને પ્રફુલ્લ રાખવું, રોજ તાજો ખોરાક લેવો, થાક-શ્રમને ભૂલી જવું અને સખત કામ હોય તો પણ ખુશખુશાલ રહેવું એમાં જ જીવનની મઝા છે. કામ જોઈને કદીપણ ગભરાટ અનુભવવો નહિ. જેટલું કામ કરવાનું હોય એટલું ધીરેધીરે પરન્તુ ચોક્કસ કરવા માંડો. કામમાં વાર લાગે તો વાંધો નહિ પણ જે કંઈ કામ તમે કરો તે ખામી વગરનું અને ચોક્કસ જ હોવું જોઈએ. કામનો ભય માણસને ચિન્તાનો રોગ લાગુ પાડે છે. ચિન્તા સ્વાસ્થ્યને અને સ્વાસ્થ્ય ચહેરાને ઝંખવાવી દે છે. માટે ચહેરાની ખૂબસૂરતી વધારવી હોય તો કામનો ભય તથા ચિન્તાને પણ દૂર કરવા જોઈએ.

**સાબુના ઉપયોગથી સાવચેત રહો !**

ચહેરાની સુન્દરતા ટકાવી રાખવા માટે કેટલાક ઉપાયો પણ અજમાવવા જરૂરના છે. મુખને નિત્ય સ્વચ્છ ઠંડા જળથી ધોવામાં આવે તો ચહેરા પર ધૂળના રજકણો જામતા નથી અને ચહેરો રોજ સ્વચ્છ નિતરો રહેવા પામે છે. ચહેરો ધોવા માટે સાબુનો ઉપયોગ પણ કરવામાં આવે છે, પરન્તુ સાબુની પસંદગીમાં ખૂબ ધ્યાન રાખવું જોઈએ. હાલમાં બજારમાં હલકી જાતના અનેક સાબુઓ આકર્ષક લેબલોમાં વેચાય છે. આવા સાબુઓમાં ચરબીનું પ્રમાણ તથા સોડાનું પ્રમાણ વધુ રહેતું હોવાથી તે ચામડીને નુકશાન કર્તા નીવડે છે અને તેનાથી ચામડી ખરબચડી તથા ફોલ્લાવાળી થવાનો ભય રહે છે, એટલે સાબુ સારી જાતના જ વાપરવા.

સાબુ વાપરવાની રીત પણ જાણવી જોઈએ. પહેલાં મુખને સ્વચ્છ પાણીથી ધોઈ નાખવું. બાદ સાબુ લગાડવો, અને તે પછી મુખ ચોળવું પુનઃ પાણી રેડવું અને મુખ સાફ કરી નાંખવું. તે બાદ ટુવાલથી મુખને લૂછી નાંખવું. સાબુથી મુખ ધોવા માટે ગરમ પાણી જ વાપરવું.

અનુભવીઓનું કહેવું છે કે રાત્રિના ઠંડા જળથી અને પ્રાતઃકાળે તરતજ ઊઠીને ઠંડા જળથી નિત્ય ચહેરા ધોવામાં આવે તો એનું તેજ ચમકતું જ રહે છે અને તેના પર કરચલીઓ તથા ફિક્કાશ પડતી નથી. દૂધમાં લીંબુનો અર્ક મેળવીને સાંજ-સવાર માલીશ કરવામાં આવે તો પણ ચહેરાની સુંદરતા ઝળકી ઊઠે છે. તાજા ગરમ દૂધથી પણ મુખ ધોવામાં આવે તો પણ મુખ સુન્દર બને છે.

**ચહેરા પરના ખીલ**

ઘણાં સ્ત્રી-પુરુષોને યુવાન અવસ્થામાં ચહેરા પર ખીલ થાય છે. આ ખીલ ખાસ કરીને યુવાન અવસ્થામાં જ ફુટે છે. એટલે આપણા લોકો એને યુવાનીના આગમનનું ચિન્હ માને છે પરન્તુ એ માન્યતા ખોટી છે.

ખીલનું મુખ્ય કારણ પાચનશક્તિની મંદતા અને રક્ત-વિકાર જ છે. ઘણી યુવાન સ્ત્રીઓને માસિક ધર્મ અનિયમિત આવતો હોય તથા આહાર-વિહારથી યા તો ગર્ભાવસ્થામાં થયેલા લોહી વિકારથી પણ આ રોગ થવા પામે છે.

આ રોગનું મૂળ કારણ એક પ્રકારના જંતુઓ છે. આ જંતુઓને અંગ્રેજીમાં 'એકની બેસીલાઈ' કહેવામાં આવે છે. આ રોગ ચેપી છે અને આ જંતુઓ તે રોગને બધે ફેલાવે છે. ખીલ નાના દાણા જેવા આવે છે. એ જ્યારે પાકે છે ત્યારે તેની ટોચ સફેદ બને છે અને એમાંથી સફેદ રસ પણ નીકળે છે. ઘણીવાર ગાલ સિવાય એ ગરદન, કપાળ પર પણ દેખાવ દે છે.

**ખીલને દૂર કરવા માટેના ઇલાજો.**

ખીલને દૂર કરવા માટે ભોજન સારૂં અને પચી જાય તેવું ખાવું જોઈએ. માસિક ધર્મની અનિયમિતતાનો યોગ્ય ઉપચાર કરવો. લાલ મરચાં, ખાટી વસ્તુઓ, અતિશય ચહા-કોફી કે ગરમ પદાર્થોનું સેવન બંધ કરવું જોઈએ.

આ સિવાય નીચેના વૈદકિય ઉપાયો પણ અજમાવવામાં આવે તો તેનાથી પણ ખીલ નાશ પામે છેઃ—

હીંગોરાના ફળની મીંજને પાણીમાં વાટીને તેનો મૂળ ઉપર લેપ કરવામાં આવે તો તે શાંતિ આપે છે. લોધર, વજ અને ધાણાને પાણીમાં વાટી તેનો લેપ કરવાથી તે જુવાનીમાં મુખપર થતી ફોલ્લીઓ તથા ખીલોનો નાશ કરે છે.

ગોરૂચંદન સહિત મરીનો લેપ કરવામાં આવે તો ખીલ મટી જાય છે.

સરસવ, વજ, લોદર અને સિંધાલુણ એનો લેપ કરવાથી પણ જુવાનીના ખીલ મટી જાય છે.

**ચહેરો ફાટી જવો.**

શિયાળામાં સખ્ત ઠંડીથી ચહેરો ફાટી જાય છે. ચામડી વધુ ફાટી જતાં દુઃખ પણ થાય છે. ગાલની અંદર નાની-નાની ફાટ પડે છે. હોઠો ફાટી જાય છે અને ક્યારેક તેમાંથી લોહી પણ નીકળે છે. જેમની ચામડી પાતળી અને જેમના લોહીનું સંચાલન નરમ હોય છે તેમની ચામડી આવી રીતે ફાટી જાય છે. જુવાનો કરતાં બાળકો અને વૃદ્ધોની ચામડી અધિક ફાટી જાય છે કારણ તેમના લોહીનું સંચાલન વધુ નરમ ગતિથી ચાલે છે. જાણકારોનું કહેવું છે કે જે અંગ સદા ખુલ્લું રહેતું હોય અને ટાઢ-પાણી જે વધુ સહેતું હોય તેના ફાટી જવાનો વિશેષ ભય રહેલો છે. અને આજ કારણને લઈને ચહેરાની ચામડી અધિક ફાટે છે. એને અટકાવવા માટે 'વાષ્પ-સ્નાન' અતિ ઉપયોગી છે. ચામડી ફાટતી હોય તો તેના ઉપર વેસેલીન, દીવેલ, લગાવ્યું હોય તો તેની અસર સારી થાય છે અને ચામડીને તે સુરક્ષિત રાખે છે. એને માટે લાઈમજ્યુસ, ગ્લીસરીન પણ ઉત્તમ ગણવામાં આવ્યું છે.

# સૌંદર્ય પ્રયોગો

## સુન્દરતા મેળવવા માટેના પ્રયોગો

સ્ત્રીનું દેહ સૌન્દર્ય તેમજ મુખ સૌન્દર્ય કેવી રીતે આકર્ષક, સુન્દર અને તેજસ્વી બને તે માટે જે પ્રયોગો પ્રાચીનકાળમાં પ્રચલિત હતા તે તથા ચાલુ કાળમાં જે પ્રચલિત છે તે અહીં આપવામાં આવે છે વિદેશી હેરઑઈલો, પાવડરો અને કોસ્મેટીકસો કરતાં આપણા આ દેશી અને આયુર્વેદીક પ્રયોગો સસ્તાં છે એટલું જ નહિ પરન્તુ તે વધારે અસરકારક અને અનુભવસિદ્ધ પણ છે. એની અસર પણ વધારે વખત રહે છે અને ચામડીને તે જરા પણ ઈજા કરતાં નથી.

તલ, સરસવ, હળદર, દારૂહળદે, કૂઠ (કુષ્ઠ–Costus Speciosus) એનું મિશ્રણ દેહપર લગાવવાથી શરીરની કાન્તિ સુવર્ણની આભાની જેમ પ્રકાશિત થાય છે.

લીમડો, અમલતાસ, દાડમ, શિરીષ અને લોધ્ર–એ ઝાડોની છાલ એક કરીને તેનું હળદરમાં મિશ્રણ કરવામાં આવે અને તે મિશ્રણનો લેપ જો મુખ પર કરવામાં આવે તો સ્ત્રીઓના સૌન્દર્યની વૃદ્ધિ થાય છે અને તેમના મુખ પરનું તેજ વધુ ઝળહળે છે.

કાળાં તલ, કાળું જીરૂં, પીળાં સરસવ અને જીરૂં એ બધાંને સમભાગે લઈ, દૂધમાં કાલવીને જો તેને લેપ કરવામાં આવે તો શરીર અત્યન્ત સુન્દર બની જાય છે, શરીરની મલિનતા, કાળાશ આદિ એનાથી તરત જ દૂર થઈ જાય છે અને દેહનો આખો ય રંગ સુન્દર બની બની જાય છે.

લોધ, (લોધ્ર–આ નામનું એક ઝાડ થાય છે) વચ–વજ ધાણા અને ગોરોચનને સમભાવે લઈ તેનો બારીક ભૂકો કરી તેનો લેપ કરવામાં આવે તો યુવાનીના સૂચક રૂપ થતાં ખીલો, ફોલ્લીઓ આદિ દૂર થાય છે અને મુખ તેમ જ શરીર સાફ સ્વચ્છ બની જાય છે.

ફોતરાં વગરનાં જવનું ચૂર્ણ, યષ્ટી, સફેદ સરસવ અને લોધ્રની છાલને મેળવીને તેનું માલીશ કરવામાં આવે તો સ્ત્રીઓના મુખનું તેજ ઉત્તમ અને સુવર્ણના જેવું પ્રકાશમાન બને છે.

પાકેલાં વડના પાન, કચનાર, મૂલહઠી, સુગન્ધલતા, કમલ, સહદેવી, શ્વેત ચન્દન, લાહી, કંકુ અને લોધની છાલને સરખે ભાગે લઈ પાણીમાં વાટી સ્ત્રીઓ તેનો લેપ કરે તો એમની મુખ-કાન્તિ શરત્‌ચન્દ્રને તિરસ્કૃત કરે છે. એમનું મુખ કમલના જેવું સુન્દર અને પ્રકાશમાન થાય છે.

કેરી અને દાડમની છાલ, શંખચૂર્ણ, આમલી તથા કરમદાના બીયાં; એ બધાંને સમાન ભાગે વાટીને તેનો લેપ કરવામાં આવે તો બધા પ્રકારની દુર્ગન્ધિનો નાશ થઈ જાય છે અને મુખ તેમજ દેહનું સૌન્દર્ય ઝળહળી ઉઠે છે

શ્વેત ચન્દન, કુંકુમ, પુષ્કરમૂલ, લોધની છાલ, તગર અને વાલ એ બધાંને સરખે ભાગે લઈ તેનો બારીક ભુકો કરી તેને વાટીને શરીર પર લગાવવામાં આવે તો દુર્ગન્ધિનો નાશ થાય છે અને શરીર સાફ બની જાય છે.

લોધની છાલ, ખસ, શિરીષ અને કમલપત્ર એ ચારને સમાન ભાગે લઈ તેના મિશ્રણને શરીર પર મસળવામાં આવે તો ખરાબ પરસેવો થતો અટકી જાય છે. અને દેહની દુર્ગન્ધિનો નાશ થઈ જાય છે.

માતુલંગની છાલને મુખમાં રાખી ચૂસવામાં આવે અથવા તો તેનો રસ ગળવામાં આવે તો મુખની બદબો દૂર થઈ જાય છે. અને અર્ધવાયુની દુર્ગન્ધનો પણ નાશ થઈ જાય છે.

જાયફલ, જાવંત્રી, તુલસી, કંકુ અને કુષ્ઠ એ બધાનું મિશ્રણ કરી તેની ગોળીઓ બનાવી ચૂસવાથી યા તો તેનો રસ ગળવાથી મોઢાની બદબો દૂર થાય છે.

તગર, કુષ્ઠ, તાલીસપત્રનું મિશ્રણ કરી તેનો લેપ આખા શરીર પર કરવામાં આવે તો સારાય શરીરની કાન્તિ ઝળહળી ઉઠે છે. આ મિશ્રણનું માલીશ પણ એવી જ ચમત્કારિક અસર ઉપજાવે છે.

પુનર્નવા, સહદેવી, અનન્તમૂલ (સારિવા) કુરણ્ટક અને ઉત્પલપત્ર એ પાંચેનું વિધિપૂર્વક તેલ બનાવી તેનું અંજન કરવામાં આવે તો આ અંજન સ્ત્રીને સૌભાગ્ય અને આયુષ્ય આપે છે.

પુનર્નવા, સહદેવી, આદિની બનાવેલી સુન્દર માળાઓ પણ પહેરવામાં આવે તો પણ તે સારૂં ફળ આપે છે.

કમળ, ઉત્પલ તથા નાગકેસર આ ત્રણેને સૂકવીને ચૂર્ણ બનાવીને શહદ (મધ) અને ઘીની સાથે મેળવીને ચાટવામાં આવે તો મુખાકૃતિ કમળની જેમ ખીલી ઉઠે છે.

કમળ, ઉત્પલ તથા નાગકેસરની સાથે તગર, તાલીસ અને તમાલપત્રને મેળવીને શરીર પર તેનું માલીશ કરવામાં આવે તો શરીર સુન્દર અને સુદૃઢ બને છે.

કેશર, ચન્દન અને કૃષ્ણ એ ત્રણેનો લેપ કરવામાં આવે તો તે ગરમી, વાયુ અને કફનો નાશ કરે છે સ્ત્રીઓએ શીતકાલમાં એનો લેપ કરવો જોઈએ

ચન્દન, કપૂર, સુગન્ધિવાળો, આ ત્રણેને મેળવવામાં આવે તો તે અત્યન્ત સુગન્ધિત અને શીતળ બને છે. ગ્રીષ્મ ઋતુમાં એનો લેપ શરીરને અતિ લાભકારક થઈ પડે છે.

ચન્દન, કેશર, અને કસ્તુરી, આ ત્રણેને સમાનભાવે લઈને મેળવવામાં આવે તો તેનું મિશ્રણ ગુણમાં બહુ શીતળ તેમજ બહુ ઉષ્ણ થતું નથી. એનો લેપ વર્ષાઋતુમાં કરવામાં આવે તો તે શરીરને લાભકારક થઈ પડે છે.

આ પદાર્થોના લેપ મનુષ્યની તૃષા, મૂર્છા, દુર્ગન્ધ, સ્વેદ અને દાહનો નાશ કરે છે; તેમજ સાથે સાથે તે સૌભાગ્ય, તેજ, ત્વચાનો રંગ પલટો, પ્રીતિ, ઓજ અને બળની વૃદ્ધિ પણ કરે છે.

સુગન્ધિત પુષ્પો-પાનો પહેરવાથી શરીરની કાન્તિ વધે છે. રોગ દૂર થાય છે, પાપીઓ-રાક્ષસો અને ગ્રહોની પીડા નષ્ટ થાય છે વળી આ શુભ પદાર્થો ધારણ કરવાથી લક્ષ્મીની પણ વૃદ્ધિ થાય છે.

આંકડાના ક્ષીરમાં કે પછી દુધમાં હળદરને વાટીને-ઘૂંટીને તેનો લેપ કરવામાં આવે તો ઘણા વખતથી થયેલી મોઢાપરની કાળાશ દૂર થઈ જાય છે અને મુખ કાન્તિવાળું બને છે.

કેસર, સુખડ, તમાલપત્ર, કાળો વાળો, ઉત્પલ, ગૌરૂચંદન, હળદર, દારૂ, મજીઠ, જેઠીમધ, ઉપળસરી, લોદર, પતંગ, સોનાગેરૂ, નાગકેસર, દરડીયું, કાંગ, પીળું ચંદન અને રતાંજલિ એ બધાંને એક-એક તોલા ભાર લઈને તેને ૬૪ તોલાભાર તેલમાં તેલ પકાવવાની વિધિ પ્રમાણે પકવીને એ તેલથી માલીશ કરવામાં આવે તો રાજાની રાણીઓના, સ્ત્રીઓના, પુરૂષોના તથા ધનવાન પુરૂષોના મુખને બગાડનારા તલ, ફોલ્લાઓ, મ્હોડા ઉપરની કાળાશ, નીલિકા, જુવાનીના ખીલો, શરીરની શ્યામતા તેમજ ચાઠાંઓનો તુર્ત જ નાશ થઈ જાય છે, શરીરને અતિ મનોહર સ્વરૂપમાં પ્રકટ કરે છે અને કમળ સમાન મુખાકૃતિ બનાવે છે.

ગંધકનાં ફુલને થોડાં તાજા દુધમાં મેળવી એઅેક કલાક રહેવા દઈ હલાવ્યા વગર તે દુધને ઉપરથી લઈને ચહેરા ઉપર લગાડવામાં આવે તો ચહેરાની ચામડી સાફ, સ્વચ્છ ઉપરાંત સુશોભિત બને છે.

મસૂરા દુધમાં અને તેમાં ઘી નાખી તેનો સાત દિવસ લેપ કરવાથી મુખનું સૌન્દર્ય ખીલી ઉઠે છે અને તે કમલપત્ર જેવુ બને છે.

બીજોરાનાં મૂળ, ઘી, મનશીળ અને ગાયના છાણના રસનો લેપ કરવાથી તે મુખને ઉત્તમ વર્ણનું બનાવે છે; અને તારુણ્યનિકા, (ખીલ) વાંગ તથા શરીરની શ્યામતાનો નાશ કરે છે.

જાયફળ, મરી અને ચંદનને એકત્ર વાટીને તેનો લેપ કરવાથી પણ ખીલ મટી જાય છે.

લોધર, ધાણા અને વજનો કિંવા ગોરોચન અને મરીનો લેપ કરવાથી ખીલો મટી જાય છે અને મુખ કાન્તિવાન બને છે.

શરીરની ચામડી અને મુખને સુન્દર બનાવવાને માટે દુધની મલાઈ બહુ ઉપયોગી છે. તડકામાં ફરવાથી કે પછી સખ્ત, પરિશ્રમ કરવાથી ચહેરા પર જે કાળાશ છવાઈ જાય છે તેને દૂર કરવાને માટે મુખ પર થોડી મલાઈ લગાડી દેવી, અને થોડી વાર પછી એક સ્વચ્છ વસ્ત્ર લઈને મુખ સાફ કરી નાખવું. આથી ચહેરાની શ્યામતા દૂર થશે અને મુખનું તેજ વધી જશે. મલાઈ ત્વચાને કોમળ અને સાફ બનાવે છે.

ઘણાં ફળ એવાં હોય છે કે જેને મસળી તેના રસને મુખ પર માલીશ કરવામાં આવે તો મુખનો રંગ ફરી જાય છે. લીંબુ, સંતરા અને અંગૂરની છાલને મસળીને તેનું માલીસ કરવામાં આવે તો ચહેરા પરનો રંગ વધુ તેજથી પ્રકાશી ઊઠે છે.

તાજા ગરમ દૂધથી, હાથ-મુખ ધોવાથી પણ ચામડી સુન્દર અને સુંવાળી બને છે.

નાગરવેલના પાન, કઠ અને હરડે એ ત્રણે ઔષધોનું ચૂર્ણ કરી તેના ચૂર્ણને પાણીની અંદર કાલવીને, પછી શરીરે તેનો લેપ કરવામાં આવે તો શરીર પરની દુર્ગન્ધિનો નાશ થાય છે.

કળશીનો સાથવો, ( સેકેલી કળશીનો લોટ ) કઠ, બાલછડ અને સુખડ એ ત્રણે ઔષધોનું ચૂર્ણ તથા ફોતરાં સાથેના ચણાનો સાથવો એ સર્વેનું મિશ્રણ કરીને પછી તેને શરીરે ચોળવાથી શરીરની અંદરના ખરાબ પરસેવાનો નાશ થઈ જાય છે.

લાલ, ચન્દન, મજીઠ, લોધ, કૂઠ, પ્રિયંગનું ફુલ, વડના અંકુર અને મસૂર; આ સાતે પદાર્થનું ચૂર્ણ બનાવીને તેનો લેપ કરવામાં આવે તો શરીરનું સૌન્દર્ય ખીલી ઊઠે છે અને મુખની કાન્તિ તેજથી પ્રકાશી ઊઠે છે.

જાયફળને દુધમાં ઘસીને મુખ પર લગાવવાથી મુખની શ્યામતા દૂર થાય છે અને ચહેરો સાફ તેમજ સુન્દર બની જાય છે.

ચન્દન, કેસર, અગર, લોધ, ખસ અને સુગંધીવાળાને ખલમાં ઘૂંટીને તેના રસનું શરીર પર માલીશ કરવામાં આવે તો દેહનું સૌન્દર્ય અલૌકિક રીતે ખીલી ઊઠે છે.

**લેપનું મહત્વ**

ચામડીને મુલાયમ રાખવા માટે તથા તેને ઋતુઓની અનુકૂળ બનાવવા માટે આપણા આયુર્વેદશાસ્ત્રમાં લેપોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે: લેપ લગાડવાથી ચામડી ફાટતી નથી, કરચલીઓ પડતી નથી તથા તે સુંદર અને મુલાયમ જ રહેવા પામે છે વળી તેનામાં રોગોને હરવાની શક્તિ પણ હોય છે. સ્ત્રીના જે સોળ શૃંગાર છે. તેમાં લેપને પણ એક શૃંગાર તરીકે ગણવામાં આવ્યો છે. પ્રાચીન સમયમાં લેપ એ સ્ત્રીઓનાં શૃંગારનું એક મહત્વનું અંગ ગણાતું હતું.

**કઈ ઋતુમાં કયો લેપ કરશો?**

કઈ ઋતુમાં કયો લેપ કરવો તે જાણવું પણ અગત્યનું છે. ઋતુઓને અનુકૂળ લેપ કરવાથી રોગાદિ નાશ પામે છે.

**શીયાળામાં**—કેસર, ચન્દન, કાળું અગરૂ ભેગા કરી લેપ કરશો. કારણ એ પદાર્થો ગરમ છે એટલે તે વાયુ તથા કફને મટાડે છે.

**ઉનાળામાં**—ચંદન, કપુર અને વાળો એ ત્રણે વસ્તુઓ ભેગી કરી તેનો લેપ કરવો, આ પદાર્થો સુગંધિ છે એટલું જ નહિ પરન્તુ તેનાથી ઠંડક પણ થાય છે.

**વર્ષાઋતુ**—ચન્દન, કેસર, કસ્તુરી આ ત્રણે પદાર્થો ભેગા કરી તેનું લેપન કરવું. એ લેપ ગરમ તથા ઠંડો પણ નથી એટલે વર્ષાઋતુમાં બરાબર અનુકૂળ થઈ પડે છે.

લેપ કરવાથી તરસ, મૂર્છા, દુર્ગંધ, પસીનો તથા બળતરા મટે છે. તેનાથી ચામડી તેજસ્વી બને છે અને શરીરની ખોડો તથા તેની બદબો તદ્દન બંધ થઈ જાય છે.

# વાળ અને તેનું રક્ષણ

**વાળનું સૌન્દર્ય.**

વાળ એ સ્ત્રીનું સૌન્દર્ય છે. જેના વાળ લાંબા, સુંવાળા, શ્યામ હોય તેવી સ્ત્રી સૌનું આકર્ષણ કરાવે છે. વાળને શૃંગારનું એક અંગ પણ ગણવામાં આવ્યું છે. હિંદી સૌન્દર્ય દષ્ટિથી નીચે મુજબના વાળ હોવા જરૂરના છે.

**વાળ કેવા જોઈએ?**

૧—વાળનો રંગ કાળો જોઈએ.

૨—એ લાંબા, ભરાઉ અને પાતળા હોય.

૩—એ નરમ, ચીકણા અને ચમકતા હોય.

૪—એ સળંગ અને મજબુત હોય.

આવા વાળવાળી સ્ત્રીને સુન્દર સ્ત્રી કહેવામાં આવી છે.

**અનેક પ્રકારના વાળ.**

જુદા જુદા હવાપાણીને લઈને વાળ પણ અનેક પ્રકારના હોય છે. કોઈ દેશમાં સોનેરી, કોઈમાં રૂપેરી, કોઈમાં ભુરા, રાખોડી તો કોઈ દેશમાં કાળા વાળ હોય છે. વાળનો અમુક જ રંગ હોવો જોઈએ એવો મત નથી. રંગ દેશની આબોહવા પર આધાર રાખે છે. આપણા હિંદમાં જેવી રીતે કાળા વાળને સૌન્દર્યનુ એક મુખ્ય અંગ ગણવામાં આવ્યું છે તેવી જ રીતે યૂરોપમાં સોનેરી, ભુરાં અને રૂપેરી વાળ સૌન્દર્યસૂચક મનાયા છે. આવા વાળ આપણા દેશમાં ક્વચિત જ જોવામાં આવે છે. યૂરોપમાં પણ કાળા વાળ ક્યારેક જ જોવાના મળે છે.

**વાળ અને સ્વાસ્થ્ય.**

વાળની સાથે સ્વાસ્થ્યનો સંબંધ પણ રહેલો છે. લાંબા, ભરાઉ અને બારીક વાળ એ સંપૂર્ણ તન્દુરસ્તીની નિશાની બતાવે છે. વાળ

ઉખડી ગયેલા હોય, આછા હોય, શ્વેત થઈ ગયા હોવ તો તે કોઈ રોગ ચિન્તા કે માનસિક વ્યાધિનું સૂચન કરાવે છે.

વાળનું જતન કરવું, તેને ધોઈ સાફ કરી સ્વચ્છ રાખવા એ દરેક સ્ત્રીનું કર્તવ્ય છે બંગાળી, મદ્રાસી, મહારાષ્ટ્રીય અને ગુજરાતીઓના વાળ સુંદર, લાંબા અને ચમકદાર હોય છે કારણ તેઓ વાળ પ્રત્યે પ્રેમ ધરાવે છે અને તેનું રક્ષણ કરે છે. વાળને સૌભાગ્યસૂચક પણ માનવામાં આવ્યા છે.

સ્ત્રીઓના વાળ એમની સુન્દરતામાં વૃદ્ધિ કરે છે. પ્રાચીન–કાળમાં સ્ત્રીઓ પોતાના વાળનું સુન્દર જતન કરી જાણતી હતી. તાપસીઓના, રાજરાણીઓના, આશ્રમકન્યાઓ તથા ગ્રામ અને શહેરોમાં વસનારી સ્ત્રીઓના વાળ લાંબા અને છૂટા તથા અંબોડામાં ગૂંથાયલા રહેતા. વાળનો શૃંગાર એ તેમની એક સુન્દર સિદ્ધ હસ્ત કલા હતી.

### લાંબા વાળનું સૌંદર્ય.

સાધારણ રીતે લાંબા વાળ દરેક સ્ત્રી પસંદ કરે છે. લાંબા વાળ સ્ત્રીની સુન્દરતાને વધારે છે અને તેનું સ્વાસ્થ્ય પણ પ્રકટ કરાવે છે. જે સ્ત્રીઓના વાળ લાંબા હોતા નથી તેઓ નકલી ઉપાયો યોજીને એને લાંબા બનાવવાનો પ્રયત્ન કરે છે. આ માટે ઘણાં બજારમાં મળતી લટો, કાળું ઊન કે પછી રેશમી વસ્ત્રની પટીઓ બાંધી પોતાનો અંબોડો વાળે છે. આ વાતોથી પ્રકટ થાય છે કે સ્ત્રીઓને લાંબા વાળ પસંદ છે. વિવિધ પ્રકારના અંબોડાઓ ગૂંથવા માટે લાંબા વાળ જ સુગમ થઈ પડે છે.

### વાળ ધોવા જરૂરના છે.

વાળ નિત્ય ધોવા જરૂરના છે. જો એની કાળજી ન લેવામાં આવે તો માથામાં જુ, ખોડો, મેલ આદિ થાય છે જે તન્દુરસ્તીને



વાળનું સૌન્દર્ય

નુકશાનકારક છે. વાળ નિત્ય ન ધોઈ શકાય તો દર અઠવાડિયે અથવા તો દર પંદર કે વીસ દિવસે તો વાળ અવશ્ય સાફ કરવા જ જોઈએ.

### વાળ શેનાથી ધોવા ?

વાળ શેનાથી ચોળવા તે પણ જાણવું આવશ્યક છે ઘણી બહેનો સાબુ દ્વારા વાળ સાફ કરવાનું પસંદ કરે છે. આ ઠીક નથી. કારણ બજારમાં વેચાતા ઘણા સાબુઓમાં ક્ષારનું પ્રમાણ વધુ હોવાથી તે વાળને નુકશાન પહોંચાડે છે. એનાથી વાળ ખરી જાય છે અથવા તો તે સફેદ થઈ જાય છે. વાળને સ્વચ્છ બનાવવા માટે તો કાળી માટી જ સારી છે. કાળી માટી દ્વારા વાળ ચોળવાથી તે સ્વચ્છ અને ચકચકિત બની જાય છે. ખોડો, જુ, વગેરેનું નામનિશાન રહેવા પામતું નથી અને વાળ મુલાયમ અને રેશમ જેવા બની જાય છે.

### આમળાનો ઉપયોગ.

આ સિવાય આમળાનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આમળા સુકા હોવા જોઈએ. સુકા આમળાને રાત્રિના પાણીમાં પલાળી રાખવા અને બીજે દિવસે સવારે એ પાણીથી વાળને ખૂબ મસળીને ધોવા. એનાથી વાળ સાફ બને છે એટલું જ નહિ પણ તે શ્યામ, મુલાયમ અને ચમકદાર પણ બને છે. એનાથી વાળની વૃદ્ધિ પણ થાય છે.

### અરીઠાનો ઉપયોગ.

આવી જ રીતે અરીઠાથી પણ વાળ સાફ થાય છે. એનાથી વાળ રેશમ જેવા બને છે.

### સોડાથી દૂર રહેજો.

ઘણી બહેનો વાળ ધોવા માટે સોડાનો ઉપયોગ કરે છે. સોડાથી વાળ સાફ થાય છે એ ખરૂં છે પરન્તુ તેનાથી વાળ તૂટી જાય છે અને લાંબે સમયે તે નુકશાનકારક નીવડે છે.

## ચણાના લોટનો ઉપયોગ.

વાળ ધોવા માટે ઘણી બહેનો ચણાના લોટનો ઉપયોગ કરે છે. એનાથી પણ વાળ સ્વચ્છ બને છે. લોટમાં થોડું મીઠું નાંખ્યું હોય તો પરિણામ ઘણું જ સારૂં આવે છે.

## કેવા પાણીથી વાળ ધોવા ?

વાળ ધોતી વખતે ગરમ પાણી માથા પર નાંખવું હિતાવહ નથી. એનાથી મગજને ખરાબ અસર પહોંચે છે. હુંફાળુ પાણી કે પછી ઠંડુ પાણી જ મસ્તક પર રેડવું.



વાળને હવા લાગે તે માટે રાત્રિના સૂતી વખતે તે ખુલ્લા મૂકવા. આથી વાળને પોષણ મળે છે અને તે વધે છે.

વાળ ધોયા પછી તેને બરાબર લૂછી નાંખવા, અને જ્યારે બરાબર લૂછાઈ રહે ત્યારે જ તેમાં તેલ નાંખવું. ભીના વાળમાં તેલ નાંખવાથી વાળ સફેદ થઈ જવાનો ભય રહે છે, શરદી પણ થાય છે.

## ભપકાદાર અને રંગબેરંગી હેરઑઈલોથી દૂર જ રહેજો !

વાળમાં કયું તેલ નાંખવું તે જાણવું અગત્યનું છે. આપણી ઘણી બહેનો બજારમાં વેચાતા ભપકાબંધ પેકીંગવાળા વિદેશી સુગંધી તેલો વાપરે છે. ઉપરાંત પોમેડો, બ્રિલિયેન્ટાઈન્સ વગેરેનો પણ

છૂટથી ઉપયોગ કરે છે. આવા તેલોમાં વેસેલીન, ખનીજ પદાર્થો આવતા હોવાથી તે ચામડીને નુકશાન કરે છે અને મસ્તકમાં તે જલ્દીથી પચતાં નથી. ઉપરાંત વાળ સફેદ થઈ જવાનો, મસ્તકમાં થરું બાઝી જવાનો પણ સંભવ રહે છે.

### ધૂપેલના ગુણ

વૈદકશાસ્ત્રીઓ માથા માટે ખાસ વનસ્પતિના તેલોની જ ભલામણ કરે છે. આપણી ઘણી બહેનો ધૂપેલ વાપરે છે જે યોગ્ય જ છે. ધૂપેલથી વાળ સ્વચ્છ, ચકચકિત, મુલાયમ અને દીર્ઘ બને છે. વાળના મૂળીયાંને પણ તે મજબુત બનાવી તેનું પોષણ કરે છે. તેનાથી જુ, ખોડો પડતી નથી તેમજ બદબો પણ આપતી નથી.

### બીજાં તેલો.

મકાસર તેલ, કોપરેલ, તલનું તેલ, દીવેલ, નાળિયેરનું તેલ પણ ઘણી બહેનો નાંખે છે. આ તેલ પણ લાભકારી છે. આજ તેલોમાં સુગંધિ તેમજ શીત પદાર્થો નાખી ધૂપેલ બનાવી શકાય છે. આ સિવાય આમળા, મેદી, બ્રાહ્મીનું તેલ પણ ઉત્તમ ગણાયું છે.

આંગ્લ સ્ત્રીઓ મસ્તકમાં તેલ લગાડવાનું પસંદ કરતી નથી. આથી તેમના વાળ સૂકા અને બરછટ જેવા માલુમ પડે છે. એમનું જોઈને કેટલીક પારસી બહેનો તથા કેટલીક સુધરેલી બહેનો પણ તેલ લગાડતી નથી, પણ આમ કરવામાં તેમનો મુખ્ય હેતુ કપડાં ન બગડે તે જ હોય છે. આ માટે પારસી બહેનો શિર પર એક શ્વેત કકડો બાંધે છે, કિન્તુ એનાથી વાળની સુન્દરતા છૂપાઈ જાય છે.


### માથામાં તેલ કેટલું નાંખવું જોઇએ?

માથામાં તેલ નિયમસર લગાડવામાં આવે તો કપડાં બગડવાનો ભય રહેતો નથી. ઘણી બહેનો તેલ એટલું તો સીંચે છે કે તેના રેલા પણ કપડા ઉપર ઊતરે છે, આવી રીતે તેલ ભરવું એ

કોઈપણ રીતે લાભકારક નથી. માથામાં તેલ નાખ્યા પછી તેને સારી રીતે રગડવું જોઈએ. માલીશ કરવાથી તેલ વાળના મૂળમાં પહોંચી જાય છે અને એથી મગજને શાન્તિ મળે છે એટલું જ નહિ પણ વાળ દ્રઢ અને સુંદર બને છે. ઓછામાં ઓછું અઠવાડિયામાં બે વખત તો તેલ જરૂર લગાવવું જ.

### કાંસકીની પસંદગી.

વાળને હોળવા માટે કાંસકીનો ઉપયોગ કરવામાં પણ સાવચેતી રાખવી જરૂરની છે. કાંસકી નરમ, સખ્ત, સાધારણ આદિ અનેક પ્રકારની આવે છે. ઘણી બહેનો બ્રશનો ઉપયોગ પણ કરે છે. જે કાંસકી અનુકૂળ જણાય તે વાપરવી. વાળ હોળતી વખતે કાંસકીનો ઉપયોગ હળવે હાથે કરવો અને એકપછી એક લટ લઈ તેને હોળતાં જવું. ઉતાવળ કરવાથી વાળની લટો તૂટી જાય છે અને વાળ ખેંચાતા ચામડીને ઈજા પહોંચે છે. કાંસકીને નિત્ય સાફ રાખવી જોઈએ. આ માટે પાણીથી તેને ધોવામાં આવે તો અધિક સારૂં.



## કેશ-ગૂંફનનું મહત્વ

સ્ત્રીના સૌન્દર્ય માટે કેશ-ગૂંફનનું પણ મહત્વ છે. કેશ-ગૂંફન સ્ત્રીના સૌન્દર્યને વિકસાવે છે એટલું જ નહિ પરન્તુ તે તેને પ્રકટરૂપે જાહેર પણ કરાવે છે. કેશ-રચના જેમ વધુ મોહક હોય તેમ શૃંગાર વધુ દીપી ઊઠે છે. વાળને સ્ત્રીના સૌન્દર્ય તરીકે જ વર્ણવામાં આવ્યા છે. જેવી સ્ત્રીની કેશરચના તેવી તેની સુન્દરતા. જગતના વિવેચકોએ સ્ત્રીનું સાચું સૌન્દર્ય તેના મુખમાં નહિ પણ કેશોમાં જ વર્ણવેલું છે.



## અસંખ્ય જાતિની સ્ત્રીઓની કેશ-સજ્જા

સંસારની સમસ્ત જાતિઓમાં નાના પ્રકારની કેશરચનાઓનું પ્રચલન છે. અધિકાંશ અસભ્ય જાતિઓ પોતાની વિલક્ષણ કેશસજ્જા પર ગર્વ કરે છે. તેઓ પણ યથારીતિ કેશમાર્જન કરે છે અને નાના ઉપાયોથી તેને સુશોભિત કરે છે. એમાંની કોઈ ચિત્ર-વિચિત્ર પુષ્પ-પલ્લવ દ્વારા કેશ સજાવે છે, કોઈ પક્ષીની પાંખો દ્વારા, કોઈ વાળમાં શાહુડીનાં કાંટા કે પછી મગરમચ્છના દાંત ખોસી વાળ ગૂંથે છે. કોઈ એમાં શંખ, છીપલા, કોડીની માળા પણ લટકાવે છે.

## કેશ-ગૂંફનની પ્રાચીનતા.

વાત્સ્યાયન કામસૂત્રમાં નૃત્ય ગીતાદિ ૬૪ કલાઓનું જે વિવરણ આપ્યું છે તેમાં કેશ-માર્જનને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

આવી જ રીતે ઋગ્વેદમાં પણ વિભિન્ન કેશ-રચનાઓનો ઉલ્લેખ મળી આવે છે. રામાયણ, મહાભારત અને પૌરાણિક કાળમાં પણ કેશ-ગૂંફન પ્રચલિત હતું. બૌદ્ધ યુગમાં, લિચ્છવીઓમાં અને હૂણ જાતિઓની સ્ત્રીઓમાં પણ વિવિધ પ્રકારના કેશ-ગૂંફનની કલાઓ



રૂપસુન્દરી આમ્રપાલી પોતાના કેશ-ગૂંફનમાં અતિ પ્રસિદ્ધ હતી.

ચાલુ હતી. પ્રસિદ્ધ રૂપસુન્દરી નર્તકી આમ્રપાલી કે જે પોતાના રૂપ-યૌવન અને માધુર્ય માટે સુપ્રસિદ્ધ હતી તે કેશ-ગૂંફનમાં એટલી તો

પ્રવીણ હતી કે તેની કેશ રચનાનું સૌન્દર્ય જોવા દૂર દૂરથી લોકો આવતા હતા. એના કેશ–ગૂંફનની નકલો શહેરના મોટા વર્ગની સુન્દરીઓ કરતી. અજન્ટાની ગુફાની ચિત્રાવલીમાં પણ અસંખ્ય પ્રકારની કેશ રચનાનો પરિચય આપણને મળે છે પૌરાણિક યુગની રમણીઓ શૃંગારના સમયે કેશ–વેશ–પટુ સરિન્ધ્રીની સહાયતા લેતી હતી. શ્રી કૃષ્ણની મોહન ચુડા અને રાધાની વેણી-ગૂંથનની મધુર કહાણી વૈષ્ણવ સાહિત્યની એક અમૂલ્ય સંપત્તિ છે. અજન્ટાની ચિત્રાવલી જોઈને એક અંગ્રેજ કલાકારનું કહેવું છે કે અજન્ટાના ચિત્રોમાં જેટલી નૂતન પ્રકારની કેશ-રચના જોવામાં આવે છે એટલી અન્યાન્ય દેશોની નારીઓ એની કલ્પના પણ કરી શકતી નથી.

## કેશ-ગૂંફનના અનેક પ્રકાર.

કેશ–ગૂંફનના અનેક પ્રકાર આવે છે. સૌન્દર્ય–વૃદ્ધિને માટેજ વાળની સજાવટ કરવામાં આવે છે. મેવાડ, મારવાડ આદિ કેટલાક પ્રાન્તોની સ્ત્રીઓ વાળમાં ફુલ, પાંદડા, ગોટા આદિ લગાવી સજે છે.

અશિક્ષિત અને ગામડાની સ્ત્રીઓ વાળને વિચિત્ર ઢંગથી હોળી અંબોડા બાંધે છે. તેઓ માથામાં પુષ્કળ તેલ પણ નાંખે છે. સેંથો પાડવાની તેમની રીત પણ આપણને સુગ ઉપજાવે એવી હોય છે.

## વાળને હવા લાગવી જરૂરની છે.

બંગાળી, મરાઠી, ગુજરાતી અને મદ્રાસી મહિલાઓમાં અંબોડાની વિવિધ ફેશન પ્રચલિત છે. પારસી અને ક્રિશ્ચિયન સ્ત્રીઓ પણ અંબોડો વાળે છે. અંબોડા અનેક પ્રકારના આવે છે. કેટલીક સ્ત્રીઓ વાળને ગૂંથ્યા વગર જ અંબોડો બાંધી દે છે, કેટલીક બે કે ચાર લટમાં વાળને ગૂંથી પછી જ અંબોડો બાંધે છે. બંગાળી બહેનોના અંબોડા કલાત્મક અને સુન્દર હોય છે. કિન્તુ વાસ્તવમાં સ્વાસ્થ્યની દષ્ટિએ વાળનું બંધન ઉત્તમ ગણી શકાયું નથી. વાળને સદા હવા લાગવી જ જોઈએ.

જો વાળ પાતળા બનીને ખરી જવા લાગે તો એને રોજ તાજી હવામાં ખુલ્લા મૂકવા. આમ કરવાથી વાળ ખરતા બંધ પડી જશે. તાજી હવાથી વાળ પુષ્ટ બને છે માટે જ આ ઉપાય પ્રચલિત છે. રાત્રિના તો અંબોડો છોડી જ નાંખવો જોઈએ. સૂતી વખતે કદાચ એમ કરવું ન ફાવે તો વાળને બે લટમાં ગૂંથી મસ્તક ખુલ્લું રાખવું. આવી રીતે સૂવાથી વાળમાં તાજી હવા પ્રવેશશે અને એનાથી વાળ મજબુત બનશે.

### આંગ્લ મહિલાઓના વાળ.

આંગ્લ મહિલાઓની વાળ હોળવાની રીત જરા વિચિત્ર છે. તેઓ આપણા દેશની સ્ત્રીઓની જેમ વાળમાં તેલ નાંખતી નથી. આથી તેમના વાળ લુખ્ખા અને શુષ્ક હોય છે. વળી વાળને તેઓ ઉપસાવીને હોળે છે. ગુચ્છાઓ પાડવાનો, ચઢ–ઉતર થાય તેમ વાળને હોળવાનો પણ તેમનામાં રીવાજ છે.

### બંગાળી, મહરાષ્ટ્રીય, મદ્રાસી અને ગુજરાતી સ્ત્રીઓની કેશ–રચના.

બંગાળી મહિલાઓ વાળની સજાવટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે. તેમની વાળ હોળવાની રીત સાદી છતાં અનોખી હોય છે. તેમના વાળ હોળવાની ઢબનું અનુકરણ બીજા સમાજોમાં પણ થવા લાગ્યું છે. મહારાષ્ટ્રની, મદ્રાસની બહેનો વાળની સજાવટમાં પણ સારી યોગ્યતા બતાવે છે. તેમની વાળ હોળવાની રીતમાં પણ આકર્ષણ હોય છે. મહારાષ્ટ્રીય મહિલાઓ સાદી અને સુંદર રીતે પોતાની કેશ રચના કરે છે. ગુજરાતી બહેનોની વાળ હોળવાની પદ્ધતિમાં મદ્રાસી, બંગાળી, પારસી, ઈરાની અને મહારાષ્ટ્રીય તત્વોનો શંભુમેળો હોય છે. આથી જ તેમની કેશ-રચના મોહક અને વિવિધ પ્રકારની હોય છે. આપણા શ્રીમન્ત અને મધ્યમવર્ગની બહેનોની કેશ–

રચના નિહાળો તો આ વાતની તમને ખાત્રી થશે. પારસી, કાશ્મીરી અને ક્રિશ્ચિયન બહેનો પણ પોતાની કેશ-રચના સુંદર રીતે કરે છે. આ જાતિની કન્યાઓ પોતાના વાળની બે લટ બનાવી તેને છૂટી છૂટી ગૂંથે છે અને પછી રેશમી રીબન કે વસ્ત્ર છેડા પર બાંધી દે છે. આવી રીતની વાળ ગૂંથવાની પ્રથાનો પ્રચાર આપણી ગુજરાતી બહેનોમાં તથા મહારાષ્ટ્રીય બહેનોમાં પણ હવે થવા લાગ્યો છે. આ પ્રકારની વાળ હોળવાની ઢબનું આદિ સ્થાન કાશ્મીર તથા ઈરાન છે એ અહીં જાણવું જરૂરનું છે.

કેશ-ગૂંફનને આકર્ષક બનાવવા માટે હાલ જે સાધનો પ્રચલિત છે તેની અહીં નીચે ઝાંખી કરાવવામાં આવી છે.



વાંકા સેંથામાં પણ ઘણી સ્ત્રીઓ સુંદર દેખાય છે.

### વાળનો સેંથો

વાળની સજાવટમાં સેંથો પણ મહત્વનો ભાગ ભજવે છે. પહેલાની સ્ત્રીઓ પોતાનો સેંથો સીધો જ પાડતી. તેમનો આ સેંથો વાળની બરાબર વચ્ચેથી પડતો અને તે સીધો પાછળ જતો. હવે એ પ્રથા નાબુદ થતી ચાલી છે અને તેનું સ્થાન વિવિધ પ્રકારના સેંથાએ લીધું છે. ઘણીખરી બહેનો વાંકો સેંથો જ પાડવાનું પસંદ કરે છે. કેટલીક બહેનો તો ત્રાંસો સેંથો પણ પાડે છે. વાંકો સેંથો ખરાબ લાગતો નથી પરન્તુ બધી

સ્ત્રીઓના ચહેરા પર તે સારો લાગતો નથી. ઘણી સ્ત્રીઓ સીધા સેંથામાં જ દોરી ઓડે છે જ્યારે કેટલીકોને વાંકો સેંથો જ શોભી ઓડે છે. ચહેરાની સાથે જે સેંથો અનુકૂળ જણાતો હોય તે સેંથો પાડવો જોઇએ.

## સૌભાગ્યસૂચક સિંદૂર.

સેંથામાં સિંદૂર પૂરવાની પ્રથા ખાસ કરીને બંગાળી બહેનોમાં જ જોવામાં આવે છે. ઉત્તર હિન્દુસ્તાનની કેટલીક બહેનોએ પણ એ પ્રથા અપનાવી છે. સિંદૂર એ સૌભાગ્યસૂચક મનાયું છે અને સધવા સ્ત્રીઓ જ તેનો ઉપયોગ કરે છે. બંગાળી બહેનોનું જોઈને આપણી ગુજરાતી બહેનોએ પણ તેને એક ફેશનના રૂપમાં અપનાવી છે. સિંદૂર લગાવવાની રીત પણ જાણવી જરૂરની છે. ઘણી બહેનો સંથો સિંદૂરના થરથી ભરી દે છે. કેટલીક બહેનો તો સિંદૂરમાં ઘી લગાવી સેંથામાં તેનું થડ કરે છે. ઘણી સ્ત્રીઓ આખા કપાળની ઉપરના ભાગમાં જ લગાવે છે. આ તો પસંદગીની વાત છે. સિંદૂરનું જાડું થર કરવા કરતાં પાતળું અને આછું થડ જ સુંદર અને સુશોભિત લાગે છે.

## હેરપિન-ક્લીપ-સોયા આદિનો ઉપયોગ.

અંબોડો બરાબર બંધાય અને તે છૂટી ન જાય તે માટે હેરપિન, ક્લીપ આદિનો ઉપયોગ પ્રચલિત છે. પરન્તુ હાલમાં તેનો પ્રચાર ફેશનના રૂપમાં ફેલાયલો છે. ઘણી ગુજરાતી બહેનો પોતાના અંબોડામાં પીન, ક્લીપ, સોના-ચાંદીના ફુલ કે ચાંપો ખોસે છે. શિક્ષિત અને શ્રીમન્ત બહેનોમાં આ પ્રચાર સાધારણ છે. તેઓ પોતાના અંબોડાને કલાત્મક રીતે ગૂંથે છે અને માત્ર થોડીકજ પીનો લગાવે છે. પરન્તુ જે બહેનો ગામડાઓમાંથી આવેલી છે, જેઓ મધ્યમ અને ગરીબ વર્ગની છે અને દેખાદેખીથી જેઓ એનો ઉપયોગ કરે છે. તેઓમાં પીનોનો પ્રચાર અતિઘણો માલમ પડે છે. પીનો અને ક્લીપોથી ભરેલું

માથું બેડોળ લાગે છે. ઉપરાંત તેનાથી વાળનું સૌન્દર્ય પણ નષ્ટ થઈ જાય છે અને કેટલીક વખતે તો વાળને ઘસારો પડી જતાં તે તૂટી જવા માંડે છે.

પીનો તથા ક્લીપો બજારમાં અનેક પ્રકારની મળે છે. નાની-મોટી, રંગબેરંગી, તમે માંગો તેવી પીનો તમને મળી શકશે. પીનોની પસંદગીમાં ખાસ ધ્યાન એ રાખવું કે તે વાળમાં સહેલાઈથી ચાલી જાય અને તેની ધાર વાગે નહિ એવી પીનો જ વાપરવી જોઈએ.

**અંબોડા ગૂંથવાની કલા.**

ઘણી બહેનોને ફેશનમય થવાનું ગમે છે. જ્યારે ઘણી બહેનો તેને ધિક્કારે છે પણ ખરી. જેઓએ ફેશનને આવકારી નથી તેવી બહેનો પોતાનો અંબોડો સાદી રીતે ગૂંથે છે. કેટલીક બહેનો વાળ કાનો ઉપરથી લઈ પાછળની બાજુથી ઢીલો અંબોડો બાંધે છે. કાનો આખા ઢાંકી દેવાની રીત સારી નથી. અર્ધા કાન ઢંકાય એવી રીતે અંબોડો વાળ્યો હોય તો તે વધુ આકર્ષક લાગે છે. કેટલીક સ્ત્રીઓ વાંકો સેંથો પાડી અંબોડો એવી રીતે ઝુલતો રાખે છે કે જેથી તે ગરદન પર પણ પડે. આવી રીતની ફેશન સુધરેલી કન્યાઓમાં અને યુવતીઓમાં સારા



ભરાવદાર વાળવાળો અંબોડો ગોળ ગૂંથી તેને સહેજ નમતો બાંધ્યો હોય અને તેમાં ફુલ મૂક્યા હોય તો તે સુન્દર શોભા આપે છે

પ્રકારમાં જોવામાં આવે છે. કેશકલાપને ઢીલો બાંધી તેને સુંદર રીતે ગૂંથી પછી અર્ધચન્દ્રકારે વેણી પહેરી ખુલ્લે ફરવાની ફેશન પણ આજની સુધરેલી સુંદરીઓમાં પ્રચલિત છે.

કેટલીક સ્ત્રીઓ પોતાના વાળની લટોને ગાલ પર રમતી મૂકવાનું પસંદ કરે છે તો કેટલીક બહેનો વાળને ઉપસાવેલી ઢબે હોળે છે. આવી રીતે વાળ હોળવાની ઢબ સૌની પસંદગી પર આધાર રાખે છે પરન્તુ ચહેરાને શોભે એવી રીતે વાળ જો હોળ્યા હોય તો તે અધિક સુન્દર રીતે પ્રકાશી ઊઠે છે અને સ્ત્રીનું સૌન્દર્ય પણ ખીલી ઊઠે છે.

## ચિત્ર-વિચિત્ર પ્રકારની કેશ-રચના.

અંબોડો બાંધવામાં પણ કલા છે. દરેક દેશોની સ્ત્રીઓ અંબોડો બાંધે છે. પરન્તુ એના પ્રકાર વિવિધ અને ચિત્ર-વિચિત્ર આવે છે. આફ્રિકાની અસભ્ય જાતિની સ્ત્રીઓ શિરની ઉપર કુંડાળાકાર વેણી બાંધે છે અને પછી તેને ચરબી લગાવી સખ્ત બનાવે છે, અને બાદ શાહમૃગના પીંછાથી શણગારે છે. ઓસ્ટ્રેલીયાની એક અસભ્ય જાતિની સ્ત્રીઓ પોતાના કેશ-પાશને ૧૦૦ ગુચ્છામાં વિભક્ત કરી તેને ગૂંથે છે. અમેરિકામાં વસતી ડાકોટા નામની અસભ્ય જાતિની સ્ત્રીઓ શિરના અગ્રભાગથી પાછળના ભાગ સુધી સેંથો કાઢે છે અને એમાં સિંદૂરની જેમ લાલ રંગ લગાવે છે. ઇશાનની કુમારિકાની વેણી એ એનો સર્વશ્રેષ્ઠ શણગાર છે.

## રોમન-ગ્રીક અને યાહુદી રમણીઓની કેશ-સજ્જા.

રોમન રમણીઓ મસ્તક ઉપર મોટા હેરપીન રાખીને ખૂબ ઊંચા અંબોડા બાંધતી હતી. કેશ-ગૂંફનમાં નિષ્ણાત દાસીઓ જ્યારે આ પ્રકારે તેમની કેશ સજ્જા કરતી ત્યારે તેઓ દર્પણમાં પોતાની સુંદર વાળ-રચના જોઈ આનંદિત બનતી હતી. ગ્રીક સુંદરીઓ કુંચિતાકાર કેશ સજાવીને એમાં સુવર્ણાલંકાર પરોવતી હતી. યાહુદી

રમણીઓ અંબોડાની સૌન્દર્ય-વૃદ્ધિને માટે મણિ-મુક્તા, પુષ્પ અને કોડીઓનો ઉપયોગ કરતી હતી. બીજી શતાબ્દીમાં તો ઈસાઈ સ્ત્રીઓ ઈસ્ત્રી દ્વારા કેશને પાલીશ પણ કરતી હતી.

બંગાળી, મરાઠી, ગુજરાતી, મદ્રાસી આદિ પ્રાન્તોની સ્ત્રીઓ વાળોના અંબોડા જ બાંધે છે. પારસી અને ખ્રિસ્તી સ્ત્રીઓ પણ અંબોડાને જ પસંદગી આપે છે.

અંબોડા વાળને ગૂંથ્યા વગર તથા ગૂંથીને પણ બાંધી શકાય છે. વાળની લટોને સુંદર રીતે ગૂંથી તેનો અંબોડો વાળ્યો હોય તો તે વધુ કલાત્મક અને સુંદર લાગે છે. આવી રીતે ચાર લટ, ત્રણ લટ અને બે લટ ગૂંથીને પણ અંબોડા બાંધી શકાય છે. ઘણી બહેનો અંબોડો ઉંચો બાંધે છે. આ પ્રથા હાલમાં જુની અને અસંસ્કારી લાગે છે. બહુ ઊંચો તથા બહુ નીચો નહિ એવો અંબોડો સુન્દર અને સુશોભિત લાગે છે. બંગાળી બહેનોની અંબોડા વાળ-વાની ઢબ આપણી પ્રશંસા માગી લે છે.



ફેશન તરીકે ઉઘાડું માથું રાખવામાં આવે તે ઠીક છે. પરન્તુ ઘરના વડીલ વર્ગ આગળ તથા અજાણ્યા પુરુષો આગળ ઉઘાડું માથું રાખી વાત કરવામા જરાય શોભા નથી.

## ઉઘાડું માથું

ઉઘાડે માથે ફરવાનો ચેપ અતિ પ્રમાણમાં વધી ગયો છે. આપણી ઘણી બહેનો માથું ઓઢવાનું ભૂલી ગઈ છે અને ગમે તેવા પ્રસંગોમાં ઉઘાડું જ માથું રાખે છે. આ રીત ખોટી છે, જેથી

અસભ્યપણું અને નિર્લજ્જતા પ્રકટ થાય છે. કોઈ ખાસ પ્રસંગોમાં માથાને ખુલ્લું રાખવામાં આવે તો તેમાં કંઈ ખોટું નથી.

### ઉઘાડું માથું અને લજ્જા

એક ફેશન તરીકે ઉઘાડે માથે ફરવાનું પસંદ કરવામાં આવે તે એક જુદી વાત છે પરન્તુ જ્યારે આપણો વડીલ વર્ગ હાજર હોય, કોઈ મુરબ્બી કે અજાણ્યા પુરુષની સમક્ષ ઊભા રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે સ્ત્રીમાં લજ્જા જરૂર પ્રકટ થવી જ જોઈએ. અને આવે સમયે માથું ઓઢેલું રાખવામાં આવે તોજ તે સ્ત્રીની શોભા છે. લજ્જાને પણ સ્ત્રીના સૌન્દર્યનું એક અંગ ગણવામાં આવ્યું છે. સ્ત્રીમાં લજ્જા હોવીજ જોઈએ. જેનામાં લજ્જા નથી તે સ્ત્રી ગુણસુન્દરી નથી જ.



# વેણીનું સૌન્દર્ય

## સુગંધી પુષ્પોની વેણી

અંબોડામાં સુગંધી પુષ્પોની વેણી પહેરવાનો રીવાજ આપણી ગુજરાતી બહેનોમાં, બંગાળીઓમાં, મહારાષ્ટ્રીયોમાં તથા મદ્રાસી બહેનોમાં મુખ્યપણે પ્રચલિત છે. વેણી એ સૌન્દર્યદર્શક આભૂષણ છે. એનાથી સ્ત્રીનું રૂપ ખીલી ઊઠે છે. વેણીના સૌન્દર્ય પર અનેક કવિઓએ, તત્વજ્ઞાનીઓએ અને ફિલ્સુફોએ પોતાની વાણી અને કલમ ચલાવી છે. એના રૂપ-માધુર્ય દર્શાવતા વર્ણનો અનેક ગ્રંથોમાં મોજુદ છે.



વેણીની રચનામાં તલ્લીન બનેલી યુવતી

## વેણીની પ્રાચીનતા

વેણી- પહેરવાની પ્રથા આજકાલની નથી. રામાયણ-મહાભારત અને પ્રાચીન સમયમાં પણ વેણીનો પ્રચાર હતો. તે સમયની વેણીઓ આજની વેણીઓના મુકાબલામાં અનેક ઘણી ચઢીયાતી હતી. એમાં સોના-રૂપાના પાન તથા ફુલો મુકાતા, સુગંધિ અને દેવોને પણ દુર્લભ એવા પુષ્પોથી એને સજવામાં આવતી. એમાં મોંઘા સુગંધિ દ્રવ્યો નાંખવામાં આવતા અને આવી વેણીઓ જ્યારે પહેરવામાં આવતી ત્યારે તેની સુવાસ દૂર સુધી વ્યાપી રહેતી.

ગુપ્ત સામ્રાજ્ય, મગધ અને બુદ્ધના સમયમાં પણ વેણીઓની પ્રથા મોજુદ હતી. લિચ્છવીઓ અને મૌર્યોના સમયમાં વેણીની વિવિધતા અનેક પ્રકારની વધી જવા પામી હતી. વાત્સ્યાયન કામસૂત્રમાં પણ વેણીના સૌન્દર્યને એક અનોખા સૌન્દર્ય તરીકે વર્ણવી તેની પ્રશંસા કરી છે. અજંટાની કલાકૃતિઓમાં પણ વેણીના અનેક પ્રકારો આપણને મળી આવે છે. કમળવેણી, કેશવેણી, ત્રિકોણાકારવેણી, ચતુષ્ટકોણવેણી, ગુલાબવેણી, ચંપકવેણી, લતાવેણી, જુઈવેણી, સર્પવેણી, સૂર્ય અને ચન્દ્રવેણી, તારકવેણી, આદિ અનેક જાતની વેણીઓ પ્રાચીન સમયમાં પ્રચલિત હતી.

## ગુજરાતી બહેનોની વેણી રચના



વેણીનો એક સુંદર પ્રકાર

બંગ નારીઓ કેશ શૃંગારમાં ચઢી જાય છે. તેમની વેણી બાંધવાની રચના પણ સુંદર અને પુષ્પોની પસંદગી પણ કલાત્મક હોય છે. આપણી ગુર્જર નારીની વેણી બાંધવાની રીત સાદી અને સરળ છે. તોપણ તેમાંય હવે અનેક ફેરફારો થતા રહ્યા છે. શિક્ષણ પામેલી નારીઓ તથા શ્રીમન્ત વર્ગની સુધરેલ સ્ત્રીઓ વેણીને અર્ધચન્દ્રાકારે બાંધી તેને ગરદન તરફ નમેલી રાખે છે. પુષ્પોમાં જાઈ, સાહેલી, તથા સુગંધિદાર સફેદ ફુલોને જ તેઓ ખાસ પસંદગી આપે છે. ઘણા શેવંતીની વેણીઓ પણ પહેરે છે. પણ મુખ્ય પસંદગી તો સફેદ પુષ્પો અને વચ્ચે નારંગી રંગના પુષ્પોવાળી વેણીને જ મળે છે.

ગુજરાતી બહેનોની વેણી રચનામાં અનેક પ્રાન્તોની વેણી રચનાનું મિશ્રણ છે. બંગાળી, મહારાષ્ટ્રીય અને મદ્રાસી મહિલાઓની

એમાં સ્પષ્ટ અસર માલમ પડી આવે છે. શંખાકાર અંબોડો ગૂંથી તેમાં સફેદ વેણી પહેરવી એ એક ખાસ ફેશન થઈ પડી છે. કેટલીક બહેનો વાળની લટોને ગૂંથી તેનો ગોળ અંબોડો વાળી પછી વેણી પહેરે છે. આ પ્રથા એકદમ નવિન તો નથી જ. એના કરતાં સહેજ ઢીલો અંબોડો વાળી નમતી વેણી પહેરી હોય તો તે સુંદર શોભી ઊઠે છે; એટલું જ નહિ પરન્તુ તેથી રૂપ પણ ખીલી ઊઠે છે. ગોળ-ઊભો અંબોડો વાળી વેણી પહેરવાની પ્રથા જુના વિચારવાળી સ્ત્રીઓમાં હજુ આજે પણ મોજુદ છે. આવી રીતની વેણી રચના સ્ત્રીને જોઈએ તેટલી શોભા આપી શકતી નથી.

છૂટા કેશોને લટોમાં ગૂંથી પછી વેણી પહેરવાની રીત પણ એક ફેશનના રૂપમાં પ્રચલિત બની ગઈ છે. આવી રીતની વેણી રચના સુંદર લાગે છે, ફેશનપ્રિય, સુધરેલી અને તરૂણી સ્ત્રીઓ આવી જ રીતે વેણી પહેરવાનું પસંદ કરે છે. કેટલીક સ્ત્રીઓ તો બે વેણી પણ પહેરે છે.

વાળ વધુ હોય તો અંબોડો સારો અને ભરાવદાર લાગે છે. આવા અંબોડા પર ગમે તેવા પુષ્પોની પણ વેણી પહેરી હોય તો તે એકદમ દીપી ઊઠે છે. બે-ત્રણ ગાંઠવાળી સાદી રીતે પણ અંબોડો ગૂંથ્યો હોય તો તે પણ આકર્ષક લાગે છે ઘણી સ્ત્રીઓ બે લટવાળા ચોટલામાં બે અલગ-અલગ વેણીઓ પણ પહેરે છે. પરન્તુ આ ઠીક લાગતું નથી. વેણીને બદલે ત્રણેક ફુલોનું ગુચ્છ યા તો એક એક ફુલ બન્ને બાજુ બાંધ્યું હોય તો તે વેણીના કરતાં પણ અધિક સુંદર લાગે છે. પણ આ તો સૌ સૌની પસંદગીની વાત છે.

કેટલીક પારસી બહેનો બે બાજુએ બે અંબોડા પણ ગૂંથે છે. એમનું જોઈને આપણી ગુજરાતી તથા ખોજા બહેનો પણ તેવા પ્રકારના અંબોડા ગૂંથે છે. આવા અંબોડા પર પણ વેણી બાંધી શકાય છે અને તે સુંદર લાગે છે.

# વેણી-ગૂંથનના-પ્રાચીન પ્રકારો



ગુપ્ત વંશના સમયની કેશરચનામાં અનેક પ્રકારનું વૈવિધ્ય જોવામાં આવે છે.



શિરના મધ્યભાગમાં દામણી, મસ્તકમાં કમાનદાર વેણી અને નમતો વિશાળ અંબોડો એ પ્રાચીન સમયની એક કલાયુક્ત ફેશન હતી.



દામણીની જગ્યાએ સર્પની ફેણના જેવું સુશોભન મૂકી, છૂટા વાળ રાખી તેના ઉપર કમાનદાર વેણી પહેરવાનો રીવાજ પણ આગળ હતો.

# વેણી-ગૂંથનના-પ્રાચીન પ્રકારો



મસ્તકની વચ્ચે અલંકાર પહેરી, ઊભો અંબોડો ગૂંથી તેમાં વેણી તથા કમળપુષ્પ સાથેની એક રાજવંશી રમણી.



કમાનદાર વેણી એ પ્રાચીન સમયની એક ખાસ ફેશન હતી. આ વેણીમાં પુષ્પો ઉપરાંત સુવર્ણ અલંકારો તથા મોતીઓ પણ પરોવાતા.



કમાનદાર વેણીનો બીજો પ્રકાર. શિર ઉપરના અલંકારો તથા ઢીલા નમતા અંબોડા સાથેની રમણી.

# વેણી-ગૂથનના-પ્રાચીન પ્રકારો



કમાનદાર વેણીનો ત્રીજો પ્રકાર. આ અંબોડાની રચના બીજા બે પ્રકારોથી જરા જુદી જણાય છે.



પુષ્પો-પાન વગેરેથી ગૂથાયલી પ્રાચીન ઢબની વેણી-રચનાનો પ્રકાર.



વેલાઓને વ્યવસ્થિત કાપીને તેની જ વેણી પહેરવામાં આવી હોય તો તે પણ સુંદર લાગે છે.

# વેણી-ગૂંથનના-પ્રાચીન પ્રકારો



વેણીની રચનાનો એક નવોજ પ્રકાર



કમાનદાર વેણી તથા શિર ઉપરના અલંકાર સાથે ગૂંથવામાં આવેલા અંબોડાનો એક પ્રકાર.



કમાનવાળી વેણીનો એક પ્રકાર. આ ચિત્રમાં વાળ છૂટા મૂકેલા જણાય છે.

# વેણી-ગૂંથનના-પ્રાચીન પ્રકારો



પુષ્પોની ત્રણ-ચાર હારવાળી ગૂથેલી વેણી. મૌર્યવંશની રમણીઓમાં આ પ્રકાર સાધારણ હતો.



કમળનાં પાંખડીઓને ગૂથી તેની વેણી પહેરવાની ફેશન પ્રાચીન સમયમાં ખાસ પ્રમાણમાં હતી.



પુષ્પોની સાથે પાંદડાઓને ગૂથી તેની વેણી પહેરવામાં પણ સ્ત્રી એક શોભા સમજતી હતી.

# વેણી-ગૂંથનના-પ્રાચીન પ્રકારો



ઊભી કમાનદાર વેણી અને શિર ઉપરના
એક સુશોભન સાથેની પ્રાચીન રમણી.



કમાનદાર વેણી રચનામાં ગૌરવ
લેતી પ્રાચીન કાળની રાજવંશી
યુવતી.



જાડી અર્ધ કમાનદાર વેણી, કાનમા
મોટાં ગોળ કુંડળ અને મસ્તક
આગળ સુશોભન આ વેણી-રચના
પણ સુંદર નથી લાગતી ?


# વેણી-ગૂંથનના-પ્રાચીન પ્રકારો



પુષ્પો અને પાંદડાંઓ સાથેની કલાયુક્ત
કેશ-રચનાનો એક પ્રકાર.



સર્પવેણીનો આ પ્રકાર પ્રાચીન-
કાળની એક સુંદર કેશ-રચનાનો
પરિચય નથી કરાવતો ?



સર્પાકાર અંબોડો કે જેની નકલ
આધુનિક યુવતીઓએ પણ હવે
કરવા માંડી છે.

# વેણી-ગૂંથનનાં



જલેબી ઘાટના અંબોડામાં પહેરેલી
ગુલાબવેણીનો એક નમૂનો.



મોટા ભરાવદાર વાળવાળો છૂટ્ટી ઢબનો અંબોડો. હવે અર્ધા કાન ઢાંકી કેશ હોળવાની પ્રથા સારા પ્રમાણમાં પ્રચલિત થઈ ગઈ છે.



છૂટાં કેશને ગૂંથી તેમાં વેણી પહેરવાની ફેશન શિક્ષિત તરૂણીઓમાં તથા કુમારિકાઓમાં હવે સાધારણ થઈ પડી છે.


# આ ધુ નિ ક પ્ર કા રો



અંબોડાને [illegible] થી તેને ગરદન તરફ ઝુકાવી તેમાં વેણી પહેરવામાં આવી છે. આ પણ એક છેલ્લો પ્રકાર છે.



સર્પના ગૂંછળા જેમ અંબોડાની રચના કરી તેમાં મોટા પ્રકારની પુષ્પવેણી ગોઠવેલી છે. આ પ્રકાર પ્રાચીન ઢબને મળતો આવે છે.



સર્પના ગૂંછળા જેવી વેણી રચનાનો બીજો પ્રકાર. આ પ્રકાર પણ સુંદર અને કલાયુક્ત લાગે છે.

# કેશ-ગૂંફનના વિવિધ પ્રકારો

[ પુસ્તકના અન્તમાં આસપાસમાં આપેલાં શ્રી ભાનુસ્માર્તના ત્રિરંગી ચિત્રની સમજ ]

કેશ-ગૂંફન અને વેણી-રચનાના જે વિવિધ પ્રકારો હાલમાં પ્રચલિત બન્યા છે અને જેને 'સુધરેલી ફેશન' તરીકે પિછાનવામાં આવે છે તેના કેટલાક અર્વાચીન ઢબના નમૂનાઓ આ પુસ્તકના અન્ત ભાગમાં આપેલા 'કૉન્સર્ટ અને પ્રેક્ષકો' નામના ચિત્રમાં દર્શાવવામાં આવ્યા છે. આ સુંદર ત્રિરંગી ચિત્ર જાણીતા યુવાન ચિત્રકાર શ્રી ભાનુ સ્માર્તની પીંછીથી અંકિત થયેલું છે.

એ ચિત્રમાં અંબોડાના પ્રકારો ઉપરાંત વેણી-ગૂંથન તથા બુરખાની ફેશનને લગતાં નમૂનાઓ પણ છે. ચિત્રકારે એ ચિત્રમાં આજની સાધારણ યુવતીથી માંડીને તે શ્રીમન્ત સુધરેલી અને સંસ્કારી ફેશનપ્રિય યુવતીની કેશરચનાના વિવિધ પ્રકારો દાખવ્યા છે.

ચિત્રની ઉપરથી ગણતાં (**ચોથી**) છેલ્લી હારમાં કેશ-ગૂંફનનાં બે પ્રકારો છે. એમાંનો પહેલો પ્રકાર (ડાબી બાજુએથી લેતાં) બૌદ્ધયુગની સુન્દરીઓનાં પ્રકાર સાથે મળતો આવે છે. એ સમયની નારીઓ પોતાનો કેશકલાપ ત્રણ ગાંઠોવાળી ગૂંથતી પરન્તુ અંબોડો જરા ઊંચો અને ઊભો જ રાખવામાં આવતો હતો. ચિત્રમાં જે પ્રકાર છે તે પણ ત્રણ ગાંઠોમાં જ છે. પહેલાં મોટા વર્તુલમાં અંબોડો લઈ પછી તેનાથી સહેજ નાની બીજી ગાંઠવાળી તેને ગરદન તરફ નમતી ઝુકાવી દીધેલી જણાય છે. ગૂંથેલા અંબોડામાં ફુલનો ગુચ્છો તથા આભૂષણ એમ બન્ને ગોઠવેલા છે. બીજો પ્રકાર સાદી પણ પ્રચલિત ફેશનનો એક નમૂનો છે. વાળને બરાબર હોળી પછી કેશનો ઢીલો મોટો અંબોડો વાળી તેને નમતો મૂકેલો છે. આવા અંબોડામાં

ફુલ ખોસ્યું હોય તો અધિક સુંદર લાગે છે. જેના વાળ મોટા હોય તેમને જ આવો અંબોડો સારો લાગે છે. પરન્તુ આ રચના માટે વાળમાં તેલ ઠીક રીતે નાંખવું પડે છે.

ચિત્રની **ત્રીજી** હારમાં ચાર સ્ત્રીઓની કેશરચના તથા વેણીના પ્રકારો બતાવવામાં આવ્યા છે. ડાબી બાજુએથી ગણતાં પહેલા પ્રકારમાં જાપાની ઢબનું અનુકરણ જણાઈ આવે છે. જાપાની તથા ચીની સુન્દરીઓની કેશરચના આવા જ પ્રકારને મળતી હોય છે. બે કે ત્રણ વર્તુળમાં અંબોડાને ગૂંથી વચ્ચેના ભાગમાં ચાક કે ગોળ ફુલ બરાબર આવી રીતે ગોઠવવામાં આવ્યું હોય તો તે સુંદર લાગે છે. બીજા પ્રકારમાં ગૂંથેલો છૂટો સર્પાકાર કેશકલાપ છે. અને તેની વચ્ચે બેવડી વેણી બાંધેલી છે. આ રચનામાં કેશ લાંબા હોવા જરૂરના છે. વાળ લાંબા અને ભરાવદાર હોય તો આ પ્રકારની રચના ખૂબ જ દીપી ઊઠે છે. આ પ્રકાર કુમારિકાઓમાં, શાળા કે કોલેજોમાં ભણતી કિશોરીઓમાં તથા શ્રીમન્ત અને ફેશનપ્રિય યુવતીઓમાં મોટા પ્રમાણમાં પ્રચલિત છે. ત્રીજા પ્રકારમાં અંબોડાને ગોળ ગૂંથીને તેમાં મોટી સુંદર કમાનદાર વેણી મૂકવામાં આવી છે. અંબોડાના મધ્યભાગમાં ઝુમખાવાળો ચાક મૂકવામાં આવ્યો છે. આ રીતની ગૂંથણીમાં વિવિધ પ્રકારના ફેશનવાળા અંબોડાના આભૂષણો પણ ગોઠવી શકાય છે. આ પ્રકાર નવોઢા નારીઓમાં તથા શિક્ષિત શ્રીમન્ત કુટુમ્બોમાં સારા પ્રમાણમાં પ્રચલિત છે. ગામડાના શ્રીમન્તો કે જેઓનો વસવાટ શહેરોમાં થયો છે તેઓના સ્ત્રીવર્ગમાં પણ આ પ્રકાર જોવામાં આવે છે. આ પ્રકારના અંબોડાને સૂર્યવેણીના નામથી પણ ઓળખવામાં આવે છે. ચોથા પ્રકારમાં કેશકલાપને બે-ત્રણ લટોમાં ગૂંથી, ઉપર ફુલ મૂકી એને છૂટો મૂકવામાં આવ્યો છે. આ પ્રકાર બહુ ફેશનમય તથા બહુ સાદો પણ ન ગણી શકાય. જેમને સાદી ફેશન પ્રિય છે તેવી બહેનો બહાર ફરવા-હરવામાં

આવાજ પ્રકારની કેશરચના કરે છે. આ કેશ-રચના મુખ્યત્વે અભ્યાસ કરતી તરૂણીઓમાં વિશેષ પ્રમાણમાં પ્રચલિત છે.

**બીજી** હારમાં સાત સ્ત્રીઓની વિવિધ કેશ-રચનાના પ્રકારો દાખવવામાં આવ્યા છે. ડાબી બાજુએથી લેતાં પહેલા પ્રકારમાં અંબોડાને સહેજ નમતો રાખી એક ઉપર એક એમ ત્રણ-ચાર ગાંઠ વાળી તેની વચ્ચેની બખોલમાં ફૂલ ગોઠવેલું છે. આવી રીતના અંબોડામાં વચ્ચે ગોળ ચાક, સુવર્ણફુલ કે પછી બીજું સુશોભન પણ ગાઠવી શકાય છે. સુધરેલી અને ફેશનને અપનાવનારી યુવતીઓને આવો પ્રકાર ખાસ પસંદ પડે છે. બીજા પ્રકારમાં અંબોડાને માત્ર એજ ગાંઠમાં વાળેલો છે. આ રીત સાદી અને સરળ છે. કેટલીક વખતે સાદાઈમાં પણ ફેશન માલમ પડી આવે છે. આવું જ આ પ્રકારમાં પણ દ્રષ્ટિગોચર થાય છે. એજ હારમાંની ત્રીજી સ્ત્રીએ જરા વધુ ફેશનમય બનવાનો પ્રયત્ન કરી કેશ-રચના ઉપર બારીક મલમલ ઓઢયું છે. આવી રીતે મલમલ-બુરખો ઓઢવાની પ્રથાનું મૂળ યૂરોપ અમેરિકા છે. આ ફેશનના પગરણ ત્યાંથી જ અહીં આવ્યા છે. શ્રીમન્ત પારસી બહેનોમાં આવી રીતે મુખ ઉપર બુરખો નાંખવાની પ્રથા સારા પ્રમાણમા પ્રચલિત બની છે. એમનું જ જોઇને આપણી કેટલીક શ્રીમન્ત અને સંસ્કારી કુટુમ્બની બહેનો પણ આવી રીતે બુરખો ઓઢે છે. આ પ્રકાર એકદમ શ્રીમન્ત વર્ગની યુવતીઓને જ શોભા આપી શકે એમ છે. મધ્યમ વર્ગની તથા સાધારણ વર્ગની બહેનોને તે જરાપણ શોભી શકે એમ નથી. ઘણી બહેનો માત્ર અંબોડા ઉપર જ બારીક કાણું વસ્ત્ર (જાળીઓવાળું) બાંધે છે. આ માટેનો મુખ્ય હેતુ અંબોડાની ગૂંથણી જળવાઈ રહે તે તથા તેમાં ધૂળ ન પ્રવેશે તેજ હોય છે. એને ફેશન પણ ગણવામાં આવી છે. ચોથો પ્રકાર ગોળ ચંદ્ર જેવા આકારનો છે. આ કેશરચના પણ સુંદર અને સાદાઈમાં ભવ્ય દેખાય એવી છે. પંચમા પ્રકારમાં પણ

ગુચ્છો ખોસેલો જણાય છે. એની કેશ રચના સાદી છે. છઠ્ઠા પ્રકારમાં અંબોડો શંખાકારમાં ગૂંથવામાં આવ્યો છે. આવી રીતની ગૂંથણી માટે વાળ મોટા હોવા જરૂરનાં છે. વળી અંબોડાને એકદમ ઢીલો બાંધી ગરદનના મધ્યભાગ સુધી ઝુકાવી દેવામાં આવ્યો છે. આ પ્રકારની કેશરચના પણ ઘણીખરી યુવતીઓમાં જોવામાં આવે છે. સાતમો પ્રકાર સાદો છે. આ પ્રકારની કેશરચના શ્રીમન્ત તથા મધ્યમ દરેક વર્ગની સ્ત્રીઓને એક સરખી શોભા આપી શકે છે. આવા અંબોડા પર વેણી પહેરી હોય તો તે સારી શોભી ઊઠે છે. છુટું ફુલ પણ સરસ લાગે છે.

**પહેલી** હારમાં નવ સ્ત્રીઓને તેમની વિવિધ કેશ-રચનાના પ્રકારોમાં દાખવવામાં આવી છે. ડાબી બાજુએથી ગણતાં પહેલા પ્રકારમાં અંબોડો સર્પની ફેણના જેવો રચી તેના ઉપર ફુલનો ગુચ્છો ખોસવામાં આવ્યો છે. આ પ્રકાર બાલી યુવતીઓની કેશરચનાને મળતો છે. બીજા પ્રકારમાં અંબોડો સહેજ લંબગોળ ગૂંથવામાં આવ્યો છે. આ પ્રકાર સાદો પણ ફેશનમય છે શિક્ષિત યુવતીઓમાં આ પ્રથા સારા પ્રમાણમાં માલુમ પડી આવે છે ચોથો પ્રકાર બીજા પ્રકારને મળતો આવે છે. તફાવત માત્ર એટલો જ છે કે અંબોડાની ગાંઠ મોટી વાળેલી છે. આ પ્રકારમાં પણ વાળ વધુ જોઈએ છે. પાંચમો પ્રકાર વધુ આકર્ષક લાગે છે. એમાં અંબોડો માત્ર બે જ મોટી ગાંઠમાં ગૂંથાયલો છે. એમાં અંદર તથા ઉપર ફુલ તથા સુશોભન પણ મૂકવામાં આવ્યા છે. છઠ્ઠો પ્રકાર સાદો પણ ફેશનથી ઓપતો છે. એમાં પણ અંબોડો ગરદન તરફ ઝુકેલો રાખવામાં આવેલો છે. સાતમો પ્રકાર જરા નવિન પણ કેશરચના માટે મુશ્કેલ છે. આ પ્રકારમાં કેશના ત્રણ ભાગ પાડી પછી તેમાં પીનો મૂકવામાં આવી છે આ પ્રકારની કેશરચનામાં દરેક ભાગની વચમાં ચાક, સુશોભન મૂકવામાં આવે તો તેની શોભા વધુ દીપો

ઊઠે છે. આઠમો પ્રકાર બૉબ્ડહેરનો છે. બૉબ્ડહેરની પ્રથા એ પશ્ચિમનું ચોકખું અનુકરણ છે. બૉબ્ડહેરની પ્રથાએ પણ આપણા સભ્ય ગણાતા ઘરોમાં ધીરેધીરે પ્રવેશ કરવા માંડયો છે. ઘણી ગુજરાતી બહેનો વાળ હોળવાની માથાકૂટમાંથી બચવાને માટે વાળને ટૂંકાવી નાખે છે. આ પ્રથા કોઈપણ પ્રકારે આવકારદાયક નથી જ. છતાં જેમને ફેશનમાં રહેવું છે, વાળ કપાવાથી સુધરેલાઓમાં મોટો દરજ્જો મેળવવો છે; તેવાઓ ભલે એનું અનુકરણ કરે પરન્તુ એનું અનુકરણ કોઈ બીજાઓએ ભૂલેચૂકે પણ કરવા જેવું નથી. પારસી બહેનોમાં પશ્ચિમના વાતાવરણને લઈને આ પ્રથાનો પ્રચાર સારા પ્રમાણમાં જોવામાં આવે છે. બૉબ્ડહેરની ઉપર પણ ટૂંકો બુરખો પહેરવામાં આવે છે. નવમાં અને છેલ્લા પ્રકારમાં કેશકલાપ ગૂંથીને છૂટો રાખવામાં આવ્યો છે. અને એના ઉપર બારીક વસ્ત્ર મૂકવામાં આવેલું છે. આ પ્રથા કાશ્મીરી તથા પંજાબી લલનાઓમાં સારા પ્રમાણમાં જોવામાં આવે છે

અંબોડાની રચના અનેક પ્રકારની આવે છે જેને જેવો અંબોડો માફક આવે તેવો જ વાળે કેશરચનામાં નવિનતા તથા સુધારો કરવો આવશ્યક છે પરન્તુ તે સુધારો તથા નવિનતા એવા હોવા જોઈએ કે જે કરનારને દીપી ઊઠે તથા તેના દરજ્જાને, તેની સ્થિતિને તે અનુરૂપ લાગે. સ્થિતિ, દરજ્જાને અનુરૂપ જ કેશ-રચના કરવી આવશ્યક છે; નહિ તો તેમાં આછકલાપણું, અભિમાન તથા કુરૂપતા આવી જવાની સંભાવના રહેલી છે.

# સૌભાગ્ય ચાંલ્લો

## ચાંલ્લાનો શૃંગાર

પ્રાચીન કાળમાં સ્ત્રીઓ મસ્તક પર કેશર, કુંકુમ, કસ્તૂરી ચંદન આદિ લગાવી શૃંગાર કરતી હતી. સ્વાસ્થ્ય અને શોભાની દ્રષ્ટિએ આ યોગ્ય ગણાતું હતું. આજે ભિન્ન ભિન્ન સ્થળોમાં જુદા જુદા રિવાજ નજરે પડે છે, અને એને લઈને ત્યાંની શૃંગાર સામગ્રી વખણાય છે પણ ખરી દાખલા તરીકે કાશીની ટિકલી, ગ્વાલિયર અને ઉજ્જેનનું કંકુ, બનારસનું ઈંગુર (આ બહુ ચળકતું અને ગુલનાર રંગના પાવડર જેવું આવે છે.) અને લખનૌનું ફિતના. (એ એક સુગંધિત અને ચિકણો પદાર્થ છે. ઈંગુર, કંકુઆદિની નીચે એને લગાવવામાં આવે છે. ફિતના દરેક અત્તરનું બને છે. એનો પ્રયોગ મોસમની અનુસાર કરવામાં આવે છે.) પરન્તુ આ પ્રયોગો હવે માત્ર ગ્રામ્ય સૌન્દર્ય અને શૃંગાર તરીકે જ રહેવા પામ્યા છે. સભ્ય અને શિક્ષિત મહિલાઓ એનો પ્રયોગ કરતાં અચકાય છે. હવે તો ભૃકુટિઓની મધ્યમાં લાલ ચાંલ્લો જ સુન્દર શોભામય સમજવામાં આવે છે. કલા અને સૌન્દર્યની દ્રષ્ટિથી ચાંલ્લો માથાની વચ્ચોવચ-જ્યાં બન્ને ભમરો મળે છે તે સ્થાન પર મધ્યમાં કરવામાં આવ્યો



નાના મધ્યમ કદના ચાલ્લામાં બંગાળી યુવતી

હોય તો તે વધુ દીપી ઊઠે છે. સંસ્કારી, કલાપ્રિય બહેનો આવો જ ચાંલ્લો પસંદ કરે છે.

## ચાંલ્લાનું ઐતિહાસિક મહત્વ

ઐતિહાસિક શોધખોળોથી જ્ઞાન થયું છે કે ચાંલ્લો કરવાની પ્રથા દ્રાવિડ કાળથી ચાલી આવી છે. મંત્ર-તંત્રમાં નિષ્ણાત એવી જાતિઓમાં ચાંલ્લાને શક્તિ અને પવિત્રતાના ફળ સ્વરૂપ ગણવામાં આવ્યો છે. સંથાલ લોકો એને સિંદૂર દાનના નામથી પિછાને છે.

## ચાંલ્લામાં વશીકરણ છે

ખરી રીતે ચાંલ્લામાં એક મોટું રહસ્ય છૂપાયું છે. મેસ્મેરિઝમમાં કેટલી શક્તિ અને કેટલું આકર્ષણ-બળ હોય છે તે દરેક જાણે છે. એનાથી મનની એકાગ્રતા અને પ્રયોગની શક્તિ વધારવાનો અભ્યાસ એક નકશાની સહાયથી કરવામાં આવે છે આ નકશા પર લાલ રંગનું એક બિન્દુ કરવામાં આવે છે. એની તરફ લાગલગાટ એક દૃષ્ટિથી જોવામાં આવે તો સમય જતાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એમ પણ કહેવામાં આવે છે કે પ્રાચીન સમયમાં જાદુગરો કોઈને વશ કરવા માટે પોતાના કપાળ પર કંકુનું એક ગોળ બિન્દુ કરતાં, અને લાગલગાટ સામા માણસની તરફ જોઈ રહેતાં. પરિણામ એ આવતું કે તે માણસ તેમને વશ બની જતો.

## ચાંલ્લાનો વૈજ્ઞાનિક પ્રભાવ

માલમ પડે છે કે આર્યોએ ચાંલ્લો કરવાની પ્રથાને 'એક પંથ, બે કાજ'નું રૂપ આપ્યું છે. કારણ જ્યાં સ્ત્રીના મસ્તક પરનો ચાંલ્લો પુરુષ પર વશીકરણનું કાર્ય કરે છે, ત્યાં તે પુરુષને એકાગ્ર ચિત્ત, શક્તિશાળી અને મનસ્વી પણ બનાવી શકે છે. કહેવાનું તાત્પર્ય એ કે ચાંલ્લો પારિવારિક અને આધ્યાત્મિક એમ બન્ને

સાધનોથી યુક્ત બને છે. એ ઉપરાંત ચાંલ્લો વૈજ્ઞાનિક પ્રભાવ પણ ધરાવે છે. વિજ્ઞાનની દ્રષ્ટિએ કંકુ અને સિંદૂર એ ઉત્તેજક પદાર્થો છે. કદાચ એ માટે જ સધવા સ્ત્રીઓના શૃંગારમાં ચાંલ્લા અને સિંદૂરને મુખ્ય ગણ્યા હશે. પરન્તુ વિધવાઓને માટે એ શૃંગાર વર્જિત છે.

કહેવામાં આવે છે કે પહેલા દ્રાવિડકાળમાં ચાંલ્લો માત્ર સધવા સ્ત્રીઓ જ કરતી હતી. પરન્તુ તે બાદ ધીરેધીરે એની ગણના સોળ શૃંગારમાં થવા લાગી અને તરુણ અવસ્થામાં કુમારીઓને માટે પણ એ સૌન્દર્ય અને વિજયનું ચિન્હ બની ગયું.

## ચાંલ્લામાં વિવિધતા

ચાંલ્લાનો પ્રયોગ આજે ભિન્ન ભિન્ન આકાર અને ઢંગથી કરવામાં આવે છે. મદ્રાસ પ્રાન્તમાં ચાંલ્લાનો આકાર લગભગ આઠ આની જેટલો મોટો હોય છે. મહારાષ્ટ્રમાં દ્વિજવર્ણની સ્ત્રીઓ કુંકુમનો પ્રયોગ ઘણા ઉત્તમ ઢંગથી કરે છે. ગુજરાત, યૂ. પી., સી. પી. તથા બીજા પ્રાન્તોમાં કંકુનો પ્રયોગ સૌભાગ્ય સૂચક મનાયો છે. કાશ્મીરમાં ચાંલ્લો એ હિન્દુત્વનું ચિન્હ સમજવામાં આવે છે. કિન્તુ પાશ્ચિમીય સભ્યતાના પ્રભાવથી ચાંલ્લાનો રિવાજ જરા ઓછો થઈ ગયો છે, એટલે સુધી કે જે જાતિઓમાં એને આવશ્યક સમજવામાં આવતો હતો તેમાં પણ હવે માત્ર ક્યાંક આવવા-જવાના સમયે જ નાનો ફેશનમય ચાંલ્લો કરવામાં આવે છે. પંજાબમાં તો એનો પ્રયોગ ઘણો જ ઓછો થઈ ગયો છે.



ચાંલ્લાનો ઉપયોગ હવે ફેશનમાં પણ ગણાવા લાગ્યો છે.

કિન્તુ હવે કેટલીક પંજાબી મહિલાઓ માત્ર ફેશનને માટે જ ચાંલ્લો કરવા લાગી છે. ચાંલ્લો દરેક સધવા અને કુમારિકાએ અવશ્ય કરવો જ જોઈએ. કારણ એ સૌભાગ્ય, આકર્ષણ તથા હિન્દુત્વનું સૂચક ચિન્હ છે.

ઘણી પારસી બહેનોએ પણ ચાંલ્લાની પ્રથાને અપનાવવા માંડી છે. શુભ અવસરે તથા વિદાયના પ્રસંગોએ પારસી બહેનો ચાંલ્લો અવશ્ય કરે છે. કેટલીક પારસી બહેનો તો એનો ઉપયોગ ફેશન તરીકે પણ કરે છે.

## શેનો ચાંલ્લો કરશો ?

કેટલાક સભ્ય સમાજમાં સિંદૂરના લાલ ચાંલ્લાને સારો સમજવામાં આવ્યો છે, કિન્તુ સિંદૂરથી ઈંગુરનો રંગ અધિક લાલ અને સારો હોય છે. ઈંગુરનો ચાંલ્લો જેટલો તેજ મારે છે એટલો સિંદૂરનો મારતો નથી. આ ચાંલ્લો મધ્યમ અને સાધારણ પ્રમાણમાં જ કરવામાં આવે તો સુન્દર લાગે છે. વધુ પહોળો કે મોટો ચાંલ્લો સુન્દર લાગતો નથી. ખાસ કરીને કાશ્મીરી, બંગાળી અને મહારાષ્ટ્રીય મહિલાઓ સુન્દર અને ખીલતો ચાંલ્લો કરે છે.

કંકુનો ઉપયોગ પણ આ કામ માટે યોગ્ય છે. પ્રાચીનકાળમાં એનો જ રિવાજ પ્રચલિત હતો. કિન્તુ વિલાયતી કંકુ, કે જે આજકાલ બજારોમાં વેચાય છે તે સારું આવતું નથી. એમાં કોઈ રસાયણ પદાર્થો તથા રંગનું મિશ્રણ હોય છે. ઉપરાન્ત તેમાં ઝેરી પદાર્થો પણ ભળેલા હોય છે જે શરીરને નુકશાન જ પહોંચાડે છે.


ઘણી બહેનો માત્ર સૂકા કંકુનો જ ચાંલ્લો કરે છે. આવો ચાંલ્લો પણ સારો અને આકર્ષક લાગે છે પરન્તુ આ માટે દક્ષિણી કંકુનો જ ઉપયોગ કરવો સારો છે.

### ચાંલ્લાના પ્રકાર

ઘણી બહેનો ગોળ મોટો ચાંલ્લો કરવાનું જ પસંદ કરે છે, તો કેટલીક બહેનો સાધારણ મધ્યમ ચાંલ્લો કરે છે; તો કોઈક નાની બિંદડી જ કરે છે. આમ ચાંલ્લાની પસંદગી સૌ સૌની ઇચ્છા પર આધાર રાખે છે. તો પણ સાધારણ રીતે કુમારિકાઓ અને તરુણીઓ નાનો ચાંલ્લો જ પસંદ કરે છે. જ્યારે પ્રૌઢાઓ અને મધ્યમ વયની સ્ત્રીઓને ગોળ ચાંલ્લો શોભે છે.

### ચાંલ્લાની ફેશન

વસ્ત્રો, અલંકારોની જેમ ચાંલ્લામાં પણ ફેશન પ્રચલિત થઈ ગઈ છે. ગોળ મધ્યમ ચાંલ્લાની નીચે બીજો એક નાનો ચાંલ્લો કરવાની પ્રથા આજના સભ્ય કુટુમ્બોમાં સારા પ્રમાણમાં ચાલુ છે. ઘણી બહેનો કંકુના ચાંલ્લાની ઉપર સોનેરી કે રૂપેરી ટીલડીઓ-સુશોભનો પણ ચોંટાડે છે. આવા સુશોભનોમાં ચંદ્રક, તારા, સૂર્ય, ષટ્કોણ, ત્રિશુળ, અર્ધચન્દ્ર, સ્વસ્તિક આદિ શુભ ચિન્હો મુખ્ય છે. આ સુશોભનો બજારમાં તૈયાર મળે છે અને સરઅવસરે, ફરવા-હરવા જતી વખતે તેનો ઉપયોગ કરવામાં આવે છે. હાલમાં ચાંલ્લાની જે ફેશન પ્રચલિત છે તેના કેટલાક નમૂનાઓ હવે પછીના પાનાઓ ઉપર આપવામાં આવ્યા છે.




# ચાંલ્લાના વિવિધ પ્રકારો



નાના ચાંલ્લાની નીચે એનાથી સહેજ મોટો ચાંલ્લો કરવાની ફેશન સારા પ્રમાણમાં પ્રચલિત છે.



ગોળ મોટો ચાંલ્લો અને વચ્ચે નાની બિંદડી એ પણ એક આધુનિક પ્રથા છે.



પ્રાચીન સમયથી ચાલી આવતા ગોળ ચાંલ્લામાં આ પ્રકારનો સુધારો પણ ઘણી બહેનોએ કરવા માંડયો છે.



ચાંલ્લાની ઉપર આ પ્રકારનું સુશોભન કુમારિકાઓને, તરુણીને સારી શોભા આપે છે.



પ્રાચીન કાળની આ ફેશન આજની સભ્ય અને સંસ્કારી તરુણીઓને પણ આવકારદાયક થઈ પડી છે.



માત્ર નાના ટપકાંઓથી પણ ચાલ્લાનું પ્રતીક રચી શકાય છે.



ગોળ ચાંલ્લાની ફરતે પણ અનેક પ્રકારની રચના કરી શકાય છે.



નાના બિંદુઓથી ત્રિશૂળનું ચિન્હ દોરી તેનો ચાંલ્લા તરીકેનો ઉપયોગ એ આજની સુધરેલી કન્યાઓની છેલ્લી ફેશન છે.



અગ્નિની શિખાના જેવું
ચિન્હ પણ હવે ચાંલ્લામાં
જણાવા માંડયું છે.



સીધા સેંથાની નીચે આ
પ્રકારનો ચાંલ્લો કરવો
એ પણ શોભામય છે.



ચાંલ્લામાં આ સુશોભન
પણ હવે જણાવા માંડયું છે.



ચાંલ્લામાં ત્રિશૂળનું ચિન્હ
પણ હવે નજરે પડે છે.



વૈરાગી, માંગણ સ્ત્રીઓની જેમ
ચાંલ્લાની ઉપર બે આંકા
કરવામાં પણ હવે ફેશન
પ્રવેશી છે.



અર્ધચન્દ્રના ચિન્હવાળો
ચાંલ્લો સાદો તથા
ફેશનમય પણ જણાય છે.



ચન્દ્રકનું ચિન્હ અને ગોળ
ચાંલ્લો એ પણ એક
જાતની આધુનિક ફેશન છે.

# શૃંગારની વિવિધ સજાવટો

## સુન્દરતાનો જમાનો

આ યુગ સુન્દરતાનો છે. દરેકને સુન્દરતા ગમે છે. તેમાંય સ્ત્રી પોતાને અધિક સુન્દર ગણાવા પ્રયત્ન કરે છે. કયારેક તે પોતે જ સુન્દર થવા ઇચ્છે છે તો કયારેક તેને પતિની ઇચ્છાને લઈને પણ સુન્દર બનવું પડે છે. આ માટે સ્ત્રી આભૂષણો, વસ્ત્રો, સૌન્દર્ય પ્રયોગો તથા બીજી વસ્તુઓનો ઉપયોગ કરે છે.



## સ્ત્રીના સૌન્દર્યમાં શૃંગારનું મહત્વ

સ્ત્રીના સૌન્દર્યમાં શૃંગારનું સ્થાન મુખ્ય છે. શૃંગાર કેટલા પ્રકારના આવે છે તે આગળ એક પ્રકરણમાં પાન ૩૬ માં જણાવી ગયા છીએ એટલે એનો ઉલ્લેખ અહીં ન કરતાં સ્ત્રીએ કેવી રીતે બાહ્ય સૌન્દર્ય મેળવવું તેની જ ચર્ચા કરીશું.

## શૃંગાર અંગે એક અગત્યની ચેતવણી

પરન્તુ એ ચર્ચા કરતાં પહેલાં એટલું જાણી લેવું જરૂરનું છે કે સ્ત્રીએ શૃંગારની અમુક મર્યાદા બાંધવી જોઈએ. આ મર્યાદા તેનું કુળ-દરજ્જો, આર્થિક તથા સામાજિક સ્થિતિ એની પર આધાર રાખે છે. સ્થિતિથી ઉપરવટ જઈને શૃંગાર કરવામાં આવે, મુખને વધુ ગૌર અને શ્વેત બનાવવા માટે મોઢા પર પાવડરના થપેડા કરવામાં આવે, મર્યાદાને ઓળંગીને, વડીલ, મોટેરાઓના મોભ્ભાને ન જોતાં શૃંગાર કરવામાં આવે તો સ્ત્રીનો એ શૃંગાર તેને શોભવાને

બદલે ઊલટો હાંસીપાત્ર જ નીવડે છે અને સ્ત્રી સુન્દર દેખાવાને બદલે બેડોળ જ લાગે છે. આથી જ ડાહ્યા પુરુષોએ કહ્યું છે કે સ્ત્રીએ શૃંગાર એવો કરવો જોઈએ કે જે તેને અનુકૂળ જણાય, તેના મોભાને શોભે અને તેને પોતાને શોભાવે.

### કુળ અને દરજ્જાને શોભે એવો જ શૃંગાર કરો !

સાધારણ વર્ગની બહેનોએ પોતાના પતિના દરજ્જાને અનુરૂપ જ શૃંગાર કરવો જોઈએ. પતિ ટૂંકા પગારમાં નોકરી ઘસડતો હોય અને સ્ત્રી મોઢા પર પફ-પાવડર લગાવી ફેશનમાં રહેતી હોય તો એ શોભા સ્ત્રીને કેવી રીતે શોભી શકે તેનો વિચાર કરો ? આવી સ્થિતિમાં સ્ત્રીએ પોતાના શૃંગારમાં પણ અમુક મર્યાદા આંકવી જોઈએ. એનો મર્યાદિત શૃંગાર જો એની સ્થિતિ, કુળ અને દરજ્જાને અનુરૂપ હશે તો તે આછો - મર્યાદિત શૃંગાર પણ તેને સાધન-સંપન્ન સ્ત્રીના શૃંગાર કરતાં અધિક સુન્દર શોભા આપી શકશે અને તેની સુન્દરતાને વધારી મૂકશે. માટે બહેનોએ શૃંગારનો ઉપયોગ કરતાં પહેલાં આ વિશે ખાસ ધ્યાન આપવું જરૂરનું છે.

હવે મુખ પરના જે બાહ્ય શૃંગારો છે તેની ચર્ચા કરીએ.

### હોઠ રંગવા

ઘણી બહેનો પોતાના હોઠ લાલ રંગવામાં શોભા ગણે છે. હોઠ રંગવાની ફેશન એ પશ્ચિમાત્ય ફેશન છે. વિલાયતી અને જાપાની રમણીઓ પોતાના હોઠોને સુંદર બનાવવા માટે વિવિધ મિશ્રણો તથા લાલ રંગો દ્વારા રંગે છે. ત્યાં આવી રીતે હોઠ રંગવાની એક પ્રથા જ થઈ પડી છે. એ ચેપ અહીં પણ પ્રવેશ્યો છે. આપણા સમાજ કરતાં ક્રિશ્ચિયનોમાં, પારસીઓમાં, ખોજાઓમાં આવી રીતે હોઠોને રંગવાની ફેશન ખૂબ જ પ્રવેશેલી છે. એમનું જોઈને તથા પશ્ચિમની સંસ્કૃતિને લઈને એ ચેપ આપણી બહેનોમાં

પણ પ્રવેશવા માંડયો છે. આ પ્રથા ઇચ્છવા યોગ્ય તો નથી જ એની કોઈપણ ના પાડી શકશે નહિ.

પંજાબી મહિલાઓમાં હોઠોને રંગવાનો ચાલ સારા પ્રમાણમાં પ્રચલિત છે. ત્યાંની જે બહેનોએ પશ્ચિમની રહેણીકરણી સ્વીકારી છે અને જેઓ સારી રીતે સંસ્કૃતિમાન પામેલી છે તેઓ વિવિધ પ્રકારના રંગો દ્વારા પોતાના હોઠ લાલ કરે છે પરન્તુ જેમનામાં એટલો બધો સુધારો પ્રવેશેલો નથી તેવી બહેનો પોતાના હોઠને લાલ કરવા માટે, તેના ઉપર રાતાશ આણવા માટે વિવિધ દેશી પ્રયોગો અજમાવે છે. એમાં અખરોટની છાલથી કે તેના છોડાથી દાંતોને સાફ કરવાનો રિવાજ મુખ્ય છે. એનાથી દાંત સાફ થાય છે એટલું જ નહિ પરન્તુ હોઠો પણ લાલ બની જાય છે. કિન્તુ એનો અધિક ઉપયોગ હાનિકારક નીવડે છે અને હોઠો લાલ થવાને બદલે કાળા પણ થઈ જાય છે.

**પાનની ટેવ**

હોઠ લાલ કરવા માટેનો બીજો ઉપયોગ પાન ખાવાનો છે. પાનથી દાંત, હોઠ, જીભ લાલ થાય છે પરન્તુ તેનો વધુ ઉપયોગ કરવામાં આવે તો દાંત કાળા અને હોઠ ફાટી પણ જાય છે. ઘણી બહેનોને પાન ખાતાં આવડતું પણ નથી. તેઓ પાન ખાતી વખતે થુંકને હોઠોની બહાર પણ લાવે છે અને કેટલીક વાર તો તેનો રસ કપડાં પર પણ પાડે છે. આ તદ્દન અસભ્ય છે.

**પાન અને શૃંગાર**

પાનનો ઉપયોગ શૃંગારના એક સાધનરૂપ પણ ગણવામાં આવ્યો છે. એને સૌન્દર્યવર્ધક ગણવામાં આવ્યું છે. પાન ખાવાથી મોઢાની દુર્ગંધ દૂર થઈ જાય છે અને ખુશ્બો પથરાય છે. પાન ખાવામાં પણ સાવચેતી રાખવી જોઈએ. ઘણી બહેનો પાનમાં ચૂનો વધુ પ્રમાણમાં નાખે છે. પણ ચૂનો દાંતનો શત્રુ છે. થોડોક જ ચૂનો લગાવવો. પાનમાં સોપારી, એલચી આદિ નાખીને ખાવાથી અન્નને પચાવવામાં

પણ તે સારી મદદ કરે છે. આટલા માટે જ આયુર્વેદશાસ્ત્રે ભોજન પછી પાન ખાવાનો આગ્રહ કર્યો છે. પણ પાન ખાવામાં સંયમ જરૂર રાખવો. દિવસના એક કે બે પાન બસ છે. એથી વધુ પાન ખાવા એ કોઈપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી જ.

**તમાકુથી દૂર રહો**

ઘણી બહેનોને પાનમાં તમાકુ ખાવાની ભૂરી લત વળગેલી હોય છે. તમાકુ એ સ્ત્રીઓમાં અતિ નુકશાનકારક ટેવ છે. એનાથી દાંત, હોઠ તદ્દન કાળા પડી જાય છે અને ચામડી બેડોળ લાગે છે. તમાકુના સેવનથી સ્ત્રીઓના સ્વાસ્થ્ય તથા તેમના સૌન્દર્યને પણ હાનિ પહોંચે છે. માટે તે ટેવ તો તેમણે છોડી જ દેવી જરૂરની છે.

**લિપ-સ્ટીક**

હોઠોને લાલ કરવા માટે આજે બજારોમાં અનેક પ્રકારના સાધનો તૈયાર વેચાય છે. આ સાધનો દ્વારા હોઠો લાલ થઈ જાય છે. લિપ-સ્ટીક એમાં મુખ્ય છે યૂરોપિય લલનાઓ તથા અતિ સુધરેલી સ્ત્રીઓ એનો ઉપયોગ છૂટથી કરે છે. કેટલીક સ્ત્રીઓ રંગની શીશીઓ વાપરે છે. આ શીશીઓ સસ્તી-મોંઘી અનેક પ્રકારની આવે છે.

જે બહેનો હોઠોને લાલ કરવા માટે ગુલાબી રંગનો ઉપયોગ કરે છે તેમના હોઠ જલદીથી ખરાબ થઈ જાય છે. એનાથી હોઠોની ચામડી ફાટી જાય છે અને તેનામાં સખ્તાઈપણું આવી જાય છે. બજારમાં રંગની જે શીશીઓ વેચાય છે તે બધા પ્રકારની આવે છે. કેટલીક શીશીઓ તો એવા હલકા પ્રકારની હોય છે કે જેનાથી ચામડી ફાટી જાય છે અને તે શ્યામ પણ પડી જાય છે. આવી શીશીઓના ઉપયોગથી સાવચેત રહેવું જોઈએ.

**કૃત્રિમ ઇલાજો કરતાં કુદરતી ઇલાજો દ્વારા જ હોઠો લાલ કરો**

હોઠો રંગવાની પ્રથા આપણી બહેનોમાં અધિક પ્રચલિત નથી. એ પ્રથાને સ્વીકારવાની જરૂર પણ નથી. પરન્તુ જે બહેનો દેખાદેખીથી

પોતાના હોઠ લાલ રંગવાની ઇચ્છા સેવી રહી હોય છે તેમને એના દોષો તથા નુકશાન બતાવી દેવા એ હેતુથી જ અહીં તેની ચર્ચા કરવામાં આવી છે.

હોઠો પર સ્વાભાવિક સુરખી તથા રંગત આણવા માટે ભોજન તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ. એવા પદાર્થોનું સેવન કરવું જોઈએ કે જેનાથી લોહી અને રંગ વધે. બનાવટી લાલાશ કરતાં કુદરતી લાલાશ જ શરીરને વધુ કાન્તિ અપાવી સાચી સુન્દરતા બક્ષે છે એ ધ્યાનમાં રાખવું.

## પફ-પાવડરનો ઉપયોગ

પ્રાચીનકાળમાં સ્ત્રીઓ કેશર, ચન્દન કે પછી કેશર-કસ્તૂરી અથવા તો કપૂર-ચન્દનનો ગરમી યા વર્ષામાં લેપ કરતી હતી. એનાથી શરીર શીતળ અને મુલાયમ રહેતું હતું. આ પ્રકારના અંગરાગો તે સમયે સારા પ્રમાણમાં પ્રચલિત હતા. હવે તો એનું નામ-નિશાન જ રહેવા પામ્યું છે.

હવે આ પ્રાચીન અંગરાગોને બદલે સ્ત્રીઓમાં પફ-પાવડરનો ઉપયોગ સારા પ્રમાણમાં પ્રવેશી ગયો છે. આ પશ્ચિમની સંસ્કૃતિની જ ભેટ છે. આધુનિક સમયમાં વિલાયતી લલનાઓ એમાં સૌથી આગળ છે. એમની જ દેખાદેખીથી આપણી બહેનોમાં પણ તે પ્રથા પ્રસરી ગઈ છે. પાવડરો ઘણી જાતના આવે છે. બજારોમાં ભપકાબંધ પેકીંગોમાં સારા અને હલકા એમ બન્ને પ્રકારના પાવડરો વેચાય છે. હલકા પ્રકારના પાવડરોથી ચામડી બગડી જાય છે, કારણ એમાં ચૂનાનું પ્રમાણ વધુ હોય છે માટે તેનો ઉપયોગ કરવામાં સંભાળ રાખવી.

આવા પાવડરના ઉપયોગ કરતાં આપણા દેશી ઉપાયો જ અજમાવવા ઉત્તમ છે. એ સસ્તાં છે અને અસરકારક પરિણામ લાવનારા છે. ઉપરાંત એ કોઈ પણ પ્રકારે ચામડીને નુકશાનકર્તા પણ નથી. વળી તેનું પરિણામ ક્ષણિક ન હોતાં લાંબા સમયનું હોય છે. આવા પ્રયોગો માટે આ પુસ્તકમાં '**સૌન્દર્ય પ્રયોગો**' નામે વિભાગ પાનું ૫૧ ઉપર વાંચો.

## ફૂલોનો શૃંગાર

પ્રાચીન સમયમાં સ્ત્રીઓ પોતાને સુગન્ધિત પુષ્પોથી, તેના આભૂષણો, હાર વગેરે બનાવીને પોતાના શરીરના અંગોને સજાવતી હતી તેમનો આ પુષ્પ શૃંગાર અધિક સુન્દર અને પ્રભાવિત લાગતો હતો. સમયના વહેવા સાથે હવે એ શંગાર લુપ્ત થતો જાય છે, તો પણ બંગાળ અને મદ્રાસની સ્ત્રી-ઓમાં હજુ પણ એ પ્રથા પ્રચલિત છે. ત્યાંની સ્ત્રીઓ પુષ્પોથી પોતાની કેશ-સજ્જન સજાવે છે. એટલું જ નહિ પરન્તુ પોતાના હાથ, ગળું, પગ આદિ પણ ફુલોના હાર-ગુચ્છાઓ દ્વારા સજાવે છે. આ જોવામાં બહુ જ સુન્દર જણાય છે. મુસ્લીમ બહેનો પણ પોતાના હાથ, ગળું અને શિરને ફુલોથી સજાવે છે.



કાનમાં પુષ્પોનો ઉપયોગ આભૂષણો તરીકે પણ કરવામાં આવે છે.

## પુષ્પોના હાર અને કંકણ

ગુજરાતી બહેનોમાં પુષ્પોનો ઉપયોગ માત્ર વેણી-રચનામાં જ કરવામાં આવે છે. ક્યારેક શ્રીમન્ત અને સંસ્કારી સ્ત્રીઓ પોતાના હાથોમાં પુષ્પોના કંકણ પણ પહેરે છે. પરન્તુ આવી સજાવટ કોઈક ખાસ પ્રસંગોમાં જ કરવામાં આવે છે. સરઅવસરે કન્યા કે કુમારિકાઓ પોતાના આખા વાળ પુષ્પોથી આચ્છાદિત કરીને પણ શૃંગાર સજે છે. આ પ્રકારની રચના પણ એક સુંદર કારીગરીભરી લાગે છે.

ફુલોના શૃંગાર કૃત્રિમ નથી. આયુર્વેદના કથન અનુસાર સુગંધી ફુલો તથા પાંદડાઓ શરીરની કાન્તિ વધારે છે અને લક્ષ્મી ભરપૂર બનાવે છે. બનાવટી અને ખર્ચાળ આભૂષણો કરતાં એનો ઉપયોગ કરવો સારો છે.

## મેંદીનો શૃંગાર

મેંદીનો શૃંગાર પણ પ્રાચીન કાળનો છે. આગળ સ્ત્રીઓ હાથ, પગ, કપાળ ઉપર મેંદી મૂકતી. તેમનો આ મેંદીનો શૃંગાર ભાતભાતની ચિત્રામણોવાળો બનતો અને તે સુન્દર દીપતો પણ ખરો. હાલ એનો ઉપયોગ ઓછો થઈ ગયો છે. કુમારિકાઓ, યુવતીઓ કે પછી શ્રીમન્ત કુટુંબની સ્ત્રીઓ શોખ થાય ત્યારે કે કોઈ શુભ પ્રસંગે હાથ અને પગે આછી મેંદી મૂકે છે. પગ કરતાં હાથની બે હથેળીઓ રંગવાની પ્રથા જરા વધુ પ્રસરેલી છે. કુમારિકાઓ અને કન્યાઓને મેંદી સારી શોભી ઊઠે છે અને સરઅવસરે એ મૂકી હોય તો તેમાં કંઈ ખોટું નથી.



હાથ પર મેંદી મૂકવાનું આજે પણ અનેક બહેનોને ગમે છે.

મેંદીમાં પણ ભાતભાતની કારીગરીઓ કાઢવાની પ્રથા છે. આ પ્રથા મુખ્યત્વે ગ્રામ્ય સ્ત્રીઓમાં નજરે પડે છે. કોઈ વેલ-ફુલો તથા દેવ-દેવીઓનાં ચિત્રો પણ મેંદીમાં કલામય રીતે મૂકે છે. શિક્ષિત અને સંસ્કારી સ્ત્રીઓ માત્ર સાદી જ મેંદી મૂકવાનું પસંદ કરે છે.

નખો ઉપર રંગ લગાવી તેને લાલ ફેશનમય બનાવવા તેના કરતાં મેંદી મૂકીને રંગવા તે અનેક રીતે ઉત્તમ છે.

**કાજળ-સુરમો**

સ્ત્રીઓના શૃંગારના જેટલા પ્રકાર છે તે બધામાં સુરમો અને કાજળની પણ ગણત્રી કરવામાં આવી છે. આ બન્નેના ઉપયોગથી આંખોનું આરોગ્ય મળે છે એ વાત ખરી છે તો પણ ઘણી બહેનો શૃંગાર તરીકે પણ તેનો ઉપયોગ કરે છે.

**કાજળ-સુરમાનું મહત્વ**

યૂરોપમાં કાજળ અને સુરમો પ્રચલિત નથી. પરન્તુ હિંદમાં, ઇરાનમાં એ પ્રથા લાંબા કાળથી ચાલુ આવી છે. નેત્રોને માટે આ બન્ને ઉપયોગી છે. એનાથી આંખનો મેલ દૂર થાય છે અને દ્રષ્ટિ તેજસ્વી બને છે. આંખો દુખવી, આંખો બળવી તથા આંખના બીજા બધા જે રોગો થાય છે તેને એ મટાડી દે છે અને આંખની શક્તિને વધારી તેને પૂર્ણ આરોગ્ય બક્ષે છે.

**કાજળથી બાળકોની આંખો જરૂર આંજો**

આપણા ઘણાં ઘરોમાં કાજળનો ઉપયોગ લાંબા સમયથી ચાલી આવે છે. નાના બાળકોની આંખો કાજળથી આંજવાની પ્રથા હજુ આજે પણ અનેક ઘરોમાં પ્રચલિત છે. ઘણી સ્ત્રીઓ પણ કાજળનો ઉપયોગ કરે છે. બાળકોની આંખોને આંજવાથી તેમની આંખો સુન્દર અને વિશાળ બને છે. જે બાળકોની આંખો અંજાતી નથી તે બાળકોના નેત્રો બાલ્યાવસ્થાથી જ નિર્બળ બની જાય છે. માટે બહેનોએ કાજળનો ઉપયોગ જરૂર કરવો.

આયુર્વેદમાં પણ કહ્યું છે કે-સુરમો આંજવો લાભકારક છે. ધોળો સુરમો આંખને હિતકારી છે. એને નિત્ય આંજવો જોઈએ. એનાથી આંખો મનોહર થાય છે અને ઝીણા પદાર્થોને જોઈ શકવાની તાકાત પણ આવે છે. કાળો સુરમો આંજવાથી આંખમાં રોગો થતા નથી.

બજારોમાં અનેક પ્રકારના સુરમા વેચાય છે. એમાં ભેળસેળ-વાળા અને હલકા પણ હોય છે. એટલે ખાત્રી કરીને પછી જ જે સુરમો સારો ખાત્રીવાળો જણાય તે વાપરવો.

## કાજળના ઉપયોગથી દૂર રહેતી સુધરેલી બહેનોને સલાહ


કેટલીક સભ્ય ગણાતી અને સુધરેલી બહેનો કાજળ–સુરમાના વપરાશ માટે બેધ્યાન રહે છે. તેમને મન એનો ઉપયોગ માત્ર અશિક્ષિતો અને ગ્રામ્ય સ્ત્રીઓ પૂરતો જ છે. પરન્તુ તેમની આ ભૂલ છે. કાજળ અને સુરમાનો પ્રયોગ છોડી દેવાથી એ સભ્ય અને શિક્ષિત મહિલાઓની આંખોનું તેજ વહી ગયું છે. જુવાન વયે પણ તેમને ચશ્મા વસાવવા પડે છે અને આંખના બીજા અનેક દરદો તેમને અવારનવાર સતાવ્યા કરે છે શરૂઆતથી જ જો આ બહેનોએ કાજળ–સુરમાની ટેવ પાડી હોત તો તેમને ચશ્મા પહેરવાનો વારો પણ આવતે નહિ.

## કાજળ–સુરમો આંજવાનો સમય

કાજળ-સુરમો આંજવાનો સમય રાતનો જ ઉત્તમ છે રાત્રિના સૂતી વખતે ઘરના બધા સભ્યોની આંખો આંજવાનો રિવાજ આજે પણ ઘણા ઘરોમાં મોજુદ છે. એનાથી રાત–ભર આંખોને લાભ થાય છે. અને બીજે દિવસે ઠંડા પાણીથી તેને ધોઈ નાંખવામાં આવે તો કાળા ડાઘા ચાલી પણ જાય છે. જે બહેનોને કાળા ડાઘાનો ભય છે અને એને લઈને જેમને એ ગામડીયાપણું જણાય છે તેવી બહેનો રાતના કાજળ આંજી પછી સવારે તેને ધોઈ નાંખે તો એ ભય રહેતો નથી અને આંખો સ્વચ્છ બની જાય છે.

વાંચવા–લખવાનો, ભરવા–ગૂંથવાનો તથા બીજું ઝીણું કામ કે જેમાં આંખનો કસીને ઉપયોગ થતો હોય તેવી બહેનોએ તો કાજળ–સુરમાની ટેવ જરૂર પાડવી. એનાથી કોઈ પણ પ્રકારનું નુકશાન નથી. ઉલટો ફાયદો જ છે.

## વસ્ત્રોનું સૌન્દર્ય



ગુજરાતી બહેનોની આ વસ્ત્ર રચના આધુનિક પ્રકારની નથી તો પણ તેનામાં સુન્દરતા અને લજ્જાના ભાવ ભારોભાર ભરેલા છે.

### વસ્ત્રો શા માટે !

સૃષ્ટિની શરૂઆતમાં જ્યારે વસ્રો પ્રચારમાં આવ્યા ત્યારે એનો ઉદ્દેશ ગમે તે હોય તોપણ આજે એનો ઉપયોગ જે રીતે થઈ રહ્યો છે તેનાથી બે વાત તો જરૂર પ્રકટ થાય છે. એ બે વાત તે શરીરનું રક્ષણ અને બીજું શરીરનું સૌન્દર્ય.

### ફેશનમય જમાનો.

અને આ વાત ખરી પણ છે. વસ્રોનો મૂળ ઉદ્દેશ શરીરના ઢાંકણનો જ છે, ફેશન–પોશાકની વિવિધતા તો આજે શોધાઈ, તે પહેલાં પોશાકમાં વિવિધતા નહોતી. એક જ જાતનો પોશાક અને એક જ પ્રકારની રહેણી, કરણી હતી. એ પછી જેમ જેમ જમાનો આગળ વધતો ગયો, શૃંગારના ફેશનના વિવિધ સાધનો શોધાતાં ગયાં તેમ તેમ પોશાકમાં નવી નવી ફેશન આવવા માંડી. પહેલાં એક જ વસ્રથી ચાલતું હવે પાંચ વસ્ર પણ પૂરા થતાં

નથી. અને જમાનો હજુ આગળ ક્યાં સુધી જશે તે પણ કહી શકાય એમ નથી.

વસ્ત્રો પહેરવાથી સુન્દરતા વધે છે. પરન્તુ એથી એમ ન જાણવું કે ભારે અને કિંમતી વસ્ત્રોથી વધુ સુન્દરતા પ્રકટ થાય છે. સાદા અને ઓછી કિંમતના વસ્ત્રો પણ યોગ્ય રીતે પહેર્યા હોય તો તે પણ આકર્ષક અને ભવ્ય લાગે છે.

### વસ્ત્રો પહેરવાની ચતુરાઈ

ઘણી બહેનો સૌન્દર્ય માટે મૂલ્યવાન સાડીનો જ આગ્રહ સેવે છે. પરન્તુ આ તેમની ભૂલ છે. સાડી કિંમતી હોવી જોઈએ એવું કંઈ જ નથી. કિંમતી સાડી કોઈ અણઘડ સ્ત્રીના શરીર પર જરાય શોભા આપી શકતી નથી, જ્યારે જુજ કિંમતની પણ કલામય રીતે પહેરેલી સાડી શરીરને શોભાવે છે ને જોનારને પણ આકર્ષે છે. સાચી વાત તો એ છે કે સાડી કિંમતી હોય કે નહિ તે વાત ગૌણ છે પરન્તુ ખરી વાત તો પહેરવાની ચતુરાઈ જ છે. આ ચતુરાઈ મેળવતાં દરેકે શીખવું જોઈએ.



સાદા વસ્ત્રો પણ ચતુરાઈથી પહેર્યાં હોય તો તે સુંદર શોભી ઉઠે છે.

## વસ્ત્રો સુન્દરતાની વૃદ્ધિ કરે છે

સ્ત્રીઓ પોતાના દેહની સુન્દરતા વધારવા માટે કિંમતી વસ્ત્રો, તરેહતરેહની ડીઝાઈનોવાળા છાયલો, સાળુઓ, જાતજાતના કટવાળા પોલકાંઓ, બ્લાઉઝો, ચોળીઓ વિવિધ રીતે પહેરે છે. કિન્તુ દરેક સ્ત્રીના શરીર પર બધા પ્રકારના વસ્ત્રો શોભા આપી શકતાં નથી. આપણી ઘણીખરી બહેનો આ વિષયમાં ઘોર અજ્ઞાન સેવે છે. કોઈને લાલ રંગની સાડી જ શોભે છે તો કોઈને સફેદ રંગની, તો કોઈકને બુટ્ટાદાર સાડી જ દીપી ઊઠે છે. બધાને એક જ સાડી શોભા આપી શકતી નથી. વસ્ત્રો માત્ર સુન્દરતાની વૃદ્ધિ જ કરે છે, એ કોઈને સુન્દર બનાવતાં નથી. કોઈ સ્ત્રી સ્વસ્થ અને આરોગ્યમય હોય તો એના શરીર પર બધા પ્રકારના વસ્ત્રો સુન્દર લાગે છે અને જો કોઈ પાતળી, અસ્વસ્થ હોય તો એના શરીર પર કિંમતી અને ઉત્તમ વસ્ત્રો પણ અતિ બેડોળ અને કદરૂપા લાગે છે.

## જે વસ્ત્રો યોગ્ય જણાય તે જ પહેરો

જે વસ્ત્રો જેને અનુકૂળ જણાય, પોલકા, બ્લાઉસ, જમ્પર, ચોળી જેને જે માફક આવે તે જ પહેરવું અને એમાં જ સુન્દરતા આણવા પ્રયત્ન કરવો. હમેશાં ધ્યાનમાં રાખવું કે પોતાના શરીરને અનુકૂળ વસ્ત્રો પહેરવાથી જ સુન્દરતા વધે છે.

જો કોઈ સ્ત્રીના શરીર પર જમ્પર બેડોળ લાગે તો તેણે એ પહેરવું ન જોઇએ. આમ છતાં પણ જો તે એ પહેરે તો તે સુન્દર દેખાવાને બદલે બેડોળ જ લાગે છે. સ્વસ્થ શરીર પર બધા પ્રકારના વસ્ત્રો સુન્દર લાગે છે અને એટલે જ તે વધુ સુન્દર પણ માલમ પડે છે. પરન્તુ સ્ત્રીઓ કેટલીક એવી પણ હોય છે કે જેમનું શરીર પાતળું અને માત્ર હાડકાંવાળું જ હોય છે તેવી સ્ત્રીઓ પણ નવી–

નવી ફેશનોના વસ્ત્રો પહેરી સુન્દર દેખાવા પ્રયત્ન કરે છે. પરન્તુ તેઓ સુન્દર લાગતો જ નથી. કારણુ, તેમના શરીર પર વસ્ત્રો ફીટ થતાં નથી અને બીજાંને જોવામાં તે તદ્દન બેડોળ જ જણાય છે.

## વસ્ત્રોની પસંદગી કરવાની રીત

આથી જ વસ્ત્રોની પસંદગી એવી હોવી જોઇએ કે જે શરીરને શોભી ઊઠે. શરીરના રંગ સાથે વસ્ત્રોનો રંગ મળતો હોય તો સુન્દરતા ચમકી ઊઠે છે. સફેદ રંગની ચામડી ઉપર સફેદ વસ્ત્ર શોભા આપી શકતું નથી પરન્તુ જો તેના ઉપર આકાશી બ્લુ તથા ઘેરા ભૂરા રંગની સાડી પહેરી હોય અથવા તો સોનેરી પટાવાળી કાળી સાડી પહેરી હોય તો તે સુન્દર દીપી ઊઠે છે. આવી જ રીતે ઘઉંવર્ણની ચામડી ઉપર સોનેરી પટાવાળી ચોકલેટ રંગની સાડી અથવા તો રૂપેરી પટાવાળી ભૂરા રંગની સાડી કે પછી વાયોલેટ રંગની સોનેરી પટા સાથેની સાડી સારી રીતે દીપી ઊઠે છે. આજ પ્રમાણે પોલકાં, ચોળી, બ્લાઉસની પણ પસંદગી કરવી જોઈએ.

## વસ્ત્રો કેવા રંગનાં પસંદ કરશો ?

સાધારણ રીતે બહેનોની માન્યતા છે કે વસ્ત્રોની રચના સેટમાં થાય તો વધુ સુન્દર લાગે છે. લાલ સાડી, અને લાલ પોલકું. પીળી સાડી અને પીળું પોલકું એવી જ રીતે જેવી સાડી તેવું બ્લાઉસ-પોલકું પહેરવામાં આવ્યા હોય તો તે આકર્ષક લાગે છે. આ માન્યતા ખરી છે, અને આથી જ સેટોમાં કપડાં પહેરવાનો ચાલ આપણા સભ્ય કુટુમ્બોમાં વધતો જ જાય છે ઘણી બહેનો સેટોને બદલે એક બીજાના રંગમાં વસ્ત્રો મળી જાય એવી વસ્ત્રરચના પણ કરે છે. દાખલા તરીકે પીળી સાડી પર કાળા રંગનું પોલકું, બ્લાઉસ પહેરવામાં આવ્યા હોય તો તે અતિ આકર્ષક લાગે છે. આવી જ રીતે ભૂરા

રંગની સાડી પર પીળું પોલકું કે બ્લાઉસ પહેરવામાં આવ્યા હોય તો તે અધિક સુંદર દીપી ઊઠે છે. હાલમાં બ્લાઉસ કે પોલકું સાદા રંગનું પહેરવાની ફેશન સારા પ્રમાણમાં પ્રચલિત છે. સાદા કાળા, પીળા કે લાલ રંગના પોલકાં ગમે તે રંગના છાયલ કે સાડી પર સુન્દર શોભા આપી શકે છે. કયા રંગ સાથે કયા રંગનો મેળ સારો થાય તેનું જ્ઞાન જો હોય તો ટૂંકા ખર્ચમાં અને ઓછી કિંમતમાં પણ ફેશન રચી શકાય છે. પશ્ચિમની ગોરી લલનાઓ કે જેઓ ફેશનમાં પૂરી પ્રચૂર છે તેઓમાં રંગનું જ્ઞાન સારા પ્રમાણમાં હોય છે અને એટલે જ ગરીબ ઘરની સ્ત્રીઓ પણ સસ્તાં વસ્ત્રો પહેરવા છતાં પણ સુન્દર શોભી ઊઠે છે.

## દિવસ અને રાતના સમય માટે કેવી સાડી પસંદ કરશો?

લુગડાંની ખરીદી વખતે વિવિધ રંગી વસ્ત્રોને ખાસ પસંદગી આપવી. કારણ દરેક વખતે એકના એક રંગના છાયલ કે સાડી શોભા આપી શકતાં નથી. વળી તે દિવસ અને રાતના સમયે પણ શોભા આપી શકે એવા હોવા જોઈએ. માટે એકદમ ખુલ્લા રંગથી માંડીને તે ભુખરા રંગ સુધીની સાડીઓ પસંદ કરવી. તમારે સવારના સમયે જવું હોય તો ચળકાટ મારતી ખુલ્લા રંગની સાડી પસંદ કરવા કરતાં આછા રંગની સાડી પસંદ કરશો તો સૂર્ય પ્રકાશમાં તે સુંદર શોભી ઊઠશે. કારણ ચળકાટ મારતી ખુલ્લા રંગની સાડી સૂર્યના પ્રતિબિંબોને લઈને પોતાની મહત્તા બતાવી શકતી નથી, પરન્તુ તે જ સાડી જો રાત્રિના સમયે પહેરવામાં આવે તો તે અદભૂત રીતે ખીલી ઊઠે છે. રાત્રિની ગમે એટલી રોશની પણ તેના ચળકાટને મંદ પાડી શકતી નથી. આવી જ રીતે રાત્રિના સમયે ખુલ્લા ભૂરા રંગની અને તેમાં બાદલા ભર્યા હોય તેવી સાડી જો પહેરવામાં આવે તો તે સુંદર રીતે પ્રકાશી ઊઠે છે અને જોનારને આકર્ષણ પણ કરાવે છે.

## સાડી અને તેની કોર

સાડીની સાથે કોર પણ મળે એવી જ પસંદ કરવી જોઈએ. હાલમાં રેશમી સાડીઓની ઉપર સોનેરી કે રૂપેરી ચાર–છ આંગળના પહોળા પટા મૂકવાની ફેશન સારા પ્રમાણમાં પ્રચલિત થઈ છે. જ્યોર્જેટની સાડીઓ ઉપર આવા પહોળા સાદા તથા ભાતવાળા પટા સુંદર શોભી ઊઠે છે. શ્રીમન્ત ખોજા બહેનોમાં, પારસી બહેનોમાં તથા સુધરેલા ગુજરાતી કુટુમ્બોમાં આવા પટાવાળી સાડીઓ પહેરવાનો ચાલ સારા પ્રમાણમાં છે. પટાઓ અને સાડીનો રંગ એ બે ધ્યાનમાં રાખીને જ પછી જ તેની પસંદગી કરવી કાળી કે ભૂરી સાડી હોય તો તેના ઉપર સોનેરી, પીળો કે પછી સફેદ રંગનો પટો સુંદર શોભા આપી શકે છે. આવી સાડી ઉપર બાદલા–ટપકા કે વેલા ભરાવ્યા હોય તો તે સુન્દર લાગે છે. પીળી સાડી ઉપર લીલો, ભૂરો કે પછી સ્લેટ રંગનો પટો સારો શોભી ઊઠે છે. તપખીરીયા રંગની સાડી ઉપર સોનેરી, રૂપેરી તથા પીળો પટો સારો લાગે છે. આમ રંગ મેળવણી જાણીને પછી સાડી કે પટાની ખરીદી કરવી. હલકામાં હલકી સાડી પણ રંગોને અનુકૂળ હશે તો તે ભવ્ય જણાયા વગર રહેશે નહિ.

## સાડી પહેરવાની ઢબ

સાડી, લુગડાં પહેરવાની ઢબ પણ આકર્ષણ જમાવી શકે છે. ઘણી બહેનો કમર પાસેના ભાગમા ચપટીઓ લઈ સાડીને સળંગ કરચલીઓ પાડીને પહેરે છે. ત્યારે કેટલીક બહેનો કરચલી પાડ્યા વગર સાડી પહેરે છે. ઘણી યુવાન અને શિક્ષિત બહેનો દક્ષિણી, બંગાળી ઢબે પણ સાડી પહેરે છે. ખોજા બહેનોની સાડી પહેરવાની ઢબ આપણા શિક્ષિત અને સુધરેલા સ્ત્રી સમાજમાં સારો પગપેસારો કરતી જાય છે, આવી જ રીતે પારસી ઢબ મુજબ સાડીઓ પહેરવાની રીત પણ સારી રીતે પ્રવેશેલી છે.

## પારસી બહેનોની સાડી પહેરવાની રીત

સાડીઓ પહેરવાની કલામાં પારસી બહેનોની રીત એક નવો જ સુધારો લાવે છે. અહીં કહેવું જરૂરનું છે કે પારસીઓ પ્રથમ ગુજરાતમાં જ આવેલા એટલે ત્યારથી પારસી સ્ત્રીઓએ ગુજરાતી પહેરવેશનો સ્વીકાર કર્યો હતો. પહેલાં તો તેઓ આપણી જુની ગુજરાતી ઢબે સાડીઓ, લુગડાં પહેરતાં પણ તે પછી તેમનામાં જેમજેમ સુધારો પ્રવેશતો ગયો તેમ તેમ તેમણે ગુજરાતી પહેર- વેશમાં આખો એક નવો જ યુગ આણ્યો. આ યુગ આણવા માટે પારસી બહેનોને માન ઘટે છે. ગુજરાતી સાડી પહેરવાની રીતમાં તેમનો ફાળો સરસ છે. પારસી શુદ્ધ રેશમી–બહુ જ ખૂલતા રંગની સાડીઓ આજે ગુજરાતી સ્ત્રીઓમાં સારો પ્રચાર પામી છે. એમનું જોઈને જ. ખોજા બહેનોમાં પણ રેશમી સાડીઓનો પ્રચાર થવા માંડ્યો છે.

## સાડી પહેરવાની ફેશન

કમરથી બરાબર બંધબેસતી અને ઉપરના ભાગમાં ખુલ્લી રાખીને સાડી પહેરવાની રીત પણ ઠીક પ્રમાણમાં પ્રચલિત થતી જાય છે. આ ઢબ પારસી ફેશનની છે. ઘણી બહેનો જમણા ખભા પર રેશમી સાડીના પાલવનો છેડો કલામય રીતે ગોઠવીને તેના પર મોટી પીન લગાવે છે. છાતી પરનો છેડો ડાબી બાજુએ સજ્જડ રહી જમણા ખભા સુધી ઠીક રહેતો પણ નીચે જતાં ઝુલતો રાખવામાં આવે છે. જુના વિચારવાળી તથા જેમને લજ્જા પ્રિય છે એવી બહેનો સાડીનો છેડો ઊંચો ખોસેલો જ રાખે છે. કમખા, કબજા કે ચોળીને સ્થાને ફુલેલી બાંયવાળા પોલકા, કે જેની બન્ને બાંયો પર ફેશન મૂકવામાં આવી હોય છે એવા પોલકાં હાલમાં ખૂબ પ્રચારમાં આવ્યા છે. ઘડીવાળી પહેરેલા સાડલા કે છાયલાને ઠેકાણે આંખને આકર્ષે એ પ્રમાણે સાડી નીચે ઝુલતી રાખવામાં

આવે છે. સાડીની કિનારે કલાત્મક રીતે ઝીક અથવા લેસ પણ મૂકવામાં આવે છે.

**ગામડાની વસ્ત્ર રચના શહેરોમાં ફેશન થઈ પડી છે!**

મુંબાઈ, અમદાવાદ જેવા શહેરોમાં ગરબા, કોન્સર્ટો વખતે લાલ



ઓખાની મેરાણીઓ અને નાઘેરની રબારણોની જેમ ભરત ભરેલા તથા રંગબેરંગી ચણીયાઓ પણ હવે સુરંગીલી ફેશન ગણાવા લાગી છે.

અને પીળી ટીપકીવાળી રંગેલી લીલી ઓઢણીઓ અને ભરત ભરેલા ચણીયા બહુ મોટા પ્રમાણમાં નજરે પડે છે. આ પોશાક ઓખાની મેરાણીઓ અને નાઘેરની રબારણો કે જેઓ સૌન્દર્ય તેમજ પોશાક માટે બહુ પ્રસિદ્ધ હોય છે તેમના જ પોશાકનું સીધું અનુકરણ છે. આવા રંગનો પહેરવેશ એ હવે શહેરોની સુધરેલી યુવતીઓની ફેશન થઈ પડી છે.

## કાશ્મીરી પહેરવેશ

હિન્દુસ્તાનમાં વિવિધ જાતિઓ વસે છે એટલે આ જાતિઓના પોશાકો, તેમની રહેણી કરણી પણ વિવિધ જ હોય છે. પ્રાન્તે-પ્રાન્તે અને ઈલાકે-ઈલાકે પોશાકોમાં ભિન્નતા માલમ પડી આવે છે. જગવિખ્યાત કાશ્મીર કુદરતી સૌન્દર્ય માટે સુપ્રસિદ્ધ છે. કુદરતી સૌન્દર્ય જ નહિ પરન્તુ માનવદેહના ભવ્ય સૌન્દર્યના દર્શન કરવા હોય તો પણ તમને અહીં જ થશે. સુંદર અને સપ્રમાણ અંગોવાળી સ્ત્રીઓ તમને અહીં ડગલે ને પગલે મળે છે. અહીંની સ્ત્રીઓનો પહેરવેશ સાદો અને કામને અનુકૂળ થાય તેવો છે. કેડથી પગ સુધી જતી ઉરખ જેવી બાંયવાળી, ઘુંટણ સુધીનું કુરતું ને ખભા ઉપર છેડો વાળેલી ઓઢણી આ તેનો સાધારણ પહેરવેશ છે.

# ઉત્તર હિન્દુસ્તાની પહેરવેશ

દિલ્હી ને આગ્રાની સ્ત્રીઓનો પહેરવેશ જરા શોખીન વૃત્તિનો અને રસિક પ્રમાણવાળો છે. રેશમી ઓઢણીઓ, રેશમી ચોળીઓ તથા ઘેરવાળો ઘાઘરો અને રેશમી અતલસની ઉરબ અહીં સારા પ્રમાણમાં પ્રચલિત છે. અહીં ઝાંઝર તથા હીરાની ચૂંક પહેરવાની પ્રથા પણ છે. નવાબી સમયનો પહેરવેશ હજુ અહીં પણ માલમ પડે છે. આ દેશની સ્ત્રીઓ પહેરવા–ઓઢવાની રસિક અને જુની ફેશનને વળગી રહેલી હોય છે. તો પણ હાલ તેમાં ઠીક-ઠીક સુધારો થતો રહ્યો છે, અને વિવિધ પ્રકારની વસ્ત્ર સજાવટ ત્યાં જોવાની મળે છે.



ઉત્તર હિન્દુસ્તાન તરફના શહેરોની હિન્દુસ્તાની પોશાકમાં સજ્જ થયેલી એક હિન્દુસ્તાની યુવતી.

## બંગાળી સ્ત્રીઓની વસ્ત્ર પરિધાન કલા

વેશ પરિધાનની કલામાં સૌથી નિપૂણ બંગાળીઓ છે. બંગ- મહિલાઓની સાડી પહેરવાની રીત લગભગ ગુજરાતણોને જ મળતી



બંગાળી બહેનોની સાડી રચનાનો એક સુંદર પ્રકાર. સાડીનો છેડો નીચે જવાને બદલે ગળામા થઈને ખભાની પાછળ ગયો છે.

આવે છે. નીચેથી ગુજરાતી ઢબે પહેરેલી પણ ઉપર જતાં ગુજરાતી રીતથી તે જુદી પડે છે. સાડીનો છેડો છાતીની આગળ લાવી ઠેઠ સુધી લટકતો રાખવામાં આવે છે. સેંથામાં બંગાલી બહેનો સિંદૂર, કંકુ પૂરે છે એટલે તેમનું મુખ વધુ સુન્દર ચમકી ઊઠે છે. બંગાળી બહેનોની વસ્ત્ર સજાવટ સાદી હોય છે છતાં પણ તેમાં આકર્ષણ રહેલું છે. હવે તો બંગાળમાં બોબ્ડ હેરની પ્રથા વધતી જાય છે. મોટા પટાવાળી ખુલતા રંગની રેશમી સાડીઓ અને વિવિધ પ્રકારની ફેશનવાળા પોલકાંઓ પણ ત્યાં સારા પ્રમાણમાં નજરે પડે છે. બંગાળી સ્ત્રીઓ ઊર્મિ પ્રધાન કલામય અને સુરેખ હોવાથી હલકાં અને થોડાં વસ્ત્રોમાં પણ આકર્ષણ જમાવી શકે છે અને બીજાં પ્રાન્તો કરતાં આ જ તેમની વિશિષ્ટતા છે.



બંગાળી બહેનોમાં સાડીના છેડાએ કુંચીઓને બાંધી રાખવાની પ્રથા પણ છે.



બંગાળી યુવતીઓની વસ્ત્ર રચના સાદી છતાં આકર્ષક અને કલામય છે.

# પંજાબી મહિલાઓની

## વસ્ત્ર રચના



પંજાબી બહેનોના વસ્ત્ર પરિધાન કલામાં પણ અનોખું સૌન્દર્ય રહેલું છે

પંજાબમાં પણ વસ્ત્ર રચના બીજા પ્રાન્તો કરતાં ભિન્ન છે. અહીં સ્ત્રીઓ મોટે ભાગે ઉરમ, કુરતો અને તેના ઉપર ઓઢણી પહેરે છે. માથાની ઉપરથી ઓઢણીનો છેડો લઈ પછી તેને ગળાની બાજુથી ખભા ઉપર નાખી દેવામાં આવે છે. આ પોશાક મુખ્યત્વે શીખ, મુસ્લીમ અને ગ્રામ્ય વિભાગોવાળી સ્ત્રીઓ પહેરે છે. હવે તો: તેમાં પણ ધીમે ધીમે સુધારો થતો જાય છે. શહેરોની મહિલાઓનો પોશાક ફેશનમય અને પશ્ચિમના સુધારાને સ્પર્શતો હોય છે.

પંજાબી સ્ત્રીઓમાં ફેશનનું પ્રમાણ હાલ ખૂબ જ વધી ગયું છે. બીજા પ્રાંતોના મુકાબલામાં આ પ્રાન્તની લલનાઓ પફ–પાવડર, લિપસ્ટીક વધુ પ્રમાણમાં ઉપયોગમાં લે છે. સાડી પહેરવાની તેમની રીત પણ ફેશનમય હોય છે. ખુલતા રંગની રેશમી જરીની સાડી કે પછી શેલાં તથા બાદલાવાળી સાડીઓ પહેરવાની પ્રથા અહીં વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. અહીંની સ્ત્રીઓના શરીર ગૌર, સશક્ત અને સુન્દર હોવાથી ગમે તેવી વસ્ત્ર રચના પણ તેમને શોભી ઊઠે છે.



પંજાબ પ્રદેશની એક મુસ્લીમ બહેન તેના ચાલુ પોશાકમાં.

# મહારાષ્ટ્રીય બહેનોની સાડીરચના

મહારાષ્ટ્રીય બહેનોની સાડી પહેરવાની રીત બધા પ્રાન્તોના કરતાં અનોખી છે. મહારાષ્ટ્રીય બહેનોમાં પાતળ, લુગડાનો ઉપયોગ વિશેષ હોય છે. તેમની વસ્ત્ર રચનામાં માથું ઉઘાડું રહે છે અને પાટલીઓ વાળીને સાડી પહેરે છે. ચોળી પણ તસતસતી પહેરે છે. હવે તો એમની પહેરવાની રીતમાં પણ ફેશન પ્રવેશી છે અને કેટલીક બહેનો તો ખોજા ફેશનની સાડીઓ પણ પહેરે છે. મહારાષ્ટ્રીય બહેનોમાં પણ ગુજરાતી બહેનોની માફક પોલકાં પહેરવાનો રિવાજ છે. પોષાક સાદા કે પછી ફેશન-મૂકાવેલા પણ હોય છે. એમના પહેરવેશમાં સુઘડતા અને સુંદરતાનું મિશ્રણ હોય છે.



મહારાષ્ટ્રીય પોશાકમાં સજ્જ થયેલી એક મહારાષ્ટ્રીય યુવતી.

## વસ્ત્રોની ફેશનોમાં સિનેમા ફિલ્મોનો ફાળો

સ્ત્રીઓની ફેશન રચનામાં આજની સિનેમા ફિલ્મોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. ફિલ્મોમાં આવતા ફેશનમય પહેરવેશોનું અનુકરણ ઠેકાણે ઠેકાણે થવા લાગ્યું છે. સાડીની રચનામાં, અલંકારોની ગોઠવણીમાં તથા કેશ-રચનામાં પણ તેની જ નકલ થઈ રહી છે.

## વસ્ત્રોની ફેશન સામે લાલબત્તી

વસ્ત્ર રચનાનો મુખ્ય હેતુ અંગોને ઢાંકવાનો જ છે નહિ કે અંગોનું પ્રદર્શન કરાવવાનો. અને આ હેતુને આગળ રાખીને જ આપણા પૂર્વજોએ વસ્ત્રોની રચના કરી છે. **બહેનોએ વસ્ત્રો એવી રીતે પહેરવા જોઈએ કે જેથી તેમના અંગો ઢંકાઈ રહે, તેમના માન-મરતબાને અનુકૂળ થાય અને તેમની લજ્જાને શોભા આપે.** કેટલીક બહેનો પશ્ચિમના પોશાકોની તથા ફિલ્મો ઉપરથી ઊતરી આવેલી ફેશનોનું એટલું તો અંધ અનુકરણ કરે છે કે તેમનો પહેરવેશ બેડોળ, અસભ્ય અને વિચિત્ર લાગે છે. આવી બહેનો હાંસીપાત્ર સ્થિતિમાં પણ મૂકાઈ જાય છે અને સુંદર જણાવાને બદલે તેઓ કદરૂપી અને ઢંગધડા વગરની લાગે છે. શરીર ખુલ્લું દેખાય એવા બારીક વસ્ત્રો પહેરવામાં જરાય શોભા નથી. ફેશન એવી હોવી જોઈએ કે જેમાં મર્યાદા પણ હોય. મર્યાદા વગરની ફેશન સ્ત્રીને જરા પણ શોભા આપી શકતી નથી. **પોતાની સ્થિતિને અનુકૂળ આવે એવો જ પોશાક પહેરવો એમાં જ સ્ત્રી, પતિ અને તેના કુળની શોભા છે.**

# અલંકાર અને આભૂષણો

## આભૂષણો પહેરવાની પ્રથાની પ્રાચીનતા

અલંકારો પહેરવાની પ્રથા સ્ત્રી-પુરુષ બન્નેમાં પ્રચલિત છે. પરન્તુ એનો સૌથી વધુ ઉપયોગ સ્ત્રી જ કરે છે. સ્ત્રીનો આભૂષણુ પ્રેમ આજકાલનો નથી. ઘણાં પ્રાચીન કાળથી એ ચાલી આવ્યો છે. ઈતિહાસકારો તો કહે છે કે પહેલાં અલંકારો હતાં અને તે પછી વસ્ત્રો શોધાયાં. જ્યારે વસ્ત્રો માત્ર પ્રાથમિક દશામાં હતાં ત્યારે અલંકાર-આભૂષણોની કલા ઉન્નતિ પર હતી. માનવી નગ્ન ફરતો હતો તોપણુ તેના શિર, ગળા અને કેડ પર જુદા જુદા પ્રકારનાં અલંકારો જરૂર રહેતાં.



હવે એરીંગોને બદલે વિવિધ પ્રકારના લટકણીયાઓ અને મગમાળા, બોરમાળા, મોહનમાળાઓને બદલે નેકલેસ તથા ચેઈનો ખૂબ પ્રચારમા આવ્યા છે.

## પ્રાચીન સમયમાં અલંકારો શેનાં બનતાં ?

અલંકારોનો ઉદ્દેશ શરીરનું સૌન્દર્ય વધારવાનો જ છે. અને આ માટે જ પ્રાચીનકાળની સ્ત્રીઓ પોતાનું શરીર પુષ્પો, ચિત્ર-વિચિત્ર પત્થરો તથા એવા જ બીજા સાધનોથી શોભાવતી હતી. એમના અલંકારો આજની સુધરેલી બહેનોના જેવા ફેશનેબલ અને કિંમતી નહોતાં. માત્ર શંખલા, છીપ, કોડીઓ તથા નાના કોમળ પ્રકારના પ્રાણીઓનાં સુંદર હાડકાંઓના તથા પક્ષીના પીંછાઓના બનતાં. આ આભૂષણો તેઓ ગળામાં, શિર ઉપર તથા કેડમાં લટકાવતાં અને સુંદર બનવાનો પ્રયત્ન કરતાં.

### અલંકારોની રચનામાં પલટો આવ્યો

પરન્તુ જેમ જેમ સભ્યતાનો વિકાસ થતો ગયો અને વર્તમાન અર્થ-પદ્ધતિ તથા સિક્કાઓનું ચલણ ચાલતું ગયું તેમ તેમ સૌન્દર્ય-વૃદ્ધિની સાથે સાથે ધન-સામર્થ્ય પ્રદર્શનની ઈચ્છા પણ થતી ચાલી. માનવ સ્વભાવમાં એક બીજાની પ્રતિસ્પર્ધા કરવાનો રોગ બહુ પ્રાચીનકાળનો છે. 'મારી પાસે જે પદાર્થ છે તે બીજાઓ પાસે ન નીકળે' એ સિદ્ધાન્ત અનુસાર અલંકારો હાડકાઓ અને પત્થરોનાં જેવા સુલભ પદાર્થોથી વધીને ધીમે-ધીમે કાંસા, પિત્તળ, ચાંદી, સોનું, પ્લેટીનમ, નીલમ, મોતી, પન્ના, હીરા આદિ દુર્લભ પદાર્થોના બનવા લાગ્યા. નિસ્સન્દેહ કારીગરોની કારીગરીના વિકાસની સાથે સાથે ઘરેણાં બનાવવાની રીત અને તેની ફેશનોમાં પણ ક્રમશ: ફેરફાર થતો રહ્યો.

### પુરુષો પણ અલંકારો પહેરતાં

અલંકારોનો વ્યવહાર અતિ પ્રાચીન છે. ઋગ્વેદમાં દેવતાઓના ઘરેણાંઓનો ઉલ્લેખ છે. રામાયણ, મહાભારત આદિમાં કુંડળ, કિરીટ, બલય આદિ નામોનો ઉલ્લેખ મળે છે. વૈદિકકાળ સમયે પોશાક માત્ર બે ત્રણ વસ્ત્રોનો જ હતો. પણ સોના-ચાંદીનાં અલંકારોનો પ્રચાર વધુ પ્રમાણમાં હતો. સ્ત્રી-પુરુષ બન્ને એ પહેરતાં. સમ્રાટ હર્ષના સમયમાં જ્યારે કપડાં સીવાતાં પણ નહોતાં ત્યારે ત્યાં અલંકારો, આભૂષણોનો નાદ એટલો વધ્યો હતો કે તે માટે કાન-નાક પણ વીંધાતા હતાં.

### અજંટાના ચિત્રોમાં અલંકારોની રચનાઓ

એ પછી અલંકારોમાં વિવિધતા આવતી ગઈ. અજંટા અને બૌદ્ધ ગુફાઓની ભીંતો પર જે મૂર્તિઓ અંકિત કરવામાં આવી છે તેમના અલંકારો તમે જોશો તો તે સમયની કારીગરીનો સચોટ ખ્યાલ તમને આવ્યા વગર રહેશે નહિ. એ જ સમયની મૂર્તિઓમાં પણ અલંકારોની બનાવટોનો ખ્યાલ આપણને મળી રહેશે.



અજંટાની અ[illegible] કલાકૃતિ

## અલંકારોના નવસો વર્ષ પહેલાંના ઈતિહાસ

અજંટાના ચિત્રામાં ભારતીય અલંકારોનો નવસો વર્ષ પૂર્વેનો ઈતિહાસ અંકિત થયેલો છે એ ચિત્રામાં અંકિત કરવામાં આવેલા અલંકારો માત્ર દક્ષિણની કારીગરીના નમૂના જ નથી પણ સંપૂર્ણ ભારતીય શિલ્પકલાનું ઉદાહરણ પણ છે. કારણ સાંચી અને ભરહૂતમાં મળેલી મૂર્તિઓમાં પણ ઠીક એ પ્રકારના અલંકારોની સજાવટ માલમ પડી છે.

આરંભિક સમયના અલંકારો અધિક મોટા અને ભારી હતા. એમાં કારીગરી તથા કલા તો હતી જ છતાં પણ તેનો આકાર અને તેની બાંધણી પણ નિરનિરાળી જ રહેતી. અલંકારો પોલા અને નક્કર એમ બે પ્રકારના ઘડવામાં આવતા હતાં.

## અજન્ટા યુગની રમણીઓનાં અલંકારો

અજન્ટાના અલંકારોમાં શિલ્પિઓની કારીગરી તથા કલાવિદોના સૌન્દર્ય–જ્ઞાનપૂર્ણ ડિઝાઈન અને સમપ્રમાણ આદિનો સુન્દર પરિચય મળે છે. અજન્ટાના અન્તિમ યુગના અલંકારોમાં પ્રાચીન સુરુચિનું પ્રમાણ પણ માલુમ પડી આવે છે. તે સમયના ચિત્રો જોઈશું તો માલુમ પડી આવશે કે અલંકારોનો ઉપયોગ વધુ પ્રમાણમાં નહોતો. અલંકારોની વ્યવસ્થા એવા પ્રકારની હતી કે જેથી તે બેડોળ ન લાગે અને શોભી ઊઠે. થોડાંક પણ કારીગરીવાળા અલંકારો શરીરના બધા જ અંગોમાં પહેરવામાં આવતા હતાં.

## અલંકારો પર પશ્ચિમની સંસ્કૃતિની અસર

એ પછી જેમ જેમ જમાનો બદલાતો ગયો તેમતેમ અલંકારોની સજાવટમાં પણ ફેરફાર થતો ગયો. લોકોની આર્થિક સ્થિતિમાં, તેમના વિચારો અને વર્તનમાં તથા રૂચિમાં ફેરફાર થતો ગયો. અને તે પછી જેમ જેમ સુધારો, શિક્ષણ અને પશ્ચિમનો પગપેસારો થતો ગયો તેમ તેમ અલંકારોમાં–વસ્ત્રોમાં અને સૌન્દર્ય-વર્ધક સાધનોમાં પણ પલટો થતો જ રહ્યો. અત્યારની આપણી અલંકાર રચના શુદ્ધ પ્રાચીન ઢબની નથી. એમાં અનેક પ્રકારનું મિશ્રણ છે. ફ્રાન્સ, ઈજીપ્ત, આંગ્લ અને એવો બીજો શંભુમેળો પણ એમાં છે. લોકોને જેમ જેમ વિવિધતા, ફેશન અને કારીગરીનો નાદ લાગતો ગયો તેમતેમ અલંકારોમાં દેશપરદેશની કલાઓ પ્રવેશતી ગઈ અને અનેક પ્રકારની સજાવટો થવા લાગી. પ્રાચીનકાળનાં અલંકારો નક્કર પદાર્થોનાં બનતાં, હવે તેમાં ભેળ થવા લાગ્યો છે. જુની ઢબના

અલંકારો હજુ આજે પણ બજારમાં વેચવા જઈએ તો તેના પૂરા નાણા ઉપજે છે પરન્તુ આજના અલંકારોને વેચવા જતાં તેની પૂરી કિંમત પણ ઉપજતી નથી. ભેળની સાથે સાથે તેમાં એટલું તો તકલદીપણું પ્રવેશી ગયું છે કે તેનું આયુષ્ય ઓછું હોય છે અને તેનો ઝગઝગાટ પણ થોડાંક જ દિવસોમાં આથમી જાય છે.

## આભૂષણોની જરૂર છે ખરી?

પ્રશ્ન એ થાય છે કે અલંકારોની જરૂર છે ખરી? તેના વગર સ્ત્રી સુન્દર ન જણાઈ શકે? જરૂર જણાય. કેમ નહિ? એક કહેવત છે કે "નહી મુહતાજ જેવરકા જિસે ખૂબી ખુદાને દી." એટલે કે ઈશ્વરદત્ત સૌન્દર્ય જેને છે તેને આભૂષણોની જરૂર નથી. આભૂષણોનું સૌન્દર્ય એ સાચ્ચું સૌન્દર્ય નથી. સ્ત્રીઓનું ભૂષણ તો એમનું શીલ અને ચારિત્ર્યજ છે.

## અલંકારો પહેરવાથી થતા લાભો

છતાં પણ આપણા પૂર્વજોએ સ્ત્રી-પુરુષને માટે આભૂષણોની રચના કરી છે. સુન્દર સ્ત્રી-પુરુષ પણ આભૂષણો પહેરે તો તેમનું તેજ ઝળકી ઊઠે છે. અલંકારોની રચના મુખ્યત્વે સૌન્દર્ય વધારવા માટે તથા આરોગ્યની દ્રષ્ટિએ પણ લાભકારી છે. આયુર્વેદ સ્પષ્ટ કહે છે કે–"અલંકારોથી શરીરને યોગ્યતા અનુસાર શણગારવું. સોનું પવિત્ર છે. પહેનારનું ભાગ્ય વધારે છે અને તેને સંતોષ તથા સુખ આપે છે. રત્ન જડેલા ઘરેણાં પહેરવાથી ગ્રહની પીડા તથા કુદ્રષ્ટિ ટળે છે. ખરાબ સ્વપ્નાં આવતાં નથી. નિર્મળ માણિક્ય ધારણ કરવાથી સૂર્યની પીડા, મોતીથી ચન્દ્રની પીડા, પરવાળું મંગળની પીડા, પાનું બુધની પીડા, પુખરાજ બૃહસ્પતિની પીડા, હીરો શુક્રની પીડા, નીલમ શનિની પીડા, ગોમેદ રાહુની પીડા અને લસણીયો કેતુની પીડા મટાડે છે." આમ અલંકારોમાં પણ શરીરની સુખાકારી માટેના સાધનો છૂપાયા છે. અને આ માટેજ વૃદ્ધ પુરુષો અલંકારોના ઉપયોગ માટે આગ્રહ સેવે છે.

## આજના અને પ્રાચીન સમયના અલંકારોની તૂલના

પ્રાચીન સમયમાં અલંકારોનો ઉપયોગ અતિ પ્રમાણમાં થતો હતો. સ્ત્રીઓ હાથ, પગ, શિર, કમર, વગેરે દરેક અંગોમાં અલંકારો પહેરતી. એ વખતના અલંકારો નક્કર સોના-ચાંદીના બનતાં અને તે વજનદાર પણ રહેતાં. તે વખતની સ્ત્રીઓનું સ્વાસ્થ્ય એટલું તો આરોગ્યમય હતું કે તેઓ આ ભાર સહન કરી શકતી. અલંકારોની કારીગરી પણ બેનમૂન અને પૌરાણિક ઢબની હતી. અત્યારના આભૂષણોમાં કલા નથી પણ ફેશન છે અને ફેશનને જ લક્ષમાં રાખીને અલંકારોના ઘાટ ઘડાય છે. વળી એમાં નક્કર સોના-ચાંદીને બદલે મિશ્રણ નાંખવામાં આવે છે અને આમ એનું મૂલ્ય ઘટાવી નાંખવામાં આવ્યું છે.

## આભૂષણ એ સ્ત્રી ધન છે.

આભૂષણો શરીરની શોભા વધારે છે એ વાત સાચી છે તોપણ તે એક બીજું અગત્યનું કામ પણ કરે છે. એને સ્ત્રી-ધન સમજવામાં આવ્યું છે. અલંકારો એ સ્ત્રીની મુડી ગણાય છે. એના પર એનો હક્કજ લાગુ પડે છે. આપણા પૂર્વજોએ જે રીતિ રિવાજ દાખલ કર્યા છે એ ખૂબ વિચારીનેજ કર્યું છે. એમણે સ્ત્રીના રક્ષણ માટે આભૂષણોના રૂપમાં અમુક દ્રવ્ય તેને આપીને તેને સહાયતા કરી છે. જેનાથી સંકટના સમયમાં એ પોતાનો સમય વ્યતીત કરી શકે. આભૂષણોના સંગ્રહનું આ પણ એક વ્યહવારૂ રહસ્ય છે.

## અલંકારો પહેરવા માટેના મુખ્ય અંગો

અલંકારો પહેરવા માટેના મુખ્ય અંગો નીચે મુજબનાં છે:-

| | |
|---|---|
| ૧-શિર-લલાટ | ૨-નાક |
| ૩-કાન | ૪-ગળું-કંઠ |
| ૫-હાથ-પગની અંગળીઓ-પંજો-પહોંચો | ૬-કમર-કેડ |
| ૭ પગ-પગની આંગળીઓ-પગનું કાંડુ | |

આ બધા અંગોમાં કંઠ, હાથ અને કાનનું સ્થાન મુખ્ય છે. એટલુંજ નહિ પરન્તુ તે સ્થાન પરના અલંકારો અનેક સદીઓ થયાં કાયમ જ રહેવા પામ્યા છે જ્યારે બીજા અંગો માટે તેમ થયું નથી. કમર પર પહેલાં અનેક આભૂષણો પહેરાતાં, સ્ત્રીઓ મસ્તક પર ભારોભાર અલંકારો ગોઠવતી પરન્તુ હવે જેમજેમ સુધારો પ્રવેશતો ગયો છે; તેમતેમ એ અંગો પરથી આભૂષણો ભૂલાતાં ગયાં છે. સ્ત્રીઓને કેડ પર સાંકળી–મેખલા ગમતાં નથી. લલાટ પર દામણી કે અલંકારો પહેરવાની શરમ આવે છે, પગે સાંકળા પહેરવા એ આજની સુધરેલી અને શિક્ષિત બહેનોને મંજુર નથી. જ્યારે કંઠ, હાથ અને કાન પરના અલંકારો કાયમ જ રહેવા પામ્યા છે. હા, તેમાં સાદાઈ, ફેશન અને આછાપણું આવી ગયું છે. તોપણ દેખાવમાં એ સુન્દર અને શોભામય તો લાગે છે જ.

### શિર–લલાટ

શિર–લલાટ માટેના અનેક આભૂષણો છે. એમાં મુખ્યત્વે દામણી, મુગટ, મોતીની માળા આદિ પહેરવામાં આવે છે. મારવાડની બહેનોમાં મોતીની માળાઓ તથા બોર પહેરવાની પ્રથા છે. મુગટ પહેરવાની પ્રથા હાલમાં નથી. દામણીની પ્રથા હજુ આજે પણ મોજુદ છે. લગ્ન પ્રસંગે, શુભ અવસરે આજે પણ સ્ત્રીઓ દામણી પહેરે છે. શિક્ષિત, સુધરેલી બહેનોને એ જરાય પસંદ નથી. કેશની અંદર ચાક, સૂર્યકુલ, ચક્કર દરેક વર્ગની બહેનોમાં પ્રચલિત છે.



દામણી અને શિરના બીજા અલંકારો સાથેની એક રાજપૂત રમણી

## નાક

નાકના આભૂષણોમાં વાળી, ચુની, જડ મુખ્ય છે. પ્રાચીન ઢબને અનુસરી બહેનોમાં વાળી જડનો રિવાજ નિત્યનો છે. જ્યારે સુધરેલી બહેનો કોઈ ખાસ અવસરોએ જ હીરાની ચૂંક, જડ પહેરે છે. લગનના કે કોઈ ખાસ અવસરોએ હીરા-મોતીની વાળીઓ ઘણી બહેનો પહેરે છે. મદ્રાસી બહેનો નાકની બન્ને બાજુએ ચૂની પહેરે છે.

## કાન

નાકની જેમ કાનમાં પણ છેદ પાડીને અલંકારો પહેરવાની પ્રથા છે. પ્રાચીન સમયમાં તો કર્ણફૂલ, ઝુમકા આદિ ભારે પ્રકારનાં આભૂષણો પહેરવામાં આવતાં. ગ્રામ્ય લલનાઓમાં કાનની ઉપરના ભાગને તથા નીચેના ભાગોને પણ વીંધીને તેમાં ભારોભાર અલંકારો પહેરવાની પ્રથા હજુ આજે પણ મોજુદ છે. અલંકારો એટલા તો ભારે અને વજનદાર પહેરવામાં આવે છે કે જેનાથી કાનની ઝાલીઓ પણ લાંબી થઈ જાય છે અને કાનની ઉપરનો ભાગ એના ભારથી વળીને ઊંધો પણ પડી જાય છે. આ પ્રથા ખોટી છે. એથી કાનના સૌન્દર્યનો નાશ થાય છે અને ક્યારેક તો તેનાથી ખરાબ પરિણામો પણ સહેવા પડે છે.



લગનના પોશાક તથા અલંકારો સજેલી એક ગુજરાતી તરૂણી.

## કાન-આભૂષણો માટેનું સુંદર અને આકર્ષક અંગ

કાન એ આભૂષણો માટેનું એક સુંદર અને આકર્ષક અંગ છે. એમાં હલકાં, ઘાટવાળાં અને આકર્ષક અલંકારો પહેરવામાં આવ્યા હોય તો તે વધુ સુન્દર સોહી ઊઠે છે. આ માટે વિવિધ પ્રકારની

ડિઝાઈનોવાળા લટકણીયાઓ, એરીંગો, બુટીઓ, લવીંગો આવે છે. હાલમાં શિક્ષિત અને સુધરેલી બહેનોમાં નાના-મોટાં લટકણીયાઓ પહેરવાની પ્રથા ખૂબ જ વધી જવા પામી છે. એમાં ઝુમ્મર આકારના, ગોળ રીંગોની ડિઝાઈનોવાળા અને ત્રિકોણાકાર ચિન્હોવાળા લટકણીયાઓ ખૂબ જ પ્રચલિત છે. લટકણીયાઓની ડિઝાઈનો રોજ-બ-રોજ વધતી જ જાય છે, અને એનો ઉપયોગ પણ દિવસે દિવસે વધ્તો ગયો છે. માત્ર ગુજરાતી બહેનો જ નહિ પરન્તુ પારસી, ખોજા અને મુસ્લીમ બહેનોમાં તથા બંગાળી, પંજાબી બહેનોમાં પણ તે સરખી રીતે જ પ્રચલિત છે. લટકણીયાઓ સોના, ચાંદી રોલ્ડગોલ્ડ પ્લેટીનમ તથા બીજી નકલી ધાતુઓના પણ આવે છે.

જુના વિચારવાળી તથા પ્રૌઢ બહેનો લવીંગીયાઓ તથા નાના પ્રકારના એરીંગો પહેરે છે. લવીંગીયાઓ સાચ્ચા અને ખોટા એમ બે પ્રકારના આવે છે. સાચ્ચા લવીંગીયા-ઓની કિંમત વધુ હોય છે. દેખાવમાં તે સુંદર અને આકર્ષક લાગે છે.








કાનમાં ચિત્રવિચિત્ર ડિઝાઇનોવાળા તથા બેનમૂન કારીગરીવાળા લટકણીયા તથા ફુલ પહેરવા એ આજની સ્ત્રીઓને ખૂબ ગમે છે.

## ગળું-કંઠ

શરીરના બધા અંગો કરતાં ગળાને વધુ અલંકારો મળ્યા છે. દેશેદેશની જાતિઓમાં તેને આવકાર આપવામાં આવ્યો છે. આંગ્લ

# કાન તથા ગળાના કેટલાક અર્વાચીન ઢબના અલંકારો



આ પ્રકારના લટકણીયા, એરીંગો તથા કર્ણફુલ અને ગળાંમાં કારીગરીભર્યા સાદા પણ આકર્ષક સુવર્ણહારો પહેરવાની આજની સુધરેલી ફેશન છે.

મહિલાઓ, પેરીસ કે જર્મનીની સ્ત્રીઓ તથા યૂરોપીય સુન્દરીઓમાં પણ ગળામાં આભૂષણો પહેરવાનો રીવાજ છે. હિન્દની દરેક જાતિઓમાં ગળામાં હાર પહેરવાની પ્રથા મોજુદ છે.

ગળાના અલંકારો અનેક પ્રકારના આવે છે એના નામો પણ જુદાજુદા હોય છે. હીરાકંઠી, મોહનમાળા, મગમાળા, ગુલછડી, રાયણમાળા, ચંદનહાર, ઝુમણું, હાંસડી, બોરમાળા, નેકલેસ, કોલર, ચેન, હાર, મોતીની માળા વગેરે અલંકારોનો ઉપયોગ ગળામાં કરવામાં આવે છે.

## અલંકારોથી ગળું ભરવાનો ચેપ

ગ્રામ્ય અને અશિક્ષિત બહેનો પોતાના ગળામાં ભારોભાર ઘરેણાં ભરે છે. મગમાળા, મોહનમાળા, બોરમાળા અને તેની સાથે બીજાં બેએક હારો પણ પહેરી ગૌરવ અનુભવે છે. આ બધા અલંકારો પાછળ માત્ર પોતાની સમૃદ્ધિ બતાવવાનો જ હેતુ હોય છે. આ પ્રથા ખોટી અને ત્યજવા યોગ્ય છે. જેમ વધુ અલંકારો પહેરવામાં આવે તેમ ગળાનું સૌન્દર્ય નાશ પામે છે. સાદા, આછા અલંકારો જેટલી શોભા આપે છે તેટલી શોભા અલંકારોના ઢગલા આપી શકતા નથી એ સમજવા જેવી વાત છે.



ભારે અલંકારો સાથેની એક પ્રાચીન યુગની સુંદરી

આપણે ત્યાં લગ્ન પ્રસંગોએ બહેનો ઉમંગથી ઘરેણાંઓ પહેરી મહાલે છે. તેમના અલંકારોની એ સજાવટમાં કલાનું નામનિશાન હોતું નથી. જેટલા અલંકારો હોય છે ને બધાં જ તેઓ તેવા અવસરોમાં ઉપયોગમાં લે છે અને ગળું ભરાવી દે છે. શહેરો કરતાં ગામડાની બહેનો આવા અવસરોએ ખૂબ જ ઘરેણાં પહેરે છે. તેમને મન લગ્નનો અવસર એ પહેરવા-ઓઢવાનો જ અવસર છે અને આથી વસ્ત્રો-અલંકારોના ઢગલા કરે છે. તેથી તેઓ સુંદર દેખાવાને બદલે બેડોળ અને હાસ્યાસ્પદ જ લાગે છે.

શિક્ષિત, સુધરેલી અને કલાની જેમને સમજ છે એવી બહેનોમાં અલંકારોનો શોખ બહુ નથી. ગળામાં એકાદ સુવર્ણહાર, નેકલેસ કે પછી રાયણ-માળા જ તેઓ પહેરે છે. કેટલીક બહેનો તો ગળામાં સોનાની ઝીણી ચેન જ પહેરેલી રાખે છે. શ્રીમન્ત-વર્ગની બહેનો એક કે બે સેરની મોતીની માળા પહેરે છે. ગળામાં એક કે બે અલંકારો સારી કારીગરી-વાળા પહેર્યા હોય તોપણ ગળું સુંદર રીતે દીપી ઊઠે છે. અતિ સુધરેલી બહેનો ગળામાં કંઈપણ પહેરવાનું પસંદ કરતી નથી અને કેટલીક બહેનો તો શૂન્ય ગળું જ રાખે છે. આ સુધારો એ



કાનમાં એરીંગ અને ગળામાં માત્ર એક જ હાર પહેર્યો હોય તોપણ તે સુંદર અને આકર્ષક લાગે છે.

પશ્ચિમની સભ્યતાનું સીધું અનુકરણ છે અને તે કોઈપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.

## ગળામાં વધુ અલંકારો પહેરવાના ગેરલાભ

ભારે અલંકારો સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ નુકશાન કર્તા છે. હાંસડી તથા વજનદાર અને જાડા અલંકારો પહેરવાથી ગરદન પરની નસ દબાય છે અને શરીરની તન્દુરસ્તી પર તેની ખરાબ અસર થાય છે. હલકાં વજનના ઘરેણાં જ પહેરવા લાભદાયી છે. બીજું, અલંકારોને ચોવીસે કલાક ગળામાં પહેરી રાખવા ન જોઇએ. રાત્રિના સમયે તથા ક્યારેક ક્યારેક તેને ઊતારી પણ દેવા કે જેથી કરીને ગરદનને ખુલી હવાનો સ્પર્શ થાય. નહાતી વખતે તથા સૂતી વખતે અલંકારોને અવશ્ય ઊતારી દેવા જોઇએ. કારણ, નહાતી વખતે અલંકારો હશે તો ગરદન બરાબર સાફ થઈ શકશે નહિ અને સૂતી વખતે નસોમાં રક્ત-સંચાલન પણ બરાબર ન થવાનો ભય રહેલો છે.


## હાથ-આંગળીઓ-કાંડુ

હાથ, આંગળીઓ તથા કાંડાએ પણ અનેક આભૂષણો પહેરાય છે. આંગળીઓએ વીંટી પહેરવાની પ્રથા સ્ત્રી તથા પુરુષ બન્નેમાં પ્રચલિત છે. વીંટી એ પ્રેમનું પ્રતિક મનાયું છે. સ્ત્રી અને પુરુષ બન્ને એને એક સરખાં જ પ્રેમથી પહેરે છે. સ્ત્રીઓને માટેની વીંટીઓની રચના કંઇક મુલાયમ અને શોભીતી હોય છે. વીંટીઓમાં પણ અનેક પ્રકાર આવે છે. કોઇક વીંટીઓ નંગવાળી તથા કોઈકિ સાદી પણ હોય છે. સ્વાભાવિક રીતે સ્ત્રીઓએ બારીક ઘાટ અને મોટાં અથવા તો ઝીણાં નંગવાળી વીંટી પહેરી હોય તો સુશોભિત લાગે છે. આજ મુજબ ત્રિકોણાકાર પાનાવાળી તથા ચોખંડા રંગબેરંગી પાનાવાળી વીંટીઓ પણ સારૂં આકર્ષણ કરાવે છે. એક જ હાથમાં બે-ત્રણ

વીંટીઓ પણ પહેરવામાં આવે છે. શ્રીમન્ત અને શોખીન યુવતીઓ તો ત્રણ-ત્રણ વીંટીઓ પણ પહેરે છે. આ તો દરેકના શોખ અને સગવડ પર આધાર રાખે છે.

**હાથચોક**

હાથના પંજા ઉપર પણ અલંકારો પહેરવામાં આવે છે. એને હાથચોક તથા સુવર્ણપંજાના નામથી પિછાનવામાં આવે છે. શહેરી યુવતીઓમાં હાથચોક પહેરવાની પ્રથા નથી પરન્તુ ગ્રામ્ય બહેનો હજુ ય તેવા અલંકારો પહેરી ગૌરવ અનુભવે છે. પ્રાચીન સમયમાં રાજરાણીઓ કે પછી અમીર ઉમરાવની સ્ત્રીઓમાં હાથના અલંકારો પહેરવાની પ્રથા સારા પ્રમાણમાં હતી. હવે તો એ પ્રથા નાબુદ થતી જાય છે.




હાથચોક તથા વીંટીઓ અને બંગડીઓ સાથેનો હાથ.
પ્રાચીન સમયમાં આ પ્રકારે હાથને અલંકારોથી મઢી લેવામાં આવતો હતો.

**તરેહતરેહની બંગડીઓ**

સ્ત્રીઓને સૌથી પ્રિય તેની બંગડીઓ હોય છે. બંગડીઓ, કંગન એ સૌભાગ્યસૂચક પણ મનાય છે. સૌભાગ્યવંતી બહેનો અનેક પ્રકારની બંગડીઓ તથા આભૂષણો પહેરી શકે છે. વિધવા બહેનો એનો ઉપયોગ કરી શકતી નથી. અપવાદરૂપ કેટલીક વિધવા બહેનો સોનાની બે બંગડીઓ પહેરે છે.

# તરેહ તરેહની બંગડીઓ, કંગન તથા સુવર્ણકંકણો



બંગડીઓ, કંગનો અને સુવર્ણ કંકણોમાં અનેક પ્રકારની ડીઝાઇનો હાલમાં પ્રચલિત બની છે. આ ચિત્રમાં એમાંના કેટલાક નમૂનાઓ આપવામાં આવ્યા છે.

બંગડીઓ કાચની, સુવર્ણની તથા મોતીની પણ આવે છે. સ્વાભાવિક રીતે રોજીંદા ઉપયોગ માટે કાચની બંગડીઓજ પહેરવામાં આવે છે. કાચની બંગડીઓમાં પણ અનેક જાતો હાલમાં પ્રચલિત બની છે. રંગબેરંગી અને નયનમનોહર ઘાટ અને આકારવાળી બંગડીઓ હાલ બજારોમાં ખૂબ વેચાય છે. એમાં એકદમ પાતળી બંગડીથી માંડીને તે જાડાં પાટલા સુધીની બંગડીઓ પણ હોય છે. પોતાને જે બંગડી અનુકૂળ આવે અને જે રંગની શોભે તે પહેરવી. ઘણી બહેનો સાડી અને વસ્ત્રના રંગ સાથે મળે એવી બંગડીઓ દર વખતે પહેર્યા કરે છે. કેટલીક બહેનો તો સાત-આઠ બંગડીઓ દરેક હાથ પર પહેરે છે. આ ફેશન ખાસ કરીને પારસી બહેનો તથા ક્રિશ્ચિયન બહેનોનું જોઈને આપણામાં પ્રવેશી છે.

## પાટલાઓ તથા રંગની પસંદગી કેવી કરશો ?

આગળના વખતમાં જાડા પાટલાઓ, ચુડાઓ પહેરવાની પ્રથા હતી. આ પ્રથાનું અનુકરણ હાલ ફેશન તરીકે પણ થઈ રહ્યું છે. ઘણી શ્રીમન્ત અને સુધરેલી બહેનો હાથમાં પાટલાઓ તથા રંગબેરંગી ચુડાઓ પહેરે છે. જેમનું શરીર ભરાવદાર અને સશકત છે તેમના હાથમાં જાડા પાટલાઓ અવશ્ય શોભે છે પરન્તુ જેઓ શરીરમાં અશકત છે, અને જેમનો બાંધો એકવડો છે તેમના હાથમાં તો પાતળી બંગડીઓ જ શોભે છે. બંગડીના રંગની પસંદગી કરતી વખતે પણ ચામડીના રંગની સાથે ભળી જાય તેવા રંગોને પ્રથમ પસંદગી આપવી; અથવા તો જે પોશાક પહેરવામાં આવે તે પોશાકનાં રંગ સાથે ભળી જાય તેવા રંગની બંગડીઓ પહેરવી.

સોનાની બંગડીઓમાં પણ અનેક તરેહ આવે છે. કોઇ બંગડીઓ મણકાઓની તથા કોઈ ચોરસ ચિન્હોવાળી તો કોઇ સાદી ગોળ સાંકળોવાળી આવે છે. કેટલીક બહેનો પાતળાં કડાં આકારની બંગડીઓ

પણ પહેરે છે. આજ મુજબ મીનાકારીવાળી તથા સોનાની ભરેલી હાથીદાંતની બંગડીઓ પણ આવે છે.

## મોતીની બંગડીઓ ક્યારે શોભે ?

ભારે વસ્ત્રો પહેર્યાં હોય ત્યારેજ મોતીની બંગડીઓ શોભી ઊઠે છે. સાદા અને સુતરાઉ વસ્ત્રોપર મોતીની બંગડીઓ તથા ભારે બંગડીઓ શોભી ઊઠતી નથી. બહેનોએ આ ધ્યાનમાં રાખવું.

## કમર-કેડ

કમર અને કેડ માટે એક ખાસ પ્રકારનું આભૂષણ હોય છે. એને મેખલા તરીકે ઓળખવામાં આવે છે. આ મેખલા, કદોરો સોના તથા ચાંદીનો પણ આવે છે. પ્રાચીન સમયમાં સ્ત્રીઓમાં મેખલાનો સારો જેવો પ્રચાર હતો. હાલ એ પ્રથા નહી જેવી જ રહી છે. આપણી શ્રીમન્ત મારવાડી તથા ભાટીઆ બહેનોમાં સોનાની સાંકળીઓ પહેરવાનો રીવાજ હજુ આજે પણ મોજુદ છે. આ માત્ર મોટાઈ તથા વૈભવના પ્રદર્શન તરીકે જ પહેરવામાં આવે છે.

## ચાવીનો ઝુમખો

હવે તો કમરમાં ચાવીના ઝુમખારૂપી સુધરેલું આભૂષણ પણ પહેરવામાં આવે છે. ચાવીનો ઝુમખો લોકોની દૃષ્ટિ પડે તેવી રીતે લટકાવવામાં બહેનો ગૌરવ લે છે. ઝુમખામાં બે ત્રણ રૂપાની ચાવીઓ સાથે થોડીક કામની ચાવીઓ અને કેટલીક નકામી ચાવીઓ પણ હોય છે. ચાવીનો ઝુમખો લટકાવવાની પ્રથા ઝડપભેર ગ્રામ્ય બહેનો સુધી પણ પ્રસરી ગઈ છે અને તેના ફળસ્વરૂપ ગામડાંની બહેનોની કેડ પર પણ ઝુમખાઓ ડોકીયાં કરી રહેલાં જણાય છે.

## પગ-પગનાં આંગળાઓ અને પગનું કાંડુ

પગે પણ બહેનો આભૂષણો પહેરે છે. પગના આભૂષણોમાં મુખ્ય સાંકળાઓ છે. આ સાંકળાઓ ચાંદીના આવે છે અને તે

અનેક ઘાટના આવે છે. સુધરેલી તથા શિક્ષિત બહેનોને સાંકળા ગમતાં નથી તેથી તેઓ ઝીણા છેડા પહેરે છે. ગામડાની બહેનોમાં તથા મધ્યમ વર્ગની બહેનો સાંકળાને ગૌરવભેર પહેરે છે.

**પગપાન**

પગની આંગળીઓમાં વીંટલા, અંગૂઠિયાં, જોડલાં, માછલી, કુલિયા આદિ આભૂષણો પહેરવાનો ચાલ ગ્રામ્ય સ્ત્રીઓમાં હજુ આજે પણ છે. ભરવાડણોમાં તથા કાઠિયાવાડના ગ્રામ્ય સમુદાયની બહેનોમાં આવા આભૂષણો આજે પણ પહેરાય છે. આવી જ રીતે પગનાં પંજાએ પગપાન તથા સાંકળીઓ પણ પહેરવામાં આવે છે. રાજ્ય કુટુમ્બોની યુવતીઓ સોનાના પગપાન પણ પહેરે છે.

**એક ચેતવણી**

સ્ત્રીએ આભૂષણો પોતાની શક્તિ અનુસાર જ પહેરવા. લોકોની દેખાદેખ કરી તે પહેરવા માટે જક કરવી જોઈએ નહિ. પતિની ગુંજાશ અને પિતાની શક્તિ અનુસાર આભૂષણો પહેરવામાં આવે તો જ તે તેને શોભી ઊઠે છે. ઘણી બહેનો આભૂષણો માટે ઘરમાં કલહ-કંકાસ કરે છે. પતિ સાથે રીસાય છે અને તેને ખોટા ખર્ચામાં ઉતારી દે છે. સમજુ સ્ત્રીઓએ આવો હઠાગ્રહ કરવો જોઈએ નહિ. પતિ જે અલંકારો કરાવી આપે તેમાં જ તેણે સંતોષ માનવો અને એમાં જ પ્રફુલ્લિત રહેવું. પોતાને અમુક આભૂષણો મળ્યાં નથી, એટલે પોતે અસંતુષ્ટ છે એવો ભાવ કદીપણ તેણે મન પર લાવવો નહિ પતિને કષ્ટ પહોંચાડીને કે તેને દેવાદાર બનાવીને આભૂષણો પહેરવામાં સ્ત્રીઓની શોભા નથી, તેમનો એ ધર્મ નથી તથા તેવું કરવાનું તેમનું કર્તવ્ય પણ નથી. સ્ત્રીઓનું વાસ્તવિક આભૂષણ તો શીલ, લજ્જા, પાતિવ્રત્ય, પરોપકાર સેવા આદિ જ છે. એમણે અધિકતર આજ આભૂષણોને અપનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

# શરીરનું આરોગ્ય

## સુન્દરતા પામવાની પહેલી નિશાની

સ્વાસ્થ્ય શરીર એ સુન્દરતા પામવાની પહેલી નિશાની છે. શરીર કસાયલું હોય, સુડોળ હોય, અંગો ઘાટીલા અને માફકસરનાં હોય તો સુન્દર થવામાં જરાય વિલંબ લાગતો નથી. પણ એને બદલે શરીર મેદવાળું હોય, ચામડી જાડી, ખરબચડી અને ધૂળના રજકણોથી ચીકણી થયેલી હોય, અંગો વાંકાચુંકા અને બેડોળ હોય તો અલંકારોના ઢગલા કે મોંઘા વસ્ત્રાભૂષણ પણ સુન્દરતા આપી શકતાં નથી.

## આરોગ્ય માટે ઉદ્યમ કરો

શરીરના આરોગ્ય માટેનો પહેલો સિદ્ધાન્ત નિયમિતપણું અને ઉદ્યમ એ છે. કામમાં રચેલા જ રહો. તમારી એક ક્ષણ પણ નકામી ન ગુમાવો. ઘરકામમાં આનંદથી ચિત્ત લગાવો. તમે સાધનસંપન્ન હો, નોકર-ચાકરો હોય, રસોઇયાઓ હોય તોપણ જે બની શકે તે કામ પાછળ મંડયા જ રહો. કામ તમને થાક અપાવશે નહિ પરન્તુ શરીરને પ્રફુલ્લ અને હલકું બનાવશે. એનાથી તમારી માંદગી દૂર નાસશે. તમારા હૃદયમાં પ્રસન્નતા અને ઉમંગની છોળો ઉછળશે.

## ઘરકામમાં સદા સાવચેત રહો!

ઘણી સાધનસંપન્ન બહેનો ઘરકામમાં ચિત્ત ન લગાવતાં સહેલ-સટાકમાં મગ્ન રહે છે. હરવા-ફરવામાં અને આનંદ–વૈભવ ભોગવવામાં જ તેઓ પોતાનો સારોય વખત ગાળે છે. આવી બહેનો બે રીતે પોતાને નુકશાન પહોંચાડે છે. એક તો શારીરિક રીતે અને બીજું ઘર

પ્રત્યેની ઉદાસિનતાથી. તેમના ઘરમાં શું ચાલી રહ્યું હોય છે તેની તેમને ગતાગમ પડતી નથી. પરિણામ એ આવે છે કે નોકર–ચાકરોને ઘર સોંપાઈ જાય છે અને ખર્ચ તથા નુકશાનીનું પ્રમાણ વધી જાય છે.

**સ્ત્રી ઘરની રાણી** છે. ઘરમાં શું ચાલી રહ્યું છે, ઘરકામ કેવી રીતે બરાબર થાય તેનું તેને સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ. કામમાં આળસ રાખવું એને ન પરવડે. સ્ત્રીએ તો સદા સાવચેત અને કાર્યતત્પર જ રહેવું જોઈએ

## શરીરને સુન્દર અને નિરોગી બનાવવા માટે કામ કરો!

કામ ન કરવાથી શારીરિક, માનસિક અને આર્થિક એમ ત્રણ પ્રકારની હાનિઓ થાય છે. શરીર કમજોર અને સ્થૂલ બની જાય છે. ઘરના કામોમાં રચ્યા રહેવાથી શરીરપર પરિશ્રમ પડતો હોવાને લઈને દૂષિત પદાર્થો પરસેવા દ્વારા બહાર નીકળી જઈ શરીરને નિરોગી અને સ્ફૂર્તિવાળું બનાવે છે. પરિશ્રમ કરનારી સ્ત્રી સુન્દર, સુડોળ રહે છે. માંદગી પણ એને જવલ્લે જ આવે છે. વૃદ્ધાવસ્થા એનાથી દૂર નાસે છે. એનું મન સદૈવ આનન્દિત અને પ્રફુલ્લિત રહે છે. પહેલાં કામ કરવાથી કષ્ટ અવશ્ય થશે કિન્તુ ટેવ પડી જતાં કામ કરતાં થાક લાગશે નહિ અને ઉલટો આનંદ આવશે. ખાલી બેસી રહેવાથી શરીર નિર્જીવ અને સ્વભાવ છીછરો તથા તામસી બની જાય છે.

## વહેલા ઊઠો

બહેનોએ નિત્ય વહેલા ઉઠવાની ટેવ રાખવી. વહેલા ઉઠવાથી શરીરનું આરોગ્ય વધે છે. નિર્બળતા દૂર થાય છે. ઉપરાંત ઉષ્ણકાળમાં પ્રાકૃતિક દ્રશ્યોને જોવાથી બુદ્ધિમાં ચૈતન્ય આવે છે, મુખની ચમક

વધે છે અને મસ્તિષ્કની શક્તિ પ્રબળ બને છે. નાહી ધોઈ પ્રભુપ્રાર્થના પણ કરવી હિતાવહ છે. એથી શરીરના ભાવો નિર્મળ બને છે, હૃદય હલકું થાય છે અને સાત્વિક ભાવો જન્મે છે. **શરીરના આરોગ્ય માટે પ્રભુપ્રાર્થના પણ આવશ્યક છે.** રોજ સૂર્યને નમન કરવામાં આરોગ્યતા અને શ્રેય એમ બન્ને મળે છે. બહેનોએ બની શકે એટલો વખત પ્રાર્થના માટે અવશ્ય માળવો.



શરીરના આરોગ્ય માટે પ્રાર્થના પણ જરૂરી છે.



સ્વચ્છ વાયુનું સેવન કરવા ફરવા જાવ, બાગ-બગીચામાં ફરો, ઘરની અગાસીએ કે છેવટે ઝરૂખા કે બારીએ પણ ઉભા રહો અને શરીર તથા મનને પ્રફુલ્લ અને આનંદી બનાવો.

## સ્વચ્છ વાયુનું સેવન કરો

શરીરના આરોગ્ય માટે તથા સુન્દરતા માટે સ્વચ્છ વાયુનું સેવન પણ જરૂરી છે. સ્વચ્છ વાયુ શરીરમાં પ્રાણવાયુનો સંચાર કરે છે. પ્રાણવાયુ શરીરને મજબુત અને નિર્મળ બનાવે છે અને મન પ્રફુલ્લ અને આનંદિત રહે છે.

આખા દિવસના થાકને ઉતારવા માટે સ્વચ્છ હવા લેવા બહાર નીકળી પડો. જેટલો સમય તમે ફાજલ પાડી શકો એટલો વખત ખુલ્લી હવામાં ફરો. બાગ–બગીચામાં જાવ, દરિયા કાંઠે લટાર લગાવો, તેમ ન થઈ શકે તો ઘરની અગાસીએ કે છેવટે ઝરૂખામાં પણ ઊભા રહો અને કુદરતની ખુલ્લી હવાનો ઉપભોગ કરો.

## ફરવા જવાની ટેવ રાખો

સાંજે ફરવા જવાની ટેવ સારી છે. ફરવા જવાથી મગજ પ્રફુલ્લિત થાય છે, લોહીની ગતિ ત્વરિત વેગથી આગળ વધે છે. શુદ્ધ પ્રાણવાયુ ફેફસાંમાં જવાથી ફેફસાં મજબૂત થાય છે, લોહી સાફ રહે છે અને આસપાસના વાતાવરણની પવિત્રતાની છાપ આપણા મન ઉપર પડે છે.

સાંજે ફરવા જવાનું ન બની શકે તો સવારે યા તો રાત્રે– જ્યારે જરૂર લાગે ત્યારે અને સમય હોય ત્યારે ફરવા નીકળી પડો. પણ ફરવા જરૂર જ જાઓ. શહેરી વાતાવરણને લઈને આપણા શ્વાસમાં અનેક પ્રકારના ઝેરી ગેસો દાખલ થાય છે. એમાંના કેટલાક આપણા સ્વાસ્થ્યને બગાડનારા હોય છે. એ ગેસોને દૂર કરવા માટે આપણા શરીરમાં તાજી હવા દાખલ કરવાની જરૂર છે અને તે હવા ખુલ્લામાં ફરવા જવાથી જ મળી શકે એમ છે. માટે ફરવાની ટેવ તો જરૂર રાખવીજ.

**ગામડાના લોકો તંદુરસ્ત અને આનંદી શા માટે છે?**

ગામડાના સ્ત્રી-પુરુષોના શરીર કેવા તંદુરસ્ત અને પ્રફુલ્લ રહે છે? તેમની તંદુરસ્તીનું સાચ્ચું રહસ્ય ખુલ્લી હવા અને સ્વચ્છ રહેણીકરણીજ છે. ખુલ્લી હવામાં રહેવું-ફરવું, લીલાં હરિયાળાં વૃક્ષો તથા ડુંગરો-પર્વતોદ્વારા મળતી તાજી હવાને શ્વાસમાં ઘૂંટવી અને એની દ્વારા પ્રફુલ્લતા મેળવવી એ પણ શરીરને આરોગ્યમય બનાવવાના સાધનો છે. ગ્રામ્ય બહેનોનું આરોગ્ય કુદરતને ખોળે વસવાનેજ આભારી છે.

**સુન્દરતા વધારવાનો કિમીયો**

શહેરમાં વસતી બહેનોને ખુલ્લી હવાનો લાભ જોઈએ તેવો મળી શકતો નથી અને આથી જ તેમના શરીર અનેક રોગોના ઘર બનીને રહે છે. બહેનો ખુલ્લી હવાની ટેવ પાડે, નિયમિતપણે રહે અને ખાવાપીવામાં મિતાહારપણું જાળવે તો તેમની સુન્દરતા વધે એટલું જ નહિ પરન્તુ તેમનું શરીર પણ નિર્મળ કંચન જેવું થાય એમાં જરા પણ આશ્ચર્ય નથી.

**ફુલોની વેણી તથા તેના શૃંગારની ટેવ પાડો**



બહેનોએ નિત્ય ફુલોની વેણીના શૃંગારની ટેવ પાડવી. વેણી નિત્ય પહેરી ન શકાય તો દર ત્રણ કે ચાર દિવસે તો જરૂર જ પહેરવી. એનાથી શરીર તાઝગી ભર્યું, પ્રફુલ્લિત અને સુવાસથી મહેકતું રહેશે. મન હસુહસું થતું જણાશે અને શરીરમાં એક પ્રકારનો આનંદ છવાયલો જણાશે. સૌન્દર્ય અને શણગારની દ્રષ્ટિથી વેણીની રચના

જેટલી જરૂરની છે તેટલી જ જરૂરી તે આરોગ્યની દ્રષ્ટિથી પણ છે. બહેનોએ તાજાં અને પ્રફુલ્લિત પુષ્પોને પણ નિત્ય સુંઘવાની ટેવ રાખવી. એથી શરીરની આરોગ્યતા અને સ્વચ્છ હવાનું સેવન પ્રાપ્ત થાય છે. પ્રાચીનકાળમાં તાજા પુષ્પોના જ અલંકારો પહેરવામાં આવતા. પુષ્પોનો ઉપયોગ વસ્ત્રોના કરતાં પણ અધિક હતો. એનું કારણ પણ આજ હતું.



# વ્યાયામની જરૂર

## વ્યાયામની જરૂર શા માટે?

બહેનોએ પોતાના શરીરના સ્વાસ્થ્ય માટે વ્યાયામ કરવાની ખાસ જરૂર છે. વ્યાયામ કરવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે, કામ કરવાની શક્તિ વધે છે, ગાત્રો સારા અને સુડોળ બને છે, પાચન શક્તિ વધે છે અને તેની સાથે સાથે ખોરાકની વૃદ્ધિ પણ થાય છે.

## વ્યાયામ એક અમોઘ ઔષધિ

વ્યાયામથી શરીરના ફેફસાં મજબૂત થાય છે, સ્વચ્છ હવા શરીરમાં પ્રવેશે છે, શરીરના અશુદ્ધ અને હાનીકારક પદાર્થો શ્વાસોચ્છવાસની ક્રિયામાં બહાર નીકળી જાય છે, લોહી સાફ રહે છે, રક્તાભિસરણની ગતિ વધે છે, માંસપેશિઓ મજબૂત બને છે અને શરીર હલકું ફૂલ જેવું અને સુડોળ બને છે. ગોળમટોળ, કદરૂપા અને સ્થૂળ શરીર માટે વ્યાયામ એ અમોઘ ઔષધિ છે.

## સ્ત્રીઓને વ્યાયામની જરૂર છે ખરી?

અહીં પ્રશ્ન એ થાય છે કે બહેનોએ વ્યાયામ કરવાની જરૂર છે ખરી? શું સ્ત્રીઓને ઘરકામ ઓછું હોય છે કે એમને વ્યાયામની જરૂર પડે છે? પાણી ભરવું, વાસણ અજવાળવાં, દળવું, છાશ વલોવવી આદિ ઘરકામ એવા છે કે એમાં તેમને પૂરતો વ્યાયામ મળી રહે છે. આ અને આવા અનેક પ્રશ્નો આપણી સામે ઉપસ્થિત થાય છે. સાચી વાત એ છે કે આ બધા ઘરકામોમાં એમને વ્યાયામ મળે છે જ. પાણી ભરવામાં જે જાતનો વ્યાયામ છે તે સાધારણ રીતે ગણીએ તો બીજી કસરતોમાં પણ નથી. ગામને પાદરે આવેલા કુવામાંથી પાણી કાઢવા માટે ૨૦–૨૫ બહેનો ભેગી મળી હોય, કુવામાંથી પાણીના ઘડા ચપોચપ ખેંચાતા હોય, કોનું બેડું વહેલું ખેંચાય અને

કોણ ઝડપ બતાવે તેની સરસાઈ ચાલતી હોય અને તે બાદ બબ્બે ઘડા માથા ઉપર અને એક ઘડો કેડમાં લઈને બહેનો ઘેર જતી હોય એવા દ્રશ્યો આજે તો વિરલ થઈ પડયા છે. હજુ પણ લોકગીતોની કડીઓ ગૂંજાય છેઃ—

" સો સો બેડલિયાંની હેલ્યું ચડે,
છલકાતું આવે બેડલું, મલકાતી આવે નાર રે,
મારી સાહેલીનું બેડલું. "

## સ્ત્રીઓમાં શેઠાઈ પ્રવેશી છે

પણ આજે આ સ્થિતિ છે ખરી? ગામડાઓમાં આજે શહેરી વાતાવરણ પ્રવેશ્યું છે. ઘરની સ્ત્રીઓને પાણી ભરવા માટે તથા ઘરકામ ન કરાવી શકાય એવી વૃત્તિ પ્રવેશવા માંડી છે. અરેરે! આપણાથી તે કામ કરાય? એ તો ગરીબ માણસોને શોભે? આવી શેઠાઈવૃત્તિ હવે શહેરોમાં અને ગામડાઓમાં એકસરખા પ્રમાણમાં જોવામાં આવે છે. અને સ્ત્રીઓમાં પણ અતિ કોમળતા પ્રવેશી ગઈ છે. પહેલાની સ્ત્રીઓ જે ઘરકાર્ય કરી શકતી તેનો ½ ભાગ પણ આજની ઘરની સ્ત્રીઓ અને વહુઓ કરી શકતી નથી. અધુરામાં પૂરું શેઠાઈ પ્રવેશી જવા પામી છે. એટલે ઘરના રામાઓ અને નોકર-ચાકરોને ભાગે આવા પરચુરણ કાર્યો આવી ગયા છે.

## સ્ત્રીઓ માટેના વ્યાયામો

આ સ્થિતિ આજે પ્રવર્તેલી હોવાથી જ સ્ત્રીઓને માટે વ્યાયામની ખાસ જરૂર રહેલી છે. સ્ત્રી અબળા મટી સબળા બને તેવા પ્રયત્નો અવશ્ય કરવા જોઈએ. સાંજના સમયે ખુલ્લી હવામાં નિત્ય ફરવા જવું, સવારે પ્રાતઃકાળે ઊઠી ફરવું, ઘરકામ કરવું, પાણી ભરવું તથા એવા જ બીજાં કસરતી કામો કરવાથી પણ શરીર કસાય છે અને સ્ફૂર્તિ મળે છે. બહેનો માટે કેટલાક ખાસ યોગના

આસનો પણ આવે છે એ આસનો પણ તેઓ સમય અને સાધન હોય તો કરે.

છાશ વલોવવી, પાણી ખેંચવું, કપડાં ધોવા, દોડવું, ફૂદડી ફરવી, રેંટિયો કાંતવો તથા ગરબે ઘૂમવું વગેરે કાર્યોમાં પણ વ્યાયામ



છાશ વલોવવામાં પણ વ્યાયામ મળે છે. એનાથી શરીરનું સુડોળપણું ઘડાય છે અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે.

રહેલો છે. સ્ત્રીઓ માટે આ પૂરતી કસરત છે. એ જો નિત્ય નિયમસર કરવામાં આવે તો બહેનોને એનાથી જરૂર લાભ થાય અને શરીર કસાયલું અને દ્રઢ બને ગાંધીજીએ સ્ત્રીઓના સ્વાસ્થ્ય અને દેશોન્નતિના એક માત્ર સાધન તરીકે રેંટીયાની જ ગણના કરી

છે. દળવાથી પણ શરીરના પ્રત્યેક અવયવોને વ્યાયામ મળે છે. વળી હાથથી દળાયલો લોટ શરીરને માટે વધુ પુષ્ટિકારક અને સ્વાદિષ્ટ પણ હોય છે; એટલે એનાથી બે લાભ મળે છે. જે બહેનો સાધન સંપન્ન હોય તેઓ સ્વચ્છ હવામાં રમવાની, સાઇકલીંગ, રાઈડિંગ, ટેનિસ કે પછી એવી જ રમત-ગમતો કરી વ્યાયામ કરી શકે છે.

## સિંહણ બનો !

બહેનો વ્યાયામને પોતાના જીવનનું અંગ બનાવશે ત્યારે જ આપણી માયકાંગલી બહેનોમાં નવજીવન પ્રવેશશે અને ત્યારે જ તેઓ અબળા મટી સબળા થઈ સિંહણ સમી ગર્જશે. તે સમયે કોઈની પણ તાકાત નથી કે તેમની શક્તિના પ્રચન્ડ ધોધને રોકી શકે. ગરીબ, પરને આધિન બનેલી, માયકાંગલી અને નિરાધાર, સત્વ વગરની બહેનોમાં ત્યારે જ જાગ્રતિનો અવિરત પ્રવાહ વહેશે, ત્યારે જ બહેનોમાં સ્ફૂર્તિ, કામ કરવાની ધગશ અને પોતાના જ પગ પર ઊભા રહેવાની શક્તિ પ્રકટ થશે.

## પશ્ચિમની બહેનોની જાગ્રતિ શેને આભારી છે?

પશ્ચિમની બહેનોમાં જાગૃતિનો જે જોશ છે, તેમનામાં સ્વતંત્ર રહેવાની જે ખુમારી અને બુદ્ધિબળથી કાર્ય કરવાની જે તત્પરતા છે તેનું કારણ પણ તેમની વ્યાયામપ્રિયતા અને કસરતી શરીર જ છે. એમણે પોતાની આ ઉન્નતિ વ્યાયામ દ્વારાજ મેળવી છે. મર્દાનગી ભરી રમતો રમીનેજ આપણી શૂરી રાજપૂતાણીઓએ ઇતિહાસમાં નામના મેળવી હતી. મર્દાનગી ભર્યા કામો કરીને જ ઝાંસીની શૂરી રાણી લક્ષ્મીબાઈએ પુરુષની છાતીને પણ થીજાવી દે એવા કાર્યો કરી 'મર્દાની રાણી'નું બિરુદ મેળવ્યું હતું. વ્યાયામ જ સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવાના પ્રયત્નમાં સક્રિય સાથ આપી શકશે.

# સ્થૂલ શરીર : સૌન્દર્યનો શત્રુ

## સ્થૂલ શરીર સૌન્દર્યનો શત્રુ છે

અતિ સ્થૂલ શરીર એ સૌન્દર્ય માટે હાનિકારક ગણાયું છે. એને સૌન્દર્યનો શત્રુ પણ કહેવામાં આવે છે. ચરબીવાળું શરીર બેડોળ લાગે છે એટલું જ નહિ પરન્તુ એથી શરીરમાં આળસ અને કામ કરવાની અશક્તિ પણ પ્રવેશી જાય છે. પરિણામે તે કંઈ પણ કાર્ય કરવા માટે અશક્ત બને છે અને તેને બીજાંઓની દયા ઉપર જીવવું પડે છે.

## પહેલાની અને આજની સ્થિતિ

આગળના વખતમાં સ્ત્રીઓને માટે કેટલાક ઘરકાર્યો એવા હતા કે જેને લઈને તેમને પૂરતી કસરત મળતી. તેમનાં શરીરનું પ્રમાણ સુડોળ રહેતું અને અવયવો ઘાટીલા બનતાં. આજે એવા કાર્યો રહ્યા નથી. પાણી ખેંચવા માટે, ઘરકામ કરવા માટે, વસ્ત્રો ધોવા માટે તથા બીજાં નાના–મોટા કામો માટે નોકર–ચાકરની જરૂર પડે છે. પરિણામ એ આવે છે કે ચરબી ઘટાડવા માટેની તક મળતી નથી અને તે દિનેદિને વધતી જ જાય છે.

## શરીરની ચરબી ઘટાડવા માટેના ઉપાયો

પશ્ચિમનાં વ્યાયામ વિશારદોએ ચરબી ઘટાડવા માટે–શરીરની સ્થૂલતા ઓછી કરવા માટે અનેક પ્રયોગો અજમાવ્યા છે, અને તેઓ ઘણાંમાં સફળ પામ્યા છે. તેમનું કથન છે કે શરીરની ચરબીને ઘટાડવા માટે નિયમસર વ્યાયામ કરવો જરૂરનો છે. આ વ્યાયામ સ્ત્રીઓને નિત્યના ઘરકામમાં પૂરતા પ્રમાણમાં મળી રહે છે. પરન્તુ હાલમાં ઘરકામ તરફ સ્ત્રીઓનું મન વળતું ન હોવાથી તેમને માટે બીજાં ઇલાજો પણ યોજાયા છે.

## ચરબીને ઘટાડવા માટે અપવાસ કરો

શરીરની ચરબીને દૂર કરવા માટેનો સૌથી અસરકારક માર્ગ અપવાસનો છે. અપવાસમાં રોગને દૂર કરવાની, શરીરની સ્થૂલતાને ઘટાડી દેવાની તેમજ બદહજમીને મિટાવી દેવાની શક્તિ છૂપાયેલી છે. એક સ્ત્રી કે જેની વય ૨૦ વર્ષની હતી તેનું વજન ૨૬૨ રતલનું હતું. ઉંચાઈ ૫ ફીટ ત્રણ ઈંચની હતી. આટલી વયમાં આ વજનને લઈને તે બેડોળ બની ગઈ હતી. બધાં જ તેની મશ્કરી કરતાં. કોઈપણ કામ એ કરી શકતી નહોતી. ઊઠતાં-બેસતાં તથા કામ કરતાં એને ભારે ત્રાસ અનુભવવો પડતો. અન્તમાં તેણે અપવાસનો અખતરો અજમાવ્યો. આ અપવાસ દરમ્યાન તેણે ફક્ત નારંગીના રસ સિવાય કંઈજ લીધું નહિ. આમ થોડાંક દિવસ પછી તેણે સાદો અને હલકો ખોરાક લેવો શરૂ કર્યો. આ ખોરાક સાથે તે એક નારંગી પણ લેતી. પાછળથી તેણે નાસ્તામાં થોડું દૂધ અને પાઉં લેવા માંડ્યા. આ પ્રયોગ સોળ અઠવાડીયા સુધી તેણે કર્યો. આ દરમ્યાન તેનું વજન ૭૫ રતલ જેટલું ઘટી ગયું. વળી તેનામાં કામ કરવાની શક્તિ, જોર અને સ્ફૂર્તિ પણ આવી. કામ કરતાં, ઊઠતાં-બેસતાં હવે તેને જરાય શ્રમ થવા માંડ્યો નહિ. અને જાણે નવો જ અવતાર તે પામી હોય એમ લાગવા માંડ્યું.

બીજી એક સ્ત્રીએ પણ પોતાનું વજન ઘટાડવા માટે અપવાસનો અખતરો અજમાવ્યો. એનું વજન ૨૪૦ રતલ હતું. એકવીસ દિવસના તેણે અપવાસ કર્યા. આ અપવાસમાં એકદમ હલકો નહિ જેવો ખોરાક તેણે લેવા માંડ્યો. અપવાસ બાદ તેનું વજન ૬૦ રતલ ઘટી ગયું અને તેનામાં અજબ સ્ફૂર્તિ આવી ગઈ. પહેલાં એ જે કામ કરી શકતી નહોતી તે કામ કરતાં હવે તેને જરાય શ્રમ પડતો નહોતો.

## વ્યાયામથી પણ સ્થૂલતા ઘટી જાય છે

અપવાસના જેવોજ સફળ પ્રયોગ કસરતનો છે. બહેનોને વ્યાયામ મળે તેવી અનેક કસરતો આપણા ઘરકામમાંથી મળી શકે છે. પહાડ-ટેકરા ચઢવા–ઊતરવા, લાંબી મજલ ચાલવું, પાણી ખેંચવું, લીલાછમ ખેતરોમાં ફરવું વગેરે કસરત પણ સ્થૂળ શરીરને કસાયલું અને સુડોળ બનાવે છે. એક સ્ત્રી વજનમાં બહુ ભારે અને ચરબીવાળી હતી. તેણે પહાડ–ટેકરા ચઢવા–ઊતરવાની તથા ખેતરમાં ફરવાની-દોડવાની કસરત કરવા માંડી. આ ઉપરાંત શરીરના જુદા જુદા અવયવોના સ્નાયુઓને મજબૂત કરવા તરફ પણ તેણે લક્ષ આપ્યું. ખોરાક પણ મધ્યમ લેવો શરૂ કર્યો. પરિણામ એ આવ્યું કે તેના શરીરની ચરબી ઘટી ગઈ અને તેનું શરીર તાકાતવાન તથા સુડોળ બન્યું.

## યોગના આસનો

યોગના અમુક આસનો દ્વારા પણ શરીરની સ્થૂલતા ઘટાડી શકાય છે. આ માટે જે આસનોનો ઉપયોગ કરી શકાય તે આસનોનો અભ્યાસ પાડવો. આસનો શીખવા સહેલા છે પરન્તુ તેનો ઉપયોગ પદ્ધતિસરનો અને નિયમસર જ નિષ્ણાતની સલાહ લઈ કરવો.

## એ શત્રુને દૂર કરો !

સ્ત્રીઓ માટે શરીરની ચરબી અને સ્થૂલતા એ એક શત્રુ સમાન છે. સૌન્દર્યના એ શત્રુને તો દૂર કરે જ છૂટકો છે. બહેનો પોતાની તાકાત કેળવવા માટે વ્યાયામનો ઉપયોગ કરે એ આ જમાનામાં અતિ જરૂરનું છે.

# ઘરની રાણી

ભાગ ૨ જો.



# પતિને વશ કરતાં શીખો

## પતિને વશ કરવાની કળા શા માટે શીખવી જોઈએ?

પતિ અને પત્ની એકબીજાને અનુકૂળ બને તો જ ગૃહસંસારનું સુખ સંપૂર્ણપણે ભોગવી શકાય છે. એના વગર જીવન દુઃખમય બને છે. આ માટે જ સ્ત્રીઓએ પતિને વશ કરવાની કળા શીખવી જરૂરની છે. સ્ત્રી ગમે એવી શિક્ષિત કે સ્વરૂપવાન કેમ ન હોય, એ શ્રીમન્ત કે સંસ્કારી હોય તો પણ આ કળાને જાણ્યા વગર તે પતિની હૃદયેશ્વરી બની શકતી નથી.

## "દ્રૌપદી! તેં તારા પતિઓને કેવી રીતે વશ કર્યા છે?"

મહાસતી દ્રૌપદીને એક સમયે સ્વરૂપવાન સત્યભામાએ એકાન્તમાં પ્રશ્ન પૂછ્યો:–" હે દ્રૌપદી! મહાશૂરવીર, મજબૂત મનોબળ અને સારીય સૃષ્ટિને ધ્રુજાવનારા પાંડવો પ્રત્યે તમે કેવા આચરણથી વર્તો છો? તેઓ તમને જ ચહાય છે અને તમારા જ રૂપ–ગુણ પ્રતિ લુબ્ધ બન્યા છે તેનું ખરૂં કારણ શું? પાંડવો નિરંતર તમને વશ અને તમારૂં જ મુખ જોનારા છે તેનું કારણ શું? તમે શું કંઈ વ્રત, ઉપવાસ, જાદુ–ટાણા, વશીકરણ મંત્ર કે પછી કામશાસ્ત્રની વિદ્યા કે એવા જ કોઈ પ્રયોગનો ઉપયોગ કર્યો છે ખરો? એવું જો હોય તો મને તે જણાવો. હું મારા પતિ શ્રીકૃષ્ણને વશ કરવા માગું છું. હું ઈચ્છું છું કે પાંડવો જેવી રીતે તમને એકલાને જ વશ છે તેવી જ રીતે શ્રી કૃષ્ણ મારા એકલામાં જ લુબ્ધ બને–તેઓ મારા પોતાના જ વશમાં રહે.

## દ્રૌપદી પોતાનો વશીકરણ મંત્ર સમજાવે છે

સત્યભામાનો આ પ્રશ્ન સાંભળી દ્રૌપદીએ કહ્યું:–" હે સત્યભામા! તમે મને અસત્ સ્ત્રીઓના આચરણ પૂછો છો? અસત્ સ્ત્રીઓએ

કરેલાં અસત્ આચરણોનો ઉત્તર કેમ આપી શકાય ? શ્રી કૃષ્ણના તમે સ્ત્રી છો એટલે આવા પ્રશ્ન પૂછો તથા આવો સંશય રાખો એ કંઈ યોગ્ય નથી; પણ તેવી સ્ત્રીઓના સરખી બુદ્ધિવાળા છો માટે જ તમે આ પૂછો છો. સ્ત્રી પતિને મંત્રાદિથી વશ રાખતી હોય તો પતિને જ્યારે તેની જાણ થાય ત્યારે તે બમણા વેગથી ઉદ્વેગ પામે છે અને સ્ત્રી પ્રત્યે નફરત કરવા લાગે છે. એકબીજા પ્રત્યે અવિશ્વાસ ઉપજ્યા પછી સુખ પણ ક્યાંથી મળે ? માટે સ્ત્રીને મંત્રાદિથી પતિ–કદી વશ થતોજ નથી.

## પતિને વશ કરવા માટે ઔષધ-પ્રયોગનું સાધન

વળી અસત્ સ્ત્રીઓ પોતાના પતિને વશ કરવા સારૂ કોઈની પાસેથી ઔષધ કરાવે છે. જેની પાસેથી ઔષધ લીધું હોય તે પુરુષ તેનો અમિત્ર હોવાથી તેનામાં રોગ ઉત્પન્ન કરે છે. ત્યાર પછી તે સ્ત્રી પોતાના પતિને થયેલા રોગને મટાડવા માટે જેણે પ્રથમ ઔષધિ આપી હોય છે તેની પાસેથી જ ઔષધ લે છે. પણ તે રોગને મટાડવાની દવા જાણતો નથી તેથી તેને નાશ કરવાની ઇચ્છાથી વિષ આપે છે અથવા એવા ઔષધ આપે છે કે જેનો પુરુષ જીભથી અથવા શરીરની ત્વચાથી સ્પર્શ કરે કે તત્કાળ જ નાશ પામે છે. આમ સ્ત્રી પતિઘાતીની બને છે અને પછી તેને લંપટ બની જતાં પણ વાર લાગતી નથી.

## પતિ કેવી રીતે વશ બને ?

હું કેવા માર્ગથી વર્તું છું તે સાંભળ. અહંકાર, કામ તથા ક્રોધનો ત્યાગ કરીને હું પ્રયત્નથી સદૈવ પાંડવોની સેવા કરૂં છું. મારા પતિએ ભોજન ન કર્યું હોય, સ્નાન ન કર્યું હોય તથા તે બેઠા ન હોય, તો હું ભોજન તથા સ્નાન કરતી નથી અને બેસતી પણ નથી. કેવળ ગૃહનાં કામકાજ જ કરૂં છું. મારા પતિ ક્ષેત્ર, વન અથવા

ગામમાંથી આવતા હોય, તો તેને જોઈને હું ઊભી થઈ આસન તથા જળાદિ આપીને હર્ષની પ્રાપ્તિ કરૂં છું. ગૃહના સાહિત્યોને સાફ રાખનારી, સમયપરત્વે પોતાના પતિને ભોજન આપનારી, સાવધાન, ધાન્યાદિની સંભાળ રાખનારી, કોઈ દિવસે તિરસ્કારપૂર્વક નહિ બોલનારી, દુષ્ટ સ્ત્રીઓના સંગ વગરની તથા આળસ વગરની હું નિત્ય પતિને અનુકૂળ વર્તું છું.

## દ્રૌપદીએ પાંડવોને કેવી રીતે વશમાં રાખ્યા ?

કોઈ પુરુષ સાથે એકાન્તમાં વાતચીત કરતી નથી. પરપુરુષ સાથે હસીને કે પછી તેની આગળ પતિની નિંદા કે તેની વિરૂદ્ધ એક શબ્દ પણ બોલતી નથી. વળી હું અતિ હાસ્ય, અતિ રોષ તથા ક્રોધનો ત્યાગ કરી સદૈવ સ્વામીની સેવા કરવામાં તત્પર રહું છું. જેમાં મારા પતિને પ્રીતિ ન હોય, તે પદાર્થમાં મને કદી પ્રીતિ થતી નથી. હું કુલિન, સત્યવાદી, શ્રેષ્ઠ, સત્ય ધર્મનું પાલન કરનાર તથા સર્પ સરખા ક્રોધી પતિની સદૈવ સેવા કરૂં છું. સ્ત્રીઓએ પતિનો આશ્રય કરવો એ જ સનાતન સત્ય છે અને પતિજ દેવતા તથા ગતિરૂપ છે એમ માનું છું. મારા પતિની આજ્ઞા વિરુદ્ધ હું કદીપણ જતી નથી. તેમની આમન્યા મેં કદી પણ લોપી નથી. તેમની ઈચ્છા વગર ભોજન કરતી નથી તથા અલંકાર ધારણ કરતી નથી. સાસુની નિંદા પણ કરતી નથી. સેવામાં પરાયણ, અપ્રમાદ, તથા ગુરૂ અને વડીલોની સેવાને અંગે મારા પતિ વશ છે. મારા સાસુ કુંતીને કોઈ દિવસ પણ વસ્ત્ર, અલંકાર તથા ભોજન પ્રાપ્ત કરવામાં કલેશ ઉપજાવતી નથી તેમજ તેમની સામે એક શબ્દ પણ કાઢતી નથી.

હું નિત્ય પતિઓની પહેલાં ઊઠું છું અને તેમના પછી જ શયન કરૂં છું. આ બધા જ વર્તનને લઈને જ મારા પતિઓ મારે વશ છે. એમને વશ કરવા માટેનું મારૂં આ વશીકરણ શસ્ત્ર છે. હું અસત્ સ્ત્રીના આચરણ કરતી નથી તથા તેમ કરવાની કામના પણ રાખતો નથી.

## દ્રૌપદીએ સત્યભામાને શીખવાડેલો વશીકરણ મંત્ર

હે સખી ! તમારા પતિને વશ કરવાનો સાદો અને સહેલો માર્ગ કહું છું તે સાંભળ. શ્રીકૃષ્ણની તમે તનમનથી સેવા કરો. એમની ઈચ્છાને અનુકૂળ થઈ રહો. એ જેનાથી રાજી રહે તેવું કરો. એમની ગુપ્ત વાતોને તમે તમારા હૃદયમાં જ રાખો. એમને નિત્ય સ્વાદિષ્ટ ભોજન કરાવો. એમને ગમે તેવો શૃંગાર કરો. દુષ્ટ સ્ત્રીઓની સોબતનો ત્યાગ કરી દો. પરપુરુષની સાથે એકાન્તમાં વાર્તાલાપ ન કરો. આ પ્રમાણે વર્તશો તો તમારા યશ, સૌભાગ્ય અને સ્વાર્થની પ્રાપ્તિ થશે. શ્રીકૃષ્ણ તમને વશ બની જશે અને સદા તમારા જ કહ્યામાં રહેશે."*

પતિને વશ કરવા માટેની આ સૂચનાઓ કદાચ આધુનિક માનસ ધરાવનારી યુવતીઓને અનુકૂળ ન પણ જણાય. પરંતુ જેમને પતિ પ્રત્યે માન છે, જેમનામાં પતિ વિશે પૂજ્યભાવ છે અને જેઓ પતિની સાથે રહી તેમને પ્રિય બની સંસારની ધુરા ખેંચવા તૈયાર છે તેમણે આવા પ્રયત્નો કરી પતિની કૃપા–મહેરબાની–સહકાર પ્રાપ્ત કર્યે જ છૂટકો છે.

---

*શ્રી દ્રૌપદી અને સત્યભામાનો આ વિશેનો પૂરો સંવાદ જાણવાની જેમની ઈચ્છા હોય તેઓ મહાભારત વનપર્વ ૨૩૩ મો અધ્યાય જોઈ લે.

# સ્ત્રીએ પતિને વશ કરવા માટે શું કરવું જોઈએ ?

### પતિને અનુકૂળ બનો

પતિની સંપૂર્ણ ખૂશ નજરમાં જ સ્ત્રીની શોભા અને તેનો વૈભવ છે. સ્ત્રીનું સૌન્દર્ય બહારના લોકોને પ્રકટ કરાવવા માટે નથી પરન્તુ પતિના જ દર્શન માટે તે છે. એ સૌન્દર્યને ઉજ્જવળ બનાવવા માટે પતિની ઈચ્છાઓની અનુકૂળ વર્તન કરવું આવશ્યક છે.

### પતિ પોતાના હાથમાં જ રહે એવું દરેક સ્ત્રી ઈચ્છે છે

સ્ત્રીઓમાં સ્વાભાવિક જ ઈચ્છા હોય છે કે પતિ મારા વશમાં રહે. એ મને પૂછીને કામ કરે, ઘરનાં કાર્યોમાં, સામાજિક કે કૌટુમ્બિક કાર્યોમાં મને પૂછીને કામ કરે, એના પગારની રકમ મને સોંપી દે અને હું જ ઘરતંત્ર ચલાવું. આવી ઈચ્છા દરેક સ્ત્રીને થાય એ સ્વાભાવિક છે. પરન્તુ આ ઈચ્છાને સંતોષવા માટે કોઈ પ્રયત્ન કરતું નથી. પતિની સાથે જગજરામાં ગુસ્સે થઈ જનારી, ક્રોધમાંને ક્રોધમાં રિસાઈ પિયરને પંથે પળનારી, પતિનો માનમરતબો ન રાખનારી, વસ્ત્રો–અલંકારોને માટે નિત્ય કંકાસ કરનારી અને તેની મરજીથી વિરૂદ્ધ જઈને સ્વેચ્છાએ આચરણ કરનારી સ્ત્રીઓ પતિના જ ઘરને નહિ પરન્તુ પોતાના જ ઘરને અને પોતાના જ જીવતરને બગાડે છે.

### પતિ પર પ્રેમ રાખો

સ્ત્રીઓએ પતિને વશ કરવા માટે તેના ઉપર પ્રેમ રાખતાં શીખવું જોઈએ. પતિ ક્રોધી, તામસી, નગુણો, કમઅક્કલ કે પછી રખડેલ હશે તો પણ તેને ધીરેધીરે વશમાં લાવવાની ચાવી સ્ત્રીના હાથમાં રહેલી છે. ઘણી સ્ત્રીઓએ પોતાના પતિઓને સુધાર્યાના દાખલા મોજુદ છે. વંઠી ગયેલા પતિઓને પણ ઠેકાણે લાવનારી અનેક હિમ્મતવાન અને સહનશીલ સુન્દરીઓની ખોટ નથી. સ્ત્રી

પતિને પસંદ રાખવા તેની ઈચ્છાઓને આધીન બને, તેની ભૂલોને દાખલા-દલીલોથી સમજાવે, જેમાં તેને આનંદ આવતો હોય તે કામો કરે, તેની અંતરથી સેવા કરે. પતિ જરૂર વશ બનશે જ. સ્રીનો પ્રેમ પતિપર પૂરો હોય તો પતિની તાકાત નથી કે તે પત્ની પ્રતિ બેવફા બની બહાર ભટકતો ફરે.

## પતિના અંતરને જીતી લો!

પ્રેમનો ટહૂકો કરી પતિના અંતરને જીતી લો. ઘર સાફ અને સ્વચ્છ રાખો. તમારા પવિત્ર પ્રેમની અખંડ સ્નેહભરી નજર પતિ પર નાંખો. પતિની સાથે વાદવિવાદ ન કરતાં તેની આજ્ઞામાં જ રહેવાનું પસંદ કરો અને એ કહે તે જ મુજબ વર્તો. તમારા સંસાર-જીવનને સફળ બનાવવા માટેની આ સોનેરી ચાવીઓ છે.

## પુરુષ અને સ્રીના વિરૂદ્ધ વર્તનનું ફળ

જ્યાં પુરૂષ અને સ્રી એકબીજાથી વિરૂદ્ધ વર્તે છે, જ્યાં એક બીજા પ્રત્યે પ્રેમ નથી, જે ઘરમાં પ્રેમનો ટહૂકો નથી, જ્યાં સ્રી કટુ વચન બોલનારી હોય છે અથવા તો પતિની સાથે જરાજરામાં ઝઘડે છે, જ્યાં રસની છલબલ અને હૃદયના ઉમળકા નથી, જ્યાં આંખેઆંખનું મિલન થઇ સ્નેહરસનાં ઘુંટડા ભરાતા નથી એવા ઘરમાં પુરૂષ અથવા સ્રીના ઉછળતા આત્માના કોડ શી રીતે પૂરા થાય? અને આવા ઘરનું સંસારચક્ર સફળ રીતે પણ કેવી રીતે ફરે?

## પ્રેમની ગાંઠને મજબૂત કરો!

સ્રી-પુરૂષની લગ્નગાંઠ એ કંઈ હૃદયની ગાંઠ નથી. એને તો રૂઢીના બંધન કહી શકાય. એ ગાંઠ હૃદયની નથી એટલે એને હૃદય સ્વીકારે પણ કેવી રીતે? એ ગાંઠ તો કાચી કહેવાય. જરા ખેંચો તો તૂટી જાય. સ્રીએ પુરુષની સાથે લગ્ન કર્યાં એટલે તે તેને વફાદાર રહેશે એવું કંઈ પૂરવાર થતું નથી. એ ગાંઠને પાકી કરવાનું કામ

તો સ્ત્રીઓનું જ છે. પતિના હૃદય સાથે ગાંઠ બાંધી સ્ત્રી ધારે તો સંસારમાં પણ સ્વર્ગ ઊતારી શકે. પતિને ચરણે પોતાનું તનમન ધરી, તેના જ સુખમાં સુખ અને તેનાજ દુઃખમાં દુઃખ સ્વીકારી લેવામાં આવે ત્યારે જ પ્રેમના બંધન મજબૂત બને છે. ત્યારે જ કાચા સૂતરની ગાંઠ પાકી વજ્ર જેવી થાય છે. અને એ જ સાચી ગાંઠ છે. પ્રેમ કંઈ સોદાનું બજાર નથી. એમાં ફેરફાર પણ ન કરી શકાય. એમાં તો બધું જ આપવાનું–લેવાનું કંઈજ નહિ.



પતિના હૃદય સાથે ગાંઠ બાંધી સ્ત્રી ધારે તો સંસારમાં પણ સ્વર્ગ ઊતારી શકે છે. એને જ સાચી લગ્ન ગાંઠ કહી શકાય.

### અસંતોષનો ત્યાગ કરો

પતિ પર જે સ્ત્રીનો પ્રેમ છે તે સ્ત્રી કદી પણ પોતાના હક્કની વાતો ન કરે. પતિમાં તેને અવિશ્વાસ પણ કદીએ ન થાય. હક્કની વાતો અસંતોષમાંથી જન્મે છે. આ અસંતોષનું કારણ બેમાંથી એક આપે છેજ. સ્ત્રી અસંતોષનો ત્યાગ કરી દે. પતિના પ્રતિ સદા સંતોષ જ ધારણ કરે તો તકરાર, રોષ કે વિતંડાવાદને સ્થાન મળતું જ નથી. સ્ત્રીએ પોતાનો અસંતોષ કદી પણ પતિની આગળ પ્રકટ ન કરવો. પોતે સંતુષ્ટ છે જ એવો ભાવ ધારણ કરવો અને ત્યારેજ પતિને તે જીતી શકશે.

### આત્માનો શણગાર સજો

સ્ત્રીએ વસ્ત્રાભૂષણની મરજી સુદ્ધાં પણ ન કરવી જોઈએ. પતિ જે અલંકારો–વસ્ત્રો આપે તેમાં જ તેણે સંતોષ માનવો જોઈએ. જેણે પોતાના આત્માનો શૃંગાર સજ્યો છે તેને મન શરીરનો શણગાર તુચ્છ છે.

### સ્ત્રીઓ પતિ પર શાસન કરતી આવી છે

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે સ્ત્રીઓ પતિ પર શાસન કરતી આવી છે. પતિના સુખદુઃખમાં, તેની મુશ્કેલીઓમાં અને જ્યારે તેને બહાર અંતર ઠાલવવાનું ઠામ નથી હોતું ત્યારે સ્ત્રીઓ જ પતિને યોગ્ય હિંમત, સાન્ત્વન આપે છે. ત્યારે જ સ્ત્રીઓ પતિને માર્ગદર્શન કરાવી પોતાની મહત્તા પૂરવાર કરી બતાવે છે.

### સ્નેહની અમીદૃષ્ટિથી પુરુષને વશ કરો

પુરૂષને વશ કરવા માટે સ્ત્રીની એક જ સ્નેહભરી અમીદૃષ્ટિ બસ છે. પતિ આખા દિવસના પરિશ્રમ પછી ઘરમાં આવે ત્યારે તેનો મૃદુ હાસ્યથી સત્કાર કરી તેના સારાય પરિશ્રમને ઊતારી નાંખો. એને પ્રિય હોય એવો શણગાર સજો. એને ભાવતાં ભોજન બનાવો, એને ગમે તેવી વાણી ઉચ્ચારો અને એ જેનાથી ખૂશ થાય તેવું વર્તન કરો. સંસારને સ્વર્ગ સમાન બનાવવું હોય, પતિને પોતાના વશમાં રાખવો હોય તો આ મુજબ વર્તો.



# પુરુષોને શું ગમે છે?

## પોતાના પતિને શું ગમે છે તે જાણી લો



ઘણા પતિઓને સૌન્દર્યવાળી લજ્જા પણ ગમે છે

સ્ત્રી પોતાના પતિને જીતી શકે તે માટે તેણે પોતાના પતિને પ્રિય હોય એવા ગુણો કેળવવા જોઈએ. પોતાના પતિને શું ગમે છે, તેને કેવી રીતે રીઝવવો તથા કેવા કામો કરવા કે જેથી તે રીઝી જાય વગેરે બાબતો સ્ત્રીઓએ જાણવી આવશ્યક છે. પતિને ગમે તેવા થવું, એને જે પ્રિય હોય તેવી વસ્તુઓ લાવવી, તેવો શણગાર સજવો, તેવા ભોજનો બનાવવાં, પોતાના પતિની ઇચ્છા શું છે, બીજી સ્ત્રીઓ પ્રતિ તે કયા ગુણોને લઈને આકર્ષાય છે વગેરે સ્ત્રીએ જાણી લેવું ઘટે છે. સ્ત્રીએ પતિની ખુશીમાં જ પોતાની ખુશી અને એના આનંદમાં જ પોતાનો આનંદ માનવો જોઈએ.


### પુરુષોને ગમે તેવા બનો

ઘણા પુરુષો એવા હોય છે કે જેઓ પોતાની સ્વરૂપવાન સ્ત્રીઓને છોડીને પરસ્ત્રીઓમાં આસક્ત બને છે. એનું કારણ શું? પતિને લોભાવવા માટે ઉચ્ચ શિક્ષણ, ધનના ઢગલા કે રૂપનો ઝાકઝમાળ જરૂરનો નથી. એને માટે તો કામકળાના જ્ઞાનની જરૂર છે. કેટલાક લોકો એવા હોય છે કે જેઓ પોતાની અપ્સરા સમાન સુંદર સ્ત્રીઓને છોડીને પરસ્ત્રીઓના હાવભાવમાં લુબ્ધ બને છે. પોતાની જ સ્ત્રી રૂપવાન હોવા છતાં પણ તેઓ બીજી

સ્ત્રીઓના રૂપને, તેના હાવભાવને વખાણે છે. કિંમતી વસ્ત્રાભૂષણોથી સજ્જ થયેલા સ્વપત્નીના શૃંગારમાં તેને આકર્ષણ લાગતું નથી અને બીજી સ્ત્રીઓના શૃંગારને તે વખાણે છે. એનું કારણ શું? એ સ્ત્રીઓમાં હાવભાવનું જ્ઞાન, પતિ કેમ આકર્ષાય તથા શૃંગારની સજાવટનું સંપૂર્ણ જ્ઞાન હોય છે અને આ કારણોને લઈને જ પુરુષોને તેમનામાં કંઈક નવીન તત્વો માલમ પડે છે. પુરુષોને વશ કરવા માટેની આ કલાઓ દરેક પત્નીએ શીખવી જરૂરની છે.

## પુરુષોને શું ગમે છે?

કયા ગુણોથી પુરુષોને રીઝી શકાય તેનો કોઈ નક્કી ઉત્તર આપવો મુશ્કેલ છે. દરેક મનુષ્યની રૂચિ અલગ-અલગ હોય છે. કોઈને શૃંગાર ગમે છે, કોઈને અપ-ટુ-ડેટપણું ગમે છે, કોઈને સીધી, સાદી પણ લજ્જાળુ સ્ત્રી ગમે છે, કોઈ રૂપ પસંદ કરે છે તો કોઈ પોતાને આજ્ઞાંકિત હોય એવી સ્ત્રીને પસંદ કરે છે. ઘણા પોતાની પત્નીને પશ્ચિમની ઢબનો શણગાર સજાવે છે. ઘણાને એવા શણગાર પ્રત્યે ચીઢ હોય છે. પોતાની સ્ત્રી સોસાયટીમાં ફરે હરે, બીજાઓની સાથે છૂટથી વાતો કરે, સ્ત્રી પોતાના સોબતી તરીકે રહે એવું ઘણાને ગમે છે. તો ઘણાને આવા ગુણો પ્રત્યે નાપસંદગી હોય છે. કહેવાનું તાત્પર્ય



પોતાની સ્ત્રીમાં પ્રાચીન ભાવોનું અનુકરણ હોય, સહજ લજ્જા અને શોભા હોય એવું પણ ઘણાને ગમે છે.

એ કે દરેકને પોતપોતાની સ્વતંત્ર રૂચિ હોય છે. લયલા અમાવાસ્યાની અંધકારમયી રજનીની જેમ કાળી હતી. કિન્તુ મજનુ તેના પર પાગલ બન્યો હતો. એણે એનામાં એવું તે શું આકર્ષણ જોયું કે તેને એની દ્રષ્ટિમાં લયલાના જેવી સુંદર સ્ત્રી સમસ્ત સંસારમાં પણ ન જણાઈ ?

આગળ જણાવ્યું તેમ દરેકને સ્વતંત્ર રૂચિઓ હોય છે. ઘણા સ્ત્રીના લાંબા વાળ પર મુગ્ધ હોય છે. કોઈ ગૌરવર્ણ પર મોહાય છે તો કોઈ સ્ત્રીના હાવભાવ અને તેના નખરા પર મોહાય છે. પોતાની સ્ત્રી રાત-દિન કામ કરે, કરકસર કરે અને વ્યવહારમાં કુશળતાથી વર્તે એવી સ્ત્રીને ઘણા પસંદ કરે છે. કેટલાક પતિદેવો એવા રસિક હોય છે કે જેઓ સ્ત્રીની પ્રેમમયી વાતચીત અને હસમુખી મૂર્તિથી જ આનંદનો અનુભવ કરે છે. આથી જ સ્ત્રીઓએ એવા ગુણો અને રીતિઓ શોધી કાઢવી જોઈએ કે જેનાથી પોતાના પતિ લોભાય અને તેના વશમાં રહે.

## પુરુષોને ગમતાં ગુણો

પુરુષોને કેવા ગુણો ગમે છે તેનું કંઈ નક્કી ધોરણ નથી છતાં પણ જે સાધારણ ગુણો છે અને જેનાથી પુરુષો આકર્ષાયા કરે છે તેવા કેટલાક ગુણોનું વર્ણન અહીં આપવામાં આવે છે.

## આકર્ષક રૂપ

સૌથી પહેલો ગુણ લોભાવનારૂં રૂપ છે. સ્ત્રી અતિ રૂપવતી હોય એ આવશ્યક નથી. પરન્તુ એનો શૃંગાર, વસ્ત્રાલંકારો આદિની રચના-સફાઈ એવી હોય કે જેનાથી એનું શરીર સુન્દર અને આકર્ષણ-વાળું જણાય.

## સરળતા અને વિનયભાવ

બીજો ગુણ હૃદયની સરળતા અને વિનયભાવ છે. પુરુષ કપટી જુઠ્ઠા પુરુષની જેટલી ઘૃણા કરતો નથી એટલી ઘૃણા તે કપટી અને

 બુદ્ધી સ્ત્રીની કરે છે. સ્ત્રીએ વિનયભાવ કેળવવો જરૂરનો છે. આ ગુણ તેનામાં સૌન્દર્ય અને લજ્જા એમ બન્ને ભાવો અપાવે છે. કપટી અને દગાખોર વર્તનવાળી સ્ત્રી પતિનો વિશ્વાસ મેળવી શકતી નથી એટલું જ નહિ પરન્તુ તે કોઈની પણ પ્રીતિપાત્ર થઈ શકતી નથી.

## સ્ત્રી પુરુષના કરતાં બુદ્ધિમાં ઓછી જ હોવી જરૂરની છે !

પુરુષ સ્ત્રીને પોતાનાથી ઓછી બુદ્ધિવાળી જોઈને જ પ્રસન્ન થાય છે. ચતુરાઈમાં સ્ત્રી પોતાનાથી ચઢીયાતી હોય તો તેનું મન માનતું નથી અને એ ઉદાસ જ રહ્યા કરે છે. મેટ્રીક પાસ થયેલો પુરુષ એક ગ્રેજ્યુએટ સ્ત્રીની સાથે લગ્ન કરી વાસ્તવિક સુખની પ્રાપ્તિ કરી શકતો નથી. કારણ, તેને એમાં કંઈક ન્યૂનતા અને શરમ લાગ્યા કરે છે. આથી જ સ્ત્રીએ પોતાની બુદ્ધિ અને ચતુરાઈના વખાણ કદી પણ કરવા નહિ અને પોતે પતિથી ઓછી કુનેહ બુદ્ધિવાળી છે એવો જ ભાવ પ્રદર્શિત કરવો. વળી પતિની બુદ્ધિ અને તેની ચતુરાઈનો દોષ કદી પણ પ્રકટ કરવો નહિ. સ્ત્રીની બુદ્ધિથી પુરુષ ડરી શકે છે પરન્તુ તે પ્રેમ કરી શકતો નથી. એનાથી વિપરીત સ્ત્રી પણ પોતાનાથી બળવાન પુરુષથી પ્રસન્ન રહે છે. એ પોતાના ઈશારા પર નાચનારા પુરુષને કદી પણ પસંદ કરતી નથી.

## સેવા અને નમ્રતા

પુરુષ હૃદયને આકર્ષવાનો મુખ્ય ગુણ સેવા અને નમ્રતા છે. સ્ત્રીએ પુરુષની સેવા કરવી અને નમ્રતાની સાથે વર્તવું. પોતાની છૂપામાં છૂપી વાતો પણ તેણે સમય આવે પતિ સમક્ષ પ્રકટ કરી દેવી. એથી પતિનો પ્રેમ વધે છે અને સ્ત્રીને પણ શાન્તિ મળે છે. પુરુષ પ્રેમ–શૂન્ય, નફફટ અને કામમાં આખી હોય એવી સ્ત્રીને કદી પણ પસંદ કરતો નથી. કલાગરી સ્ત્રી જ પતિને જીતી શકે છે.

## કોમળતા અને વાણીનું માધુર્ય

પુરુષ એવી સ્ત્રીને ચહાય છે કે જે એની ન્યૂનતાઓને સહી શકે, એના દોષોને જાણવા છતાં પણ તેની સાથે પ્રેમ કરે. જેના વ્યવહારમાં કોમળતા અને વાણીમાં માધુર્ય છે એવી સ્ત્રીને જ પુરુષ ચહાય છે. સ્ત્રીએ તેવા બનવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ.

## કરૂણતા અને દયાભાવ

પુરુષને એવી સ્ત્રીઓ પસંદ પડે છે કે જેનામાં કરૂણતા અને દયાભાવ હોય. બીજાના દુ:ખને જોઈને જેનામાં સહાનુભૂતિ પ્રકટે. કોઈ અનાથ અને અશરણ બાળકને જોઈને જે તેને પોતાની ગોદમાં ઉઠાવી લે. જેનું હૃદય કોમળ અને સહૃદયતાથી ભરેલું છે એવી જ સ્ત્રીઓ પતિને ગમે છે. પોતાના જ સંતાનોમાં સ્વર્ગ જોનારી, કટુભાષિણી અને જેની જીભ સદા ઘાસ જ કાપ્યા કરતી હોય એવી અને ઉદાસ તથા ચૂપ બેસી રહેનારી સ્ત્રીઓથી કોઈ પુરુષ પ્રસન્ન થતો નથી.

## પ્રસન્નતા

પુરુષને આકર્ષનારો સ્ત્રીનો મુખ્ય ગુણ પ્રસન્નતા છે. સ્ત્રી સ્વયં પ્રસન્ન રહે તો બીજાઓને પણ તે પ્રસન્ન રાખી શકે છે. સ્ત્રીનો આ જ ગુણ પુરુષનો શોક, થાક આદિ ઊતારી તેને સાન્ત્વન, ધૈર્ય અને તાઝગી બક્ષી શકે છે. થાકેલા અને કંટાળેલા પુરુષને સ્ત્રીએ પ્રસન્નતાથી આરામ આપવો. તેને જે વાતમાં આનંદ આવે, જેમાં તેને હર્ષ થાય તેવી જ વાતો કરવી. પતિને આનંદ આપવા માટે પૂર્વકાળમાં સ્ત્રીઓ નૃત્ય અને સંગીત પણ શીખતી હતી. એમના એ શિક્ષણ પાછળ પતિના મનોરંજનનો જ હેતુ રહેતો. વાત્સ્યાયન કામસૂત્રમાં પણ સ્ત્રીઓને ૬૪ કલાઓથી માહિતગાર થવા માટેની જરૂરીયાત પર ભાર મૂકેલો છે. સંગીત, નૃત્ય અને શૃંગાર એ

સ્ત્રીઓનાં જ છે. સ્ત્રીઓ એને જેટલા શોભાવી શકે એટલા પુરુષો તે શોભાવી શકતા નથી. પતિને સંગીતથી આરામ મળતો હોય તો સંગીત સંભળાવવા માટે પણ સ્ત્રીએ તૈયાર રહેવું જોઈએ.

## પતિને રીઝવવાની જરૂર

પતિને આરાધવાની પ્રથા પ્રાચીન કાળથી ચાલી આવી છે. પણ હાલની અને અત્યારની પ્રથામાં ફેર છે. પૂર્વે પતિને ફૂલથી પૂજવામાં આવતો. દૂધ–ઘી–શર્કરા, મધ વગેરેના પંચામૃતથી પાય-વંદના કરી તેનું ચરણામૃત લેવામાં આવતું. સ્ત્રીમાં પતિના કલ્યાણની જ નહિ પરન્તુ તેના કલ્યાણમાં પોતાના કલ્યાણની ભાવના પણ રહેતી. ભગવાન શંકરને પ્રસન્ન રાખવા માટે જગજ્જનની પાર્વતીને નવા નવા સ્વાંગ સજવા પડયા હતા. દેવીનો વેશ તજીને ભીલડીનો વેશ લેવો પડયો હતો. એ રૂપમાં ભગવાન શંકર પોતાની પત્ની પાર્વતીને પિછાની શકયા નહોતા. એટલી હદ, એટલી કોટિની કળા પાર્વતીને સાધવી પડી હતી. પણ આ બધું પતિને રીઝવવા માટે જ હતું. એટલે જ પતિ જેનાથી રીઝે તેવા થવામાં પત્નીએ જરાય પણ નાનમ જોવાની નથી. **જે સ્ત્રી પ્રત્યેક વાત પોતાની ઇચ્છા અનુસાર જ કરાવવાની ઇચ્છા રાખે છે, જેને બીજાની પ્રસન્નતા અને અપ્રસન્નતાની કંઈજ પરવા નથી, તેને માટે પતિની પ્રેમ-પાત્રી બનવાનું મુશ્કેલ છે—અતિ મુશ્કેલ છે.**

## સતીત્વ

અને સ્ત્રીનો સૌથી મુખ્ય અને અગત્યનો ગુણ છે તેનું સતીત્વ છે. સતીત્વના તેજથી જ સ્ત્રીની ખૂબસૂરતી ઝળકી ઊઠે છે. જે સ્ત્રી પાક હશે, જે પોતાના પતિને પૂર્ણ વફાદાર હશે અને જેનામાં પવિત્રતાની આભા હશે તે જ સ્ત્રી સતીત્વના તેજથી ઝળકતી દેખાશે. સતીત્વનું તેજ શરીરના સૌન્દર્યથી પણ અધિક તેજ છે. એ તેજ

જેનામાં હોતું નથી તે સ્ત્રીઓમાં ભલે શારીરિક સૌન્દર્ય હોય તો પણ તેની કિંમત કોડીની પણ નથી. સતીત્વના તેજથી જ સ્ત્રીઓ ધારે એવા કામો કરાવી શકે છે. સતીત્વના ઝગઝગાટથી જ સ્ત્રી પોતાના ગરીબ ઘરને પણ શ્રીમન્ત બનાવી તેમાં સ્વર્ગ સમાન સુખનો અનુભવ કરી શકે છે. સતીમાં સૂર્યને થંભાવી દેવાની તાકાત, યમને પાછો વાળવાની શક્તિ અને ત્રિલોકના સ્વામીને પણ ડારવાની ભીષણ શક્તિઓ છૂપાઈ છે.

**મોહિની શક્તિ**

સતીત્વ એ એક મોહિની શક્તિ છે. એનો પ્રયોગ પ્રાચીન કાળથી પુરુષને વશીભૂત કરવાને માટે થતો આવ્યો છે. આ સતીત્વની સાથે બીજા પણ આકર્ષણકારી ગુણો જોડી શકાય પરન્તુ મુખ્ય સ્થાન તો એનું જ છે.

**વફાદાર રહો**

સ્ત્રીએ પતિને સંપૂર્ણ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. બદલામાં પુરુષે પણ તેવો જ પ્રયત્ન કરવો આવશ્યક છે. જે સ્ત્રીમાં સ્ત્રીત્વ નથી, જે પોતાની ચારુતાથી પુરુષના ચિત્ત-ચકોરને આકર્ષિત કરવાનું જાણતી નથી તેને માટે પત્ની-ધર્મના બીજા ગુણો નિરર્થક છે.

**પતિને વશ કરો, દુનિયા તમારે વશ બની જશે. પતિનો વિશ્વાસ સંપાદન કરો; ઘર આખાનો વિશ્વાસ તમે મેળવી શકશો. પતિનો પ્રેમ જીતી તમારા ગરીબ અને નાના ઘરમાં સ્વર્ગ ઊતારો.**

# મેં મારા પતિને કેવી રીતે વશ કર્યા?

### વિજયાએ જમાઇને કેવી રીતે મનાવ્યો!

સોમવારનો દિવસ હતો. પુરુષો બધા નોકરી-ધંધે ગયા હતા. માળામાં સ્ત્રીઓનું જ રાજ્ય હતું. અમે બધા ટોળે મળીને, ઘર-ચર્ચા કરી રહ્યા હતા.

### સાધુ મહારાજનું આગમન

એટલામાં એક સાધુ મહાત્મા આવ્યા. આમ તો અનેક સાધુ-સંતો અમારા માળામાં આવતાં. કોઈક એમને મુઠી આપતું તો કોઈક મૌન રહેતું. પણ આ સાધુ મહારાજ બીજાઓનાં જેવા જણાતા નહોતાં. તેમના મુખ પર અલૌકિક તેજ ઝળહળતું હતું.

અમે બધા એકાએક સ્થંભિત બની ગયા અને કંઈક ભય તથા કુતૂહલવશ થઈ ગયા.

સાધુ મહાત્મા ભિક્ષા માટે આવ્યા નહોતાં. અમારા જ માળામાં રહેતાં એક ભાઈને મળવા આવ્યા હતા પણ તેઓ નહોતાં. તેમના પત્ની કુસુમબહેને સાધુને આવકાર આપ્યો.

### ચમત્કારિક પુરુષ

અમે બધા કુસુમબહેનના ઘરમાં ગયા. કંઈક આશાએ કે સાધુ મહારાજને પ્રશ્નો પૂછીએ. વાતવાતમાં માલમ પડયું કે સાધુ મહાત્મા તંત્ર-મંત્ર વિદ્યાના પણ જાણકાર હતા. તેમના મંત્રેલા દોરાથી એકાંતરો દૂર નાસતો, આંટી ઊતરી જતી, ગમે તેવી ઉધરસ પણ ચાલી જતી.

### વિજયા બહેનનો પ્રશ્ન

અમારા માળામાંના વિજયા બહેનથી રહેવાયું નહિ. તેમણે મહારાજને પૂછ્યું:-"આપને હરકત ન હોય તો એક વાત પૂછું?"

મહારાજ હસ્યા. એમને તો આ પ્રશ્ન નવો નહોતો જ. તેમણે તે સાંભળવાની ઈચ્છા બતાવી.

વિજયા બહેને કહ્યું:-"મારે એકની એક પુત્રી છે. તેના લગ્ન થઈ ગયા છે; પરન્તુ પતિ-પત્ની નજીવા કારણસર ઝગડયા છે. છોકરી રિસાઈને સાસરેથી આવી રહી છે. હવે જમાઈ તેને બોલાવતો નથી. એ લોકો જમાઈને બીજે પરણાવવાની વાતો કરી રહ્યા છે!"

"પણ તેમાં હું શું કરૂં?" મહારાજ વચ્ચે જ બોલી ઊઠયા.

**'પતિને જીતવા તાવીજ બનાવી આપો'**

"તમે કોઈ એવું તાવીજ કરી આપો કે જેથી મારો જમાઈ મારી છોકરીને બોલાવે અને તેના વશમાં જ રહે. હું તમારો ઉપકાર માનીશ. તમે મહાત્મા છો. તમારામાં એ શક્તિ છે." અને વિજયાની આંખમાંથી આંસુ નીકળવા માંડયા.

અમને બધાને પણ વિજયાના આ દુઃખમાં સહાનુભૂતિ ઉપજી. અમે પણ ઈચ્છયું કે મહાત્મા એવું કોઈ તાવીજ કરી આપે તો બિચારી વિજયા અને તેની છોકરીનું નસીબ ફરી જાય.

પણ મહાત્માએ જે કંઈ કહ્યું તેથી અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

**સાચું તાવીજ**

મહાત્માએ કહ્યું:-"બહેન મંત્ર-તંત્રથી પતિ પૂર્વે વશ થતાં હશે પરન્તુ હવે એ તાકાત આ કળીકાળમાં રહી નથી. અને સ્ત્રીઓએ પતિને તાવીજ-મંત્રોથી તે વશ કરવાના હોય? **એમને મારેનું સાચું તાવીજ તો સ્ત્રીએ પતિ પર વગર શરતે પ્રેમ કરવો એ જ છે."**

વિજયા સાંભળી રહી. અમે પણ મુગ્ધ બની આ સાંભળી રહ્યા.

## સાચ્ચો વશીકરણ મંત્ર

"જાવ, કાલે જ તમારી પુત્રીને જમાઈને ત્યાં મોકલી આપો. એને કહો કે તે એના પતિના ચરણમાં પડે અને એની ક્ષમા માંગે. તમે તમારા પતિ સાથે જઈને જમાઈના માત-પિતા કે તેના વડીલને મળો. ભૂલ માટે માફી માંગો. તેઓ ક્ષમા આપશે જ. તમે કન્યા આપી છે એટલે માન-અપમાન ગળી જ જાવ. નાના બનીને પણ જો આપણો સ્વાર્થ સાધી શકાતો હોય તો તેમ કરવામાં નાનમ નથી. અને એમાં સ્વાર્થ શાનો? **સ્ત્રીએ પતિની સાથે રીસાવાનું હોય? એની સાથે તો પ્રેમ કરવાનો? પ્રેમથી એને વશ બનાવે તે જ ખરી સ્ત્રી. લડતો, ક્રોધે ભરાતો અને દુરાચરણી પતિ પણ પ્રસન્ન, કહ્યાગરી અને સુશીલ પત્ની આગળ સમજુ અને શાણો બની તેને વશ બની શકે છે. આ જ સાચ્ચો વશીકરણ મંત્ર છે."**

## પતિની આગળ કોઈ ઉચ્ચ નથી

અમને બધાને લાગ્યું કે મહાત્મા સાચું જ કહે છે. વિજયાને પણ આ વાત ઠસી ગઈ. તેની પુત્રી કે જે પણ આ સમયે આવી ગઈ હતી તેને પણ આ ગમી ગયું. એ બોલી ઊઠી:-" મહાત્માજી આપ સાચું કહો છો? એમની સાથે રીસાવામાં વાંક મારો જ હતો. નજીવી બાબતનું આટલું વેર-ઝેર અમે રાખ્યું તે મારી જ કમ-અક્કલનું પરિણામ છે. આપના કહ્યા મુજબ જ હું કાલે કરીશ. મારા પતિની ક્ષમા માંગીશ. તેમના ચરણમાં પડી આળોટીશ. મને તેઓ ક્ષમા કરશે. **પતિની આગળ કોઇ ઉચ્ચ નથી."**

## વિજયાએ જમાઇને પાછો પોતાનો કર્યો.

અને બીજે દિવસે મહાત્માના કહ્યા મુજબ જ વિજયાની પુત્રીએ કર્યું. એ પતિના ચરણોમાં પડી. પોતાની ભૂલ માટે પશ્ચાતાપ

જાહેર કર્યો અને તેની ખરા અંતઃકરણ પૂર્વક ક્ષમા માંગી. પતિ અને તેના સાસરીયાં ગઈ ગુજરી ભૂલી ગયા. બન્ને વેવાઈઓમાં પુનઃ સંપ થયો અને પતિ-પત્ની પાછા આનંદથી કિલ્લોલવા લાગ્યા. આજે વિજયાની પુત્રીએ પોતાના પતિને એટલો તો વશ બનાવી મૂકયો છે કે તે તેના જ કહ્યામાં રહે છે અને તેના પર ખૂશ છે.

## વહુઘેલો પતિ અને વરઘેલી વહુ

વીણાને સૌ ચીઢવતાં. એના પતિને બધા સ્ત્રીઘેલો કહેતાં. તોપણ એ પતિ-પત્ની ચીઢાતાં નહિ અને એક બીજામાં જ મગ્ન રહેતાં.

એક દિવસે વીણાને અમે પૂછયું–"અલી, તારો પતિ તારામાં જ કેમ સ્વર્ગ જોઈ રહ્યો છે?"

## આદર્શ પ્રેમનું પ્રતીક

અમારા આ પ્રશ્નથી વીણા ખડખડાટ હસી પડી. એ સુંદર અને આકર્ષક હતી. શિક્ષિત્, સંસ્કારી અને શ્રીમન્ત કુટુમ્બનું ફરજંદ હતું. એના પતિ મનહરલાલ પણ દેખાવડા અને સુખી પિતાના લાડકવાયા પુત્ર હતા. બન્ને વચ્ચે એટલો તો પ્રેમ હતો કે ઘડીભર તેઓ એક બીજાથી વિખુટા પડતાં નહોતાં. આથી જ અમે બધા તેમને ખૂબ ચીઢવતાં હતાં.

## 'મારા પતિમાં મારૂં સ્વર્ગ છે"

વીણાએ કહ્યું:–"મારા પતિમાં હું સ્વર્ગ જોઉં છું એટલે તેઓ મારામાં પણ સ્વર્ગ જુવે છે. ખરી વાત તો એ છે કે અમારા બન્ને વચ્ચે એટલો તો સ્નેહ જામી ગયો છે કે અમે ઘડી વાર પણ એક બીજાનો વિયોગ સહી શકતા નથી. અહીં હું તમારી પાસે

બેઠી છું-તમારી સાથે વાત કરું છું તો પણ મારું ચિત્ત તો તેમનામાં જ છે. તમે મને ભલે વરેલી કહો પણ સાચે જ હું તેમનામાં સર્વસ્વ જોઉં છું.

**'પતિનો મારામાં સંપૂર્ણ પ્રેમ છે.'**

અને મારા પ્રેમનો ઉત્તર તેઓ પણ એવો જ આપે છે. મારા વગર તેમને પણ ચેન પડતું નથી. મારી બધી ઈચ્છાઓ તેઓ પૂરી કરે છે. મારી ભૂલોને તેઓ સુધારી લે છે. મીઠાશથી મારી ખામીઓ મને સમજાવે છે. કંઈક અજુગતું કામ મારાથી થઈ જાય તો તેઓ મીઠો ઠપકો આપી મને ફરીથી તેમ ન કરવા સૂચવે છે. બોલો, આવો હેતાળ, સ્નેહભર્યો લાડકો કંથ કોને ન ગમે?"

**અમે પણ સુખી યુગલ બનવાનો સંકલ્પ કર્યો**

અમને આ સુખી યુગલની ઈર્ષ્યા આવી. સાથે સાથે એમ પણ થયું કે તેમના જેવું જ જોડું અમારું પણ કેમ ન બને? અમે પણ શા માટે અમારા પતિનો પ્રેમ જીતી તેમને અમારે વશ અને અમે તેમને વશ ન બની શકીએ? શું વીણા જ એ કરી શકે? અમે નહિ?

અને તેજ દિવસે અમે પણ એવા જ સુખી યુગલ બનવાનો સંકલ્પ કર્યો.

❦

**'મારા પતિને મેં કેવી રીતે જીતી લીધા?'**

"જે દુઃખ-ત્રાસ મને મારા સાસરામાં ભોગવવો પડ્યો છે તેનું લંબાણ વર્ણન અહીં ન કરીશ. અને એ વર્ણન પણ અહીં નકામું છે. અહીં તો હું માત્ર એ જ વાતો વર્ણવીશ કે જેની દ્વારા હું મારા પ્રિયતમની પ્યારી બની ગઈ છું.

## પતિ મારા હાથનું પાણી પણ પીતાં નહોતાં

પહેલાં મારા પતિ મને ચાહતા નહોતા. તેઓ મારો ત્યાગ કરવા પણ તત્પર બન્યા હતાં. પરન્તુ કેટલાક સમજુ માણસોના કહ્યાથી જ તેમણે તે પગલું ભર્યું નહોતું. અમારૂં સંસારજીવન ખાકમાં મળી ગયું હતું. મને એમની સાથે લગ્ન કરવા માટે ભારે શોક થતો. બીજાઓના સુખી ઘરસંસાર જ્યારે હું જોતી ત્યારે મારૂં હૃદય બળી જતું. મારા પતિ મારી સાથે બોલતાં નહિ. એટલું જ નહિ પણ મારા હાથનું પાણી સુદ્ધાં પણ પીતા નહોતાં. મારા સાસુ-સસરા દેવ જેવા હતા. તેઓ તેમને સમજાવતાં પરન્તુ તેમને કંઈ જ અસર થતી નહોતી. મારા દુઃખ પ્રત્યે તેઓ સહાનુભૂતિ પ્રકટ કરતાં અને મને જરાપણ ઓછું આવવા દેતાં નહિ.

## જ્ઞાનનું કિરણ લાધ્યું

એક સમયે નવરાશના વખતે હું એક પુસ્તક વાંચી રહી હતી. એમાં કેટલીક એવી વાતો હતી કે જે અમારા જીવનને બરાબર લાગુ પડતી હતી. એક સ્ત્રીએ પોતાના પતિની પ્રસન્નતા કેવી રીતે મેળવી લીધી હતી તેમાં એનો ઉલ્લેખ હતો. એ વાંચતાની સાથે જ મારૂં હૃદય નાચી ઊઠયું. મને પણ થયું, હું પણ એના જેવું વર્તન ચલાવી મારા પતિને જીતી લઈશ. અને એ નિશ્ચય મેં અમલમાં પણ મૂકયો.

## ત્રણ વાતો પર ભાર મૂકયો

મેં મારી દૃષ્ટિ મારા ગુણો ઉપર અને મારૂં ધ્યાન મારા પૂજ્ય પતિ પર લગાવી દીધું. મને દૃઢ વિશ્વાસ થયો કે મારા પતિ જેવી સ્ત્રી પસંદ કરે છે તેવા ગુણો જો હું મેળવી લઉં તો પછી તેઓ મને જરૂર ચાહશે. અને આથી જ મેં નીચેની ત્રણ વાતો પર ભાર મૂકયો:-

૧-એમનો સ્વભાવ કેવો છે?

૨-તેમને સ્ત્રીના કયા ગુણો પસંદ છે

૩-તેમને શું ગમે છે?



ઘરનાં નાના—મોટા બધા સાથે સ્ત્રીએ મિલનસાર સ્વભાવ રાખી તેમનો પ્રેમ જીતી લેવો જોઈએ. પતિને જીતવા માટે મિલનસાર સ્વભાવ પણ અગત્યનો છે.

## પતિને પ્રિય થવા તેમને ગમે તે કરવા માંડયું

આ ત્રણ વાતો પર મેં મારી સારીય શક્તિ લગાવી દીધી. એમના સ્વભાવનો મેં ધીરેધીરે પરિચય કરવા માંડયો સ્ત્રીના કયા ગુણો તેમને ગમે છે, કેવા પ્રકારની સ્ત્રી તેઓ ઇચ્છે છે એ મેં તેમના સહવાસથી, તેમના મિત્રો મારફતે અને તેમના વર્તન દ્વારા જાણી લીધું. તેમને શું ગમે છે? કેવી ચીજોના તેઓ રસિક છે, તેમને શેમાં આનંદ મળે છે તે પણ મેં શોધી કાઢયું. અને પછી તેમને જેમાં આનંદ મળે તેવા થવા મેં પ્રયત્ન કરવા માંડયો. તેમને ગમતાં પોશાકો, તેમને ગમતો શૃંગાર, તેમને ગમતી ટેવો અને તેમને ભાવતાં ભોજનો મેં બનાવવા માંડયા. એનું પરિણામ પણ ધાર્યું જ આવ્યું.

## નિશાન લાગ્યું

એક દિવસે તેમણે મને કહ્યું:-" રમા તું દિવસે દિવસે ખૂબ સુન્દર થતી જાય છે?"

એનો મેં કંઈ જ જવાબ ન આપ્યો. મારા મનમાં હું સમજી ગઈ કે નિશાન બરાબર લાગ્યું છે. મારા નેત્રોમાં હર્ષ અને અન્તરમાં આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી.

એમણે કહ્યું:-"રમા, હમણા હમણા તું બહુ રસિક કેમ બને છે?"

એમનો આ બીજો પ્રશ્ન થયો. હવે મને લાગ્યું કે જો હું એનો ઉત્તર નહિ આપીશ તો ધાર્યું નિશાન ગૂમાવી બેસીશ. મેં ધીમું હાસ્ય મુખ પર ફરકાવી કહ્યું:-" હું અરસિક કયારે છું! રસિક જ છું. પરન્તુ તમને હું ગમું ત્યારે ને?" અને આ શબ્દો બોલતાંની સાથે જ મેં એક આછી નજર, મારા પતિ તરફ ફેંકી.

## 'તું મને ખૂબ ગમે છે!'

નિશાન બરાબર તકાયું. પક્ષી મારી જાળમાં સપડાઈ ગયું. મારા પતિએ મને વહાલથી કહ્યું:-" નહિ રમા, તું મને ખૂબ ગમે

છે. મેં તને અત્યાર સુધી નાહકની સંતાપી છે. હું તને સાચા સ્વરૂપમાં ઓળખી શક્યો નથી. હવે તો હું તને મારી આંખ આગળથી જ ખસવા દઈશ નહિ."

## 'મારા પતિની આંખની કીકી બની છું'

અને પછીની વાત સહેલી છે. આજે મારા પતિની આંખની હું કીકી છું. મારા પતિ મારા હાથ સિવાય બીજા કોઈની પણ રસોઇ જમતાં નથી. તેઓ દરેક કાર્યો મને પૂછીને જ કરે છે. મારા સાસુ સસરા પણ મને મારા આ વિજય માટે અભિનંદે છે. દુઃખી, પતિથી ત્યજાયેલી અને પતિના હૃદયમાં કાંટા સમાન ખૂંચનારી બહેનોને મારી પ્રાર્થના છે કે તેઓ મારા જેવો અખતરો અજમાવી જુવે. મને ખાત્રી છે કે તેઓને એમાં જરૂર સફળતા મળશે જ."

## 'છત્તે ધણીએ વૈધવ્ય દશા ભોગવતી હતી'

"મારા પતિ મને ધિક્કારતા હતા. મારામાં તેમને રૂપ-યૌવન અને આકર્ષણ જણાતું નહોતું અને આથી તેમણે મારો ત્યાગ કર્યો હતો. હું ઘરના એક ખુણામાં છત્તે ધણીએ વૈધવ્ય જેવી દશા ભોગવી રહી હતી.

મારે કહેવું જોઈએ કે મારામાં સુંદરતા હતી પરન્તુ એમને જેવી સુન્દરતા જોઈતી હતી તેવી નહોતી. મારામાં આકર્ષણ નહોતું. છટા નહોતી અને આથી જ મારા પતિને વશ કરવા માટે હું નિષ્ફળ નીવડી હતી.

## આજના પતિઓને શું જોઇએ છે?

પરન્તુ આ અરસામાં એક એવો બનાવ બની ગયો કે જેથી મારા ભાગ્ય પરનો શ્યામ પડદો હટી ગયો. મારી સખી શ્યામાએ

મને કહ્યું :–"તારી સુન્દરતાનો તું બરાબર ઉપયોગ કરતી નથી. આજના પતિઓને સ્વાભાવિક સરળ સૌન્દર્ય જોઈતું નથી. એમને તો ઠસ્સો, આકર્ષણ અને લોભાવનારી શકલ જોઈએ છે. તું તેવી બન. તારા ધણી તારા ચરણ ચૂમતા આવશે.

શ્યામાની વાતે મને ચકડોળે ચઢાવી. કેટલાય વખત સુધી હું મૌન બેસી રહી. એની વાત પર મેં ખૂબ વિચાર કર્યો, અને પછી મને લાગ્યું કે વાત નાખી દેવા જેવી નથી. એજ પગલું હવે મારે માટે છેલ્લું છે. અને મારે તે અજમાવવું જ રહ્યું.

## 'મારા પતિનો સ્વભાવ મેં ધીરે ધીરે જાણવા માંડયો'

તે પછી મેં પતિના માનસનો અભ્યાસ કરવા માંડયો. તેઓ કેવા પુસ્તકો વાંચે છે તે તરફ ધ્યાન આપવા માંડયું. કેવી છબીઓનો તેમને શોખ છે તે અવલોકવા માંડયું અને કેવા માણસો સાથે તેઓ વધુ સમય રહી કેવી વાતોમાં રસ લે છે તે પણ જાણી લીધું.

## 'મારા રૂપના મેં પતિ આગળ વખાણ કરાવ્યા'

આ પછી મેં તેમને અનુકૂળ બનવા માટેનો આરંભ કરી દીધો. મારા રૂપના વખાણ તેમના મિત્રો આગળ જાય તેવી યુક્તિ શ્યામાની મારફતે મેં કરાવી દીધી. તેમના મિત્રોએ મારા રૂપના, મારી છટાના વખાણ મારા પતિ સમક્ષ કરવા માંડયા અને તેનું પરિણામ ધીરે ધીરે મારી તરફેણમાં પણ આવવા લાગ્યું.

## તેમની આગળ લજ્જાશીલ નારી બની ગઈ

મારો શૃંગાર મારા પતિને ગમે તેવો કરી દીધો. તેમને જે વસ્તુઓમાં આનંદ ઉપજતો તે મેં ભેગી કરી કરીને તેમના ઓરડામાં ગોઠવવા માંડી. તેમને જોતાં જ હું લજ્જાશીલ બની જતી અને છટા પૂર્વક મારો સાળુ મુખ સુધી ખેંચી લેતી. આમ કરવાનો

મારો હેતુ મારા પ્રત્યેનું તેમનું આકર્ષણ ખેંચવાનો હતો. એનું પરિણામ ધાર્યું જ આવ્યું.

એક દિવસે તેમણે મને પકડી પાડી અને કહ્યું:–"તું આમ મારાથી દૂરને દૂર કેમ નાસે છે?"

**'તમને ખબર પાડી દેતે!'**

મેં તરત જ કહ્યું:–"હું ક્યાં નાસું છું તમેજ મારાથી દૂર રહો છો. શું કરીએ અમારામાં પ્રભુએ રૂપ નથી આપ્યું–નહિ તો તમને પણ ખબર પાડી દેતે......"

અને એમના મુખ પર ખડખડ હાસ્ય નાચી ઊઠ્યું. તેમણે મને પોતાની પાસે ખેંચી અને મારા મુખ પરનો ઘુમટો ઊંચો ખેંચતા કહ્યું:–"તું શું ખબર પાડી દેવાની હતી...?

અને હું પણ હસી પડી. તે પછી અમે ખૂબ વાતો કરી અને એક ક્ષણમાં જ અમે મીંયાબીબી રાજી થઈ ગયા."

## કુછંદે વળેલા પતિ

મારા પતિ કુછંદે વળેલા હતા. તેમની આ વર્તણુક મારે માટે અસહ્ય હતી. પરન્તુ હું લાચાર હતી. મારી નારાજી મારા મનમાં જ રાખી હું બળ્યા કરતી હતી.

એક દિવસે મારા પતિએ એક વેશ્યા કે જેમના તરફ તેમને અતિ પ્યાર હતો તેની ચર્ચા તેમણે મારી આગળ નફફટાઈથી કરવા માંડી.

**'વેશ્યાની સેવા કરી મારૂં જીવન ધન્ય માનીશ'**

"મેં મારી છાતી પર પત્થર રાખી કહ્યું:–"આપ એને ખરા હૃદયથી ચાહતા હો તો એને આ ઘરમાં લઈ આવો. હું તેની સેવા કરી મારૂં જીવન ધન્ય માનીશ."

મારા આ શબ્દોનો પ્રભાવ અદભૂત પડ્યો. તેઓ લજ્જિત બની ગયા. તે દિવસથી મારા ભાગ્યનો ઉદય થઈ ગયો. મારા પતિના હૃદયમાં મેં મારું સ્થાન કાયમનું કરી લીધું.

## પુરુષને આકર્ષવા માટેના મુખ્ય ગુણો

પુરુષને આકર્ષવા માટે નીચેના ગુણોની મુખ્ય જરૂર રહેલી છે:—

૧--એમના સ્વભાવ અનુસાર વર્તન કરવું.

૨--જેવી સ્ત્રી તેઓ પસંદ કરે તેવી બનવા પ્રયત્ન કરવો.

૩--સહનશીલતા કેળવવી.

૪--મધુર ભાષણ.

૫--રૂપ-ગુણ વધારવા.

આ પાંચ વાતો એવી છે કે એને જો અમલમાં મૂકવામાં આવે તો કોઈ પણ સ્ત્રી પોતાના પતિને વશ કરી શકે છે. પુરુષ પર વશીકરણ કરવા માટે આ પાંચ ગુણો દરેક સ્ત્રીએ કેળવવા જરૂરના છે.



# પતિને મિત્ર બનાવો

## સાચું સુખ પ્રાપ્ત કરવા પતિને મિત્ર બનાવો

દામ્પત્ય જીવનનું સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો પતિને મિત્ર બનાવો. સ્ત્રીનો કોઈ પણ સાચ્ચો મિત્ર હોય તો તે તેનો પતિ જ છે. જે સ્ત્રીઓ પોતાના પતિને મિત્ર સમજતી નથી તેઓ મોટી ભૂલ કરે છે. જ્યાં સુધી પતિને મિત્ર તથા શુભચિંતક સમજવામાં આવતો નથી ત્યાં સુધી બન્નેનું હૃદય એક થતું નથી. જ્યારે બન્ને એક બીજાને મિત્રના રૂપમાં માને છે, ત્યારે બન્નેમાં ખૂબ પ્રેમ થાય છે અને જીવન સુખી તથા સરળ બને છે.

## માલિક અને દાસીમાં ખરો પ્રેમ જન્મી શકતો નથી

સ્ત્રીઓએ પોતાના પતિને જીવનસાથી બનાવવો. એમની સાથે એવો વ્યવહાર કરવો કે જેથી તે તેમનો સાચ્ચો મિત્ર બનીને રહે. જ્યાં પતિ-પત્નીમાં માલિક અને દાસીનો ભાવ હોય છે, ત્યાં સાચ્ચો પ્રેમ જન્મતો નથી. પતિ પોતાને માલિક સમજીને પોતાની પત્ની સાથે દાસીનો વ્યવહાર કરે છે અને પત્ની પોતાને દાસી સમજી પતિ સાથે માલિક સરખો વ્યવહાર કરે છે એવી અવસ્થામાં પતિ-પત્ની વચ્ચે જે સ્નેહભાવ હોવા જોઈએ તે જન્મતા નથી. સ્ત્રી પતિથી દબાયલી રહે છે અને ભયની મારી તેને કંઈ કહી શકતી નથી. દાસત્વ એક એવી વાત છે કે જે માનવીને ઊંચે ન ચઢાવતાં સદા નીચો જ રાખે છે. પુરુષ પોતાની સ્ત્રીને દાસી જાણી તેની સાથે તેવો વ્યવહાર કરે છે. એ ખાનગી અને અગત્યના કામોમાં પત્નીની સલાહ પણ લઈ શકતો નથી. એને એમ કરવું ઉચિત જ જણાતું નથી. સ્ત્રી પણ કંઈ ઉચ્ચારી શકતી નથી કારણ તે દાસી છે. આ પ્રકારનો સંબંધ સંસારમાં નુકશાનકર્તા છે. પતિએ પત્ની સાથે મિત્ર જેવો જ વ્યવહાર રાખવો જોઈએ.

## સ્ત્રી પોતાના પતિને ખરો મિત્ર કેવી રીતે બનાવી શકે ?

સ્ત્રી પતિને પોતાનો મિત્ર કેવી રીતે બનાવી શકે તે જાણવું પણ જરૂરનું છે. આ માટે તેણે નીચેની વાતો પર ધ્યાન આપવું આવશ્યક છે:--

૧--પત્નીને ખાત્રી થવી જોઈએ કે પતિથી ઉત્તમ તેનો કોઈ સાચ્ચો મિત્ર થઈ શકતો નથી.

૨--પતિ પર કદી પણ અવિશ્વાસ કરવો નહિ.

૩--પતિની સાથે અસત્ય આચરણ કરવું નહિ. ગમે તેવી વાત હોય તોપણ તે એની સમક્ષ જાહેર કરી દેવી.

૪—પતિની આગળ પોતાની ગુપ્તમાં પણ ગુપ્ત વાતો પ્રકટ કરી દેવી.

૫—પતિથી છૂપા રહીને કોઈ પણ વાતો ન ચર્ચવી.

૬—પતિની કીર્તિ વધે તેવા પ્રયત્નો કરવા. એની પ્રશંસા બીજાઓની આગળ કરવી.

૭—પતિની વિપત્તિમાં તન-મન અને ધનથી મદદ કરવી. એવા સમયે જાતથી ઘસાઈ જવું પતિનો વિશ્વાસ અને પ્રેમ સંપાદન કરવા માટે આ સમય ખૂબ જ કસોટીનો છે.

૮—પતિના દુ:ખમાં દુ:ખી અને તેના સુખમાં સુખી રહેવું જોઈએ.

૯--પતિ ઉદાસ હોય, એ ચિન્તામાં મગ્ન હોય તો પત્નીએ તેની એ ઉદાસી દૂર કરવા, તેની ચિન્તાને મટાડવા માટે અનેક પ્રયત્નો કરવા જોઈએ. પતિને આનંદ થાય તેવી રસિક વાતો પણ તેણે કરવી.

૧૦--પતિની તકલીફ તથા એના આરામનો ખ્યાલ રાખવો.

૧૧--પતિની મુશ્કેલીને પોતાની મુશ્કેલી ગણવી. તેને ખોટા ખર્ચોમાં ન ઉતારતાં તે જે આપે તેમાં સંતોષ માની સંસારને ઉજાળવો.

૧૨—વસ્ત્રાલંકારો તથા અંગત સ્વાર્થના સાધનો માટે પતિને ત્રાસ ન આપતાં એ જે આપે તેમાં જ સંતોષ માનવો.

સ્ત્રીએ પતિને સાચ્ચો મિત્ર બનાવવો હોય, તેનો વિશ્વાસ અને પ્રેમ જીતી લેવો હોય તો આ સૂચનાઓને અનુસરવું. બન્ને એક બીજાના મિત્રો બનશે જ અને મિત્રાચારી કેળવાતાં તેઓ પોતાના સંસારજીવનમાં સોનાનો સૂરજ ઉગાડી શકશે.

પતિ-પત્નીના આનંદથી કિલ્લોલતાં ઘરોમાં દેવોનો વાસ હોય છે. લક્ષ્મીનો વાસ હોય છે. સુખ અને સમૃદ્ધિનો વાસ હોય છે. ધન્ય છે એવા દંપતિઓને કે જેમણે એકબીજામાં તન્મયતા સાધી પોતાના સંસાર જીવનને ઉજ્જવળ બનાવ્યું છે. ધન્ય છે એવા પવિત્ર યુગલોને કે જેમણે લગ્નની ભાવનાને બરાબર મૂર્તિમંત કરી બીજાઓની આગળ પોતાનું જ્વલન્ત ઉદાહરણ ખડું કર્યું છે. સંસારની સફળતા આવા જ યુગલો પર નિર્ભર છે.

## ગૃહ ઉપયોગી ઉત્તમ ગ્રન્થરત્નો

પૈસાને બદલે પુસ્તકોનો સંગ્રહ કરો

# લગ્નનો આનંદ

( સચિત્ર )

( જાતીયદામ્પત્ય જીવનની સુધરેલી નવી આવૃત્તિ )

શ્રી. હરભાઈ ત્રિવેદીએ આ પુસ્તકની જરૂરીયાત બતાવી છે. દરેક પરણેલાં સ્ત્રી ને પુરૂષ લગ્નનો સાચ્ચો આનંદ મેળવવા અવશ્ય આ ગ્રંથ વાંચે.

**કિંમત ૩-૧૨-૦ વી. પી. ખર્ચ આઠ આના જુદું.**

# ભવિષ્યવાણી

( ભાગ ૧-૨-૩-૪ સાથે )

સો એ સો ટકા સાચા પડતાં આ પુસ્તકમાંના ભવિષ્યદર્શનનો અનેકે લાભ ઉઠાવ્યો છે. આ ગ્રન્થમાં તમારી જન્મ તારીખ ઉપરથી તમારૂં ભવિષ્ય દીવા જેટલું સ્પષ્ટ રીતે આપવામાં આવેલું છે. આ ગ્રન્થના વિદ્વાન કર્તાની મહાત્મા ગાંધીજીના ઉપવાસ સમયની આગાહી સો એ સો ટકા ખરી પડી હતી. પૈસા મેળવવા ઇચ્છનારા દરેકે આ પુસ્તકમાંથી પોતાનું કિસ્મત જાણી લઈ તે મુજબ ધંધો કરવો જોઈએ.

**કિંમત રૂા. ૬-૧૨-૦ : વી. પી. ખર્ચ દસ આના જુદું.**

# સંસ્કાર લક્ષ્મી

( ભાગ ૧-૨ સાથે )

જાણીતા વિદ્વાન લેખક શ્રી. ડુંગરસી ધરમસી સંપટનું આ પુસ્તક એટલું તો લોકપ્રિય બન્યું છે કે ફક્ત પાંચ માસમાં તેની ત્રણ આવૃત્તિઓ થઈ છે. આ પુસ્તક માટે વિશેષ કહેવું તે સોના પર ઢોળ ચઢાવવા બરાબર છે. સવાસો ઉપરાંત ચિત્રો ને ત્રિરંગી બોકસનાં આ પુસ્તકનાં ૬૫૦ પાનામાં ૭૫૦ ગૃહ ઉપયોગી વિષયો આપવામાં આવ્યાં છે.

**કિંમત રૂા. ૬-૧૨-૦ : વી. પી. ખર્ચ દસ આના જુદું.**

# ઘરની રાણી

ભાગ ૩ જો.

( પાનું ૧ થી ૨૫૬ )

ભાગ ૪ થો.

( પાનું ૨૫૭ થી ૩૨૬ )

ભાગ ૫ મો.

( પાનું ૩૨૭ થી ૪૭૮ )



: લેખક :

ડુંગરસી ધરમસી સંપટ

# ૧

# પ્રવાસી

રાજપરાનું ગામ રામપુર રેલ્વે સ્ટેશનથી દશ માઈલ દૂર આવેલું છે. ગુજરાતના સારા વરસાદવાળા વિભાગમાં આ સાધારણ મધ્યમ કદના ગામડાની આસપાસ ઈશ્વિરે સારી નીલાશ પાથરી છે. ગામની બહાર એક મોટું તળાવ હતું. ઉનાળામાં પણ એનું પાણી સુકાતું નહિ. ગામના લોકો એમાં જ નાહતા, એમાં જ સ્ત્રીઓ કપડાં ધોતી અને એનું જ પાણી ગળણે ગાળીને સૌ પીતાં હતાં. તળાવની બાજુની પાકી સડક આસપાસના પ્રદેશના રાજમાર્ગ તરીકે વપરાતી. ઉત્તરે પર્વતોની એક નીચી ધાર શિયાળાના શીત પવનથી ગામનું રક્ષણ કરતી હતી. પશ્ચિમમાં પવનની શીતળ લહરિઓ ખેતોની વાડીઓમાંથી પસાર થઈ ઉનાળાના તાપની હળવી અસર ગામ ઉપર કરતી હતી. તળાવને કાંઠે એક મોટો અને અતિપ્રાચીન ઋષિ જેવો વિશાળ વડ વટેમાર્ગુઓને આરામ આપતો ઊભો હતો. ગામની

વાડીઓમાં ઊભેલા આંબાવાડીઆના વૃક્ષોના સુગંધિત મ્હોર તથા સુવાસિત કેસરીઆ કેરીઓ અવનવી સુંદરતા અર્પતાં હતાં.

રેલવે સ્ટેશને બપોરના બાર ને પચીસની ગાડીમાંથી એક ઉતારૂ ઊતર્યો. પાંત્રીસેક વરસની ઉંમરના ગોરા વાનવાળા આ ગૃહસ્થે માથા પર લાલ રેશમી સાફો બાંધ્યો હતો. કાળો કોટ પહેરેલો અને સૌમ્ય મુખમુદ્રાવાળો એ ગૃહસ્થ ઉતાવળે પગલે ટિકિટ કલેકટરને નાકે ટિકિટ આપી પોતાની નાની ટ્રન્ક સાથે સ્ટેશન બહારના મેદાનમાં આવી પહોંચ્યો.

"કેમ રામજી, ગાડું તારી વાડીએ જવાનું છે ને ? હું બેસી જાઉં ? "

" ઓહો ચુનીભાઈ ! રામરામ ! તમે ઓણુ સાલ વહેલા આવ્યા ! દર વખતે તો કારતક મહિને આવતા; પણ ઓણુ સાલ કંઈ વૈશાખમાં જ આવ્યા છો ! ગાડામાં પેટી મૂકી દ્યો."

" જરા ઘેર કસર રહે છે. એટલે વહેલો આવ્યો." કપાસ ખાલી કરી વળતા ગાડા ઉપર બેસતાં ચુનીલાલે જવાબ વાળ્યો.

ગાડામાં બળદ જોડાયા. જોતજોતામાં રામજી પટેલની મીઠી નજર નીચે ઉછરેલા જુવાન જોધ જેવા બળદો ગળામાંની ઘુઘરમાળ અને ઘંટડીનો રણકાર કરતા આગળ વધ્યા.

" રામજી પટેલ, ગામના શું નવાજૂના ખબર છે ?"

" ચુનીભાઈ ! બધું હેમખેમ છે. ઓણુ સાલ કપાસનો પાક સારો ઊતર્યો છે; ભાવ પણ ઠીક મળે છે. જુવારનો પાક સારો થયો છે, પણ ભાવ સાધારણ છે. આંબામાં કેરીઓનો ફાલ નબળો છે, પણ તમારો માનીતો પાયરી આંબો તો સારો ફાલ્યો છે. આ સાલ તો ખૂબ કેરીઓ તમને ખવડાવીશ."

ગામની નવાજૂનીની વાતો પટેલ ચુનીલાલને સંભળાવતા સંભળાવતામાં તો ગાડુ રાજપુરા પહોંચી ગયું. એક બેડી બાંધણીવાળા ઘરના બારણા પાસે ગાડુ જઈ થોભ્યું. ચુનીભાઈ ઠેકડો મારી ગાડામાંથી

નીચે ઊતરી પડયા. પોતાની ટ્રંકની પેટી ઉપાડી પટેલને રામરામ કરી ખડકી ઉઘાડી આંગણાની અંદર દાખલ થયા. ઓસરીનું બારણું બંધ હતું, તે સહેજ ધક્કો મારતાં ઊઘડી ગયું. ચુનીભાઈ પોતાની પેટી ઓસરીમાં એક તરફ મૂકી ઓરડામાં દાખલ થયા. કોણ અંદર દાખલ થયું તે જોવાને સાત આઠ વરસની એક છોકરી ઓરડાની બહાર આવી. ચુનીભાઈને જોતાં જ તે દોડીને એમને ગળે વળગી પડી. 'બાપા આવ્યા, બાપા આવ્યા' એમ ખુશી અને આનંદના પોકારો કરતી એ બોલી ઊઠી.

ચુનીભાઈ ઓરડામાં દાખલ થયા. એક ખાટલા પાસે કાળો સાલ્લો પહેરી બેઠેલ વૃદ્ધા તરફ એમણે ઝડપથી જઈને માથું નમાવી, પગને સ્પર્શ કર્યો.

"દિકરા, આવી પહોંચ્યો ! તબિયત તો સારી છે ને ?"

"હા માજી, ખુશીમાં છું. એને કેમ છે ?" ખાટલા ઉપર સૂતેલી અને પતિને જોઈ પ્રફુલ્લ જણાવા પ્રયત્ન કરતી સ્ત્રી તરફ મીટ માંડી ચુનીલાલે પૂછ્યું.

"એમ ને એમ છે. હનીફા માની દવા લાવતાં હતાં તેથી ફેર પડયો નહિ; હવે જાદવજી વૈદ્યની દવા લાવીએ છીએ. તાવ અને ખાંસી બંને છોડતાં નથી. તું ભલે આવ્યો. કપડાં ખીંટીએ મૂક એટલામાં ગરમ પાણી તૈયાર થશે, પછી નાહી લઈને ચહા તૈયાર કરી દઉં તે પીજે."

ચુનીભાઈ નાહીને ચહા પી ઓરડામાં આવ્યા, જશોદાના ખાટલા પાસે સાદડી પાથરી બેઠા. ગોમતીમા રસોઈ કરવા દાખલ થયાં હતાં. પોતાના ખોળામાં નાની કમુને બેસાડી તેના માથા ઉપર હાથ ફેરવતાં ચુનીલાલે પૂછ્યું:

"તને કેમ છે ? કાગળ મળતાં તરત જ હું રવાના થયો."

"તમે અહીંથી ગયા ત્યારથી જ મને સુસ્તી તો લાગતી હતી. ક્યારે ક્યારેક તાવ પણ આવી જતો હતો, પણ તેની દરકાર કર્યા વગર હું ઘરનું કામ કર્યે જતી હતી. છેવટે ખાટલે પડી ત્યારે હનીફાબાઈની દવા લીધી. હવે ઉધરસ વધી એટલે જાદવજી વૈદની દવા લઈએ છીએ. એક દિવસ સારું તો બે દિવસ વળી ઉધરસ જોસથી ઉપડે છે. હું પથારીમાંથી ઊઠું તેમ લાગતું નથી."

"અરે ગાંડી છે, ગાંડી! કાલે સવારે ઘરનું કામ કરવા ઘોડા જેવી થઈ જઈશ. હિંમત હાર્યે શું થાય? મને ખાતરી છે કે તને કાંઈ જ થવાનું નથી."

"મારું મન કહે છે કે હું પથારીમાંથી હવે ઉઠી શકીશ નહિ. તમને જોયા એટલે મને શાંતિ વળી છે." જશોદાએ પોતાનો નબળો સૂકલો હાથ પતિ તરફ ધીમેથી લંબાવતાં કહ્યું.

ચુનીભાઈએ જશોદાનો હાથ પોતાના હાથમાં લઈ મધુર દૃષ્ટિ-પૂર્વક પત્નીના મોં તરફ નજર કરી. એણે એના શરીર પર કોમળતાથી હાથ ફેરવવાનું શરૂ કર્યું.

પતિના આવ્યા પછી ચારેક દિવસ સુધી જશોદાને ખૂબ ઉધરસ આવી. શરીરમાંથી તાવ તો ગયો જ નહોતો. વૈદ જાદવજી ગામડાના વૈદ હતા અને સાથે જ્યોતિષીનું કામ પણ કરતા હતા. વળી તેઓ નિશાળ પણ ભણાવતા. આ ત્રણેય ધંધા ઉપરાંત ગામમાં બ્રાહ્મણપણું પણ કરતા હતા. ગામની સીમમાંથી થોડી વનસ્પતિઓ ભેગી કરી તેને સૂકવી કૂટીને ફાકીઓ કરી રાખતા. એમ અનુભવે અનુભવે તેઓ ગામડાના વૈદ બની બેઠા હતા. જશોદાને સાદી ફાકીઓ અને કાઢા પીવરાવ્યા છતાં કશો ફાયદો થતો નહોતો, એને ક્ષયરોગ લાગુ પડ્યો હતો. જશોદાને છ માસે કસુવાવડ થઈ ગઈ

હતી. કસુવાવડ પછી પોતાના શરીરને પૂરતો આરામ અને શેક નહિ મળવાને પરિણામે એને જીર્ણ જ્વર લાગુ પડ્યો હતો. તેની પાછળ ખાંસી શરૂ થઈ. છેવટે અશક્ત થતાં છેલ્લા બે માસ થયાં તે ખાટલેવશ થઈને પીડાતી હતી.

થોડા દિવસો વીતી ગયા. ચુનીભાઈ સોલાપુર મિલની નોકરીમાં હતા. એમણે ત્યાંથી બીજી રજા મંગાવી લીધી. જશોદાની અશક્તિ દિનપ્રતિદિન વધતી જતી હતી. એને ક્ષયરોગ લાગુ પડ્યો હતો. ગોમતીમા એની ખૂબ ભાવથી સેવાચાકરી કરતાં; પણ વહુને સારૂં થતું નહોતું. જશોદા પણ ખાટલામાં પરવશ પડી રહી કંટાળી ગઈ હતી. તેના હૃદયમાં 'હું ફરી નહિ ઊઠું' એવી ખાતરી થઈ ગઈ હતી.

આ મંદવાડમાં જશોદાનું શરીર એકદમ નંખાઈ ગયું હતું. શરીરમાં લોહીનું ટીપું પણ રહ્યું ન હોય એવું સુકાઈને હાડપિંજર થઈ ગયુ હતુ. બિછાનામાં હવે તે બેઠી થઈ શકતી નહોતી. એનું શરીર પીળું પડી ગયું હતું, ચામડી ફિક્કી થઈ ગઈ હતી, આંખો ઊંડી ઊતરી ગઈ હતી; તે બિલકુલ અશક્ત બની ગઈ હતી. આજે તે બે વખત બેશુદ્ધ જેવી બની હતી. હવે એનો અંતકાળ સમીપ આવતો દેખાતો હતો; છતાં તેની શુદ્ધિ અને બુદ્ધિ કાયમ હતાં. મન ઉપર જરા પણ અસર નહોતી પહોંચી. એણે પતિને પોતાના ખાટલા પાસે બોલાવીને ધીમે સાદે કહ્યું—વારંવાર તેનો શ્વાસ ભરાઈ આવતો હતો:—

"તમારા ઘરમાં મેં ઘણાં વરસ સુખમાં ગાળ્યાં છે; હવે મારૂં અન્નજળ ઊઠ્યું છે. હું હવે પરલોકનો રસ્તો લઈ રહી છું. તમે બીજી વાર વિવાહ કરજો; માતાજીને મરણ બાદ પાણી પાનાર (શ્રાદ્ધ કરનાર) પૌત્ર જોઈએ છીએ. હું સુખેથી જાઉં છું, પણ નાની કમુની મને ચિંતા રહે છે. એને સાચવજો; ઓછું આવવા દેશો નહિ.

આમાં મને પૂરો ભરોસો છે, પરંતુ મરણસમયે તમને ભલામણ કરતી જાઉં છું." જશોદાની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

કઠિન પુરુષહૃદય પણ પીગળ્યું ચુનીભાઈની આંખોમાંથી પણ દડદડ આંસુઓની ધારાઓ વહેવા લાગી, તેઓ ગળગળા થઈ ગયા. એક્ય અક્ષર મોઢામાંથી નીકળ્યો નહિ; પણ ધીમે હાથે પ્રિય પત્નીનો હાથ ઉપાડી ઊંચો કરી પોતાના હાથની સાથે મિલાવી કોલ આપ્યો. પત્ની જીવશે નહિ એવી હવે એને પણ ખાતરી થઈ ગઈ હતી. પોતાની પત્ની પર એને અથાગ પ્રેમ હતો. વીસ વરસનો ગૃહસ્થાશ્રમ તૂટીને ટુકડા બનતો હતો, એ પત્નીના ગુણોને સંભાળતો હૃદયથી રડતો હતો. ચુનીભાઈ નિરાશાના અંધકારમાં ડૂબવા લાગ્યા. વૃદ્ધ માતા, પોતે અને નાની કમુને એણે અસહાય અને દુઃખમાં ગરકાવ થતાં જોયાં.

સેંકડો દુઃખોના ડુંગરો પડવાથી રીઢું થયેલું ગોમતીમાનું હૃદય અને આંખો રડી ઊઠયાં. વહુના ગુણો સંભારી સંભારીને ડોસીનું મન વ્યગ્ર થઈ જઈ એનું દુઃખ આંસુરૂપે બહાર આવવા લાગ્યું. ચુનીભાઈનાં ડોસીમા તો જ્ઞાતિમાં પથ્થર જેવી છાતીનાં ગણાતાં, પરંતુ એ પોલાદી છાતી પણ આજે અગ્નિમાં લોઢું પીગળે તેમ પીગળીને દુઃખથી નરમ બની ગઈ; ડોશીમા ઝીણે સાદે રોવા લાગ્યાં. હવે વહુના જીવવાની કોઈ પ્રકારની આશા નહોતી. હનીફા ડોશી અને જાદવજી વૈદ્યે પણ આશા મૂકી દીધી હતી.

ત્રણ દિવસ બાદ ઉધરસના એક ભારે હુમલા પછી જશોદાનું પ્રાણ પંખેરૂં પરમેશ્વર પાસે જવાને સદાને માટે આ જગતની વિદાય લેતું ઊડી ગયું. પતિ, સાસુ અને પુત્રીને મૂકી જશોદા પરલોક પ્રતિ ચાલી ગઈ.

ડોશીએ વહુના મોઢામાં આગળથી તૈયાર કરેલા ગંગાજળનાં ટીપાં, ઠાકોરજીનું ચરણામૃત તથા તુલસીપત્ર મૂકીને એને પવિત્ર કરી.

અનુભવી ડોસીને વહુની આંખ ફરેલી જોઈ, ચેતીને એણે પુત્રની મદદથી ગોમૂત્રથી લીંપેલા ચોકે સુવાડી, પાણીનું બેડું રેડી એના શરીરને નવરાવ્યું. એક ડચકું અને જશોદા હતી ન હતી થઈ ગઈ.

ગોમતીબાએ જોસથી ઠૂંઠવો મૂકયો. આખી જ્ઞાતિમાં રડવા-કૂટવામાં એમની જોડી મળવી મુશ્કેલ હતી. ખુલ્લા ચોકમાં જ્ઞાતિનાં બૈરાંઓ ભેગાં મળીને છાતી કૂટવા માટે ગોમતીબાની સરદારી નીચે વહુને સંભારી રડાકૂટ કરવા મંડચાં. ગોમતીબાના આગ્રહથી વહુની પાછળ જ્ઞાતિભોજન અને બ્રહ્મભોજન કરી વહુને સીધી સ્વર્ગે મોકલવાનો માર્ગ કરી આપ્યો.



## ૨

# ગોમતીબા

**સાઠને** આરે પહોંચેલ ગોમતીબાએ દુનિયાની અનેક લીલી-સૂકી જોઈ નાખી હતી. એનો સંસાર ગરીબ અને આછોપાતળો હતો. એનો પતિ હરજીવન લગભગ અભણ હોવાથી લાંબી બુદ્ધિવાળો નહોતો. એક ધનવાન ગૃહસ્થની બંધાવેલી ધર્મશાળાના રખેવાળ અને સાધુઓને સદાવ્રત વહેંચી આપવાના બાર રૂપિયાના પગારથી એની નિમણૂક થઈ હતી. ગોમતીને એક પુત્રી તથા એક પુત્ર થયાં હતાં. પોતાના ઘરને ટૂંકી આવક વડે નિભાવવું, પતિ અને બાળકોની સંભાળ રાખવી, જ્ઞાતિનો વ્યવહાર જાળવવો અને ઘરના કામ ઉપરાંત દળણાં દળીને જેમ તેમ કરી આવકખર્ચના બે છેડા પૂરા કરવાનું કામ આ સ્ત્રીના માથે આવી પડ્યું હતું. પતિને દીન દુનિયાની ગણતરી કે ખ્યાલ નહોતાં. એ ભંગેરી અને ક્યારે ક્યારેક સાધુઓની સોબતમાં ગાંજાની ચલમનો અભ્યાસી હતો. પત્ની, છોકરાં કે ઘરની એને કાંઈ પડી નહોતી. એ સઘળો ભાર ગોમતીના માથા ઉપર હતો. જરાપણ હિંમત હાર્યા સિવાય આ સ્ત્રીએ સંસારનો ભાર ઉપાડી લીધો હતો.

ગોમતી ૨૪ વરસની ઉંમરની થઈ ત્યાં તો ગાંજાખોરીએ હરજીવન ધરવશ થયો: એના સુકલકડી શરીરમાં દમ દાખલ થયો. સદાવ્રતની નોકરી અને સાધુઓની સોબત બંને ફરજીઆત ત્યજી દઈને હરજીવન ઘેર બેઠો. એને દમ ચડતો હતો. આખી રાત ખાંસતો એ પથારીમાં બેઠોબેઠો જ વીતાવતો હતો. પાસે મૂકેલા કુંડામાં બળખા થૂંકી થૂંકીને એ રાત પૂરી કરતો. ઘરમાં આવતી બાર રૂપિયાની આવક પણ બંધ થઈ. પરિણામે ગોમતીને ચાર જણાના ભરણપોષણનો ભાર ફરજીઆત ઉપાડવો પડ્યો. ધાવણા ચુનીને સંભાળવો, આખો દિવસ દળણું દળી જેને તેને ઘેર પહોંચાડવું, સીમમાંથી છાણ લાવી છાણાં થાપવાં, ઘરનાં સૌને રસોઈ કરી જમાડવાં અને દમિયલ પતિની સેવા કરવી—આ સઘળું કામ ગોમતીએ મોઢેથી એક હરફ પણ કાઢ્યા વગર ઉપાડી લીધાં. એની ધીરજ અને હિંમત અથાગ હતાં.

સવારના પ્રાતઃકાળ થતા પહેલાં ચાર વાગે તો ગોમતી ઊઠતી, પોતાની ઘંટીએ બેસી જતી, નરસિંહ મહેતા અને મીરાંબાઈનાં ભજનોને ધીમો હલકો ઘંટીના સંગીત સાથે એકરૂપ થતો હતો. ચાર પાલી અનાજનું દળણું પ્હો ફાટતાં પહેલાં ગોમતી દળી નાખતી હતી. તરત તે ગાયના ગોંદરા તરફ જઈને બે ત્રણ સુંડલા ભરી છાણ ભેગું કરી લાવીને તેનાં છાણાં થાપીને સૂકવી દેતી. બીજી બાજુ હરજીવન ને એની છોકરીને ઉઠાડી દાતણ કરવા બેસાડતી. આગલે દિવસે જંગલમાંથી ઝાંખરાં ભેગાં કરીને લાવી રાખ્યાં હોય તે છાણાં સાથે સળગાવીને ધણીને રોટલો અને ચહા બનાવીને ખવરાવતી અને પોતે અને છોકરી છાસ રોટલો ખાઈ લેતાં.

પડોશમાં ગામના દેશાઈજીનું કુટુંબ રહેતું હતું. એ કુટુંબની મોટી જમીનદારી આ જિલ્લામાં હતી. દેશાઈ વિનોદરાય એંશી વરસના ખડેખાંત અને અશક્ત સ્થિતિમાં બહોળા કુટુંબ અને વિશાળ જમીનદારીનો જાતે વહીવટ કરતા હતા. એમણે યુવાનીમાં મરાઠાઓની

ટુકડીઓના સહકારમાં રહી અનેક લડાઈઓમાં ભાગ લીધો હતો. મરાઠાઓની સરદેશ મુંબાઈ અને ચોથ ઉઘરાવવા ઠેઠ કાઠિયાવાડનાં રાજ્યોનાં આક્રમણોમાં એમણે સક્રિય ભાગ લીધો હતો, પિંઢારાઓ સાથે એઓ લડયા હતા, અનેક લુંટારૂ ટોળીઓનું એમણે નિકંદન કાઢ્યું હતું. વળી ચાર–પાંચ વાર સખ્ત ઘાયલ થઈને છ છ મહિના ખાટલો પણ સેવ્યો હતો. એમના શરીર પર તલવારોના રૂઝાયલા ઘાવોનાં ચિહ્નો હજી પણ દેખા દેતાં હતાં. પોતે લડવૈયા છતાં ધર્મિષ્ઠ અને શ્રદ્ધાળુ પ્રકૃતિના હતા. પોતાને ગાયકવાડ સરકાર તરફથી મોટી જાગીર મળી હતી. જાગીરમાં એમણે રામચંદ્રજીનું નાનું પણ એક રૂપાળું મંદિર બાંધ્યું હતું. પૂજારી રાખીને મંદિરમાં શ્રીરામ, સીતા અને લક્ષ્મણની ત્રિમૂર્તિની પૂજા પણ કરાવતા; રામનવમીને દિવસે મોટો ઉત્સવ કરાવતા. આસપાસનાં અનેક ગામોના લોકોનો મોટો મેળો રામપરામાં ભરાતો હતો.

દેશાઈજી આ ઉત્સવપ્રસંગે સારો ખર્ચ કરતા હતા. રમતગમત, કસરત અને શરતોની હરિફાઇથી આ ત્રણ દિવસનો ઉત્સવ ખૂબ જ દીપી નીકળતો. બળદગાડીઓ દોડવાની શરતો થતી, ઘોડાઓની પરીક્ષા કરવામાં આવી શુદ્ધ કાઠિયાવાડી તેજણ ઘોડીઓ પોતાની પવનવેગી ચાલ બતાવતી; મારવાડથી રણમાં રાતોરાત સો સો માઈલની કૂચ કરનારાં ઊંટો અહીં પરીક્ષા માટે લાવવામાં આવતાં; અર્ધો અર્ધો મણ દૂધ દેનારી મોટાં આઉવાળી સુંદર દેખાવની ગાયોને માટે પણ દેશાઈજી ઈનામો આપતા હતા. આખા પ્રાંતનો એ મોટામાં મોટો મેળો હજારો માણસોને આકર્ષતો હતો. ગાય, ઘોડા, બળદો અને ઊંટોનું આ મેળામાં વેચાણ પણ થતું હતું. દેસાઈજી એક જુવાનની માફક ખુબ સ્ફૂર્તિથી આ મહાન ઉત્સવને પરિપૂર્ણ કરતા હતા.

દેશાઇજી શ્રીતુલસીકૃત રામાયણના પરમ ભક્ત હતા. એમને ત્યાં દરરોજ રાત્રે રામાયણ વંચાતું. દેશાઈજીના છ પુત્રો, આઠ પૌત્રો અને પાંચ પ્રપૌત્રો ગાયકવાડ સરકારની નોકરીમાં હતા. કુટુંબીઓના

બનેલા સંયુક્ત હિંદુ કુટુંબની લગામ દેસાઈજીએ હાથમાં મજબૂતાઈ અને ચીવટાઈથી રાખી હતી. આખું કુટુંબ એક રસોડે જમતું. દેશાઈજીની મોટી હવેલીમાં સૌનો સમાસ સહેલાઈથી થઈ જતો. દેશાઈ વિધુર હતા, પરંતુ એમની તાલિમ અને શિસ્ત એટલાં કડક હતાં કે કુટુંબની કોઈ વહુ આ મોટા ઘરની મર્યાદાનો ભંગ કરી શકતી નહિ. દેશાઈજી સમતુલાથી હમેશાં સૌની સાથે વર્તતા. તેઓ સત્યનિષ્ઠ, ન્યાયપૂર્ણ અને સમય સાચવી લેવાની ધીરજ અને યુક્તિવાળા હતા. કુટુંબના વ્યક્તિગત સભ્યોને પોતાની સ્થાપેલી મર્યાદામાં તેમણે સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી.

ગોમતી આ કુટુંબ માટે દળાણું દળતી, દેશાઈજીને કૂવે જઈ કપડાં ધોઈ આવતી અને ઘરનાંઓ માટે રોજ પાણીના બેડાં કૂવેથી ભરી લાવતી હતી. છાસનું વલોણું પણ તે કરી આવતી. બદલામાં એને પાંચ રૂપિયા રોકડા, ખાવા માટે અનાજ અને ચાર છાયેલ મળતાં હતાં. દેશાઈજીને ગાયોનો ભારે શોખ હતો, એટલે ગોમતીને છાશ પુષ્કળ મળતી હતી. દેશાઈજીને આ ગરીબ સ્ત્રી ઉપર અનુકંપા હતી, એટલે એને વારતહેવારે કાંઈ ને કાંઈ આપતા હતા. ગોમતીનું જેમ તેમ નભ્યું જતું હતું. આખો દિવસ સખ્ત મહેનત અને ઉદ્યોગશીલતાથી એના મુશ્કેલ દિવસો ક્યાં ચાલ્યા જતા તેની પણ ખબર પડતી નહોતી. આઠ વરસની છોકરી માતાની ગેરહાજરીમાં નાના ચુનીને સાચવતી, જ્યારે દમિયલ બાપ બંને છોકરાંઓની ચોકી કરતો ઘરના ખાટલામાં ખાંસતો ખાંસતો વખત વીતાવતો હતો.

વિધાતાને આ ગરીબ અને ઉદ્યોગ સ્ત્રીનું આટલું સુખ પણ ગમ્યું નહિ; ગોમતીનો ચૂડો ભાંગ્યો. હરજીવન આ લોકમાં ખાંસવું પૂરું કરીને પરલોકમાં ખાંસવા ચાલ્યો ગયો. વિધવાએ સાધારણ બ્રહ્મભોજન કરાવી પતિને સ્વર્ગગમનનો માર્ગ સરળ કરી આપ્યો. પટેલોએ ન્નાતિભોજન માટે સખ્ત ઉઘરાણી કરીઃ 'આખો જન્મ

બીજાઓને ત્યાં જ્ઞાતિભોજનમાં જમી અને હવે અવસર આવ્યો ત્યારે ગરીબાઈનું બહાનું કાઢે છે તે નહિ ચાલે.' દેશાઈજીને કાને પણ આ



**ગોમતી**

ગોમતી ધાર્મિક વૃત્તિની હોવાથી વ્રતો ને ઉપવાસો પાળતી.

વાત પહોંચી. પરિણામે એમણે દરમ્યાનગીરી કરતાં વિધવા ગોમતીની સતામણી બંધ થઈ.


*

ગોમતી શરીરે યુવાન અને મજબૂત હતી. દરરોજ દસ બાર કલાક કામ કરવાના મહાવરાથી ભારે ખડતલ બની હતી. તે પોતાના ઘર, આબરૂ, કુટુંબપરિવાર અને જુવાનીનું બરાબર રક્ષણ કરી રહી હતી. ચારે તરફ એને લપસાણુ અને ક્યારેક પ્રલોભનો રાક્ષસની માફક એની સામે આવી ઊભતાં. શ્રદ્ધાળુ, ધર્મિષ્ઠ બાઈ પોતાના શિયળ અને ધર્મને જાળવી રહી હતી. આખા દિવસની મહેનત મજૂરી આડે એને અનિષ્ટ વિચારો કે તરંગો માટે સમય નહોતો. કામ કરતાં પણ ગોમતી ભજનકીર્તનો ગાતી હતી. દેશાઈજીને પણ આ ગરીબ વિધવાની સારી ચાલ માટે સંપૂર્ણ શ્રદ્ધા અને માન હતું. ગોમતીને એઓ પોતાની વહુ દીકરીઓ સાથે હળવા ભળવા દેતા હતા. આટલી મહેનત-મજૂરી કરવા છતાં ગોમતી ધાર્મિક વૃત્તિની હોવાથી વ્રતો અને ઉપવાસો પાળતી; રામજીના મંદિરમાં દર્શન કર્યા વગર અનાજનો દાણો પણ મોઢામાં નાખતી નહિ.

એ પોતાના રક્ષણ બાબતમાં સાવધ હતી. એક વખત વહેલી સવારે એ સીમમાં છાણ ભેગું કરવા તથા સૂકાં લાકડાં લેવા ગઈ હતી. ત્યાં એક જુવાન કાઠોડીઓ એની વાંસે થયો, એ ખરાબ ચેનચાળા કરવા લાગ્યો. ગોમતીએ એની દરકાર કરી નહિ. તે કાંઈ પણ ન ગણકારતાં ઝડપબંધ આગળ વધી. જુવાને જરા દોડી એના અંગ ઉપર ચેડાં કરવા પ્રયત્ન કર્યો. ચંડી સચેત બની. એણે છાણનો ભરેલો ટોપલો એ કાઠોડીઆના માથા પર ઠાલવી દીધો અને જમીન પરથી હાથમાં પથ્થર લઈને આંખ લાલ કરી સામે ઊભી. આખરે કાઠોડીઓ જીવ લઈને નાસી ગયો.

દેશાઈજીના અતિથિ તરીકે એક મરાઠા સરદારની સ્વારી રામપુરમાં આવી હતી. દેશાઈજીએ પોતાના માનીતા અતિથિનું અંતઃકરણપૂર્વક સ્વાગત કર્યું. સરદારની તહેનાતમાં એક મરાઠો જુવાન સ્ત્રીઓના સાડલા જોઈ ગાંડો થઈ જતો. એ નિરંકુશ હતો. એને

ગોમતી ગમી. અંધકાર પછી પોતાને ઘેર જતાં આ નીડર સ્ત્રીની આ યુવકે એકાંતમાં છેડ કરવાની કોશિશ કરી, ગોમતીના નારીત્વે



રામજી મંદિર

રામજીના મંદિરમાં દર્શન કર્યા વગર ગોમતી
અનાજનો દાણો પણ મોઢામાં નાખતી નહિ.

રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું. જરાપણ અવાજ કર્યા વગર એણે પોતાના હાથમાં પકડેલી પિત્તળની તાંબડી પેલા જુવાનના માથામાં જોસથી મારી. યુવકના માથામાંથી લોહી નીકળવા માંડયું. રખેને લોકો આવી પહોંચશે એવા ભયથી એ ત્યાંથી નાસી છૂટયો. બીજે દિવસે દેશાઈને આ વાતની ખબર પડતાં આ ઉચ્ચ ચારિત્રશીલ વિધવાને છાયલનો જોટો ઈનામ તરીકે અપાવ્યો.

ગોમતી સ્વામાની સ્ત્રી હતી. તે કોઈની પાસે હાથ લાંબો કરતી નહિ. દેશાઈજીને તે પોતાના શેઠ, મુરબ્બી અને વડીલ તરીકે ગણતી. ગમે તેવી ભીડના વખતમાં પણ એણે હાથ લાંબો કરી દેશાઈજી પાસે કાંઈ માગ્યું નહોતું. દેશાઈજીના કુટુંબમાં અનેક દીકરા–પૌત્રોની વહુઓ હતી. આવા મોટા ઘરમાં લક્ષ્મીની લહેર હોવાથી એકાદ જણની ખુશામત કરતાં ઘણું પ્રાપ્ત થાય તેમ હતું; પરંતુ ગોમતી પોતાનો ટેક કદી છોડતી નહિ, કદી કોઈની ખુશામત કરતી નહિ; આઘુંપાછું કે ચાડીચુગલી પણ કરતી નહિ. અંદર અંદર કાન ભંભેરી લડાવવાની બાજી પણ તે કદી રચતી નહિ. સીધે માર્ગે પોતાનું કામ કરીને એ ચાલી જતી. યુવાન વહુઓને ખુશામત પસંદ હોવાથી ગોમતીને તેઓ અક્કડ અને અભિમાની ગણતી હતી. તેમ છતાં ત્યાંની અનુભવી આધેડ પુત્રવધૂઓ એના હૃદયના શ્રેષ્ઠ ગુણોની કદર કરતી હતી. અનુભવની આંખવાળા દેશાઈજી તો આ સ્ત્રીના ઉત્તમ ગુણો જોઈ એના ઉપર શ્રદ્ધા અને દયા રાખતા હતા.

*

ગોમતીની કસોટી હજી પૂરી થઈ નહોતી. એના ઉપર વળી એક અટપટો પ્રસંગ આવી પડ્યો. દેશાઈજીના કુટુંબની પુત્રવધૂઓમાં, જેમ શ્રીમંત કુટુંબોમાં હોય છે તેમ, કેટલીક પોતાના ઘરેણાં માટે બિલકુલ બેદરકાર હતી. કિંમતી વસ્ત્રો અને અલંકારો જ્યાં ત્યાં બેદરકાથી મૂકતી. ગોમતીને આવાં આડાં અવળાં પડેલાં ઘરેણાં ક્યારે ક્યારેક હાથ આવતાં એટલે તે ઉપાડી ઘરની વડીલ વહુના હાથમાં મૂકી દેતી. આથી એના ઉપર સૌનો પૂરો વિશ્વાસ જામ્યો હતો. એક પૌત્રવધૂએ પોતાના ગળાનો સોનાનો હાર ઉતારીને ઓરડાની અભરાઈ પર મૂક્યો. તે સ્નાન કરવા જતી હતી ત્યાં ગોમતી ઓરડામાં ઝાડુ કાઢતી હતી. એણે વહુને હાર મૂકતી જોઈ નમ્રતાથી

કહ્યું: 'વહુ બેટા! હાર કબાટ ખોલીને અંદર મૂકો.' પરંતુ યુવાન વહુએ એના કહેવા તરફ કાંઈ લક્ષ્ય આપ્યું નહિ. તે તો સ્નાન માટે ચાલી ગઈ.

ગોમતીને બીજા ઓરડામાંથી મોટી વહુની બૂમ પડી. તે ઝાડુ મૂકીને એમને જવાબ આપવા ગઈ. ત્યાં એને કાંઈક બીજું કામ સોંપાયું. ગોમતી હારની વાત તદ્દન ભૂલી જઈને નવું કામ કરવા લાગી ગઈ, વહુ સ્નાન કરીને આવ્યા પછી હારની વાત જ વિસરી ગઈ. બપોરના જમ્યા પછી એને હાર યાદ આવ્યો. બેબાકળી થઈને એણે અભરાઈ ઉપરની સઘળી વસ્તુઓ નીચે ફેંકી દઈ આખી અભરાઈ ઉપર હાથ ફેરવ્યો. પરંતુ હાર હાથ આવ્યો નહિ. નાની વહુ ગભરાઈને રોઈ પડી. બીજી વહુવારુઓ અને મોટી વહુ ત્યાં આવી પહોંચ્યાં. વહુએ પોતાને હાથે હાર ઉતારી અભરાઈ ઉપર મૂકવાની વાત રોતાં રોતાં કરી. ત્યારે ત્યાં કોણ કોણ હાજર હતું એમ પૂછતાં ગોમતીનું નામ આવ્યું. ગોમતીએ પણ તે સમયે પોતે હાજર હોવાનું સ્વીકાર્યું; પરંતુ પાછળથી શું થયું તે સંબંધી કાને હાથ મૂકયા.

દેશાઈજી અને કુટુંબીઓને ખબર મળતાં તેઓ આવી પહોંચ્યાં. કેટલાક ઉતાવળીઆ યુવકોને ગોમતી ઉપર શક આવ્યો. તેઓ આકરાં પગલાં લેવા માટે બબડવા લાગ્યા; પરંતુ દેશાઈજીને ગોમતીની પ્રમાણિક નિષ્ઠા ઉપર પાકી શ્રદ્ધા હતી. એમના કડપથી કોઈ કાંઈ બોલી શકયું નહિ. જાદવજી જોષીએ જોશ જોઈ હાર ઉત્તર દિશામાં છે એમ કહ્યું; પીરમશા ફકીરે ઈશાન ખૂણામાં હોવાનું જણાવ્યું; એક છોકરાને બેસાડી તેના આંગળાના નખ ઉપર શાહી લગાવીને હાજરાતવાળાએ તેમાં મીટ માંડવા તેને કહ્યું; નખની અંદર હાજરાતના પાદશાહની કચેરી સૂચનાથી ( Auto suggestion )

છોકરાને જોવામાં આવી. પરંતુ હાજરાતના પાદશાહે પણ કાંઈ હારનો પત્તો લગાડ્યો નહિ; ભુવાને ધુણાવતાં પણ કાંઈ પત્તો મળ્યો નહિ; રમલવાળાને પણ નિષ્ફળતા મળી. (સાઠ સિત્તેર વર્ષો પહેલાં ગુમાવાયલી ચીજોનો પત્તો મેળવવા આવી કોશિશો થતી હતી.)

ગોમતીને ઘણું માઠું લાગ્યું. એણે કોઈને દોષ દીધો નહિ. દેશાઈજીના ઘરનો યુવાનવર્ગ એના ઉપર શકની નજરે જોતો હતો એ વાત તે સારી રીતે સમજતી હતી; છતાં એનું અંતર પોતાની નિર્દોષતાની સાક્ષી પૂરતું હોવાથી એ કાંઈ બોલી નહિ. એણે પોતાનું હમેશનું કામ મૂંગે મોઢે પણ ભારે હૈયાથી કરવાનું ચાલુ રાખ્યું. માત્ર રામજીના મંદિરે જઈ મૂર્તિ સમીપ બે હાથ જોડીને પોતાની નિર્દોષતા સાબીત કરવા તે ખરા અંતઃકરણથી પ્રાર્થના કરતી હતી. હાર ન મળે ત્યાં સુધી એણે છાશ ખાવાની બાધા રાખી; એ સૂકો રોટલો અને અથાણું માત્ર ખાતી હતી. આમ છતાં હારનો કાંઈ પત્તો પણ મળ્યો નહિ.

દેશાઈજીને ત્યાં થોડા દિવસો પછી વિવાહનો સમારંભ થવાનો હતો. મિસ્ત્રીઓ ઘરને ચૂનો લગાડવામાં લાગેલા હતા. એ જ ઓરડાની અભરાઈને એક મિસ્ત્રી સાફ કરતો હતો. લાકડાની બે અભરાઈના લાકડાનાં પાટીઆં સુકાવાથી વચ્ચેની ફાટ પહોળી બની હતી. એની નજર એ ફાટની અંદર ગઈ. આમાં કાંઈ ચળકતું ચળકતું દેખાય છે, એમ એમણે બૂમ મારી. અંદરના સૌ મિસ્ત્રીઓએ કૌતુકથી જોયું. કાંઈક પીળી ચળકતી વસ્તુ દેખાઈ. અભરાઈને ઉખેડીને અંદર જોતાં સોનાનો હાર ફાટમાંથી નીચે ઊતરી ગયેલો હાથ આવ્યો. ગોમતીનું સત્ય આગળ તરી આવ્યું.

૩

# ગોમતીની કારમી કસોટી

**સમય** વીતવા માંડ્યો ગોમતીની છોકરીને નવમું વરસ પૂરું થઈ દશમું બેસતું હતું. એ જમાનો બાળવિવાહનો હતો. ઘોડીઆમાં પણ લગ્ન થવાના બનાવો બનતા હતા. શાસ્ત્રીબાવાઓને अष्टवर्षा भवेद्गौरी વાળો શ્લોક ભારે ઉપયોગનો હતો. ગોમતીને પણ પોતાની દિકરી શ્યામા માટે ઘણી ચિંતા હતી. ગરીબ વિધવાને કોઈ સારો યુવક શોધવામાં સફળતા મળતી નહોતી. શ્યામા રંગે અને રૂપે કાંઈક ભીને વાને હતી. ગરીબ અનાથ વિધવાની પુત્રીને માટે યોગ્ય મૂરતિયો મળતો નહોતો. સગાસંબંધીઓ અને જ્ઞાતિની વૃદ્ધ સ્ત્રીઓ ગોમતીને મોઢે ચડીને કહી દેતાં–" આવડી મોટી બળદ જેવડી છોકરી કરીને તારે શું કરવું છે ? ક્યાંક એનું ગોઠવી દે. છોકરી તો સાસરે જ શોભે. કોઈને ત્યાં આવડી ઉંમર જેટલી મોટી છોકરી છે ? તારે જ્ઞાતિમાં રહેવું હોય તો એને ઠેકાણે પાડી દે."

નવરાં બૈરાંઓની આ કુથલી ગોમતીને તીરની માફક વીંધતી હતી. સહનશીલ વિધવા એક પણ ઉદ્ગાર કાઢ્યા વગર ચૂપચાપ છાનીમાની બેસી રહેતી.

શ્યામા કાંઈ ભણી નહોતી; ગામમાં કન્યાશાળા પણ સ્થપાઈ નહોતી; આખા ગામમાં એકેય સ્ત્રી અક્ષરજ્ઞાન ધરાવતી નહોતી. સ્ત્રીઓને ભણાવવું એ તો બિલકુલ અયોગ્ય ગણાતું હતું. કોઈએ એવો વહેમ ગામના સ્ત્રીમંડળમાં ઠસાવી દીધો હતો કે ભણેલી છોકરી જલદી વિધવા થાય છે. આથી છોકરીઓને કોઈ ભણાવતું જ નહિ. સૌ સ્ત્રીઓ પોતાની પુત્રીઓને નાનપણથી જ ઘરકામમાં જોડી દેતી હતી. શ્યામા નવ વરસની હતી. છતાંપણ તે ઘરનું બધું કામ કરતી. ચૂલો સળગાવતાં, સાફસૂફી કરતાં, વાસણો માંજતાં, ખીચડી રાંધતાં અને લૂગડાં ધોતાં એને આવડતું હતું. માતાની ગેરહાજરીમાં નાના ચુનીને તે રમાડતી. શ્યામા સ્વભાવે રાંક અને કામોઢી હતી.

શ્યામાને દશમું વર્ષ ચાલતું હતું. તેથી ગોમતીનું મન છોકરીને ઠેકાણે પાડવા માટે ચિંતાતુર રહેતું હતું. છોકરીને કાંઈ દાયજો આપી શકે તેવી વિધવાની સ્થિતિ નહોતી. રેશમનાં બે કપડાં પણ આપી શકે તેમ નહોતું. સગાંસંબંધીઓમાં પણ કોઈ ગરીબ અનાથ સ્ત્રીની સાથેનું સગપણ સંભાળે તેમ નહોતું. ધનવાનનાં દૂરનાં સગાં સગપણ યાદ કરાવતાં મધમાખીઓ મધની પાછળ દોડે, તેમ ધનવાન સાથેના સંબંધને સ્વાર્થદૃષ્ટિથી સમીપ આણે છે. પરંતુ પેટનો માંડમાંડ ગુજારો કરતી આ ગરીબ સ્ત્રીનું સગપણ સગાઓને મન વિસ્મૃતિ કરાવવા જેવું હતું. વિધવાની છાતી પર મોટી થતી પુત્રીની ચિંતાનો ભાર હંમેશાં મૂંઝવણ ઉપજાવતો હતો.

દેશાવરમાં એની જ્ઞાતિનાં ઘરો ઘણાં હતાં; પરંતુ ગામડાંમાં રહેતી ગોમતીબાઈને એમની સાથે કોણ સંબંધ બાંધી દે? વિધાતા તો પૂરી કસોટી કરવા તૈયાર થઈ હતી. ગામમાં માતાના વાવર

હતા. ચુનીને માતા કઢાવ્યા નહોતા, કારણ કે હજી ગામડાંઓમાં બળીઆ કાઢનાર નહોતાં પહોંચ્યા. ચુનીને તાવ આવ્યો. ત્રીજે દિવસે શીતળાના દાણાનાં ચિહ્નો દેખાયાં. માતાએ બહારનું કામ મૂકીને નાના પુત્રની રાત્રિદિવસ ચાકરી કરી એને સાજો કર્યો. થોડા દિવસો પછી શ્યામાને માતા નીકળ્યાં. એનાં માતા બહુ જ ભરાવામાં અને વધારે પ્રમાણમાં હતાં. આથી છોકરી બહુ હેરાન થઈ ગઈ. મૂળથી જ બીને વાને તો હતી જ, તેમાં આ માતાનાં ચાઠાં એના મોઢા ઉપર રહી ગયાં. આથી છોકરી દેખાવમાં સુંદર રહી નહિ.

છોકરીને આરામ થયો તેટલામાં વળી ચુનીને મરડો થયો. એક માસ સુધી નાના બાળકને તકલીફ રહી. ચોમાસામાં એને તદ્દન આરામ થઈ ગયો. ગામની એક બાજુ તળાવ હતું. પર્વતની ધાર નીચે ખાડાખૈયાવાળી જમીન હતી. ચોમાસાની અતિવૃષ્ટિ વખતે આ ખાડાઓમાં પુષ્કળ પાણી ભરાતું હતું. ચોમાસામાં વહેલાં ડહોળાં પાણી તળાવમાં ભરાતાં હતાં. પાણીને ગરમ કરી પીવાનો રિવાજ ત્યારે ત્યાં નહોતો. ગામમાં ભેજવાળી ઋતુમાં મચ્છરો થતા હતા. આ ઋતુમાં ગામમાં ખૂબ કચરો ભેગો થતો હતો. તેના ઉપર વરસાદ પડતાં આ કચરો ખૂબ સડતો. વળી એમાંથી અસહ્ય દુર્ગંધ નીકળતી, પણ લોકો એને સહન કરવાને ટેવાઈ ગયેલા હતા. ચોમાસામાં ગામમાં ચારે તરફ કાદવનો જમાવ થતો હતો. ગામના છોકરાઓ આ કાદવવાળા રસ્તાઓ ઉપર ગંદકી કરતા હતા. ગામડાંઓમાં સફાઈ કે સ્વચ્છતા ચોમાસામાં રહેતાં જ નથી. લોકોને એ જાતની તાલીમ મળી નહોતી; લોકો એવી સ્થિતિ નિભાવી લેતા હતા.

ચોમાસામાં આ ગામમાં તળાવ અને ખાબોચીઆંને લીધે મચ્છરો થતા હતા. ભીની ઋતુ અને વાડીઓની પુષ્કળ વનસ્પતિને લીધે મચ્છરોની વસ્તીમાં ઠીક વધારો થતો હતો. ચોમાસામાં આ મચ્છરોને લીધે મેલેરીઆનું જોર વધુ રહેતું; ઘેરઘેર ખાટલા પથરાતા.

મેલેરીઆનો તાવ ઘણું કરી એકાંતરે આવતો હતો. જે દિવસે ટાઢ આવે અને પછી ગરમ તાવ આવે તે દિવસે સૌ રોગીઓ ખાટલે પડ્યાં રહેતાં. તાવ ઊતરી જાય એટલે ફરી પોતાનું કામ કરવા લાગતાં. ત્યારે ગામડામાં ક્વિનાઈન પહોંચ્યું નહોતું; હજી પણ પહોંચ્યું નથી. સૌ મેલેરીઆના રોગીઓ જંગલમાંથી કરીઆતાના છોડ લાવીને તેનો ઉકાળો કરી પીતા હતા. પરંતુ આ મેલેરીઆ ભયંકર ભોગો લેતો. આથી ગામડામાં મોટું મરણપ્રમાણ આવતું હતું. મેલેરીઆને લીધે ઘણા ખેડૂતોના પેટમાં તલ્લી ( spleen )ની ગાંઠ થતી. ધીમે ધીમે શરીરમાં પીળાશ અને ફિકાશ આવતી હતી. પરિણામે જુવાનીમાં જ દર્દી પરલોકવાસી થતો. ત્રણ ચાર વર્ષે જ્યારે આ ગામમાં મેલેરીઆ ફાટી નીકળતો, ત્યારે ભારે મનુષ્યહાનિ કરી જતો હતો. મેલેરીઆના દર્દી ઉપર વારંવાર હુમલા થતા હતા.

ગોમતી પણ મેલેરીઆના પંજામાં સપડાઈ ગઈ. એને પણ ટાઢ આવી ગરમ તાવ આવી જતો. ગોમતીને તાવ આવે ત્યારે બિછાનામાં સૂઈ રહેવું પડતું. તાવ ઊતર્યે એ પોતાનું નિત્યકામ કરતી હતી. પરંતુ તાવ એને છોડતો નહોતો. ધીમે ધીમે શરીર ફિક્કું થતું ગયું, શક્તિ ઘટતી જતી હતી. આખું ચોમાસું એણે તાવની વારંવાર અસર નીચે પસાર કર્યું. ઘણી વખત ઘરમાં અનાજનો દાણો સરખો રહેતો નહિ. છોકરાંઓને માટે પણ કાંઈ ખાવાની સગવડ રહેતી નહિ. ગોમતીબાઈ આવા સંકટને સમયે પણ હાથ લાંબો કરતી નહિ. એ સહનશીલતા અને ધીરજની સાક્ષાત્ મૂર્તિ હતી. દુઃખના અને આપત્તિના ડુંગરાઓને પણ ખમી રહેવાની એનામાં ટેવ હતી.

એમની બાજુમાં હનીફાબાઈ અને ઉસમાનકાકા રહેતા હતા. ઉસમાન પાસે એક નાનું ખેતર અને બળદની જોડ હતી. એ ઉનાળામાં ખેતર ખેડતો, ચોમાસામાં કપાસ વાવતો, અને નવરાશના

સમયમાં એ ગાડામાં કપાસના મોટા બફાળા ( કાચી ગાંસડીઓ ) ઉપાડી સ્ટેશને પહોંચતી કરવાનું કામ કરતો. એના ભાડામાંથી અને કપાસની પેદાશમાંથી એનો વ્યવહાર સાધારણ રીતે ચાલતો હતો. પરંતુ ગરીબી ઠીક પ્રમાણમાં હતી. ઉસમાન અને હનીફા સીધાં માણસો હતાં. બંને ધર્મચુસ્ત અને નમાઝી હતાં. ઉસમાન પોતાના નિયમસર નમાઝ પઢવા જતો હતો. એનો નાનો પુત્ર ઉમર મસ્જિદના મોલવી પાસે કુરાનની આયાતો શીખતો હતો. ઉસમાનનું બાપીકુ નાનું ઘર હતું. એની પોતાને હાથે મરામત વારંવાર કરવી પડતી હતી. તેમ છતાં ચોમાસામાં એનાં છિદ્રોમાંથી પાણી ટપકતું હતું.

હનીફાબાઈનાં માબાપ પરગામનાં હતાં. એનો પિતા ગામડાનો હકીમ હતો. પિતા પાસેથી પુત્રી રોગોમાં અનેક વનસ્પતિઓનો ઉપયોગ શીખી હતી. ઉસમાનની ગૃહિણી થતાં એ ગામના માણસોને માટે નાની ઘરગથ્થુ દવાઓ બતાવતી હતી. પોતે ચોમાસામાં સીમમાં જઈને ઘણી ઔષધિઓ લઈ આવી ભેગી કરીને સૂકવી રાખતી હતી, ગામના ખેડૂતોનાં કુટુંબોમાં આ દવાઓ એ આપતી. પૈસા તો કોઈ એને આપતું નહિ, પરંતુ ખેડૂતો અનાજનાં ખળાં ટાંકણે હનીફાબાઈને ઘેર ક્યારે ક્યારેક દાણા મોકલતા હતા. આથી આ ગરીબ કુટુંબને અનાજની તંગી ક્યારેય ભોગવવી પડતી નહોતી. હનીફાબાઈની દવાઓથી ફાયદો થતો નહિ તો ગામવાસીઓ જાદવજી વૈદ્યની દવા લેતા. બંને ગામડાના વૈદ્યો હતા.

હનીફાબાઈ અને ગોમતી વચ્ચે સારો સખ્યભાવ હતો. બંને દરરોજ એકબીજાને ત્યાં આવ-જાવ કરતી હતી. હનીફા ઘણી વખત ગોમતીને ઘેર આવીને બેસતી. ઓટલા ઉપર ખજુરીની સાદડી પાથરીને તેના ઉપર હનીફાને બેસાડી બંને સુખદુ:ખની વાતો કરતી હતી. બંને ધર્મિષ્ઠ અને ભલી હતી. એમને પરસ્પર સહાનુભૂતિ હતી. પેટની વરાળ અને કુટુંબની વાતો પણ તેઓ

એકબીજા પાસે કાઢતી, બંનેના ધર્મ અને રીતરિવાજો જુદા જુદા હતા. ગોમતી અને હનીફા આ સર્વે સાચવી અને પરસ્પરના રીત-રિવાજો તરફ આદર દેખાડતી હતી. હનીફાના ઘરની બહારના ઓટલા ઉપર બંને ઘણી વાર સુધી બેસતાં હતાં; પરંતુ એકબીજાના રિવાજ પ્રમાણે તેઓ શારીરિક સ્પર્શ થવા દેતાં નહોતાં. છતાં તેઓ ગાઢ પરિચયને લીધે બંનેનાં હૃદયોમાં ઊંડી સહાનુભૂતિ અને આકર્ષણ થયાં હતાં.

પાંચેક વર્ષોની વાત હતી. ઉસમાનને ઓચિંતો કોલેરા થયો હતો. કોલેરામાંથી માંડમાંડ એ બચ્યો હતો. એટલે શરીરમાં અશક્તિ વ્યાપી ગઈ હતી, તેથી ચાર માસ ખાટલો સેવ્યો હતો. હનીફા બળદોને સંભાળતી, એમને ચારવા માટે ખેતરમાં લઈ જતી. રામા પટેલે એમનું ખેતર અર્ધા ભાગના કરારે ખેડીને વાવી આપ્યું હતું. કપાસ ઉપાડીને સ્ટેશને પહોંચાડવા માટે એનાથી ભાડે પણ જઈ શકાતું નહોતું. ખેતરની પેદાશ પણ અર્ધી આવી હતી. આથી આ ગરીબ કુટુંબને ખૂબ તંગી અનુભવવી પડી હતી. ઘણી વખતે દાણાની તાણ પણ પડતી તેથી એકાદ બે અપવાસ પણ થઈ જતા. નિત્યનં પરિચયથી ગોમતીને એમની આવી મંદ સ્થિતિની ખબર હતી. તે પોતે પણ ગરીબાઈમાં દિવસો કાઢતી હતી. છતાં પોતાના પાડોશીના સંકટ અને તંગી તરફ એને ઊંડી સહાનુભૂતિ હતી આખા ગામડાનું જીવન પરસ્પર સહકાર અને ઊંડી દિલસોજીથી ભરેલું હતું. ગામડાન સીધા સાદા રહેવાસીઓમાં રાગદ્વેષ અને ઝેરવેર હોતાં નથી.

ગોમતીને ચોમાસામાં દેશાઈજીએ હમેશના નિયમ મુજબ દાણા અપાવ્યા હતા. એની પાસેનો વાર્ષિક સંગ્રહ કોઠીમાં દાબી રાખવાનો એનો નિયમ હતો. એણે આ વર્ષે દાણાનો સંગ્રહ કર્યો નહિ. એકાંતરે દિવસે કેટલુંક અનાજ લઈ ગોમતી હનીફાને ત્યાં આપવા જતી હતી. હનીફા એ સ્વીકારવા માટે હા પાડતી નહિ, પરંતુ રકઝક કરીને પણ

છેવટે ગોમતી આ અનાજ હનીફાને ત્યાં મૂકી આવતી હતી. આમ ચાર માસ સુધી ગોમતીના અનાજનો સંગ્રહ આ ગરીબ સાલસ મુસલમાન કુટુંબને એણે પહોંચાડયો. ચોમાસા પછી ઉસમાન સાજો થયો. એ ફરી ગાડા ઉપર કપાસ લાદીને ભાડાં કરવા લાગ્યો. ગરીબ કુટુંબ ફરી પાછું પોતાનો નિભાવ કરવા માટે શક્તિમાન થયું.

ગામનું આરોગ્ય સાધારણુ રીતે સારૂં રહેતું હતું. પચાસેક ખેડૂતોનાં કુટુંબો હતાં. પંદરેક વાણીઆ–બ્રાહ્મણનાં કુટુંબો હતાં. એક સુથાર, એક લુહાર અને એક દરજીનું કુટુંબ એટલાં અહીં ખેડૂતો ઉપર નભતાં હતાં. સારા વરસાદને લીધે ગામમાં અનાજની તંગી ભોગવવી પડતી નહોતી. ગામ બહાર ચાર પાંચ હરિજનોનાં કુટુંબો રહેતાં હતાં. ખેતરોમાં મજૂરી, કાપડ વણવું, જાનવરોનાં ચામડાં કાઢી એમાંથી કૂવામાંથી પાણી ખેંચવાના કોશ બનાવવા, પગરખાં બનાવવાં વગેરે ધંધો એઓ કરતા હતા. દેશાઈજીને લીધે ગામ તેજસ્વી અને સંપત્તિવાન લાગતું હતું. દેશાઈજીનું બંધાવેલું રામજી મંદિર અને તેની પાસેના ચોરામાં ગામના સૌ પ્રૌઢો અને વૃદ્ધો સાંજે થોડો વખત એકઠા મળતા હતા. ખેડૂતો નવરાશના વખતે અહીં તમાકુની ચલમો કે હુક્કા પીતા. ગામમાં મેલેરીઆની તકલીફ ભારે હતી. પાંચ સાત વર્ષે કયારે કયારેક કૉલેરા પણ દેખાવ દઈ નુકસાન કરી જતો હતો. ગામમાં પાકા રસ્તાઓ નહોતા, તેમ દખાવાનું કે દિવાબત્તીની જાહેર સગવડ પણ નહોતી.

ગોમતી મેલેરીઆની અસર નીચે હતી ત્યારે એને અનાજની ભારે મુશ્કેલી અનુભવવી પડી હતી. આ સમયે પડોશનાં ખેડૂત કુટુંબો એને કયારેક કયારેક અનાજ પહોંચાડવા ખુશી થાત. પરંતુ ગોમતી સ્વમાનવાળી સ્ત્રી હતી. એ નકોરડા ઉપવાસ ખેંચી કાઢતી, પણ કોઈની પાસે હાથ લાંબો કરતી નહિ. આ સમયે દેશાઈજીની દયા પણ એને જરૂર મદદ કરત; પરંતુ ગોમતી કયારેય પોતાના

વાજબી મહેનતાણા સિવાય કાંઈ માગતી નહિ. જંજાળી દેશાઈજીને એના સંકોચસમયની કાંઈ ખબર રહેતી નહિ. આ સમયે હનીફબાઈએ પોતાના હૃદયની સહૃદયતા ખૂબ દેખાડી દીધી. તે વારંવાર ગોમતીને દવાદારૂ આપી જતી, દેવા પટેલની વહુને કહી તળાવનું પાણી ગોળામાં ભરાવી દેતી, પોતે દરરોજ આવીને ખાટલા પાસે બેસી વાતો કરતી. એણે ગોમતીની તકલીફો સમજી લીધી હતી. ગોમતીને સમજાવી આગ્રહ કરી એ અનાજનો લોટ પણ મૂકી જતી. શ્યામા એના રોટલા બનાવી માતા તથા ભાઈને ખવરાવતી હતી.

ઉસમાન કાકા પણ દિવસના–સવારે અને રાત્રે એની તબિયતના સમાચારની પૂછપરછ કરવા દરરોજ આવતા. ખડકીમાં પ્રવેશ કરતા એ શ્યામાને પોકારતા, ખબરઅંતર પૂછી કોઈ દિવસ શાક કે કોઈ દિવસ પોતાની ગાયનું દૂધ પહોંચાડી જતા. સાંજ પછી નાના ચુનીને તેડી પોતાના દિકરા ઉમરની સાથે એને ચોરામાં લઈ બેસતા. બંને કુટુંબો વચ્ચે સંપૂર્ણ ઘરોબો સ્થાપાયો હતો. પરસ્પરની ઊંડી સહાનુભૂતિના કારણે જાતિ, ધર્મ અને બીજા ભેદો રહ્યા જ નહોતા. આજે ગામડાંઓમાં હજી પણ એ ભેદો નથી. ચાર માસે ગોમતીને મેલેરીઆએ મુક્ત કરી ત્યારે એ પોતાનું નિયમિત કામ કરવા લાગી. ગોમતીના મહેનતુ સશક્ત અને નીરોગી શરીરમાંથી મેલેરીઆ ભાગી ગયો. ફરી દેશાઈજીને ત્યાં મહેનત અને નોકરી શરૂ થયાં. દેશાઈજીનું જૂનું માનસ પોતાના આશ્રિતની ખબર કાઢવા ક્યારેક ક્યારેક ઉત્સુક થતું હતું, જ્યારે યુવાનવર્ગ એ બાબતમાં બેદરકાર હતો.

# ૪

## શ્યામાના સસરા

દેશાઈજીને ગોમતીની તકલીફોની થોડી ઘણી ખબર મળ્યા કરતી. શ્યામા મોટી થતી જાય છે, અને એને ઠેકાણે પાડવી જોઈએ, એ આ વૃદ્ધની ધ્યાન બહાર નહોતું. ગોમતીને પોતાના દુઃખનાં ગોદણાં રોવાની ટેવ નહોતી; પરંતુ અનુભવી અને ચારે તરફ ધ્યાન દોડાવતા દેશાઈજીને આ વિધવાની ચિંતાનો ખ્યાલ હતો જ. દેશાઈજીના પુત્રો રાજ્યમાં લાગવગવાળી નોકરી કરતા હતા, એમને વૃદ્ધે આ વાત ખ્યાલમાં રાખવાની સૂચના આપી હતી. પરંતુ પોતાની અનેક પ્રવૃત્તિઓ આડે અનાથનું ભલું કરવાની વૃત્તિ બહુ થોડા માણસોમાં જાગ્રત રહે છે; તેમાં પણ ધનવાન, સુખી અને અધિકારી યુવાનોમાં એવું માનસ તીવ્ર હોતું નથી. વખત જતો હતો. ગોમતીના મનમાં ચિંતાનો અગ્નિ નિત્ય સળગતો રહેતો હતો.

ક્યારેક કોઈ અકસ્માતથી કોઈ પ્રસંગ આપોઆપ બની જાય.

છે. અનેક શોધખોળ અને તકલીફોથી જે કાર્ય થતું નથી તે સહેજે થઈ જાય છે. કાઠિયાવાડના જેતપુરમાં ગોમતીની જ્ઞાતિના એક કુટુંબમાં પચીસ વરસનો એક યુવાન વિધુર થયો હતો. યુવાનનું કુટુંબ મધ્યમ સ્થિતિનું હતું. પરંતુ ઘર જૂનું ખાનદાન અને કુટુંબીઓથી ભરેલું હતું. ઘરમાં કોઈ જાતની તંગી નહોતી, સાધારણ આબરૂદાર પણ ગણાતું હતું. આ ઘર સંબંધી બીજી વિશેષ માહિતી નહોતી. આ યુવકના વિધુર થયાના ખબર કોઈ સ્નેહી મારફતે ગામના એક જ દુકાનદાર તેજપાળને મળ્યા. ગામડામાં એકબીજા પ્રત્યે ઊંડી લાગણી રહે છે. તેજપાળનો છોકરો પોતાના સગાઓના વિવાહપ્રસંગે જેતપુર ગયો હતો તે આ ખબર લાવ્યો હતો. તેજપાળે જાતે જઈને ગોમતીને ખબર આપ્યા. દેશાઈજીને પણ આ સમાચાર મળ્યા. આ સમયે દશ અગીઆર વરસની કન્યા તો બહુ જ થોડી કુમારી રહેતી. ગોમતીના સાસરા પક્ષનું પણ કોઈક દૂરનું સગપણ જેતપુરના કુટુંબ સાથે નીકળ્યું. સગપણની વાત નક્કી થઇ. આ પ્રસંગે દેશાઈજીએ પોતાના હૃદયની ઉદારતા દેખાડી. વિવાહનું એકસો રૂપિયાનું ખર્ચ એમણે પોતાના પદરથી આપ્યું. શ્યામાબાઈ ગરચોળો પહેરીને સાસરે સિધાવ્યાં.

·

શ્યામાબાઈના સસરા વેલજીએ આખી યુવાની જંગબારના પ્રવાસમાં વીતાવી હતી. એ જંગબારના એક ભાટિયા વેપારીને ત્યાં પ્રથમ નોકરી કરી વાર્ષિક બસો રિયાલ (રિયાલનો તે સમયે દોઢ રૂપિયો ભાવ હતો) મેળવતો હતો. પાછળથી જંગબારના ગામડામાં નાની દુકાન ઉઘાડી વાર્ષિક ત્રણસો ચારસો હિસાબ જેટલું મેળવતો હતો. નાના નાના વહાણમાં બેસી દોઢ બે માસની મુસાફરીને અંતે તે જંગબાર પહોંચતો હતો. જંગબારનો એનો પ્રવાસ પાંચ વરસની મુદતથી ક્યારેય પણ ઓછો નહોતો. વચ્ચે એકાદ વરસ દેશમાં પણ રોકાઈ જતો. એણે જંગબારની કુલ પાંચ સફરો કરી હતી. પંચાવનને

-આરે પહોંચેલ આ આધેડ દુકાન બંધ કરી દેવામાં આવ્યો હતો. એનું જંગબારમાં પણ સીદી કુટુંબ હતું, એમ લોકવાયકા હતી.



ધોળીબાઈ

ધોળીબાઈ ઘરનો, કુટુંબનો, વ્યહવારનો અને બાળકછેરનો સઘળો ભાર ઉપાડતાં. આ અનુભવી સ્ત્રી અનેક સાંસારિક મૂંઝવણ ને આંટીઘૂંટીનો ઉકેલ કરતાં હતાં.

વેલજીની ગેરહાજરીમાં ધોળીબાઈ ઘરનો, કુટુંબવ્યવહારનો અને બાળઉછેરનો સઘળો ભાર ઉપાડતાં. ધોળીબાઈ સ્વતંત્ર, ધીંગી અને કઠણ હૃદયનાં બાઈ હતાં. એ કોઈથી પણ દબાતાં નહિ; જાજરમાન

પ્રકૃતિથી ભલભલાને પણ રોકડું પરખાવી દેવામાં એ પાછું વાળી જોતાં નહિ. પતિની ગેરહાજરીમાં પિત્રાઈઓ સાથે મજબૂત છાતીથી ઝગડા કરી છેવટે વકીલોની નોટિસો અપાવીને પોતાના સસરાનું બાપીકું ઘર અને ખેતરો મેળવ્યાં હતાં. વેલજીનું ઘરમાં કાંઈ ચાલતું નહિ. ઘરમાં ધોળીબાઈનું ધાર્યું થતું. ખેતરોને ખેડાવવાં, ખેડૂતો પાસેથી પોતાનો ભાગ વસૂલ કરવો, દરબારી અધિકારીઓને પણ લાગ આવ્યે આંખ દેખાડવી, એ સઘળું ધોળીબાઈના કામની મર્યાદામાં આવી જતું. વિવાહ, સગપણ તથા બીજાં સંસારી કામોમાં પણ ધોળીબાઈનો મુખ્ય હાથ રહેતો. એકાદ પ્રસંગે જ્ઞાતિના પટેલોને પણ ધમકાવી કાઢવાનો પ્રસંગ એણે સાચવી લીધો હતો. ધોળીબાઈ જ્ઞાતિના આચાર, રીતરિવાજો, ધર્મ, વહેમો અને સાંસારિક લેવડદેવડમાં જ્ઞાતિમાં આગેવાનીભરેલો ભાગ ઘરમાં બેઠાં બેઠાં લેતાં હતાં. ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ એમની પાસે જ્ઞાતિના, લોકાચારના, સાંસારિક મૂંઝવણોના અનેક પ્રશ્નો લઈને સલાહ લેવા માટે આવતી. આ અનુભવી સ્ત્રી જૂના દાખલાદષ્ટાંતો આપીને અનેક પ્રશ્નોની આંટીઘુંટીને ઉકેલી આપતી હતી.

વેલજીને ચાર પુત્રો હતા. તેમાંના ત્રણ પરણાવેલા હતા. મોટા રામજીની સ્ત્રી ગઈ સાલ જ સુવાવડ સૂવા સ્વર્ગમાં સંચરી હતી, એનું સ્થળ શ્યામાબાઈના પ્રારબ્ધમાં નિયત થયું હતું. રામજી સ્વભાવે સરળ, શાંત અને સહનશીલ હતો; શરીરે કાંઈક નબળો હતો રાજકોટમાં નાના મામાને ત્યાં ઊછરીને ત્યાં જ અંગ્રેજી સાત ધોરણ ભણ્યો હતો. જેતપુરના કપાસના કારખાનામાં સાઠ રૂપિયાની માસિક નોકરી કરતો. દર માસનો પગાર તે માતાના હાથમાં મૂકતો. એને સાધારણ બીડી પીવા સિવાય બીજું કોઈ વ્યસન નહોતું. તે માટે માતા દર માસે એને એક રૂપિયો આપતી. વળી એનાં કપડાંલત્તાં અને બીજી ચીજો તૈયાર કરાવીને માતા જ પૂરાં પાડતી હતી. રામજીને મિત્રો બહુ થોડા હતા. કારખાનામાંથી સાંજે

પાછો આવીને પોતે ખાસ વસાવેલ રામકથાના પુસ્તકને હાથમાં લઈ મીઠા સાદે એ દુહા ને ચોપાઈઓ લલકારતો.

બીજો પુત્ર મદનજી બાવીસ વરસનો હતો. બાજરમાન માતાનો એ મોઢે ચઢાવેલ પુત્ર હતો. એના પછી પાંચ વર્ષે ઘોળીબાઈને ત્યાં ત્રીજો પુત્ર જન્મ્યો હતો. મોટો પુત્ર મોસાળમાં રહેતો હતો; વચટ ઘોળીબાઈના ખોળા ખૂંદતો મોટો થયો. મોઢે ચઢાવવાથી એને કોઈની પરવાહ નહોતી. જોરાવર અને ધાર્યું કરનારી માતાને પણ રંગે ચડચો તે ગાંઠતો નહિ. એને બાપ તો કાંઈ હિસાબમાં જ નહોતો. મદને કાંઈ નિશાળમાં પણ શુક્રવાર કર્યો નહોતો; ગુજરાતી છઠ્ઠું ધોરણ માંડ માંડ પૂરું કર્યું હતું. ક્યારેક બીડી વાળતો, ક્યારેક દૂરના કાકાની દુકાને નોકરી કરતો. એકાદ વખત નાની સ્વતંત્ર દુકાન માતાએ કરાવી આપી હતી, પરંતુ એ દુકાન દિવસોના દિવસો બંધ રહેતી દીધેલી; છેવટે બસો રૂપિયા નુકસાની ખાઈ માતાએ દુકાન બંધ કરાવી હતી. કોઈ બહારથી નાટક કંપની આવતી તો મદન એમાં જોડાઈ જતો; નાટકોમાં એ હલકાં પાત્રોના વેશ પણ ભજવતો હતો. એએક વખત તો નાટક કંપની સાથે ઘેરથી ભાગી પણ ગયો હતો. પાછળથી મહામુશીબતે એને પાછો તેડી લાવ્યા હતા. માતાને ધમકાવી રંજાડી માસિક દશ પંદર રૂપિયા ખર્ચ માટે એ કઢાવતો. માત્ર કોઈ ખાસ સ્નેહસંબંધ અથવા પ્રારબ્ધાનુયોગે એ મોટા ભાઈની શરમ રાખતાં શીખ્યો હતો. મોટાભાઈ ઘરમાં હોય ત્યારે એ તોફાન કરતો નહિ.

મદનજીને પણ આબરૂદાર ડોસીએ નાનપણથી જ પરણાવી દીધો હતો. એની વહુ નર્મદા પૈસાદારની પુત્રી હતી. નર્મદા ધનવાન માબાપના ધન બળ ઉપર અભિમાનમાં રહીને ઘરનું કોઈ કામ કરતી નહિ. એનાં માબાપ કપડાંલત્તાં અને દિકરીનો બીજો ખાનગી ખર્ચો પૂરો પાડતા હતા. આથી સાસુની ધમકી કે લાલ આંખની નર્મદા પરવાહ કરતી નહોતી, સાસુની સામે પણ એ બોલતી નહિ;

છાનીમાની સાંભળીને મૂંગી બેસી રહેતી. ઘરનું કામ મન ફાવે તો કરતી ને મન ન હોય તો પોતાની સુવાની ઓરડીમાં કોઈની પરવાહ



નર્મદા

અદનજીની વહુ નર્મદા પૈસાદારની પુત્રી હતી. અને ધનવાન માબાપના ધન બળ ઉપર અભિમાનમાં રહીને ઘરનું કોઈ કામ કરતી નહોતી.

કર્યા વગર ચાલી જતી. બનતા સુધી સૌની સાથે સલુકાઈથી વર્તતી, પરંતુ કોઈથી જરા પણ દબાતી નહિ. મૌન અને બેદરકારી એનાં મોટાં શસ્ત્રો હતાં; એને સંતતિ નહોતી.

બીજો સત્તર વરસનો પુત્ર હીરાલાલ મોટાભાઈના હાથથી અંગ્રેજી પાંચ ધોરણ સુધી રાજકોટમાં શીખ્યો હતો, ભાઈના હાથ નીચે કારખાનામાંથી પચીસ રૂપિયાનો પગાર લાવતો હતો. આ યુવક બહુ બુદ્ધિશાળી અને ચતુર નહોતો. સ્વભાવે કાંઈક ઉતાવળો અને નિત્યક્રોધી હતો. પરંતુ એનો ક્રોધ પાછો તરત શમી જતો. ચોથો પુત્ર વેણીલાલ દશ વરસનો હતો. એ હજી નિશાળે ભણતો હતો. ગુજરાતી ત્રીજીના પાઠો ગામની નિશાળમાં ગોખતો હતો. આ રીતે ધોળીબાઈનો પુત્રપરિવાર હતો. ચૌદ વરસની દીકરી કસ્તૂર કોચીનના વેપારીના છોકરાને પરણાવી હતી. તે પોતાના સાસરે સુખી હતી; માતાને એની ફિકર રહેતી નહિ.

આખા ઘર ઉપર ધોળીબાઈનું ચક્રવર્તી રાજ્ય હતું. આ ધાધાક બાઈના માથે પણ શેર ઉપર સવાશેર આવી હતી. લલિતા પોતાના પતિ કરતાં બે વરસ મોટી એટલે ૧૯ વરસની હતી. જૂનાગઢ પ્રદેશના મોટા પોલિસ અધિકારીની એ પુત્રી હતી. સ્વભાવે કલોંઠ અને કઠોર જીભવાળી હતી. જૂના જમાનાની કજીઆળી સ્ત્રીનાં બધાં શસ્ત્રોનો એ ઉપયોગ કરી જાણતી. સાસુની સામે કોઈ ન હોય તો આંખો ખેંચી બરાબર સામી તડૂકીને શોભી સગાસંબંધીઓ અને પરનાતીલાઓ આવે ત્યારે સાસુની સામે રોઈ માથું કૂટીને એનાં છાજિયાં લેતી હતી. બંને વચ્ચે કુરુક્ષેત્રનો જંગ શરૂઆતમાં ખેલાતો હતો. આખા ગામને પહોંચી વળે એવી સાસુની સાથે આ યુવતી જીભના જંગમાં વગર સંકોચે ઊતરી પડતી. આખા શબ્દકોષના કઠોરમાં કઠોર શબ્દોની જાળ એની જીહ્વાને છેડે નાચી ઊઠતી હતી. સો સો યુદ્ધમાં જીતેલી ભીષ્મ જેવી સાસુને આ આજકાલની છોકરી રોવા, કૂટવા, ઢોંગ કરવામાં પરાભવ પમાડી દેતી. લોકલાજની મારી સાસુ છેવટે ચૂપ થઈ જતી. બે વરસ થયાં વહુથી ધોળીમાએ અબોલા રાખ્યા હતા. છતાં પ્રસંગ આવ્યે ત્રાહિતની મારફતે એકબીજાને સંબોધન કરતાં હતાં. લલિતાને એનાં માબાપ

તરફથી વસ્ત્રો વગેરે મળતાં, એટલે સાસુની એને કાંઈ પરવાહ નહોતી. આ કજીઆળી યુવતી પણ નમ્ર અને ભણા મોટા જેઠની મર્યાદા સાચવતી હતી.



**લલિતા**

લલિતા સ્વભાવે કલોંઠ અને કઠોર જીભવાળી હતી. જૂના જમાનાની કજીઆળી સ્ત્રીનાં બધાં શસ્ત્રોનો એ ઉપયોગ જાણતી હતી. જબરાં સાસુને માટે તે શેરને માથે સવાશેર હતી.

લલિતા અક્કડ, કઠોર, કજીઆળી અને ઢોંગ કરવામાં અતિરથી હતી. આમ છતાં એના પોલાદ જેવા કઠોર હૃદયમાં પણ સ્નેહનો ખૂણો હતો. સાસુ, જેઠાણીઓ અને પતિ વગેરેને રોકડું પરખાવી

દેનાર એનો હેતનો ઊભરો, પોતાના જેઠ રામજીની એક વરસની માતાવિહોણી નાની બાળકી ઉપર ઢલવાતો હતો. આ નાની બાળાને દૂધ પાવું. ઘોડીઆમાં સુવાડવી, એનાં મળમૂત્ર ઉપાડવાં, રાત્રે પણ જાગી એની બિમારીમાં સેવા કરવી, એને નવરાવી ધોવરાવી સારાં વસ્ત્રો પહેરાવવાં, એ બધું કામ અંતરની ઊલટથી લલિતા કરતી હતી. એનો આત્મા આ બાળકી ઉપર ઠર્યો હતો. એ બીજા કોઈને હાથ લગાડવા દેતી નહિ. ધોળીમાએ પણ એનો ખરો સ્નેહ જોઈ એ નાની બાળકી એને સોંપી દીધી હતી. લલિતા એની માતા થઈ હતી.

રામજીની આગલી વહુ સાકર ગરીબ માબાપની પુત્રી હતી. સાત આઠ વરસની ઉંમરે એનાં ગરીબ માબાપે એને સાસરે વળાવી હતી. ધોળીમાએ વહુને ઘરકામની તાલિમ આપી હતી. કાર્યદક્ષ સેનાધ્યક્ષના હાથ નીચે જેમ કોઈ સેનાની યુદ્ધની શ્રેષ્ઠ તાલિમ મેળવે, તેમ સાકરને સાસુના કડક શાસન નીચે યોગ્ય અને સંપૂર્ણપણે ગૃહકાર્યની તાલિમ મળી હતી. પંદર સોળ વરસની વહુ ઉપર ઘરના કામનો બોજો નાખીને આધેડ સાસુ ચાકળો પાથરી, પગ ઉપર પગ ચડાવી, છીંકણી સૂંઘતાં આખી જ્ઞાતિનાં બૈરાંઓ અને પાડોશની સ્ત્રીઓની ચોવટો ઝીણવટથી ચૂકવતાં હતાં. એમની સમજશક્તિની અને રીતભાતોના ઊંડા વ્યવહારુ જ્ઞાનની બૈરાંઓમાં ખૂબ તારીફ થતી. વહુ સવારમાં વહેલાં ઊઠીને ઘરકામમાં જોડાતી તે રાતના દશ વાગ્યા સુધી પગ વાળીને નિરાંતે બેસતી નહોતી. પારકી ચોવટમાં રોકાયેલ સાસુને વહુ ઉપરના અતિશય બોજા તરફ ધ્યાન દેવાની ફુરસદ નહોતી. ડહાગરી, કમોઢી અને ગરીબ સ્વભાવની વહુને જોઈ પાકી અનુભવી આધેડ ધોળીમાએ સઘળું કામ નેવે મૂક્યું હતું. પરંતુ પોતાના પટારાની ચાવી તો પોતાની પાસે જ રાખી હતી.

સાકરને અજિત નામે છોકરો હતો. ગંગા એના પછી બે વર્ષે આવી હતી. ગંગાના જન્મ પછી ત્રણ વર્ષે પ્રેમાબાઈ આવ્યાં. એના

જન્મ પછી સાકરની તબિયત સારી રહેતી નહિ. ક્યારેક તાવ આવતો, માથુ દુ:ખતું તો શરીરમાં ભારે સુસ્તી જણાતી હતી; છતાં હિંદુ ઘરની પુત્રવધૂ આવા મંદવાડમાં પણ ઘરનું કામ ખેંચતી હતી. ધોળીમાના જીવનધર્મમાં વહુ ઉપર સ્નેહનો ઊભરો કે દયા દેખાડવાનું લખ્યું નહોતું. એઓ પોતાની સ્નેહી સ્ત્રીઓને વારંવાર કહેતાં કે, હવે તો ઘોર કલજુગ આવ્યો છે. અમારી જુવાનીના વખતમાં તો સાસુઓ પોતાના હાથે વહુને મારતી. જુઓ, મારી સાસુએ મને દેવતાના ડામ દીધા હતા તેની આ રહી નિશાની. હવે તો વહુઓને કાંઈ કહેવાય તેમ નથી. કેવી વાઘણ જેવી વિકરાળ હોય છે! પરંતુ આ કહેવું એમની મોટી વહુને લાગુ પડતું નહોતું. તે ગરીબ અને ધોળીમાના સંપૂર્ણ નિયંત્રણ નીચે હતી. છતાં સાસુ જીભનો લહાવો આ સ્ત્રીમંડળમાં લેતાં હતાં.

ધોળીમાની બીજી વહુ પણ હવે ઘરમાં આવી હતી. તે કાંઈ કામ કરતી જ નહોતી. ત્રીજીએ પણ પ્રવેશ કર્યો. એ તો સૌના માથાની નીવડી. આથી બધું કામ સાકરને કરવું પડતું, હતું; એની દવા દારૂ અને માવજત બરાબર થતાં નહોતાં; બિમાર શરીરે એને ગર્ભ રહ્યો. બાળકીના જન્મ પછી સુવારોગ થયો. એને ઝીણો તાવ અને ઉધરસ શરૂ થયાં. હવે એનાથી ઘરનું કામ થતું નહિ. એ પથારીવશ થઈ ક્ષયરોગનો ભોગ થઈ પડી. સુવાવડ પછી આઠ માસનો ખાટલો ભોગવી શરીરે જુવાન પણ મનથી વૃદ્ધ એ વહુએ આ ભર્યા ઘરમાંથી વિદાય લીધી. પંદર વરસની સહવાસી જિંદગીમાં વહુનો એકે ગુણ સમજાયો નહોતો. મરણ પછી એ વહુના ગુણો, નરમાશ અને ભલમનસાઈ સંભારી સંભારીને ધોળીમા સૌની પાસે બેસી ખૂબ રોતાં હતાં. સાસુએ વહુની પાછળ રોવાકૂટવામાં અને નાતરીત પાળવામાં જરાએ ખામી રાખી નહિ.

●

# ૫

# શ્યામાનો સંસાર

**ઘરની** જંજાળમાંથી સાકર છૂટી. રામજી આબરૂદાર માતા-પિતાનો પુત્ર હતો. એને ફરી ગલેફતાં વાર લાગે તેમ નહોતું. પરંતુ એણે પોતે પરણવાની ના પાડી. એનું હૃદય કોમળ અને ભક્તિમય હતું. પત્નીને એ ખરા હૃદયથી ચાહતો હતો. એને બીજો વિવાહ કરવાની બિલકુલ ઈચ્છા નહોતી. એણે માતાને સ્પષ્ટ ના કહી દીધી; માતા રડી પડી. 'આ નાનાં બાળકોને કોઈ છત્રછાયા જોઈશે, અમે તો ખર્યાં પાકાં પાન છીએ, માટે તારે માટે નહિ તો આ બાળકોના ઉછેર અને ભવિષ્ય માટે પણ તારે ફરી પરણવું પડશે.' માતા રાતદિવસ એક જ વાત લઈ બેઠી. પ્રભાવશાળી માતાની વાત પુત્રે આખા જન્મમાં પણ ક્યારેય અમાન્ય કરી નહોતી. અને આ વાત પણ તેનાથી અવગણી શકાઈ નહિ. ધોળીઆ પૈસાદારની પુત્રી એવી બંને વચેટ વહુઓથી ખૂબ નારાજ હતાં. એથી એમને ગરીબની કન્યા ઉપર ભાવ આવ્યો. અને છેવટે પણ ગરીબની કન્યા શ્યામા

શોકયપગલું પહેરી નવા સંસારમાં આવી પહોંચી. બધાને ત્યાં બને છે તેમ શ્યામાને પણ પણ થોડા દિવસ સાસુએ સારાં વસ્ત્રો અને



**શ્યામા**

શ્યામા નવા સંસારમાં આવી પહોંચી. બધાને ત્યાં બને છે તેમ શ્યામાનો પણ થોડા દિવસ સાસુએ સારાં વસ્ત્રો ને શણગારથી સત્કાર કર્યો.

શણગારથી, તેમજ સારા ખાવાપીવાથી વહુનો સત્કાર કર્યો. પરંતુ નવો નિશાળીઓ નવ દિવસ માન પામે.

અનુભવી ધોળીમાને નવી વહુના સ્વભાવ, વલણ, રીતભાત અને રહેણીકરણીનું માપ કાઢતાં સમય લાગ્યો નહિ. એમણે સંતોષના ઉદ્ગાર કાઢ્યા. નવી વહુ જૂની વહુના જેવી નીવડવાની એના મને આગાહી કરી. પોતાના ઉપર છેલ્લા થોડા માસ થયાં પડેલો ઘરકામનો બોજો હવે ભવિષ્યમાં ઉતારી શકાશે, એવી હૃદયમાં ખાતરી થતાં જ એણે છૂટકારાનો દમ ખેંચ્યો. એણે શ્યામા વહુને ઘરકામની તાલિમ આપવા માંડી. બે વચેટ વહુઓ તો રાજી હોય તો જ ઘરકામનો બોજો ઉપાડવામાં સહકાર આપતી; પરંતુ ગરીબ ઘરની અને ગરીબ સ્વભાવની શ્યામા એ બોજો ઉપાડશે એવું લાગવાથી સાસુ મનમાં ખુશ થઈ.

ધીમે ધીમે એણે શ્યામાને પોતાના ઘરના કામની તાલિમ આપવા માંડી. ગોમતીના હાથ નીચે કેળવાયેલ આ નાની બાળાએ જેમ માછલું પાણીમાં સ્વાભાવિક ભાવને પામે તેમ એ ઘરકામમાં એકદમ લીન થઈ ગઈ. એની નાની ઉંમરથી સાસુ હજી મોટાં કામો પોતાને હાથે જ કરતાં હતાં. ક્યારેક દેરાણીઓ પણ મદદ કરતી હતી; છતાં ઘરકામ તો, સવારે વહેલી ઊઠીને રાત્રે મોડા સુધી આ નાની છોકરી પોતાથી થાય એટલો બોજો ઉપાડી કરતી હતી. ક્યારેક બહુ થાકી જતી તો રાત્રે ગાઢ નિંદ્રા આવી જતાં એનો થાક ઊતરી જતો. એનો પતિ શાંત, ધીરજવાળો અને માયાળુ સ્વભાવનો હતો. ઘરના વ્યવહારને જાણતો હતો છતાં પોતે કમાય છે ને પોતાની નવી વહુ વૈતરું કરે છે એવી વાત એના હૃદયમાં ઊઠતી જ નહિ.

શ્યામા સમજુ, મહેનતુ અને ગરીબ માતાના મુશ્કેલ અને તંગીવાળા સંસારમાં ઉછરી હતી. કામ કરવું એ તો એનો સ્વભાવ પડી ગયો હતો: કામ કરવામાં એને આનંદ આવતો, કામ કરવામાં એ રાચતી હતી. કાંઈ ભણી નહોતી, પણ ઘરકામની બારાખડી એ જાણતી હતી; સાસુ અને ઘરનાં સૌની સાથે વિનય અને નમ્રતાથી

વાત કરતી હતી; એની જીભમાં કુદરતી માધુર્ય હતું. આ ભર્યાભાદર્યા ઘરમાં એ દૂધમાં સાકર સમાય તેમ સમાઈ ગઈ. મોટાંનાનાં સૌના પ્રત્યે એણે આદર અને વિનય-વિવેકથી વર્તવા માંડયું. બે વચેટ વહુઓ આ ગરીબ ગામડાની અને અભણ છોકરી તરફ દેખીતો અણગમો બતાવતી હતી. એ છોકરીને કાંઈ આવડતું નહોતું. એ ભરતગૂંથણવિદ્યાથી પણ એ અજાણી હતી એવી અણઘડને તે સાસુજી કયા ખૂણેથી ઉપાડી લાવ્યાં!

બંને વચેટ વહુઓ શ્યામા સાથે વિશેષ વાત કરતી નહોતી. નાની વહુ તો એને જોઈ નાક ઊંચું ચડાવતી હતી. કયારેક કટાક્ષ કરીને ઉકરડા જેવી ગંધ કયાંથી આવે છે એવો પ્રશ્ન કરી શ્યામાને ભોંઠી પાડવા પણ પ્રયત્ન કરતી. શ્યામા આ સૌ સમજી જતી; પરંતુ એ કદી સામો વાદ કરતી નહિ. નર્મદાએ તો એક વખત હુકમ કરતી હોય એવી રીતે એને પાણીનો લોટો ભરી લાવવા કહ્યું હતું. એના જવાબમાં હસતું મોઢું કરી શ્યામાએ પાણીનો લોટો ભરી લાવી 'લ્યો નર્મદાબહેન, મારા હાથનું પાણી પીઓ' એવાં મધુર વચનો કહી આખી વાતને હળવી કરી દીધી. લાગ આવે નર્મદા અને લલિતા બંને શ્યામાને એક નોકરડીની સ્થિતિમાં મૂકી દેવા તજવીજ કરી દેતી; પણ મિઠાશ અને હૃદયના માધુર્યથી પોતાના સ્વરમાં માયાળુપણું લાવીને શ્યામા એમને મ્હાત કરતી.

ધોળીમાએ એક દિવસે ભજિયાં તૈયાર કરવાનું વહુઓને કહ્યું. પોતે હુકમ આપીને દર્શને ચાલ્યાં ગયાં. શ્યામા રસોડામાં જઈ ભજિયાંની તૈયારીઓ કરવા લાગી; પરંતુ એને ભજિયાં બનાવવાની પૂરી માહિતી નહોતી. એ જરા મુંઝાઈ. વચેટ બંને વહુઓ તો સાસુની આજ્ઞા પાળવા જરા પણ તૈયાર નહોતી. તેઓ પોતપોતાની ઓરડીઓમાં જઈ બેઠી હતી. શ્યામા ધીમે પગલે નર્મદાની ઓરડી તરફ ગઈ. એણે મૃદુ કંઠે નર્મદાને કહ્યું: "બહેન! મને ભજિયાં

બનાવતાં આવડતું નથી. તમે મોટાં છો, મને ન શીખવો ! તમે બનાવેલાં ભજિયાંને તો ઘરમાં સૌ વખાણે છે. કેવાં સરસ ભજિયાં તમે બનાવો છો ! ચાલો, મારા સમ, મને શીખવાડો." એમ કહી હસતાં હસતાં નર્મદાનો હાથ પકડી એને તેડી ગઈ અને એણે હોંશથી તૈયાર કરી આપ્યાં.

સગાંસંબંધીઓમાં વિવાહ હતા. આ વિવાહનાં ગીતો અને જમણોની પરંપરામાં સ્ત્રીવર્ગને ભાગ લેવાનો હતો. સારાં સારાં વસ્ત્રો પહેરીને સૌને જવાનું હતું. ઘરના વડીલો અને રામજીભાઈ જ્ઞાતિભોજનમાં જમવા જતાં નહિ. એમને માટે ઘેર રસોઈ તૈયાર કરવાની હતી. બે વહુઓ છોકરાંઓને સારાં વસ્ત્રાલંકારો સજાવી પોતે પણ શણગારાઈને આગળથી જઈ વિવાહના ઉત્સવમાં ભાગ લે; એક વહુ વડીલો માટે રસોઈ બનાવી માત્ર જ્ઞાતિભોજનમાં ભાગ લેવા પાછળથી જાય; ઉત્સવ અને ગીતોમાં એ પહોંચી શકે નહિ, એવી કુટુંબની વ્યવસ્થા હતી. સાસુજીએ આજે શ્યામા અને નર્મદાને છોકરાંઓને તૈયાર કરી તરત વિવાહના ઉત્સવમાં ભાગ લેવા જવાની આજ્ઞા છોડી. લલિતાને વડીલો માટે રસોઈ કરવાની હતી, પરંતુ આ વ્યવસ્થા લલિતાને અનુકૂળ આવી નહિ. જેને ત્યાં વિવાહ હતા તે લલિતાના પિયેર અને સાસરા બંને પક્ષોનો સંબંધી હતો. લલિતા એ વિવાહમાં ભાગ લેવા ઉત્સુક હતી. સાસુજીની આજ્ઞાને એણે પોતાના ખાસ અપમાન માટે યોજાયલી સમજી લીધી. પોતાને વિવાહમાં ભાગ ન લેવા દેવાનો સાસુનો વિચાર એણે કલ્પ્યો. તે નાકનું ટીચકું ચડાવી બોલી: "હું તો કાંઈ રસોઈ માટે રોકાતી નથી. મારે લગનમાં જવું છે."

સાસુજી ભાન ભૂલ્યાં. વહુની જીભના ચમકારાને એ ઘડીભર ભૂલી ગયાં. તેઓ જરા રાતી આંખ કરીને બોલ્યાં: "નથી જવાનું તારે એ વિવાહમાં; મેં કહ્યું તે સાંભળતી નથી? કાન છે કે નહિ? જા ડાહ્યલી, ઘરમાં બેસ. મોટાં વિવાહ મહાલવા ચાલ્યાં!"

બસ થઈ ચૂક્યું. આગમાં ચીનગારી પડી. લલિતા વહુનો રોષ ભભૂકી ઉઠચો. સાસુ સામે આંખે આંખ મેળવીને ધીમે પણ મક્કમ અવાજે એણે જવાબ દીધો: "મને ખબર છે કે તમે દરેક બાબતમાં ડાબા જમણી કરો છો. મારા ઉપર તો તમારી આંખ રાતી જ રહે છે. તમારી આંખમાં મરચું ભરશો તેથી તો તમને જ તકલીફ થશે; મારે તો જે કરવું હશે તે કરીશ. આવા ખોટા હુકમો કોણ માને?"

સાસુ પણ તપી ગયાં. જા રે જા, મોટા ઘરની દિકરી છે તે હું જાણું છું. બેસ છાનીમાની તારા ઘરમાં. મારા હુકમ વગર બહાર પગ મૂક્યો છે તો ટાંટીઓ તોડી નાખીશ. બાઈનો રોફ તો જુઓ, કેમ જાણે કોઈ રાજાની રાણી ન હોય તેમ વર્તે છે!"

લલિતા ભભૂકી ઊઠી. હવે તેનો અવાજ શંખનાદ સાંભળતાં કોઈ યોદ્ધો જેમ સિંહનાદ કરે, તે રીતે આવેશપૂર્ણ નીકળ્યો: "ખબરદાર, જો મારાં માબાપનું નામ વચમાં લાવ્યાં છો તો. તમારાં માબાપની મને ખબર છે. એમના કરતાં મારાં માબાપ સોગણાં ઊંચાં છે. ટાંટીઓ તોડવવાવાળી કોઈ બીજીને લાવજો; નહિ તો ક્યાંક હાથ ભાગી જશે. મને જોઈ તમને કમળો થયો છે. દીકરાની વહુ ઉપર જુલમ કરતાં તમને શરમ નથી આવતી? ધોળામાં ધૂળ શા માટે ભરો છો? છતી આંખે શાને આંધળાં થાઓ છો? આટલી ઉંમર વીતી તો ય અક્કલ ન આવી? તમને તે શરમ છે કે નહિ?"

ધૂળ જેવી વાતમાં કુરુક્ષેત્ર જામ્યું. બંને બાજુ શબ્દતીરો છૂટથી છૂટવા માંડચાં, અવાજ પણ પ્રચંડ થતો ગયો. આજે ઘણે દિવસે આ મહાભારત હોળી ખેલવાનો બંને પ્રતિપક્ષીઓને મોકો મળ્યો હતો. એનો સંપૂર્ણ લાભ લેવાનો અને પરસ્પર પુષ્પવૃષ્ટિ! કરવાનો આ અવસર મહોત્સવ જેવો બંનેને લાગ્યો. તેમણે તો ધનુષ્ય ખેંચી ખેંચીને શબ્દબાણો તાકી તાકીને નિશાનબદ્ધ છોડાવા માંડચાં. આવું

યુદ્ધ કંઈ મિનિટોમાં ક્યારેય પૂરું થતું નહિ, ઘણી વખત તો કલાકોના કલાક સુધી એનું પજરણ બંધ રહેતું નહિ. એકેય મહારથીઓ પાછી પાની કરે તેવાં નહોતાં. પાડોશીઓ પોતાના ઘરમાં ભેગાં થઈ આ નાટકના સંવાદો રસથી સાંભળતાં હતાં. બહાર પણ માણસો ભેગાં થઈ જતાં હતાં. નાટકનો હજી તો પહેલો અંક જ ચાલુ હતો એટલામાં કડડભુસ કરતો અગાશી પરથી માટીનો ઘડો પડ્યો, એના સેંકડો ટુકડા થઈ ગયા. બંને યોદ્ધાઓનું ધ્યાન ફેરવાયું, રંગમાં ભંગ પડ્યો.

"લલિતા બહેન, આ જુઓને નાની વેણી બહુ રડે છે; એ જરાય છાની રહેતી નથી, દૂધ પીતી નથી, કેમે કરી શાંત પડતી નથી. કોઈ ઝપટ તો લાગી નથી ને? જરા આવીને જુઓને!" શ્યામાનો મૃદુ કંઠ સંભળાયો. લલિતાના એ યુદ્ધમાનસમાં એકદમ પલટો આવી ગયો.

લલિતા આ નાની બાળા પ્રત્યે પ્રાણથી પણ અધિક સ્નેહ દાખવતી હતી. વિશાળ રેતીના રણમાં એ મીઠા પાણીનો ઝરો હતો. એ સાસુના પડકારનો ઉત્તર આપવાનો લહાવો મૂકીને અંદરના ઓરડા તરફ દોડી. ઘોડીઆમાં સૂતેલી વેણી મોટેથી રોતી હતી. લલિતાએ ઝટપટ એને તેડી લીધી. પંપાળી પટાવી, હળાવી મિલાવી એને શાંત કરી. દૂધની શીશી પાતાંજ છોકરી શાંત થઈ, લલિતાના હીંચવાથી ઘોડીઆમાં સૂઈ ગઈ. આમ ઘરમાં મંડાયેલા કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં ભંગાણ પડ્યું.

શ્યામા શાંત પગલે સાસુજીની પાસે ગઈ. વડીલને અને ઘોળીબાને બંનેને વાટી દાળનાં ભજિયાં બહુ ભાવતાં હતાં. આજે શ્યામા એ ભજિયાં બનાવવાની હતી. એ ભજિયાંના લોટમાં શું શું નાખવું અને કઈ રીતે એનો આથો તૈયાર કરવો તે પૂછવા શ્યામા સાસુની પાસે આવી.

પ્રથમ સાસુએ મોં ચડાવી ટુંકા જવાબ આપ્યા, પરંતુ શ્યામાની મૃદુ જિજ્ઞાસા પાસે વડીલ વૃદ્ધાને ફરજીઆત પોતાની સુગામણી



લલિતા આ નાની બાળા પ્રત્યે પ્રાણુથી પણ અધિક સ્નેહ દાખવતી. વિશાળ રેતીના રણમાં એ મીઠા પાણીનો ઝરો હતી.

વૃત્તિને ત્યજી દેવાની ફરજ પડી; એણે વધારે રસ લઈને સમજાવનારી સૂચનાઓ આપવા માંડી.

"બા ! હું ભજિયાં બનાવવા રોકાઉં ? મને એ બનાવતાં તમે ન શીખવો ? મને બહુ મન છે." એણે આગ્રહપૂર્વક સાસુને જણાવ્યું.

સાસુ એના આગ્રહને રોકી શકી નહિ. લલિતા એની ઓરડીમાં મોઢું ચડાવી સાદડી ઉપર જઈ બેઠી.

"લલિતા બહેન ! વેણી સૂઈ રહી છે. હું એને સાચવીશ, તમે વિવાહમાં છોકરાંઓને તેડીને નર્મદા બહેન સાથે જાઓને ?"

"મારે તો બાઈ ક્યાંઇયે જવાનું નથી." મોઢા ઉપર સૂગ લાવીને લલિતાએ જવાબ આપ્યો.

"વાહરે વાહ ! મારી બહેન ! તમારા વગર છોકરાંઓને સરખાં કપડાં કોણ પહેરાવશે ? મને પહેરાવતાં ક્યાં આવડે છે ? હું તો એવી જ ગામડાની બબુચક જેવી છું. ઊઠો બહેન ! મને ના પાડશો નહિ. વિવાહમાં તો તમે દીપી નીકળો, આપણી પાડોશનાં માણેકબાઈ છોકરાંઓને શણગારવાની તમારી કળા વખાણતાં હતાં."

શ્યામાના આગ્રહ આગળ લલિતાનો રોષ ઊતરી ગયો. તેના ઉત્તેજક છતાં મૃદુ અને સુયોગ્ય શબ્દોથી લલિતાએ પ્રફુલ્લિત થઈ છોકરાંઓને કપડાં પહેરાવવાના કામમાં ચિત્ત પરોવ્યું. થોડી વારમાં બન્ને વહુઓ સારા વસ્ત્રાલંકારો સજી છોકરાંઓને આગળ કરી વિવાહ મહાલવા ચાલી.

જમાનાની ખાધેલ અનુભવી સાસુ બધું દૂરથી જોયા કરતી હતી. એની વિચક્ષણ આંખે આખા બનાવને સમજી જઈ એની કડીએ કડી મેળવી લીધી. આ નાની સરખી હાથ જેવડી આજકાલ ઘરમાં આવેલી ટચુકડી છોકરીએ યુક્તિથી મોટું મહાભારત બંધ કરાવી દીધું તે જાણતાં એણે સંતોષ અને શાંતિના ઉદ્ગારો કાઢ્યા–

"પૂર્વજન્મનાં મોટાં પુણ્યોથી જ આવી વહુ ઘરમાં આવે છે."

૬

# શ્યામાના સસરાની સ્મૃતિસૃષ્ટિ

વેલજીભાઈએ ત્રીસ વરસ જંગબારમાં ગાળ્યાં હતાં; અનેક દેશદેશાવરનાં પાણી પીધાં હતાં. મોટા જમ જેવા દિકરા સીદીઓની વચ્ચે વસ્યા હતા; ક્રૂર અને જરા ઉશ્કેરાતાં બંદૂકની ગોળી તાકનાર આરબો સાથે પુષ્કળ આર્થિક સંબંધે લે–વેચ અને ઉઘરાણીનો સંબંધ બાંધ્યો હતો; જંગલોમાં મુસાફરી કરી હતી, હિંસ્ર જાનવરોની વચ્ચે રાત્રિઓ ગાળી હતી; પોતાના ગામની આસપાસ ભયંકર ઝપાઝપીઓ જોઈ હતી; આરબો પોતાની લાંબી બંદૂકોથી પહાડ જેવા સીદીઓને ગોળી મારી વીંધી નાખતા એણે સગી આંખે જોયા હતા; સેંકડો યુવાન સીદી સ્ત્રીપુરુષો અને બાળકોને એણે જંગબારના બજારમાં વેચવા આરબ સરદારો આફ્રિકાની અંદરથી પકડી લાવતા જોયા હતા; એમના ઉપર આરબો જે અમાનુષી જુલમ ગુજારતા તે પણ કમકમાટી અને દયાની લાગણી સાથે એણે નજરોનજર જોયા હતા.

વેલજીને એના ભૂતકાળના પ્રસંગો વારાફરતી યાદ આવવા લાગ્યા.

પોતે એક વખત વહાણમાં બેસી જંગબાર તરફ સફર કરતો હતો તેવામાં ઓચિંતા મોટું તોફાન ઊઠ્યું. મોટા મોટા હિમાલય જેવડા હજારો હાથીઓની શક્તિવાળાં મોજાંઓ વહાણને તણખલાની માફક આમ તેમ ફેંકવા લાગ્યાં; આંખને આંજી નાખે એવા વીજળીના ચમકારા ચારે તરફ થતા હતા; એની પાછળ તરત આંખના પડદાને ચીરી નાખે એવા ગડગડાટ સાથેની મેઘની ગર્જનાનો અવાજ હૃદયને કંપાવતો હતો, અને પવને પોતાનાં બધાં સગાંસંબંધીઓને સાથે તેડી લાવી ઝંઝાવાતનું સ્વરૂપ લીધું હતું; આકાશ એકદમ ઘનઘોર બની ગયું હતું; મહારાજા મેઘજી ઈંદ્રજી અઢારે મેઘો સાથે સમુદ્ર પર ત્રાટકી પડ્યા હતા; ચારે તરફ ઉલ્કાપાત જેવા ભયંકર અવાજો સમુદ્રમાંથી ઊઠતા હતા; સમુદ્ર ગાંડો થઈને રણે ચડેલા યોદ્ધાની માફક ભાન ભૂલ્યો હતો; એક પછી એક મોટા પર્વત જેવાં મોજાંઓની હારમાળા આવતી જ રહેતી હતી. પવન, તોફાન, વરસાદ, વીજળીના ચમકારા, ગાજવિજ, અંધકાર અને વિશાળ મહાસાગરના અગાધ જળરાશિમાં ગમે તેમ તણાતું એનું વહાણ એક વેલજીની આંખ સામે ભયંકર દૃશ્ય ખડું કરતું હતું.

વળી આંખ સામે બીજું દૃશ્ય ખડું થાય છે: ઉતારુઓ ગોદડામાં માથું સંતાડી પડ્યા છે; ઓચિંતા ભયંકર અવાજ સાથે કચડડ કચડડ કરતો કૂવાથંભ મૂળમાંથી પવનના તોફાનના જોસથી તૂટીને સમુદ્રમાં લટકી પડે છે; સઢનાં અને આલાતનાં જાડાં દોરડાંઓથી ચારે તરફથી બાંધેલ હોવાથી એ નમતું વહાણ પણ સાથે એક તરફ નમે છે; વહાણ ભારે જોખમમાં સપડાયું છે, જાણે હમણાં ડૂબી જશે. પરંતુ વહાણનો નાખુદો પોતાના નાવિકોની સાથે લોઢાના કુહાડા લઈને આવી ડામાડોળ પરિસ્થિતિમાં પણ કૂદી પડે છે. પડતા આખડતા જેને તેને પકડીને પોતાનું સમતોલ જાળવતા આ નાવિકો દોરડાંઓને કુહાડાથી કાપી કૂવાથંભને મુક્ત કરી સાગરમાં પધરાવી

દે છે. વહાણુ પાછું મુક્ત થઈ સીધું થઈ તણખલાની પેઠે સાગરમાં નૃત્ય કરે છે; વારંવાર આવાં અનેરાં દૃશ્યો વેલજીની સન્મુખ એનો ભૂતકાળ ખડાં કરે છે.

વળી દૃશ્ય બદલાય છે. વહાણુના કૂવાથંભ, સઢો, દોરડાં, નાના થંભો સર્વે સમુદ્રને તળીએ પહોંચ્યાં છે; ત્રડડડ ત્રડડડ કરતું સુકાન એ નાવિકોના હાથમાં ફેરવતાં ભાંગી ગયું છે; વહાણુ હવે કુંડી બન્યું છે; સમુદ્રની દયા પર મોજાંઓ ઉપર ઘુમરીઓ ખાઈ ખાઈને તાંડવ નૃત્યનો ખેલ બતાવે છે; ખલાસીઓએ રાત્રિદિવસ મહેનત કર્યા પછી પણુ સમુદ્રથી પરાસ્ત થઈ કાંઈ પણુ કર્તવ્ય બાકી ન રહ્યું હોતાં ખુદાને ભરોસે વહાણુની કુંડીને નૃત્ય કરવા દે છે; એમના હાથમાં પણુ હવે બાજી રહી નથી. માથું કપડામાં વીંટી સૂતેલા પ્રવાસીઓ બાજુમાં જઈ થાકયા પાકયા પડી રહે છે; ચોવીસ કલાક થયાં એમના પેટમાં અનાજનો એક દાણો કે પાણીનું એકેય ટીપું ગયું નથી. આવા તોફાનમાં કોઈને ઊલટી કરીને ઓકી કાઢવાની પણુ ફુરસદ નથી. શરીર અને મન બંને ઉપર મરણુનો ભય અને ચિંતાનાં આવરણો પથરાઈ ચૂકયાં છે.

વળી દૃશ્ય બદલાય છે: સમુદ્રનાં મોટાં મોજાંએ એમના વહાણુને ત્રીજે દિવસે એકદમ ઊંચે–દશ બાર માળા જેટલે–ચડાવીને કોઈ રેતીથી ભરેલા કિનારા ઉપર ફેંકયું; પછી રાક્ષસો જેમ દડાથી રમે તેમ આ વહાણુને મોજાંઓ વારંવાર સમુદ્રમાં ખેંચીને ફરી કિનારે ફેંકવાની રમત રમતાં હતાં; વહાણુમાંનાં માણસો ભાગ્યશાળી હતાં. એક મોટા મોજાએ આ વહાણુને ઉપાડી દૂર નાખ્યું. પછી તો મોજાં એને પકડી શકયાં નહિ. તોફાન જેટલું જલદી આવ્યું હતું, તેટલું જ જલદીથી પાછું શમી ગયું. મોમ્બાસાના ઊંચા કિનારાની રેતીમાં વહાણુ ખૂંચી ગયું. ખૂંચેલા વહાણુને સલામતી આપવાના અવાજ આપતો સમુદ્ર અર્ધો માઈલ દૂર હઠી ગયો. જનવશૂન્ય રેતીના કિનારા ઉપર વહાણુમાં પડેલાં પ્રાણીઓને કંઈક ચેતન આવ્યું, સૂર્યનારાયણુ

તપ્યા, એમનો સોનેરી તડકો પૂરબહારમાં ચોતરફ ફેલાયો; વહાણ એક તરફ તદ્દન નીચે રેતીમાં ખૂંચ્યું હતું. ત્યાંથી પડતાં આખડતાં અશક્ત મનુષ્ય પ્રાણીઓ રેતીમાં ઊતર્યો. વહાણમાંની બધી ખોરાકી, કપડાં અને સામાન સમુદ્ર ગળી ગયો હતો.

વળી નવો દેખાવ આંખની સામે આવી ઊભો: દૂરદૂર આછી નીલી ઝાંખી કાંઈક ઝીણી રેખા દેખાય છે. એકબીજાને હિંમત આપતા, એકબીજાને ટેકો આપતા સૌ આગળ વધ્યા. ઉપર આફ્રિકાનો પ્રખર તડકો તપતો હતો, વારંવાર અંધારાં આવતાં હતાં, કોઈ કોઈ અશક્તિથી પડી જતું હતું. એક દોઢ કલાકના રસ્તા પછી કિનારા ઉપરનું નારીએળીઓનું વન આવ્યું. નારીએળીનાં વૃક્ષો ઉપર નારીએળોનાં મોટાં ઝૂમખાંઓ કુદરતે એમને માટે લટકાવ્યાં હતાં. નારીએળીનાં વૃક્ષો ઉપર સેંકડો વાંદરાંઓનાં ઝૂથો એક ડાળીથી બીજી ડાળી ઉપર કૂદી નવાં આવેલાં આ મનુષ્યપ્રાણીઓ તરફ દાંતીઆં કચકચાવતાં હતાં. એઓ ક્રોધમાં આવી ચારે તરફ પાકાં નારીએળો ફેંકવા લાગ્યાં. ખલાસીઓએ મોટા ચીત્કાર સાથે પથ્થરો ફેંક્યા. વાંદરાંઓ શત્રુદળને બળવાન જોઈ જરા દૂર નિવૃત્ત થયાં. મનુષ્યોએ પાકાં નારીએળોને પથ્થરથી ફોડી એનું અમૃત જેવું પાણી પીવા માંડ્યું. આખા જન્મારામાં ક્યારે પણ આટલો મીઠો સ્વાદ નહિ અનુભવ્યો હોય એવા નારીએળના કોપરાના સ્વાદથી પોતાની ભૂખને સૌએ સંતોષી.

આવું દૃશ્ય જોઈ રહેલી આંખની સામે વળી બીજો એક પટ આલેખાય છે. મોટું ભયાનક આફ્રિકન જંગલ ચારે તરફ વિસ્તરેલું છે. મોટાં મોટાં ઊંચાં સનાતન વૃક્ષો પ્રાચીન ઋષિમુનિઓની પેઠે ચારે તરફ મોટા આશ્રમો બાંધી ઊભાં છે. એમની ડાળીઓ ઉપર નાનાં મોટાં પલ્લવો અને ફૂલોવાળી લતાઓ, સ્ત્રીઓ જેમ પુરુષના આશ્રય અને આધારે ઊભી હોય તેમ ઊગી નીકળી હતી.

ક્યાંક ક્યાંક તો વૃક્ષરાશીની ઝાડીની ઘટા એવી ગીચ વિસ્તરી હતી કે માર્ગ પણ મળવો મુશ્કેલ જણાતો હતો. સૂર્ય પણ એ ઝાડીની અંદર ઊતરી શકતો નહોતો. જાતજાતનાં અસંખ્ય વૃદ્ધ યુવાન અને બાલવૃક્ષોનો જાણે આ સ્થળે મોટો મેળો ભરાયો હતો. એમની નીચી ડાળીઓ ઉપર સંખ્યાબંધ વાંદરાંઓનાં વૃંદો એક ડાળી પરથી બીજી ડાળી ઉપર કૂદતાં હતાં. પુષ્કળ ઝરા અને ઝરણાંઓ વહેતાં હતાં. અનેક જાતનાં કંદમૂળો એમની ક્ષુધાને તૃપ્ત કરવા હાજર હતાં. હજારો માઈલો આ જંગલની વૃક્ષરાશિ પથરાઈને જનશૂન્ય દેખાતી હતી; એનો અંત નહોતો.

સવારના સમયનું પરિવર્તન થઈ હવે મધ્યાહ્ન થયો. વૃક્ષોની છાયા નીચે આફ્રિકાના ભયંકર ઉનાળાની બપોર પૂરી થતાં વળી પગરૂપી ગાડી આગળ વધીને પંથ કાપતી હતી. આ પચીસ મનુષ્યપ્રાણીઓ આ ભયંકર ઘોર મહાવનને પાર કરી જવા પ્રાણપણે મહેનત કરતા હતા. સંધ્યા થઈ. સૂર્યની આસપાસથી સોનેરી તેજ વિસ્તરીને આખી પશ્ચિમ દિશાને સોનેથી મઢી લેતો હતો. આફ્રિકન સંધ્યાનું અતિમનોહર અને તેજસ્વી દૃશ્ય ઝાડોની ડાળીઓ વચ્ચેથી ડોકીઆં કરતું એમણે જોયું. સંધ્યા થતાં જ દૂર દૂરથી ચારો મેળવવા ગયેલાં પક્ષીઓ અધીરાં બનીને ટોળે મળી પોતપોતાના માળાઓવાળાં વૃક્ષો ઉપર આવીને પોતાનાં નાનાં બચ્ચાંઓની સેવા કરવા લાગ્યાં હતાં. શાંતભાવે નીલાં નીલાં તૃણાંકુરોને ચરતાં હરિણો અને તેમનાં બચ્ચાંઓ પોતાનાં ટોળાંઓ બાંધીને ભયશૂન્ય સ્થળે સંધ્યા પૂરી થતાં જ જવા લાગ્યાં. સંધ્યાનું તેજ ઓસરતું હતું. કાંઈક પ્રકાશ અને કાંઈક શૂન્યકાર વચ્ચેની મેળવણી આ પચીસ દુઃખીઆંઓને આરામ લેવા સૂચવતી હતી.

નાવિકો ખૂબ અનુભવી અને કસાયેલા હતા. એમણે ચારે તરફથી સૂકાં લાકડાં ભેગાં કરવા માંડયાં. લાકડાંના બે ત્રણ મોટા ઢગલા એમણે કરી દીધા. અંધકારની સેના ચારે પાસ ઘણા વેગથી ધસતી આવતી

હતી. એણે દશે દિશાઓને કાળો સાળુ હવે પહેરાવવા માંડયો હતો. વિમાનની ઝડપે જંગલમાં કાળરાત્રિ ગાજવા લાગી. રાત્રિ પોતાની પાસે નૃત્ય કરી અને રંજન કરવા પવનને સાથે તેડી લાવી. પવન પોતાનાં વાજિંત્રો ઉપર સૂસવાટા કરવા લાગ્યો. એના સહકારમાં વૃક્ષોની મોટી ડાળીઓ પરસ્પર અથડાઈ પરસ્પરના સહકારપૂર્વક અવાજ કાઢવા લાગી. પવન નૃત્યોન્માદમાં આવી ગયો. એણે હવે ચીસો પાડવી શરૂ કરી. નાનીનાની ડાળીઓ એકબીજા સાથે અથડાઈને મોટા અવાજ કરી ધડડડ ધ્રુસ કરતાં નીચે પડતી હતી, મોટા યોદ્ધાઓ જેવાં વૃક્ષોનાં અંગો છિન્નભિન્ન થઈ નીચે પડતાં હતાં.

થોડી વારમાં પવન તાંડવનૃત્ય ખેલીને વિદાય થઈ ગયો. ફરી જંગલના આકાશમાં તમરાં બોલવા લાગ્યાં. આખું જંગલ જાણે જાગી ઊઠયું. ઘુવડ અને શિયાળના કઠોર પોકેપોક અને રડારડના અવાજથી વાતાવરણ ભરાઈ ગયું. વરૂ અને તરસ જેવાં શિકારી ચોર પ્રાણીઓ હરણ, સસલાં, ઉંદર અને બીજાં રક્ષણરહિત પ્રાણીઓની બોડો શોધી કાઢવાના કામમાં પ્રવૃત્ત થઈ ગયાં, કોઈ કોઈ શિકારને પકડી એમનો સંતોષજનક ઘુરઘુરાટ અને શિકાર બનેલાં પ્રાણીઓનાં સગાંઓની શોકવિલાપની ભયંકર ચીસોથી દિશાઓ વારંવાર ગાજી ઊઠવા લાગી. વૃક્ષની છાયા નીચે છુપાયલા સિંહો એક મોટી ત્રાડ પછી તરાપ અથવા છલંગ મારીને પોતાના શિકારના પ્રાણી–હરિણ કે જીરાફને એક પંજાના ભયાનક ઘાવથી પછાડી નીચે નાખતા હતા. શિકાર ઉપર બેસી એનું માંસ ખાતા અને લોહી પીતા સિંહો છાતી ફીબકાવી દે તેવી ગર્જનાઓ કરતા હતા. શિયાળોનાં ટોળાંઓ ચારે પાસથી કાયર સૈનિકોની પેઠે આ પ્રાણીના બાકી વધેલ અવશેષો માટે લોલુપતાં હતાં. આ ગર્જનાઓ સાંભળી પોતાની બોડમાં છુપાયલાં ગરીબ પ્રાણીઓ કંપ અનુભવતાં હતાં. હાથી, પાડાઓ, ગેંડાઓ અને જલઘોડા જેવાં મોટાં પ્રાણીઓ પણ એકાકી હોય તો આ ભયંકર ત્રાડ અને પોતા વચ્ચે અંતર વધારતાં નાસી જતાં હતાં.

કાળા અને કાબરચિતરા ચિત્તાઓ વૃક્ષોની ડાળીઓના રંગ સાથે સંમિલિત થઈ રાત્રિના અંધકારમાં ડાળીઓના રંગ સાથે એકતા પામતા હતા. નીચે પસાર થતાં, શિકારની વાટ જોતી હીરા જેવી તેજસ્વી બે આંખો રસ્તા ઉપર અનિમેષ મીટ માંડી બેઠી હતી. જંગલનાં એક ગીચ ભાગમાં પંદર–વીસ હાથીઓ અને હાથણીઓનું એક જૂથ આ સઘળા વ્યાપાર તરફ ઉદાસીન થઈ પોતાના બળમાં મસ્ત બનીને નિરાંતે ઊંચાં ઝાડોની કુંપળોને સૂંઢોથી તોડી ચરતું હતું. સામે જ ઝડપથી વહેતી નદીના કિનારાની નીલી તૃણોથી ભરેલી જમીન ઉપર સો દોઢસો પાડાઓ અને ભેંસો પોતાનાં બાળ-બચ્ચાંઓ સાથે નિરાંતે ચરતાં હતાં. જૂથ અને સમૂહના બળનું કોઈપણ પ્રાણી અટકચાળું કરી શકશે નહિ, એવી એમને પાકી ખાતરી હતી. નદીની બીજી બાજુ એક ગેંડો પોતાની ગેંડી અને બચ્ચા સાથે આકડાનાં પાંદડાં નિરાંતે ચાવી ખાતો હતો. પોતાની ઢાલ જેવી ચામડી સિંહના પંજાના નખોથી અસ્પૃશ્ય હોવાનું જ્ઞાન એને સલામતી આપી રહ્યું હતું.

વળી વેલજીની આંખ આગળ એક વધુ દૃશ્ય આવી ઊભું રહે છે: જંગલની અતિશીત રાત્રિ પૂરી થઈ છે. ચારે તરફ સળગાવેલા અગ્નિથી શીતળતા અને હિંસ્ર પશુઓનો ભય બંને દૂર થયાં છે. સવારનાં કંદમૂળો ખાતાં અને ઝરણાંઓનું પાણી પીતાં આ માનવી મંડળ કાંટા, ખાડા–ખાબોચિયાં અને જંગલની ભૂલભુલામણી વચ્ચે માર્ગ કરે છે; એમનાં થોડાં પહેરેલાં વસ્ત્રો પણ વૃક્ષોના કાંટામાં ભેળવાઈ છિન્નભિન્ન થઈ જાય છે; શરીર ઉપર પણ પુષ્કળ લાલ ઉઝરડાઓ પડેલા દેખાય છે; થાક, ઉજાગરો અને હાડમારીએ સર્વને નિર્બળ બનાવી દીધા છે; જંગલનો અંત નથી. એક વખત તો એમને લાગ્યું હતું કે બેએક કલાકની કૂચ પછી પાછી જંગલની ભૂલ-ભુલામણીમાં એ ને એ રવાના થવાના સ્થાન ઉપર જ આવી ચડયા

હતા. નિરાશા એમને ઘેરી વળી છે. થોડુંક ચાલીને ઘણાં થાકી જાય છે. થોડા દિવસોના ભયો, થાક, તકલીફો, દુઃખો અને હાડમારીઓથી સૌના ચહેરા વૃદ્ધો સરખા બની ગયા છે. એટલા જ દિવસોમાં જાણે જીવનનાં દશ વરસો ઉમેરાયાં હોય એવી પ્રતીતિ થતી હતી; બચવાનો પણ ઘણાને વિશ્વાસ નહોતો.

ઓચિંતા યમ જેવા કાળા અને ભયાનક દશેક સીદીઓની ટોળી એમની સામે ઊભેલી એમણે જોઈ. સીદીઓ તદ્દન નગ્ન હતા. રાક્ષસ જેવાં એમનાં મોટાં શરીરો પર સફેદ કોડીઓની માળાઓ હતી. હાથમાં મોટા મોટા ભાલા હતા, પીઠ પર મોટાં ધનુષ્યો અને ઝેરી તીરો સાથેના ભાથાઓ બાંધ્યા હતા, કેડ ઉપર ચામડાના પટાઓ નીચે લોઢાની ધારદાર કુહાડીઓ લટકતી હતી; એમની પીઠે અર્ધા લોહીલુહાણ સસલાં, હરણાં, શાહુડીઓ, લોંકડીઓ વગેરે શિકારો લટકતા હતા; એમનાં શરીરોના કેટલાક ભાગો ઉપર યુદ્ધ અને ઝપાઝપીઓમાં મેળવેલા રૂઝાયેલ ઘાવોનાં ચિહ્નો નરી આંખે દેખાતાં હતાં; એમનાં પગરખાં વગરના જાડી ચામડીવાળા પગમાં કાંટાઓ અથડાઈને ભાંગી જતા હતા: આ જંગલવાસી સીદીઓ હતા.

વહાણમાંથી બચેલામાંના કેટલાક આ સીદીઓની ભાષા બોલી જાણતા હતા. એમણે કાંઈક પૂછ્યું. એક જણે સ્વાહિલીમાં જવાબ આપ્યો, અર્ધી સમજણ પડી. બંને તરફથી પરસ્પરને સમજાવવાની કોશીશો થઈ. નાવિકો અને પ્રવાસીઓએ સમુદ્રનાં તોફાનમાં પોતાનું વહાણ સપડાઈ નાશ પામ્યાની હકીકત ટૂંકામાં કહી. સીદીઓએ પોતે જંગબારના સુલતાન નામદાર મજીદ બીન સૈયદના તાબાના પ્રદેશમાં આવેલા ગામના વતનીઓ તરીકે ઓળખાવ્યા. સીદીઓમાં એક હૃષ્ટપુષ્ટ મજબૂત વ્યક્તિએ કાચના સ્ફટિક પારાઓનો હાર બનાવી તેને છેડે શાર્ક માછલીના બે દાંત પરોવી પહેર્યા હતા.

એના હાથમાંના ભાલા ઉપર પિત્તળની ટીબ હતી. એણે પોતાને સીદીઓના ગામના ઠાકોર તરીકે ઓળખાવ્યો. એણે સૌને સુલતાન મજીદના નામે આવકાર આપ્યો. હવે કશો ભય નહોતો. સીદીઓની સાથે સૌ એમના ગામ તરફ રવાના થયા.

વળી પાછું દૃશ્ય બદલાય છે: પર્વતની તળેટીમાં ઘોર વન વચ્ચે આ નાનકડું ગામ આવ્યું હતું. એમાં સાઠેક નારીએળીની ઝાવલીનાં બનાવેલાં કાચાં ઝૂંપડાં હતાં. ગામની આસપાસ માણસના માથાથી પણ ઊંચી કાંટાળી બેવડી વાડ હતી. રાત્રે ભૂખ્યા સિંહો મોટી છલંગ મારીને અંદર આવી મનુષ્ય કે જાનવરને ઉપાડી ન જાય તે માટે આવી ઊંચી વાડો બનાવી હતી. સીદીઓ બહુ ગરીબ હતા. એઓ ખેતી કરતા નહિ; જંગલનાં પ્રાણીઓનો શિકાર, નારીએળ, ફળાં, કંદમૂળ અને શેરડી એમનો ખોરાક હતો. કંદમૂળને સૂકવી એનો પથ્થરથી લોટ બનાવી એઓ ક્યારેક રોટલી બનાવતા હતા. વસ્ત્રોની કડાકૂટમાં સ્ત્રીપુરુષો ઊતરતાં નહિ. સ્ત્રીઓ સામાન્ય રીતે આખા શરીરે માત્ર કેડ ઉપર મૃગચર્મ જ વીંટતી હતી. પુરુષો પણ મૃગચર્મની લંગોટી લગાવતા હતા. પગમાં હજારો વર્ષોમાં એમના બાપદાદાએ કે એમણે કોઈએ પગરખાં પહેર્યાં નહોતાં. સૌના ઘરમાં નારીએળની છાલમાંથી બનાવેલ વાસણો હતાં; માત્ર ઠાકોરના ઘરમાં માટીનાં વાસણો હતાં. સૌને ઠંડી રાત્રિમાં ઓઢવા માટે જાનવરોનાં ચામડાં હતાં. સ્વચ્છતા બિલકુલ નહોતી, સડેલા માંસના ટુકડા જ્યાં ત્યાં પડી સડીને ગંધાતા હતા. ઠાકોરે સૌને ફળફૂલાદિ ખવરાવ્યાં. આ ગામમાં બે દિવસ આરામ લીધો.

ઠાકોર એમની સાથે ચાલ્યો. જંગલ વટાવીને એઓ દરિયા-કિનારે એક નાના બંદરે આવ્યા. સુલતાનની રૈયત જાણી એમને આરબ અધિકારીએ એક હોડી આપી. ત્રીજે દિવસે દારે-ઈ-ઇસ્લા-મના બંદરે ઊતર્યા. ત્યાંથી થોડા દિવસે જંગબાર પહોંચ્યા. ઠાકોરને

પચાસ ગજ કાપડ, દશ ચાકુ, થોડી સ્ફટિકની માળાઓ અને પુષ્કળ સોય દોરા આપવામાં આવ્યા. આ બધું મળવાથી તે ખુશી થતો વિદાય થયો.

*

વૃદ્ધ વેલજીને પોતાનો આ રોમાંચક અનુભવ નજર સન્મુખ હંમેશાં ખડો થતો. એ બનાવોને ય ૩૫–૪૦ વરસ વીતી ગયાં હતાં, પરંતુ નવરાશને વખતે આ મોટા પ્રાણભયની વીતકવાર્તાનાં છાયા-ચિત્રો એની આંખ સામે આવી ખડાં થતાં હતાં. પહેલે મહિને જંગબાર ખબર પહોંચ્યા હતા; બીજે મહિને વહાણ ડૂબ્યાના ખબર દેશમાં પહોંચ્યા હતા; દેશમાં આવી ખબરો સંબંધી કાંઈ પણ તપાસ કે મરણક્રિયા કરાવ્યા પહેલાં થોડા માસની મુદત આશામાં વ્યતીત કરવાનો રિવાજ હતો. આ પ્રવાસીઓના બચવાના સમાચાર તો દેશમાં પછી તરત જ પહોંચ્યા હતા.

૭

# દૈવી અને આસુરી સંપત્તિનું દ્વંદ્વયુદ્ધ

"દિકરા મોટા, અહીં આવ તો. આજે એક વધામણી ખાવી છે." હેતાળ માતાએ વહાલથી મોટા પુત્ર રામજીને બોલાવીને કહ્યું.

"બા, વધામણીના શું ખબર આપો છો ? તમારા મોઢામાં સાકર."

"મોટા, આપણી નર્મદા વહુને આશા છે. આપણે ઘેર વળી પારણું બંધાશે. તારા બાપ અને હું બંને ભાગ્યશાળી છીએ."

"બહુ રૂડું થયું બા ! દૂધમાં સાકર ભળી ! મારા રામજી આપણા કુટુંબ ઉપર નિત્ય દયાળુ છે. હું ઘણો રાજી થયો. બાપાને કહ્યું ?"

"હા, એમને પણ વધાઈના સમાચાર આપ્યા છે. એઓ બહુ ખુશી થયા."

રામજી પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. ઘરનો વડીલ એનો પિતા હતો; પરંતુ એણે ઘણાં વર્ષો જંગબાર તરફ વીતાવ્યાં હોવાથી એને દેશના વ્યવહારની કશી ખબર નહોતી. બધો વ્યવહાર અને ઘરના કારભારનું સુકાન છેલ્લાં ૪૦ વર્ષો થયાં માતાના હાથમાં હતું. પરંતુ ધીમે ધીમે નાણા સંબંધી જોખમદારી એના ખભા ઉપર ઊતરતી હતી. એ પોતાની કમાઈ માતાના હાથમાં મૂકતો, એ વાત બિલકુલ ખરી હતી; પોતાના વસ્ત્રો વગેરેની તૈયારી પણ માતા તરફથી થતી, એ પણ તદ્દન સાચું હતું; પરંતુ માતાનાં સાધનો મર્યાદિત હતાં. તે પોતે કમાવા ગઈ નહોતી; જાય તે વાત અશક્ય હતી. પોતે કમાતો હતો, ને પોતે જ સઘળો ભાર ઉપાડવો જોઈએ, એ હવે દીવા જેવું ચોખ્ખું દેખાતું હતું. એનું પ્રફુલ્લ મન આજે ઘણા વિચારોમાં ઘેરાઈ ગયું. રામાયણ વાંચતાં એના મનમાં તુલસીદાસજીની ચોપાઈઓના અર્થ જાણે ઊડી જતા લાગ્યા. એ મનની હમેશની પ્રસન્નતા મેળવી શક્યો નહિ. ચશ્માં નીચે ઉતારી એણે રામકથાનું પુસ્તક બંધ કર્યું. ફરી એનું મન વિચારવમળે ભમવા લાગ્યું.

ઘરનો કારભાર એમ જ રગશીઆ ગાડાની પેઠે ચાલતો હતો. શ્યામાને પરણ્યે બે વર્ષો થયાં હતાં. હવે એને તેરમું વર્ષ પણ તરત પૂરું થવા આવ્યું હતું. એણે બે વરસમાં સૌને પોતાની મીઠાશનો પરિચય કરાવી દીધો હતો. ઘરમાં જે સ્વભાવોની છિન્નભિન્નતાના પારા વિખરાયલા હતા અને જેમાં સંપ જેવું તો બિલકુલ શકય જ નહોતું ત્યાં શ્યામા યુક્તિથી ઘણા કઠિન અને મહાન યુદ્ધના પ્રસંગોને અણીને વખતે અટકાવી કૌરવ-પાંડવનાં યુદ્ધો થવા દેતી નહિ. સાસુને પોતાના જમાના ખાધેલ અને અનેક સુખદુઃખ ખમીને મેળવેલ અનુભવનું અભિમાન હતું; કોઈની સલાહ લેવી એ એને કદી પણ માફક આવતું જ નહિ. જે ઘરના સમ્રાટ તરીકે એણે ચાલીસ બેંતાલીસ વરસ રાજ્ય કર્યું હતું તેમાં બીજો હુકમ કે બીજી આણ

હોય જ નહિ. દિકરા અને પતિ તો એ સળી ઊંચી કરે તો પણ માથે ચડાવે એમ હતું. માત્ર આ આજકાલની નવી ઊગતી છોકરીઓ પારકે ઘેરથી આવી મહાન ચક્રવર્તી સામે બંડ પોકારતી હતી. ધોળીમાએ એમની સામે પણ ઢીલી રાસ મૂકી નહોતી. સમય આવે લાલ આંખ કરી ભ્રૂકુટિ ચડાવી શબ્દબાણો ફેંકવા આ ધોળીમારૂપી અર્જુન તૈયાર જ હતો.

ગોમતીએ દિકરીને સાસરે વળાવ્યા પછી આંખે જોઈ નથી. માનું વહાલસોયું હૃદય દિકરીના મોઢાને માટે તલસાટ કરે છે. બેએક વખત બે દોઢીઆં ખર્ચી કવર લખ્યું હતું (તે વખતે પૉસ્ટના કવર ઉપર બે દોઢીઆં લાગતાં); પરંતુ જબરી સાસુએ સામો જવાબ આપી બે દોઢીઆં પણ ટપાલવાળાને ખટાવ્યાં નહોતાં. શ્યામા છ માસે બાર માસે કોઈ આવતા જતાની સાથે પોતાની ખુશી ખબર મોકલતી. પરંતુ તૃષિત મનુષ્યને જેમ દૂર પડેલું પાણી તૃષશાન્તિને માટે બસ નથી, તેમ આટલા સમાચારથી ગોમતીનું મન શાંત થતું નહિ, દિકરીને જોવા એનું હૃદય ઘેલું બન્યું હતું.

પુત્રી પણ માતા માટે, ભાઈ માટે હૃદય તલસાવીને વારંવાર ઉદ્વેગ કરતી હતી. પરંતુ જબરી સાસુ સામે એક અક્ષર પણ ઉચ્ચારવો એ એના માનસને અનુકૂળ નહોતું. ધોળીબા પોતાના દિલના ઉદ્ગારો સંતાડતાં નહોતાં. વેવાઈઓ—ગરીબ વેવાણો પ્રત્યે એમની બરછટ જીભ ક્યારે પણ વિવેકવાળી થતી નહિ. ચામડાની જીભ એમને ભિખારણો તરીકે સંબોધતી. ' ઈ ભિખારણ વેવાણને ત્યાં મારી વહુ જઈને શું કરે ' એવા એના ઉદ્ગારો હતા. શ્યામાએ પોતાના શીલ અને શાંત મધુર સ્વભાવથી સૌના ઉપર ઊંડી છાપ પાડી હતી. સાસુજી પણ એના ઉપર જાણ્યે અજાણ્યે આડકતરી રીતે પ્રસન્નતા દેખાડતાં હતાં. પરંતુ એના ઉદ્યોગીપણાની, એની ખુશીથી ઘરનું વૈતરું કરવાની, એના મૃદુ બોલવા ચાલવાની, એના સમય સાચવી

લેવાના ગુણની કદર સાસુનું અભિમાન કરવા દેતું નહિ. ગંગાયમુનાના સંગમ સરખું માતાપુત્રીનું પવિત્ર મિલન આ કારણોથી થઈ શકતું નહિ.

શ્યામા સૌના દોષોને ઢાંકતી હતી. મોટા વિસ્તારી કુટુંબમાં નાનામોટા અનેક પ્રમાદો, ભૂલો અને ક્યારેક અપરાધો પણ થઈ જાય છે. બહુ નાની વાતને મોટું રૂપ આપીને એક જ ઘરનાં વિવિધ અંગો પરસ્પર અથડાય છે અને આવી નાની વસ્તુને મોટું રૂપ આપી ઘરની યુવતીઓ કુરુક્ષેત્ર રચે છે. પોતાના પતિ, પુત્રો અને લાગતા વળગતાઓને એમાં આકર્ષી રણશૂર બનાવવા અનેક યુક્તિ–પ્રયુક્તિઓ અજમાવે છે. સંયુક્ત કુટુંબમાં આ મોટું લાંછન કાળા ડાઘરૂપે દેખાય છે. સંયુક્ત કુટુંબમાં અનેક ગુણો અને અનેક ફાયદા રહ્યા છે. કરકસર, નબળાનો નિભાવ અને પરસ્પર સ્નેહનું સંગઠન આ બધું જ સંયુક્ત કુટુંબમાં છે. પરંતુ એકલો કુસંપ સર્વે ગુણોને ઢાંકી દે છે. સંયુક્ત કુટુંબમાં વડીલો ન્યાયી અને સમદષ્ટિવાળા હોય તો ગાડું કાંઈક સરળતાથી ચાલે છે; નહિ તો કુસંપ, ઝઘડા, મારામારી અને ભાગ માટે કોર્ટોમાં ધક્કા ખાવા એજ ભાગ્યમાં લખ્યું હોય છે.

શ્યામા દેરાણીઓના સ્વભાવોને બદલાવી શકી નહિ બદલે પણ નહિ. પરંતુ એણે પોતાના કામગરાપણાથી, સરળ સ્વભાવથી, અને બોલવાની સમયસૂચકતાથી એમના મનમાં પોતા પ્રત્યે ભાવ ઉત્પન્ન કર્યો હતો. શ્યામા એમની અને સાસુ વચ્ચેની કુસંપની મોટી સાંધને સાંધવા પ્રયત્ન કરતી. એ સાંધ સંપૂર્ણ તો સંધાતી નહિ; પરંતુ એણે એને ખૂબ હળવી બનાવી દીધી હતી. ગયે મહિને નર્મદાના હાથમાંથી ત્રાંબાનો ઘડો પડી જતાં એમાં તરડ પડી ગઈ હતી. દોડતાં સાસુ એ લેવા આવ્યાં. શ્યામા દૂરથી એ ઘડાની નજીક આવી ઊભી રહી. સાસુએ એ કોણે ભાગ્યો એમ પૂછ્યું. નર્મદાએ કાંઈ જવાબ આપ્યો નહિ. શ્યામાએ કહ્યું: "હાથમાંથી

પડી ગયો અને ભાંગી ગયો." સાસુજીએ એના હાથથી પડી ગયો છે એમ ધારી કહ્યું–"મેર મુઈ આંધળી, ઘરમાં નુકસાન કરે છે! હવે કંઈ તારી ભિખારડી માતા ભરી દેશે?" શ્યામાએ કાંઇ જવાબ દીધો નહિ. નર્મદા પણ છાનીમાની ગુપચૂપ ઊભી રહી. પરંતુ મનમાં એ શ્યામાના આભાર નીચે આવી ગઈ હતી. આ રીતે શ્યામાએ એક સખી મેળવી હતી.

સાસુજી મંદિરે ગયાં હતાં. લલિતા પોતાના પિયરનાં સગાંઓને મળવા જવાની હતી. શ્યામાનો સાળુ એને બહુ જ ગમતો હતો. તે એણે પહેરવા માંગી લીધો. શ્યામાએ અંતઃકરણના ઉમળકાથી એ આપ્યો. એકાદ કલાકમાં લલિતા જઈને પાછી આવી. પરંતુ રસ્તે આવતાં ઉપરથી કોઈએ કાંઈ એઠવાડ નાખ્યો. એનાથી એણે પહેરેલ નવું કોરું છાયલ ભરાઈ ગયું. ઘેર આવી એ નાહી. છાયલ ધોવું પડ્યું. છાયલ સુકાતું હતું ત્યારે સાસુજીની એના પર નજર પડી. એમનો રોષ ભભૂકી ઊઠ્યો. શ્યામાના પિયરની ત્રણ પેઢીઓ સંભારીને ગાળો દેવા માટે એણે હાજર કરી. પરંતુ શ્યામાએ તેની સામે એક હરફ પણ કાઢ્યો નહિ, એણે લલિતાનું નામ પણ લીધું નહિ. એ સાસુજીનાં તીવ્ર વાગ્બાણો મોટા મનથી સહન કરતી મૂંગી બેસી રહી. જો આ સમયે એને ઠેકાણે લલિતા હોત તો ભારે દ્વંદ્વયુદ્ધ જામત. રોવું, માથું કૂટવું. ગાળો દેવી, આક્ષેપો કરવા એ બધું થાત, પણ શ્યામાએ પાંચ મિનિટ સુધી આ બધું ચૂપચાપ સહન કર્યું; એટલે બધાં વાદળાં વીખેરાઈ ગયાં. આ વાત શ્યામાએ તો કરી નહિ; પણ ઘણા મહિનાઓ બાદ ખરી હકિકત સાસુએ આડકતરી રીતે જાણી હતી.

નર્મદાનું સીમન્ત નજીક આવતું હતું. એ પ્રસંગે પોતાની આબરૂ અને જ્ઞાતિના સારા કુટુંબ તરીકેની પ્રતિષ્ઠા જાળવવા માટે જ્ઞાતિભોજન અને સીમન્તવિધિ કરવાની આવશ્યકતા રૂઢિનાં પૂજારી

હૃદયોને જરૂરી લાગે તેમાં નવાઈ નહિ. ઘોળીમાને એની ચિંતા ઘરમાં હતી; બીજી ચિંતા હતી રામજીને; બાકી સૌ ઘરના ભારની ચિંતાથી મુક્ત હતાં. વૃદ્ધ વેલજીભાઈને પણ કુટુંબના અર્થશાસ્ત્ર કે અર્થનીતિની ખબર નહોતી. એક રાત્રે મધરાત પછી ઘોળીમા ઊઠ્યાં. એઓ ધીમેથી રામજીની ઓરડી બહાર આવીને ઊભાં. પાંચ મિનિટ ઊભાં રહી ધીમેથી રાત્રિની શાંતિમાં ભંગ પાડી માતા બોલી–" મોટા, જાગે છે કે? જરા બહાર આવ ને!" રામજી અર્ધ-નિદ્રામાં હતો. તે તરત ઊઠી બહાર માજી પાસે આવીને ઊભો.

"લે. આ સાદડી પાથરી છે તે પર બેસ. મારે તને કાંઈક વાત કરવાની છે. ઝાઝા કાને જાય તે યોગ્ય નથી. તેથી જ તને રાત્રે બોલાવ્યો. તને ખબર છે કે નર્મદા વહુના સીમન્તનું મુહૂર્ત આવતા માસની અગીઆરશને સોમવારે છે?"

"હા બા, મને એની ખબર છે; ગોર મહારાજ કહેતા હતા."

"ત્યારે ઈ પ્રસંગે શું કરશું? સીમન્તવિધિ તો પતાવવો રહ્યો."

"જરુર બા, એવાં મંગળ ટાણાં ન ઊજવીએ તો પછી બીજું શું કરવાનું રહે!"

"જો મોટા, આપણી આબરુ લાખેણી છે તે કોઈ પણ રીતે સાચવવી જોઈએ. આટલાં વર્ષો સુધી મેં જેમ તેમ નભાવ્યું. હવે મારા હાથમાં છૂટ નથી. એટલે જ તને હાંક મારી છે."

"બા, તમે જુઓ છો કે હું તો કાંઇ કદી રાખતો જ નથી. હું તો મારો પગાર અને બોનસ બંને તમારા હાથમાં મૂકું છું."

"જો સાંભળ, તારા બાપ જંગબારથી કમાઈને પૈસા લાવ્યા હતા. તેમાં તું બે વખત અને તારા ભાઈઓ અને બહેન પરણ્યાં, ઘર ખર્ચ નભ્યું, અને સારા નરસા અવસર એ વટાવીને જ વિતાવ્યા. હવે પેટીમાં કાંઈ વધારો નથી. આ સીમન્ત ઊજવવા માટે કાંઇ પણ

વધારો નથી. તારા અને નાનાના પગારમાંથી આપણા બહોળા કુટુંબવાળા ઘરનો ખર્ચ નભે છે; મદન તો કાંઇ કમાતો નથી."

રામજી શાંત ભાવે બેસી રહ્યો. હજી એમના બાપીકા ઘર ઉપર કાંઈ વ્યાજુ નાણું લીધાં નહોતાં. આ સિવાય બીજી કાંઇ મિલ્કત એમની પાસે નહોતી; હતી માત્ર આબરુ, હતું મોટું કુટુંબ. પરંતુ સીમન્તના ખર્ચનો બોજો તો જરુર ઉપાડવો જ જોઈએ.

"બા, સીમન્ત કરવામાં કેટલોક ખરચ થશે?"

"મોટા, ખર્ચની વાત જવા દે. આગળ તો મેં મારા હાથે પાંચ પાંચસો રૂપિયાની રકમો ખર્ચી છે; આપણી આબરુ પ્રમાણે એ કરવું જોઈએ. ન કરીએ તો લાખની આબરુ ઉપર પાણી ફરે. વહુને શેલાં અને ચણીઆ જરુર કરવા પડશે, બ્રાહ્મણોની ક્રિયા થશે, વરઘોડો નીકળશે, સગાઓ જમશે અને જ્ઞાતિભોજન પણ કરવું પડશે. નહિ નહિ તોય ત્રણસો રૂપિયા તો જરુર લાગશે."

"એનો વેત ક્યાંથી કરીશું, બા? મને તો કાંઈ સૂઝતું નથી."

"તું મરદ માણસ છે. ગમે ત્યાંથી વેત કરવો જ પડશે. આમ વિમાસણ કર્યે કાંઈ આરો આવશે નહિ. તારા સિવાય બીજું કોણ કરવા જશે?"

"બા! મેં હજી સુધી કોઈની આગળ હાથ લાંબો કર્યો નથી. અને શરમ મૂકીને કરું તોય મને કોઈ આપે તેમ નથી. પગારદાર નોકરીવાળાને શું જામીનગીરી ઉપર કોઈ નાણાં ધીરે?"

"ઈ વાત ખરી છે, પણ પ્રસંગ તો ઉજવવો જ પડશે. ગમે તેમ તણાઈને રૂપિયા પેદા કરવાના છે. આવતી અગીઆરશ પહેલાં રૂપિયાની ત્રેવડ કરજે. મહેનત કરીશ તો હાથ ખાલી નહિ જાય."

"રામજી મૂંગો રહી માતાની વાત સાંભળી રહ્યો. એ કાંઈ

પણ બોલી શકે તેમ નહોતું, કાંઈ ઉત્તર આપવા જેવું પણ એની પાસે નહોતું.

"લે, હવે સૂઈ જા. અત્યારે કાંઈ કરવા કારવવાનું નથી, પણ નાણાંનો વેત કરવાની ગણતરી તો ૨૦ દિવસમાં કરી જ રાખવાની છે. તે માટે મેં તને વેળાસર ચેતવ્યો. ઘરના કોઈની પાસે વાત કરીશ નહિ; વહુ પાસે પણ નહિ. કારણ કે વાતનું વતેસર થતાં વાર લાગે નહિ. આજકાલની છોકરીઓને ઘરની આબરુનાં વાસણ ઢોળી નાખતાં વાર લાગતી નથી."

રામજી બીજે દિવસે પોતાને કામે ગયો. પરંતુ એના મનમાં આ ૩૦૦ રૂપિયાના વિચારો, તોફાનમાં જેમ વહાણ ઝોલાં ખાય તેમ ડામાડોળ થતા હતા. એ શરમાળ પ્રકૃતિનો માણસ હતો. જોઈએ તે કરતાં એક અક્ષર પણ વધારે કાઢતો નહિ, સૌની સાથે બહુ હળતો મળતો પણ નહિ. એ વિનયી, વિવેકી. મિતભાષી, સાદો સરલ અને સીધે માર્ગે જવાવાળો હતો. મિત્રોએ સાથે મળીને ગોષ્ઠિ કરવી, કોડીઓની ચોપટ, પાસાની ચોપટ કે બીજી કોઈ રમત રમવી એ સઘળું એના સ્વભાવ અને દિનચર્યાથી વિરુદ્ધ હતું. તે કોઈની સાથે ઝાઝો ભળાતો નહિ. અલબત્ત, કામપ્રસંગે કપાસના વેપારીઓ સાથે ધંધાને લગતી પુષ્કળ વાતચીતો થતી, પરંતુ વેપારીઓમાં પણ કોઈની સાથે ગાઢ પરિચય અને મૈત્રી નહોતી. વેપારીઓ એના સરળ સીધા સ્વભાવ ઉપર પ્રસન્ન રહેતા. રામજી પોતાના શેઠના હક્કને નુકસાન કર્યા વગર સૌ વેપારીઓનું કામ તકલીફ લઈને ખાસ ધ્યાનથી કરી આપતો. આ સર્વે વેપારીઓ બહારગામથી કપાસ બંધાવવા આવતા હતા. એમને અને રામજીને અંગત આર્થિક સંબંધ નહોતો.

રામજીનું મિત્રમંડળ પણ મર્યાદિત હતું. બહાર જઈ બીજાઓની સાથે વિનોદ કે મશ્કરી કરવાની એને ટેવ નહોતી. નાટક જોવા જવાની પણ એની વલણ નહોતી, સભાઓ પણ આ નાના શહેરમાં

જવલ્લે જ થતી, તેમ જાહેર જીવન જેવું ખાસ કંઇ હતું નહિ. રામજી કારખાનામાંથી સાંજે પાછો ફરી રામજીને મંદિરે જતો. ત્યાં બાવાજી જાનકીદાસજીની સાથે પા–અર્ધો કલાક વાતો કરતો. જાનકીદાસ એક સજ્જન સાધુ હતા.

ઉત્તરહિંદમાં અયોધ્યાના આ વૃદ્ધ સાધુ લગભગ ૨૦ વર્ષો થયાં જેતપુરમાં રહેતા હતા. એમની ઉંમર આશરે ૭૫ વરસ લગભગની હતી. કદાવર અને ગોરા વનના, મોટી દાઢીવાળા, મોટી આંખોવાળા અને બુલંદ અવાજે બોલનારા બાવાજી રામકથાના ભારે રસિયા હતા. એઓ ચોપાઈ અને દુહાઓને શાસ્ત્રીય પદ્ધતિથી લલકારતા હતા. વૃદ્ધ ઉંમરના આ પડછંદ સાધુને અખાડાનો પણ એટલો જ શોખ હતો. જાનકીદાસ મહંતના સાત શિષ્યો હતા. સઘળા પહેલવાન જેવા અને કસરતી હતા. મહંતજી યુવાન, કસરતી સશક્ત અને નીરોગી શિષ્યોને જ શોધીને પસંદ કરતા હતા. યુવાન કસરત અને કુસ્તીબાજો પણ આ વૃદ્ધ મહંતને હાર આપી શકતા નહિ. આ ઉંમરે ભલભલા કુસ્તીબાજોને પણ મહંતજી શેર આપતા હતા. આ મહંતજીનો પૂર્વઈતિહાસ કોઈ પણ જાણતું નહોતું.

મહંતજી સત્યવક્તા હોઈને કઠોરભાષી હતા. કદી કદી મોઢામાંથી ગાળો કાઢતાં આ રામભક્તને સમય લાગતો નહિ. એમનાં લક્ષણ જોતાં જુવાનીમાં એમણે છૂટથી લાઠીનો ઉપયોગ કરેલ હશે. કેટલાક જાણભેદુઓ મહંતજીના હાથમાં ધનુષ્યની દોરીનાં ચિહ્નો હજી સુધી હોવાનું ખાનગીમાં જણાવતા હતા. પરંતુ મહંતજીના રૂઆબ સામે કોઈ કાંઈ બોલી શકતું નહિ. આ વૃદ્ધ ઉંમરે મહંતજી ત્રણ શેર દૂધનો લોટો ગટગટાવી જતા. ઘી પણ અર્ધો શેર તો હજમ કરી જતા. સવારના વહેલા ઊઠીને હજી પણ પુષ્કળ પ્રમાણમાં દંડ પીલતા હતા. મહંતજી દયાળુ પણ હતા. એમના રામજી મંદિરના બારણેથી ભાગ્યે જ કોઈ ભૂખ્યું પાછું ફરતું. મહંતજી

અર્ધહિંદી–ગુજરાતીમાં કહેતા કે–" રામકા ધરસેં રામની રોટી સૌને મીલેગી. બાબાકા માલ ઉપર સૌનો સમાન હક્ક હય. " રામજીભાઈ મહંતજીના પ્રિય પાત્ર હતા.

ભક્ત હરભમજીને ઝુંપડે રામજીભાઈ કદી કદી જતા. કણબી ખેડૂતોના એ માનીતા ભક્ત હતા. સીધા, સાદા અને સમભાવી તેમ જ સંતોષી હતા. એમની કંઠી બાંધનારા પાંચસો કણબી ખેડૂતો કાઠિયાવાડ ગુજરાતમાં ફેલાયલા હતા, પરંતુ હરભમજી ક્યારેય પણ અસંતોષ કરી પોતાના ઝૂંપડાની શ્રી અને સમૃદ્ધિ વધારતા નહિ. પોતે શરીરે દુબળા અને પગે ખોડંગાતા હતા. એમની નજર પણ ઝાંખી હતી, છતાં ઝૂંપડી સાફ કરવી, સદાવ્રત દેવું, અનાજ સાફસૂફ કરી મૂકવું એ બધું પોતાની જાતે જ કરતા. ગરીબો પ્રત્યે ભારે સમવેદના દર્શાવતા. પોતે એક સાધુ પાસેથી કેટલીક જડીબુટ્ટીઓનો ઉપયોગ શીખ્યા હતા. તેઓ આ બધું મંગાવી પોતાના હાથે કૂટી રોગીઓને આપી તેમના મૂગા આશીર્વાદ મેળવતા હતા. હરભમજી તદ્દન નિરક્ષર હતા. એમને ગાંજો પીવાની ટેવ હતી. સાંજે એક વખત ગાંજાની ચલમ ધરાતાં સુધી ફૂંકતા રાત્રે હાથમાં એકતારો તંબુરો લઈને કબીર સાહેબ, ગરીબદાસજી, જીવણદાસ, મલુકદાસ, રવિ સાહેબ, ભાણ સાહેબ, પ્રીતમદાસ વગેરે ભક્તકવિઓનાં ભજનની રમઝટ મચાવતા હતા. એ સમયે એમના ઘણા સંગાથીઓ સાંભળવા માટે અને ઝાંઝ પખાજનો જોગ દેવા આવતા.

હરભમજીની પૂર્વકથા પણ જિજ્ઞાસુઓની સતત પેરવી છતાં અણુછતી રહી હતી. ત્રીસેક વરસ થયાં આજ ઝૂંપડીમાંના એમના ધામા એવી જ હાલતમાં પડ્યા હતા. ઝૂંપડીની અંદર સદાવ્રતના અનાજની બે કોઠીઓ, અનાજ આપવાનું એક મોટું પવાલું, ભજન-મંડળીને પાથરવાની બે સાદડીઓ અને પાણીનો એક કૂજો હતો. કણબીઓએ પાકો આશ્રમ બાંધી આપવાની ઘણીએ વાર માગણી કરી હતી, પણ એમના બાપજીએ એ સ્વીકારી નહોતી. કણબીઓને

ઘેરથી રોટલા આવતા તેમાંથી પોતે એક વખત બે રોટલા ખાઈ બાકીના ગરીબો વચ્ચે વહેંચી દેતા હતા. દર વર્ષે બે પંચીઆં અને બે બંડીઓ સિવાય બીજાં વધારે કપડાં તેઓ લેતા જ નહિ. રાત્રે એક સાદડી ઉપર સૂઈ રહેતા. સૌ એમને 'બાપજી'ના નામે બોલાવતા. એઓ પણ નાનામોટા સૌને 'નારાયણ' કહીને સામો ઉત્તર આપતા. પોતે નિરક્ષર હોવાથી શાસ્ત્રોના જ્ઞાનથી વંચિત હતા. પરંતુ એમનું પીઠબળ ત્રીસ વરસની અનન્ય ભજનોની ધૂન અને શ્રેષ્ઠ ચારિત્ર્ય હતાં. બાપજી કોઈ વખતે કોઈને ત્યાં ભાગ્યે જ જતા આવતા; તેમ કોઈની ખુશામત કરતા નહોતા; કોઈને માટે કઠણ શબ્દ સ્વપ્ને પણ ઉચ્ચારતા નહિ. રામજીભાઈ દર અગીઆરશે આ ઝૂંપડામાં ભજન સાંભળવા આવતા. એઓ બાપજીના ખાસ ધ્યાનમાં હતા. ઓછાબોલા અને સરળ વ્યવહારના આ યુવક તરફ બાપજી સ્વયં આકર્ષાયા હતા.

શામજી ભગતની દુકાનેથી રામજી હમેશાં બીડીઓ ખરીદતો. રામજી મંદિરેથી પાછા ફરતાં પાંચ દશ મિનિટ આ દુકાને આવતો. દુકાનના દેવદારના ખોખા પર દીવાસળી વેચતા શામજી સાથે બેસી બન્ને જણુ વાતો કરતા હતા. રામજીને હમેશાં અહીં એક બીડી પીવી પડતી. શામજી ભગત કુટુંબી માણસ હતા. તેઓ દુકાનની પેદાશમાંથી સરળતાપૂર્વક પોતાના કુટુંબનો નિભાવ કરતા–ભગતને કુટુંબની મોટી ઉપાધિ હતી. સ્ત્રી જરા વધુ ખર્ચાળ હતી, મોટો પુત્ર દારૂડીઓ હતો અને વચેટ સારો હોવાથી દુકાને બીડીઓ વાળતો હતો; જ્યારે નાનો નિશાળે જતો હતો. ભગતને શરીરમાં 'વા' હતો તેથી એમના પગના ઘૂંટણમાં નિત્ય પીડા થતી. હાલવા ચાલવામાં પણ મુશ્કેલી લાગતી; છતાં શ્યામજી ભગત દરરોજ બાપજીને ઝૂંપડે ભજનની રમઝટમાં ઝાંઝ વગાડવા સંધ્યા પછી દિવાબત્તી સમયે જરૂર નિયમિત જતા હતા. ત્યાંથી રામજીના મંદિરે દર્શન કરી ઘેર આવતા. રાત્રે વચેટ છોકરો દુકાન સંભાળતો હતો.

રામજીભાઈના એ દરરોજના મેળાપી અને મિત્ર હતા. પરંતુ એમની પાસેથી નાણાં ઉધાર મળે તેમ નહોતું. એમના મનમાં આજે ફલાણા પાસે માગણી કરી જોઉં, આજે આની પાસે માગી જોઉં, એવી એવી અનેક સ્ફૂરણાઓ ઉઠતી, પરંતુ શરમાળ જીભ એક શબ્દ પણ સમય આવ્યે કાઢી શકતી નહિ. અનભ્યાસ અને અનાવડતને લીધે એકાદ બે ઠેકાણે હાથ લંબાવવા માટે એમણે ઈસારો કર્યો હતો; પરંતુ એ સ્થળો પૈસા મેળવવા માટે સુયોગ્ય નહિ હોવાથી એમને ઉત્તેજન મળ્યું નહોતું. શહેરમાં ત્રણ ચાર શાહુકારો ભારે વ્યાજ ઠરાવીને ખેડૂતો અને ધનાર્થીઓને નાણાં ધીરવાનો ધંધો કરતા હતા, પરંતુ એઓ એવા કઠોર લોભી અને લાલચુ હતા કે સામાને ચૂસી લેતા હતા. એમના સકંજામાં સપડાનાર પાંચ દશ વર્ષે તો તદ્દન ચુસાઈને ખાલી ખખ થઈ જતા હતા. આ શાહુકારો પણ કાંઈ બાંહેધરી કે જામીનગીરી વગર નાણાં ધીરે એવા મૂર્ખ નહોતા. રામજી પાસે કોઈ બાંહેધરી તો હતીજ નહિ, તેમજ એનો જામીન થાય અને બીજી સહી કરી આપે તેવો એમનો કોઈ મિત્ર નહોતો.

નાણાં કેમ ઊભાં કરવાં એ પ્રશ્ન રામજીના માનસને મૂંઝવી રહ્યો હતો. ક્યાંયે એમને હાથ લંબાવવાનું સૂઝતું નહોતું. ધીર, ગંભીર અને સરળ સાધુ પ્રકૃતિનો એ યુવક મનમાં ખૂબ મૂંઝવણ અનુભવતો હતો. માતાની એક શિક્ષા એણે ગાંઠે બાંધી હતી: 'ઘરની વાત ક્યાંયે થાય નહિ; લાખેણી લાજ ક્યાંયે ઉઘાડી કરાય નહિ.' પરંતુ નાણાંનો વેત કેમ થાય તે માટેનો કોઈ ઉપાય એને સૂઝતો નહોતો. યુવાન ખૂબ મુંઝાયો, અકળાયો. આઠ દશ દિવસ વહી ગયા. પૈસાનું કશું ઠેકાણું થઈ શક્યું નહોતું. 'માતાએ મારા ઉપર વિશ્વાસ મૂક્યો તેનો શું જવાબ આપીશ?' એવી એવી અનેક કલ્પનાઓ એના મગજમાં સ્ફૂરવા લાગી. પરંતુ હજી તો એક વહેંત પણ આગળ વધાયું નહોતું. શેઠ પાસે કાંઈક રૂપિયા પગાર પેટે માગવા એવો મન સાથે એણે નિર્ણય કરેલ હતો. પરંતુ એને ખબર હતી

કે શેઠનો પોતાના માણસોને આમ ધીરધાર કરવાનો રિવાજ નથી. એમણે અનેકોને ચોખ્ખી ના સંભળાવી દીધી હતી તે રામજીના કાને સાંભળ્યું હતું; તેમ શેઠ હમણાં એક માસ થયાં મુસાફરીમાં ફરવા ગયા હતા, અને વહિવટનો હવાલો એની પાસે હતો. હજારો રૂપિયા શેઠની ત્રિજોરીમાં પડયા હતા. એ જોઈ રામજીની જીભમાં પાણી આવતું. કયારેક આસુરી વિચારો પણ આવતા; પરંતુ સાત્વિક અને શુદ્ધ જીવનનો છેવટે વિજય થતો. લોભ–લાલચને પ્રયત્નો કરી આ યુવક દબાવી દેતો હતો.

એક વખત એણે શેઠનાં નાણાં રાખવાની ત્રિજોરી ખોલી. વેપારીઓ પાસેથી કપાસની લોઢાઈના બે હજાર રૂપિયાની રકમ તે દિવસે જ આવી હતી. એ હજી પાકી રોકડમાં જમે થઈ નહોતી. ઓછી રકમ જમે કરી શકાય તેમ હતું, ૭ વેપારીઓની ગાંસડીઓની બંધામણીનો એ હિસાબ ચાર માસ પછી વહી ઉપર નોંધાતો હતો. કાચી વહીમાં વારંવાર ભૂલો સુધારવા ખૂબ કાપકૂપ અને ફેરફાર માટે છેકાછેકી કરવામાં આવતી. એ કાચી વહી રામજીના તાબામાં અને વિશ્વાસ ઉપર રહેતી હતી. એની તપાસ આજ દશ વરસમાં કોઈ દિવસે શેઠે લીધી નહોતી. આ કાચી વહીમાં ફેરફાર કરી જુદા જુદા વેપારીઓના હિસાબમાંથી થોડી થોડી રકમ ઓછી કરવાથી કોઈ પકડી શકે તેમ નહોતું. સહેલાઈથી વગરપ્રયાસે ત્રણસો રૂપિયા તો ખિસ્સામાં સરી પડે એમ હતું–આ સરસ તક હતી.

મનના શયતાને કહ્યું–"ઊપાડી લે આ રકમ, મોકો મળ્યો છે; કોઈ જાણી શકવાનું નથી; વારંવાર 'કપિલા છઠ' આવતી નથી. બધી તકલીફો દૂર થશે. કોઈની પાસે માંગણી કરવી પડશે નહિ. લઇ લે–લઈ લે; રકમ ઉપાડી લે. શા માટે ડરે છે?"

મનની દૈવી શક્તિ પ્રત્યક્ષ હૃદયમાં પ્રકટ થઈ બોલી: "ભાઈ! આખા જન્મારામાં આવું કામ તેં કર્યું નથી. સર્વેના નાથ ભગવાન


રઘુનાથજીને તું શું જવાબ આપીશ? એ રામ તો બધું જુએ છે! સત્ય અને શુદ્ધ હૃદયની ભક્તિથી રામને પ્રસન્ન કરવા હોય તો આ માર્ગે જઇશ નહિ. સચ્ચાઇ માટે સત્પુરુષોએ મોટા ભારે ભોગો આપ્યા છે. તું લાલચમાં ફસાઇને પોતાના પરલોકને બગાડીશ?"

મનના શયતાને કહ્યું–"આ સઘળો પ્રલાપ મિથ્યા બકવાદ છે, તું નામર્દ બન નહિ; પરંતુ સાહસ અને હિંમત રાખી રકમ ખિસ્સામાં ખેરવી દે. થોડા કાચી વહીમાં છેકા અને કામ પાર પડી જશે; કોઈ જાણતું નથી; ઢીલો થા મા. વારંવાર આવો મોકો નહિ મળે, કાંઈ પણ તકલીફ વગર કામ થાય તેવી તક સમયે લાંબા વિચાર કરવા બેસે છે? આ જગતમાં તો મારે તેની તલવાર છે. લાંબા વિચાર મૂકી દે અને આવેલા અવસરને વધાવી લાભ લઈ લે. દુનિયામાં ચોર કોણ નથી? રાજાથી રંક સૌ નાની મોટી ચોરીઓ કરે છે. તું શા માટે ડરે છે?"

મનની દૈવી શક્તિ બોલી–"અરે પ્રિય! ઊંધે માર્ગે ગમન ન કરતો. તું દરરોજ બે કલાક રામકથા વાંચે છે તેને વગોવતો નહિ. ખોટા માર્ગ ક્યારે ય ફળદાયી થયા છે? થોડા વખત માટે કદાચ નિરાંત મળે, પણ પરિણામે એનાં કડવાં ફળો દુઃસહ થશે; તારું અંતઃકરણ આખો જન્મ તને કોરી ખાશે. વળી એક પાપ કરીશ તો બીજું કરવાનું મન થશે, પાપની પરંપરાઓ ચાલશે. તારાં ધર્મકર્મ સૌ ઊડી જઈને તું મહાપાપી બનીશ. વળી ભોગજોગે ક્યાંક પકડાઈ ગયો તો આબરૂ, પ્રતિષ્ઠા, નોકરી સઘળું ખોઈશ. કુટુંબ તથા તારા ભૂંડા હાલ થશે."

રામજી કાંઈ નિર્ણય કરી શક્યો નહિ. એના હૃદયમાં દૈવી અને આસુરી સંપત્તિઓનું દ્વંદ્વ યુદ્ધ જામ્યું હતું. એણે તે દિવસે રૂપિયા ઉપાડ્યા નહિ. પરંતુ પાકી રોકડ પણ લખી નહિ. વિચારના

વમળોમાં, જેમ તોફાની મોજાંઓ વચ્ચે વહાણ સપડાય તેમ એનું મન ગોથાં ખાતું સપડાઈ ગયું.



**વિચારગ્રસ્ત રામજી**

રામજી કંઈ નિર્ણય કરી શક્યો નહિ. એના હૃદયમાં દૈવી અને આસુરી સંપત્તિઓનું દ્વંદ્વયુદ્ધ જાગ્યું હતું.

૮

# ઉદાત્ત હૃદયની ઉદારતા

રામજી આજે મંદિરે દર્શને ગયો નહિ. પોતાના નિત્યનો અભ્યાસ આ દેવ-દાનવી યુદ્ધના વમળમાં સપડાઈ એણે છોડી દીધો. સીધો તે ઘેર આવ્યો. રામકથા હાથમાં લીધી, પરંતુ એમાંના અક્ષર જાણે દૃષ્ટિમાં ઝાંખા પડવા લાગ્યા. હૃદયના ભાવોની અથડામણ એને કાંઈ કામ કરવા દે તેમ નહોતું. એણે રામકથા વાંચવા પાંચ છ વાર દૃઢ પ્રયત્નો કર્યા. એક મિનિટ ગાડું સીધું ચાલી ફરી ફસકી જતું. વળી પાછું ફરી એ જ વિચારવમળના ચક્રાવામાં ગોળ ગોળ ઘૂમરીઓ લેવા માંડતું હતું. છેવટે કંટાળીને એણે રામકથા બંધ કરી. તે પોતાના ખાટલા ઉપર લાંબો થઈને સૂતો, પરંતુ વિચારો એને ઊંઘવા દે તેમ નહોતા. મગજ વંટોળીએ ચડ્યું હતું. ઉપરના મોભ અને વળા સામે આંખો ફરતી હતી, પણ મન તો શેઠની ત્રિજોરીના રૂપિયા સાથે ખેલ કરતું હતું.

થોડા જ વખતમાં બારણાની બહારથી દીપકનો ઝાંખો પ્રકાશ આવ્યો, એ પ્રકાશની અંદરથી શ્યામાનું સદાયે હસતા અને પ્રફુલ્લિત મુખારવિંદનું પ્રતિબિંબ પડ્યું. એ શાંત મુખ ઉપર સૌભાગ્યના લાલ કુમકુમનું ચિહ્ન હતું. સૌમ્ય અને પવિત્ર આંખો મીઠાશથી પતિના હૃદયમાં અમીસિંચન કરી રહી હતી. એ મુખમાં પતિએ વૃદ્ધાવસ્થાનું ધૈર્ય અને શાણપણ જોયું. તે ચમક્યો, બેઠો થયો અને આવતી પત્ની સામે એકીટસે મીટ માંડીને જોઈ રહ્યો.

પત્નીએ દીપક એને સ્થાને મૂક્યો. પાણીના લોટામાંથી પ્યાલો ભરીને પતિના હાથમાં મૂકી તેમને પાણી પાયું, પછી ખાટલા પર બેઠી. આજે સહસા પત્ની બોલી ઊઠી:

"મારે એક વાત તમને પૂછવી છે; પૂછું? છુપાવશો તો નહિને?"

"ભલે, ખુશીથી પૂછ. તારાથી જુદાઈ હોય નહિ."

છેલ્લા પંદર દિવસ થયાં તમે ચિંતાગ્રસ્ત રહો છો. તમારાં પ્રસન્ન મન ઉપર વિચારોની છાયા આવરી વળી છે, રાત્રે ઊંઘમાં પણ તમને કાંઈ અસ્પષ્ટ બોલતા મેં સાંભળ્યા છે. એ પ્રમાણે તમે અગાઉ ક્યારેય પણ કરતા નહોતા. આ ગયા પરમ દિવસે જ દાળમાં મીઠું નહોતું તેની પણ તમને જમતાં ખબર પડી નહિ. ત્રણ દિવસ પર હું બારીમાંથી તમારા આગમનની રાહ જોતી હતી. તમે વિચારમાં ને વિચારમાં ઘરમાં આવવાને બદલે થોડા આગળ નીકળી ગયા. હમણાં તમારા ચહેરા પર જાણે બળાત્કારે હસતા હો એવો ભાવ હું જોઉં છું. આવી ચિંતાનું કારણ મને ન કહો? હુંયે સમજું છું કે ઘણી વાતો અમને જણાવવા જેવી પુરુષોને લાગતી નથી. મને કહેવા જેવી હોય તો કહો. હું પણ મારા અધિકાર મુજબ કુટુંબના સુખદુઃખની ભાગિયણ છું."

"ખરું છે, મને ચિંતાનું કારણ છે ખરું; પરંતુ એ કહેવાથી જો અર્થ સરે નહિ અને માત્ર ચિંતા જ વધે તે વખતે એ કહેવું ઉચિત

નથી. તને કહેવા જેવું હોત તો હું તને ક્યારનીયે બધી હકીકત કહી દેત. પત્ની પાસે કાંઈ છાનું રાખવું અને ભેદભાવ ઉત્પન્ન કરવો એ મને પસંદ નથી."

"મને મારા પ્રાણનાથમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. એટલે હુંયે તમને દબાણ કરું નહિ, પરંતુ થોડી વાત મારા પણ ખ્યાલમાં છે. પંદરેક દિવસ ઉપર મારી આંખ એકાએક ઉઘડી ગઈ. બહારથી ધીમો અવાજ આવતો હતો. મારા કાન સરવા છે, તેથી એનો હું કેટલોક ભાવાર્થ સમજી શકી. વળી સૂતાં સૂતાં નિદ્રામાં તમારા મોઢામાંથી નીકળેલા ઉદ્ગારોથી તો મને વિશેષ સમજ પડી. અઢી વરસ આ ઘરમાં કાઢ્યાં તેના અનુભવે વધારે સમજણ આવી છે. હું પણ આ વિષયમાં થોડું ઘણું જાણું છું. હવે વધારે છુપાવવામાં કોઈ અર્થ નથી."

"તું શું જાણે છે? શી બાબત છે?" પતિએ ગંભીરતા-પૂર્વક પૂછ્યું.

"મારી સમજ મુજબ નર્મદાબહેનનું સીમન્ત ઉજવવાની ફિકર-માં તમે બધાં લાગો છો."

"પણ નર્મદાના સીમન્ત બાબત ફિકર શું હોય? એ તો રિવાજ મુજબ બધુંયે થશે."

"હા, એ ખરું, પણ કાંઈક ખર્ચની સગવડ–પૈસાની ગોઠવણ થઈ શકી નથી, એવા ભણકારા મારા કાને અથડાયા છે."

"એ ગોઠવણ તો થઈ જશે. સારાં કામ કાંઈ મુલતવી રહેવાનાં છે? એમાં ચિંતા રાખવા જેવું શું છે?"

"પરંતુ તમારા ચિંતાગ્રસ્ત ચહેરાનો દેખાવ કહે છે કે હજી એ સગવડ થઈ શકી નથી; થઈ ગઈ હોત તો હું બોલત પણ નહિ. દશ દિવસ થયાં હું તમારો ચહેરો ચિંતામુક્ત થવાની વાટ જોઈ રહેતી આવું છું. તમે જો આગળ જેવા પ્રફુલ્લ દેખાતા હોત તો મારે

કંઈ વાત કરવાની ઈચ્છા જ નહોતી. હવે ફક્ત ચાર પાંચ દિવસ રહ્યા, બધી વસ્તુઓ લાવવાની છે, માટે સમય જોઈ વાત કાઢી."

"ધાર કે એમ જ હોય તોપણ તારી પાસે વાત કરી નાહકની તને ચિંતામાં નાખવાથી શું ફાયદો? મારે ભોગવવાનું છે તેમાં શામાટે વગર ફોગટની તને રોકું? એ તો સૌ સારાં વાનાં થશે. ફિકર કરીશ નહિ. આપણે પણ રામ ક્યાં વેચ્યો છે?"

"એમ વાત ઉડાવશો તો કેમ ચાલશે? મને વાત કરવાથી કાંઈ ઉપાય નહિ સૂઝે એમ કેમ માનો છો? ઘરની ચિંતાનો ભાર તમારે એકલાએ જ ઉપાડવાનો નથી. આપણે સૌ એક હાંડલામાં રાંધેલું ખાઈએ છીએ. એટલે મને પણ સહધર્મિણીનો હક્ક ભોગવવા આપો એવી નમ્ર વિનંતિ છે."

રામજીએ થોડી વાર વિચાર કરી જોયો. પત્ની બધું જાણે છે, એની ગ્રાહક શક્તિથી એ સઘળી વાત સમજી ગઈ છે; હવે અંતરપટ રાખવો ફોકટ છે. એટલે રામજીએ સઘળી વાત પત્ની પાસે મર્યાદાશીલ ભાષામાં મૂકી.

"એનો ઉપાય તદ્દન સહેલો છે. તમે શા માટે મનમાં મુંઝાઓ છો? અરેરે, આ તો નાની વાતને તમે ફોકટ મોટી બનાવો છો!"

"મને તો એ વાત સહેલી લાગી નથી; મારી પાસે રોકડ નથી, બા પણ ખાલી હાથે છે; કયાંયથી પણ વેત થઈ શકતો નથી."

અરે, એટલી જ વાત છે ને! લ્યો, આ મારું સોનાનું સાંકળું છે. તે વેચી એના પૈસામાંથી જે જોઈએ તે બજારમાંથી લઈ આવો. મેં એ નિમિત્તે પહેલેથી જ કાઢી રાખ્યું છે. એના બસો રૂપિયા ઉપજશે. સેલું નવું લેશો નહિ; મારા લગન વખતનું શેલું જે મેં પહેર્યું નથી, તે કામ લાગશે."

"પણ બાને શું જવાબ આપીશું? બા તો તરત સમજી જશે."

"બાને સમજાવી લેવાની જવાબદારી મારે માથે છે. જાઓ, હું એમને શાંત કરી અનુકૂળ બનાવી દઈશ. એમાં કસૂર નહિ થાય."

"સ્ત્રીના દાગીના આમ લેવાય તે મારી બુદ્ધિમાં ઊતરતું નથી. હું એ રીતે તો નહિ જ લઉં."

"તમે જુદાઈ જેવું ગણો છો? મને પારકી ગણી? હું પણ તમારું જ અંગ છું. મને તરછોડવી એ તમને યોગ્ય લાગે છે? જો કુટુંબની ભીડ વખતે મારું ઘરેણું કામ ન આવે તો પછી ક્યારે કામ લાગશે? હું તો દાગીના પહેરતી જ નથી; પહેરવા વિચાર પણ નથી. કુટુંબના ભલા માટે આ દાગીનો કામ ન લાગે તો પછી એનો ઉપયોગ શું? તમારાથી ના કેમ જ પડાય?"

શ્યામાએ નવી નવી યુક્તિઓથી પતિને આડો અવળો સમજાવ્યો. અનેક દાખલા-દલીલો આપી આ કામમાં એની સંમતિ લઈ લીધી; પરંતુ રામજીએ માતાની સંમતિ મળે તો જ આ સાંકળું વેચી આવવા સ્વીકાર્યું.

બીજે દિવસે જ અનુકૂળ પ્રસંગ મળી ગયો. બંને વહુવારુઓ ક્યાંક સગાં-સંબંધીઓને ત્યાંના પ્રસંગમાં ભાગ લેવા ગઈ, સાથે છોકરાં પણ ગયાં. શ્યામાએ માથું દુઃખ્યાનું બહાનું કાઢ્યું. કપાળે મરી મીઠું ચોપડી એ પાછળ રહી ગઈ. ઘરમાં બા સિવાય બીજું કોઈ નહોતું. ખડકીના બાંક ઉપર ગાદી તકીઆ પર ઘરના વડીલ બેઠા બેઠા અંગૂઠો અને આંગળીથી એક પછી એક માળાના પારા મૂકતા હતા.

"કેમ વહુ, માથું હવે કેમ છે?" બાએ પૂછ્યું.

"બા, હવે તો આરામ છે. મારે એક વાત કરવાની છે. કરું?" મૃદુ સ્વરે શ્યામાએ પૂછ્યું.

"સો વાર કહેની; હું સાંભળું છું." વહુ કાંઈક વસ્ત્રો ખરીદ કરી દેવા જણાવશે, એવી બીતિથી ડોસીએ જરા કડકાઈભર્યા અવાજે જવાબ આપ્યો.

શ્યામાએ નજીક આવી પોતાને આ બધી વાતની કેમ ખબર પડી તે નિખાલસ ભાવે કહ્યું. પૈસા ઊભા કરવા માટે પોતાના પતિએ કેટ-કેટલા ભારે પ્રયત્નો કર્યા હતા તે પણ કહી બતાવ્યું. શેઠ ગામમાં નહોતા, શાહુકારોએ ના સંભળાવી દીધી હતી; ઓળખીતા પારખીતા-ઓએ મોં કટાણું કર્યું હતું; લાખેણી લાજ જ્યાં ત્યાં ઉઘાડી પણ કરાય નહિ; છેવટે સૌ સ્થળેથી રામજી ખાલી હાથે પાછા આવ્યા હતા તે સચોટ ભાષામાં એણે વર્ણવીને કહ્યું. પૈસાનો ક્યાંયે થાગ લાગ્યો નથી, એ પણ જણાવી દીધું.

ડોસી મહાપાકાં હતાં. તેઓ શ્યામાના કહેવાનું રહસ્ય સમજ્યાં નહિ. એમણે કહ્યું: "એમાં હું બાઈ માણસ શું જાણું! ઈ ભાઈડો છે. ઘરમાં સૌથી વડો છે, એનું ઈ કામ છે."

શ્યામાએ ધીમેથી પોતે પતિ પાસે મૂકેલી વાત સાસુ સમક્ષ રજૂ કરી. જમાનાની ખાધેલ સાસુનાં સાઠ વરસમાં આવો બનાવ કોઈ વખતે બન્યો દીઠો કે સાંભળ્યો ન હતો. આ તો સતજુગ આવ્યો કે શું, એવી એને ભ્રાંતિ થઈ; છતાં એણે પોતાના મોઢાના ભાવ ફરવા દીધા નહિ. શ્યામાએ પોતાનું સાંકળું અને શેલું કપડામાં બાંધી પતિને આપવા સાસુના હાથમાં મૂક્યાં ત્યારે જ એને ખાતરી થઈ. આ નવીન કૌતુકથી એને ભારે આશ્ચર્ય જરુર થયું.

વ્યવહારૂ ડોસીના હાથમાં સોનાનું સાંકળું આવ્યું તે એણે પાછું આપ્યું નહિ; પણ મોઢેથી વિવેકની ખાતર એણે ઉપર ઉપરથી થોડી આનાકાની કરી. છેવટે શ્યામાના અતિ આગ્રહને પોતે અવગણી શકતી નથી, એવો ઢોંગ કરીને એણે સાંકળું અને શેલું રાખ્યાં.

બીજે દિવસે સાંકળાના પૈસા રામજીભાઈએ માતાના હાથમાં મૂક્યા. જોઈતી ચીજો બધી રામજીભાઈ માતાની સૂચના મુજબ લઈ આવ્યા. ઘરમાં ધામધૂમ મચી રહી; નગારાં–શરણાઈવાળાનાં વાજિંત્રોના અવાજોનું સંગીત ઘરમાં ગાજી રહ્યું. જ્ઞાતિભોજનની તૈયારીઓ

થઈ. બ્રાહ્મણ રસોઈઆઓ લાડુ, ભજિયાં, શાક, પકવાન તૈયાર કરવા લાગ્યાં. પીરસનારાઓના હાકોટા સંભળાવા લાગ્યા. વેદપાઠી બ્રાહ્મણોએ મદનજીને પાટલે બેસાડી વેદમંત્રોના ઉચ્ચારપૂર્વક ક્રિયા કરાવી. સ્ત્રીઓએ સારાં વસ્ત્રાલંકાર પહેરી સીમન્તની જ્ઞાતિવ્યવહાર મુજબ પાટલે બેસાડી સઘળી ક્રિયા કરાવી. ધોળીમાનો અનુભવ ખૂબ ઊંડો અને વ્યવહારૂ હતો. સર્વે કામ જ્ઞાતિવ્યવહાર મુજબ થયું. સાથે રામજીભાઈના પુત્ર અજિતને જનોઈ આપવાનું કામ પણ કરકસરના ગુણ જાણનાર ડોસીએ પતાવી લીધું. માત્ર એમાં પચાસેક રૂપિયા વધુ ખર્ચ આવ્યો તે વૃદ્ધાએ પોતે જૂના ભંડારમાંથી કાઢ્યા.

આ પ્રસંગનો બધો યશ ધોળીમાને મળ્યો; પરંતુ કામનો ખરો બોજો તો શ્યામા ઉપર હતો. બહારથી આવેલ સામાન સરખે ઠેકાણે મુકાવવો, એને સાફ કરાવવો, એ બધું ડોસીમાથી હવે જાતે વારંવાર ઊઠીને કામ થતું નહિ; ઉંમરને લીધે થાકી જતાં. બીજી બે વહુવારૂઓને તો ઘરને પોતાનું સમજી ભાર ઉપાડવો જ નહોતો. એટલે શ્યામાની સૂચનાથી છોકરાઓને શણગારવા, બહારનાઓને આવે ત્યારે આવકાર આપવો, ગીતો ગાવામાં આગેવાનીભરેલો ભાગ લેવો એ એમનું કામ હતું. શ્યામા કોઈ પણ વસ્તુનો બિગાડ ન થાય તે જોતી. જેને જે વખતે જે વસ્તુ જોઈએ તે કાઢી આપતી હતી. આ ત્રણ દિવસ સુધી સવારે વહેલા ઊઠીને ઠેઠ મધરાત સુધી એને ઊભે પગે ઊભા રહેવું પડતું હતું. તે તદ્દન થાકીને લોથ થઈ જતી; પરંતુ એની પૂછતાછ કરવાનું કોઈને સૂઝતું નહિ, માત્ર થોડુંઘણું અનુભવી ધોળીમાના લક્ષમાં રહેતું હતું.

આ પ્રસંગે શ્યામા સૌની સંભાળ રાખતી હતી. એનું મધુર ભાષણ, જ્યારે જોઈએ ત્યારે ઉત્તેજક શબ્દોભરી સહાનુભૂતિ, સૌના પ્રત્યે સમભાવ વગેરે ગુણોને એ સૌની નજરમાં શોભાવી દેતી હતી. પોતે પાછળ રહેતી છતાં એનું સૂત્રસંચાલન સર્વ પડદાઓ ભેદી

સર્વને નિયંત્રિત કરતું હતું. "કેમ વહાલી માસી! તમે તો આજે ખૂબ કામ કર્યું છે! જુઓને, તમારું કામ કેટલું સરસ છે! બેસો હવે, જરા નાસ્તો કરી લ્યો. હું તમારે માટે આ લાવી છું." માસીજીને બેસાડીને મિઠાઈ અને ફરસાણ ખવરાવતી. "લ્યો, વેણી કાકીજી! તમે તો ભારે માણસ હો! તમે તો આ ઘરને પોતાનું જ કરી બેઠાં છો! અમને તો કાંઈ ખબર પણ પડતી નથી! કેવાં મજાનાં ગીત તમે ગાયાં! મને મૂર્ખીને તો એવાં આવડે ય નહિ! હવે જરા આ હીંચકે બેસો, આરામ લઈ લ્યો." "ધીરજબહેન! તમે તો આજે હદ કરી. તમે તો પાપડના કેટલા ઢગલા ને ઢગલા વણી નાખ્યા! અમારા હાથ તો થાકી જાય. વળી પાપડ પણ કેવા પાતળા, જાણે કાગળથી પણ પાતળા! હવે રસોઈ તૈયાર છે. હા કરતા તો સૌ જમવા બેસશે." આવા આવા મૃદુ, પ્રેરક અને સમભાવનાયુક્ત ઉદ્‌ગારોથી શ્યામા સૌને માન આપતી હતી. એના હૃદયના ઉચ્ચ ગુણોના ઊમળકા પ્રતિબિંબિત થઈ સામા માણસના હૃદયમાં સદ્‌ભાવ અને પ્રફુલ્લિતતા પ્રેરતા હતા.

સીમન્ત અને યજ્ઞોપવીતનું કામ હવે સમાપ્ત થયું હતું. યજ્ઞોપવીત સમયે પતિપત્નીએ બટુકનો શાસ્ત્રવિધિથી સત્કાર કરવો પડે છે. આ વખતે પોતે પતિ સાથે છેડાછેડી બાંધી પાટલે નહિ બેસતાં શ્યામાએ યુક્તિ અને મીઠા શબ્દોથી સૌને સમજાવી પટાવી આ માન ડોસીના ત્રીજા પુત્ર હિરાલાલ અને લલિતાવહુને અપાવ્યું.

ડોસી આ સૌ જોતાં હતાં. એનો અનુભવ આ બહારથી સાદી પણ અંતરનો ભોગ આપવાની ઉદાર દિલવાળી શ્યામા વહુની વલણો અને પ્રવૃત્તિઓને ખરા સ્વરૂપમાં સમજી જતો. પરંતુ પોતાનામાંની જૂની સ્વાર્થી વૃત્તિઓ પોતાને પણ એવા ઉદાર ભાવો બતાવવાની ના પાડતી હતી.

નર્મદા ધનવાનની પુત્રી હતી. તે સુવાવડ માટે પિયેર જવાની હતી. ઓચિંતા એના પિયેરથી એની માતાના સ્વર્ગવાસના સમાચાર


આવ્યા. એની ભાભી બીજી વારની અને ઉંમરે નાની હોવાથી નણંદની સુવાવડ કરવા જેટલો અનુભવ ધરાવતી નહોતી. ઘરમાં બીજી કોઈ અનુભવી વૃદ્ધ કે આધેડ સ્ત્રી એના પિયરમાં હતી નહિ. આથી નર્મદાને એના પિતાએ લોકલાજની મારી તેડાવી તો ખરી, પણ તે તેડાવવામાં અંતરનો ભાવ નહોતો. ધોળીમાએ પોતાના જ ઘરમાં સુવાવડ માટે સગવડ કરી.

નર્મદાની સુવાવડના દિવસ નજીક આવ્યા. એની સુવાવડ ધોળીમાની દેખરેખ નીચે થઈ. એને સુંદર રૂપાળી કન્યા અવતરી. ડોસીએ સુયાણીના મોઢે કન્યાનું નામ સાંભળતાં જ મોં મચકોડયું. જૂનાં હિંદુ ઘરોમાં કન્યાઓના આગમનને સત્કારવામાં આવતું નહિ. ધોળીમાનો પ્રભાવ નર્મદા ઉપર નહોતો. નર્મદાને સુવાવડ પછી શેક લેવો ગમતો નહિ; ખાવા માટે પણ માત્ર કોઈક પ્રવાહી અપાય તે પણ એના મોજીલા અને સ્વાદિષ્ટ જીભવાળા જીવને ગમતું નહિ. ડોસીમા ધમકાવીને ઠપકો આપતાં, ડોળા તાણી ઘૂરકતાં તો ક્યારેક તીવ્ર અને વેધક શબ્દો બોલતાં, પણ નર્મદા એ ઠપકા અને ધમકીને પી જતી; એ ધાર્યું ન થાય તો સખ્ત અસહકાર કરતી. છેવટે ડોસીને જ નમી જવું પડતું.

શ્યામાના મૃદુ મધુર અને સમજાવટભરેલા શબ્દોની કદર અને કિંમત આ વખતે બરાબર પ્રતીત થયાં. જે કામ વૃદ્ધ અનુભવી સાઠ વરસની સમ્રાજ્ઞી કરી શકતી નહિ, તે થોડા જ સમયમાં યુક્તિ અને સમજાવટથી શ્યામા કરી દેતી. નર્મદાની ચાવી એને મળી ગઈ હતી. એ વખતે જે નિષેધ કર્યો હોય તે તે જ વખતે કદી પણ સ્વીકારે નહિ; હઠાગ્રહનું પૂતળું બની જાય. પરંતુ સમય ચુકાવી એ જ વાત બીજી રીતે લઈ આવી તેનો સહેલાઈથી સ્વીકાર કરાવી શકાતો. હઠાગ્રહ સામે ડોસીની જીદ અથડાઈ ચકમક ચમકાવતી; કોઈ પોતાની વાત મૂકે તેવું ઢીલું નહોતું. શ્યામા આ સમયે ધીરેથી

વચ્ચે આવી કોઈ બીજા કામના બહાના નીચે સાસુજીને બહાર તેડી જતી, પછી પોતે આવી એ જ વાતને બીજું સ્વરૂપ આપીને નર્મદાની સંમતિ મેળવી ખુશીથી એની પાસે કરાવી લેતી. સાસુ આ જોઈ મોઢામાં આંગળાં ઘાલી મનની અંદર વહુની ચતુરાઈ સમજતી; પણ એનું અભિમાન એની પ્રશંસાના શબ્દો બોલવા દેતું નહિ.

પૂરો શેક નહિ લેવાથી નર્મદાને બિમારી લાગુ પડી. એક માસ એને ખાટલો સેવવો પડ્યો. આ સમયે શ્યામાનો સેવાગુણ સંપૂર્ણપણે ઝળકી ઊઠ્યો. તે આખો દિવસ દેરાણીના ખાટલા પાસે એની તહેનાતમાં ગાળતી, દવા પીવરાવવી, શેક કરવો, કાંજી પાવી, કપડાં બદલાવવાં, એને બેઠી કરીને જરાવાર ઓશીકે બેસાડવી, પંડખું બદલાવવું, એનાં અંગો ઉપર ગરમ પાણીમાં ભીંજવી નિચોવેલાં કપડાં લૂછી સાફ કરવાં અને રાતોના ઉજાગરા કરવા એવાં એવાં અનેક સેવાનાં કામો એ નિઃસ્વાર્થભાવે કરતી હતી. પરિણામે નર્મદા સાજી થઈ ગઈ.



૯

# મહંત જાનકીદાસજી

આજે સંધ્યા વીત્યા પછી રામજી ઘેર આવી હાથમાં રામકથા લઈ ધીમે સાદે ચોપાઈઓ લલકારતા હતા. આજે એકાદશી હોવાથી રાત્રિભોજન નહોતું. શ્યામા દૂધનો વાડકો પાસે રાખી મૂકી પતિ-મુખે ગવાતી રામકથા સાંભળતી હતી. ડોસી ચાકળા ઉપર બેસી માળા ફેરવતાં ફેરવતાં વચ્ચે વચ્ચે ઘરકામની કોઈ કોઈ સૂચનાઓ આપ્યે જતાં હતાં. વૃદ્ધ વડીલ પાટ ઉપર ગાદીતકીએ બેસી નાની ગંગાને ખોળામાં બેસાડી ચકલા-ચકલીની વાર્તા કહેતા હતા. બાના બે નાના દિકરા બહારથી આવ્યા નહોતા. બંને વહુવારુઓ શિયાળો હોવાથી સઘડી પાસે બેસી અલક મલકની વાતો કરતી હતી. એટલામાં ઘોડીઆમાં સૂતેલી નર્મદાની ધાવણી દિકરી રડી ઊઠી. માતા જલદી ઊઠી છોકરીને તેડી ધવરાવવા લાગી.

બહારથી બૂમ સંભળાઈ " રામજીદાસ હય ? રામજીદાસ ! મહંતજી બુલાતે હય."

ડેલીની અંદર ઠીંગણો અને મજબૂત બાંધાનો ગોળમટોળ એક યુવક દાખલ થયો. શિયાળાની ઠંડી છતાં પણ માત્ર એક કબજો જ એણે પહેર્યો હતો. એની ચામડી ત્રાંબા જેવી રાતાવર્ણી હોઈ તંદુરસ્ત દેખાતી હતી. ઉઘાડા હાથની માંસલ પેશીઓ અને દૃઢ સ્નાયુઓ એની કસરતબાજીનો ખ્યાલ આપતા હતા. મહંતજીનો એ સૌથી નાનો અને ખાસ પ્રીતિપાત્ર શિષ્ય હનુમાનદાસજી હતો. ઠીંગણો, અતિ મજબૂત અને કસરતબાજ હોવાથી મહંતજી એને " દંડુકા " નામથી બોલાવતા. દંડુકો શરીરે સરસોઉં તેલ ચોળી તેના ઉપર માટીનું મર્દન કરી દરરોજ પ્રાતઃકાળના સૂર્યોદય પહેલાં પાંચસો દંડ પીલી નાખતો હતો. મહંતજીની ગાયો દોહવાય એટલે ત્રણ ચાર શેર શેઢકડું તાજું દૂધ ગટગટાવી જતો હતો. અક્ષરને અને એને પૂર્વ-જન્મનું વૈર હતું. પરંતુ દંડુકો મહંતજીની સેવા એકચિત્તે કરતો હતો. મહંતજીનાં વસ્ત્રો ધોવાં, એમની પાદસેવા કરવી, એમને માટે રોટલા તૈયાર કરી દેવા, મહંતજીની ગાયોની સેવા કરવી, આખું રામમંદિર ધોઈ–ઝાડીને સાફ કરવું. મંદિરનાં વૃક્ષોને કૂવામાંથી પાણી ખેંચીને પાવું. ગાયોનો હવાડો કૂવામાંથી પાણી સીંચી ભરી દેવો અને છેવટે મહંતજીના મુખકમળમાંથી પુષ્પવૃષ્ટિની પેઠે ખરતી ગાળો ખાવી એ " દંડુકા "નાં નિત્યકર્મો હતાં. આખા મંદિરમાં દંડુકા સાથે ભોજનના પ્રમાણની કોઈ સ્પર્ધા કરી શકતું નહિ. દંડુકાજી ભીમસેનની પેઠે રોટલાઓની મોટી થોકડીને પેટમાં હજમ કરી જતા હતા; ભાંગનો મોટો લોટો હસતાં હસતાં પી જઈ એમાં સૌનો પરાજય કરતા હતા; માઈલોના માઈલો ઝડપથી દોડી મહંતજીના ઘોડાવાળા એક્કાથી આગળ નીકળતા હતા. દંડુકો બોલવામાં બહુ જ ઓછી જીભ વાપરતો, પણ લાગ આવ્યે પોતાના હાથનો ઉપયોગ કરવાની એને બહુ ચળ રહેતી. આમ છતાં એની બુદ્ધિ બહુ તીવ્ર નહોતી.



૬

" રામજીદાસજી ! મહંતજી બુલાતે હય " એણે બીજી બાંગ નાખી.

રામજીભાઈ ઓરડાની બહાર આવ્યા. ' આઈએ હનુમાનદાસજી !' એમણે હસીને દંડુકાને આવકાર આપ્યો, " કયા હુકમ હૈ ? "

" મહંતજી બુલાતે હય. " એણે ત્રીજી વાર કહ્યું.

" મંય સામકો તો મહંતજીકી સેવામાં આયા થા ! ઈતની દેરમાં ફીર યાદ કિયા ? " રામજીએ પૂછ્યું.

" મહંતજી બુલાતે હય. " દંડુકાજીએ ચોથી વખત એ જ પડઘો પાડયો.

મહંતજીને આઠ દિવસ થયાં તાવ આવતો હતો. એ કદાવર તેજસ્વી મૂર્તિને ખાટલાનો આશ્રય લેવાની ફરજ પડી હતી. મહંતજી મોઢામાં વૈદ્ય કે ડૉકટરની દવા લેતા જ નહોતા. તાવ આવ્યે નકોરડા ઉપવાસ કરતા. માત્ર શ્રીરઘુનાથજીનું ચરણામૃત મોઢામાં સવારના લીધા સિવાય બીજું કાંઈ એઓ લેતા નહોતા. વળી તાવ હોય તો પણ બે વખત ટાઢે પાણીએ નાહતા હતા. શિયાળો છતાં માત્ર એક કબજો પહેરી કાંઈ ઓઢયા વગર સૂતા હતા. એમની યુવાન જેવી કાયા તાવને લીધે કરચલીવાળી થઈ ગઈ હતી. વૃદ્ધાવસ્થા જે હંમેશાં એમનાથી દૂર ભાગતી હતી તે સમીપ આવી ગળું પકડી બેઠેલી દેખાતી હતી.

રામજીભાઈ તુરત વસ્ત્રો પહેરી દંડુકા સાથે જવા તૈયાર થયા. મોડો વહેલો આવું તો વાટ જોશો, નહિ, એમ "બા"ને સંદેશો દઈ રામજીભાઈ અજવાળી રાત્રે રામમંદિર તરફ ચાલ્યા.

રામજી મહંતજીની ઓરડીમાં દાખલ થયા. મહંતજી બિછાનામાં ચત્તાપાટ પડયા હતા. એમના શરીરમાં તાવની અસર હતી. પાસે દિવા આગળ બેસીને એક શિષ્ય રામકથામાંથી કાકભુશુંડ અને ગરુડજીનો ઉત્તરકાંડમાંનો જ્ઞાનસંવાદ વાંચતો હતો, મહંતજી તે

શ્રવણ કરતા પડયા હતા. બીજા સર્વ શિષ્યો ઓરડી બહારના ચોકમાં મોટું તાપણું સળગાવીને તાપતા ધીમેથી વાતો કરતા બેઠા હતા. મંદિરમાં છેલ્લી આરતી થઈ ગઈ હતી. મહંતજી અશક્તિને લીધે આજે પૂજા કરી શક્યા નહોતા. એમનાથી હવે ઊભું થવાતું નહોતું, છતાં ભરશિયાળામાં ટાઢે પાણીએ સ્નાન કરવાનું એ ચૂકયા નહોતા. મુખ્ય શિષ્ય મંદિરમાં ભગવાનને હમણાં જ શયન કરાવી આવ્યો હતો. બીજા શિષ્યે ગૌશાળાની ગાયોને રાત્રિનો ચારો નીરી મહંતજીને ખબર આપ્યા હતા. મંદિર બંધ કરી ત્રીજો શિષ્ય ચાવી મહંતજીના ઓશીકા નીચે મૂકી ગયો.

મહંતજીએ ઈશારો કર્યો, રામકથા વંચાતી બંધ થઈ. રામજીભાઈએ મહંતજીની પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. મહંતજીએ હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા, પછી ધીમેથી આવકાર આપતા બોલ્યા—" મેરા રામ ! તૂ આયા ! બેઠ, મેરી સામને તૂ રામકથા પઢ, કાકભૂષણજીકી ચોપાઈ ચલતી હય. "

રામજી શાંત ભાવે પુસ્તક પાસે બેસી, મધુર કંઠે ચોપાઈ ને પાછળ દુહાઓ ગાતા ગયા. બે કલાકનો સમય પસાર થઈ ગયો. મહંતજી મુગ્ધભાવે અને એકાગ્રચિત્તે સાંભળતા હતા.

" રામ, અબ તુમ જાનકીજી ઔર રામજીકા વિવાહ કા અધ્યાય અયોધ્યા કાંડમેં પઢ, આજ મેરા ઔર રામજીકા વિવાહ હોનેવાલા હય. " મહંતજી શાંત ભાવે બોલ્યા.

રામજીએ લાકડાની મોટી ઘોડી ઉપર રાખેલી પા ઈંચના મોટા અક્ષરોવાળી રામાયણનાં જાડાં પાનાં ઉથલાવીને અયોધ્યાકાંડમાંથી રામ—જાનકીવિવાહનો અધ્યાય કાઢી વાંચવા માંડ્યો. તે સાંભળતાં સાંભળતાં મહંતજીની આંખોમાંથી આનંદાશ્રુ ટપકવા લાગ્યાં. આ વિષય પૂરો થયો. બિમાર મહંતજીએ તાવની દરકાર કર્યા વગર મોટેથી એક ત્રાડ નાખીઃ

" અબે સાલે દંડુડા, કિધર મર ગયા બદમાસ ? જલદી આ જા."

દંડુકો હાથ જોડી સામે ઊભો રહ્યો.

"દેખ સાલે, બહાર ખડા રહે; કોઈ આવે ઉસ્કુ આને મત દો; ખબરદાર રહેના."


દંડુકો બારણાની બહાર ચોકી કરતો બેઠો. મહંતજીએ ઈશારો કરી રામકથા બંધ કરવાની સૂચના આપી. તેમણે રામજીને પોતાના બિછાનાની બિલકુલ નજીક આવવા સૂચવ્યું. રામજી એમના મોઢાની સમીપ આવી લીંપેલી જમીન ઉપર બેઠો. મહંતે ચાકડો ખેંચાવીને ઉપર બેસવા ઈશારો કર્યો. પાંચ મિનિટ મૌનપૂર્વક પસાર થઈ ગયા પછી ધીમે સાદે જાણે કાનમાં વાત કરતા હોય તેમ મહંતજીએ બોલવું શરૂ કર્યું:

" મારા રામ ! હવે રામજીને ઘેરથી મને તેડું આવ્યું છે. આ જગતનો હું થોડી વારનો મહેમાન છું. આજે પચાસ વરસ થયાં હૃદયમાં જે બનાવોની હકીકતો મેં દબાવી રાખી છે, તે માટે હું લાયક માણસની શોધમાં હતો. મારી નજર તારા ઉપર ઠરી છે. મારા જીવનનાં જૂનાં થોથાં તારી પાસે જ ઉકેલવાની રામજીની આજ્ઞા થઈ છે. તે પ્રમાણે તારે સાંભળવા પડશે. આજની રાત તારે અહીં જ પસાર કરવાની છે." વાત કરતાં જરા થાક ખાવા મહંતજી થોભ્યા.

રામજીએ હોંકારો પણ આપ્યો નહિ. તે શાંતભાવે માથું નીચું નમાવી એકાગ્ર ચિત્તથી સાંભળવા લાગ્યો.

" મારો જન્મ બુંદેલખંડમાં થયો છે. ત્યાંના એક રાજાનો હું યુવરાજ હતો. (નામઠામથી કાંઈ પ્રયોજન નથી.) હું યુવાન, અભિમાની, સશક્ત, કસરતબાજ અને ભારે શિકારી હતો. અમારા રાજ્યની પાસે વિશાળ બિહામણું વન હતું. આ ભયંકર સાની વનમાં

હું શિકારીઓ સાથે હમેશાં શિકારે જતો. અનેક ચિત્તાઓ, વાઘો, પાડાઓ અને સુવરોનો મેં મારી બંદૂકની ગોળીઓથી શિકાર કર્યો



**મહંતજીનો પૂર્વાશ્રમ**

હું યુવાન, અભિમાની, સશક્ત, કસરતબાજ અને મોટો શિકારી હતો, બુંદેલખંડના રાજાનો હું યુવરાજ હતો.

હતો. અસંખ્ય હરણાંઓનો હું કાળ હતો. મારી ગોળીની નેમથી કોઈ છટકી શકતું નહિ. અમારા સરદારોમાં મારાથી વધે–અરે મને પહોંચે એવો કોઈ નેમ તાકનાર નહોતો. હું ઊડતા પક્ષીને સપાટાબંધ ગોળી મારીને નીચે પાડતો; હજારો વનપશુઓનો મેં શિકાર કર્યો હતો.

"હું મલ્લકુસ્તીમાં પણ એક્કો હતો. ઘોડેસ્વારીમાં પણ મેં સરસાઈ મેળવી હતી. દોડતે ઘોડે હું આબાદ તાકીને ભાલાને ઠેકી લક્ષ્યને વિંધી નાખતો. ઘોડા ઉપર બેસીને આખી રાત હું રસ્તો કાપી સો સો માઈલ સુધી દોડાવ્યે જતો હતો. ત્રણ ઘોડા બદલતાં પણ હું થાકતો નહિ. કસરત કરવી, દંડ પીલવા અને દૂધ પીવું, એ ત્રણેય મને બહુ ગમતાં." મહંતજી જરા વાર શ્વાસ લેવા રોકાયા. પછી આગળ ચલાવ્યું :

"હું અઠંગ પાણીનો તરવૈયો હતો. માઈલો સુધી હું નદીમાં તરી જતો, પણ ભણવામાં હું કાચો હતો. માત્ર લખતાં વાંચતાં મને આવડતું હતું, પરંતુ તલવારની પટાબાજીમાં મારા શિક્ષક અને તાલીમ આપનારને પણ હું મૂંઝવણમાં મૂકી દેતો. મારા પિતા રાજા હતા. બે રાજકુમારીઓ સાથે મને પરણાવ્યો હતો, બંને સુંદરીઓ હતી. સદ્‌ગુણશાળી રાજરાણીઓ હતી. બંનેને કુમાર અને કુમારી જન્મ્યાં હતાં, મારો સિતારો સંપૂર્ણ ચમકતો હતો. પ્રતાપી કૃપાળુ પિતા, ફળદ્રુપ અને સારી પેદાશવાળું રાજ્ય, ઉદાર મનવાળી માતા, સુંદર ગુણો ધરાવનાર રાણીઓ, સંપૂર્ણ આરોગ્ય, અઢળક સમૃદ્ધિ, ધન, ઐશ્વર્ય, શક્તિ, માન, મર્યાદા, યૌવન, પ્રભુત્વ, અધિકાર, સૈન્ય, મહેલો, બાગબગીચા, ઝવેરાત વગેરે સર્વ કંઈ મારે હતું. મેં આસપાસના ઠાકોરોને યુદ્ધોમાં હરાવી એમને ખંડિયા બનાવ્યા હતા. અમે સિંધીઆ સરકારના રક્ષણ હેઠળ હતા—એમની અમારે મજબૂત ઓથ હતી. સિંધીઆ સરકારને અમે નજરાણું ધરતા; આથી અમને કોઈ છેડતું નહોતું.

મારૂં ભવિષ્ય અતિ ઉજ્જવળ હતું, પરંતુ ઉન્નતિ હમેશાં ચાલી આવતી નથી. ચક્રના આરાઓની પેઠે ચડતી પછી પડતી આવે છે. આખા જીવનમાં કોઈને એકલું સુખ મળતું નથી; દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ, એ તો તડકા પછી છાયાની પેઠે ચાલ્યાં જ આવે છે. હું મારી શક્તિ, ઐશ્વર્ય અને અધિકારના બળમાં આંધળો

થઈ અભિમાની બની ગયો. મારા પિતાને બાદ કરતાં બીજા સૌને હું તુચ્છ ગણુતો હતો. મારી ઇચ્છા વિરુદ્ધ વર્તનારને હું સખ્ત દંડ આપતો હતો. મારી આજ્ઞા એ જ ન્યાય હતો, મારી ઇચ્છા એ જ કાયદો હતો, મારા મનનો તરંગ એ જ ઇન્સાફ હતો; મારી શક્તિ અકુંઠિત હતી; મારૂં બળ અપરાજિત હતું; મારો શબ્દ રામના બાણુની પેઠે કદી નિષ્ફળતા પામતો નહિ; કોઇની પ્રાણુહાનિ, કોઈને કારાવાસ, કોઈની મિલ્કત આંચકી લેવી એવી એવી મારી આજ્ઞાઓનું તરત પાલન થતું.

ઓચિંતા વજ્રપાતની પેઠે અમારી દશા પલટાઈ. ૧૮૫૭ માં હિંદમાં મોટો બળવો જાગ્યો. અમે સિંધીઆ સરકારના સૈન્ય સાથે અમારી સેના લઇ અંગ્રેજોને હિંદમાંથી કાઢી મૂકવા માટે ભળ્યા હતા. અમારી નાનકડી સેનાએ અનેક યુદ્ધો અને ઝપાઝપીઓમાં પોતાની કીર્તિની કલગી ઊંચી રાખી હતી. વિજયો ઉપર વિજયો મેળવતા અમે અંગ્રેજોને અહીંથી તંહીંથી સર્વ સ્થળોએથી વીણી વીણીને હાંકી કાઢતા હતા. પરંતુ વિજયો ઓચિંતા અટકી ગયા. શીખો, ગુરખા અને અંગ્રેજી પલટનોએ અમારી પૂંઠ પકડી--બે મહાન સૈન્યો સામસામા આવી ગયા. અમારી પાસે પણુ મોટું સૈન્ય હતું. એ તાત્યા ટોપી, નાના સાહેબ, સિંધીઆ સરકાર અને મોગલ પાદશાહનો સેનાધ્યક્ષ એમ જુદા જુદા વિભાગોમાં વહેંચાયલું હતું. એમાં નહોતી શિસ્ત, નહોતી એકસૂત્રતા. નહોતી એકસંપી કે નહોતી યુદ્ધના વ્યૂહની એકધારી દોરવણી. સૈનિકોનાં ટોળાંઓ, સ્વેચ્છા પ્રમાણે લડતાં હતાં, એમની પાસે બંદૂકો નહોતી.

બીજે દિવસે યુદ્ધ શરૂ થયું. અમારા ઘોડેસ્વારોએ “જય અંબે, હરહર મહાદેવ અને અલ્લાહો અકબર” ની ગગનભેદી ગર્જનાઓ વચ્ચે જોસબંધ ધસારો કર્યો. ડાબી બાજુએ ગોઠવેલી અંગ્રેજી તોપોમાંથી છૂટતા ગોળાઓની વૃષ્ટિથી ઘોડેસ્વારોમાં ટપોટપ ગાબડાં

પડવા લાગ્યાં. ઘોડાઓ અને ઘોડેસ્વારોનાં શબોથી રણભૂમિ છવાઈ રહી, પરંતુ આક્રમણ કરનારા શૂરવીર માતાના વીર પુત્રો હતા. એઓનો ધસારો થંભ્યો નહિ. ઘોડેસ્વારોનાં અનિયમિત ધાડાં અંગ્રેજ સૈનિકો સમીપ પહોંચી ગયાં. સંગીનની બનેલી દિવાલ ઉપર સમુદ્રનાં મોજાંઓની એ છોળો ભયંકર પ્રત્યાઘાત સાથે આથડી પડી. છોળ ઉપર છોળ આથડતી ગઈ ને ભાંગતી ગઈ; પરંતુ એ છોળોની હારમાળાનો પ્રચંડ પ્રત્યાઘાત અટક્યો નહિ. એ પ્રવાહે સંગીનોના ખડકોને પણ ભાંગી નાખ્યા. અંગ્રેજી હેલ્મેટો–બંદૂકો શબોની સાથે રણભૂમિ ઉપર છવાઈ ગયાં.

ડાબી બાજુએથી ગુરખાઓની પલ્ટન વ્યૂહબદ્ધ પગ પછાડતી આવી પહોંચી. "ફાયર" એવો હુકમ સમીપ આવતા એના કમાન્ડરે કર્યો, તડાતડ હારબંધ બંદૂકો ફૂટી. ધાણી ફૂટે તેમ બંદૂકોની ગોળીઓ ફૂટી ફૂટીને ઘોડાઓ અને ઘોડેસ્વારોને ભોંય ભેગા કરવા માંડી. હવે ગુરખાઓની ટુકડીઓનો વારો આવ્યો, એમના એ દાતરડા જેવાં હથિયારો ભારે ચાલાકીથી હવામાં વીંઝાઈ નેમ લીધેલ પ્રાણીના શરીર ઉપર મરણતોલ ઘા કરતાં હતાં. ઘોડેસ્વારોની એક ટુકડીએ ડાબી બાજુ તરફ ઢળી ગુરખાઓ ઉપર છાપો માર્યો. પણ એ અભેદ્ય હિમાલયના ખડક ઉપર એ આખી ટુકડી હોમાઈ ગઈ. ખભેખભો મિલાવી ઊભેલા ગુરખાઓને ભેદી શકાયા નહિ. શીખો અને અંગ્રેજોની બીજી ટુકડીઓ ગુરખાઓની મદદે આવી પહોંચી. ઘોડેસ્વારોની ટુકડી ભયંકર નુકસાની ખમીને પાછી હડસેલાઈ. સંપૂર્ણ શિસ્ત અને વ્યૂહબદ્ધ સૈનિકોની આગેકૂચ પાસે એકલું શૌર્ય ટકી શક્યું નહિ.

"હવે મારા બુંદેલા વીરો આ વિનાશ અટકાવવા ધસ્યા. એમની સમશેરો એક જ ધસારામાં લોહીથી ટપકવા માંડી, પરંતુ એ ધસારો બહુ ભારે પડી ગયો. ચોતરફ બંદૂકોની ગોળીઓથી સેંકડો વીરો વિંધાઈને ભૂમિપર ઢગલાબંધ થઈને સૂતા. બુંદેલાઓએ

પણ પોતાના ભોગની સારી કિંમત લીધી હતી. એમની તલવારો પણ ઘાસની પેઠે સામા પક્ષના સૈનિકોને કાપી નાખતી હતી; પરંતુ છેવટે આખા બે હજાર બુંદેલાઓમાંથી અમે ગણતરીના સો બસો માણસોજ બચી શક્યા. અમે અતિશય પ્રયાસને અંતે એ ભયંકર સકંજામાંથી અમને મુક્ત કરી શક્યા. બળવાખોર સૈન્યમાં શૌર્ય હતું, પણ શિસ્ત નહોતી; મોટું તોપખાનું હતું, પણ પૂરતો દારૂગોળો નહોતો; એકતંત્ર નીચે આખા સૈન્યની વ્યૂહરચના નહોતી; આથી સવારના શરૂ થયેલું યુદ્ધ સાંજના અમારા પરાજયમાં પરિણમ્યું–અમારી ભારે ખુવારી થઈ હતી.

અમે બધા ભાગીને જંગલોમાં ભરાયા. મેં પણ એક મજબૂત ટોળી બાંધી લૂંટફાટનો ધંધો શરૂ કર્યો.



૯

# જાનકીદાસની પૂર્વકથા

**અંગ્રેજી** સૈન્યો ધીમે પણ ચોકસાઈથી અને વ્યવસ્થાપૂર્વક આગળ વધતાં હતાં. અમારામાં વ્યવસ્થા, સંગઠન અને વ્યૂહરચના તેમ જ શિસ્ત નહોતાં; અમારા ઉપર એકતંત્ર નહોતું. સમય જોઈ બધા ભેગા મળી ગયા હતા, પરંતુ અમારા સરદારોના હૃદયમાં એક ભાવ, એક જ ધ્યેય અને એકજ આદર્શ નહોતાં. કૂતરાં ગામ ભણી ખેંચતાં હતાં, શિયાળીઆંઓ જંગલ ભણી ખેંચતાં હતાં, કાર્યવ્યવસ્થા, આક્રમણ, રક્ષણ અને પીછેહઠમાં એકતાનતા નહોતી. અંગ્રેજ સૈન્યોનો પરાજય થતાં એની વ્યવસ્થાશક્તિ બીજાં સૈન્યો ઊભી કરી શકતી હતી. અમારા એક પરાજયમાં વ્યવસ્થાના અભાવથી અમારાં ગાત્રો ભાંગી જતાં હતાં. અમે એકત્રિત રહી શકયા નહિ, સર્વત્ર છૂટા છવાયા થઈ ગયા. પરાજયોની સાથે અમારામાં નિર્બળતા અને કુસંપે

ઘર ઘાલ્યું. એક રોગ સાથે અનેક રોગો પેદા થયા; અમને ક્ષયરોગ લાગુ પડ્યો.

"મેં મોટી ટોળી જમાવી લીધી હતી. અહીં તહીંથી નાસી છૂટેલા સેંકડો સૈનિકો મારી ટોળીમાં ભળ્યા હતા. અમે અંગ્રેજી સૈન્યની સામે લડવા જેટલી શક્તિ ધરાવતા નહોતા. સંખ્યાબળ અમારી પાસે ખૂબ હતું. પરંતુ તોપો, દારૂગોળો કે શિસ્ત અમારી પાસે નહોતાં. મારી ટોળીને મેં પ્રયત્નપૂર્વક સુવ્યવસ્થિત રાખી હતી. મારી પાસે પાંચસો ખુંદેલા રાજપૂત યુવાનો હતા. અમારી પાસે તોપો નહોતી, પરંતુ બંદૂકો, તલવારો સરસ હતી. અમે ખૂબ જાસુસો ગોઠવ્યા હતા. અંગ્રેજોનાં સૈન્યોનો સામો ભેટો અમે કરતા નહોતા, પરંતુ છૂટી છવાઈ ટુકડીઓ ઉપર છાપા મારવા, થાણુંઓ અને તહેસીલો લૂંટવી, પોલિસચોકીઓ લૂંટવી, ત્રિજોરી ફોડવી, નાનાં ગામો ભાંગવાં, અંગ્રેજી સૈન્યોની ચારે બાજુએ ઘોડેસ્વારોની ટોળીઓ ભમાવી એમને મળતી ખોરાકી, પોશાકી અને સામગ્રીઓને લૂંટવી એવાં એવાં અનેક કામો અમે કરતા હતા. અંગ્રેજી સૈન્યોને અમે ખૂબ નુકસાન પહોંચાડયું હતું. અમે એમના હૃદયમાં કાંટાની પેઠે ખટકતા હતા.

શરૂઆતમાં અમને સરસ ફત્તેહ મળી. અમે જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સારા શિકારો મેળવતા હતા. અમને આસપાસનાં ગામો ખોરાકી પૂરી પાડતાં, ખબરો આપતાં, અંગ્રેજી સૈન્યોને તકલીફો પહોંચાડતાં, અને અમારા સંબંધી ખોટી ખબરો અંગ્રેજોને પહોંચાડી એમને ઊંધી દિશાઓમાં ખોટા ફેરા ખાવા મોકલતા હતા. આમ ત્રણેક માસ સુધી ચાલ્યું; પરંતુ ધીમે ધીમે અંગ્રેજી વ્યવસ્થાની જાળ ચોકસાઈથી આગળ વિકાસ પામવા માંડી. બળવાથી થયેલી અવ્યવસ્થાને અતિ પ્રયાસથી ટાળવા અંગ્રેજી સેનાએ વ્યવસ્થિત પ્રયત્નો કરવા માંડ્યા. ગામ પછી ગામ, શહેર પછી શહેર, જિલ્લા પછી જિલ્લા

એમની સૂચના નીચે આવી ગયા. અમારી તરફ ચારે કોરથી ભારે વ્યૂહરચનાથી સૈનિકજાળ ગોઠવાઈ, પછી હળવે હળવે સંકોચાવા લાગી. અમારાં સહકારી ગામડાંઓ અને ગામડીઆઓ ઉપર મોટા દંડો અને શિક્ષાઓ નાખી દેવામાં આવી. પોતાને સહકાર આપનારાઓને મોટાં ઇનામો આપવા માંડયાં. એમની આ ગોઠવણ ખૂબ અસરકારક નીવડી હતી.

"અમારી ટુકડીઓ હજી સુધી તો વિજયો મેળવતી હતી. હવે ઓચિંતા સ્થિતિ બદલાઇ ગઇ. અમને ઊલટી અને ખોટી ભમાવનારી ખબરો મળવા લાગી. અમારી ટુકડીઓ ઊલટી આશ્ચર્યજનક હલ્લાઓનો ભોગ થવા લાગી. જોતજોતામાં એકાદ માસમાં અમને ઉપરાઉપરી પાંચ પરાજયો મળ્યા. સૂર્યના તાપથી જેમ બરફ ઓસરે તેમ અમારી સંખ્યા ઓસરવા લાગી. પાંચસોમાંથી ત્રીજે મહિને અમે માત્ર ૬૦ જુવાનો જીવતા રહ્યા. પરંતુ એ સાઠે લોખંડી એડીના અને કસાયલા લડવૈયા હતા. અમારા ઉપદ્રવો ઊલટા વધ્યા, પણ હવે એ ફોકટનાં ફાંફાં હતાં. થોડો સમય પ્રકાશ પામી વળી અંધકાર ફેલાતો ગયો. અમારા સાથીઓ સ્વર્ગમાં ભરતી થવા માંડયા. અમે માત્ર ૧૫ જણા રહ્યા. અમને મળેલી વિશ્વાસપાત્ર ખબરો મુજબ હવે અમારે બચવાનો ઉપાય નહોતો.

"મેં હવે આ સૈનિકજીવન છોડી દેવાનો નિશ્ચય કર્યો. આમ તો હવે અમે આઠ દિવસ પણ ટકી શકીએ તેમ નહોતું, એટલે એક દિવસ અમે નાસીને વિંધ્યાચળનાં ગાઢ જંગલો અને પર્વતોની ગુફાઓમાં ભરાયા. અહીં અમે સાધુઓના વેશમાં રહ્યા. ભીલ લોકો અમને ખાવાનું પહોંચાડતા હતા. એઓ ફૂટી જાય તેવા તો હતા જ નહિ. હું સખ્ત ઘાયલ થયો હતો. મારા સાથીઓએ મારી ખૂબ સારવાર કરી. મરણ અને જીવન વચ્ચે હું ચાર માસ સુધી તો ઝોલાં ખાતો રહ્યો હતો. છેવટે મારા મજબૂત બાંધાએ ફતેહ મેળવી.

હું સાજો થવાની અણી ઉપર હતો, મારા ઘાવો રૂઝાવા માંડયા હતા, હજી અશક્તિ ગણી હતી, ત્યાં એક સાંજે એકાએક મને એક ધુવડનો અવાજ સંભળાયો. કોઈ અગમ્ય સ્થળેથી અંગ્રેજી સૈન્યોએ અમારી બાતમી મેળવી હતી. ચોવીસ કલાકમાં અમે ઝડપાઈ જવાની અણી ઉપર હતા. અમારે માટે નાસી છૂટવા સિવાય બીજો કોઈ છૂટકો નહોતો.

મારા સાથીઓને મેં એક યુક્તિ બતાવી. એઓએ એક ઠાઠડી બનાવી તેમાં મને ઝાઝી તકલીફ ન પડે તેમ જીવતો બાંધ્યો હું. હજી અશક્ત હોવાથી ઝાઝું ચાલી શકું તેમ નહોતો; એટલે અમે આ ગોઠવણ કરી. એક જણ આગળ હાંડીમાં દેવતા લઈને ચાલ્યો; ચાર જણાએ મારી નનામી ઉપાડી, બીજાઓ ડાઘુ થઈને પાછળ ચાલતા હતા, અને વારંવાર ખભા બદલાવી મદદ આપતા હતા. આ અશુભ વેશે અમે ઘણાં ગામડાંઓ પસાર કર્યાં; છેવટે એક વફાદાર મુખીના ગામડામાં પહોંચ્યા. રાત્રે આ નનામી બાળીને અમે એના ઘેર પહોંચ્યા. એણે અમને આશ્રય આપ્યો. એનાં ખેતરોમાં અમે દિવસે લણુવાના કામમાં રોકાતા, અને રાત્રે, એણે બાંધી આપેલાં ઝૂંપડાંમાં શિયાળાના દિવસો તાપણીઓ તાપીને પસાર કરતા હતા. આમ દિવસો વીતવા માંડયા. અમે કાંઈક પોતાને સલામત માનતા થયા. પોલિસના પંજામાંથી અમે છૂટયા એવા ભ્રમમાં પડવા માંડયા. અમારા છ માસ આ પ્રમાણે ત્યાંને ત્યાં વીતી ગયા. હું તદ્દન આરોગ્યને પામ્યો.

“ એક રાત્રે ફરી શિયાળવા જેવો અવાજ અમારી ઝૂંપડીમાં વાતો કરતા અમારે કાને પડ્યો. ગામોગામ રખડીને પેટ ભરતા સારંગીવાળાના વેશમાં એક વેરાગી પોતાનું વાજિંત્ર વગાડતો વગાડતો અહીં આવ્યો. એ અમારો એક સાથીદાર હતો. એણે ધીમેથી મારા કાનમાં ફૂંક મારી. જાસુસોએ અમારાં પગલાં સૂંઘતાં સૂંઘતાં અમે અહીં હોવાના આછા ખબરો મેળવ્યા હતા. એમણે આ તરફ પોતાની

હીલચાલ કરવા માંડી હતી. એમને આ જીલ્લા ઉપર શક પેદા થયો હતો. એઓ થોડા જ દિવસોમાં અમારો પત્તો મેળવી લે એવો પાકો સંભવ હતો. અમે તરત જ તૈયારીઓ કરી; અમે દાઢી–મૂછ અને જટાઓ વધારી હતી; શરીરે અમે ભસ્મના લેપડા લગાવ્યા, વસ્ત્રોને રંગી ભગવાં બનાવ્યાં, મોટા ચીપીઆ અને કમંડળુ મેળવ્યાં, મોટી ઝોળીઓ ખભે લટકાવી, અલેક અલેકની બૂમો નાખતા અમે ભીખ માગતા માગતા ગામડે ગામ ફરવા નીકળી પડયા. રાત્રે અમે જંગલમાં, સ્મશાનમાં. ગુફાઓમાં વસતા હતા.

“અમે હરિદ્વારમાં બીજા હજારો સાધુઓ સાથે કુંભમેળામાં ભાગ લેવા જઈ પહોંચ્યા હતા. વીસ પચીસ હજારની વસ્તીવાળા ગંગાકિનારાના આ મહાન તીર્થમાં વીસ લાખ માણુસો ભેગાં થયાં હતાં. માઈલોના માઇલો સુધી સાધુઓના તંબુઓની હારોની હાર લાગી ગઇ હતી. લાખો માણુસો રેલવે મારફતે બકરાં અને મેઢાંઓની જેમ ડબ્બાઓમાં ખડકાઈ પહોંચતા હતા. લાખો પગપાળા સેંકડો માઈલો ચાલીને આવતા હતા. અમે મોટા અખાડાના મહંતને શરણે જઈ એની દીક્ષા લીધી. મોટા અખાડાના ત્રણ હજાર સાધુઓ સાથે અમે પણ મળી ગયા. ગંગાતીરે અમારા ડેરા તણાયા. અમારી સાથે અખાડાના ત્રણ હાથીઓ, સંખ્યાબંધ ઘોડાઓ, ઝંડા, પતાકા, તંબુઓ અને ખોરાકીના પૂરવઠાનું મોટું ખાતું હતું. સાધુત્વની ભાવના નીચે અમે રાજ્યવહિવટ જેવા મોટા ઠડારાના અંગ બન્યા હતા. મુત્સદ્દીગીરી, ખેંચાખેંચી, રાગદ્વેષ અને ઝેર વેરઆ સઘળું છુપા સ્વરૂપે અહીં વિદ્યમાન હતું. આ મંડળમાં પણ બદમાસીનું અંગ છુપાયેલું હશે.

“ગંગામાં પ્રથમ સ્નાન માટે ભયંકર તાણાતાણી જોઈ. વેરાગીઓ તદ્દન નગ્ન થઈ, મોખરે હાથી ઘોડા પાલખીઓ અને બાવાઓની વિશાળ સંખ્યા ગંગાજી તરફ સરઘસ આકારે પહોંચી બે મોટા

અખાડાના નગ્ન સાધુઓ વચ્ચે ગંગાજીમાં પ્રથમ સ્નાન કરવા કોણ આગળથી પડે તેની અડસાચડસી થઈ પડી, હાં હાં કરતા ચીપીઆ આકાશમાં વીંઝાયા. લોહીની રેલંછેલ થઇ રહી. પાંચ પચીસ વેરાગીઓ તો ઘવાયા પણ ખરા. બંને તરફથી અગાઉથી તૈયારીઓ કરી રાખેલ, એટલે યુવાન, કસરતબાજ અને ખભેખભો મિલાવીને લડી જાણનાર સાધુઓની ટુકડીઓ આગળ વધી. જરા વારમાં અહીં મોટું કુરુક્ષેત્ર ખેલવાની સામગ્રીઓ ખડી થઈ ગઈ; પરંતુ પોલિસ પહેલેથી સાવચેત હતી. આખા જિલ્લામાંથી બોલાવેલ ત્રણ હજાર સિપાઈઓ અને એકસો બંદૂકધારી સૈનિકો ત્યાં હાજર થઈ ગયા. એમના નિયમનથી બંને ટોળીઓનાં તોફાની તત્ત્વોને ફરજીઆત શાંત થવું પડયું. સ્નાન કરવાનું ભારે જોખમી કામ સમાપ્ત થયું. અકબરના સમયમાં, આ સાધુઓના, યુદ્ધમાં ત્રણ હજાર વેરાગીઓ માર્યા ગયા હતા, એવો આઈને અકબરીમાં શ્રી અબુલફઝલે ઉલ્લેખ કર્યો છે.

"બે માસના સાધુઓ સાથેના ગાઢ પરિચયથી મને જણાયું કે આ સાધુઓ ભાંગ, ચરસ અને અફીણનો માત્ર ઉપયોગ જ કરતા નહોતા, પરંતુ એનો વેપાર પણ કરતા હતા. એમાં અનેક ચોરો, ડાકુઓ અને લુંટારૂઓ ભળ્યા હોય એવો શક હતો. પોલિસના જાસુસો પણ એ મોટા મંડળના સભ્યો બની રહેતા હતા. અમારે માટે એ મંડળમાં સહિસલામતી નહોતી ક્યારે અમારાં કાંડાંમાં હાથકડીઓ પડે તેવી વ્યવસ્થા હોવાની અમને ગંધ આવી, અમે વખતસર ચેતી ગયા. અમે એકએ-એકએ એમ છૂટાછવાયા થઈને બદ્રિનારાયણ તરફ નીકળી ગયા. કાળી કમલીવાળા બાવાએ સ્થાપેલ સદાવ્રતોનો લાભ લેતા લેતા અમે શ્રી બદ્રિનારાયણનાં દર્શન કર્યા. હિમાલયની ટેકરીઓનાં જંગલોમાં અમે રખડયા. હિમાલયના આ વિભાગમાં અમને સહિસલામતી જણાઈ. અમે તેહરી રાજાનાં ગામડાંઓમાં ખેડૂતોનો વેશ ધારણ કરી રાજ્ય પાસેથી જમીન મેળવી ખેતીનું કામ કરવા માંડયું. આમ છ માસ વીતી ગયા.

અનેક યાત્રાળુઓ આ હિમાલયનાં મહાતીર્થો શ્રીબદ્રિનારાયણ, કેદારનાથ, ગંગોત્રી અને જમ્નોત્રીના પુણ્યપ્રદેશોમાં યાત્રાર્થે આવતા હતા. એમાંથી અમારા દેશ તરફના કેટલાક સાધુઓ પણ હતા. અમે બહુ જ યુક્તિથી અમારા દેશની હકીકત ભેગી કરવા માંડી હતી. મારા પિતા યુદ્ધમાં સખ્ત ઘાયલ થઇ મરણ પામ્યા હતા, મારાં માતા સતી થયાં હતાં, મારી રાણીઓ પણ મને મરણ પામેલો માની ચિતા સળગાવી બળી મીરી હતી, મારા કુંવરો બધા માર્યા ગયા હતા, અમારૂં રાજ્ય જપ્ત થયું હતું; અમારા બાગ–બગીચા અને મહેલો તારાજ થયા હતા: બધું ફના થયું હતું. અમે જઇને ત્યાં સંભાળી લઇએ તેવું કાંઇ પણ અવશેષ રહ્યું નહોતું. અંગ્રેજ સિપાઇઓએ સામનો કરનાર અમારા પાટનગરને લૂંટી બાળી નાખ્યું હતું. સમ ખાવા સરખો મારો કોઇ પણ કુટુંબી જીવતો રહ્યો નહોતો. બધાંને સંભારી સંભારીને મારૂં હૃદય હમેશાં રડી ઊઠતું હતું.

“ મારા સાથીઓ વિખેરાઈ જુદાં જુદાં ગામોમાં ખેતી કરવા લાગ્યા. દેશમાં એમનું પણ કોઈ રહ્યું નહોતું. ત્યાં એમને સહિસલામતી પણ મળે તેમ નહોતી. એ લોકો અહીંના પર્વતવાસીઓની કન્યાઓ શાથે લગ્ન કરી જોડાયા. એઓએ આ દેશમાં ફરીથી નવો સંસાર ઊભો કર્યો. મને આ સ્થળે ચેન પડયું નહિ. પોતાનાં આપ્તજનો માટે હૃદયમાં શોકનાં વાદળો હંમેશાં ઘેરાતાં હતાં. ખેતી ઉપર મારો જીવ પણ ચોંટતો નહોતો. હું શોકાતુર, ઉદ્વેગ અને અંતરાગ્નિથી દગ્ધ થતો ભયંકર હૃદયક્લેશ અનુભવતો હતો. મને આ જીવન ગમ્યું નહિ, મને જરા પણ શાંતિ નહોતી. રાત્રિદિવસ મને મારાં વહાલાં-ઓની યાદદાસ્ત ભૂતાવળની પેઠે ઘેરી લેતી હતી, ચારે તરફથી શોક, મોહ અને પશ્ચાત્તાપના અગ્નિમાં શેકાઇ હું દીન દુઃખી અને સુકલકડી બની ગયો. મારું અંતર મને કોરી ખાવા લાગ્યું.

“ એક રાત્રે કોઈ પણ સાથીને જણાવ્યા વગર સાધુનો વેશ

લઈને હું હિમાલયની ટેકરીઓ તરફ ભમતો ભમતો ચાલ્યો. બનતા સુધી હું કોઈ ગામમાં તો જતો જ નહિ. ટેકરીઓનાં જંગલોમાં હું ભમતો હતો. ઝરા-ઝરણાંઓનું પાણી પીતું. ફળો, સૂકાં કંદો અને છેવટે જંગલની શાકની વનસ્પતિઓ ખાઈને હું ઉદરનિર્વાહ કરતો હતો. છ માસ સુધી હિમાલયની સેંકડો ટેકરીઓ ઉપર હું રખડ્યો મારૂં શરીર ટાઢ, તડકો અને વરસાદના વેગો ખમી ખમીને ખૂબ ખડતલ બન્યું હતું. પણ મનનો શોક અને વેરઝેરના વિચારો મારા હૃદયમાંથી ખરયા નહિ. એક લંગોટીભર અને હાથમાં મોટો ચીપીઓ તથા કમંડલ લઈ ઉઘાડે પગે હું હિમાલયની એક ટેકરી ઊતરી બીજા શિખર ઉપર ચડતો હતો. મને થાક નહોતો, આરામ નહોતો, નચિંતાઈ નહોતી, આશ્રય આધાર નહોતો; હું કોઈ મોટા વૃક્ષની છાયામાં રાત્રિ પસાર કરતો હતો. આટલો શ્રમ, પ્રવાસ, એકાંત અને તપથી પણ હું મારૂં આત્મસમાધાન કે શાંતિ મેળવી શક્યો નહિ. વૈરાગ્નિ મારા હૃદયમાં રાત્રિદિવસ ભડભડ જલતો જ રહ્યો હતો.

"હું નેપાલ પહોંચ્યો. તેરાઈનાં જંગલોમાં હું ઘૂમતો હતો. હિંસક પશુઓ મારૂ નામ લેતાં નહિ. મારો ચહેરો અને શરીર છ માસની હજામત વગર બહુ જ બિહામણાં બની ગયાં હતાં. મને જોઈ વનમાં હિંસ્ર પશુઓ પણ ટાળો દઈ ચાલ્યાં જતાં હતાં હું પણ વનપશુ જેવો બની ગયો હતો. મારા આ ભ્રમણ દરમિયાન સેંકડો વાઘો, હજારો ચિતાઓ, હજારો જંગલી ભેંસો, જરખો, વરૂઓ, હાથીઓનાં ટોળાંઓ, કાળાં રીંછો અને ગેંડાઓ સાથે મને ભેરો થયો હતો. પરંતુ મારા ઉપર કોઈએ આક્રમણ કર્યું નહોતું. હું તદ્દન નિર્ભય બન્યો હતો. મને શારીરિક રોગ તો હતો જ નહિ. માનસિક ચિંતાગ્નિ અને વૈરાગ્નિમાં હું જલતો હતો. આ જંગલોમાં મૅલેરીઆ પૂરજોસથી પ્રસરેલ હતો. એમાંથી કોઈ બચતું નહિ, પણ મને તો મૅલેરીઆએ પણ ત્યજી દીધો હતો. આ છ માસમાં મેં કોઈની સાથે મારી જીભથી વાતચીત પણ કરી નહોતી. જો મને જૂની સ્મૃતિઓ ન હોત તો

હું જરૂર સુખી યોગી બનીને આ જીવનનો વિશેષ લાભ ઉઠાવી શકચો હોત. મારા હૃદયમાં બળતા ભડકાથી આ જીવનમાં પણ મને શાંતિ નહોતી.

"ઉનાળાની એક સાંજ હતી. સૂર્યનો તડકો ઝાડોનાં પાંદડાં વચ્ચેથી પસાર થઈ ટેકરીઓ ઉપર તેજ અને છાયાની જાળી રચી રહ્યો હતો. ચારે તરફ નીરવ શાંતિ હતી. પક્ષીઓ ચારો ચરવા પોતાનાં વૃક્ષોના માળાઓનો આશ્રય ત્યજીને દૂર દૂર ગયાં હતાં. રાત્રિ નહોતી એટલે તમરાંનો અવાજ પણ આવતો નહોતો. હિંસ્ર પશુઓ પણ બપોરના તડકામાં પોતાની ગુફાઓમાં છુપાઈ ગયાં હતાં. જનપશુશૂન્ય આવા વનમાં પવનના અભાવથી પાંદડુંયે હાલતું નહોતું. માત્ર હું એકલો ચીપીઓ ખખડાવતો ટેકરીઓ ઓળંગીને આ વનમાં ભમતો હતો. મારા શત્રુઓના નાશ માટે દાંત કચકચાવાની મારી આદત દિનપરદિન મજબૂત બનતી જતી હતી. વૃદ્ધ વૃક્ષો કોઈ યોગી મુનિઓની પેઠે સ્થિર બેસી મારા તરફ નિરપેક્ષ ભાવથી જોઈ રહ્યાં હતાં. હું પણ મારા ઝેરવેરના વિચારોમાં રમતો આસ-પાસનું બીજું ભાન ભૂલી આગળ ને આગળ ચાલ્યો જ જતો હતો. ઓચિંતા એક અજાયબીભરેલું દશ્ય મારી નજરે પડ્યું.

"લગભગ સોએક વાર છેટે એક મોટો થાંભલો રસ્તાની વચ્ચે પડચો હતો. આ થાંભલો ધીમે ધીમે સળવળતો મારી નજરે દેખાયો. બરાબર ચોકસાઈથી જોતાં એ મને મોટો અજગર જણાયો. બે માસનું એ ભૂખ્યું મોટું પ્રાણી ધીમેથી એક માણસ ગળી જવાની ક્રિયામાં રોકાયલું હતું. માણસનું અર્ધ ઉપરાંતનું અંગ એ ગળી ગયો હતો. એના મોઢામાંથી ખૂબ રસ ઝરી એ માણસના અંગ ઉપર પ્રસરતો હતો. એ રસના પ્રભાવથી બધું અંગ ચીકણું થઈ ફાડી ખાધેલા મોઢામાં ધીમે ધીમે લપસતું હતું. એનું મોઢું અને ગરદન અઢાર

ઈંચ રબરની કોથળી પેઠે પહોળાં બન્યાં હતાં. અજગરે પોતાની પૂંછડી તરફનો પાંચ ફિટનો ભાગ એક વૃક્ષના થડની સાથે મજબૂતીથી વીંટચો હતો. માણસને ગળવાની આ ક્રિયા એને પણ દુઃખદાયક અને તકલીફભરેલી લાગતી હતી. તે વારંવાર થોડું ગળીને પાછો પડી રહી થાક ખાતો હતો. આ પ્રાણી અતિ બળવાન છતાં આવી સ્થિતિમાં અસહાય હતું.

"હું અઠંગ શિકારી હતો. શિકારની રીતો વિષે મારું જ્ઞાન સારું હતું, મારા યુવરાજકાળ દરમિયાન ચાંદની રાત્રે જંગલમાં તંબુઓ નીચે દેશપરદેશના શિકારીઓ સાથે શિકારોની વાતોમાં મેં વર્ષોનાં વર્ષો વીતાવ્યાં હતાં. મારૂં જ્ઞાન મને વખતસર ઉપયોગ લાગ્યું. મેં તરત દોડીને ચારે તરફથી ઝાડોની સુકી ડાળો જરાવારમાં ભેગી કરી અજગરની આસપાસ ઢગલો કરી દીધી. મારી ઝોળીમાંથી ચકમક કાઢી લોઢાના ટુકડા સાથે એને ટક્કર લેવરાવી અગ્નિ ઉત્પન્ન કર્યો. ત્રણ ઠેકાણે મેં અજગરની આસપાસ ભડભડ કરતો અગ્નિ સળગાવી દીધો; માત્ર મોઢાના ભાગ પાસે અગ્નિ સળગાવ્યો નહિ. પાએક કલાકમાં તો સૂકી ડાળીઓમાંથી ત્રણ ચાર ફિટ ઊંચી જ્વાળાઓ નીકળી. અજગર સળવળ્યો, એણે ગળેલા માણસને ઓકવા માંડચો. ઓકવા વગર આ બળતી આગના ભડકામાંથી એ છૂટી શકે એમ જ નહોતું. એણે અથાગ પ્રયત્નો કરીને આ માણસને ઓકી કાઢચો હું તો લાગ જોઈને ઊભો જ હતો એક દોટ મૂકી એ માણસને મેં ખભે નાખ્યો. મેં અજગરનું શું થયું તે જોયા વગર જંગલમાં અનુકૂળ પવનવાળી દિશાએ દોટ મૂકી; પાછું વળી જોતાં કોઈ દેખાયું નહિ. અજગર બળી નહિ મુઓ હોય તો સખ્ત રીતે જરુર દાઝયો તો હશે જ.

"હું ત્રણેક માઈલ સુધી આ માણસને ખાંધે ઉપાડી ઉતાવળે પગે ચાલતો જ ગયો. વજ્ર જેવી મારી કઠોર કાયાને પણ થાક લાગ્યો

હતો. એક વહેતા ઝરાને કાંઠે મેં એ માણસને મૂકયો. અજગરના મોઢમાંથી નીકળેલા રસથી એ ખૂબજ ચીકણો થઈ તેનાથી ભરાઈ ગયો હતો. ઝરાને કિનારે મેં એને મૂકીને પાણી વડે એના અંગને ખૂબ માલીસ કરીને ધોયું. હું પણ નાહ્યો. મારાં કપડાં ધોઈને સુકવ્યાં. એને મારાં સુકાયલાં કપડાં ઓઢાડી એનાં કપડાં કાઢીને ધોઈ નાખ્યાં મારી પાસેના ચકમકથી સુકાં લાકડાંથી આગ સળગાવી એને હૂંફ આપી. માણસ જરા વારમાં સહેજ સળવળ્યો. મેં એક વૃક્ષની છાલની જડીબુટ્ટીનો પથ્થર વડે રસ કાઢીને એના આખા અંગપર ખૂબ માલીસ કર્યું. એના અંગમાં ગરમી આવતી ગઈ. થોડી વારમાં એનો શ્વાસોચ્છ્વાસ ધીમે ધીમે ચાલવો શરૂ થયો. એક કલાકમાં તો એની મૂર્ચ્છા ઊતરી ગઈ. તે બેઠો થયો. ધીમે ધીમે એની સ્મૃતિ પાછી આવતી ગઈ.

"નેપાળ રાજ્યના ગુરખા મહારાજા સર સમશેર જંગબહાદુરનો એ સંબંધી હતો. રાજ્યના સૈન્યમાં મોટો અધિકારી સુબો અને લાગવગવાળો સદ્‌ગૃહસ્થ હતો. એના પ્રાંતમાં એ શિકારે નીકળ્યો. હતો. અહીં એને અકસ્માત થતાં એ ઘોડા પરથી પડી ગયો. ઘોડો નાસીને છાવણીમાં પાછો ફર્યો હતો. સરદાર સાહેબ બેશુદ્ધ થઈ નીચે પડતાં એને ભૂખ્યા અજગરે ગળવા માંડયો હતો. કાળના મુખમાંથી બચેલા સરદારને મેં એની છાવણીમાં ઘણા માઈલોના પ્રવાસ અને ટેકા પછી પહોંચાડયો. એના આગ્રહથી હું એનો અતિથિ થઈને રહ્યો. મેં હજામત કરાવી ફરી માણસો વચ્ચે વસવાટ કર્યો. ગુરખા સરદારે મને પોતાના નાના ભાઈની માફક આદર અને પ્રેમથી રાખ્યો. પરંતુ મારા હૃદયની જ્વાળા અહીં પણ શાંત પડી નહિ.

"હું એકલો નેપાલના પર્વતોની ટેકરીઓનાં જંગલોમાં ઘૂમવા કદી કદી નીકળી પડતો. એક દિવસે એક અપરિચિત માર્ગે બહુ લાંબે સુધી ચાલ્યો ગયો. મારાં પર્યટનો લાંબાં અને રાત્રિદિવસની ગણતરી વગરનાં હતાં એટલે કોઈ મારી વાટ જોતું નહિ. આગળ ને આગળ

હું માઇલોના માઇલ નીકળી ગંડકી નદીની એક ફળદ્રૂપ ખીણમાં જઈ ચડચો. પ્રકૃતિએ આ સ્થળે પોતાનું સૌંદર્ય રેડ્યું હતું. દૂર દૂર બરફથી આચ્છાદિત શિખરોવાળો ગૌરીશંકર અને એવરેસ્ટનાં ઊંચા શૃંગો દેખાતાં હતાં. એની ઠંડી અને સ્ફૂર્તિમય હવાની લહરિઓ વનસ્પતિઓનાં પુષ્પોની સુરભિથી સુગંધિત થઈ ચારે તરફ વહેતી હતી. વસંત બેઠી હતી. વૃક્ષોએ લીલા લીલા કોમળ પલ્લવયુક્ત વાઘા સજ્યા હતા, લતાઓ રંગબેરંગી પુષ્પોના ભારથી ઝૂકી રહી હતી, વૃક્ષો ઉપર બેઠેલાં ચિત્રવિચિત્ર પક્ષીઓના મધુર શબ્દો કર્ણ-પ્રિય લાગતા હતા. પાસે થઈનેજ નદી શીઘ્ર ગતિએ નાચતી, કૂદતી, રમતી, વમળો ખાતી અને પરપોટા ઉત્પન્ન કરતી વહી જતી હતી. નદીના કિનારા નજીકના જળમાં ક્યાંક ક્યાંક શાલીગ્રામો કંકરરૂપે પડચા હતા.

"નદીકિનારાની ખીણથી થોડે દૂર પ્રકૃતિદેવીની કૃપાથી એક સુંદર નાનું સરોવર બન્યું હતું. તેમાં કમળપત્રોની વચ્ચેથી લાખો શ્વેત કમળો ઊગી નીકળ્યાં હતાં. ભ્રમરો ખીલેલાં કમળપુષ્પોના પરાગથી આકર્ષાઈ આસપાસ ગુંજારવ કરતા હતા. હંસ, સારસ, બગલા અને બીજાં જલચર પક્ષીઓ એમાં અભય પામી ક્રીડા કરતાં હતાં. હંસનાં જોડલાં પોતાનાં બચ્ચાંઓને તરતાં શીખવાડતાં હતાં. વૃક્ષો ઉપરથી કોકિલાઓ કેકારવાનો મધુર ધ્વનિ છોડતી હતી સરોવર-કિનારે હરિણોનાં વૃંદો કોઈનો ભય રાખ્યા વગર નિર્ભયપણે ચરતાં હતાં. હરિણીઓ નાનાં નાનાં મૃગશાવકોને ચરતાં શીખવતી હતી. કેટલાક હરિણબાળો માતાને પ્રેમથી ધાવતાં હતાં. સરોવરની શાંતિ મારા જેવા તપ્ત હૃદયના માનવીની અશાંતિને ક્ષણવાર દૂર કરી દેતી હતી.

"થોડે દૂરથી એક મોટો ઝરો ખળખળ સંગીતના નાદને ઉત્પન્ન કરતો ઊંચે ને ઊંચે ગિરિપ્રાંતપ્રદેશમાંથી વહ્યો આવી એના સ્ફટિક જેવા જળથી સરોવરમાં ધોધરૂપે પડતો હતો. પ્રાતઃકાળનો સૂર્ય ઉદય

પામી ક્રમશઃ ઊંચો ચડતો હતો. સુર્યનાં સોનેરી તેજની પ્રભા આ ધોધ ઉપર પડતી હતી. ધોધના નીચે પડવાથી પાણીના જે છાંટા ઊડતા હતા તે આ સોનેરી સુર્યપ્રભાથી રંગબેરંગી રત્નકણો હોય એવો ભાસ આપતા હતા. આખો પ્રવાહ પણ તેજસ્વી અને રંગની વચ્ચે નીલા, પીળા, લાલ એવા ઝગઝગાંત અનેક રંગો ઉત્પન્ન કરતો હતો. સુંદર સ્થાન, આહ્‌લાદક પ્રકૃતિસૌંદર્ય, નદી, સરોવર ઉપરથી ખળખળ પડતો પાણીનો ઝરો, સોનેરી ધોધ અને કિલકિલાટ કરતાં પક્ષીઓથી મારૂં શોકાર્ત હૃદય પણ આનંદથી નાચી ઊઠયું. સરોવરના કિનારા ઉપરની એક શિલા પર મારી નજર પડી.

"એણે પદ્માસન વાળ્યું હતું. એની સૌમ્ય, શાંત, અમીરઝરતી મુખમુદ્રામાં શોભતી આંખો પ્રકૃતિ જેવી જ માધુર્યની છટા રેલાવતી હતી. સમગ્ર વિશ્વનાં સર્વે પ્રાણીઓ પ્રત્યેનો એનો સમભવ મુખ ઉપર તરવરતો હતો. પ્રકૃતિ સાથે એકતા સાધતો એ સાધુ ખરેખર દૈવી પ્રકૃતિના પ્રતિક સમા સાત્વિક ભાવોની પ્રતિમૂર્તિ હતો. હું એના તરફ આકર્ષાયો. પાસે જઈ મેં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કાર્યા."

"વત્સ, ક્યાંથી આવો છો?" એમણે હિંદીમાં પૂછ્યું.

"બુંદેલખંડ મારું જન્મસ્થાન છે." મે જવાબ આપ્યો.

સંન્યાસીના ઈશારાથી હું એની પાસેની શિલા પર બેસી ગયો. એઓ સહેજ ભાવથી સાધારણ વાતો કરતા હતા.

મને એ મૂર્તિ અને સ્થાન ગમ્યાં. મેં હાથ જોડી વિનંતી કરી: "સ્વામિન્! હું અહીં થોડા દિવસો આપના ચરણકમળમાં વસી શકું છું? મને આજ્ઞા આપશો?"

"વત્સ, તું સ્વતંત્ર છે? તારી શોધ થાય તેમ તો નથી ને?

"ગુરુવર્ય! સંસારના તાપોથી તપેલા મારા જેવા માનવીની શોધ કોણ કરવા નવરૂં છે?"

સંન્યાસીઓ સ્મિત કર્યું, "ભલે વત્સ, પ્રકૃતિની ગોદમાં આશ્રય લઈ મનનો આરામ મેળવ."

મહાત્માજી માટેની એક ગુફા થોડે દૂર આવેલી હતી. એમણે મને એમની પાછળ આવવા ઇસારો કર્યો. પર્વત અને કિનારાના મધ્યભાગમાં વનસ્પતિથી છવાયલો એક ભાગ હતો. એની અંદર થઈને આડીઅવળી થતી એક કેડી ગુફામાં જતી હતી. ગુફાના બે ભાગ હતા. મને બહારના ભાગમાં બેસવા ઇશારો કરી સંન્યાસી અંદર ચાલ્યા ગયા. અંદરની ગુફામાં પણ બહારથી નજર પડતી હતી. એક મોટી શિલા પર મૃગચર્મ પાથર્યું હતું. સ્વામીજી આસન વાળીને ધ્યાનમગ્ન થઈ રહ્યા. હું બેઠો બેઠો એમની ધ્યાનસ્થ પવિત્ર મૂર્તિને જોતો હતો સાંજ પડતાં બે નેપાલી ગામડીઆઓએ આવી થોડા કંદમૂળો અને બે રોટલા ત્યાં મૂક્યા. એમણે મારા તરફ દૃષ્ટિ પણ કરી નહિ. તેમાંનો એક ગ્રામવાસી બહાર જઈ સુકું ઘાસ લઈ આવ્યો. એ એક ખૂણામાં મૂકીને ચાલતો થયો.

"સંધ્યાસમયે ધ્યાનમાંથી સ્વામી જાગ્યા એઓ સરોવર તરફ ચાલ્યા, હું પણ એમની પાછળ પાછળ ગયો એક શિલા ઉપર બેસીને એઓ બોલ્યા:

"વત્સ! આ યુગમાં ભક્તિમાર્ગ એ બહુ સરલ અને સીધો માર્ગ છે. અધિકારી પરત્વે જુદા જુદા માર્ગો–જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ પ્રાચીન શાસ્ત્રવેત્તાઓ પ્રબોધી ગયા છે. તારો અધિકાર લાંબી કડાકૂટમાં પડવાનો નથી. આ માળા આપું છું તે લઈને રામનામ લેતો બને તેટલી વાર ફેરવજે. એનાથી તારા ત્રિવિધ તાપો નાશ પામશે. મારા તને અંતઃકરણના આશીર્વાદ છે. લે, અત્યારથી જ માળા ફેરવવાનું શરૂ કર."

"હું દરરોજ બે વખત સ્વામીજી સાથે આ સરોવરના કિનારે

બેસી માળા જપતો હતો. ગુફામાં પણ માળા ફેરવવામાં ઘણો સમય વીતાવતો. હતો. મારૂં વિક્ષિપ્ત ચિત્ત વારંવાર સંસારમાં ભમવા લાગતું હતું; પરંતુ સ્વામીજીના ઉપદેશથી હું વારંવાર એને બળપૂર્વક ખેંચી રામનામ ઉપર એકાગ્ર કરતો હતો.

"શુકલ પક્ષ આવ્યો. ચાંદનીથી અઢારે ભાર વનસ્પતિઓ હસી ઊઠી. વૃક્ષો, પર્વતશિખરો, પાણીના ખળખળ વહેતા ઝરા, ફૂલો, પાંદડાં, નદી, સરોવર અને ધોધ સૌ રૂપાનાં બની મારાં નયનોને ઠારવા લાગ્યાં, દૂર દૂરનાં શિખરો ઉપર પથરાઈ રહેલો બરફ ચાંદનીમાં પ્રકાશિત થઈ રંગબેરંગી ઝગારા મારતો હતો. ચારે તરફ વનસ્પતિઓનાં ફૂલો ખીલી આ શુભ્ર ચાંદનીમાં સૌંદર્યની હેલી વરસાવતાં હતાં દૂર દૂરથી પવનમાં બંસરીનો મૃદુ સુર ધીરે ધીરે વહી આવતો હતો વૃક્ષો પર કોયલ કૂજે છે. ગાત્રે શરીર ઉપર ચાંદનીએ શુભ્ર ધવલ ચંદનનો સુગંધીમય લેપ કર્યો છે. અનન્ત આકાશમાં અને માધુર્યથી યુક્ત વાતાવરણમાં, નીરવ મહાશાંતિ ફેલાઈ છે. શીતળ સુગંધી વાયુની લહરિઓ શરીર સાથે અથડાય છે. પ્રકૃતિએ આ સ્થળે અનંત, અખંડિત, દિવ્ય અને ઓજસપૂર્ણ કાવ્ય રચ્યું છે. હૃદયની ઊર્મિઓ પ્રકૃતિને ઓવારે નૃત્ય કરવા મંડી જાય છે.

"સ્વામીજી હવે રાત્રે આ પ્રકૃતિની રાસક્રીડા જોવા આવતા હું પણ છાયાની પેઠે એમને અનુસરતો હતો. શિલા ઉપર આસન જમાવી અમે પ્રકૃતિના સૌંદર્યનું અનિમેષ દૃષ્ટિએ અમૃતપાન કરતા હતા. સ્વામીજી બોલ્યા—

'વત્સ તું ઈશ્વરની ભકિત કર; પરમાત્મા પાછળ હૃદયનો પ્રેમ નીચોવ. આ પ્રકૃતિમાં પરમાત્મા સર્વત્ર હાજરાહજુર છે તેમનાં દર્શન કર–ધન્યભાગ્ય થા. સર્વ મંગળના મૂળ, સર્વ રસોના તત્ત્વ-સ્વરૂપ, એવા એ પ્રેમના ભંડારને તું જો. આ આકાશના તારાઓમાં, આ શીતળ શુભ્ર જળમાં, આ વિકસેલાં કુસુમોમાં, આ રજતરૂપે વહેતા

ઝરામાં, આ દિવ્ય સરોવરના પ્રગાઢ શાંતિસલિલમાં, આ ચંદ્રમાની રૂપેરી કાંતિમાં, આ ધોધના મધુર રવમાં સર્વત્ર પરમાત્માનો અનુભવ કર—પ્રેમ, ભક્તિના ઉલ્લાસથી હૃદયને સંપૂર્ણ ભરી દે. હૃદયમાં રામરૂપી અમૃતકલ્લોલના તરંગોનો સમૂહ રચ. મહાભાવરૂપી રાસને હૃદયરૂપી વૃંદાવનમાં રમાતો નીરખ. ભાવમાં મસ્ત થા. પ્રેમનશામાં બીજું બધું ભૂલી જા, જો સર્વત્ર આનંદ આનંદ રેલાઈ રહ્યો છે! પરમાત્મા સૃષ્ટિસ્વરૂપે વિલસી રહ્યા છે.

"સાચે જ હું એ અમૃતનું પાન કરવા લાગ્યો. મારા હૃદયમાંથી દુઃખ, સંતાપ, શોક તે સમયે દૂર થઈ ગયા. હું પ્રકૃતિ સાથે નાચી ઊઠયો, મને ચારે તરફ ધન્ય ધન્ય ધન્ય લાગવા માંડયું.

"સ્વામીજી દરરોજ ચાંદનીમાં સરોવરતટે આવતા હતા. એઓ મને કદી પણ ઉપદેશ તો આપતા જ નહિ. પરંતુ આ ચાંદની સમયે પરમાત્મા પ્રેમગાનનાં વાકયો સ્વયં તેમના મુખમાંથી નીસરી પડતાં હતાં.

"વત્સ! પૂર્ણકામ પરમાત્મામાં હૃદયને પુલકિત કર. આ એમનું અતિ ઉચ્ચ આધ્યાત્મિક દર્શન આ દિવ્ય ચક્ષુથી કરી લે. એમના આ સમ્યગ્ દર્શન કરી નયનમાંથી અશ્રુઓની પ્રેમધારા વહાવ. તારાં રોમે રોમ પુલકિત થાઓ. પ્રેમવૃંદાવનનો તું પ્રવાસી બન. પ્રેમમય પરમાત્માને નેત્રોમાં આંજી લે. કાનોથી સંભળાતા એમના મધુર બંસીનાદને ધ્યાનથી સાંભળી લે. પ્રેમજળમાં ડૂબકી માર. સર્વત્ર પ્રભુ-લીલાનું આ શુદ્ધ દર્શન કરી લે. અહીં શોક, મોહ, ચિંતા, દ્વેષ, આવેશ, રાગ, ભય અને વિકારો માટે અવકાશ જ નથી. એમાં અહંતા-મમતાને તો સ્થાન જ નથી, પ્રાણવલ્લભ, પ્રિય પ્રભુને જોયા પછી બીજું કાંઈ જોવાનું રહેતું નથી.'



**પ્રેમવૃંદાવનનો પ્રવાસી**

તારાં રોમેરોમ પુલકિત થાઓ. પ્રેમવૃંદાવનનો તું પ્રવાસી બન.
એમના મધુર બંસીનાદને ધ્યાનથી સાંભળી લે.

"મેં ગુરુજીના સાનિધ્યમાં છ માસ ગાળ્યા. મારો શોક નાશ પામ્યો, મારૂં હૃદય શાંત થયું. વૈરાગ્નિ પાણી પડે તેમ સ્વયં શાંત થઈ ગયો. દાંત કચકચાવવાનું, મુઠ્ઠી ભીડવાનું હું ભૂલી ગયો.

"ગુરુજીએ કહ્યું: 'તું હવે અહીં જોઈએ તેટલું રહ્યો છે. હવે સંસારમાં જા; મારી આજ્ઞા છે. તું કોઈ સ્થળે કોઈ સાધુ પાસે જઈ રામકથા શીખી લેજે. રામનું મંદિર બાંધી રામકથા વાંચીને જગતમાં તારૂં આયુષ્ય પૂર્ણ કરજે. સંસારના ભોગોથી નિર્લિપ્ત રહીને, સૌ પ્રાણીઓ પર દયા રાખી જલકમળવત્ રહેજે. અહીં તારૂં પ્રારબ્ધ પૂરૂં થયું છે. સંસારમાં રહી પ્રભુના ચરણમાં પ્રેમવારિ વહાવજે. તારૂં કલ્યાણ થાઓ. અત્યારે જ અહીંથી પ્રયાણ કર. હવે હું પણ આ હિમાલયના કોઈ બીજે સ્થળે ચાલ્યો જઈશ.'

"'સ્વામિન્! તમારાં મને ફરી દર્શન થશે?'

" વત્સ, હું તને ફરી નહિ મળું. તારો માર્ગ ભદ્રરૂપ થાઓ."

સ્વામીજીને હું પ્રણામ કરી ચાલતો થયો. હું હિંદમાં આવી કાશીમાં ગંગાતીરે તુલસીચોરામાં રહ્યો. સાધુ રામચરણદાસ પાસે મેં દીક્ષાકંઠી બાંધી. એમની પાસેથી આખી રામકથા શીખી તેની અનેક આવૃત્તિઓ કરી. ત્યાંથી ગુરુજીની આજ્ઞા મેળવીને જેતપુરમાં રામ-ચંદ્રજીનું મંદિર બાંધી રહ્યો છું. મને અહીં ઘણાં વર્ષો વ્યતીત થઈ ગયાં છે. હવે મને પરલોકનું તેડું આવ્યું છે. ગુરુકૃપાથી મારા મનમાં ફરી વિષાદ જન્મ્યો નથી."


જાનકીદાસજીની પ્રકૃતિ અસ્વસ્થ છતાં તેમનો આત્મા મજબૂત હતો. એમણે આખી રાત વારંવાર વિરામ લેતાં લેતાં આ વાત પૂરી કરી.

રામજી એકચિત્તે વૃદ્ધ સાધુની વાત સાંભળી રહ્યો.

થોડી વારે સાધુ બોલ્યાઃ "મારી પાસે મારાં આગલાં જવાહિરો મેં નેપાળ નાસી જતાં પહેલાં છુપાવી રાખ્યાં હતાં. તે વટાવીને મેં રામમંદિર બંધાવ્યું હતું. હું ધારું છું કે થોડા દાગીના હજી બચ્યા હશે, મેં એમનો મોહ રાખ્યો જ નથી. જો સામેની મોટી ઘડી ખોલ. તેની અંદરની નીચેના પડ પર જે વસ્તુઓ છે તે નીચી મૂક. હવે એ મોટું પાટીઉં કાઢી લે. હં, જરા જોર કર. ઘણાં વર્ષો થયાં ફેરવ્યું નથી એટલે ચીટકી બેઠું છે. જો, એ કોથળી લઈ જા. એમાં સોનાની લગડી છે, એ વેચી આ મંદિરમાં કથામંડપ અને ગાયો માટે ગૌશાળા બંધાવજે. નાણાં વધશે તેમાંથી પંડિત દીનદયાળને રામકથા વાંચવા પગાર આપજે. હવે તું જા. પ્રાતઃકાળ થવા આવ્યો છે. ફરી અહીં મારા જીવન દરમ્યાન આવીશ નહિ. જા, રામ તારું કલ્યાણ કરશે. તું પુણ્યશાળી જીવ છે."

"અરે દંડુકા! કીધર ગયા સાલા ચોર? આવ, જલદી આવ, રામજીકું ધરકું છોડ આવ." મહંતજી પાંચ સાત ગાળો બોલી ગયા.

# અમીઝરણું



શહેરમાં શીતળાના વાવર ચાલ્યા. નાનાં બાળકો સાથે ક્યાંક ક્યાંક મોટાં માણસો પણ ઝડપાવા લાગ્યાં. શીતળા માતાને સ્થાનકે બૈરાંઓની દોડાદોડ વધી પડી. શીતળા માતાના પૂજારીની આવક વધી ગઈ. અનેક નાનાં બાળકો માતાના ખોળામાં જ પોતાની જીવનલીલા સમાપ્ત કરવા લાગ્યાં, બાળમરણનું પ્રમાણ અતિશય વધી ગયું. સ્વચ્છતા અને સંસ્પર્શ એ બંનેનો વિવેક જળવાતો નહિ.આથી ગામમાં ચોતરફ એનો ચેપ ખૂબજ વધી ગયો. ધોળીમા પણ બાળકોને લઈ તેમને શીતળા માતાનાં દર્શન કરાવી આવ્યાં. શીતળા માતાએ

પોતાના ગધેડાના વાહન સાથે હિંદુ દેવતાઓ અને દેવીઓમાં પોતાનું સ્થાન મેળવી લીધું છે. એની પાછળ અનેક વહેમો હિંદુ સંસારમાં દાખલ થઈ પોષાયા છે. વહેમોની સાથે સ્વચ્છતા અને દર્દીની તેમ જ તેની વાપરેલી વસ્તુઓને અલગ રાખવાની પ્રથા હોત તો ઘણું જ હિતાવહ થઈ શકત. શીતળાના ખપ્પરમાં બાળકોની સાથે અહીં તહીં મોટાઓ પણ હોમાવા લાગ્યા.

લલિતાને બે દિવસ તાવ આવ્યો. ત્રીજે દિવસે ઝીણા ઝીણા દાણાની આછી છાંટના ચિહ્નો દેખાવા લાગ્યાં. ધોળીમાએ એના અનુભવથી શીતળા હોવાની પ્રથમથી જ અટકળ બાંધી હતી તે ખરી પડી. માતાજી પધાર્યાં છે, દવા દારૂ કાંઈ થાય નહિ, માતાજીને વધાવવાં જોઈએ. લલિતા ખાટલે પડી. નર્મદા મનની બીકણ હતી. એણે પોતાના પિતાને કાગળ લખ્યો. દિકરીની સુવાવડ પછી એનું મોઢું જોયું નથી, એવા બહાના નીચે વહાલી દિકરીને એનો ધનવાન પિતા પોતાને ત્યાં તેડી ગયો.

" બા ! તમે છોકરાઓને સાચવો, રસોઈનો ભાર પણ તમારા માથે, હું લલિતાની ચાકરી કરીશ. "

" ગાંડી છે, ગાંડી ! તું નાનું બાળ ઈ કામમાં ન સમજે; ક્યાંક માતાજીનું કૂંડું પડે. "

" ના રે બા, ના ! હું સમજું છું. મને મોટી ઉંમરે માતાજી આવી ગયાં છે, એટલે મને કશોય ભો નથી, તમે તમારે એ બાબતની ચિંત્યા કરો નહિ. ઈશ્વર આપણો રખેવાળ છે. "

શ્યામાના આગ્રહથી લલિતાની સેવાસુશ્રૂષા એને સોંપાઈ. એણે પોતાનો ખાટલો લલિતાના ઓરડામાં રખાવ્યો. શ્યામા પોતાની ગરીબ માતા પાસે સ્વચ્છતાના પાઠ શીખી હતી. એણે લલિતાનાં કપડાં દરરોજ બદલવાં, એના માતાના દાણા ઉપર ગરમ પાણીનું

કપડું હળવે હાથે ફેરવવું, એની ચાદર બદલાવી પોતાને હાથે ધોઈ નાખવી, વારંવાર ઘામ થતાં પવન નાખવો વગેરે સેવા કરવા માંડી. રાત્રે પણ લલિતા પાસે સૂઈને એને શાંતિ મળે તેવી સાદી વાતો અને પંખો કરતી હતી.

લલિતાને શીતળા ભારે હતા. એ ખૂબ બકબકાટ કરી માતાના જોસથી લવતી હતી. એના દાણા પણ ભરાઈને મોટા મોતી જેવડા થયા હતા. લલિતાને આ સમયે સાચવી લેવાનું કામ મુશ્કેલ અને તકલીફભરેલું હતું; છતાં હૃદયની ખરી ધગશ, સાચી સેવા કરવાનો મનનો ઉલ્લાસ અને મહેનતુ જીવનને લીધે શ્યામાએ ભાડુતી નર્સ કરતાં ઘણી ઉત્તમ પ્રકારે દર્દીને સાચવી લીધી. લલિતા આકરી અને તરત કોપાયમાન થાય તેવા ઉશ્કેરાટભરેલા સ્વભાવવાળી હતી. પીડા, દર્દ અને માતાના દાણાના ભરાવાથી એ શ્યામા પ્રત્યે ગાળોના વરસાદ વરસાવતી હતી. પરંતુ આ ધીરજવાળી છોકરીએ દર્દીના લવારાને હસવામાં કાઢી નાખ્યો. ઘોળીઆને જોતાં તો આગળનાં સંસ્કારોને બળે લલિતા ખૂબ ઉશ્કેરાઈ જઈ ખાટલા ઉપર બેઠી થઈ જવા તત્પર થતી. પરિણામે શ્યામાને બળ કરી સુવાડવી પડતી હતી. આથી આ ઉન્માદિની પાસે ધોળીમાતા આવતાં જ નહિ. મૃદુતા, સમજાવટ, આશ્વાસન, સેવા ક્યાંય થોડા બળથી આ રોગીને શ્યામાએ પંદર દિવસ સુધી સંભાળી. માતાના દાણા સુકાવા લાગ્યા. લલિતાને લઈ શીતળા માતાના મંદિરે નમાવી આવ્યા. લલિતા બચી ગઈ. બાળકોને દૂર રાખ્યાં હતાં એટલે એમને પણ તકલીફ ન થઈ. તે દિવસથી આ માનો, જીદ્દી અને ક્રોધી છોકરી શ્યામાની ઓશીંગણ બની એનો પડતો બોલ ઉપાડવા લાગી; જ્યારે સાસુ સાથેનો એનો અણબનાવ તો ન જ મટ્યો. પણ જેઠાણીને પોતાના કરતાં નાની હોવા છતાં વડીલ તરીકે સન્માન કરવા લાગી.

સમય સમયનું કામ કરવા લાગ્યો. ઘરનું કામ હંમેશ મુજબ

ચાલવા માંડ્યું. શ્યામાનો નાનો દિયર વેણીલાલ તેર ચૌદ વરસનો હતો. એનું સગપણ માતાએ કરી નાખ્યું હતું. વેણીલાલ ઉપર કોઈની દેખરેખ નહોતી. એ અંગ્રેજી બીજા ધોરણમાં ભણતો હતો, માતાનો લાડકવાયો નાનો પુત્ર હતો, એને કોઇથી કાંઇ કહેવાય તેમ નહોતું. પિતાને તો સંસારની કંઈ ગતાગમ પણ નહોતી. માતા એના દોષો અને અપરાધો છુપાવતી હતી. કોઇ બે અક્ષર કહે તો ઊલટું છોકરાનું ખોટું ઉપરાણું લઈ કહેનારને ધમકાવતી હતી. પરિણામે વેણીલાલ બગડી શકે તેટલો બગડ્યો હતો. નાની નાની ચોરીઓ કરતો હતો, ગાળો દેતાં શીખ્યો હતો, રઝળતો હતો, મહિનામાં માત્ર દસેક દિવસ નિશાળે જતો. બાકી પોતાના જેવા રખડું છોકરાઓ સાથે



**વેણીલાલ**

શ્યામાનો નાનો દિયર વેણીલાલ તેર–ચૌદ વરસનો હતો, એને કોઈથી કાંઈ કહેવાય તેમ નહોતું.

વાડીઓમાંથી બોરડીઓનાં બોર ચોરવાં, કેરીઓ પાડવી, ચોરેલા પૈસાના ગાંઠીઆ–ભજીઆં ખરીદીને વાવને કિનારે બેસી ખાવાં, બીડીઓ પીવી, મારામારી કરવી, અને કૂતરાંઓની લડાઈઓ કરાવવી એવા એવા ઉપદ્રવો કરતો હતો. ધોળીમાની ધમકી કે વિનવણીની અસર એના ઉપર બિલકુલ નહોતી. માત્ર રામજીભાઈથી જરા ડરતો ખરો, પણ રામાયણમાં ડૂબેલા રામજીભાઈ નાના ભાઇને કાંઈ પણ કહેતા નહિ. ભાભીઓની સામે તો જીભ કાઢી ચાળા કરી એમને પજવતો હતો.

શ્યામા એને દુભવતી નહિ. શ્યામાના મૃદુ, મધુર અને સેવા-

ભાવી સ્વભાવને લીધે ઉચ્છૃંખલ. વેણીલાલ મને કમને પણ એનું માન રાખતો હતો. ખરાબ રહેણીકરણી તેમ જ બજારુ તેલની વાસી અને રોગ ઉત્પન્ન કરનાર વસ્તુઓના નિત્ય ઉપયોગથી, ખૂબ બીડીઓ ફૂંકવાથી, કાચી કેરીઓ, કાચાં બોર અને કાચી ખારેકો ચોરીને ખૂબ ખાધાને પરિણામે જે થવાનું હતું તે થયું. વેણીલાલનું ઉદર બગડ્યું, એને મરડો થયો, લોહીના ઝાડા થયા. વેણીલાલ પથ્ય પાળી શકે તેવા સ્વભાવવાળો નહોતો. એટલે ડોસીને ગાળો ભાંડી લડી ઝગડીને ખાવાનું લેવા લાગ્યો, આથી એનું આરોગ્ય વધારે બગડ્યું. વૈદ્યનાં ઔષધો નિષ્ફળ જવા લાગ્યાં. વેણીલાલ દરરોજ ત્રીસ ચાલીસ વાર પાયખાને જવા લાગ્યો. માતાની સારવારથી ઊલટી તકલીફ વધી. તે બિછાનાવશ થયો. વારંવાર ઉશ્કેરાઈ ને રોષ પડતો, ગાળો ભાંડતો અને સૌને ત્રાહિ ત્રાહિ પોકરાવતો હતો, સૌને કાયર કરી દેતો હતો. માતાનો સ્નેહ પણ તાત્કાલિક કંટાળી ગયો.

"બા, વેણીભાઈને મારા હાથમાં મૂકો. હું એમને સમજાવી લઈશ; તમારી સામે થાય એ ઠીક નહિ. આજથી એમનો ભાર મારે માથે."

"ઈ તો અકોણો છે, મારાથી નથી સચવાતો તે તારાથી શી રીતે સચવાશે? છતાં તારી મરજી છે તો ભલે ખુશીથી અજમાવી જો." કંટાળીને માતા બોલ્યાં.

ધીમે ધીમે શ્યામાએ આ મોઢે ચડાવેલા છોકરાને સીધા ઉપદેશથી નહિ પણ આડકતરી સમજાવટ, સ્નેહભરેલ વ્યવહાર અને મૃદુ પણ મક્કમ રીતિથી ઠેકાણે લાવવા માંડ્યો. એના ઉશ્કેરાટ સામે પણ ધમકી કે ઠપકાનો ઉપયોગ નહિ—મીઠું હસીને બોલવું ઉશ્કેરાય તો પણ ઉશ્કેરાવું નહિ, ગાળોને કંઈ પરવાહ વગર સહન કરવી, અપથ્ય ખોરાક આપવો નહિ, વાર્તાઓ અને કથાઓ કહી એને શાંત રાખવો, એવા એવા ઉપાયોથી વેણીલાલના તોફાની મનને શ્યામાએ નિ-

ચમનમાં આણવા માંડયું. શુદ્ધ સેવા, અંતરના ખરા સ્નેહ અને મધુરભાષી વાણીની આ ઉચ્છૃંખલ કિશોર ઉપર જાદુઈ અસર થઈ; તોફાની વછેરો લગામના અંકુશમાં આવવા લાગ્યો. એનાં તોફાનો અને ઉદ્ધતાઈઓ ઘટીને દૂર દૂરને તબક્કે થવા લાગી. રોગે પણ એમાં મદદ કરી નિર્બળ શરીરને ભાભીના કૃપાળુ અને દયાળુ કોમળ હૃદયની હૂંફના આશ્રયની જરૂર પડી. વેણીલાલ આ બિમારીમાં પરાધીન બની ભાભીની શુદ્ધ હૃદયની સેવાના આધાર ઉપર હાડપિંજર થઈ બિછાનામાં પડયો રહેતો.

વેણીલાલને પથ્ય પ્રવાહી ખોરાક, સારી સારવાર અને મનની શાંતિ, આ ત્રણેય વાનાં મળ્યાં. આથી વૈદ્યના ઔષધે એના ઉપર ધારી અસર કરવા માંડી. રોગ મટયો, પણ થોડા દિવસો સુધી એની અશક્તિ લંબાઈ. આ સમય સંક્રાંતિનો હતો–ખૂબ સાચવવાનો હતો. શ્યામાની સારવાર, સમજાવટ અને દયાળુ સ્વભાવે રૂડી અસર કરી. બાળકનું હૃદય પ્રેમના કાચા તાંતણે બંધાયલું રહે છે. શ્યામાના શુદ્ધ હૃદયના પ્રેમની ઊંડી અસર વેણીલાલ ઉપર થઈ. તેને એક માસે સંપૂર્ણ આરામ થયો, પરંતુ આગલો તોફાની, ઉચ્છૃંખલ અને ઉદ્ધત છોકરો હવે ભાભીનો દાસ બન્યો–એનો પડતો બોલ ઊંચકી લેવા લાગ્યો, એ હવે નિયમિત નિશાળે જતો. ભાભીના શુદ્ધ સ્નેહે આ બાળ-રાજાનું હૃદય જીતાયું: એણે ખરાબ સોબત છોડી દીધી, અભ્યાસમાં ચિત્ત લગાડયું. બુદ્ધિમાન માતા આ અજબ પરિવર્તન જોઈ વહુની મહાન ઈશ્વરદત્ત શક્તિઓની હૃદયમાં પ્રશંસા કરવા લાગતી હતી. 'વહુ મારા ઘરનું મોંઘેરું ઘરેણું છે' એવી એને ખાતરી થઈ ગઈ.

રામજીભાઈ રોજ રાત્રે રામાયણની કથા વાંચતા હતા. એમને એકલા વાંચવાની ટેવ હતી. શ્યામાએ પ્રથમ સાસુને સમજાવીને સાથે લઈ કથા સાંભળવા બેસાડવા માંડી. કથાસમયે ડોસીને બગાસાં આવતાં, પરંતુ કથાનો ભાગ એમને સમજાવી રસ ઉત્પન્ન કરી

ધોળીમાને નિયમિત શ્રવણ કરનાર બનાવ્યાં. દેરાણીઓને આમંત્રણ આપી બહાર સાદડી પાથરી સૌને કથાનાં શ્રોતાઓ બનાવ્યાં. હવે એ રામકથાનો સૌ કુટુંબીઓને સ્વાદ લાગ્યો—રામકથા આખા કુટુંબની પ્રિય વસ્તુ બની, આખા કુટુંબ ઉપર એના રસપ્રેમની છાયા છવાઈ.

વચેટ મદનજીને નાટકનું ઘેલું લાગ્યું હતું. તે કોઈ નિયમિત ધંધો કરતો નહોતો. ડોસીમા એને રૂપિયા આપી આપીને કંટાળ્યાં હતાં. આખો દિવસ નાટકનાં ગાયનો એના મોઢામાં પ્રવાહની પેઠે વહેતાં હતાં. બીડીઓ ફૂંકવી કે ભાંગ પીવી એ એનો જાહેર અભ્યાસ હતો. નાટકી લોકોની સોબતે એ દારૂની લતે પણ ચડ્યો હોવાની ગામવાયકા ઊડતી હતી. કોઈ કોઈ તો કહેતું કે એ જુવાન હવે હાથથી જવાને માર્ગે જઈ રહ્યો છે. માતા જબરદસ્ત અને જોરાવર હતી, પરંતુ મદન તો એને પણ ગાંઠતો નહિ. નર્મદાને પતિના ભાવીની કાંઈ ચિંતા થતી નહોતી. રામકથાના રસઘેલા રામજીભાઈને પોતાના કામ સિવાય આડું અવળું જોવા જાણવાની ફુરસદ નહોતી. વૃદ્ધ વેલજીભાઈ તો આ વાતોમાં અનભિજ્ઞ અને બાળકો સાથે રમત કરવા અને બે વખત પ્રસાદ લેવા સિવાય બીજા કામમાં મન જોડતા જ નહિ.

શ્યામાને આ મદનજીની રીત પસંત નહોતી. એ દિયર—ભાભી વચ્ચે પરસ્પર બોલવાની ઝાઝી વલણ કે અભ્યાસ નહોતાં. બપોર પછી મદનજી ઘેર આવી ઓરડામાં બેસતો. નર્મદા પતિ આવે એટલે બહાર નીકળીને સાસુ અને જેઠાણી પાસે બેસતી. અંદરથી ગાયનોમાં ગુલતાન રહેતા મદનજીના—"મેરી છેલ છબીલી નાર, મારા નયનના શૃંગાર, મારા હૃદયના આધાર, ધીમે ધીમે ચાલો મારા કંથ." "મારૂં જોબનીઉં રિસાય," "કામ બાણ વાગ્યાં હોય તે જાણે," "નયણાનું જાદુ લાગ્યું" વગેરે વગેરે અનેક પ્રકારનાં શૃંગારરસનાં ગીતો શૃંખલાબદ્ધ નીકળતાં હતાં. બેત્રણ કલાક ઠેઠ રામજીભાઈના આવતા સુધી—આ ગીતના સુસ્વરો નીકળતા સંભળાતા હતા. સાથે



**મદનજી**

ગાયનોમાં ગુલતાન રહેતો શ્યામાનો દિયર

હારમોનિયમનું સંગીત પણ ખરૂંજ. મદનજીનો કંઠ સૂતલો હતો. નાટકી ગીતોની એમને સમજણ પણ ઠીક હતી. આથી એ ગીતો કર્ણપ્રિય જરૂર હતાં. એનો વાજિંત્ર સાથે સુયોગ નાટકીઆ સંગીતનું ઠીક સ્વરૂપ ગણાય તેવો હતો.

એક દિવસ શ્યામાને કાંઈક ખ્યાલ આવ્યો. એણે નર્મદાને હાથ પકડી ઊભી કરી, "નર્મદા બહેન ! જરા ચાલો આપણે મદનજીનું સંગીત સાંભળીએ; મને ગમે છે."

"એ લવારામાં તે શું સાંભળવાનું છે ? મને એ માથાકૂટ પસંદ નથી; હું તો એમને વારી વારીને થાકી, પણ એ તો માનતા જ નથી."

"પણ મારી સાથે તો ચાલો; મને રસ પડે છે. કેવું સુંદર ગાય છે! માણસો પૈસા ખર્ચીને નાટકોનાં ગાયનો સાંભળવા જાય છે તો આપણને તો ઘેર બેઠાં ગંગા મળે છે! મારા સમ, ચાલો ને!"

નર્મદા ઉપર પણ શ્યામાનો સારો પ્રભાવ હતો. જેઠાણીને એ ખરા દિલથી ચાહતાં શીખી હતી. બહાર સાદડી પાથરી બે જણી બેઠી. એટલે મદનજી અટકી ગયા.

"તમે બંધ રાખશો નહિ; અમને એ ગમે છે. પોતાને બારણે અમૃત પીવા આવે તેમને નિરાશ કરાય નહિ. ગાઓ, અમે એ સાંભળીએ."

મદનજી ભાઈભાભીના પ્રત્યે આદર રાખતો હતો. તેણે થોડી આનાકાની પછી સંગીત ચાલુ રાખ્યું.

દરરોજ એક અઠવાડિયા સુધી આ ક્રમ ચાલુ રહ્યો. મદનજી કયા કયા નાટકનું એ ગીત છે તે જણાવે. શ્યામા આખી નાટકની વાર્તા વર્ણવવા જણાવે, મદનજી ઉત્તેજન પામી નાટકનો સુંદર અને ઉપદેશાત્મક ભાગ સંભળાવે. નટોનાં કે નટીઓનાં વર્ણનમાં ઊતરે તો શ્યામા યુકિતથી એને એ વાત બદલવા ફરજ પાડે. મદનજીને હવે પોતાની શકિત બતાવવાનો સુયોગ સાંપડ્યો.

"દિયરજી, એક વિનંતિ કરું? કબૂલ રાખશો ને?"

"ભાભી, હુકમ કરો. હું કબૂલ રાખીશ."

"તમે દરરોજ એક એક ભજન ગાઓ. તમારી યાદદાસ્ત સારી છે. મને મૂર્ખીને તો કાંઈ યાદ જ રહેતું નથી. બાને ભજન સાંભળવાં બહુ ગમે છે. રોજ સાંભળશો ગાશો ને?"

મદનજી ભાભીને તરછોડી શક્યો નહિ. નરસિંહ મહેતા, નિરાંત ભકત, બ્રહ્માનંદ, પ્રીતમ, સૂરદાસ, મીરાંબાઈ વગેરેનાં ભજનો ધીમેધીમે એને કંઠે થતાં ગયાં. નાટકીઆ ગાયનોનું સ્થાન એ ભજનોયે લીધું. બા દરરોજ સાંભળવા આવવા લાગ્યાં. હવે તો આ ભજનમંડળીમાં

લલિતા પણ નિયમિત સાથ આપવા માંડી. ભજન મંડળી બરાબર એક કલાક ભરાય અને સુંદર, પવિત્ર તેમજ હૃદયમનોહર પરમાત્માનાં ભજનો ગવાય. મદનજીના બાહ્યાચારમાં પણ ફરક પડ્યો. એનું છેલ-બટાઉપણું ઓછું થવા લાગ્યું. માથે ઝૂલ્ફાંવાળી વાંકી ટોપી પહેરી, મોઢામાં બીડી સળગાવી આ રંગીલો જુવાન રાત્રે નાટકો તરફ દોડતો હવે ઓછો થયો. પવિત્ર ભજનોએ એના હૃદય ઉપર અણધારી અસર કરી. એ ક્યાંકથી રામકથાના દુહા–ચોપાઈની રાહ શીખી આવ્યો. એ માટે ભાઈની પોથીનો ઉપયોગ એણે કરવા માંડ્યો. ઘરનું આખું વાતાવરણ પવિત્ર બન્યું.

રાત્રે રામજીભાઈ રામાયણ વાંચી રહ્યા. લાગ જોઈ શ્યામાએ વાત ઉચ્ચારી. એણે પતિને હસતાં હસતાં કહ્યું:

"મદનજી નવરા બેઠા છે. એમને ક્યાંક કામધંધે લગાડવા જોઈએ; તમારી એ ફરજ છે. ગમે તેમ કરી ક્યાંક નોકરી અપાવો."

"મદનજીથી નોકરી થવાની નથી, મેં વર્ષો થયાં ઘણી વખત મહેનત કરી, પણ આઠ પંદર દિવસ કામે જઈ પાછું શેઠને મોઢું પણ દેખાડે નહિ. એ ભલે ઘેર બેઠો. એને માટે મેં ઘણા શેઠોના ઠપકાના ગાંસડા ઉપાડ્યા છે."

"જે બની ગયું તે યાદ કરવું નહિ. હવે ફરીથી ક્યાંક કામે લગાડી દો."

"નોકરી તો મારા શેઠને ત્યાં ખાલી છે. શરૂઆતનો પગાર પચીસ રૂપિયા છે; પણ સારું મન દઈ કામ કરે તો પગાર વધવા સંભવ ખરો."

"ત્યારે કોની રાહ જુઓ છો? કાલે જ તેડી જાઓ; એમાં મુહૂર્ત ન હોય."

"તું સમજતી નથી. મારે મારી આબરૂ જોવી જોઈએ. એની


નોકરી પાછળ મારી પણ નોકરી ભાગે એવું કરવું નથી. તેથી તો એ ઘેર બેઠો જ સારો."

"મદનજી તમને અપયશ નહિ અપાવે, એની તમારે ખાતરી રાખવી. એ બરાબર મન દઈને કામ કરશે. કામગરો માણસ છે; તમે એને ઓળખ્યો નથી; એ શુદ્ધ મનનો છે."

"મને તો ખાતરી પડતી નથી. એ કામ ઉપર ચીવટ રાખશે તે બાબત જામીન કોણ છે? જામીન વગર હું વિશ્વાસ લાવું નહિ."

"હું જામીન છું. પછી કાંઈ છે? મારો તો વિશ્વાસ છે ને?"

રામજીભાઈ વિચારમાં પડી ગયા. શ્યામાએ એમને બાંધી લીધા હતા, એટલે એઓ છૂટી શક્યા નહિ. બીજે દિવસે રામજીભાઈએ મદનજીને નોકરી કરવા વિષે પૂછ્યું. યુવકે એમની અજાયબી વચ્ચે હા પાડી. મદનજી નોકરીએ ચડી ગયો. એણે પોતાના તનમનથી કામ કરવા માંડ્યું. રામજીભાઈની અજાયબી વચ્ચે એણે બાર માસ સુધી બરાબર કામ ઉપર ધ્યાન આપવા માંડ્યું હતું. એનો પગાર પણ માસિક ત્રીસ રૂપિયા થયો. નાટકની ટેવ પણ ધીમે ધીમે છૂટી ગઈ. રામજીભાઈ ખૂબ ખુશી થયા.



# ૧૧

## વેલજીભાઇની ચર્ચાઓ

વેલજીભાઈ નિવૃત્તિમાં રહેવા દેશમાં આવ્યા હતા. લાંબો વખત એમણે જંગબારનાં ગામડાંઓમાં વિતાવ્યો હતો. પોતે માત્ર ગૂજરાતી વાંચતાં લખતાં જાણતા હતા. તેમ છતાં આફ્રિકાની નિશાળમાંથી મળેલી અનુભવગાંઠ મજબૂત વાળેલી હતી. સીદીઓની સાથે ખૂબ હળ્યા મળ્યા હોવાથી તેમને સીદીઓની રહેણીકરણી, બોલી, તથા રીતરિવાજોનું ઊંડું અને વ્યાપક જ્ઞાન હતું, જ્યારે પોતાના દેશના લોકો વિષેનું એમનું તેટલું જ અજ્ઞાન હતું. તેઓ જેતપુરમાં કોઈની સાથે મૈત્રી બાંધી શક્યા નહોતા. મંદિરે જવાનો રિવાજ જંગબારનાં ગામડાંઓમાં ક્યાંથી હોય? અહીં વિવાહ, સીમન્ત અને બીજાં મંગલ કાર્યો કેવી રીતે પતાવવાં તે પણ એઓ જાણતા નહોતા. નાનેથી મોટા ઘરનો સઘળો ભાર એમની પત્ની ઘેળીબાએ શરૂઆતથી જ

ઉપાડી લીધો હતો. એટલે જ્ઞાતિમાં પણ કોઈની સાથે ઝાઝું હળતા મળતા નહિ.

વેલજીભાઈને મિત્રો પણ હતા. એમનો પૌત્ર અને પૌત્રી એમનાં ચિરસંગી હતાં. વૃદ્ધ એમની સાથે બાળક જેવા થઈ જતા હતા. નાનાં બાળકોની સાથે એ અનેક રમતો રમતા હતા; એમના ઉત્તેજનથી એમનો પૌત્ર અજિત પાડોશનાં બાળકોને પોતાની ડેલીમાં તેડી લાવતો હતો. વૃદ્ધનો બાળપણનો રમતોનો શોખ હમણાં ફરી ઉદ્ભવ પામ્યો હતો, છોકરાંઓને રમાડવાના બહાના નીચે પોતે પણ પોતાનો શોખ પૂરો કરતા હતા. એમના ઘરની પાછળ મોટો જાહેર ચોક હતો. સાંજ પછી એ વૃદ્ધ અજિતને તેડી અહીં આવતા અને છોકરાઓ તરત ભેગા થઈ જતા હતા. શરૂઆતમાં ભૂલભુલામણીની રમત થતી. વૃદ્ધ વેલજી થડ બની જેના ઉપર દાવ હોય તેની આંખો મીંચાવી રમત રમાડતા હતા. પછી લંગડીની રમતમાં પણ એઓ 'અમ્પાયર' (મધ્યસ્થ) બનીને ચુકાદો આપતા હતા. સિહટપો એટલે પીઠ વાળી ઊભેલા બાળકની પીઠને સહેજ હાથ અડકાડી બીજાં બાળકો ટપી જતાં. જેનો પગ પીઠ વાળેલ બાળકને લાગે તેના ઉપર દાવ આવતો હતો. વૃદ્ધનો ચુકાદો આ રમતમાં પણ છેવટનો ગણાતો. એઓ નાના બાળક જેટલો જ રમતમાં રસ લેતા હતા. રમતી વેળાએ ઘણી વાર વેલજી પોતાનું પ્રૌઢપણું પણ ભૂલી જતા.

છોકરાઓ છલંગ મારવાની રમતમાં પણ એમનું મધ્યસ્થપણું સ્વીકારતા હતા. દોડવામાં પણ એમનો ચુકાદો છેવટનો ગણાતો; કયારેક બીજા છોકરાઓ સાથે નિર્ણયની બાબતમાં હોંસાતોંસીમાં ઊતરી પડતા હતા. માર-દડીની રમતમાં પથ્થરના ઢેખાળા ભરી દડી બનાવતાં છોકરાઓને પોતાની નિગાહ નીચે તૈયાર કરતાં શીખવતા હતા. દડો પણ જાતે છોકરાઓને કપડાના ડુચાઓનો શીવીને બનાવી આપતા હતા. રમતમાં કેવી રીતે એક છોકરો દડાથી ચીંધીને લાંગરીઆની ગોઠવેલી

હારને પાડી નાખે, બીજા છોકરાઓ દોડીને એ લાગરીઆ ફરી ગોઠવવા આવે, દડો હાથમાં લઈ રક્ષણ કરનાર છોકરો છૂટો ઘા કરી દડો મારી ગોઠવવા આવતા છોકરાઓને નસાડે આ સઘળું એમની દેખરેખ નીચે રમાતું હતું.

વૃદ્ધને બીજા છોકરાઓની પેઠે રમતમાં હર્ષશોક પણ થતો હતો. પછી તો એઓ પણ એક બાજુ તરફ વલણ રાખીને હાથ ઊંચા કરી રમનારાઓને ઉત્તેજન આપતા હતા. ક્યારેક પરિણામ માટે તકરાર થતી તો તેમાં પણ રસપૂર્વક ભાગ લેતા હતા. અજવાળી રાત્રે આ ખુલ્લા ચોકમાં સૌ છોકરા ભેગા થતા. અજિતને લઈ વૃદ્ધ પણ જરૂર સરકી આવતા હતા. ઘોળીમા ઘણી વખતે પતિને ધમકાવતાં, કારણ કે મોડેથી બારણું ઉઘાડવું પડતું હોવાથી એમની નિદ્રામાં ખલેલ પડતી હતી; છતાં વૃદ્ધ એ વિષયમાં બીજે દિવસે એવા ને એવા મોડા આવતા હતા. ગામમાં સગાંસંબંધીઓ એમની આ બાળપ્રવૃત્તિ તરફ ઉપહાસ કરતાં હતાં. પરંતુ વેલજીભાઈને તે માટે કાન નહોતા. દરરોજ રાત્રે ચકભિલ્લુની રમત રમાતી હતી. વૃદ્ધ ચોકમાં આવી વચ્ચે પગથી લીટો દોરી બે કોરે બે ધૂળની ઢગલીઓ બનાવી દેતા હતા. પછી પોતે થડ બનીને બે પક્ષના રમનારાઓની બે ટોળીઓ તૈયાર કરાવતા. શ્વાસ ઘૂંટીને રમનારો બીજાના પક્ષમાં દોડતો હતો. સામેની મંડળીના સભ્યો એને પકડવા ઉત્સુક રહેતા હતા. એકલ યોદ્ધો એમની સામે ઝૂઝતો હતો. કોઈને અડી જવામાં શક્તિમાન થાય તો સામેનો અડકી જવાએલો યોદ્ધો જીતાયેલો ગણાતો. પોતે પકડાઈ જાય તો યોદ્ધો પરાજય પામેલો ગણાતો. વેલજીભાઈની આ માનીતી રમત હતી.

ચૈત્ર માસ પછી છોકરાઓ પતંગ ઉડાડવા ગામ બહારના મેદાનમાં જતા હતા. વેલજીભાઈ ખૂબ સરસ ને સુંદર પતંગો બનાવી જાણતા હતા. એઓ પતંગોમાં મોરપિચ્છની દોરી બાંધી અવાજ

કરાવતા. એઓ બેવડી મજબૂત મથાળે કાગળના કોતરકામથી શણગારેલી પતંગ તૈયાર કરી દેતા. અજિતને ઉડાડતાં શીખવવા ગામ બહાર લઈ જતા. પતંગ આકાશમાં ચગે એટલે પ્રતિપક્ષી છોકરાઓ સાથે પતંગનું મહાયુદ્ધ શરૂ થતું. લાલ વાવટાવાળી અજિતની પતંગ ક્યાંક ભીડમાં આવે એટલે વૃદ્ધ પોતાના હાથમાં દોરી પકડીને પતંગનું સંચાલન કરતા હતા. તે વખતે એમના મુખ ઉપર જય–પરાજયના ભાવો સ્પષ્ટ દેખાઈ આવતા. સામાના પતંગોને કેમ કાપવા, કેમ એની દોરીને પોતાના પતંગને ચક્રાવો ખવરાવી કાપવી, કેમ ફસેલા પતંગને છોડાવવો એ સર્વે યુક્તિઓ વેલજીભાઈ અજમાવતા હતા. એ સમયે ઘણી વખતે નાનાં બાળકોની પેઠે પોતે ઉશ્કેરાઈ જતા. અને જોસથી પોકારો અને બૂમ બરાડા પાડતા.

અજિતને ભમરડા ફેરવવાનું પણ બાપાએ જ શીખવ્યું હતું. બાપાજી ભમરડો સરસ ફેરવતા હતા. સામા છોકરાનો ભમરડો એઓ જરા વારમાં ફાડી નાખતા. દિવાળીને દિવસે આતશબાજી કેમ છોડવી, એ પણ આ વૃદ્ધ જેવું થોડા જ જાણતા હતા. છોકરાઓની સઘળી રમતોમાં એમનો આગેવાનીભર્યો ભાગ રહેતો. છોકરાઓને પોતાની પાસે બેસાડીને તાસની રમતો પણ એઓ શીખવતા હતા. એકાદ બેરૂ ઓછો હોય તો પોતે પણ ગંજીફો રમવા બેસી જતા. એમને આ રમતોમાં ભારે ઉલ્લાસ આવતો. એમનું આરોગ્ય પણ સારૂં રહેતું હતું. આજ એમની આ પ્રવૃત્તિ એમને વખત પસાર કરવા માટે ખૂબ ઉપયોગી થઈ પડી હતી.

અજિત અને ગંગા એમની આંખોનાં રત્નો હતાં. બાપા વગર એમને જરા પણ ચાલતું નહિ. રોજ રાત્રે બાપા પાસે કોઇ ને કોઈ વાત કહેવરાવે ખરાં. બાપા પણ પોતાની આફ્રિકાની મુસાફરીઓ બહુ જ રસપૂર્વક વર્ણવતા હતા. એ સમયે એમની વાગ્ધારા ખૂબ

છૂટતી હતી. એમને જંગબારનાં ગામડાંમાં અનુભવેલા અનેક પ્રસંગો રોચક ભાષામાં વર્ણવવાની ભારે મજા આવતી.

"જોને, અજિત! જંગબારમાં તો માણસ વેચવાનું બજાર હતું. એમાં સેંકડો માણસો–છોકરાઓ, સ્ત્રીઓ અને છોકરીઓ– વેચાતી હતી. આપણે ત્યાં જેમ બજારમાં માલ વેચાય તેમ સીદીઓ ત્યાં વેચાવા આવે. એ સીદીઓ શરીરે કાળા હોય. આપણા કરતાં એમનું કદ ખૂબ મોટું રહે. બળવાન પણ સારા. દૂરદૂરનાં જંગલોમાંનાં ગામડાંઓમાં આગો લગાડી ઝૂંપડાંઓમાંથી અંધારી રાત્રે બહાર નીકળતા સીદીઓને આરબોની છુપાયલી ટોળીઓ પકડી લેતી. જે સામે થાય તેને મારી નાખે. બાકીનાને પકડી જાડી રસીથી તેમના હાથપગ બાંધી લે. આમ દરેક ગામડામાંથી પચીસ ત્રીસ છોકરી–છોકરાઓને પકડીને એમને જંગલોમાંથી મુસાફરી કરાવે. હુકમ ન માને તેને ચાબખાનો માર મારે. પછી વહાણોમાં એમને લોખંડી સાંકળોથી બાંધી બંદર તરફ લઈ આવે. પૂરું ખાવાનું પણ આપે નહિ; હરવા–ફરવાની પણ છૂટ નહિ; વહાણના ભંડકીઆમાં જાનવરોની પેઠે એ સૌ બાંધેલા રહે; જરા પણ કહ્યું ન માનનારની પીઠ પર ચાબુકાના સોળ પડે. એમને જાનવરો કરતાં પણ ઘાતકી રીતે મારે.

જંગબારના ગુલામી બજારમાં આ સ્ત્રી–પુરુષો અને બાળકોનું વેચાણ થાય. અનેક ઘરાકો આવીને આ તદ્દન નાગાં માણસોનાં શરીરોની તપાસ કરી, સોથી બસો રૂપિયાની કિંમતે તેમને ખરીદે. એના ભાવો પણ ગુલામોની છત અછત પ્રમાણે હોય. વધુ કિંમત આપી વેચાણ લેનારા એને ખરીદી પોતાને ત્યાં લઈ જાય. એને પોતાના ઘરનો નંબર અને પટો પહેરાવે. આ ખરીદ કરનાર એને કપડાં અને ખાદ્યખોરાકી આપે; બાકી ગુલામ આખો જન્મ એનો તાબેદાર તરીકે વર્તે. મેં બસો રૂપિયામાં ગફુર કરીને ગુલામ ખરીદ્યો હતો. ગફુરે મારી પચીસ વરસ સુધી નોકરી કરી. એ ભારે પ્રમાણિક હતો. એ સવારથી રાત સુધી મારું કામ કરતો.

ગુલામ મરે ત્યાં સુધી એના માલિકના ગણાય. એના ધણીના હુકમ વગર એ ક્યાંય જઈ શકે નહિ. નાસી જાય તો પોલિસ ગમે ત્યાંથી પકડી આપે. ઘણા આરબો ગુલામો ઉપર ખૂબ જુલમ ગુજારતા. તેઓ એમને ચાબુકોના માર મારે તો પણ સૈયદ સુલતાનની પોલિસ વચ્ચે પડે નહિ. કેટલાકો એ ગુલામોને પરણાવે પણ ખરા. અને એમનાં બાળબચ્ચાંને એમનો માલિક ગમે ત્યાં વેચી શકે.

"મેં પણ ગફુરને એક ગુલામડી પચાસ રૂપિયામાં ખરીદી પરણાવી હતી. એના ત્રણ દિકરા અને બે દિકરીઓ મેં કોઈને વેચ્યાં નહિ. આપણા હિંદુ માણસથી આવો કુટુંબભંગ કેમ થાય? આપણે હિંદુઓ એમને મારફાડ પણ ન કરીએ. તેથી ઈ આપણા ઉપર રાજી રહે. એ મારાં ખેતરોમાં મકાઈ ને શાકભાજી વાવે. મારાં ખેતરોમાં પચીસ ઝાડ મચુંગાનાં હતાં. એ સાકર જેવાં મીઠાં લિંબુ હોય છે. થોડા છોડ લવીંગના પણ વાવ્યા હતા. નારીએળનાં બસો ઝાડો હતાં. એવું અમૃત જેવું પાણી નારીએળના ફળમાંથી પીને તૃપ્ત થઈએ! અમને ગામડામાં ખૂબ મઝા પડતી. રાક્ષસ જેવા સીદીઓ અમારી પાસે બકરી જેવા થઈને રહેતા. અમારી સાથે ક્યારેય પણ વાંધો-વચરો કરે નહિ, જે કામ કહીએ તે હોંશે હોંશે કરી આવે; વળી અમારૂં રક્ષણ પણ કરે. ઘણી વખત તેમની અંદર અંદર કાપાકાપી થાય, પણ અમારૂં નામ કોઈ ન લે. આરબો પણ અમારા ઉપર રાજી હતા. સુલતાન પણ અમારૂં રક્ષણ કરે."

"સુલતાન તમારૂં શા માટે રક્ષણ કરે?"

"અમે સુલતાનના દેશમાં મોટો વેપાર કરીએ તેથી સુલતાનને જકાતનો ભારે લાભ થાય. જંગબારની પેદાશ-લવીંગ, નારીએળ, હાથીદાંત, રાજન નામે ગુંદર-એ સઘળું અમે જ ખરીદ કરીએ. અને પરદેશોથી કાપડ, રેશમ તથા લોઢાનો સામાન મંગાવી જંગબાર-વાસીઓને ઉધાર વેચીએ. આ બધા ઉપર અમે દર વર્ષે લાખો

રૂપિયાની જકાત સુલતાનને ભરતા. અમે કમાઉ દિકરા કહેવાઈએ. વળી અમને કોઈ જાતનો રાજ્ય કે જમીનનો લોભ નહિ. અમે મારામારી, તકરારો અને લડાઇ ટંટા પણ કરીએ નહિ. આથી સુલતાનને વહાલા લાગતા."

"બાપા! તમે ગફુરને પછી શું કર્યું? ઈ તો તમારો ગુલામ હતો!"

"અંગ્રેજ સરકારે બધા ગુલામોને છોડી દેવા અમને જણાવ્યું. તે વખતે હિંદીઓ પાસે ૧૩૦૦૦ ગુલામો હતા. સરકારના હુકમથી એ સર્વેને લાખો રૂપિયાની નુકસાની ખમીને અમે છોડી દીધા. ખાલી એક જેરામ શિવજીની પેઢીએ જ ૭૦૦૦ ગુલામોને છોડી દીધા હતા."

"ઈ જેરામ શિવજી કોણ હતા બાપા?"

"જેરામ શિવજી જંગબારના સૌથી મોટા વેપારી હતા. એઓ ખૂબ ધનવાન હતા. એમના મુનીમ શેઠ લધા દામજી સુલતાન મજીદના જમણા હાથ જેવા હતા. અમેરિકન, અંગ્રેજ, ફ્રેંચ ઈ સૌ ગોરાઓ લધા દામજીનું ભારે માન સાચવતા. સુલતાન તો એમના કહેવા મુજબ જ કરતો હતો."

"બાપા! તમને દેશથી કાગળો ક્યારે પહોંચતા હતા?"

"શરૂઆતમાં તો ઘણાં વર્ષો સુધી સ્ટીમરો નહોતી. અમે નાનાં નાનાં વહાણોમાં બેસીને જતા હતા. દોઢ બે મહિને વહાણો જંગબાર પહોંચતાં. ચોમાસામાં વહાણો બંધ રહેતાં એટલે તે વખતે કાગળો આવતા નહિ. બાકી વહાણની સાથે કાગળો આવે ખરા. દેશનો કાગળ આવે ત્યારે આસપાસથી સૌ દેશની ખબરો પૂછવા આવે. ત્યારે કાગળનો મોટો મહિમા હતો. ખુશીનો કાગળ આવે તે દિવસ તો ભારે ધન્ય અને ખુશાલીનો દિવસ ગણાતો."

" પણ બાપા, ત્યાં જંગબારમાં ઋતુ કેવી હોય ?"

"અજિત ! ત્યાં ઝાઝી ટાઢ ન પડે; ગરમી ઘણી પડે અને શિયાળામાં પણ વરસાદ પડે, વરસાદ તો ખૂબ પડે. જ્યાં જુઓ ત્યાં લીલું લીલું દેખાય."

" બાપા ! દરિયામાં કાંઈ ભો ( ભય ) ખરો કે ?"

" અરે બેટા ! દરિયામાં તો ખૂબ ભય હોય. કોઈ દિવસે તોફાન ચડી આવે ત્યારે વહાણ હાલકડોલક થાય; કાંઈ ભાવે કે ગમે પણ નહિ, માથે ઓઢીને સૂઈ રહીએ. વહાણ ક્યારેક પાણીમાં છુપાયલા ખડક સાથે અથડાઈને ભાંગી પણ પડે. અમારા વખતમાં દરિયાની તપાસણી થઈને ખરાબાનો નકશો તૈયાર થયો નહોતો. આ સિવાય ચાંચીઆ-ઓનો ભય પણ ભારે હતો.

"બાપા, ઈ ચાંચીઆ કોણ હશે ?"

"ઈ આરબ જાસમી લુટારૂ પોતાનાં વહાણોમાં હથિયારબંધ થઈને દરિઆમાં ઘૂમે. અમારાં વહાણોમાં પણ તોપો, બંદુકો, તલવારો, દારૂગોળા વગેરે હથિયારો હોય. અમારાં વહાણોના ખલાસીઓ લડી પણ જાણે. વળી અમારાં વહાણો દરિયામાં એકલાં તો નીકળે જ નહિ. સલામતી માટે છ સાત ભેગાં થઈને મુસાફરી કરે; પણ તોફાનને લીધે જો એકાદ વહાણ છૂટું થઈ એકલદોકલ મુસાફરી કરે તો એની કમબખ્તી જ સમજવી. ગમે તે ખૂણેથી આ દરિયાઈ લુંટારૂ જાસમી ચાંચીઆ ઊતરી પડે. અમારાં વહાણ જો પવન અનુકૂળ હોય તો નાસી છૂટવા પ્રયત્ન કરે, ક્યારેક અંગ્રેજી ફ્રેન્ચ વહાણો પણ આ દરિયામાં હોય તો બચાવ કરે; નહિ તો અમારા વહાણને ચાંચીઆ( લુંટારૂ )ના વહાણ સાથે લડવું પડે. લડયા વગર અમારૂં વહાણ ક્યારેય પણ શરણે જાય નહિ. કારણ કે ઈ ચાંચીઆ આપણા

માણસને પણ પોતાના બેટમાં લઈ જઈ ગુલામ બનાવીને ખૂબ જ હેરાન કરે."

"ઈ ખલાસીઓ કેવી રીતે લડે ?"

"તોપોથી લડે. દરેક વહાણમાં ચારથી આઠ તોપો તો હોય જ. મોટો માલમ તોપચીનું કામ જાણે. ચાંચીઆ પણ સામી તોપબાજી કરે. પછી પોતાના વહાણને નજીક લાવી બંને વહાણોને જોડી ભેગાં કરી બાંધી લે. ચાંચીઆના વહાણમાં સેંકડો સીદી હથિયારબંધ ગુલામો છુપાયલા હોય. તેઓ અમારાં વહાણો ઉપર તલવારો લઈ તૂટી પડે, પણ અમારા ખલાસીઓ સામે લડીને એમને વહાણ પર આવવા ન દે. પરંતુ ઘણી વખત સંખ્યાબળમાં નબળા હોવાથી હારી પણ જાય. એટલે એમને સૌને પકડી લઇ ચાંચીઆ પોતાને મથકે લઈ જાય."

"ચાંચીઆઓનું મથક ક્યાં હોય ?"

"દરિયામાં પાણીના મારથી ઘણી નહેરો બની જાય છે. એમાં જવાનો માર્ગ ભારે અટપટો અને જાણભેદુને જ સમજ પડે એવો હોય છે. એ ખારા પાણીની ખાડીઓની અંદર નાનાનાના બેટો કુદરતે બનાવેલા હોય છે. એ બેટોની ચારે તરફ પાણી હોય. વચમાં ઘરો બાંધીને ચાંચીઆ રહે. અહીં એમનો મજબૂત કિલ્લો હોય, તેમાં તોપખાનું ગોઠવી રાખે. જે ખલાસીઓ અને મુસાફરોને પકડી જાય તેમની પાસે મજૂરી અને ગુલામગીરી કરાવે. આ કેદીઓને બાન કહે છે. બાનની ઉપર અમુક કિંમત મૂકી પોતાના જંગબારના એજન્ટને ખબર આપે. એજન્ટ ખાનગીમાં વહાણના માલીકને ખબર આપે. જો બાનની ઉપર મૂકેલી કિંમતનાં નાણાં ભરાય તો એ ગુલામ બાનોને જંગબાર મોકલી આપે. એમના એજન્ટો નિર્દોષ આરબ વેપારીઓ હોય. નાણાં પહોંચાડી બાનોને છોડાવવા જેટલું જ એમનું કામ રહે."

"બાપા ! તમે કોઈ વાર પકડાયા હતા ?"

"હું તો પકડાયો નહોતો, પણ કચ્છના મારા એક મિત્ર ગાંગાજીનું વહાણ પકડાયું હતું. ગાંગાજીને બે વરસ સુધી ગુલામગીરીમાં સડવું પડયું હતું. ખૂબ કામ કરાવે, પૂરું ખાવાનું આપે નહિ; ચાબૂકોના માર મારે અને ગમે તેવી ગાળો પણ આપે ને વાતવાતમાં સજા કરે. ગાંગાજીનાં સગાંઓએ પાંચસો રૂપિયા આપ્યા ત્યારે એને છૂટો કર્યો. ગુલામીની વાત સાંભળતાં ગાંગાજી ગળગળો થઈ જતો હતો; કેમકે એ ચાંચીઆ નિર્દય રાક્ષસ જેવા હતા. એમનામાં દયા તો હોય જ નહિ."

"બાપા ! વહાણો પકડાય તેને સુલતાન છોડાવે નહિ ?"

"સુલતાન પાસે લડાઈનાં વહાણો હતાં, પણ સુલતાનનો બંદોબસ્ત અને ચોકી બરાબર નહોતાં; ચાંચીઆને સુલતાન પકડી શકતો નહિ."

"ત્યારે એ ચાંચીઆઓને કોણે હરાવીને ઠેકાણે આણ્યા ?"

"અંગ્રેજ સરકારે ગુલામીનો રિવાજ બંધ કરીને આ ચાંચીઆઓની પાછળ નાની નાની મનવારોને મૂકી દીધી. આ ચાંચીઆ લોકો ગુલામો પકડીને વેપાર પણ કરતા હતા, તેની ધીમે ધીમે ખબરો ભેગી કરીને બધા ચાંચીઆઓના કિલ્લાને દારૂગોળાથી ઉડાડી એમને શિક્ષા કરી, એ ધંધો બંધ કરાવ્યો."

"બાપા ! વહાણોમાં મુસાફરી કરો ત્યારે ખાવાનું શું મળે ?"

"અરે અજિત ! અમે તો ખૂબ લહેર કરીએ. વહાણના તૂતક ઉપર લોઢાનું પતરું મૂકી તે ઉપર ચૂલો મૂકીને અમે જાત જાતની રસોઈઓ બનાવી ખાઈએ. દશબાર જણા સરખેસરખા હોઈએ એટલે વાતો તો ખૂબ કરીએ, ગીતો ગાઈએ, જાતજાતની મિઠાઈઓ અને ભજિયાં પણ બનાવીએ. બધી સામગ્રી વહાણમાં સાથે રાખીએ; તોફાન ન હોય તો ભારી લહેર આવે."

વેલજી એની સાથે રમતાં બાળકોને આવી આવી અનેક ગમ્મતની અને જાણવા જેવી વાતો કહેતા.

## ૧૨

# બાળઉછેર

કુટુંબના જુદા જુદા સ્વભાવના સભ્યોની વચ્ચે મણકાઓમાં જેમ દોરી પરોવાઈ એમને એકત્વ અને સળંગપણું આપે, તેમ શ્યામાના માધુર્ય અને સેવાભાવરૂપી દોરીથી આખા કુટુંબમાંથી કલેશ, તકરારો તેમ જ ખટપટો દૂર થઈ ગઈ. ક્યારેક હાંડલાં ખખડતાં ખરાં ક્યારેક ભ્રૂકુટી ચડીને બોલચાલ પણ થતી, પરંતુ શ્યામા એ સમયે કાંઈ ને કાંઈ યુક્તિ શોધીને વાતને ભુલાવામાં નખાવી દેતી; ઊકળતા પાણીમાં ટાઢું પાણી રેડીને એને શાંત કરતી હતી. આવી જબરદસ્ત અને એકતંત્ર ચલાવનારી સાસુ પણ હવે વહુના ગુણોની કદર કરતી થઈ. કોઈની સલાહ લેવાના સોગંદ ખાવાવાળાં ધોળીબાઈને પણ વહુને અગત્યની બાબતમાં પૂછવાનું મન થઈ આવતું હતું. હવે વહુને ભિખારણની છોકરી કહીને બોલાવવાનું સાસુજી ભૂલી ગયાં હતાં.

અનુભવે આ કઠોર હૈયાની ડોસીને 'મારી કુળદીપક વહુ છે' એમ બોલતાં શીખવ્યું હતું. નાની બે વહુઓ તો શ્યામાના પગ પૂજતી હતી.

શ્યામાનો ભોગ પણ જેવો તેવો નહોતો. કોઈ પણ સારી વસ્તુ આવે તો પ્રથમ છોકરીઓ અને પછી વહુઓને આપતી અને પોતે વૃદ્ધ હોય તેમ કંઈ લેતી નહિ. રામજીભાઈના શેઠે રેશમનો તાકો ભેટ આપ્યો તો તે નર્મદાવહુને શોભે તેવો લાગવાથી એના સારૂ ઘાઘરા અને કમખા કરાવ્યા; રામજીભાઈના આગવા સાસરેથી શ્યામાને દિકરી તરીકે પોતાને ત્યાંના વિહાહપ્રસંગે પહેરામણીમાં જામનગરના કિનખાબનો કમખો મળ્યો તે તો લલિતાને બરાબર પૂરો થઇ દીપી નીકળ્યો એટલે એ લલિતાએ જ પહેરવો જોઇએ; કોઈ પણ કુટુંબમાં મહેનત કે સેવાનું કામ હોય તો શ્યામા કોઇને પૂછ્યા વગર ઉપાડી લે બીજી વહુઓ એ કરવા કહે તો હસીને કહેતી: "હું અને તું જુદાં છીએ? આવું નજીવું કામ હું કરૂં તો શું ઘસાઈ જવાની હતી સ્વભાવે આળસુ વહુઓને સૂઝે તે પહેલાં તો શ્યામા કામમાં લાગી જતી. એને આળસ કે પ્રમાદ ગમતાં નહોતાં. કોઈને કોઈ કામ ગમે ત્યાંથી પણ શોધી કાઢી ચૂપચાપ કરવા મંડી જાય.

પોતે ભણેલી નહોતી; અને લખતાંવાંચતાં પણ આવડતું નહિ: એ એને ખૂબ ખટકતું હતું. છેવટે એણે લખવાવાંચવાનું શીખવાનો નિશ્ચય કર્યો. અજિત આઠ નવ વરસનો હતો, ગંગા પાંચ વરસની હતી. એ અજિત પાસે ખાનગીમાં અક્ષરો–મૂળાક્ષરો શીખી ગઈ. પોતાનાં એ સાવકાં છોકરાં હતાં. શરૂઆતમાં દુનિયાની પાકી અનુભવી ઘોળીમા આ છોકરાંઓને શ્યામાના હાથમાં સોંપતી નહિ. શ્યામાની છોકરાંઓ પ્રત્યેની દરેક વર્તણુંકમાં ડોસીને શંકાની ગંધ આવતી હતી. છોકરાંઓને કાંઇક દુઃખ દેશે, છાની માની કદાચ મારશે વગેરે અનેક શંકાઓ વડીલ સાસુને આવતી. પરંતુ પાછળથી શ્યામાના માધુર્ય અને પવિત્ર ભાવની આને ખાતરી થવાથી આ હવે એ વિષયમાં

નિશ્ચિત થયાં હતાં. બાળકોનાં કપડાં સાચવવાં, માથાં ઓળવાં, સાબુ વડે નવરાવવાં–ધોવરાવવાં, એમની માંદગી વખતે સેવા કરવી, આ સઘળાં કામો શ્યામા પ્રેમથી કરતી હતી.

છોકરાંઓ દાદા–દાદીએ મોઢે ચડાવેલાં હતાં. કંઈ ને કંઈ વસ્તુ માટે કજીઆ કરવાની એમને ટેવ હતી. બીજાં મોઢે ચડાવેલ છોકરાંઓની પેઠે તે ચીડીઆં બની વસ્તુને ફેંકી ભાંગી નાખતાં હતાં. ક્યારેક ખાવાનું પણ ઢોળી–ફોડી નાખતાં હતાં, નાની વહુઓ તરફ અસભ્યતા દેખાડતાં હતાં, વડીલો એમનું ખોટી રીતે ઉપરાણું લઈ એમનો દોષ હોય તોપણ સામાને ધમકાવતાં હતાં. આથી છોકરાંઓનું જોર વધતું જતું. એઓ ભારે રીસાળ અને રોતળ બની ગયાં હતાં. વાતવાતમાં એમનો ભેંકડો ચાલુ થતો હતો. પોતાની વાત લે તો કદી છોડતાં નહિ. ઘણી વખત ઘોળીમા પણ એમનાથી કાયર બની જતાં હતાં. છતાં ઊંડા સ્નેહને લીધે છોકરાંઓને કાંઈ કહેવાય નહિ, એવા ભ્રમથી એમને મોઢે ચડાવતાં હતાં. છોકરાંઓ ઘરમાં કોઈને ગાંઠતાં નહિ.

શ્યામાએ આ વાત લક્ષ્યમાં રાખી. સાવકી માતા તરીકે એની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી હતી. પ્રથમ તો એના વચ્ચે પડવા માટે ડોસીમા છણકો કરતાં. પરંતુ ધીમે ધીમે પ્રેમ, આદર, સમજાવટ, સમયસર યોગ્ય વર્તાવ, બિમારી વખતે સેવા, મધુર પણ સચોટ વાણી, સ્નેહભર્યો પણ ચોક્કસ વ્યવહાર, સમજાવી લેવાની કળા, વાતને ભુલાવી દેવાની યુક્તિ, રમાડવામાં અને વાતો કહેવામાં તેમ જ રંજન કરવામાં એની તૈયારીથી છોકરાંઓ અપર માતાના રૂડા પ્રભાવ નીચે આવ્યાં. એમની ચીજો ખોવાય ત્યારે આ માતા શોધી આપે, એમને મનગમતું ખાવાનું કરી સમયસર આપે, એમના બિછાના પાસે બેસી વાતો કહી સુવાડે. ટાઢના સમયમાં રાત્રે ઊઠી એમને ઓઢાડે, બિમારીના સમયમાં આશ્વાસન આપે–આવી આવી સેવાથી બાળકો માતાનાં

આજ્ઞાંકિત બન્યાં. માતા કદી પણ એમને ચવળે માર્ગે દોરતી નથી, ખોટું બોલીને છેતરતી નથી, એની વાતમાં કદી ફરક પડતો નથી, એના વ્યવહારમાં કોઈ અનેરૂં માધુર્ય છે. એ બધાની અસર છોકરાંઓ ઉપર થઈ. એ આગલો સ્વભાવ ભૂલી ગયાં. માતાના સદ્‌વ્યવહાર સામે પોતે પણ સજ્જન થવા લાગ્યાં. રીસાવું, વસ્તુઓ ફેંકી દેવી, રડી પડવું, ગાળો દેવી અને વડીલોને પજવવાં એ સઘળું હવે ધીમે ધીમે છોડાતું ગયું.

છોકરાંઓને માતાની ગરજ પડવા લાગી. કોઈ પણ વસ્તુ જોઈએ તો માતા પાસેથી જ મળે, જ્યાં ત્યાં વસ્તુઓ રખડતી મૂકવાનો છોકરાંઓનો સ્વભાવ હોય છે. માતા એ વસ્તુઓ ઉપાડીને સાચવી રાખે; જ્યારે છોકરાંઓને તે રમવા કે પહેરવા જોઈએ એટલે માતા પાસેથી તે મળી આવે. છોકરાંઓને જ્યારે એક ચીજની રઢ લાગે ત્યારે કજિયો કરીને તે ચીજ ખરીદ કરાવે; પરંતુ થોડી મુદત એને પોતાની પાસે રાખી, રમી, પંપાળીને પાછી ફેંકી દે; વળી યાદ આવે ત્યારે એ વસ્તુને માટે રાગડો જોડી કજિયો કરે ત્યારે માતા પાસેથી એ વસ્તુ તરત જ હાજર થાય. આથી રીસ ચડાવી કજિયો કરવાનું છોકરાંઓને કારણ મળે જ નહિ. માતા છોકરાંઓની સામે દલીલ કરે નહિ, પરંતુ એમને પોતાની સરળ અને સજ્જન પ્રકૃતિથી સુમાર્ગે દોરે. છોકરાઓને વડીલોની શુદ્ધ રહેણીકરણીના દાખલાની ભારે અસર થાય છે. જેવું ઘરનાં વડીલોનું કાર્ય જુએ તેવું તેઓ અનુકરણ કરે છે.

છોકરાંઓ ઘણી વખત વાત વાતમાં રિસાઈ જઈને ભેંકડો તાણતાં શીખે છે. પછી એમને આ વસ્તુ મેળવવા અને લેવા યોગ્ય છે કે નહિ તેનું ભાન રહેતું નથી. આ વખતે તેઓ અત્યંત જીદ્દી અને હઠીલાં બને છે, સમજાવટની અસર થતી નથી. એમની એક ઇચ્છા પૂર્ણ થાય તો અનેક ઇચ્છાઓ વેળાના ફણગાઓની પેઠે

એમના અંતરમાં ફૂટે છે. એક વસ્તુ લાવી આપીને એમની જીદ પૂરી પાડી એટલે બીજી અશક્ય વસ્તુઓ માટે માગણી કરે છે. એક વખત એમની સાચી ખોટી ઈચ્છા પૂરી પાડી તો બીજી વખત એવી ખોટી ઈચ્છાઓ કરવાની એમને ટેવ પડે છે. આથી સમજુ માતાઓ બીજા રમણીય પ્રસંગો કાઢી એમની ખોટી ઇચ્છાઓ ભુલાવી દે છે. માતાઓ પોતાનાં બાળકોને શું શું વસ્તુ કે વાર્તાલાપ પ્રિય અને મનગમતું છે, તે જો ધ્યાનમાં રાખીને સમયસર તેનો ઉપયોગ કરે તો ભારે અસરકારક નીવડે છે.

એક બાળકને મોસમ નહોતી અને કેરીની રઢ લાગી. પૈસા ખર્ચવા છતાં એ ફળ મળે તેમ નહોતું. બાળકે તો બસ કેરીની ખૂબ જ હઠ પકડી. વડીલોની સમજાવટ અને ફોસલામણી વ્યર્થ ગયાં. આ વખતે સમજુ માતાએ યાદ કરી એને હંમેશાં બહુ જ પ્રિય લાગતા મગજનો લાડુ લાવી એના મોઢા પાસે મૂક્યો. પરિણામે કેરી ભુલાઈ ગઈ. એ સ્વાદપૂર્વક મગજનો અતિ માનીતો લાડુ ખાવામાં એનું ચિત્ત ચોંટયું. રામચંદ્રજીનો પણ એક આવો દાખલો છે. બાળક રામને ચંદ્રમા જોઈ તે લેવાનું મન થયું. 'બસ, મને હમણાં ને હમણાં ચંદ્રમા લાવી આપો.' અનેક ચીજો આપી પણ તે બધી ફેંકી દીધી છેવટે કૌશલ્યા માતાને એકાએક સૂઝયું: એમણે ઘરમાંથી અરીસો લાવી તેમાં રામચંદ્રજીને ચંદ્રમા બતાવ્યો. પોતાની સન્મુખ ચંદ્રમાને આવેલ જોઈ રામ તેમાં તલ્લીન થઈ કજિયો ભૂલી ગયા. એ જ પ્રમાણે સમજુ અને બાળકોના સ્વભાવને ઓળખનારી માતા યુક્તિપુરઃસર આખા વાતાવરણને અનુકૂળ બનાવી બાળકના મનમાં ઉઠેલા ઉંધા તરંગો સમાવી દે છે. શ્યામા ભણેલીગણેલી નહોતી; પરંતુ એનામાં ઈશ્વરદત્ત નૈસર્ગિક સદ્બુદ્ધિ હતી. પોતાનાં બાળકોના હિતનો વિચાર કરી એમને યોગ્ય માર્ગે એ લઈ જતી.

કેટલી વાર બાળકોને વારંવાર ખાવાની ખરાબ ટેવ પડે છે. એમને

ના કહેતાં તેઓ હઠે ભરાઈને ખાવા માટે વધુ હઠ પકડે છે. વધારે અને વારંવાર ખાવાથી ઝાડા અને બીજા અજીર્ણના રોગો થાય છે. આ સમયે બહુ જ ધીરજ અને વિચારપૂર્વક એમને આ કુટેવ છોડાવવાના ઉપાયો યોજી શકાય. ખાવાનું વારંવાર માગે તે વખતે એને બીજી રમતમાં નાખી દેવું, બીજાં છોકરાંઓની સાથે કોઈ રમતમાં લગાડી દેવું, બહાર ફરવા મોકલી દેવું; પરંતુ અનિયમિત સમયે ખાવાનું તો આપવું જ નહિ. ડાહી માતા પોતાના બાળકના આરોગ્યની ખાસ સંભાળ રાખે છે. ખાવાની બહુ જ ખોટી ટેવો ને ખાઉધરાપણાથી બાળકોનાં ઉદરો બગડે છે. બાળકને એક વળ અથવા ખરાબ ટેવ પડે તો તે હમેશ માટેનાં બૂરાં પરિણામો મૂકી જાય છે. શ્યામાએ સાસુની છોકરાંઓને ખવરાવી ખવરાવીને પુષ્ટ બનાવવાની ઈચ્છાનો ખુલ્લેખુલ્લો વિરોધ કર્યો નહિ; પરંતુ બાળકોને એમને મનગમતી બીજી પ્રવૃત્તિઓમાં રોકી દઈ એમને નિયમસર પ્રમાણસર ખાતાં શીખવ્યું.

બાળકોને પોતાનાં કપડાં બગાડવાની, મેલાં કરવાની અને ગંદાં કરી નાખવાની ટેવો પડે છે. ઉપદેશની એમના પર કાંઈ અસર થતી નથી; ગુસ્સો કરવાથી એ ચિડાઈને પોતાની કુટેવો તરફ વધારે દોડી વળે છે. એવાં બાળકોની ડાહી માતા પોતાની સ્વચ્છતાની ટેવોથી બાળકને સ્વચ્છ રહેતાં શીખવે છે. માતા જો નિયમિત રહેતાં અને પોતાની વસ્તુઓ યોગ્ય સ્થળે સંભાળથી રાખવાની પદ્ધતિ ધરાવે તો બાળકો એનું અનુકરણ કરે છે. બાળક એ તો અનુકરણ કરનાર પ્રાણી છે. ઘરમાં જેવી રીતભાત જુએ તેવી પોતે પણ આદરે છે. માતા જેટલી વાર બાળક કપડાં બગાડે તેટલી વાર કાંઈ પણ ઠપકો આપ્યા સિવાય એ કપડાં બદલાવી બીજાં પહેરાવે; બાળકના મનમાં વગર ઉપદેશે ઠસવું જોઈએ કે કપડામાં ડાઘ પાડવા કે બગાડવાની ટેવથી નુકસાન થાય છે. સ્વચ્છ વસ્ત્રો પહેરવાં જોઈએ, એવી બાળકોના હૃદયમાં ખાતરી થતાં જ એઓ કદી પણ વસ્ત્રો બગાડવા તરફ વળશે નહિ.

બાળકોએ કોઈ બાબતની ના પાડવાથી તે એ માટે ખાસ પ્રેરાય છે, પરંતુ આ યોગ્ય થતું નથી એવું જો એમના મનમાં ઠસે તો એ બાળક કદી અવળે માર્ગે જવા પ્રેરાતું નથી. બાળકો પાસેથી કોઇ વસ્તુ ધમકાવીને ઝૂંટવી લેવાથી એ વસ્તુ પ્રત્યે બાળક ઊલટું વધારે આકર્ષાય છે. બજારમાં ખરાબ રોગી અને માત્ર ખોટા સ્વાદના ભ્રમથી લેવાતી ખાવાની વસ્તુઓની મનાઈ કરવાથી બાળકનું એ વસ્તુઓ પ્રત્યે વધુ મન આકર્ષાય છે. પૈસાની ચોરી કરીને પણ એ વસ્તુ ખાવા માટે એ ખરીદે છે. એ સમયે સીધા નિષેધથી કાંઈ પરિણામ આવતું નથી. ઉપદેશ, ઠપકો કે માર એ ત્રણેની અસર નિષ્ફળ નીવડે છે, પરંતુ સીધો ઉપદેશ ન આપતાં થોડો વખત એને છૂટ આપી ધીમે ધીમે એવા બજારૂ ખોરાકના ઉપયોગથી થયેલાં ખરાબ પરિણામોના દાખલા–દલીલ સહિત દૃષ્ટાંત આપ્યાથી બાળક સમજી જાય છે. કોઈ પણ કુટેવ સીધા ઉપદેશ કે ઠપકાથી ભાગ્યે જ સુધરે છે; પરંતુ એમાં રહેલ અવગુણોની સમજ આપવાથી એ છૂટે છે. બાળકોની બુદ્ધિમાં ઊતરે એટલે એ સરળ હૃદયથી સ્વીકારી લે છે.

શ્યામાએ પોતાનાં બાળકો માટે સ્નેહથી, એમનાં હિતમાં ને લાંબે વિચારે સુધારો થાય તે માર્ગે કામ લેવા માંડ્યું. દયા ખરી પણ સાથે શિસ્ત પણ જોઈએ; સ્નેહ ખરો, પણ સાથે સુવ્યવસ્થા પણ હોવીજ જોઈએ, મનગમતું મળે, પણ સાથે વિવેકપુરઃસર ગોઠવણ પણ રહેવી જોઈએઃ અનુકૂળ પ્રિય વસ્તુ ખાવાની મળે, પણ તેથી આરોગ્ય વધે એવી રીતે અને એટલા પ્રમાણમાં જ તે ખવાય; વસ્તુ ખરીદવી ખરી પરંતુ પોતાના વડિલોને આર્થિક તકલીફ ન પડે એવી રીતે ખરીદવી; રમતો રમવા માટે પુષ્કળ સમય આપવો, પણ લેસન અને શિક્ષણ બરાબર થાય તે ધ્યાન રાખવું; વસ્ત્રો ભલે સાદાં અને કિંમતી ન હોય, પરંતુ તે શરીરને બંધબેસતાં અને ઋતુને અનુકૂળ હોય; બાળકો ભલે થોડું કામ કરે, પરંતુ જે કામ કરે તે થોડું પણ ચોક્કસ અને સારૂં જ કરે.

બાળકોની ઘણી વખતે ખરાબ મિત્રોને ન ઓળખતાં એમની સાથે મૈત્રી કરી એમની સોબત કરે છે. આ વખતે એમને ઠપકો આપવાથી એ સોબત માટે ઊલટા વધારે આતુર બને છે. એવે વખતે એમને નિષેધ નહિ કરતાં એ સોબતથી થતાં અવગુણોનાં દૃષ્ટાંત આપી એમનું માનસિક વલણ ફેરવવું જોઈએ. સીધી મનાઈ કરવી પ્રતિકૂળ થઈ પડે છે. મિત્રોના અવગુણો જોઇ એમને પોતે જ છોડી દે છે. કોઈ વસ્ત્ર ખરાબ રીતે પહેરે, કોઇ પુસ્તકની ખરાબ રીતે વ્યવસ્થા રાખે, કોઈ વસ્તુનો દુરુપયોગ કરે, પોતાના શરીરના અવયવોનો ખરાબ ઉપયોગ કરે; જીભે કઠોર શબ્દો બોલવાની ટેવ પાડે, હલકાં નાટકો જોવાની વૃત્તિ ધરાવે, ખરાબ ગીતો ગાવાની વલણ દાખવે, ગંદાં પુસ્તકો વાંચવાની મનોવૃત્તિ સેવે તો તેમને બળજબરીથી કદી પણ અટકાવવાં જોઈએ નહિ. શ્યામા એ સમયે એ ખરાબ ટેવમાં રહેલાં નુકસાન અને એમાંથી કોને કોને કેવું નુકસાન થયું હતું તેનાં દૃષ્ટાંત આપતી હતી. આથી બાળકોના મનમાં એ વસ્તુ ખરાબ છે, એમ ઠસી જતું. એટલે તેઓ એ માર્ગે જવું યોગ્ય નથી એમ મનથી સમજી જતાં.

શ્યામા જોઈએ ત્યાં ઉદાર થતી. એની સાસુના મનમાં એના ઉપર વિશ્વાસ બેઠો હતો. પોતે હવે ધીમે ધીમે વહુના હાથમાં બધો કબજો સોંપતી હતી. સાસુ જાજરમાન હતી, પરંતુ સાથેસાથે સમજુ અને બુદ્ધિમાન હોવાથી પોતાના કુટુંબના હિતને જાણતી હતી. પોતાના કરતાં પણ વહુ ઘરનું હિત અને વ્યવસ્થા સારી કરે છે એમ એને ખાતરી થતાં જ એણે વહુના ઉપર ઘરનો બધો બોજો નાખવા માંડ્યો. વૃદ્ધ હિંદુ સ્ત્રી ધાર્મિક વૃત્તિવાળી હોય છે. ઉત્તરાવસ્થામાં દેવદર્શન, જપમાળા અને કથાશ્રવણ માટે તેનું મન તલસે છે. ધોળીમાએ યોગ્ય વહુના હાથમાં ઘરનો કારભાર સોંપી પોતે દર્શન અને કથા-શ્રવણમાં મન પરોવ્યું. વહુએ પોતાના પતિની કમાણીના પ્રમાણમાં કરકસર જોઈએ ત્યાં કરકસર અને ઉદારતા જોઇએ ત્યાં ઉદારતા પ્રમાણે

ઘરનો કારભાર નિભાવવા માંડ્યો. એનો સિદ્ધાન્ત આત્મભોગ અને સેવાનો હતો. એનાથી એને આત્મસંતોષ થતો. પરિણામે યોગ્ય સમયે શરીર, મન અને સાંસારિક સુખસગવડો પૂરા પ્રમાણમાં મળી બદલો પણ મળી જતો. સત્કાર્ય અને સેવાકાર્યનું ફળ કલ્યાણમય જ હોય છે.

શ્યામા પોતાનાં બાળકો પાસેથી થોડું થોડું લખતાં વાંચતાં શીખી ગઈ. એણે ધીમે ધીમે વાંચવાનો અભ્યાસ વધાર્યો. એના પતિ રામાયણ વાંચતા હતા. શ્યામાએ અજિતને ગુરુ બનાવી દરરોજ રામાયણના શાસ્ત્રી અક્ષરો વાંચવા માંડ્યા. શ્યામા બહુ જ ધીમેથી પણ પ્રેમથી અને આદર સાથે નિયમિત રામકથાના બાળબોધ અક્ષરો શીખવા લાગી. બે ત્રણ માસના ચાલુ અભ્યાસથી એને બાળબોધ અક્ષર પણ વાંચતાં આવડ્યા. પછી તો એણે પોતાના પતિ પાસેથી રામકથાના દુહા અને ચોપાઇઓ વાંચવાનું શીખવા માંડ્યું. પતિને પણ શ્યામાને વાંચતાં શીખવવામાં આનંદ આવતો હતો. છ માસના ગાળામાં તો શ્યામા રામકથાના રાગો ધોરણસર વાંચતાં અને ગાતાં શીખી ગઈ. અને બહુ વખત મળતો નહિ તોપણ દરેક કામ નિયમિત, સમયસર અને વ્યવસ્થિત રીતે કરવાથી એ સઘળાં કામ કરી શકતી હતી. એ કાંઇ ને કાંઇ શારીરિક કે માનસિક પ્રવૃત્તિમાં લાગી રહેતી હતી. એને પોતાના તનમનની ઉન્નતિ કરવાની પ્રેરણા થઈ હતી.

શ્યામાએ વાંચતાં શીખી લીધું. એ ધીમા સાદા સ્વરે રામકથાની કવિતાઓ વાંચતાં શીખી ગઈ; પરંતુ એના અર્થો એ બરાબર સમજી શકતી નહોતી. તે માટે એણે પતિને ગુરુસ્થાને સ્થાપ્યા. દરરોજ એકેક દોહા અથવા અર્ધી ચોપાઈના અર્થો શરૂઆતમાં શીખી લે એમ કરતાં ધીમે ધીમે સમજવાનો વેગ વધાર્યો. એક વરસમાં તો એણે તુલસીકૃત રામાયણના અર્થ એક વખત ઉથલાવી સમજી લીધા. પછી વારંવાર આવૃત્તિઓ કરવાથી એના અર્થો એના મગજમાં સંપૂર્ણપણે ઠસી ગયા. ત્રણેક વર્ષોના ગાળામાં તો એ સાંગોપાંગ રામકથા સમજવા

લાગી. હિંદુ ધર્મના ભક્તિ, જ્ઞાન અને કર્મમાર્ગનાં મૂળ તત્ત્વો રામાયણમાંથી શ્યામાએ શીખી લીધાં.

એમની પાડોશમાં એક તુલજાશંકર શાસ્ત્રી રહેતા હતા. શાસ્ત્રીજી છેલ્લા ૩૦ વર્ષો થયાં. શહેરના ગોપાલમંદિરમાં કથા વાંચવાનો એકધારો ધંધો કરતા હતા. એઓ સરળ પ્રકૃતિના, સાત્વિક અને વયોવૃદ્ધ બ્રાહ્મણ હતા. એમની સંતોષવૃત્તિએ એમને લોભ અને પૈસા મેળવવાની વૃત્તિથી દૂર રાખ્યા હતા. એમનાં પત્ની ગંગામા પણ સાદાં બ્રાહ્મણી હતાં; છતાં ડોશીનું મન કદી કદી દક્ષિણા તથા સીધા માટે લોલુપતાવાળું થઈ જતું. પરંતુ નિર્લોભી બ્રાહ્મણ તુલજાશંકર ખરેખર પૂજ્યભાવ ઉપજાવે એવો માયાળુ અને સજ્જન હતો. એક વખત ખાવું, કોઈની પાસે કાંઇ માગવું નહિ. એક બંડી સિવાય બીજું કાંઈ પહેરવું નહિ, નાણાનો સંગ્રહ કરવો નહિ, નિત્ય સંધ્યા કર્યા સિવાય મોઢામાં પાણીનું ટીપુ લેવું નહિ. શ્રાવણ માસમાં શ્રી શિવજીના મંદિરમાં નિષ્કામભાવે રુદ્રી કરવી, દરરોજ પંચમહાયજ્ઞો કરવા, અસત્ય બોલવું નહિ, એવી એવી એમની પ્રતિજ્ઞાઓ હતી; શાસ્ત્રીજી ખૂબ પૂજ્ય અને આદર્શ વ્યક્તિ હતા, એમનું યોગક્ષેમ હિંદુ જનતા બરાબર નભાવ્યે રાખતી હતી.

શ્યામાએ શાસ્ત્રીજીના મુખે મંદિરમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સાંભળી હતી. એમની કથા કહેવાની શૈલી પર એનું મન મોહ્યું હતું. શ્રી ગીતાના અમૃતરસનું પાન કરવાની એની ઇચ્છા દૃઢ થઈ. પતિ અને સાસુની આજ્ઞા લઈને એણે શાસ્ત્રીજીને દરરોજ શીખવવા માટે બપોરના બોલાવવા માંડ્યા. એઓ પાડોશમાં હોવાથી શ્યામા ક્યારેક શાસ્ત્રીજીને ઘેર પણ જતી હતી. અતિપ્રવૃત્તિશીલ રહેતી હોવાથી શ્યામાનો અભ્યાસ અનિયમિત અને ખંડિત રહેતો હતો–બહુ જ ધીમેથી આગળ વધતો હતો. અને તે દરમિયાન શાસ્ત્રીજી થોડો વખત બિમાર રહ્યા એટલે વળી પાછો એનો અભ્યાસ ધીમો પડ્યો.

૧૩

# રામજી વેલજીની પેઢી

શ્યામાને સાસરે આવ્યે નવ વરસ થઈ ગયાં હતાં. એ વર્ષો દરમયાન એણે સાસરામાં હૃદયના ઉચ્ચ ગુણોને લીધે પોતાનું સર્વોત્તમ સ્થાન જમાવી લીધું હતું. હવે એ ભિખારણ માની દિકરી કહેવાતી નહોતી. એના ગુણોએ એને ઘરની વડિલ અને મુખ્ય વ્યક્તિ બનાવી મૂકી હતી. હવે માતાને નિયમિત પત્રો લખતી હતી. ત્યાંથી પણ અવારનવાર પત્રો આવતા હતા. પરંતુ પોતાની જનનીને ભેટવાની એની ભૂખ અણસંતોષાયેલી રહી હતીઃ માનું તરસતું હૃદય પણ પૂત્રીને છાતીમાં બીડવા તલસતું હતું. કોઈ સંયોગ અનુકૂળ આવતા નહોતા. માતા ગોમતી પોતાના પુત્ર ચુનીલાલમાં પોતાના હૃદયનો પ્રેમ ઠાલવી એનો ઉછેર કરતી હતી, પેટે પાટા દઈને પણ પુત્રને ભણાવતી હતી. છોકરો ચાલાક હતો. ગામડામાં રહીને એ આંક, સાધારણ લખતાં વાંચતાં અને હિસાબ લેખાં શીખ્યો.

દેશાઈજી વિનોદરાયને પ્રભુના ઘરનું તેડુ આવ્યું હતું. પ્રતિષ્ઠા, વય, વિશાળ કુટુંબ, સુખ, સમૃદ્ધિ અને રાજ્યાશ્રયની કૃપા ભોગવી દેશાઈજી પરમાત્માની સેવા કરવા સીધાવ્યા હતા. જગતમાં જે કાંઈ ઐહિક સુખ જોઈએ તે સઘળું દેશાઈજીનાં તપ અને ધર્મનિષ્ઠાએ મેળવી આપ્યું હતું. મોટા સામ્રાજ્યના ચક્રવર્તી જેવા દેશાઈજીની પરલોકની માગણી પૂરી કરવા એઓ પ્રવાસે ગયા. પાછળ એમના સુમતિરાયને દેશાઈગીરીની પાઘડી ગાયકવાડ સરકારે બંધાવી. હવે કુટુંબમાં એકતા રહી નહિ. માળાનો દોરો જતાં મણકા છૂટા થઈ ગયા! ગોવાળ જતાં ધણ વિખેરાઈ ગયું! દેશાઈજીના એક ઘરમાંથી છ ઘરો થયાં. તેમાંથી પણ થોડા સમયમાં કમાનાર પૌત્રે દશ ઘરો બનાવ્યાં. રામપુરામાં માત્ર સુમતિરાય અને વૃદ્ધાઓ તથા વિધવાઓ જૂનાસૂના જેવા ઘરને સંભાળી બેઠાં હતાં; બાકી સર્વે વડોદરે વસતા હતા. વડોદરામાં ગાયકવાડ પોતાના આ આશ્રિત કુટુંબના નબીરાઓને નોકરીઓ આપવામાં આનાકાની કરતા નહોતા. ગામડાની જાગીરમાં ત્યાંની પેદાશ લેવા સિવાય યુવાનોને રસ રહ્યો નહોતો.

સુમતિરાય પણ સાત્વિક વૃત્તિના સદ્‌ગૃહસ્થ હતા. વડોદરા રાજ્યના ગુણજ્ઞ મહારાજા એમને પેન્શન આપતા હતા. પાંસઠ વર્ષના આ વૃદ્ધ જાગીરનો વહિવટ કરવા રામપુરામાં રહેવા આવ્યા. પિતાના સમયની દરેક પ્રવૃત્તિઓ એઓ નિયમસર ચલાવતા હતા. પરંતુ વિનોદરાયના પ્રભાવ, શક્તિ અને ઓજસે વિદાય લીધી હતી. આથી એ લૂણ વગરના અનાજ જેવું સૌ મોળું લાગતું હતું. ગોમતીના ઉપર છોટા દેશાઈજીની કૃપા હતી, એની આજીવિકા દેશાઈ કુટુંબ નભાવતું આવતું હતું. જૂની નોકર તરીકે ગોમતીના માન અને પ્રતિષ્ઠા દેશાઈજીના કુટુંબીઓ સાચવતાં હતાં. ચુનીલાલ મોટો થતો જતો હતો. ધીરજરામ દેશાઈ વડોદરામાં સારા અધિકાર ઉપર હતા. એ આખા મહાન કુટુંબના દયાળુ સભ્ય હતા. ગોમતીને ધમકાવી ચુનીઆને ધીરજરામ દેશાઈ વડોદરે તેડી ગયા. ચુનીલાલ અંગ્રેજી પાંચ ધોરણ

સુધી ભણ્યો. ભણેલા છોકરા માટે ગરીબ વિધવાના ઘરને શુકનવંતુ ગૃહસ્થી બનાવવા એની જ્ઞાતિના ગૃહસ્થો ઉતાવળ કરવા લાગ્યા. વડોદરામાં જ એનું સગપણ થઇ ગયું. ગોમતી હવે પ્રૌઢ થઈ હતી. ઘણાં વર્ષો પછી હર્ષાશ્રુ સાથે વિધવાએ ગોળ વહેંચી પોતાના મોઢામાં મૂક્યો.

બીજે વર્ષે ચુનીલાલના વિવાહ થયા. વિવાહમાં ભાગ લેવા અને માતાના હૃદયની દીર્ઘકાળની તરસ છિપાવવા બહેન જેતપુરથી આવ્યાં. ગંગાયમુનાનો પવિત્ર સંગમ થયો. માતાના હૃદયની તરસ નવ વર્ષે છીપી. ભાઈના વિવાહ સાદી રીતે પણ કુટુંબીઓના આનંદ વચ્ચે થયા. સુમતિરાય દેશાઈએ વિવાહ વખતે હાજરી આપી વડીલના આશ્રિતજનને ઓશીંગણુ કરી દીધી. ત્રણ માસ માતાની હુંફાળી ગોદનો આશ્રય ભોગવી દિકરી સાસરે પાછી ગઈ. સાસરામાં એની આ ટૂંકી ગેરહાજરી પણ અગવડકર્તા થઈ પડી. વહુઓરૂપી બે બળદો ઘરરૂપી ગાડાને સમભાવથી ખેંચી શક્યા નહિ. ડોસીમાના કથાશ્રવણ અને દર્શનનાં કામમાં ખલેલ પડ્યું, બાળકોનો નિશાળનો સમય અને નિયમિતતા પણ ખંડિત થયા, વ્યવસ્થામાં અવ્યવસ્થા દાખલ થઈ. સૌ તેમાં સુધારો કરવા પ્રથમ ઊલટ બતાવતાં હતાંઃ પરંતુ એ ઊલટ લાંબી ચાલતી નહિ. ફરી અવ્યવસ્થા શરૂ થતી. શ્યામાએ આ કુટુંબીઓને પરાશ્રયી બનાવ્યાં હતાંઃ સૌ શ્યામા ઉપર આધાર રાખતાં શીખ્યાં હતાં.

શ્યામાએ હસતી રમતી અને ઉલ્લાસમય સ્થિતિમાં પાછી આવી વળી પાછું પોતાનું સારથિપદ સંભાળી લીધું. એ સારથિના ઇશારામાત્રથી વ્યવસ્થા સ્વયં આવી ગઇ, ઘરના રથનો પ્રવાસ અણઅટક્યો પ્રગતિશીલ થયો, રામજીભાઈએ રામમંદિરમાં ગૌશાળા બંધાવી. કથાઘર બનાવીને દીનાનાથ શાસ્ત્રીને રામકથા વાંચવા નીમ્યા; છતાં એમના હાથમાં મહંતજીના બે હજાર રૂપિયા રહ્યા હતા. રામજીભાઇનો પગાર એંશી રૂપિયા થયો હતો. તેમાંથી અને ગીરાસની પેઢીમાંથી ઘરખર્ચ નભતું હતું. અને બંને નાના ભાઈઓ ૩૫–૪૦ નો પગાર લાવતા હતા; પરંતુ તે સર્વે પોતાની પાસે રાખતા હતા. રામજીભાઈ

કે શ્યામા એમાંથી કાંઇ માગણી કરતી નહોતી. રામજીભાઇ પાસે આબરૂ હતી, પ્રતિષ્ઠા હતી: પણ ધન નહોતું. પગાર ખર્ચાઈ જતો હતો. ડોસી અને ડોસા હવે તદ્દન નિવૃત્તિ ભોગવતાં હતાં. પૌત્ર-પૌત્રીઓને રમાડવામાં એમનો સમય નિર્ગમન થતો હતો.

કપાસના વેપારીઓમાં રામજીભાઈની લાગવગ ખૂબ વધતી જતી હતી. એ સર્વે વેપારીઓ પરગામમાં રહેતા હતા. જેતપુરના કારખાનામાં એ કપાસ પીલાવવા અને તેની ગાંસડીઓ બંધાવવા આવતા હતા. વેપારીઓને રામજીભાઈમાં ખૂબ વિશ્વાસ હતો. એઓમાંના ઘણા રામજીભાઇને જેતપુરમાં આડતની પેઢી ખોલવા જણાવતા હતા. હવે તો એ દબાણનું રૂપ લેતું હતું. રામજીભાઈને પણ એવી પેઢી ખોલવા ઇચ્છા હતી. પોતાના બે ભાઈઓ મદદગાર હતા. કામનો એટલે કપાસના વેપારનો મોટો અનુભવ હતો. ઓછામાં ઓછા પાંચ હજાર રૂપિયા દરવર્ષે કમાણી થાય તેવી વકી હતી. નોકરીમાં માત્ર એક હજાર મળતા હતા. રામજી-ભાઇનું મન સ્વતંત્ર પેઢી ખોલવા ઉત્સુક હતું; પરંતુ શરૂઆતમાં મૂડી તરીકે બે હજાર રૂપિયાની જરુર હતી. રામજીભાઇ પાસે બે હજાર તો શું પણ બસો રૂપિયાની પણ પદરની મૂડી નહોતી. આથી એ ખૂબ મુંઝાતો ભાઈઓ પાસે પાંચસો રૂપિયા હોવાની ધારણા હતી; પરંતુ તેમની પાસે ન જ માગવાનો એમનો પાકો નિશ્ચય હતો. શું કરવું તે માટે એમને વિમાસણ થતી હતી. મહંતજીના બે હજાર રૂપિયા એમની પાસે વધ્યા હતા તેનો ઉપયોગ થઈ શકે કે નહિ, તે માટે એમનું મન ઢચુપચુ થતું હતું.

મન કહે: "એ રૂપિયાનો ઉપયોગ કરવામાં શું વાંધો હોઇ શકે ? ક્યાં એ લઇ લેવાનો વિચાર પણ હતો! રૂપિયા દૂધમાં ધોઈને પાછા આપવાના હતા."

"બુદ્ધિ કહે: "ભાઈ! એ રૂપિયા તો પારકી મતા છે, ધર્મની માલિકીના છે; એ લેવાય નહિ. એનો ઉપયોગ ધર્મયુક્ત નથી."

મન કહેઃ "એમાં અધર્મ જેવું છે જ શું? પાછા આપવાના તો છે જ, માત્ર થોડો વખત વાપરવા જોઈએ છીએ; પાછા વ્યાજ શીખે મજરે દેવા છે."

બુદ્ધિ કહેઃ "એ રૂપિયાને કદાચ કજા થાય તો બીજા આપવા માટે ગાંઠમાં એક ખોટી બદામ પણ નથી. પાછા ક્યાંથી આપશો?"

મન કહેઃ "એ રૂપિયાને જોખમ છે. આડતના કામમાં જોખમ નથી. ક્યાં ઘરનો વેપાર કરવો છે? માલ આવે તે ઉપર શરૂઆતમાં માત્ર એક વરસ માટે રૂપિયા રોકાય તેમાં ખોટું શું છે? બીજે વર્ષે કમાણીમાંથી જરૂર ભરી દેવાશે."

બુદ્ધિ કહેઃ "સમજો કે ક્યાંક આગ પાણીથી માલ ખરાબ થયો કે નાશ પામ્યો; આડતીઓ આપે તેમ ન હોય તો પછી પરમેશ્વરની સામે શું જવાબ આપશો?"

મન કહેઃ "તમે તો દૂધમાંથી પોરા કાઢો છો. પેટી ફાટે, પાટી તૂટે અને વાણીઆનું પેટ ફાટે એવી ન ધારેલી ને ન કલ્પેલી બીક રાખો છો; એમાં કાયર માણસનું કામ નહિ."

બુદ્ધિ કહેઃ "સાવચેતીથી વર્તવું જોઇએ. ધર્માદાના રૂપિયાનો વિશ્વાસઘાત કરવો ઉચિત નથી; મહંતજી સ્વર્ગમાંથી જુએ છે."

રામજીભાઇને આવા આવા સંકલ્પવિકલ્પના તરંગોમાં દરરોજ હિલોળાવું પડતું હતું. એઓ કાંઈ નિશ્ચય કરી શક્યા નહિ. રોજ રાત્રે તરંગોની વમળમાળા એમના અંતઃકરણમાં ઘોળાયા કરે.

શ્યામા પતિના મનમાં કંઈક ધડમથલ થતી હશે એમ તર્ક કરી શકી. એણે પોતે પણ પતિને સ્વતંત્ર ધંધો કરવા માટે આગળ ઉપર ઇસારા કર્યા હતા. પરંતુ તે સમયે વેપારીઓના ટેકાની તેમને ખાતરી નહોતી. બહુ વિચારોના વમળમાં રામજીભાઈ આવી જાય ત્યારે રામકથામાંથી પણ મગજ ખસી જાય; ત્યારે વાંચવામાં ભૂલ

થાય. શ્યામા વાંચવા બેસે તો વાંચવાના રસને ભૂલી મગજ બીજે ઠેકાણે ચાલી જાય. તે વખતે સાથે ગવડાવવાનું ભૂલી જાય. શ્યામા આ વાતનો ખ્યાલ રાખે. રાત્રે પણ ક્યારે ક્યારેક નિદ્રામાં બડબડાટ થઈ જાય. શ્યામા પતિની આ મૂંઝવણ અને આ બડબડાટના એક બીજાની સાથે જોડાણથી વસ્તુસ્થિતિનું સહેજ અનુમાન કરી શકી; બાકી પોતાની બુદ્ધિથી એની વચ્ચે અનુસંધાન પૂરી એણે કાચી પાકી કલ્પના કરી લીધી.

"તમે મારાથી કાંઈક છુપાવો છો? વળી તમારા વિચારો નિદ્રામાં બહાર સ્ફૂરી આવે છે. તમને શું મૂંઝવણ છે?"

પત્ની ઉપર આ સરળ પ્રકૃતિના સહૃદયી જનનો સંપૂર્ણ વિશ્વાસ હતો, એના ગુણોનો એ પૂજારી હતો. પોતાને આવી મહાન ઉદાત્ત ગુણોવાળી પત્ની મળી છે તે માટે પરમાત્માનો એ આભાર માનતો હતો."

એણે પત્નીને બધી વાત સરળ હૃદયે કહી પોતાની પાસે મૂડી નથી, નોકરીમાં કાંઈ મૂડી ભેગી થાય નહિ; વેપારીઓ એના પ્રત્યે શ્રદ્ધા, વિશ્વાસ અને સારી લાગણી ધરાવતા હતા; આડતની પેઢી ખોલી હોય તો તેમાં લાભ જરૂર હતો; પાછળથી ગામમાંથી પણ ધીરધાર થાય, પરંતુ શરૂઆતમાં બે હજાર રૂપિયા જોઈએ, તેની સગવડ નથી.

"ઓહો! એમાં શું એટલી બધી ચિંતા! મારા દાગીના લગભગ બે હજાર રૂપિયાના છે તે લઈ જાઓ અને કામકાજ શરૂ કરો; ચિંતાનું કારણ નથી."

"તારાં ઘરેણાંનો ઉપયોગ આમ ન થાય; એ તારાં છે, એ હું કેમ લઉં?"

"મને અને તમને જુદા ગણ્યા? મારા દાગીના તો નામના છે, એ તો તમે કરાવ્યા છે, એટલે તમારા જ છે. મારે એનો ઉપયોગ

કરવાનો છે? તમારા ઉપયોગમાં ન આવે તો પછી એ શા કામનો?"

પત્નીના અત્યાગ્રહ આગળ રામજીભાઈના મનનું કાંઈ ચાલ્યું નહિ. એમણે બીજે દિવસે દાગીના વેચી રોકડા રૂપિયા મેળવ્યા. ત્રણ મહિના સુધી એમણે મૌન સેવ્યું. પછી શેઠની પાસે જઈ પોતાની સ્થિતિ સુધરતી હોવાનું કારણ આપી રજા માગી. વીસ વરસથી પ્રમાણિકપણે અને ખરા દિલથી નોકરી કરનારનું ભલું થાય છે એમ જાણી કચવાતે મને શેઠે એમને રજા આપી. નવા વરસના શુભ મુહૂર્તમાં રામજી વેલજીની આડતની દુકાનની સ્થાપના થઈ. રામજીભાઈએ પોતાના ભાઈઓને પણ ધીમે ધીમે શેઠ પાસેથી માગીને પોતાને ત્યાં જોડ્યા. કામકાજમાં સૌ પોતાનું કામ જાણી અંતઃકરણપૂર્વક મહેનત કરવા લાગ્યા. અનેક અગવડો, નાણાંભીડો, માલના ભરાવા, વાંધાવચકા અને તકરારોના ફણગા ફૂટવા માંડ્યા. રામજીભાઈ ખૂબ મહેનત કરી સમજાવી શરમાવી અને લાગવગ વાપરીને એ બધાની પતાવટ કરતા. આખા વરસની ખરા જીગરની મહેનત પછી માત્ર એક હજાર રૂપિયા વધ્યા. ત્રણ ભાઈઓ વચ્ચે એક હજાર રૂપિયા એ નબળું પરિણામ ગણાય, પરંતુ એમની ગામમાં શાખ સારી બંધાઈ ગઈ હતી.

રામજીભાઈ પરમેશ્વરથી ડરીને ચાલનારા હતા. તેઓ વેપારમાં પણ ખોટું બોલવાનું પસંદ કરતા નહિ. સૌ વેપારીઓની સાથે પ્રમાણિકતાથી વર્તતા, હિસાબ ચોખ્ખો રાખતા, કોઈને પાઈની કસર આપતા નહિ. પોતે માત્ર પોતાની આડતના મળતર સિવાય બીજો કોઈ લોભ રાખતા નહિ. ભાવોમાં તો ક્યારે પણ એક પાઈ સરખી ખાતા નહિ. કોઈની સાથે હિસાબમાં પણ કાટકસર કરતા નહિ. ખર્ચખૂટણ પણ જે લાગે તે જ લેતા. એમના હરીફ વેપારીઓ એમની બેવકુફાઈ અને સીધાપણા પર હસતા હતા પણ રામજીભાઈ

માર્ગ મૂકીને આડા જતાજ નહિ. લોભ–લાલચના પ્રસંગો આવતા તો જાતને સંભાળી લઈને એમાંથી મુક્ત રહેવા માટે સફળતા મેળવતા હતા. એમાં એમને દેખીતું નુકસાન પણ ભોગવવું પડતું છતાં પણ એ દૃઢ મનના રહ્યા. વેપારમાં એકજ ભાવ કહેવો, ખોટું બોલવું નહિ, કોઈ પણ ભાઈબંધ વેપારીની નિંદા કરવી નહિ, નુકસાન ખમીને પતાવી નાખવું પણ કોર્ટે ચડવું નહિ—આ સર્વે ગુણો પ્રથમ તો એમને તકલીફ, નુકસાન અને હાંસીમાં ઉતારતા; પરંતુ ધીમે ધીમે એ ગુણોનો પ્રભાવ એમના વેપારી બંધુઓ ઉપર પડવા લાગ્યો.

વેપારીઓમાં રામજીભાઈનો માન–મરતબો એમના હૃદયના ગુણોને લીધે વધવા લાગ્યો. એમનું આપેલું વચન ક્યારેય પણ ભંગ થતું નહોતું. રામજીભાઈ જાતે મહેનત લઈને બીજા વેપારીઓને એમના કામમાં નિઃસ્વાર્થભાવે મદદ કરવા લાગ્યા. રામજીભાઈને ત્યાં જઈ કોઈ પોતાના કામ માટે અથવા સહકાર સાધવા જનાર દરેક વેપારીને આદર અને માન મળતાં હતાં. વેપારી વેપારી વચ્ચે વાંધાઓનો નિકાલ પણ રામજીભાઈને પંચ નીમી થવા લાગ્યો. કોઈનું પણ કામ કરી આપવા માટે રામજીભાઈ ખૂબ લાગણી અને નિષ્પક્ષપાતપણું બતાવતા. અસત્ય, જુઠાણું, મુત્સદ્દીગીરી કે ખોટી દોરવણીની સમીપ પણ જતા નહિ. વેપારમાં ઉચ્ચ આદર્શથી કામ થઈ શકતું નથી, એવી માન્યતા એમણે ખોટી પાડી હતી. રામજીભાઈની ધીરજ પણ અનહદ હતી. કંટાળવું કે ઉતાવળું પગલું ભરવું એ એમને ગમતું જ નહિ. થોડું બોલવું ને વધારે કામ કરી બતાવવું, કોઈને પણ દુભાવવું નહિ, એ એમનાં સૂત્રો હતાં.

રામજીભાઈની પોતાના ધંધા પ્રત્યે સંપૂર્ણ પ્રીતિ હતી. એઓ મહેનત પણ ખૂબ લેતા હતા. રાત્રે ચોપડા ઘેર લાવીને નામું લખતા હતા. શ્યામાને તો પતિનું આ બે ત્રણ કલાકનું વૈતરૂં પ્રથમ ખટકવા માંડ્યું; પરંતુ શાણી પત્નીએ એનો સદુપયોગ કરવાનો નિશ્ચય કર્યો,

તે પતિ પાસે બેસીને એમને કેમ ઉપયોગી થવાય એવી નાની નાની બાબતોમાં સહકાર આપવા માંડી. રામજીભાઇએ એક જ અઠવાડિયામાં એને ખાતાવહીમાં પોતે ખતવણી કરે ત્યારે ખતવણી કરાવવાનું શીખવી દીધું, પછી તો નિયમિત રીતે શ્યામા જ સામે ખતવણી કરાવવા બેસતી હતી. શ્યામાએ દિવસે અજિત પાસેથી સરવાળા-બાદબાકીની રીત શીખી લીધી. એકચિત્તે પ્રેમથી કામ કરનારને શીખવાનો ઉત્સાહ હોય તો વિદ્યા બહુ જલદીથી આવડે છે. ૭ માસમાં તો શ્યામા મોટી રકમોના સરવાળા સારી રીતે કરતાં શીખી ગઈ. એણે અભ્યાસ વધાર્યો. એક વરસમાં તો એ ખાતાવહીના સરવાળા કરી દેવા લાગી.

શ્યામા હવે નિયમિત રીતે નવ વાગે રાત્રે પતિને મદદ આપવા બેસતી, તે રાત્રે અગીઆર વાગ્યા સુધી કામ ચાલતું હતું. નામું મંડાતું, ખતવણી થતી, આંકડા તૈયાર થતા, કાગળો લખાતા, હુંડીઓ બીડાતી, માલની આવક-જાવક, વેચાણ તેમજ નિકાસના આંકડાવહીના કોઠા પણ ભરાતા હતા. આ સૌ કામોમાં શ્યામા સંપૂર્ણ સહકાર આપવા માંડી. ક્યાંય ભૂલ થાય તો એના ધ્યાનમાં તરત આવી જતું. એ પતિને ખૂબ માર્ગદર્શક થઈ પડતી હતી. ધીમે ધીમે એને વેપારમાં સમજણ પડવા લાગી. વેપારીઓનાં નામો, એમની આર્થિક સ્થિતિ, એમના જુદા જુદા સ્વભાવો અને માલ ઉપર લાગતા ખર્ચોની બાબતમાં આ અભ્યાસપ્રિય સ્ત્રીને જ્ઞાન મળવા લાગ્યું. કપાસ અને એરંડીઓની જાતો, એના તોલો, એના ભાવો, એની બજારની વલણો, એની સાફ કરવાની રીતિઓ, એમાં આવતી ખાદો, એમાં લાગતા ખર્ચો, તેમ જ થતા ભાવોના ફેરફારો વિષે શ્યામાને જ્ઞાન મળવા લાગ્યું. ત્રણ વરસમાં તો એ રામજીભાઈની સલાહકાર બની ગઈ. ખૂબ વિચારી આગળ પાછળ સમજી, વસ્તુસ્થિતિના વહેતા પ્રવાહોનાં કારણો સમજી એ અભિપ્રાય આપતી હતી. એનો અભિપ્રાય અને સલાહ રામજીભાઈને પસંદ પડવા લાગ્યાં; એમને ધંધામાં લાભ થયો.

રામજીભાઈને શરૂઆતમાં ત્રણ વરસ તો ઘણી મહેનત કરવી પડી, નવો ધંધો જમાવવામાં અનેક વિઘ્નો વેઠવાં પડ્યાં. ક્યારેક તો નિરૂત્સાહ થવાય એવા સંયોગો પ્રાપ્ત થતા હતા. તકરારો, વાંધાઓ, બજારની ઓચિંતી આવતી મંદી–તેજીઓ, આવી પડતા અકસ્માતો, ઈશ્વરી આફતો, વેપારીઓની લુચ્ચાઈઓ, માલમાં થતી હલકા માલોની ભેળસેળો, માલમાં ધૂળ, ભીનાશ અને બીજા દગાઓને લીધે ડગલે અને પગલે ઉત્સાહભંગ થાય એવા આઘાતો સરળ હૃદયના આ વેપારીને થતા હતા, પરંતુ વિઘ્નો સામે ઉત્સાહથી ટકી રહેવા માટે શ્યામા હમેશાં ઉત્તેજન આપતી હતી. વિઘ્નો વચ્ચેથી માર્ગ કાઢવાના રસ્તાઓ તે સૂચવતી હતી, જે ઘણા વ્યાજબી અને સુયોગ્ય જણાતા હતા. રામજીભાઈએ શરૂઆતમાં પહેલાં ચાર વરસોમાં બહુ થોડો નફો કાઢ્યો હતોઃ માંડ માંડ થોડી મૂડી ભેગી કરી હતી; પરંતુ સૌથી મોટો લાભ એમને પોતાની પેઢીનો પાયો જમાવવાનો થયો હતો. પાંચમું વરસ આ પેઢીને માટે સારૂં ગયું. રામજીભાઈને પાંચ હજાર રૂપિયા ચોખ્ખો નફો થયો.

રામજીભાઈને મોસમમાં જેતપુર ખાતે ઘણું કામ રહેતું હતું, પરંતુ મોસમ ઠંડી હોય અને સૌના હિસાબ તૈયાર થાય ત્યારે તેઓ વેપારીઓને મળવા માટે જિલ્લામાં પ્રવાસ કરવા નીકળી પડતા. પ્રથમ એક મોસમ તો તેઓ એકલા પ્રવાસે ગયા. વેપારીઓને મળવું, વેપારમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરવી, સૌનાં ખાતાંઓ મેળવવાં, હિસાબોમાં આપ--લે કરવી, પાકોને લગતી તપાસ કરવી–આ બધાં કામો કરવાનાં હતાં. ત્રણ માસ સુધી એમનો આ પ્રવાસ લંબાતો હતો. રામજીભાઈને પ્રવાસમાં ખાવાપીવાની અગવડો નડતી હતી. આથી પોતાની પત્નીના આગ્રહને લીધે તેને પણ પ્રવાસમાં તેમણે સાથે લઈ જવા માંડી. શ્યામા એમની સગવડો પૂરી પાડતી હતી. આ સિવાય વેપારના વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન પણ કરતી હતી.

શ્યામા એક સિદ્ધાન્ત માટે પતિને બહુ મજબૂત રાખી શકી હતીઃ આડતનું કામ કરવું તેમાં ઘરના વેપાર માટે સ્થાન રાખવું જ નહિ; પોતાના હિસાબે માલ ખરીદ કરી વેચવો નહિ; માત્ર આડતીઆઓના માલની લે-વેચ ઉપર પ્રમાણિકતાથી કામ કરી આડત મેળવવી. ધીમે ધીમે એમનું આડતનું કામ સારી રીતે જામી ગયું. રામજી વેલજીની પેઢી બહુ મજબૂત આર્થિક સ્થિતિમાં આવી. ઘરની મૂડી થઈ. દશ વર્ષે એમના જૂના શેઠે એમનું જીન અને પ્રેસનું કારખાનું રામજીભાઈને વેચી નાખ્યું.

૧૪

# ધીરજનાં મીઠાં ફળ

**રામજીભાઈનો** સંસાર સુખી હતો. વૃદ્ધ માતપિતા, પુત્ર, પુત્રીઓ, ભાઈઓ, કુટુંબપરિવાર, સંપ, સમૃદ્ધિ, યશ, ચારિત્ર, સંગઠન, પ્રતિષ્ઠા, સરલ સાદી રહેણી કરણી અને સારૂં આરોગ્ય એમને મળ્યાં હતાં. આથી એમને સંસારમાં જોઈએ તે સર્વે હતું. સર્વથી શ્રેષ્ઠ ભેટ પરમેશ્વરે એમના જમણા હાથ જેવી સુપત્ની શ્યામાની બક્ષી હતી. આખા ઘરની એ સૂત્રધાર હતી. ધીરજ, મધુર સ્વભાવ, પવિત્ર મનોભાવ, દીર્ઘદૃષ્ટિ, ડહાપણ અને સેવાથી સૌને સમભાવે રાખી રહી હતી. એની મહત્તા, ઉદારતા અને સરળતાનો પ્રભાવ કુટુંબના સર્વે સભ્યો ઉપર ખૂબ સરસ પડ્યો હતો. પરિણામે આ કુટુંબ આદર્શ તરીકે ગણાતું હતું.

વેલજીભાઈ પૌત્રના વિવાહ કરીને પરલોકમાં ચાલ્યા ગયા. ધોળી દાદીએ પણ પૌત્રની વહુને આવકાર આપી એ જ માર્ગે પ્રવાસ કર્યો. પૌત્રો અને પૌત્રીઓ રડતે હૃદયે વડીલોને સ્વધામ પહોંચાડી આવ્યાં.

કુટુંબ બહુ મોટું થઈ ગયું હતું. ચડભડવાના પ્રસંગો વડીલોની મીઠી નજર છતાં થતા હતા. સમય બદલાયો હતો. પશ્ચિમની સંસ્કૃતિના પ્રવાહો વેગથી આપણી પ્રાચીન સંસ્કૃતિ સાથે મળી જઈ નવા આધુનિક પ્રવાહો જગાવતા હતા. આપણી જૂની સંસ્કૃતિની ત્રુટિઓ નજરે પડતી હતી. એમાં રહેલા ગુણો દેખાતા બંધ થતા હતા. સંયુક્ત કુટુંબમાં રહેલી તકલીફોને યુવાનો ઓળખવા લાગ્યા હતા, તેમાં રહેલા સંગઠન અને એકસંપીના ગુણો અદશ્ય થતા હતા. સંયુક્ત કુટુંબ એટલે આત્મભોગ, સ્નેહ, પ્રેમ, પરમાર્થવૃત્તિ કેળવવાની શિક્ષણ-સંસ્થા એવું પોતાનું સ્વરૂપ ખોતી હતી. પતિપત્નીના ગૃહસ્થાશ્રમમાં જે સ્વતંત્રતા, એકાંતના સમયનો સુયોગ, વિકાસ અને ઈતિકર્તવ્યતા દેખાતાં હતાં તે તરફ નવો જમાનો આકર્ષાતો હતો.

શ્યામાએ નવા જમાનાનાં આવતાં પૂરોને દીર્ઘદષ્ટિથી નિહાળ્યાં. પાશ્ચિમાત્ય શિક્ષણને આધારે પોતાની સંસ્કૃતિ ઘડનાર યુવાન અને યુવતીઓ પોતાના સ્વતંત્ર ગૃહસ્થાશ્રમને માગી રહ્યાનો ઘંટનાદ એના હૃદય સુધી પહોંચ્યો. સમયના પ્રવાહને અનુકૂળ ન થનાર ત્યારે મુશ્કેલીઓમાં સપડાશે, એમ તે સમજી શકી. એણે રામજી વેલજીની પેઢીમાં ત્રણે ભાઈઓના ભાગો કરાવી આપ્યા હતા. સૌ ભાઈ હવે સારી આર્થિક સ્થિતિ પર આવી ગયા હતા. શ્યામાએ પોતાની પડોશમાં યોગ્ય સમયે બે ઘરો ખરીદ કરાવી લીધાં. આ ઘરોને ફરી બંધાવી ઉપર માળ સહિત તૈયાર કરાવ્યાં. એક હિંદુ કુટુંબને જોઈએ તે સર્વે સગવડો એમાં કરાવી લીધી. વાસણકુસણ, રાચરચીલાં, કબાટો, કૂવા, ગૌશાળા, સ્નાનગૃહ, બેઠક, આંગણું, તુલસીક્યારો એ સઘળી સગવડો કરાવી. પછી ત્રણ ભાઈઓને સાથે બેસાડી વહેંચણી કરાવી બધાને વિભક્ત કર્યા. મનમાં કાંઈ પણ ગ્લાનિ પામ્યા વગર અને એક પણ વાસણ ખખડાવ્યા વગર ત્રણે ભાઈઓએ જુદા ગૃહસ્થાશ્રમો સ્થાપ્યા. આમાં પણ રામજીભાઈ અને શ્યામાએ દેખીતી રીતે ભાઈઓની સાથે ઉદારતા અને મોટા મનથી કામ લીધું હતું.

***

**શ્યામા** કુટુંબની વડીલ અને સન્માન ધરાવનારી પૂજ્ય સન્નારી બની હતી. નાના બાળકથી માંડી મોટી વહુઓ એનું માન અને એની આજ્ઞા પાળી એના વડીલત્વને શોભાવતાં હતાં. શ્યામાએ પોતાના સસરાની પાછળ અને તેના નામથી ત્રણે ભાઈઓને પ્રેરણા આપી રાજ્યના આશ્રય અને સંચાલન નીચે અંગ્રેજી હાઈસ્કૂલની સ્થાપના કરાવી હતી. વળી ધોળીમાના નામથી અંગ્રેજી ત્રણ ધોરણ સુધીની કન્યાશાળાની સ્થાપના કરાવી. અગાઉના વડીલોનાં પુણ્ય કામો કરવાની પદ્ધતિમાં થયેલા પરિવર્તનને તે સમજી શકતી હતી. સાધુઓનાં સદાવ્રતો, ધર્મશાળાઓ, બ્રાહ્મણભોજનો, બ્રાહ્મણોને આપેલાં દાનો, ચોરાશીઓ, યાત્રાઓ, અને ભાગવતની સપ્તાહોનો જમાનો ચાલ્યો જતો એણે પારખી કાઢ્યો. તેને બદલે દાનના પ્રવાહનો માર્ગ શિક્ષણ, શાળાઓ, દવાખાનાઓ, ગરીબોની સેવા, આફતો સમયે મદદ, પછાત કોમોને આગળ લાવવાનાં કાર્યો વગેરે તરફ વહેશે તે એ સમજી શકી. એણે આધુનિક દાનપ્રવાહ તરફ પોતાનાંઓને પ્રેર્યાં.

શ્યામાએ યુવકોના વિવાહ–સગપણ બધાં કાર્યો પોતાની સલાહ અને રાહબારી નીચે કરાવ્યાં હતાં. યુવાનો હજી સુધી એમાં પોતાનું સ્વત્વ ચલાવે એવો પવન લાગ્યો નહોતો. એઓએ વડીલને પ્રાચીન પ્રણાલી પ્રમાણે આ કામો કરવા દીધાં હતાં. પરંતુ યુવાનોના વિચારોમાં પરિવર્તન આવી જે રીતે સંયુક્ત કુટુંબ તરફ તિરસ્કાર ઉત્પન્ન થતો હતો તે રીતે પ્રેમલગ્ન અને સ્વયંવર તરફ ઢળતી વલણ શ્યામા જોઈ શકી હતી. આવતા પ્રવાહના મહાવેગમાં તણાવું ન હોય તો યુવાનોને સ્વતંત્રતા આપવાની વડીલોની ફરજ હોવાનું એણે માન્યું. યુવાનો અને યુવતીઓ આધુનિક શિક્ષણ મેળવશે, એમને યુરોપનું વ્યક્તિસ્વાતંત્ર્ય પોતાના તરફ આકર્ષશે એ તે સમજી શકતી હતી. એમના પરિણામો ડાહ્યા ગુજરાતી પોતાના સમાજને અનુકૂળ બનાવી લેશે, એમ પણ તેનું માનવું હતું. ડાહ્યા વડીલોએ આવા પ્રવાહની

સામા થવાને બદલે એને અનુકૂળ થઈ કલ્યાણમાર્ગે વાળવો જોઈએ એ હિતાવહ હોવાનું તેના ખ્યાલમાં હતું.

આધુનિક શિક્ષણ વ્યક્તિસ્વાતંત્ર, પ્રેમલગ્ન, વ્યકિતગૃહસ્થ-જીવન, વહેમો અને ધર્મદંભ ઓછાવત્તા પ્રમાણમાં લઈ આવશે, એમ ચોખ્ખું શ્યામા જોતી હતી. જ્ઞાતિબંધનો, સંપ્રદાયનાં બંધનો, સ્પર્શાસ્પર્શના બધા જૂના કાયદાઓનું શૈથલ્ય પણ એ અટકળી શકતી હતી. એણે તો પોતાની સદ્‌બુદ્ધિથી પોતાના સંસારનાવને અનુકૂળ માર્ગે અને કલ્યાણમય પવનના યોગથી સુખ—સગવડવાળા કિનારે હંકાર્યું હતું. એને ગીતાજીના મહાવાક્યમાં વિશ્વાસ હતો કે સારૂં કરનારનું ખરાબ ક્યારેય પણ થતું નથી. આંબાની ગોટલી જેમ મધુર ફળો જ આપે છે તેમ સદ્‌બુદ્ધિ સારાં મીઠાં ફળો જ આપે છે. પરંતુ સમાજમાં જે મહાન ક્રાન્તિ આવી રહી હતી તે એ જોઈ શકી.

હવે શ્યામા પણ પ્રૌઢ થઈ હતી. પરમાત્માએ એના ઉદરથી સંતતિ નિર્માણ કરી નહોતી; પરંતુ પોતાના પતિની આગલી સ્ત્રીની સંતતિ ઉપર એણે અનહદ માતૃપ્રેમ ઢાલવ્યો હતો. એમને સારી રીતે એણે ઊછેરી સુસંસ્કારી બનાવ્યા હતા. અજિત, ગંગા અને વેણીને ત્રણેયને સારી કેળવણી આપીને પરણાવ્યાં હતાં. સૌ સુખી માતાનાં સંતાનો સંસારની સુખસગવડો ભોગવતાં હતાં. રામજી-ભાઈના ધંધાનું સુકાન હવે અજિતના હાથમાં સોંપાયું હતું. રામજીભાઈ નિવૃત્તજીવન ગુજારતા હતા. શ્યામા વહુ મટીને હવે મોટીબા બની હતી. એણે પણ ઘરનો કારભાર વહુના હાથમાં સોંપ્યો હતો.

શ્યામાની માતા ગોમતી પણ પાંચ વર્ષો થયાં અતિ વૃદ્ધ ઉંમર ભોગવીને ચુનીભાઈ પાસે વિદાય માગી પરલોકનિવાસ માટે સિધાવ્યાં હતાં. તે પહેલાંથી જ ચુનીભાઈનો બીજી વાર વિવાહ થયો હતો. એમનાં પત્નીને સાસુનું વડપણ પસંદ ન હોવાથી તે પોતાના પતિ સાથે સોલાપુર ગઈ હતી. કમળા દાદીમાની સાથે રહી એમના વૃદ્ધત્વની લાકડી બની

રહી હતી. ચુનીભાઈના નવા સંસારમાં બે પુત્રો અને એક પુત્રીની નવી ભરતી થઈ હતી. એઓ બેત્રણ વર્ષે નવા કુટુંબ સાથે દેશમાં આંટો દઈ જઈ વડીલોના ચરણે માથું નમાવી જતા હતા. કમળાને ચુનીભાઈના નવા સંસારમાં પોતાને માટે યોગ્ય સ્થાન દેખાતું નહોતું; એ દાદીમાની સ્નેહાળ હૂંફમાં રહી હતી. તેથી દાદીમાના સ્વર્ગગમન પછી કમળાએ સ્વેચ્છાએ ફોઈનો સ્નેહાળ આશ્રય અનુકૂળ ગણ્યો હતો.

શ્યામાફોઈએ કમળાનું નામ બદલાવી અનસૂયા રાખ્યું હતું. રામકથામાં અત્રિ ઋષિનાં પત્ની અનસૂયા એમનાં આદર્શ હતાં એટલે એ આદર્શનું નામ પોતાની પ્રિય ભત્રીજીને એમણે સ્નેહપૂર્વક સમર્પ્યું હતું.

અનસૂયાને શ્યામાએ પ્રાચીન તેમજ અર્વાચીન શિક્ષણ આપવાનો પણ સારો પ્રબંધ કર્યો હતો.

# ખંડ બીજો

## ૧૯

# અનસૂયાનો સંસાર

બ્હેન અનસૂયા કોડભરી કિશોરી હતી. એણે અંગ્રેજી ઇન્ટરમાં પ્રવેશ કર્યો હતો. એનું લેસન ઉપર ધ્યાન નહોતું; જેમતેમ ગોખણપટ્ટી કરી પરીક્ષા છેલ્લે નંબરે પાસ કરવાના એના પ્રયત્નો હમેશાં ફતેહમંદ થતા નહોતા. અંકગણિત, ભૂમિતિ, સંસ્કૃત ને વ્યાકરણના કઠિન નિયમોનું ગોખણીઉં જ્ઞાન એને અકળાવતા હતા. એના શિક્ષક તેમજ પિતાની ટોકથી એ લેસન હાથમાં લેતી હતી. પરંતુ गम (गच्छ) ૮૦ ૬૦ વગેરે યાદદસ્ત કરવાના શબ્દોમાં એ ચિત્ત પરોવી શકતી નહિ. એને તો આકાશવિહાર જોઈતો હતો. એણે ગુજરાતી સાહિત્યને ડ્હોળી નાખ્યું હતું. અંગ્રેજી નોવેલોમાં એનું મન ચોંટતું નહોતું, પરંતુ ગુજરાતી ઉચ્ચ સાહિત્યના પ્રદેશમાં એનો અંતરાત્મા ખૂબ રાચતો હતો. એમાં એ ભાન ભૂલી હતી. એનું પ્રાચીન સખી

મંડળ વિશાળ હતું. શકુન્તલા એને પોતાનાં હરિણ બાળકોની રમતો દેખાડતી, સીતા મૈયા એને પોતાની પર્ણકુટીમાં લઈ જઈ ફળાહાર કરાવતી હતી, દેવી દમયંતી એને પોતાનો સ્વયંવર તાદૃશ દેખાડતી સાવિત્રીદેવી એણે તે વનમાં બનાવેલા ક્યારા બતાવતી હતી. આવી મનોકલ્પનાની સૃષ્ટિમાં અનસૂયા કિશોરીમાંથી યુવતી બનવામાં પગલીઓ પાડતી હતી. એનો જીવનવિકાસ આલ્હાદ અને કલ્પના-પ્રદેશમાં વિહાર કરતો હતો.

બહેન અનસૂયાના વિવાહ માટે એના પિતાને ચિંતા હતી. જ્ઞાતિ નાની અને સંકુચિત હતી, જ્ઞાતિબહાર જવા જેટલી હિંમત માતપિતામાં નહોતી. વળી ફોઈબા પણ એમ કરવા દે નહિ. આથી બહુ ખટપટને અંગે અને શોધખોળને અંતે મુંબઈમાં એક વિધુર પણ ધનવાન શેઠને ત્યાં એનું માંગુ થયું. છોકરી દેખાવડી સશક્ત અને સ્ફૂર્તિવાળી હતી. સત્તર વર્ષ પૂરાં કરી અઢારના આંગણે પગ માડ્યા હતા. અનસૂયાને પૂછ્યા વગર સગપણ થઈ ગયું, આ તો છોકરીના નસીબ બુલંદ છે. આવા ધનવાન પ્રતિષ્ઠાવાનના ઘરની ગૃહરાણી થવું એ તો ભાગ્યશાળી કન્યાના નસીબમાં જ હોય. એના ગ્રહો અતિ ઉચ્ચ છે, એમ ફોઈબા બોલ્યાં હતાં.

અનસૂયા બહેન મુંબઈ સાસરે આવ્યાં, પતિ શ્રીમંત હતા, ચાલીસ વરસની ઉંમર હતી. શેર બજારના સટોડીઆ હતા, એમનો પોતાનો બંગલો હતો. નાનો બગીચો હતો. માળી, બે નોકર, એક દાસી અને મોટરનો ડ્રાઈવર એટલા નોકરો હતા. ઘરમાં ડોશીમા સિત્તેર વર્ષનાં ઝાડવાં જોઈ કુટુંબ ઉપર પોલાદી ચોકઠાથી શાસન કરતાં હતાં. નાનો પૌત્ર અને નાની પૌત્રી તે (રમણલાલની પહેલી પત્નિનાં સંતાનો) દાદીમાએ લાડકોડથી બગાડ્યાં હતાં. ડોસીમા તદ્દન અભણ હતાં, કાળા અક્ષરને કૂટી મારે તેવાં હતાં.

રમણલાલ અંગ્રેજી ત્રીજી ચોપડી ભણ્યા હતા. પછી નાનપણથી જ

એક શેરદલાલની નોકરી કરી શેર બજારની આંટીઘુંટી જાણી લીધી હતી. છેલ્લાં વીસ વર્ષ થયાં ઠેઠ નીચેની પાયરીથી ઉપરની પાયરીએ ચડ્યા હતા, ભારે મહેનતુ અને બુદ્ધિમાન ગૃહસ્થ હતા. પૂરાં ૨૭ વરસ શેરબજારના ગ્રાહકોને રીઝવવામાં ગાળ્યાં હતાં, કોઈને પણ ગાળી, અગડંબગડં સમજાવી એના ગળામાં શેરો ઓળવી દેવામાં એમની પાસે ભારે કળા હતી. ૨૭ વરસ થયાં દલાલી કરતાં જીભને ટેરવે સરસ્વતી વસી હતી. કોઈ દિવસ પુસ્તક હાથમાં લીધું નહોતું, સંસ્કાર કેળવવાની ફુરસદ હતી નહિ; શેરબજારનો ઇતિહાસ, કારખાના-ઓનાં ડિવિડન્ડો અને મિલોનાં છેલ્લાં સરવૈયાંના ભયંકર અભ્યાસી હતા, અતિ સાવધ હોવાથી પોતાના માથે મોટું જોખમ રાખત નહિ. આથી શેરબજારના ૨૭ શિયાળાઓએ પણ તેમને સૂકવ્યા નહોતા. શરીરે સૂકલકડી હતા, પણ આખો દિવસ ઘરાકોનાં પગથીઆં ઘસી નાખતા. એમ છતાં એમને થાક લાગતો નહોતો. શેરના વલણની પતાવટ પણ કુશળતાથી કરતા હતા. કામકાજના પ્રવાહમાં રાત્રિદિવસ એમને સરખા હતા. દલાલોની પરસ્પરની હરિફાઈમાંથી સહિસલામત નીકળી જવાના અનેક માર્ગોની એમને ખબર હતી. એમને સંખ્યાબંધ સિગારેટો ફૂંકવાની ટેવ હતી. રાત્રિદિવસ વાતો કરતાં કરતાં એઓ સિગારેટનો મહાયજ્ઞ ચાલુ જ રાખતા હતા.

ડોસીમા જેશ્રીકૃષ્ણ આ હતાં, બહારનાઓની સાથે ભારે સલુકાઈભરેલો અને મીઠો સંબંધ રાખતાં હતાં. ડોસીમા કોઈ બહારનાને દુભવતાં નહિ. મંદિરોના પૂજારીઓ, જળાધારીઆ વગેરેને સારી રીતે સન્માનતાં હતાં. મોટરમાં બેસી મંને સમય દર્શને જતાં હતાં, પરંતુ ઘરના નોકરો ઉપર ભારે કડક હતાં નોકરો વારંવાર બદલાતા હતા. મુવા-પીટચા સિવાય તેમની સાથે એ વાત કરતાં નહોતાં, એમનાં પૌત્ર-પૌત્રી એ એમનાં ખાસ પ્રીતિપાત્ર હતાં, એમને લાડ લડાવતાં હતાં—પાણી માંગે તો દૂધ આપતાં હતાં.

ઘરના નોકરો ડોસીમાથી ધ્રૂજતા હતા, પરંતુ એમની વૃદ્ધાવસ્થા અને નજરે ઓછું જોવાની ઝાંખપનો એઓ લાભ લેતાં હતાં; એઓ ડોશીમાની આંખમાં ધૂળ નાખવા ટેવાયલાં હતાં: લાગ આવ્યે અનાજ, ઘી, સાકર કે વસ્ત્રોની તફડંચી કરી જતાં હતાં. ડોશી વૃદ્ધાવસ્થાને લીધે ભૂલકણાં થઈ ગયાં હતાં. એટલે નોકરોને એ પોલનો લાભ લેવાનું ફાવતું હતું. છતાં ડોશીમા નજીવા કારણે એટલી ગાળાગાળી કરી સાતે પેઢીને સંભારતાં કે સ્વમાનવાળો નોકર ટકી જ શકતો નહિ. સારા કામ કરનારને માટે ઇનામ, પગારનો વધારો કે યશ દેવાનું તો ડોશી શીખ્યાં જ નહોતાં, ખરાબ કામ કરનાર માટે લાલ આંખ બતાવવા જેટલું જોવાપણું એમની આંખમાં વૃદ્ધાવસ્થાને લીધે રહ્યું નહોતું. આથી ઘરનો કારભાર ખૂબ અવ્યવસ્થિત ચાલતો હતો.

સાત વરસનો મંજુલાલ અને પાંચ વરસની મેના રમણલાલની બીજી પત્નીનાં બાળકો હતાં. બંને પત્નીઓનાં અકાળ મરણોમાં ડોસીમાનો હાથ હોવાની લોકવાયકા હતી. કાનને દોષ છે, પરંતુ ડોસીમા વહુઓનાં માબાપને શબ્દવૃષ્ટિથી વધાવવામાં કુશળ હતાં. વહુઓ ઉપર સિપાઈની પેઠે ચોકી રાખતાં પરંતુ બાળકો ઉપર એમનું અપાર હેત હતું. બાળકો કાંઈ નુકસાન કરે તો પણ કહેવાય જ નહિ. એમની દરેક ઇચ્છા પૂર્ણ થાય, એમના દરેક તરંગને પૂરા કરવાની આજ્ઞાઓ છૂટે. દાદીમાના લાડથી બાળકો તરંગી, ખોટાં જીદ્દી અને વાત વાતમાં રોતલ થયાં હતાં. જરા વાત ન માને તો બેન્ડ વાજું વાગતાં વાર ન લાગે, દાદીમાને પૌત્ર–પૌત્રીને શણગારવાનું બહુ ગમતું હતું. બાળકો સ્કૂલમાં દાદીના ઉપરાણાથી જતાં જ નહોતાં; તેમને માટે માસ્તર ઘેર આવતો હતો, પરંતુ ભણવામાં પ્રગતિ જૂજ હતી.

ઘરનું વાતાવરણ શુષ્ક હતું. ડોશીમા પોતાના પૂજાપાઠ, દર્શન અને બાળકોમાં રોકાયેલાં રહેતાં તેથી, અને વૃદ્ધાવસ્થાને લીધે દેખરેખ નહોતી રખાતી. રમણલાલને તો શૅરબજાર સિવાય ઘર તરફ જોવાની

ફુરસદ જ નહોતી. આથી નોકરો સ્વેચ્છાચારી થયાં હતાં, વિશાળ બંગલાની અંદર સ્વચ્છતા પણ રહેતી નહોતી. જ્યાં ત્યાં કચરો અને ડાઘા હતાં. ફર્નિચર કિંમતી હતું, પરંતુ રોજ સાફ ન થવાથી એ ઝાંખું પડી ગયું હતું. ભીંતમાં ઊંચે જાળાં બાઝયાં હતાં. રસોડામાં પુષ્કળ વાસણો અહીં તહીં અવ્યવસ્થિત પડયાં રહેતાં. એ દરરોજ બરાબર માંજાતાં નહિ; એટલે ઝાંખાં અને મેલાં લાગતાં હતાં. અનાજ અને ગોળ ઘીની પુષ્કળ વિપુલતા હતી, છતાં એ બરાબર સાફ રહેતા નહિ. એનો દુરૂપયોગ પણ થતો હતો, રસોઈઓ જોઈએ તે કરતાં વિશેષ રાંધતો હતો. તેને પાન અને તમાકુ ખાવાનું વ્યસન હતું. આથી વારંવાર લાલ પીચકારીઓ છોડી એમણે બારીબારણાંના ખૂણા રંગી નાખ્યા હતા. બાથરૂમ અને પાયખાનું તો ખૂબ જ અસ્વચ્છ રહેતાં હતાં.

છોકરાંઓ બહુ લાડકોડને લીધે ચીડીઆં બની ગયાં હતાં. તેમની અયોગ્ય પદાર્થો ખાવાની જીદ ઉપર અંકુશ નહોતો એટલે એક પછી એક વારંવાર માંદાં પડતાં. ડોસીમા આને માટે બ્રાહ્મણો પાસે મંત્ર-જંત્ર જપાવતાં હતાં. એમણે બાળકોને અનેક ધાગા દોરા અને માદળીઆં બંધાવ્યાં હતાં. વેણીરામ જોષી આંખે ચશ્મા લગાડી હમેશાં પંચાંગ લઈ આંગળીએ ધન, મકર, કુંભ ગણતા છોકરાંઓની ગ્રહપીડા માટે જપતપ કરાવવાની વિધિઓ શ્રદ્ધાળુ દાદીમા પાસે કરાવતા હતા. ડૉકટરને તો વર્ષાસન મળતું જ હતું. છોકરાંઓ ડૉકટરની કડવી દવાઓ બહુ થોડી જ પીતાં હતાં; તેમાંનો મોટો ભાગ તો ગટરમાં જ જતો હતો. ચીડીઆં બાળકો નોકરોને મારી લેતાં હતાં. વળી કદીક ડોશીને ગાળો પણ દેતાં; એ ગાળો દાદીને ગમતી હતી.

રમણલાલને ઘર તરફ જોવાની ફુરસદ નહોતી. એમને ખાવાનો, પહેરવાનો કે બીજા કોઈ શોખ માટે સમય જ નહોતો, બાળકોને રમાડવા કે જોવાનો સમય તો મળતો જ નહિ. જમવા પણ ખૂબ અનિ-

સમિત આવતા હતા. પરંતુ ઘરમાં કોઈ જાતની દરકાર કરતા નહિ; નોકરો ઉપર પણ દેખરેખની વાત જ નહોતી. તેમને પગાર નિયમિત આપતા હતા. એમની પોતાની જરૂરિયાતો બહુ નહોતી. જેવું ખાવાનું બે સમય મળતું તે જલદી જલદી ખાઈ છેલ્લે કોગળે મોઢામાં પાન નાખી મોટરમાં બેસી શેરબજારમાં ભાગતા હતા. ત્યાં સિગારેટો અને હોટેલની ચાહના પ્યાલા વચ્ચે ગ્રાહકોની સાથે માથાકૂટમાં એમનો સમય વ્યતીત થતો હતો.

આવા અવ્યવસ્થિત અને અસંસ્કારી વાતાવરણમાં અનસૂયા આધેડ વરનું ઘર વસાવવા આવી. નવી વહુએ સગી આંખે આ વાતાવરણ જોયું. પિતાના ઘરમાં ધન–ઐશ્વર્ય નહોતાં, પરંતુ સાદાઈ, સુઘડતા, કરકસર અને સુસંસ્કારિતા હતાં. અહીં તો એના જોવામાં જે આવ્યું તેથી એને શોક થયો. એને વૃદ્ધ સાસુએ પ્રથમ તો નવી વહુ તરીકે લાડકોડથી વધાવી લીધી, નવી વહુનો પડતો બોલ ઝીલાયો; પરંતુ એ થોડા જ દિવસો સુધી ચાલ્યું. ડોસીમાએ આગલી વહુઓ અને ઘરસંસાર ઉપર ત્રીસ વર્ષોના લાંબા ગાળા સુધી સંપૂર્ણ શાસન ભોગવ્યા પછી કોઈ બહારથી તરત આવેલ યુવતીની દખલગીરી ઝીલવા માટે એ તૈયાર નહોતાં; એમના એકતંત્ર રાજ્યમાં કોઈની ખલેલ એમનો સ્વભાવ સહન કરે તેમ નહોતો. નોકરોને પણ પોતાની સ્વચ્છંદતા ઉપર કુહાડા મારનાર જોઈતો નહોતો. બાળકોને પણ એમના ચીડીઆપણા ઉપર અંકુશ રાખનાર અણગમતું થાય તો નવાઈ નહિ. દાદીમા પોતાનાં વહાલાં બાળકોના પ્રેમમાં કોઈ ભાગ પડાવે તે જોવા ઈચ્છતાં નહિ; તેમ એમની ધાર્મિક અંધશ્રદ્ધામાં સુધારા કરવાની સૂચના પણ એમને અપ્રિય થઈ પડતી.

અનસૂયાએ આ સઘળો શંભુમેળો જોયો. એને ખેદ થયો. આ સઘળું સુધારવાની એને પ્રબળ ઈચ્છા થઈ. પણ શરૂઆત કેમ કરવી તે એને સમજાયું નહિ. ડોસીમા સમક્ષ એણે મધુર સ્વરે શરૂઆતમાં

થોડીક સૂચનાઓ મૂકી. થોડા દિવસ સાસુએ હા–નાનો જવાબ દીધો નહિ, પણ પછી તો એમણે વહુને ઉધડી જ લીધી. "તું ઘરમાં શું સમજે ? હું વૃદ્ધ અનુભવીને તું બાળક શું સમજાવનારી હતી ? તને ઘરસંસારનો અનુભવ શું ? બેડી બેડી ઘરમાં જોયા કર; ક્યાંયે આ ઘરમાં માથું મારીશ નહિ. તારૂં એમાં કામ નહિ; તું ઘરમાં સમજે નહિ; આપણા માન–મરતબા પ્રમાણે સૌ ચાલે છે તેમ ચાલવા દે."

આથી અનસૂયા ઘરકામ કે તેની વ્યવસ્થાથી અલિપ્ત રહી. નોકરો પણ અનસૂયા માત્ર ઢીંગલી હોય તેમજ એની સાથે વર્તવા લાગ્યા. એની આબરૂ માત્ર એક સ્થળે બેસી રહેવામાં જ રહી. કોઈ એની પ્રતિષ્ઠા કે કદર કરનાર નહોતું. પતિને વાત કરી તો એ તો માત્ર હસી કાઢતા. તેઓ તો એને કહેતા કે 'તું તારે ઘર બેડી આનંદમાં સમય પસાર કર, કપડાંલત્તાં જે જોઈએ તે ખરીદી લે, પરમાત્માએ ઘણું આપ્યું છે, તારે આ જંજાળ કરવાની જરૂર નથી; દર દાગીનો કાંઈ મન થાય તો ખરીદી લેવો, તેની કિંમત માટે વાંધો નથી; પરંતુ આ ઉપાધિમાં પડીશ નહિ; મઝા કર અને આનંદ ભોગવ. આજે સાંજરે આપણે સિનેમામાં જવું છે. "સેવા"ની નવી ફિલ્મ બહુ જોવા જેવી છે. ત્યાંથી મોનજીભાઈ રેશમવાળાની દુકાનેથી રેશમની થોડી સાડીઓ ખરીદવાની છે. હું સાંજે પાંચ વાગે આવીશ. તૈયાર રહેજે."

અનસૂયા કોડભરી યુવતી હતી. એને પોતાનો સંસાર સુધારવો હતો, ઘરમાં વ્યવસ્થા લાવી સુઘડ બનાવવાનાં એણે સ્વપ્નાં સેવ્યાં હતાં. આથી હમણાંની સ્થિતિ એને ભારે મૂંઝવણ ઉત્પન્ન કરતી હતી. એ મનમાં ભારે ત્રાસી ગઈ. કેમ કામ શરૂ કરવું ? ત્યાં પણ ઉત્સાહ કે અનુમોદન નહોતાં, બધેથી ઉત્સાહને દાબી દેનારા જવાબો મળતા હતા. સગી આંખે અવ્યવસ્થા નિભાવવી પડતી હતી. પતિ, પુત્ર પુત્રી, સાસુ, નોકરો ઘર સર્વે સુવ્યવસ્થા માગતાં હતાં. પણ શરૂઆત કેમ કરવી ? એની દરમ્યાનગીરી કોઈ સ્વીકારે તેમ નહોતું; બાળકો તો એના તરફ જોતાં જ નહોતાં.

# અનસૂયાની સંસાર સુધારવાની કોશીશો

બહેન અનસૂયાને પોતાના સંસાર તરફ અંધશ્રદ્ધા, અસુઘડતા, સ્વચ્છંદતા અને અસંસ્કારીપણાના વાતાવરણે એના સુઘડ આત્માને મૂંઝવી દીધો. એને માર્ગ સૂઝતો નહિ. જરાપણ જૂની ઘરેડને બદલવા જતાં ચારે તરફથી વિરોધ પ્રકટી નીકળી તેને વિંટાઈ વળતો હતો. એને કોઈ સહકાર આપતું નહોતું. આખા મોટા બંગલામાં તેનું કોઈ નહોતું, પેટની વાત કરવાનું સ્થાન નહોતું. તે જંગલની વચ્ચે એકાકી થઈ ગઈ હોય તેવી સ્થિતિ લાગતી હતી. એની વહારે ધાય એવું કોઈ નહોતું. ચારે તરફ નિરાશાનું વાતાવરણ હતું. મુંબઈમાં તેની કોઈ સખી પણ નહોતી, સલાહકાર પણ નહોતું. શું કરવું? ક્યાં જવું?

અનસૂયાએ પુસ્તકો ખરીદીને તે વાંચવામાં સમય ગાળવા માંડ્યો, એને સારાં પુસ્તકો મિત્રોની ગરજ સારતાં હતાં. એણે પ્રથમ ગુજરાતી સાહિત્ય વાંચવા માંડ્યું. પ્રેમાનંદ, નરસિંહ મહેતા ને નર્મદા-

શંકરનું પ્રાચીન સાહિત્ય એણે વાંચ્યું; નાનાલાલ, મુનશી, ખબરદાર, ધ્રુવ વગેરે લેખકોનું નવું સાહિત્ય પણ એણે વાંચ્યું. વળી એણે સંગીતમાં સમય ગાળવા માંડ્યો. પોતે દિલરૂબા સારી વગાડી જાણતી હતી. ધીમે સ્વરે વાજિંત્ર ઉપર એ મધુર ગીત પણ ગાતી હતી. પ્રાતઃકાળે ઊઠી પોતાનું નિત્યકામ પતાવી વ્યાયામ કરીને એ સ્નાન કરી લેતી; પછી પોતાના ઓરડાને પોતાને હાથે સ્વચ્છ કરી લેતી. સવારનો નાસ્તો પતાવીને થોડાં ઈશ્વરસ્તુતિનાં પદો તે મધુર હલકે ગાતી; સવારના એક કલાકના વાચન પછી એ બગીચામાં થોડુંક ફરતી હતી. થોડો આરામ લીધા પછી જમવાનું તેડું આવતું તે પછી એનો બપોરનો સમય એના પ્રિય ચિત્રાલેખનમાં જતો હતો. સાંજે એ પોતાનું એક ઊનનું બંડિયું ગૂંથતી હતી, ઘરની દુનિયા સાથે ટુંકાક્ષરી સવાલ-જવાબ સિવાય એને બીજો સંબંધ ન રહ્યો.

અનસૂયા આરામ અને ઉદ્યોગની વચ્ચે સમય પસાર કરતી હતી, પરંતુ આ સ્થિતિ એને અકળાવતી હતી. પોતાની આસપાસ સંસ્કારભર્યું વાતાવરણ ઊભું કરવાનું એને ગમતું હતું; કેમ ઊભું કરવું એ એને સૂઝતું નહોતું, એને અનુભવ નહોતો. એ શાંતિથી વિચાર કરતી હતી, પણ માર્ગદર્શન મળતું નહોતું. એ સમજાવવા જતી તો તેનો અર્થ ઊંધો લેવાતો હતો. જો સાસુને કાંઈ કહેવા અથવા માર્ગદર્શન કરાવવા જાય તો સાસુ બરાડી ઉઠતાં કે ‘ બેસ બેસ ડાહ્યલી! તું આ વાતમાં શું જાણે? મેં સિત્તેર વર્ષ કાઢ્યાં છે. ધોળાં આવ્યાં છે તે મને શું શીખવવા આવી છે?’ છોકરાઓને તો ડોસીમા અનસૂયાની નજદિક જવા જ દેતાં નહોતાં. છોકરાંઓના હૃદયમાં ડોસીમાએ ‘ સાવકી મા તો વેરણ છે ’ એવો મંત્ર ફૂંક્યો હતો. છોકરાંઓના તિરસ્કારને એ પાત્ર થઈ હતી.

અનસૂયાને એકાએક સૂઝી ગયું: જો ઘરમાં સંસ્કાર લાવવા હોય તો આ વૃદ્ધ સાસુને અનુકૂળ બનાવવાં જોઈએ—એના અભાવને

જીતવો જોઈએ. ડોસીમાને વશ કરવાથી આખા ઘરના વાતાવરણને ઉચ્ચ અને શુદ્ધ બનાવી શકાશે. પરંતુ એ જૂના સંસ્કારવાળી બાઈના સ્વભાવને વશ કરવો એ સહેલી વાત નહોતી. વૃદ્ધા કોઈની વાત સાંભળે તેમ નહોતાં; અત્યંત આગ્રહ અને કડક નિશ્ચયી હતાં. કોયડો ભારે કઠિન હતો. પોતાની સત્તા અને નિરંકુશ આધિપત્યને એ કદી પણ તોડવા દે તેમ નહોતું વાત કરવા પહેલાં તો ડોસી ડાચું ભરતાં હતાં. એને કઈ રીતે વશ કરવી?

આપોઆપ અનસૂયાના હાથમાં પ્રસંગ આવી પડ્યો. ડોસીમાએ પ્રસાદની મિઠાઈ વધારે પ્રમાણમાં ખાધાથી એમને દસ્ત થયા. ડૉકટરની દવા કોઈ દિવસે જીભે ચાખી નહોતી, એટલે વૈદ્યને બોલાવી દવા કરી; પરંતુ પથ્યાપથ્યની દરકાર વગરના વૃદ્ધ શરીરમાં આરામ થયો નહિ. શરીરમાં બળ હતું ત્યાં સુધી ડોસી પાયખાને ઊઠીને જતાં હતાં, પરંતુ નિર્બળતા આવતાં એમનાથી ઉઠાતું નહોતું, નોકરો નિરંકુશ હતા, બોલાવતાં પણ સમય કાઢી નાખતા હતા, બિછાનું બગડી જતું હતું. વસ્ત્રો પણ બગડતાં તે વારંવાર બદલાવવા માટે ચાકરો બહુ સમય લગાડતા હતા. ધીમે ધીમે રોગ ફેલાયો. અશક્ત શરીરવાળા જાજરમાન સ્વભાવનાં ડોસી રાડો પાડી થાકે ત્યારે કોઈ નોકર મોઢું દેખાડે; વૃદ્ધાનો સ્વભાવ એવો જ છે, એમ જાણી એમના ઠપકા અને આકરા શબ્દોની કિંમત નોકરોને રહી નહોતી. ડોસી બેદરકારી અને સેવાના અભાવથી પીડાવા લાગ્યાં.

એક દિવસ ડોસીએ ખૂબ રાડો નાખી. નોકરો જમતા હતા; કોઈ આવ્યું નહિ. વૃદ્ધાનાં કપડાં અને બિછાનું તદ્દન અસ્વચ્છ થઈ ગયાં હતાં. માખીઓ ચારે તરફ બણબણતી હતી. ડોસીએ અર્ધો કલાક બૂમો પાડી છતાં કોઈ આવ્યું નહિ, ડોસી અકળાઈને રોવા લાગ્યાં. તે સાંભળી એકદમ અનસૂયા ગભરાઈને પોતાનું ગૂંથણકામ પડતું મૂકી બહાર નીકળી આવી.



સેવાપરાયણ સુશીલા પુત્રવધૂ

ઘડપણમાં મા પોતાની પુત્રી તરફથી સેવાની અપેક્ષા રાખી શકતી નથી; પણ સુશીલ પુત્રવધૂ એ ખોટ પુરી પાડી શકે છે. પતિની મા તે પોતાની મા છે તેમ ગણી સાસુની સેવા કરવી એ ઘરની રાણીનું કર્તવ્ય ને આદર્શ છે.

"શું છે મા? કેમ ગભરાઓ છો?"

"આ પીટયા નોકરડા કોઈ આવતા નથી! મારાં કપડાં તથા બિછાનું બધાં બગડી ગયાં છે. રાડો પાડી થાકી ગઈ છું." વૃદ્ધાએ રોતાં રોતાં કહ્યું.

અનસૂયાએ મધુર શબ્દોમાં એનું સાંત્વન કર્યું. પોતે અભરાઈ પરથી ગડી વાળેલાં સાસુનાં કપડાં લઈ આવી. પોતાને હાથે સાસુનાં અંગો ધોયાં, કપડાં બદલાવ્યાં. બિછાનાની ચાદર બદલાવી દીધી, વૃદ્ધાને આરામથી સુવાડી એને ઓઢાડયું. માખીઓ હેરાન કરતી હતી, એટલે પોતાના ઓરડામાંથી પંખો લાવી પંખો નાખવા માંડયો. સાસુએ વહુ તરફ આભારની દૃષ્ટિએ જોયું. એ સેવા એના નબળા શરીરને ગમી. તે દિવસથી સાસુની સેવાનો ભાર અનસૂયાએ ઉપાડી લીધો. નોકરોને બદલે સાસુનું બધું કામ એણે જાતે કરવા માંડયું.

અનસૂયાએ સાસુ પાસે હવે વધારે વખત ગાળવા માંડયો. દવા પણ પોતાના હાથથી ખવરાવતી. એના માટે પથ્ય ખાવાનું બનાવવાની વરદી પણ એ જ આપતી હતી; મોસંબીનો રસ કાઢી એજ પીવરાવતી હતી; કપડાં ધોવરાવવાં ને તેમની વ્યવસ્થા કરવી તે ઉપર પણ દેખરેખ એની જ હતી. બિછાના પાસે બેસીને અનસૂયા પોતાની દીલરૂબા લઈ વગાડતી હતી અને મીરાંબાઈ, સૂરદાસ, તુલસીદાસનાં ભજનો બહુ મધુર હલકથી ગાઈ સંભળાવતી હતી. વળી રાત્રે નિયમિત ભાગવત વાંચી સંભળાવતી હતી. બિછાનું બરાબર પાંચ છ વખત ઝટકાવીને સાફ કરાવતી હતી. સાસુનાં સર્વે અંગો ભીના ટુવાલથી સાફ કરાવી ને સુકા ટુવાલથી લુછાવી નાખતી હતી. ઠાકોરજીના પ્રસાદ તરીકે મિઠાઈને બદલે તાજાં ફળોનો રસ એણે આપવા માંડયો, દવા પણ નિયમિત પાવા લાગી. દર્દીની જાતે વૈદ્યની સૂચના પ્રમાણે સારવાર ઉપર દેખરેખ રાખવા માંડી; એના બિછાના ઉપર

ધોયેલી સાફ ચાદરો પથરાવા લાગી; એનાં કપડાં પણ સાફ રહેવા લાગ્યાં, ઓરડો પણ ત્રણ વખત ફિનાઈલથી લુછાવા માંડ્યો. દર્દીના બિછાના પાસે નાના ટેબલ ઉપર દવાની શીશી, પ્યાલી અને દર્દીની સારવારની વસ્તુઓ સંભાળથી મુકાતી હતી. રાત્રે ધૂપ પણ થતો, એટલે માખીઓની પીડા ઘણે દરજ્જે ઓછી થઈ ગઈ.

વૃદ્ધાને ભાડુતી સેવાને બદલે સાચા દિલની સેવા મળી. અનસૂયા તેને જરા પણ ઓછું આવવા દેતી નહિ. શરૂઆતમાં ક્યારે ક્યારેક અણસમજથી સાસુ ચીડાઈ આકરા શબ્દો કાઢી નાખતાં, પરંતુ અનસૂયા તેનો કાંઈ જવાબ આપતી નહિ; એ તો મૂંગે મોઢે રોગિણીની શુશ્રૂષા કરતી હતી. આથી ડોસીમાને શરમ આવી. પશ્ચાત્તાપ થતો હતો: "હું જ મોઈ એવી છું. વહુ તો બિચારી ગાયની જેમ એક પણ વેણ કાઢતી નથી." એમ એને થતું. ધીમે ધીમે ડોસીનો પ્રેમ પોતાની ખરા અંતઃકરણથી સેવા કરનાર તરફ વળ્યો, ડોસી પાસે બેઠેલી વહુ સમક્ષ પેટની વરાળ અને સુખદુઃખની વાતો કરવા લાગ્યા. અનસૂયા સાસુની વિશ્વાસપાત્ર બની. એ બહુ મધુર સ્વરે ટુંકા જવાબ આપતી. સાસુના વડીલપણાની મર્યાદાનું પૂરું સાચવણું થતું હતું. વહુની વર્તણુક, રીતભાત અને આજ્ઞા આપવાની રીતથી સાસુને પાકી ખાતરી થઈ કે વહુ બુદ્ધિમાન, હેતાળ અને વહાલસોઈ છે. એ પોતાનું કર્તવ્ય બરાબર સમજે છે.

નોકરો બધાં પોતાના કર્તવ્યનું યોગ્ય પાલન કરતા નહોતા, એ કોયડો ભારે મુશ્કેલ હતો. એમના પર ઠપકાની અસર નહોતી. કામે મોકલો તો પાંચ મિનિટના કામને અર્ધો કલાક લગાડે, મોઢે બોલે નહિ પણ પાછળથી ઠઠ્ઠા કરે, કામમાં પણ દૈવત નહિ, વેઠ જેવું કામ કરે; તેઓ પ્રમાણમાં વધારે હતા. પરંતુ તેમના પર યોગ્ય દેખરેખ નહિ હોવાથી સફાઈદાર કામ કરતા નહિ. ઓરડાઓમાં ઝાડુ કાઢે, પણ ખૂણામાં તો કચરો અને બારીક રજ પડી જ હોય. કપડાંમાં ખૂબ સાબુ ઘસીને ધૂએ,

પણ ડાઘા જાય નહિ. વધારે પડતા સાબુના ઉપયોગથી કપડાં તરત ફાટી જાય. સરસ સજાવેલ હૉલમાં ફર્નિચરની નીચે કચરો પડ્યો હોય, ગાલીચા ઉપર ડાઘા પડ્યા હોય, હૉલના ઉપર ખૂણે જાળાં બાઝ્યાં હોય, હૉલના મોટા ગાલીચામાં મહિનામાં એક વખત ધૂળ ઝટકાય નહિ, કિંમતી ચિત્રોના કાચ ઉપર પણ ઝાંખા ડાઘા જોવામાં આવે, મોટું ઘડીઆળ હતું પણ તેને કોઈ ચાવી આપી ચલાવતું નહોતું. મોટા હૉલના ભોંયતળીઆને પણ ફર્નિચર ખસેડીને ફિનાઇલના પાણીથી કોઈ ધોતું નહિ.

રસોડામાં પણ એ જ અવ્યવસ્થા હતી. વાસણો ઘણાં હતાં, છતાં સમયસર કોઈ ઉપયોગી વાસણ મળે જ નહિ; કેટલાં છે અને કેટલાં ખોવાઈ ગયાં તેની કોઈ પૂછપરછ કરે નહિ. કેટલાકમાં સહેજ મરામત કરાવવા જેવું હતું, પરંતુ તે એક ખૂણે ખડકી રાખ્યાં હતાં. રસોઈઆને વરસમાં બે ત્રણ વખત ધોતીઆં મળતાં છતાં એનાં રસોડામાંનાં વસ્ત્રોને અને સ્વચ્છતાને ઘણું છેટું હતું. રસોઈઆની જનોઈ તો મેલથી તદ્દન કાળી થઈ ગઈ હતી. પાણીનાં વાસણો આસપાસ લીલું લુગડું વીંટાળેલું નહોતું. પાણીના પીવાના વાસણમાં નોકરની ઇચ્છા હોય તો જ પાણી ગળણામાંથી ગાળી નંખાતું, નહિ તો એમ જ ચાલતું હતું. રસોડાના ખાળનું ઢાંકણું તૂટી ગયું હતું. તેમાં રસોઈઓ બધો કચરો ફેંકતો. આથી ખાળમાંથી દુર્ગંધ નીકળતી હતી; પરંતુ તેની કોઈને પરવા નહોતી; દેખરેખની ખામી સર્વત્ર દેખાઈ આવતી હતી.

સ્નાનઘર પણ ભારે લપસણું હતું. થોકબંધ સાબુ અને ફિનાઈલ વપરાતાં હતાં, છતાં સ્નાનઘરમાં અજાણ્યો માણસ લપસી જાય એટલી લપસાણ હતી. સ્નાનઘરની બારીમાં બે કાચ તૂટી પડ્યા હતા તે સમરાવવાની કોઈને ફુરસદ નહોતી. બારીમાં કેટલાક મહિના સુધી કોઈએ ધૂળ ખંખેરી નહોતી. સ્નાનઘરની બે ખીલીઓ ભાંગી


ગઈ હતી. પરંતુ તેના કરતાં પણ સંડાસની હાલત વધારે ખરાબ હતી. સંડાસની કૂંડી એકદમ મેલી હતી, ઉપર જાળાં બાઝયાં હતાં, એની ઊંચી બારીમાં ધૂળનાં પડ વળેલાં હતાં. સંડાસમાંથી ચાલુ બદબો નાસિકાને વારંવાર સંકોચાવી જતી હતી.

કોઠારમાં પણ સંપૂર્ણ અવ્યવસ્થા હતી. ઊંચું ધાન્ય આવતું છતાં એમાંથી ઝીણી કાંકરી અને કસ્તર પૂરાં કોઈ સાફ કરતું નહોતું. ચોખાની મોટી લોઢાની કોઠીમાં સફાઈના અભાવે ધનેડાં પડયાં હતાં. કોઠારમાં ઉંદરોએ દરો કર્યાં હતાં, પણ તે પુરાવવાની કોઈને ફુરસદ નહોતી. કોઠારમાં કેટલું ધાન્ય આવે છે, કેટલું વપરાય છે, કેટલું ચોરાય છે, તેનો કાંઈ હિસાબ નહોતો. દેખરેખ વગર ખૂબ પોલ ચાલતી હતી. શાક દરરોજ એક રૂપિયાનું જોઈતું હતું, પરંતુ એમાંથી છ થી આઠ આના રસોઈયાના ગજવામાં પડતા હતા. આથી ઘણી વખતે તો વાસી શાક પણ રંધાતું હતું. ઘી–દૂધનો પણ ઠીક ઠીક બગાડ થતો હતો. ખાંડ, સાકર, ગોળ પણ કેટલાં આવ્યાં ને કેટલાં વપરાયાં તેનો હિસાબ નહોતો. ડોશીમા પાસે ભંડારની ચાવી રહેતી; પરંતુ વૃદ્ધા પૌત્ર–પૌત્રી અને દર્શનમાંથી આ સર્વે ઉપર દેખરેખ રાખવા જેટલો સમય મેળવી શકતાં નહિ.



# ૧૮

## રમણુલાલના ઘરની અવ્યવસ્થા



**બં**ગલો મોટો હતો, તેમ જ બગીચો પણ મોટો હતો. બે માળી કામ કરતા હતા. અનેક જાતનાં ફૂલો બગીચામાં થતાં હતાં; પરંતુ સર્વત્ર અવ્યવસ્થા હતી. શેઠને પોતાનો બગીચો જોવાની કે દેખરેખ રાખવાની ફુરસદ નહોતી તેમ જ જ્ઞાન પણ નહોતું. માજી પણ માત્ર "પીટયા માળી ફૂલ પણ હવેલી અને મંદિરે પૂરાં પહોંચાડતા નથી" એવી હમેશાં ફરિયાદ કરતાં હતાં. ગુલાબનાં ફૂલો ઘણાં થતાં હતાં પરંતુ એ ક્યાં જતાં હતાં તે માળીઓ સિવાય કોઈ જાણતું નહોતું. બગીચાની અંદર પપૈયાં, કેળાં, જામફળ ને નાળીએરનાં વૃક્ષો હતાં પરંતુ બંગલાના માલીકના કુટુંબ માટે અર્ધાં ફળો

મળતાં હતાં, ને અર્ધાં ઉપડી જતાં હતાં. વેલો સરખી કપાતી નહોતી, ફૂલોના છોડવા આડાઅવળા હતા; દેખરેખને અભાવે બધી વ્યવસ્થા અવ્યવસ્થિત હતી.

એમને ત્યાં એક મોટર અને એક ઘોડાગાડી એમ બે વાહનો હતાં. મોટરનો ઉપયોગ શેઠ કરતા હતા. શેઠની ગાડી માતાને હવેલી અને મંદિરદર્શન માટે કામ આવતી હતી, અનસૂયા માટે વાહન નહોતું. છોકરાંઓ દાદીમા સાથે જ ફરવા જતાં હતાં. મોટરનો ડ્રાઈવર મરાઠો હતો. દેખરેખના અભાવે એ કોઈવાર પેટ્રોલની ચોરી કરતો. મોટર રિપેર કરવા જતી ત્યારે પણ એને દલાલી મળતી હતી. મોટર સાફ કરવાનાં સાધનો જલદી ખલાસ થતાં હતાં. મોબીલ ઑઈલનો ડબો પણ જલદી ખલાસ થતો હતો. ઘોડાવાળો પોતાના હાથે દાણાની કોઠીમાંથી ઘોડા સારૂ દાણો કાઢતો હતો. તે કેટલો કાઢે છે તેની કોઈને જાણ નહોતી. એમાંનો અર્ધો દાણો ભાડુતી ગાડીવાળાઓના તબેલે વેચાતો હતો. દેખરેખને અભાવે સર્વત્ર આવી પોલ ચાલતી હતી.

હવે અનસૂયાએ વૃદ્ધ સાસુ સાથેનો પરિચય ઘણો વધારી દીધો હતો. સારી સેવાથી ડોશીમાની તબીઅત સુધરવા માંડી હતી. તેમના દસ્ત હવે બંધ થયા હતા, પરંતુ અશક્તિ ઘણી હતી. ડોસીમા હવે પથારીમાં બેઠે બેઠે કે સૂતે સૂતે વહુ પાસે ઘણી વાતો કરતાં હતાં. વહુ એના વિશ્વાસનું પાત્ર બની હતી. અનસૂયાએ ખૂબ ભક્તિભાવથી સાસુને પોતાની કરી લીધી. સાસુના શરીરમાં સહેજ શક્તિ આવતાં એમને પોતાની સાથે લઈને દર્શને તેડી ગઈ. એમના પૂજાપાઠની બધી સામગ્રીઓ પણ એ જાતે જ તૈયાર કરી આપતી હતી. ડોશીમાની તબીઅત સુધરી પરંતુ આગળ જેવું સ્વાસ્થ્ય હવે વૃદ્ધ શરીરમાં આવ્યું જ નહિ. એમનાથી હવે વધારે હરીફરી શકાતું ન હતું: તે જલદી થાકી જતાં હતાં. વૃદ્ધત્વે હવે એમના શરીર પર આક્રમણ કર્યું હતું.

"વહુ બેટા! આમ આવો, આ ચાવીનો ઝૂમખો લ્યો."

"મા, ભલે તમારી પાસે રહ્યો; માવિત્ર જ ચાવીઓ સાચવે."

"બેટા, હું તો હવે પાકું પાન છું. વૃદ્ધ શરીરનો શું વિશ્વાસ? તું સંભાળ."

"મા, એની ઉતાવળ શું છે? હમણાં તો રાખો."

"બેટા, મને હવે નિરાંતે મારા વહાલાની ભક્તિ કરવા દેવી છે કે છેવટ સુધી આ ઘરવ્યવહારના કાદવમાં ડુબાડી રાખવી છે? તારૂં ઘર હવે તું સંભાળ; હું તો હવે એક મિનિટ પણ સંભાળીશ નહિ." વૃદ્ધાએ ચાવીઓના ઝૂમખાને વહુ તરફ ફેંકી દીધો.

ડોશીમા ધીમે ધીમે સંસારવ્યવહારમાંથી મન ખેંચતાં ગયાં. એઓ માંડમાંડ ગાડીમાં બેસી હવેલીએ દર્શને જઈ આવતાં હતાં. બાકી આખો દિવસ માળા લઈ બિછાનામાં બેઠાં બેઠાં "શ્રીકૃષ્ણ શરણં મમ"નો મંત્ર ઉચ્ચારતાં હતાં.

સૌથી મોટો પ્રશ્ન બંને બાળકોનો હતો. બાળકોને દાદીમાએ લાડે ચડાવ્યાં હતાં. મોંમાંથી માગે તે વસ્તુઓ આપવાની ટેવ હતી. બાળકો પણ લાડમાં બગડીને રીસાળ, મારકણાં, રોતડિયાં, ચીડીઆં અને કજીઆખોર થઈ ગયાં હતાં. નોકરો ઉપર તો હાથમાં જે ચીજ આવે તે ફેંકતાં હતાં. જરા વાત ન રહે તો મોટો ઉત્પાત જગાવી દેતાં હતાં, ખાવાપીવામાં ભારે સ્વાદિયાં બન્યાં હતાં. પરિણામે એમની બિમારી વગરનો કોઈ મહિનો પસાર થતો નહોતો. ક્યારેક પેટ દુઃખે, ક્યારેક અપચો થાય; દસ્ત થાય, શરદી અને તાવનો વારંવાર ઉપદ્રવ તો ચાલુ જ રહ્યા કરતો હતો. ડૉક્ટરોની દવાઓના બાટલા દરરોજ આવતા. આપણે આગળ વાંચી ગયા તેમ બાળકોના શરીરમાં નજર ન લાગે તે માટે દોરા, તાવીજો ઠીક પ્રમાણમાં બાંધ્યાં હતાં. દરરોજ ભટજી મહારાજ એમને નજર ન લાગે તે માટે જાપ જપતા હતા. દાદીમા વારંવાર નવગ્રહોના મંત્રો જપાવતાં હતાં, પરંતુ છોકરાંઓની તંદુરસ્તી આ સઘળા ઉપાયોને ગાંઠતી નહોતી.

અનસૂયાએ પોતાની તમામ શકિત હવે આ બાળકોનો પ્રેમ સંપાદન કરવામાં વાપરવા માંડી. એણે પોતાની ભરતગૂંથણની પ્રવૃત્તિ ઘટાડી દીધી. તેને બદલે અનેક જાતનાં મોન્ટેસરી પદ્ધતિનાં રમકડાં લઈ જાતે બાળકોની સાથે રમવા માંડયું. ધીમે ધીમે રમતગમતમાં એમને ઉત્સાહ આપવા માંડચો. પોતે એમને લૉન ઉપર તેડી જઈ ત્યાં પોતાને પકડી પાડવાની, તાળીઓ વગાડવાની, ઢીંગલીઓનાં ઘરો માંડવાની, લપસણી ઉપર લપસવાની, દોડવાની, કૂદવાની, ટીંગાવાની, નાનાં ઝાડો ઉપર ચડવાની કસરતો રમતગમત સાથે કરાવવા માંડી. એણે બધી રમતોમાં શાસ્ત્રીયતા આણી. બાળકોને પણ રમતો કેમ રમવી તેની ટેવો પડવા લાગી. જરાપણ દબાણ કર્યા વગર કે ધમકાવ્યા વગર બાળકની સાથે બાળક અને મિત્ર થઈ એણે એમને શીખવવા માંડયું. એમની સ્વતંત્રતામાં જરાપણ ખલેલ આવે જ નહિ.

બંને બાળકોને બહારથી મંગાવેલી મિઠાઈ, ભજીઆં, કચોરી, ઢોકળાં અને દહોંવડાં ખાવાની કુટેવ હતી. એમની તબિયત આથી બગડતી હતી. અનસૂયાએ ઠાકુરજીને ધરાવ્યા વગર કોઈ ચીજ ખવાય નહિ, એવી સ્ફુરણા એમને ઉત્પન્ન કરાવી. પછી ભગવાનને તો બહાર બજારની ચીજ ધરાવાય જ નહિ, યોગ્ય ચીજ જ ધરાવાય! એવી ગાંઠ બેસાડી દીધી. તે માટે મહારાજને કહી જાતજાતની વસ્તુઓ એ તૈયાર રખાવતી. ધીમે ધીમે ઠાકુરજીને તો ફળફૂલ બહુ ગમે છે એટલે ફલફૂલ ખાવાની એમને ટેવ પાડી. એણે આ બાળકોના મનમાંની કોમળ અને પ્રેમમયી લાગણીને ઉત્તેજન આપ્યું. બાળકો પોતાની સ્વેચ્છાથી જ નિયમાધીન, વ્યવસ્થિત અને સ્વાધીન બને એવી યુક્તિઓ એણે અમલમાં મૂકી.

એક નાનું ટબ લઈ એમાં ઢીંગલા અને ઢીંગલીઓને કેમ નવરાવવાં, ક્યાં અને કેવી રીતે સાબુ લગાડવો, આંખ ઉપર સાબુ કેમ ન લાગે, તેની રમત દરરોજ આ ભેરૂ સાથે કરવા માંડી. તે પછી

શરીર કેમ લૂછવું તે પણ સાથે રહીને જ બતાવ્યું. એમને નવરાવ્યા પછી કપડાં કેમ પહેરાવવાં તે પણ શીખવ્યું. કેમ કોટ પાટલૂન પહેરાવાય, કેમ તેનાં બટન દેવાય એ સર્વે ધીમે ધીમે ઢીંગલીઓ અને ઢીંગલા ઉપર કરવામાં આવતું હતું. આ સિવાય ઢીંગલા ઢીંગલીઓને જમવા પણ બેસાડતાં હતાં. જમવા વખતે કેમ બેસવું, કેમ પલોંઠી વાળવી, ધીમે ધીમે ચાવીને કેમ ખાવું, એઠું છાંડવું નહિ, વધારે વખત માગવું નહિ, એ સર્વે રીતો અનસૂયાએ રમતગમતમાં શીખવી દીધીઃ બાળકો મારથી, ઠપકાથી કે વારંવાર ટકટક કરવાથી ઊલટાં વધારે ચીડીઆં બને છે. તેઓને કોઈ વસ્તુની ના પાડો તો તે મોટો ભેંકડો તાણે છે, જે વસ્તુ ખાવાની ના પાડો તે વસ્તુ પ્રથમ ખાય છે.

બાળકોને વશ કરવાની ચાવી રમતગમતનો ઉલ્લાસ છે. બાળકોને અનસૂયાએ ઢીંગલી–ઢીંગલાનાં કામો કરવાની પ્રવૃત્તિઓમાં નાખ્યાં. એમને પોતાનામાં શ્રદ્ધા ઉત્પન્ન કરી; એમની સંભાળનારી બાઈને બીજું કામ સોંપી દિવસના ચારપાંચ કલાક બાળકોની સાથે રમતગમતમાં ગાળવા માંડ્યા. બાળકોને કોઈ વાતની ના ન જ કહેવાય, પરંતુ પોતાની મેળે જ સ્વતંત્ર વિચાર અને સ્ફૂરણાથી કામ કરવા લાગે એવી ટેવો પાડી. આથી બંને બાળકો પોતાની મેળે જ સ્નાનગૃહમાં જઈ નાહી આવતાં; સાબુ પણ પોતાની મેળે જ લગાડતાં હતાં. શરીર લૂછવાનું પણ પોતાની મેળે જ કરતાં હતાં. ધીમે ધીમે એઓ પોતાનાં વસ્ત્રો પણ સ્વચ્છ પહેરતાં શીખ્યાં, બટન પણ પોતે બંધ કરે. બાળકોને હવે આ પ્રવૃત્તિઓમાં આનંદ આવવા લાગ્યો. એમનો સ્વતંત્ર વિકાસ થવા માંડ્યો–તેઓ હોંસેહોંસે કામ કરવા લાગ્યાં.

બાળકોને અનસૂયાએ હજી પણ વિશેષ તાલિમ આપી. તેમનાં નાનાં ઢીંગલી–ઢીંગલાનાં વસ્ત્રો પોતે સીવી આપ્યાં, તેમને માટે નાનાં કબાટો મંગાવ્યાં. એ કબાટમાં સંભાળ અને સ્વચ્છતાથી વસ્ત્રો યોગ્ય રીતે ગડી કરી કેમ ગોઠવાય તે રમત રમતમાં બાળકોએ પોતે જ કરવા

માંડ્યું. એમાંથી એક પગલું આગળ વધીને હવે બાળકો પોતાનાં કપડાં જાતે પોતાને સોંપેલાં કબાટોમાં ગડી વાળીને મૂકવા માંડ્યાં. ચાકર અથવા ચાકરીઆણી વસ્ત્રો સંભાળે તે એમને ગમ્યું નહિ, તેઓ જાતે સુઘડતાથી સાચવવા લાગ્યાં.

જમતી વખતે કેમ બેસાય, કેવી રીતે ચાવી ચાવીને ધીમે ધીમે ખવાય, કેવી રીતે મર્યાદાથી અને મીઠાશથી ખાવાની ચીજો માગી શકાય; શું ખાવું, કેમ ખાવું, શરીરને શું અનુકૂળ આવશે એ સર્વે બાળકો માતાની રમતગમતમાં શીખ્યાં. ઘરમાં મહેમાન આવે તો તેમની સાથે કેવા આદરસન્માનથી વર્તવું, કેવી મિઠાશથી બહારના-ઓનો સત્કાર કરવો, સૌની સાથે મધુર રીતે કેમ વર્તવું—આ સઘળું ઢીંગલા–ઢીંગલીની રમત દ્વારા બાળકો શીખ્યાં. અનસૂયા ક્યારેય એમની ટોકણી કરતી નહિ; ક્યારેય એમની સામે આંખના ડોળા કાઢે નહિ, ક્યારે પણ ધમકાવે નહિ; છતાં બાળકોને રમતગમતમાં બધું શીખવી દેવું.

બાળકો અતડાઈ ભૂલી ગયાં, એમનું રીસાળપણું તો ક્યાંયે ચાલ્યું ગયું, મોટેથી ઘાંટો પાડવાની ટેવ પણ ગઈ, એઓ માતાની સાથે હળીમળી ગયાં. એને પોતાની માતા નહિ પણ મિત્ર માની. માતાને બધી પેટની વાતો પણ કરાય. 'એ જ અમારી પોતાની મા છે' એવો ભાવ બાળકોના મનમાં ઉત્પન્ન થયો. માતાને નારાજ કરવા જેવું એકેય કામ આપણાથી થાય નહિ, એવી બાળકોના મનમાં સ્વયં પ્રેરણા થતી હતી. એથી પરસ્પર સ્નેહ અને સદ્‌ભાવ વધ્યાં. માતા સાથે એક રંગમાં બાળકો રંગાઈ ગયાં. બાર માસમાં તો બાળકોએ બધી જૂની કુટેવો મૂકી દીધી. એમનામાં સંસ્કાર, સુઘડતા, સ્વચ્છતા, વિવેક અને મર્યાદા સ્વયમેવ પ્રકૃતિસિદ્ધ આવ્યાં; તેમાં માતાને એકેય કઠોર શબ્દનો ઉપયોગ કરવો પડ્યો નહિ.

બાળકોને સૌથી મોટો લાભ તો તેમની તંદુરસ્તીનો થયો. મિઠાઈ અને ફરસાણનું અમર્યાદિત ખાવાનું લગભગ બંધ જેવું થયું. તેને

બદલે દૂધ અને ફળોના વિશેષ સેવનથી એમની તંદુરસ્તી ખૂબ સુધરી ગઈ. બહારની ખુલ્લી હવામાં હરવું ફરવું, નિયમિત પવન અને સૂર્ય-સ્નાન લેવાં, નિયમિત સ્નાન કરવું, યોગ્ય ભોજન ચાવી ચાવીને ખાવું, ઉલ્લાસમય જિંદગી ગુજારવી, એ બધાથી બાળકોની પ્રકૃતિ તદ્દન સુધરી ગઈ. ડૉકટર સાહેબની કડવી દવાની શીશીઓ મંગાવી પીવાની હવે જરૂર રહી નહિ. આથી ડૉકટર સાહેબનું વર્ષાસન બંધ પડ્યું. હવે ખાંસી, દસ્ત, અપચો, શરદી, માથું દુઃખવું બંધ પડયાં. બાળકોને ચાહ વગર ચાલતું જ નહોતું તે બિલકુલ પીવી જ મૂકી દીધી. દબાણથી કે ખોટી શિસ્તથી તેઓ આજ્ઞાંકિત, નમ્ર અને વિવેકી બન્યાં નહોતાં; પરંતુ સ્વયં હૃદયની સ્ફૂર્તિ અને કુદરતી પ્રેરણાથી બન્યાં હતાં.



૧૯

# અનસૂયાની ભંડારવ્યવસ્થા

"**સ**વારના પહોરમાં તમે ભંડારમાં શું જુઓ છો ?" દાતણ આવતાં ચાવતાં રમણલાલે પૂછ્યું.

"તમે ભલે આવ્યા. તમને કાંઈક ઉપયોગી અને વિસ્મય પમાડે તેવું દેખાડું." નાહીધોઈ માથું ઓળી તૈયાર થયેલી અનસૂયાએ કહ્યું, "અંદર ભંડારમાં આવો."

અનસૂયાએ રમણલાલને ભંડારમાંની મોટી પતરાની એક કોઠી ખોલી બતાવી. "જુઓ, આમાં ઘઉં ભર્યા છે. અંદર કાંઈ દેખાય છે ?"

"અરર ! આમાં તો અનેક ધનેડાં દેખાય છે." એ તો બરાબર સાફ કરવાં જોઈએ. નોકરોને સાફ કરવા કહી દેજો."

"આવો, બીજું કૌતુક જુઓ." એણે બીજી કોઠીનું ઢાંકણું ઉઘાડી

બતાવ્યું. એમાં ચોખા હતા. હાથમાં ચોખા લઈ બતાવતાં અંદર સફેદ ઇયળો જોવામાં આવી.

"સાલાં નોકરો કરે છે શું ? હરામનો પગાર ખાય છે ?" રમણલાલે કંટાળો પ્રકટ કરતાં કહ્યું.

"હવે કંટાળશો મા. હજી તો આવાં ઘણાં કૌતુકો છે. આ ગોળની બરણીમાં જરા નજર નાખો."

અંદર ઝીણી કાળી મંકોડીઓ સુખેથી ગોળ ખાતી હતી; ખાંડની બરણીમાં કાળી કીડીઓ હતી; અથાણાની બરણીઓમાં સફેદ છારી બાઝી હતી; ઘી તાજું જ આવ્યું હતું, છતાં બરણી સાફ બરાબર નહિ કરેલી હોવાથી ગંધ મારતું હતું. તેલની બરણીનું ઢાંકણું ખુલ્લું પડ્યું હતું. અંદર થોડાં માખીઓનાં શબો તરતાં હતાં. મીઠાની મોટી કોઠી મીઠાથી ભરેલી હતી, તેની અંદર કરોળીઆએ જાળું બાંધ્યું હતું; કોઈ કોઠી કે બરણીમાં સ્વચ્છતા કે સુઘડતા દેખાતી નહોતી.

"આ નોકરોને તો ફટકારવા જોઈએ. હરામખોરો બિલકુલ ધ્યાન જ દેતા નથી." રમણલાલે જાળીમાંથી બહાર થૂકતાં થૂંકતાં ઉદ્‌ગારો કાઢ્યા.

"અરે હજી તો ઘણું બાકી છે. ઊંચે જુઓ; ચારે ખૂણામાં કરોળીઆઓએ તંતુઓના મહેલો બાંધ્યા છે! જુઓ, આ કોઠીઓની પાછળ કેટલી ધૂળ અને કચરો પડ્યો છે! માંખીઓનો ગણગણાટ તો તમે સાંભળી શકો છો. આ તરફ ભીંત ઉપર વંદાઓએ સ્વરાજ્ય જમાવ્યું છે."

આ બધું જોઈને રમણલાલને કમકમાં આવ્યાં. એઓ નોકરોને બોલાવીને ધમકાવવાને રાડ નાખવા જતા હતા ત્યાં અનસૂયાએ એમને અટકાવ્યા.

"જરા સાંભળો, એમાં નોકરોનો વાંક નથી; મારો જ દોષ છે. ગૃહિણીનું જ આ કામ છે, માટે મને ઠપકો આપો."

"પણ એકલી ગૃહિણી તે શું કરી શકે? ત્યારે નોકરો શું કામ રાખ્યા છે? એઓ પગાર લેતા નથી?"

"દરેક વસ્તુ ઉપર ગૃહિણીની દેખરેખ જોઈએ. એ સુઘડ હોય તો ઘર ઇન્દ્રપુરી જેવું સ્વચ્છ અને પવિત્ર બની શકે. તમે દાતણની ચીરી–કોગળા કરી આવો તો હું એક વાત સંભળાવું. એ તમને ગમશે."

રમણલાલ દૂધનો વાટકો અને ચમચો લઈ પાટલા ઉપર બેઠા. અનસૂયાએ વાર્તાનો આરંભ કર્યો—

"એક શહેરમાં બે મિત્રો હતા. એક વાણિયો અને એક બ્રાહ્મણ. બંને એક અનાજની દુકાન ચલાવતા હતા. એઓ પ્રમાણિક અને મહેનતુ હતા, એમની દુકાન કામદુઘાની પેઠે એમના નિર્વાહ પૂરતી પેદાશ આપતી હતી. બંને સંતોષી અને સુખી હતા. એક દિવસ વાણીઆ ભાગીદારે બ્રાહ્મણ બંધુને કોઈ પ્રસંગે પોતાને ઘેર જમવા નોતર્યો. બ્રાહ્મણ શિવશંકર દુકાન બંધ કરી વેણીદાસ સાથે એને ઘેર ગયો. ઘરના આંગણામાં પ્રવેશ કરતાં જ આંગણું વાળી ઝૂડેલું ખૂબ સ્વચ્છ જોવામાં આવ્યું. આંગણામાં એક ખૂણે થોડાં ફૂલોના છોડવા અને જુઈની લતા જોવામાં આવી. નાની બેઠકમાં ગાદી ઉપર સફેદ ડાઘા વગરની ચાદર પાથરેલી હતી, બેઠકમાં જરાએ કચરો નહોતો. ખડીઓ પિત્તળનો માંજીને સાફ કરેલો ચળકતો હતો. ભીંતો ઉપર રૂપાળી ધોળી માટીનો પીછો છાંટેલો હતો. ઓરડાની સાદી અને સુઘડ બેઠક ખૂબ શોભતી હતી.

"ખીંટીએ કપડાં લટકાવી બંને ઘરની પરસાળમાં આવ્યા. એ પણ સાફ સ્વચ્છ હતી. એક તરફ પાણીઆરું હતું, તેના ઉપર માટીના ગોળામાં પાણી ભરેલું હતું, તેના ઉપર નીલા કપડાના ટુકડા બરાબર ઢાંકયા હતા. પાણીઆરા ઉપરની મોટી છાજલી ઉપર ચકચકિત વાસણો સુવ્યવસ્થિત રીતે ગોઠવ્યાં હતાં. ઓટલા ઉપર પિત્તળનો મોટો લોટો ફૂલ–વાટકાથી ઢાંકેલો પડયો હતો. બંને મિત્રોએ

બાજે હાથપગ ધોઈ ટુવાલથી લૂછી નાખ્યા. પરસાળમાં હાથના વણેલ ચાકળા લટકાવીને સુશોભિત કરી હતી. ક્યાંયે એક પણ કરોળીઆનું જાળું, કચરો કે જંતુઓ જોવામાં આવતાં નહોતાં. સર્વ સ્થળે સુઘડતા અને સ્વચ્છતા પ્રતિબિંબિત થતાં હતાં.

"બંને મિત્રો પાટલા ઉપર બેઠા. તેમની બાજુમાં ચકચકિત પાણીથી ભરેલા લોટા ઉપર ફૂલવાટકા ઢાંકીને મૂકયા હતા. સામે ફૂલદાનીમાં ફૂલો ગોઠવીને મૂક્યાં હતાં. એક અગરબત્તી પણ સુગંધી ફેલાવતી બળતી હતી, બધો દેખાવ પ્રસન્નતાપ્રેરક હતો.

"શિવુભાઈ, બધું ભોજન દૂધમાં તૈયાર કરાવ્યું છે. તમારે અંદેશો રાખવાનો નથી. શાક દાળ અમારી પાડોશણ, બ્રાહ્મણની છોકરીના હાથે તૈયાર કરાવ્યાં છે." વેણીદાસે ખાતરી આપી.

"તમારી કાળજી હું જાણું છું. તેથી તો વગર આનાકાનીએ જમવા આવ્યો છું."

"પિત્તળની થાળીઓમાં બે જાતનાં અથાણાં, ચટણી અને રાઈતાં મુકાયાં હતાં. ગરમ ગરમ પુરીઓ પીરસાવા માંડી, ગરમ ગરમ ભજીઆં પણ પીરસાયાં. સાદુ, સ્વચ્છ રીતે તૈયાર કરેલું, સારી રીતે રાંધેલું, સ્વાદિષ્ટ ભોજન ગરમ ગરમ વારંવાર પીરસાવા લાગ્યું.

"શિવુભાઈ, અમારે ત્યાં બહુ ધીમેથી ચાવી ચાવીને જમવાનો ચાલ છે. આનંદી વાતાવરણમાં જમવું એ મને ખૂબ ગમે." વેણીદાસે કહ્યું.

શિવશંકરે પ્રસન્નતા અનુભવી સ્મિતપૂવક જવાબ આપતાં કહ્યું: "ભાઈ, ભાગ્યશાળી છો."

"બંને જમીને મુખવાસ લઈ બેઠકમાં બેઠા.

"વેણીભાઈ, એક વાત પૂછું ? તમને અણગમતી છે, પરંતુ આપણે લંગોટીઆ મિત્રો અને ભાગીદારો છીએ. તમે અને હું બંને માસિક

ત્રીસ રૂપિયા સરખે ભાગે ઉપાડ કરીએ છીએ. મને ત્રીસ રૂપિયામાં સરખી ખીચડી પણ ખાવા મળતી નથી. ખૂબ કરકસર વડે પૂરું કરું છું. તમે તો ઈન્દ્રાસન ભોગવો છો તેની ચાવી મને બતાવશો ?'

"શિવુભાઈ, આમાં તમારી ભાભીની મને મોટી ઓથ છે. આપણે સાંજે દુકાનમાંથી કસોજણુ (મિશ્ર દાણા) ઘેર લઈ જઈએ છીએ. તમારે ત્યાં દરરોજ એની ખીચડી રંધાય છે તે હું જાણું છું. પરંતુ અહીં તો તમારી ભાભી એ કસોજણુમાંથી દરેક જાતનાં અનાજ સાફ કરી જુદાં પાડે છે. એટલે અમે રોટલી, દાળ, ચોખા જુદાં જુદાં ખાઈ શકીએ છીએ. તમારી ભાભીને સ્વચ્છતા ખૂબ ગમે છે. એથી એ વાસણો ચળકતાં રાખે છે, આંગણું ખૂબ સાફ રાખે છે, દર પંદર દિવસે ઘરની ભીંતો ધોળી માટીથી લીંપી નાખે છે, અમારાં કપડાં માટી અને ખારાથી હમેશાં ધોઈ સાફ રાખે છે. હમેશાં ઘરમાંથી કચરો વાળીને તે સાફ કરે છે, પાણી ગળણે ગાળ્યા વગર પીતી કે પીવરાવતી નથી. સૌ વસ્તુનો કરકસરથી ઉપયોગ કરે છે, ખૂબ ઉદ્યોગી હોવાથી એણે તો મારા ઘરને સ્વર્ગ બનાવી દીધું છે.

"હું પણ રાત પડયે દુકાન ઉપરથી છૂટયા પછી કાનજીભાઈ કાપડીઆને ત્યાં એક કલાક નામું લખું છું. આથી અમારાં પહેરવાનાં વસ્ત્રોનું કાંઈ ખર્ચવું પડતું નથી. પાખીને દિવસે અર્ધો દિવસ હું દુકાને આવતો નથી. ત્યારે શાકવાળા ભગવાનનું નામું કરી આપું છું. આથી શાકના પૈસા બેસતા નથી. અમે પતિપત્ની ખૂબ સુઘડતા, કરકસર અને વિચારી જીવન ચલાવીએ છીએ. ઘરનો બધો આધાર સારી ગૃહિણી ઉપર છે. એટલે મારી પત્ની સમજુ હોવાથી અમે સુખી છીએ. સારું સાદું ખાવાનું, સ્વચ્છ વસ્ત્રો, સુઘડ ઘર અને સુખી સંતોષી જીવન મળ્યાં છે. તમે પણ મારી ભાભીને ક્યારે ક્યારે મારે ઘેર આવવા માટે મોકલો તો ? ધીમે ધીમે એમને અમારી રીતિઓ તમારી ભાભી બતાવશે. માણસ કંઈ શીખીને જન્મતું નથી."

'વારુ વેણીભાઈ, તમારો આભાર થયો. હું જરૂર તમારી ભાભીને મોકલીશ."

"નાથ, આ વાર્તા કેવળ વિનોદ માટે નથી પરંતુ એમાંથી ઘણું શીખવાનું છે. પંદર દિવસમાં હું આ કોઠારને કેવો બનાવી મૂકવાના કોડ રાખું છું તે જુઓ. કરશે બધું નોકરો, માત્ર ગૃહિણીની દેખરેખ જોઈએ તે હું રાખવા માગું છું."

બીજે દિવસે જમ્યા પછી બે વાગે એણે નોકરોને બોલાવ્યા. એણે કોઠીમાંથી ઘઉં કઢાવી પોતે સાફ કરવા બેઠી. નોકરો પણ સાથે સાફ કરવા બેઠાં. ધનેડાં અને કાંકરા વીણી કાઢ્યા. ધાતુની કોઠીને ખારાથી ધોઈ સાફ કરાવી, અનાજ તડકે સુકાવા નાખ્યુ. પછી તડકે સૂકવી સાફ કરેલા ઘઉં ફરી તે કોઠીમાં ભરી જુદા ગેલેરીમાં મૂકયા. એ પછી બીજે દિવસે ચોખામાંથી ઇયળ સાફ કરવામાં આવી. ચોખાને પણ તડકે સૂકવીને ધાતુની કોઠી માંજી તેમાં ફરીથી ભરી અંદર લીંમડો અને બરાસની ગોટી મૂકી દીધી. આ પ્રમાણે બધાં અનાજ સાફ કરાવ્યાં, ઘીને ગરમ કરી સાફ કરેલી બરણીમાં નંખાવ્યું. તેલની પણ એ જ વ્યવસ્થા કરી. ગોળ ખાંડને પણ પોતાની જાતિદેખરેખ નીચે સાફ કરાવ્યાં. નોકરો બેદરકાર હતા, પણ ગૃહિણીની જાતીય દેખરેખ નીચે સાફ કરવું પડ્યું. અથાણાં પણ બરણીઓ સાફ કરી હાથ ધોઈને ફરી નાખ્યાં.

પછી તો આખા ભંડારને ખાલી કરાવી વાળી ઝૂડીને સાફ કરાવ્યો. મિસ્ત્રીને બોલાવીને ભંડારની ભીંતો ઉપર જાળાં સાફ કરાવીને ચૂનો દેવરાવ્યો. સર્વે કોઠીઓને વ્યવસ્થાસર કરી ગોઠવણી કરાવી દીધી. એને ખૂણે ખાંચરેથી પણ વાળવાની ગોઠવણ અને સાફ કરવાની ફરજ એક નોકર પર નાખી.

દરરોજનું કેટલું સીધું નીકળતું તેની કોઈને પરવાહ નહોતી.

અનસૂયાએ ગણતરી કરાવી સૌનાં માપ ગોઠવીને સીધું કાઢવાની ફરજ નાખી. પોતે જાતે ભંડારની ચાવી ખોલીને સીધું સામાન નિયત કરેલા પ્રમાણમાં પોતાની નજર સામે કઢાવે. પછી તો એ પ્રમાણે ચીલો ચાલુ થઈ ગયો અને સૌની દેખરેખ પણ સખ્તાઈને બદલે સૌમ્ય બની.

અનસૂયાએ દર માસની પહેલી તારીખે જ બહારથી અનાજ, રસકસ અને મસાલા જોઈતા પ્રમાણમાં નોંધ કરીને મંગાવવા માંડ્યા. એક મહિનો ચાલે તેટલાં અનાજ મંગાવાય, બીજી વસ્તુ પણ મહિના પૂરતી ઘરમાં મંગાવી રખાવાય, વચમાં મંગાવવાની જરૂર પડે જ નહિ.

પરિણામે, ભંડારમાં અવ્યવસ્થાને બદલે વ્યવસ્થા, સુઘડતા, સફાઈ અને નિયમિતતા આવેલાં જોઈને રમણલાલ ખુશી થયા.



## ૨૦

# રસોડાની અવ્યવસ્થા

અનસૂયાએ બંગલાના રસોડામાં ભારે અવ્યવસ્થા જોઈ એ સુધારવા માટે એણે નિશ્ચય કર્યો, પરંતુ સાસુમાના કારભારમાં તે વચ્ચે આવી શકતી નહોતી. અનસૂયાના હાથમાં કારભાર આવ્યો, પરંતુ જૂના સંસ્કારો અને વલણો તરત બદલાતાં નથી. એકદમ સુધારો કરવા જાય તો ઊલટું નુકસાન થાય. રસોડાનો રોગ હતો શવો મહારાજ. ત્રેવીસ વરસ થયાં રસોડાનો એ રાજા હતો. એ રસોડાની જૂની રીતિઓ અને ગંદાઈઓનો ગુલામ હતો. પ્રથમ તો એ ડોસીનો માનીતો હતો, અનસૂયાને તે શરૂઆતમાં કુછ વિસાતમાં ગણતો નહિ. ડોસીમાનું એને ભારે ઉપરાણું હતું. અનસૂયાના હાથમાં કારભાર આવ્યો છતાં શવો મહારાજ વૃદ્ધાના પક્ષપાતને થોડેઘણે હિસ્સે સાચવી શક્યો હતો. આથી અનસૂયાનું રસોડાના સુધારાનું કામ ગોકળગાયની

પેઠે ધીમું ધીમું ચાલવા માંડ્યું. આખરે શવો મહારાજ પણ સમય જોઈ જરા જરા નરમ થયો હતો.

શવો મહારાજ આ ઘરનો જૂનો રસોઈયો હતો. બ્રાહ્મણ સાધારણ ગુજરાતી ભણ્યો હતો પરંતુ મીઠી જબાન અને અનુકૂળ રહેવાના સ્વભાવથી એના ઉપર સૌના ચારે હાથ હતા. એને સ્વાદિષ્ટ રસોઈ બનાવતાં આવડતી હતી. રસોઈમાં એ સ્વાદ માટે આંબલી પધરાવતો હતો, મરી–મસાલા પણ ખૂબ નાખતો હતો. મરચાંથી સૌ જમનારાંઓને સ્વાદીઆં બનાવી દીધાં હતાં. તેલ પણ ભારોભાર નાખતો હતો. એની રસોઈ ચાલુ જમનારાઓને જીભે જડાઈ જતી હતી. રોટલી પણ જરા કાચી રાખી દેવતા ઉપર ફડો બનાવીને એક પણ કાળા ડાઘા વગરની આપતો હતો. ઘઉંના લોટને ઝીણા વેહવાળી ચાળણીથી ચળાવીને માત્ર બારીક આટો રહે એટલે એની સફેદ રોટલી બનાવતો હતો. થૂલું બધું કાઢીને ફેંકી દેવાતું હતું. તેલ, મરી, મસાલા, મરચું, આંબલી વિશેષ પ્રમાણમાં વપરાતાં હતાં. ચોખા પણ ખૂબ મશીન પોલિશ કરાવી સફેદ દૂધ જેવા ચળકતા વાપરતો હતો. એ દાળ પણ ફોતરાં વગરની ખૂબ સાફ કરાવીને વાપરતો હતો.

ભાજી કે મેથી જેવાં નિર્દોષ શાક તો આ ઘરમાં વપરાતાં જ નહિ. રમણલાલ શાકોના સ્વાદીલા હતા એટલે બે ત્રણ જાતનાં શાકો જરૂર થતાં. ભજિયાં અને મિષ્ટાન્ન વૈષ્ણવના ઘરમાં ઠાકોરજીને જરૂર જોઈતાં હતાં. આમ દરેક રીતે ઘરમાં ખાવાપીવા અને સ્વાદની લહેર હતી, પરંતુ કોઈ પણ રસોઈ આરોગ્યની દૃષ્ટિએ તૈયાર થતી નહોતી. સઘળી વસ્તુઓ સ્વાદપ્રધાન તૈયાર થતી હતી, ફળફૂલો બહુ થોડાં મંગાવાતાં; મિષ્ટાન્ન ઉપર સૌને અધિક પ્રેમ હતો. દરરોજ ઠાકોરજી માટે મિષ્ટાન્ન તો હોય જ; એટલે ભક્તોને પણ જરૂર મળે જ. ખારી, ખાટી, તીખી વસ્તુઓ પણ પુષ્કળ જાતની તૈયાર થતી હતી. શવો મહારાજ હવેલી સંપ્રદાયનાં તત્ત્વોને પોતાના સહકારમાં

લાવતો હતો. આજે ફલાણા મહારાજશ્રીનો જન્મદિવસ છે, આજે ફલાણો ઉત્સવ છે, એમ ડોસીમાને સમજાવી પ્રસન્ન રાખી અનેક પ્રકારનાં મિષ્ટાન્નો અને પકવાન્નો બનાવી ડોસીમાની ભક્તિ ધરનારાઓના સ્વાદને ઉત્તેજિત રાખતો હતો.

નોકરો પણ એનાથી સંતુષ્ટ રહેતા હતા. એક તો જૂનો અનુભવી, અને વળી વડીલ માતાના એના ઉપર ચારે હાથ હતા, એથી એનો અધિકાર અને પગાર સૌ નોકરો કરતાં વધારે હતો. ઘરમાં પંક્તિભેદ નહોતો, તેમ દરેક વસ્તુની વિપુલતા હતી. શવો મહારાજ નોકરોને ખવરાવવામાં હાથ છૂટો રાખતો હતો. એના બદલામાં એની ચાડી ચૂગલી ન ખાવી, આગળ પાછળ વાતો ન કરવી અને રસોઇયાની આજ્ઞા માનવી, આ ત્રણ અણલખ્યા કાયદાઓ સૌ નોકરોને ફરજીઆત પાળવા પડતા. જે કોઈ નોકર સામે માથું ઊંચકવાની હિંમત કરે તેના ઉપર યુક્તિથી કોઈ તહોમત મૂકવાનું કારસ્થાન રસોઈઆની બુદ્ધિમાં તૈયાર થતું. પોતે દૂર રહીને એ કારસ્થાન બીજા નોકરો મારફતે અમલમાં મુકાવી પોતે બળવાખોર નોકરને પાણીચું અપાવતો હતો. ઘરમાં ખરેખરું એનું સામ્રાજ્ય હતું, ડોસીમાનો વિશ્વાસપાત્ર હોવાથી સઘળી બાબતોમાં એનું ચલણ હતું.

આ જૂનો સનાતની બ્રાહ્મણ ગુજરાતી ત્રણ ચોપડી શીખ્યો હતો. પોતાની ચોપડીમાં થોડા ઘણા હિસાબના આંકડાઓ લખવા સિવાય એને બીજું કાંઈ આવડતું નહોતું. ક્યારેક નાહીને અને શિયાળામાં વગર નાહ્યે કપાળ ઉપર તિલક લગાવી એ પોતાની બહારની પવિત્રતા દેખાડતો હતો. એને ગાયત્રી કે બીજો સંસ્કૃતનો શ્લોક આવડતો નહોતો; છતાં સમય આવ્યે પોતાનું બ્રાહ્મણપણું બતાવીને સારી દક્ષિણા મેળવવાનું એ ચૂકતો નહિ. એની જનોઈનો ઉપયોગ કૂંચી બાંધવા થતો હતો. સવારની સંધ્યા તો એની ત્રણ પેઢીમાં કોઈએ કરી નહોતી. ડોસીમાની પ્રસન્નતા મેળવવા એણે હવેલીના મહારાજની કંઠી બાંધી હતી.

હવેલીમાં ઉત્સવો માટે સીધાં સામાન પહોંચાડવાની વરદી ડોસીમા હંમેશાં એને જ આપતાં હતાં. હવેલીના ભૂખ્યા ભીતરીઆ અને બીજા નોકરો સાથે મળેલો રહેવાથી એમાં એનું કમિશન પાકતું હતું.

આ મહારાજ ગંદો પણ ભારે હતો. રસોઈઘરમાં તો એણે કે નોકરોએ જરા પણ સ્વચ્છતા જેવું રાખ્યું જ નહોતું. મોટા લોઢાના ચૂલાઓમાં બાળવાનાં લાકડાં પુષ્કળ બાળવામાં આવતાં હતાં. તેનો ધૂમાડો કાઢવા ઉપર ભુંગળું કે આકાશબારી નહોતાં. આથી રસોડાની છત ઉપર કાળા ધુમાડાની મેશનો દોઢ દોઢ ઇંચ જાડો થર જામ્યો હતો. આસપાસની ભીંતો ઉપર દર વર્ષે ચૂનો લગાડવા છતાં શ્યામ વર્ણ ચાલુ જ હતો. દરવર્ષે મિસ્ત્રી ચૂનો લગાડવા આવતો ત્યારે કરોળીઆનાં સેંકડો જાળાંઓ ભીંતના દરેક ખૂણેથી નીકળતાં. રસોડાના ખાળમાં વંદાઓની દોડાદોડી ચાલુ દેખાતી હતી. ખાળ વારંવાર તેમાં કચરો પડવાથી બંધ થઈ જતી ત્યારે તેમાંથી ન ખમાય તેવી બદબો નીકળતી હતી. પરંતુ મહારાજે છીંકણી ... 'ખાળની સુગંધ-દુર્ગંધી લેવાની શક્તિને દબાવી ... પાસે સંભાળથી જવાતું હતું, પગ લપસી જતાં ... ત્યાં ચીકાશ ચોંટી હતી. નોકરો ક્યારેક થોડું ... કરતા, પરંતુ મહારાજ દરેક વસ્તુ ખાળ ઉપર ... એને ચીકણી કરી મૂકતો હતો.

શવા મહારાજને દર વર્ષે બે પંચીઆં અને બે જોટા ધોતિયાંના ... કાંત શ્રાદ્ધ વગેરે સમયે મળતાં હતાં. પરંતુ રસોઈયા મહારાજના શરીરમાંથી પરસેવો નીકળતો તેને પંચીઆના છેડાથી લોહી નાખતા હતા. ક્યારેક કપાળમાંથી પરસેવાનાં બિંદુઓ કણકના લોટમાં પડી એને નરમ બનાવતાં હતાં. લોટ ગુંદતા ગુંદતા મહારાજ નાકમાંથી લીંટ કાઢી રસોડાના ખૂણે ફેંકતા હતા. અને પાછા હાથ ધોઈ લોટ ગુંદે તો એનું બ્રાહ્મણપણું લાજે. આ સિવાય તેમને

તમાકુ, પાન, ચૂનો મેળવી ખાવાની ટેવ હતી. ચૂલાના એક ખૂણે નવરી જગ્યામાં એમની પીચકારીની હારમાળા છૂટતી હતી. આ જગ્યાને રંગ દેવાની જરૂર પડતી નહિ; શવા મહારાજની એના ઉપર પૂર્ણ મહેરબાની હતી. દાળ, ભાત, કઢી શવો મહારાજ આંબલી. તેલ અને મસાલાના યોગથી ભારે સ્વાદિષ્ટ બનાવતો હતો. પરંતુ એમાં બધું મીઠું મરી મસાલો પ્રમાણસર પડ્યો છે કે કેમ તેની કસોટી પોતાની જીભ દ્વારા તે પ્રથમ કરી લેતો હતો. ઠાકોરજીને આ એઠું જમાડવાનું એમનું બિરૂદ ઘણું જૂનું હતું.

શવા મહારાજ શાક જાતે લાવતા હતા. બંગલો દૂર હોવાથી વહેલા ઊઠી ગામમાં જઈ શાક લઈ આવતા. એમાંથી એઓ માત્ર દર માસે દશેક રૂપિયાની દસ્તુરી મેળવતા હતા; વધારે લોભ રાખતા નહિ. આમ છતાં અનાજ, લાકડાં, કોલસા, મરી મસાલો લાવવામાં એમને વધારે ફાયદો રહેતો. ત્રીસ રૂપિયા માસિક એમનો પગાર હતો. અને ત્રીસ પાંત્રીસ રૂપિયા દસ્તૂરી વગેરેમાંથી મેળવી લેતા. ... વળી પોતાને કપડાંનું ખર્ચ હતું નહિ; વારે તહેવારે ડોસી ... રસોઈયાને દક્ષિણા પણ મળી જતી હતી. દિકરો પ... વૃદ્ધાએ એકસો રૂપિયા અપાવ્યા હતા; દિકરી ... રૂપિયા મળ્યા હતા. આમ દરેક વખતે મહારાજ ... થતી. મહારાજ કોઈ સારો પ્રસંગ આવ્યે 'માબાપ તમ... નહિ આપો તો કોણ આપશે?' એમ કરગરીને નાની મોટી ર... પડાવતા હતા.

શવો મહારાજ આટલી પેદાશ છતાં કંઈ ભેગું કરી શક્યા નહોતા. એમને મારવાડી બજારમાં ક્યારે ક્યારેક આંટો મારવાનો નાદ હતો. નાના દલાલો એવા શિકારો શોધતા જ હોય. પ્રથમ નફો થોડોઘણો અપાવે. પછી ખૂબ લાલચ આપી નુકસાનીમાં ઉતારવાની

જગજાની બાજી આ દલાલો ખેલતા હતા. શવો મહારાજ લાલચુ હતા. એમને તરત પૈસાદાર થવાની ઈચ્છા થતી. આ ઈચ્છા મારવાડી બજારના નાના દલાલો મારફતે પૂરી કરવા એ ઈચ્છતા, પરંતુ તેમના અવળે માર્ગે મેળવેલા પૈસાની એમાં આહુતિ અપાઈ જતી. આ મહિને નહિ કમાઈએ તો આવતે મહિને કમાશું, એવી મધલાળ એમને શૅર બજારના ચાલુ ગ્રાહક બનાવતી હતી. આથી શવા મહારાજને ક્યારેય દારિદ્ર્ય પણ છોડતું નહોતું.



## ૨૧

# અનસૂયાએ રસોડું કેમ સુધાર્યું

શાવો મહારાજ પ્રપંચી પણ હતો. સર્વે નોકરોને એણે પોતાને વશ રાખ્યાં હતાં. સૌને ખાવા પીવા અને થાળી સાચવવા તે જરા ધ્યાન આપતો હતો. "ચાહ" પણ સૌને બરાબર ચૂલે ચડાવીને કડક કરી પીવરાવતો હતો. આથી નોકરો એને પોતાનો મુખી ગણતાં હતાં. શવા મહારાજે આ રીતે આખા ઘરનાં જૂનાં માણસો ઉપર સારો કાબુ બેસાડ્યો હતો. એણે નોકરોમાં પોતે અળખામણો ન થાય તેવી રીતે નવી શેઠાણી સાથે યુક્તિથી વાતાવરણ ગરમ કરવાની અને ઉશ્કેરણી ફેલાવવાની યુક્તિઓ રચવા માંડી. સંસારમાં માણસોને માટે ગમે તેવી મીઠી નજરવાળા ઘરમાં પણ ઊંધી દોરવણીથી ખોટી લાગણી ઘણી ઉત્પન્ન કરી શકાય છે. નાના નાના પ્રસંગોને યોગ્ય તકે ઊભી કરીને મહાભારત જેવાં બનાવી

શકાય છે. શવા મહારાજે ચતુરાઈથી આવો અસંતોષ ફેલાવવાનું કામ કરવા માંડયું.

અનસૂયાએ તો હવે સવારનો વખત રસોડા પાસે આસન નાખી ગાળવા માંડયો. એ હોંસીલી અને સુધારો કરવા માટે લાગણી ધરાવતી હતી. રસોડામાં સુધારો કરવાના વિચારો એણે પ્રથમથી જ ગોઠવી રાખ્યા હતા. દરરોજ જોઈતા સીધાની પણ એની નજર નીચે હેરફેર થવા માંડી. એણે રોજ કેટલું અનાજ જોઈએ તેની ગણતરી વિચારીને કરી લીધી હતી. નોકરો એની સૂચનાઓ મુજબ સીધું લાવતા હતા. ચોખા, દાળ, ઘઉંનો લોટ એ બરાબર સાફ અને ચાળેલાં છે કે નહિ તે બરાબર તપાસીને જોતી હતી. લોટમાંથી કસ્તર કે કચરો સાફ થાય તે માટે યોગ્ય સૂચનાઓ એ આપતી. પ્રથમ લોટને જાડા હવાલાથી ચાળીને બધો ભૂસો કાઢી નાખવામાં આવતો હતો. અનસૂયાએ લોટમાંથી ભૂસો કાઢવાની તદ્દન મનાઈ કરી. આથી રોટલી હમેશાં સફેદ થતી હતી તે જરા લાલાશ ઉપર દેખાવા લાગી, પરંતુ અનસૂયાએ સૌને સમજાવી ભૂસા સાથેની રોટલી વિટામીનવાળી હોવાથી આરોગ્યને વધારે સુખકારક હોવાનું જણાવ્યું એટલે સૌએ આ વાત સ્વીકારી લીધી.

ચોખા ભીમડીના ખૂબ પૉલિશ કરેલા આવતા હતા. એ સઘળા મિલમાં છડેલા ન દેખાવમાં રૂપાળા હતા તે અનસૂયાએ હાથના છડેલા મંગાવ્યાં. સફેદાઈ અને દેખાવમાં ન્યૂન હોવાથી ખાનારાંઓએ શરુઆતમાં અસંતોષ પ્રકટ કર્યો. પરંતુ શાણી સમજાવટથી હાથછડ ચોખાના ગુણો એમને સમજાવવામાં આવ્યા ત્યારે એ અસંતોષ મટી ગયો. હાથછડના ચોખાની મીઠાશ તો પછી સૌની દાઢે બેસી ગઈ.

શવો મહારાજ ચોખાને ચાર પાંચ વાર પાણીથી નોકરો મારફતે ધોરાવતો હતો. અનસૂયાએ તેમને એ પ્રમાણે ધોવાની ના કહી. એક જ વખત ધોઈને એ જ પાણી આંધણમાં વાપરવાનું જણાવ્યું. ચોખાના

ઓસામણનું પાણી પણ રાંધવામાં જ વાપરવાને માટે એણે સૂચના આપી. આ ચોખાનું પાણી આરોગ્યજનક હોવાથી એને ફેંકી ન દેવાય એવી વાત એણે શવા મહારાજને બતાવી. ચોખામાં થોડું પાણી રહેવા દઈ નીચે ગરમ કોલસા ઉપર એને ધીમી આંચે ઓસાવા દેવાની રીત પણ બતાવી. મહારાજને આ ગમતું નહિ, છતાં તે બધું કરવું પડતું હતું.

શાક–દાળમાં મહારાજ આંબલી નાખતો હતો. આંબલીની ખટાશથી એમાં સ્વાદ પણ આવતો હતો. પરંતુ આ આંબલીની ખટાશ શરીરના સાંધાઓને જડ કરી સંધિવા લાવે છે, એવું અનસૂયાએ પહેલાં વાંચેલ હતું તેથી એણે આંબલી વાપરવાની બંધ કરાવી. આથી સૌને રસોઈ ફિક્કી લાગવા માંડી. પરંતુ મીઠાશપૂર્વક આંબલીના દોષો બતાવવાથી સૌ ટેવાઈ ગયા. શવો મહારાજ શાકમાં ખૂબ તેલ નાખતો, ને મસાલા પણ ખૂબ નાખતો હતો. તે હવે અનસૂયાની સૂચનાથી તેલ અને મસાલાનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું. રસોઈ સૌને ફિક્કી લાગવા માંડી. તેલ અને મસાલાથી ટેવાયલી જીભોને સાદાં શાકો અકારાં લાગવા માંડયાં. સમજાવટ–મીઠાશ તેમ જ આગ્રહથી એણે સૌને મને–કમને પણ આવી આરોગ્યજનક રસોઈ સ્વીકારવાની ફરજ પાડી.

શવો મહારાજ રોટલી તવા ઉપર કાચી શેકી પછી આગમાં નાખી દડો કરીને બહારથી કડક દેખાતી પણ અંદરથી સહેજ કાચી રોટલીઓ ખવરાવતો હતો. અનસૂયાએ પાસે ઊભા રહી રોટલીઓ બરાબર તવા ઉપર શેકવાની એને ફરજ પાડી. શવા મહારાજને આ ગમ્યું નહિ; છતાં શેઠાણીનો કડપ એવો હતો કે ખુલ્લી રીતે એનાથી ના પાડી શકાઈ નહિ. રોટલીના પડ ઉપર સહેજ કાળા ઝાંખા ડાઘા સારી રીતે તવા ઉપર શેકાવાથી પડતા હતા. શવા મહારાજની દડો કરી ઉપસાવેલી રોટલીનાં પડ સફેદ દેખાતાં હતાં. આથી ખાનારાઓએ જરા બડબડાટ કર્યો, છોકરાંઓએ ઉશ્કેરાઈ વિશેષ બડબડાટ કર્યો, પરંતુ અનસૂયાની માધુર્યયુક્ત સમજાવટ અને કડકાઈ આગળ સૌને નમી જવું પડયું.

અનસૂયાએ દરરોજ ફરતાફરતી રસોઈઓ કરાવવા માંડી–રસોઈમાં વૈવિધ્ય આણ્યું. ઘીનો ઉપયોગ અતિશય પ્રમાણમાં થતો. મહારાજ રોટલીઓમાં વિશેષ ઘી નાખતો હતો તેમ ભાતમાં પણ પુષ્કળ નાખતો, ને શાકમાં પણ હોમતો હતો. લાકડાં સરખાં ન બળે તો ઘીના થોડા ચમચા હોમી અગ્નિને સંતોષ આપતો હતો. અનસૂયાએ આ સર્વમાં દેખરેખથી સુધારો કરવા માંડ્યો. વધારે ઘીનો ઉપયોગ અજીર્ણ પેદા કરે છે, આંતરડાંઓને ઘી પચાવવા માટે ભારે પ્રયત્ન કરવો પડે છે. ઘીનો વાજબી ઉપયોગ જરૂરનો છે, પણ વિશેષ ઉપયોગ આરોગ્યને નુકસાનકારક છે–ઘીમાં બોળેલી રોટલી પુષ્ટિ આપવાને બદલે અજીર્ણ પેદા કરે છે, એવી સમજાવટથી ઘીનો ઉપયોગ આરોગ્યના સિદ્ધાન્ત મુજબ વાજબી રીતે થાવા લાગ્યો.

ડોસીમા વૈષ્ણવ સંપ્રદાયનાં અનુયાયી હતાં. ઠાકોરજીને આઠ સમય જુદાં જુદાં મિષ્ટાન્નો અને મેવા જોઈએ. આથી ઘરમાં બાળકો અને મોટાઓને હમેશાં મિષ્ટાન્નો પુષ્કળ પ્રમાણમાં મળતાં હતાં. સૌ ખાઉધરા જેવાં થઈ ગયાં હતાં. ઠાકોરજીના ઓચ્છવો પણ ચાલુ ઉજવાતા હતા, એટલે છોકરાંઓને અને મોટાંઓને મિષ્ટાન્નનું જમણ તો સાધારણ થઈ પડયું હતું. મિષ્ટાન્નોનો અને પકવાન્નોનો અતિઉપયોગ આરોગ્યને નુકસાનકારક હોવાનું અનસૂયા જાણતી હતી. ધીમે ધીમે પણ મજબૂત આગ્રહથી એણે અઠવાડિયામાં એક વખત મિષ્ટાન્ન ભોજનને નિયમિત કરી દીધું. એણે દરરોજનો મિષ્ટાન્ન અને પકવાન્નો બનાવવાનો રિવાજ બંધ કરાવ્યો.

જીભનાં રસિયાઓને આ સખ્તાઈ રૂચી નહિ. બાળકોને તો ત્રણુ સમય રોજ મિઠાઈની ટેવ હતી. પરંતુ અનસૂયાની દઢતા અને સમજાવટથી સૌથી પ્રથમ બાળકોએ જ મિષ્ટાન્ન ભોજનના નિયમનનો સ્વીકાર કર્યો.

અનસૂયાએ બીજો પણ એક સુધારો કરાવ્યો. સૌ પેટ ભરીને

ભારે ચીજો—ભજિયાં, કચોરી ને મિષ્ટાન્ન જમી પેટમાં ઓડકાર આવે એટલું ખડકતાં હતાં. અનસૂયાએ સૌને સમજાવીને ખાવામાં સ્વાદિલા થઈ અતિશય પ્રમાણમાં ન ખાવા માટે મક્કમપણે પ્રચાર કરવા માંડયો. 'સૌ રોગોનું મૂળ અજીર્ણ છે, અતિશય ખાવાથી અજીર્ણ થાય છે, ઉદરમાં બહુ ખોરાક પડવાથી શરીરનાં યંત્રો એને પચાવવામાં ભારે મુશ્કેલી અનુભવે છે, પરિણામે યંત્રો નિયમિત કામ કરતાં અટકી જાય છે; આથી અજીર્ણ થઈ ખાટા ઓડકાર આવે છે, મોઢાનો સ્વાદ બગડે છે, છાતીમાં બળતરા થાય છે, શરીરમાં સુસ્તી આવે છે, નિદ્રામાં ખોટાં સ્વપ્નો આવે છે, કામ કરવાની વૃત્તિ રહેતી નથી; શરીરમાં સ્ફૂર્તિ, ચંચળતા અને ઉદ્યોગ આવતાં નથી; જગતમાં જો કોઈ શરીરનું મોટામાં મોટું શત્રુ હોય તો ઠાંસી ઠાંસીને ખાવાનું છે. એથી આપણને વારંવાર ડૉકટરોની દવા લેવી પડે છે. દવાઓ પણ આ સ્થિતિમાં સુધારો કરવાને બદલે બગાડો કરે છે. એક મહાન ડૉકટર કહે છે કે આપણે જેટલું ખાઈએ છીએ તેથી અર્ધામાં આપણું યોગક્ષેમ બહુ સરસ રીતે ચાલી શકે. આરોગ્યને મધ્યમસરનો આહાર વધારે અનુકૂળ આવે છે. એને ગીતાજીના છઠ્ઠા અધ્યાયનો આ શ્લોક હમેશાં યાદ રહેતો:—

नात्यश्नतस्तु योगोऽस्ति नचैकान्तमनश्नतः ।
नचातिस्वप्नशीलस्य जाग्रतो नैव कश्चन ॥

અતિશય ખાનારને યોગ (આરોગ્ય) પ્રાપ્ત થતું નથી. તદ્દન અલ્પ ખાનારને પણ યોગ પ્રાપ્ત નથી. બહુ સૂઈ રહેનાર આળસુ અથવા તદ્દન જાગ્રત રહેનાર માટે પણ યોગપ્રાપ્તિ નથી.

युक्ताहारविहारस्य युक्त चेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

જે મધ્યમસરના આહારવિહાર કરે છે, જે નિયમિત ઉદ્યોગ અને આરામ અનુક્રમે આચરે છે, જે નિયમિત નિદ્રા અને જાગૃતિને સેવે છે તેને એ જીવન દુઃખનો નાશ કરનારું બને છે.

## ૨૨

# અનસૂયાએ પતિના આરોગ્યને કેમ સુધાર્યું.

**અ**નસૂયાના પતિ રમણુલાલ બીજવર અને આધેડ હતા. શેરની દલાલીનું એમનું મુખ્ય કામ હતું. એ પૈસે સુખી હતા. બજારના ઘણાયે રંગઢંગ એમણે જોયા હતા. ઘણી વખત ગરીબી અને તાલેવંતપણું એમને વર્યાં હતાં. આખો દિવસ રખડપટ્ટી અને દલાલીના કામમાં એમને રહેવું પડતું હતું. એટલે સાધારણ રીતે શરીરને કસરત મળતી પરંતુ એમને કેટલીક ખાવાપીવા અને આચરણની અનિયમિત ટેવો પડી ગઈ હતી. આથી એમના શરીરમાં અનેક જાતના રોગો ઘર કરી રહ્યા હતા. આહારવિહાર અને રહેણીકરણીમાં એઓ તદ્દન અનિયમિત હતા. રાત્રે બાર વાગ્યા પછી એમને નિદ્રા આવતી. ક્યારેક આખી રાત્રિ નિદ્રા વગર (Insomnia) પસાર થતી હતી. આથી સવારના ઊઠતાં શરીરમાં સુસ્તી, અજંપો અને પથારીમાં પડી રહેવાની

વૃત્તિ થયા કરતી. એમને હરસની ઉપાધિ હતી; ઉપરાંત એમને ખોરાક પચતો પણ નહોતો. ડૉક્ટર સાહેબના તો એ ગાઢ મિત્ર હતા, એથી પણ વધારે મૈત્રી એમણે દવાની બાટલી સાથે રાખી હતી; પરંતુ એમના બહુ સરસ અને નજીકના મિત્રોમાં એમના ધંધા ઉપરાંત "ચાહ" પીવાની ટેવ હતી. તેથી પણ વધારે ગાઢ મૈત્રી વિલાયતી સિગારેટ સાથે હતી. બંધકોષની એમની ફરિયાદ પણ જૂની હતી. પાયખાનામાં ખૂબ કરાંઝતા ત્યારે કઠિન ગાંઠાવાળું પાયખાનું મહામહેનતે ઊતરતું હતું. સવારે મોડા ઊઠવું, જમવાનું ક્યારેક બે વાગે જમવું, તેટલામાં અનેક ચાહના પ્યાલા અને સિગારેટ ફૂંકી નાખતા હતા.

દલાલોના વાતોડિયાપણાનો ધર્મ એમને લાગુ પડ્યો હતો. અંગ્રેજી થોડી ચોપડીઓ સુધી ભણ્યા હતા, પરંતુ વાંચવા–લખવાનો શોખ હતો નહિ. પોતાના ધંધાના ભાવ પૂરતાંજ વર્તમાનપત્રો એ વાંચતા હતા. સવારના સંધ્યા કરવાની ટેવ નહોતી. નાહવાનું પણ અનિયમિત હતું. ટાઢે પાણીએ સ્નાન કરવાથી એમને શરદી થઈ આવતી હતી. રાત્રે અથવા પ્રાતઃકાળે સવારના વહેલા ફરવાથી એમને ઠંડા વાયુથી શરદી થઈ આવતી હતી. ક્યારેક વહેલા સ્નાન કરતા હતા. એઓ સવારના નવ વાગ્યાથી પહેલાં પથારી છોડતા નહિ. ગીતાજી અથવા બીજાં સ્તોત્રો ક્યારેય પણ વાંચતા નહિ. કોઈ મોટા તહેવારે હવેલી દર્શને જવું, બ્રાહ્મણોને જમાડી એમના ખરડા કરી આપવા એવું એવું દાન કરવું એમને ગમતું હતું; પરંતું ખાદી પહેરવી, દેશ માટે અને વિદ્યાદાન માટે પૈસા ખર્ચવા, ગરીબોને મદદ કરવી એવે માર્ગે એમનું અથવા એમનાં માતાજીનું વલણ નહોતું. પોતે અને કુટુંબ આરામમાં રહે; એ કુટુંબ માટે ગાડી, મોટર, બગીચો, બંગલો, સારાં વસ્ત્રો, સારું ખાવાનું, નાટક, સિનેમા, રેડીઓ અને મોજશોખનાં સાધનોમાં ક્યારેય પણ ઊણપ આવે નહિ; જ્યારે કીર્તિદાન માટે દેખાદેખીથી પૈસા ખર્ચતા હતા. બાકી

સુસંસ્કાર, વાચન, વિચાર, દેશપ્રેમ, દાનપ્રેમ અને સ્વદેશીપ્રેમ જેવા માર્ગોનો એમણે ક્યારેય પણ વિચાર કર્યો નહોતો.

અનસૂયા સમજુ અને સુસંસ્કારી હતી. એણે પોતાના પતિની ટેવો સુધારવાનું માથે લીધું. એ જાણતી હતી કે કોઈ દિવસ માત્ર ઉપદેશથી કુટેવો છૂટતી નથી. તે માટે ધીરજ અને લાંબા ચાલુ પ્રયત્નો અને પ્રયોગો તથા પ્રેરણાની જરૂર છે. કોઈ ફળ તરત જ પાકતું નથી. લાંબા વખતની કુટેવો તો આગ્રહ અને ખંતથી જ છૂટે છે. અનસૂયાએ આ કામ માથે લેવાનો પાકો નિશ્ચય કર્યો. પતિ-પત્ની સંસારની ગાડીનાં બે ચક્રો છે. સંસારગાડીના શુભ માર્ગગમન માટે બંનેની પરસ્પર સહાનુભૂતિની જરૂર છે. અનસૂયાને કુદરતી ઉપચારો માટેનાં ( Naturopathyનાં ) પુસ્તકો વાંચવાનો શોખ હતો. એના પિતાને એવું સાહિત્ય વાંચવા–વિચારવા અને આચરણમાં મૂકવાનો શોખ હતો. સિત્તેરને દરવાજે પહોંચેલ વૃદ્ધ પિતા ચુનીલાલ એને લીધે જ સારું આરોગ્ય ભોગવતા હતા. પિતા પાસેથી એ શોખ એમની પુત્રી અનસૂયાને મળ્યો હતો.

અનસૂયાએ પતિની સિગારેટો ફૂંકવાની ટેવ તો પહેલેથી જ ઓછી કરાવી દીધી હતી. પતિનો પત્ની ઉપર પ્રેમ હતો, એના ડહાપણ અને વિદ્યા માટે માન હતું, આથી પોતે અગવડ ખમીને પણ પત્નીને પ્રસન્ન કરવાની વૃત્તિ ધરાવતા હતા. સિગારેટો શરૂઆતમાં આખી પેકેટ દરરોજ જોઈતી હતી. તેમાંથી દર હપ્તે સોમવારની સવારથી એક એક સિગારેટ વગર સળગાવ્યે પત્નીના હાથમાં મૂકવાની એમણે પ્રતિજ્ઞા લીધી. બીજા હપ્તા પછી ત્રીજે અઠવાડિયે બે સિગારેટ છોડી દીધી. ૭ માસની મુદતમાં પાકીટ આખાની સિગારેટો પત્નીના હાથમાં મુકાવા લાગી પરિણામે એમનું એ વ્યસન ૭ માસે તદ્દન નાબૂદ થયું.

બાર માસમાં તો એ ચાહને બદલે અંજીરવાળું દૂધ રમણલાલ પીવા લાગ્યા. પત્નીએ પતિને રાત્રે મોડા સિનેમા, નાટકો કે કલબોમાં જવાની ટેવ સમજાવીને છોડાવી દીધી. પતિ રાત્રે વહેલા વાળુ કરીને પત્ની સાથે હોલના વરંડામાં જરા વાર વાતો કરતા ફરતા હતા, પછી શય્યામાં સૂવા જતા. અનસૂયા રમણલાલ દેસાઈ, મુનશી અને બીજી નવલકથાઓ પતિ પાસે બેસીને વિજળીને અજવાળે વાંચતી હતી. ક્યારેક પોતાની દિલરૂબા લઈને ઈશ્વરસ્તુતિનાં પદો એ ગાતી હતી. રમણલાલને આથી આંખમાં તંદ્રા આવતી, એમને ત્રણ-ચાર કલાકની ધસઘસાટ ઊંઘ આવવા માંડી. પછી તો અનસૂયા વાચનમાં વિવિધતા લાવવા માંડી. એણે જ્ઞાનેશ્વરી ગીતા, ભાગવત, રામકૃષ્ણ પરમહંસનાં વચનામૃત, તુલસીકૃત રામાયણ, રામતીર્થ અને વિવેકાનંદજીનાં વચનો વાંચવા માંડયાં. આમ દરરોજ વાચન સાંભળવાનું વ્યસન રમણલાલને પડયું, એટલે એની નિદ્રા માટે ફરજીઆત વાચન રાખવું પડતું.

અનસૂયાએ પતિને નિદ્રા આવે તે માટે બીજા પ્રયોગો પણ કર્યા. એમનો જૂનો નોકર સખારામ સજ્જન હતો. વાચન દરમ્યાન પતિના પગની ચંપી નોકર ધીમે ધીમે કરતો હતો. આથી એને નિંદ્રા આવી જતી હતી. આ સિવાય રમણલાલ રાત્રે બહુ મોડું જમવાની ટેવ ધરાવતા હતા. ક્યારેક નવ વાગે તો ક્યારેક દશ વાગે તો ક્યારેક તેથી પણ મોડું જમે. અનસૂયાએ રાત્રે સાતનો ટકોરો થતાં જ એમણે જમવું જોઈએ એવી વ્યવસ્થા કરી. રાત્રે સાતે જમીને આઠ વાગે સૂવા જવું, નવ વાગે વાચન પૂરું થાય અને નવ વાગે બત્તીઓ બંધ થાય. સવારના પાંચ વાગે પતિને ઉઠાડવાની જવાબદારી પણ એણે માથે લીધી. સવારે ઊંઘમાંથી ઊઠતાં પહેલાં અનસૂયા પોતે નારાયણને નજર સમક્ષ રાખી સૂતેસૂતે તેમની પ્રાર્થના કરતી. એવીજ ટેવ તેણે પતિને પણ પાડી, પછી પત્ની બે ભજન મીઠા હલકે ગાયઃ પતિ તેમાં સાથ આપી સાથે ગાય. પતિને પત્નીએ થોડીક કસરતો પણ શીખવી દીધી. પત્ની શીર્ષાસન ને સર્વાંગાસનના પ્રયોગો પણ શીખી હતી. પતિને

એણે એક વરસમાં આ આસનો શીખવી દીધાં. આસનો કરી આરામ લઈને પતિપત્ની ત્રિફળા (હરડે, બહેડાં અને આમળાં)



વહેલી સવારે જાગી ઊઠીને અનસૂયા પોતે નારાયણને નજર સમક્ષ રાખી સૂતાં સૂતાં એકચિત્તે તેમની પ્રાર્થના કરતી.

[ ૨૦૫

રાત્રે પલાળી મૂક્યાં હોય તે, આંખે સારી રીતે છાંટે અને પછી તાજા લિંબુના રસને નીચોવી થોડા ટાઢા પાણીના ઘૂંટડાનું પાન કરે. પતિને પત્નીએ પેટ ઉપર હથેળીથી નરમ માલીસ કરતાં પણ શીખવી દીધું.

પતિને પાયખાના તરફ તરત જવાની ટેવ પાડી. રાત્રે સૂતી વખતે કાળી દ્રાક્ષ ખાવાની પણ એમને સમજાવીને ટેવ પાડી દીધી. આથી પાયખાનું સાફ આવવા લાગ્યું—કરાંઝવું પડતું નહિ, પતિને પાયખાને જવા માટે અર્ધો કલાક લાગતો તેને બદલે હવે પાંચસાત મિનિટો જ લાગવા માંડી. સવારે જાગતાંજ પથારી છોડવી ગમતી નહિ, સવારના ઊઠતાં મન અને શરીરમાં નબળાઈ દેખાતી હતી તે પોતાની મેળે ભાગી ગઈ. શરીર સ્ફૂર્તિમય અને હળવું લાગવા માંડયું, ચાહ તથા બીડીની આદતો પણ મુકાઈ ગઈ હતી. રમણુલાલને અને પાણીને ઘણાં વર્ષોનું જૂનું વેર અને દ્વેષભાવ હતાં. અનસૂયાએ સાતને ટકોરે ગરમ પાણીથી રમણુલાલને નાહવાની ગોઠવણ કરી. પ્રથમ બહુ ગરમ પાણી વપરાતું, તે દરરોજ એની ગરમાશ ઘટાડવામાં આવી. છેવટે બે વરસના ગરમ પાણીની ગરમી ઘટાડતાં ઘટાડતાં તદ્દન ઠંડે પાણીએ નાહવાનો મહાવરો પાડી દીધો. રમણુલાલ શિયાળામાં પણ નળના ફુવારા નીચે બેસી સ્નાન કરવા માટે યોગ્યતાવાળા થઈ ગયા.

નાહી-ધોઈને રમણુલાલને અબોટીઉં પહેરવું પડતું; આસન બિછાવી રાખ્યું હોય તે ઉપર બેસીને એમને ગુજરાતી ગીતાનો એક અધ્યાય વાંચવો પડતો હતો. લાંબા સમય પછી પત્નીએ પતિને સંસ્કૃતમાં જ ગીતાજી અર્થસહિત વાંચવાનું શીખવ્યું. વળી બેત્રણ ભજનો પણ રમણુલાલ ગાતા. દશ મિનિટથી પૂજાપાઠનો વિકાસ થતાં અર્ધા કલાક સુધી પહોંચવા માંડી. અનસૂયા કોઈ વાતમાં ઉતાવળ કરતી નહિ, સૌ કામ ધીમે ધીમે અને કંટાળો ન આવે—રસ જાગે—એવી રીતે થવું જોઈએ. પૂજાપાઠને અંતે બંને પતિપત્ની બગીચામાં

છોકરાઓને સાથે લઈને બેસતાં. નોકર ફુવારા પાસે લોન ઉપર નાની ટેબલો રાખી જતો, રસોઈયો દૂધના પ્યાલા અને ઘેર બનાવેલાં બિસ્કૂટો મૂકી જતો હતો. અનસૂયા એક ભજન દિલરૂબા ઉપર ગાઈ લેતી એટલે સૌ હળવા નાસ્તાને ઈન્સાફ આપતાં હતાં. હવે તો ક્યારે ક્યારેક ડોશીમા પણ આનંદ લૂંટવા આવતાં હતાં. સૌ કામ નિયમિત સ્વચ્છ અને પવિત્ર વાતાવરણમાં થતું, સવારના આઠ વાગ્યા લગભગ દૂધ પીવાની ક્રિયા પૂરી થતી હતી. કુટુંબ સિવાય બીજું કોઈ એમાં ભાગ લેતું નહોતું.



# અનસૂયાએ આર્થિક ગૂંચ કેમ ઉકેલી?

એક દિવસ રમણલાલ બંગલે દરરોજ કરતાં વહેલા પાછા ફર્યા. હમેશાં એ મોડામોડા પાછા આવતા ત્યારે એમને હાથપગ ધોઈ કપડાં બદલી બહારના મોટા દિવાનખાનામાં બેઠક રાખવાનો રિવાજ હતો. આ સમયે પત્ની, માતા તથા બાળકો સામે બીજાં આસનો ઉપર બેસતાં હતાં. સૌને માટે સૂકું લીલું ફ્રુટ અને દૂધના પ્યાલા આવતા હતા. આ સમયે અનસૂયા પ્રથમ પોતાની દિલરૂબા ઉપર એક ભજન મીઠા હલકથી ગાઈ ઈશ્વરસ્તુતિ કરતી હતી. પછી સૌ નાસ્તાને ઈન્સાફ આપતા આનંદભર્યો વાર્તાલાપ કરતા હતા. આ એમનો નિત્યક્રમ હતો; પરંતુ આજે રમણલાલ પોતાના રૂમમાંથી દિવાનખાનામાં પાછા ફર્યા નહિ. નોકરની મારફત સંદેશો મોકલ્યો કે મારું માથું દુઃખે છે એટલે આજે હું દિવાનખાનામાં આવીશ નહિ; તમે પતાવી લેજો.

અનસૂયાએ આ વાત સાંભળી શાંતિ રાખી સઘળો કાર્યક્રમ હમેશની પેઠે પૂરો કર્યો. એણે પોતાના મનના ઉદ્વેગની રેખા પણ મોઢા ઉપર આવવા દીધી નહિ. કાર્યક્રમ પૂરો કરી દૂધ અને ફ્રુટની રકાબી લઈ તે પતિના ઓરડા તરફ ગઈ. ઓરડાનું બારણું રોજ ખુલ્લું રહેતું, પરંતુ આજે બંધ હતું. ફાટમાંથી અનસૂયાએ અંદર નજર નાખી. રમણલાલ પોતાના પલંગ ઉપર ચત્તાપાટ સૂતા હતા. એમનું મન ચકડોળે ચડ્યું હોય તેમ વિચારોમાં ડૂબેલા ચિંતાતુર દેખાતા હતા. એકાદ વખત સહેજ નિઃશ્વાસ જેવો અવાજ પણ અનસૂયાને કાને આવ્યો.

અનસૂયાએ ધીમેથી બારણા ઉપર ટકોરા માર્યા.

"આજે મારું માથું સખ્ત દુઃખે છે એટલે મારે નિદ્રા લેવી છે." અંદરથી જવાબ આવ્યો.

"હું બામ સાથે લાવી છું કપાળે તે ઘસી દઉં; બારણાં ખોલો."

"મને આરામ જોઈએ છીએ. થોડો આરામ લઈશ તો મને ઠીક થઈ જશે; મને આરામ લેવા દો."

"હું તમને જરાપણ તકલીફ આપીશ નહિ; તમારા આરામમાં વિઘ્ન નહિ નાખું. બારણું ખોલો." અનસૂયાએ દઢતાથી કહ્યું.

રમણલાલે બારણું ખોલ્યું, પણ તરત પાછા બિછાના ઉપર સૂઈ ગયા.

અનસૂયાએ પતિના કપાળ ઉપર બામ ઘસી એમની પાદ-સેવા કરવા માંડી. એક કલાક પસાર થઈ ગયો. રમણલાલ ઊંડા પાણીમાં હોય તેમ ચિંતાગ્રસ્ત થઈ પડ્યા રહ્યા.

"આપણે એકબીજાના સુખદુઃખનાં ભાગીઆં છીએ. તમારા ચહેરા પરના ભાવોથી મને લાગે છે કે તમે કોઈ ગૂઢ ચિંતામાં છો; કોઈ અટપટો સવાલ તમને મૂંઝવે છે. તમારી ચિંતાનું કારણ મને ન કહો ? એક કરતાં બેની સલાહ સારી."

"હા. ધંધો છે, એટલે ક્યારેક ચિંતા જેવા પ્રસંગો પણ આવે; છતાં ગભરાવાનું કાંઈ કારણ નથી. હું તમને પછી કહીશ; હું ઉપાય વિચારી રહ્યો છું." વાત ટાળવા માટે રમણલાલે કહ્યું.

"હું તમને ચિંતામાંથી રસ્તો મેળવવાના ઉપાયો શોધવામાં સહકાર ન આપી શકું? મોડું પણ કહેવાના જ છો તો વેળાસર કહેવાથી શું નુકસાન છે?"

"આ તો ધંધારોજગારની વાત છે; એમાં સ્ત્રીઓનું કામ નહિ. અમને પુરુષોને અમારી ચિંતાઓ ભોગવવા દો. તમારે ઘરખટલાની વ્યાધિ ક્યાં ઓછી છે? તમે તમારે મોજ કરોને?"

"તમારા મનમાં ઉદ્વેગ હોય તે વખતે અમને મોજ કેમ મીઠી લાગે? અમે સ્ત્રીઓ શું **कार्येषु मंत्री** નથી?"

અનસૂયાએ ચતુરાઈ અને મીઠાશથી પતિને પોતાનામાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવી હતી. એણે પતિને આગ્રહ કરી દૂધ પાયું, થોડો મેવો પણ ખવરાવ્યો. પછી શાંત થયેલા પતિએ સઘળી વાત કરી.

તાતાની લોખંડની કંપનીના શૅરોના મોટા ડિવિડેન્ડની લાલચે શેરબજારમાં ખૂબ માંગ નીકળી હતી. ભાવો દર ડિફર્ડ શૅરના રૂ. ૧૫૦૦) ચાલતા હતા. તે વધીને રૂ. ૨૨૦૦) સુધી થયા હતા. એનો મોટો સટ્ટો ચાલતો હતો. રમણલાલે આ શૅરોનો વેપાર પોતાના કેટલાક ગ્રાહકોને કરાવ્યો હતો. ડાયરેકટરોએ વરસ આખરમાં બહુ ઓછું ડિવિડન્ડ જાહેર કર્યું. આથી શૅરોના ભાવો ૧૩૦૦–૧૪૦૦ સુધી ગગડીને પહોંચ્યા હતા: રમણલાલના ગ્રાહકો આવડી મોટી નુકસાની આપી શકે તેમ નહોતું. આથી આ સોદાઓના દલાલ તરીકે શેર બજારના નિયમો મુજબ બધી જોખમદારી રમણલાલ ઉપર પડતી હતી. આ મોટી અણચિંતવી નુકસાનીને પહોંચી વળે એટલાં આર્થિક સાધનો રમણલાલ પાસે નહોતાં. એના ગ્રાહકો પાસેથી થોડુંઘણું વસુલ થઈ શકવાની સંભાવના હતી; બાકીની જોખમદારી રમણલાલની પીઠ ઉપર પડવાની હતી.

"નુકસાનીની રકમ કેટલી થવાનો સંભવ છે?"

"મેં ગઈ કાલે જ ભાવ કાપી નાખ્યા છે. એક લાખ રૂપિયાથી કરતાં વધુ નુકસાની થશે એમ લાગે છે."

"આ બાબતમાં શું કરવા ધારો છો? તમારી પાસે કેટલું સાધન છે?"

"મારી પાસે બેંકમાં પચીસ હજાર રોકડા છે. બીજા દશેક હજાર ક્યાંકથી ભેગા કરી શકીશ એટલે ૩૫ હજારનો મેળ છે. બાકી તૂટશે."

"બાકી ૩૫ હજાર માટે શું કરશો? ક્યાંથી મેળવવા ધાર્યા છે? લેણદારો સાથે કંઈ ગોઠવણ થઈ છે?"

"લેણદારો હમણાં તો કાંઈ માને તેમ નથી. તાજો ઘા છે. હમણાં તો બે ચાર મહિના કોઈ દૂરના તીર્થધામમાં આપણે ચાલ્યાં જઈશું. અને લેણદારો શાંત થઈ જશે એટલે ઓછેવત્તે પતાવી નાખીશું. શૅર બજારનો એ જ ધારો છે."

"તમારી ક્રેડિટ અને આંટ નહિ જોખમાય?"

"અમારી દલાલભાઈની વળી આંટ કેવી? અમે તો આવાં કામમાં રીઢા થઈ ગયા છીએ. પારકી નુકસાની અમારા ઉપર આવી પડે તો પછી શું કરીએ? બીજો ઉપાય પણ શો?"

"આપણા બંગલા ઉપર દાવો કરીને કોઈ ટાંચ નહિ લાવે?"

"અમે દલાલભાઈ કાંઈ કાચા પોચા ન હોઈએ. બંગલો મારી માતાના નામ ઉપર છે. ઈન્કમટેક્ષ પણ માતાના નામથી ઘણાં વર્ષો થયાં ભરાય છે. હું ભાડું ભરું છું તેનું નામું ચોખ્ખું રાખું છું."

"ફર્નિચર ઉપર કોઈ ટાંચ લાવશે નહિ?"

"પાંચ દશ હજારના ફર્નિચર ઉપર કે મોટર ઉપર ટાંચ લાવે તો કોઈનું દલદર ફીટવાનું નથી. મોટર તો તારા નામ ઉપર છે."

પતિની માનસિક વલણ યોગ્ય નથી, એવું આ સુજ્ઞ સ્ત્રીને લાગ્યું. પરંતુ તે સમયે તેણે કાંઈ કહ્યું નહિ.

રાત્રે ફરી વાતચીત થઈ. અનસૂયાએ લેણુદારોને પૂરેપૂરું આપી દેવા માટે પતિને વિનવણી કરી.

"મારાં બૈરીછોકરાં અને વૃદ્ધ માતાને રખડાવી દઉં; ભીખ માગતાં કરું. વાહરે વાહ! સારી સલાહ આપી! પ્રમદા બુદ્ધિ પાનીએ."

"આપણું નામ સ્વચ્છ રહેવું જોઈએ. આપણી આબરૂ બટ્ટા રહિત રહેવી જોઈએ. આપણી આબરૂ ઉપર કોઈ આંગળી ચિંધે તે મને પસંદ નથી. મોજશોખ નહિ કરીએ. પણુ લેણુદારોને પૂરું ચૂકવીશું."

રમણુલાલ ખડખડાટ હસી પડયા. "અરે! આ તો કલજુગમાં કોઈ હરિશ્ચન્દ્રનો અવતાર થયો છે! ભારે સતવાદી લાગે છે." એમણે વાત ઉડાવી નાખી અને કયાંક ચાર છ માસ ગાળી આવવાની યોજના વિચારવામાં મશગુલ થયા.

પરંતુ અનસૂયા મક્કમ રહી. એણે અનેક યુક્તિઓ વડે પતિને સમજાવવા માંડયો. જ્યારે પતિ પ્રસન્નતા જેવી વલણુમાં હોય ત્યારે સમજાવટ અને ચતુરાઈથી વાત કાઢે. બેત્રણુ દિવસની ચાલુ સમજાવટ અને પ્રયત્નોને અંતે રમણુલાલ કંઈક સહેજ પીગળ્યા—દાળનો દાણો નરમ દેખાયો.

"બધુંજ ગીરો મૂકું તો પણુ લેણુદારોને સંતોષી શકાય તેટલી જોગવાઈ મારી પાસે નથી. એટલે તારા માર્ગ પ્રમાણે હું ચાલી કાંઈ કાંદો કાઢી શકું તેમ નથી."

"લેણુદારોને પોતાનો હક્ક મળવો જ જોઈએ. તમે વિચારી જુઓ કે સાધનોમાં શું ઉણુપ છે? જેટલો ઘટાડો થાય તેના હપ્તા કરી આપજો. વ્યાજશીખે આ હપ્તા ભરવાના છે. પાઈએ પાઈ આપણે ચૂકવવી છે." અનસૂયાએ દૃઢતાથી જવાબ આપ્યો.

છેવટે રમણુલાલ ઉપર સ્ત્રીની શુદ્ધ બુદ્ધિની છાપ પડી. પત્નીના દૃઢ આગ્રહને એણે માન આપવું પડ્યું. પરંતુ આ માર્ગે જે મોટો ભોગ આપવો પડશે તેના વિચારે એનું હૃદય મુંઝાતું હતું.

છેવટે એણે બંગલા ઉપર નાણાં વ્યાજે લેવાનો વિચાર કર્યો. બંગલા ઉપર ૨૦ હજાર મળશે, ૩૫ હજાર પોતાની પાસે હતા. ઘરાકો પાસેથી દશ હજાર મળવાનો સંભવ હતો: એટલે રૂપિયે ૦ાા–૦ાા૦ દઈ લેણદારોને પતાવવા એણે વિચાર રાખ્યો.

અનસૂયાને એ વિચાર પસંદ ન આવ્યો. એણે તો લેણદારોને પાઈએ પાઈ ચૂકવી દેવાનો આગ્રહ કર્યો: "આપણે કોઈને ઓછું આપવું નથી. કોરો રોટલો મળશે તે ખાશું, પણ નાક ઉપર માખી બેસવા દઈશું નહિ." એ એની સમજાવટનો વિષય હતો.

પરંતુ આપણી પાસે પૂરું ચૂકવવાનાં સાધનો ક્યાં છે?" નિરાશાથી રમણલાલે જવાબ આપ્યો.

"તમે બંગલો વેચી નાખો. આપણે ભાડાના ઘરમાં રહેવા જઈશું." અનસૂયાએ દલીલ કરી. એ વેચતાં તમને જરૂર ૪૦ હજાર ઉપજશે. વ્યાજે લેવા માટે મારું મન ના પાડે છે. એ ચાલુ બોજો આપણા ઉપર ભવિષ્યમાં અસહ્ય થઈ પડે. આપણે મોજશોખ કરીશું નહિ. વ્યાજનું ભારણ રાખવાથી ચાલુ ચિંતા ભોગવવી પડે."

"બંગલો વેચતાં અને બીજાં સાધનો ભેગાં કરતાં પણ ૮૫ હજાર લગભગ થશે, એટલે ૧૫ હજાર તૂટશે, તે ક્યાંથી લાવવા?"

"બંગલો વેચતાં ફર્નિચર અને મોટરગાડીનો ઉપયોગ આપણે માટે રહેશે નહિ, માટે તે પણ વેચી નાખો."

"તારે તો મને રસ્તાનો ભિખારી બનાવવો છે કેમ? મારાં છોકરાંઓને રવડાવવાં છે?"

"છોકરાં જેટલાં તમારાં છે તેટલાં જ મારાં છે. હું એમની મા છું. મા બેઠે છોકરાં રવડે નહિ. આપણે આબરૂ સાચવીએ એટલે ગંગા નાહ્યાં."

ફર્નિચર અને મોટર વેચ્યાથી પણ ક્યાં પૂરું થશે? છેવટે પાંચ સાત હજાર ખૂટશે?"

"આવડી મોટી રકમ ઊભી કરો છો અને પાંચસાત હજારથી ડરો છો ? મારા પલ્લાના દાગીના ક્યાં નથી ! ખુશીથી લઈ જાવ અને લેણદારોને ચૂકવી આપો."

સ્ત્રીની શુદ્ધ નીતિએ ડગમગતા હૃદયવાળા પતિમાં આત્મવિશ્વાસ પ્રેર્યો. એણે બંગલો, મોટર અને ફર્નિચર વેચી નાખ્યાં. થોડાઘણા અનસૂયાના દાગીના પણ વેચવા પડ્યા. અંતે લેણદારોની પાઈએ પાઈ ચૂકવાઈ ગઈ.

રમણલાલે શહેરમાં એક સગવડવાળો બ્લોક ભાડે લીધો માસિક પાંચસો રૂપિયાનું ખર્ચ હતું તે અનસૂયાએ ઘટાડી બસો રૂપિયા ઉપર લાવી મૂક્યું. એણે રસોઈઆ અને વધારેપડતા નોકરોને એક માસનો પગાર તથા સો સો રૂપિયા રોકડા બક્ષીસ તરીકે દઈ રજા આપી. હવે અનસૂયા પોતાના હાથથી રસોઈ કરવા લાગી. ખોટા મોજશોખ, ખોટી ધાંધલ અને કૃત્રિમ જીવન દૂર થયાં, મધ્યમ વર્ગના કુટુંબની પેઠે આ કુટુંબ નભવા માંડ્યું, એમના જીવનમાંથી કૃત્રિમતા ચાલી ગઈ.



૨૪

# અનસૂયાનો મધ્યમ સંસાર

અનસૂયા સુખ-સગવડના ખોળે ઉછરી હતી. સંકોચ, કરકસર કે આર્થિક તંગીને પારણે એને ઝૂલવું પડયું નહોતું. એને વસ્ત્રો ધોવાં, વાસણો માંજવાં, ઘર સાફસૂફ કરવું, પાણી ભરવાં અને આખા કુટુંબની સેવા કરવી વગેરે આજ્ઞા પાળનારા નોકરો નાનપણથી જ મળ્યા હતા. એને બહાર તેડી જવા ગાડી-મોટર હતાં. એને હવા ખાવા અને હરવા ફરવા માટે ફોઈના ઘરને આંગણે સારો બગીચો હતો. એની સખીઓ સાથે હરવાફરવા અને હવા ખાવા માટે મકાનના કૉમ્પાઉન્ડમાં સારો બગીચો હતો. તેમાં એને ઝૂલવા માટે એક સરસ હીંચકો પણ બાંધેલો હતો. વાર્તાવિનોદ માટે વહાલસોઈ સખી પણ હતી. બે ઘડી આરામ આપતો ફુવારો શીતળતા ફેલાવતો હતો. એને જોઈતાં મનગમતાં મુલાયમ કપડાં અને રેશમી વસ્ત્રો ખરીદવા પૈસાની રેલંછેલ હતી. યુવાનીમાં આવ્યા પછી કોડીલા કંથ એના માટે હજારો



અનસૂયા

એની સખીઓ સાથે હરવાફરવા અને હવા ખાવા માટે ઘરના આંગણે સારો બગીચો હતો. તેમાં એને ઝૂલવા માટે એક સરસ હીંચકો પણ બાંધેલો હતો.

રૂપિયાના હીરા-માણેકના અલંકારો હોંસે હોંસે ખરીદવામાં સંકોચ કરતા નહોતા. વાંચવા માટે ઢગલાબંધ વર્તમાનપત્રો અને પુસ્તકો મળતાં હતાં; વિનોદ માટે સંગીતનાં સંપૂર્ણ સાધનો એણે વસાવ્યાં હતાં; ભોજન માટે રસોઈયો મનગમતાં સ્વાદિષ્ટ પકવાન્નો અને અન્ય વાનીઓ તેની મરજી મુજબ તૈયાર કરતો હતો. એના ધનવૈભવે એની ઘણી સખીઓ પ્રશંસાના શબ્દો ઉચ્ચારતી લાવી આપી હતી. રહેઠાણ માટે સુંદર બગીચા સાથેનું કુશાદે મકાન હતું; તેમાં મનરંજન કરે તેવું કિંમતી ફર્નિચર સુવ્યવસ્થિત રીતે ગોઠવેલું હતું; એને ફુરસદ પુષ્કળ હતી. પ્રૌઢ કોડીલો અને વહાલસોયો પતિ હતો; યૌવન હતું, અનસૂયાને જોઈએ તે સઘળું હતું.

પરંતુ વિધાતાના કોઈ તરંગથી સાત વરસના પરિશ્રિત જીવન પછી આ સઘળું બદલાઈ ગયું. એના જીવનનાટકનો સુખનો અંક બદલાઈને સંકોચ અને કરકસરનો અંક શરૂ થયો; સ્વપ્નું બદલાયું; સિનેમાની કોઈ સાંસારિક ફિલ્મ સરખાં કરુણ દૃશ્યો આવ્યાં. નાનાં દિવાનખાનાં અને ત્રણ ઓરડીએ એના વિશાળ બંગલાની જગ્યા લીધી; દશ નોકરોને બદલે એક જ ઘાટીથી હવે એને ચલાવી લેવાનું હતું; ગાડીઘોડા અને મોટરોનું સ્થાન પગે લીધું. રસોઈયાને બદલી પોતાની આ આંખોને ચુલાનો ધુમાડો સહન કરવા વખત આવ્યો. ઘરનાં ગાયભેંસોનાં દૂધને બદલે દૂધવાળા ભૈયાની સવારના પહોરમાં "દૂધ લ્યો"ની બૂમ સાંભળવાનો અભ્યાસ પડ્યો; ઘી-રસકસની રેલમછેલને બદલે તે વિવેકથી વાપરવાની જરૂર પડી; દરેક સાધનોની વિપુલતાને બદલે સાધનોની ન્યૂનતા અને અપૂર્ણતા એને અનુભવવી પડી. શ્રીમંતાઈને ઠેકાણે મધ્યમ ગૃહસ્થનાં સાધનો હવે એના નસીબે આવ્યાં.

પણ અનસૂયા વીર રમણી હતી; એનો આત્મા અત્યંત દૃઢ અને તેજસ્વી હતો; બધા સંજોગો-સુખદુઃખ ક્રમશઃ આવે છે એ એના અનુભવનું મુખ્ય સૂત્ર હતું. સંસાર એટલે અનેક પ્રકારના પ્રવાહોની અને તરંગોની સરણી, એવું એણે પોતાના મનમાં ઠસાવી રાખ્યું હતું;

સંસારમાં જેમ આરામ, સુખ, સગવડો અને સમૃદ્ધિ મળે છે, તેમ જ દુઃખ, અગવડો અને સામાન્ય જીવન પણ સમયાનુસાર આવી ખૂબ અનુભવ આપી જાય છે એમ અનસૂયા સારી રીતે સમજતી હતી. ગાડીના ચક્રનો આરો એક વખત ઊંચો થઈ બીજી વખત નીચે જાય છે; એમ અનસૂયા સારી રીતે સમજતી હતી. જગતના મહાયુદ્ધમાં આ યુવાન સ્ત્રી સામી છાતીએ લડવા તૈયાર થઈ. એ નાસીપાસ ન થતાં જગતના તાપોમાં તપીને વિશુદ્ધ થવા તૈયાર થઈ ગઈ. એણે રડી દીધું નહિ; જગતના ઝંઝાવાતની સામે થવા અને એની સામે જંગ ખેલવા તે કમર કસીને તૈયાર થઈ.

અનસૂયાને લગભગ વહેલાં મોડાં ઉઠવાનો અભ્યાસ હતો. પરંતુ પલટાયલા સંયોગોએ એને સૂર્યોદય પહેલાં એક કલાક વહેલાં ઉઠવાની ફરજ પાડી. એણે ખુશીથી એ પ્રમાણે ઉઠવાની ટેવ પાડી દીધી. વહેલી સવારમાં ઊઠી એ દશ મિનિટ સુધી એકચિત્તે પરમાત્માની પ્રાર્થના કરતી હતી. સમસ્ત વિશ્વનું કલ્યાણ કરવા, પોતાના કુટુંબનું યોગક્ષેમ નિભાવવા, પોતાને સંસારના ઝંઝાવાતો સહી લેવાનું બળ દેવા એ પ્રાર્થના કરતી. અનસૂયા ઊઠીને તરત જ ચૂલો સળગાવી પાણીનું મોટું તપેલું ગરમ કરતી. એ પાણી ગરમ થાય તેટલામાં તો પોતે શૌચ પરવારીને નળ નીચે નાહી તૈયાર થઈ આવતી. દૂધવાળો ભૈયો આવે એટલે તેની પાસેથી દૂધ લઈને એ ગરમ કરતી હતી.

એ સમય દરમિયાન સાસુજી ઉઠયાં હોય. એઓ પણ પરવારીને આવે એટલે અનસૂયા ગરમ કરેલ પાણી બાલદીમાં રેડી એમને નાહવા માટે મૂકે. એટલામાં દિવાનખાનામાં એક ખૂણે જગ્યા સ્વચ્છ કરી ત્યાં ઊનનો નાનો ગાલીચો, એક પાટલો અને ડોશીમાની ગૌમુખી તથા માળા મૂકે. ડોસી આવીને માળા કરે. એક પૈસાનાં ફૂલ મંગાવી રાખ્યાં હોય તે લઈ સાસુજી ઠાકોરજીને જગાડી, સ્નાન કરાવી પૂજા કરી થોડો મેવો ધરાવે, એટલે અનસૂયા ગરમ કરેલ દૂધનો વાડકો લઈ આવે. વૃદ્ધા ઠાકોરજીને એ ધરાવી દૂધ પીએ. પછી એઓ

હવેલીમાં દર્શને જાય. ગાડી તો હવે હતી નહિ એટલે વૃદ્ધાને પગે ચાલીને દર્શને જવું પડતું સંસારનાં અનેક સુખદુઃખોને જોઈ રીઢાં



સાસુજી

સંસારના અનેક સુખદુઃખોને જોઇ રીઢાં થયેલાં ડોશીમા કાંઇપણ ફરિયાદ કર્યા વગર સૌ સગવડ અગવડ નિભાવી લેતાં હતાં.

થયેલાં ડોશીમા કાંઈ પણ ફરિયાદ કર્યા વગર સૌ અગવડ–સગવડ નિભાવી લેતાં હતાં.

રમણલાલ હંમેશાં આઠ વાગે ઉઠનાર માણસ હતા. ઊઠીને એઓ અનસૂયાના આગ્રહથી પાંચ મિનિટ પલંગ પાસેની શ્રીનાથજીની છબી પાસે બેસી પ્રાર્થના કરતા. નાહવાની ઓરડીમાં અનસૂયા એમને માટે બ્રશ અને દંતમંજનના પાઉડરની શીશી તૈયાર રાખે તેનો ઉપયોગ રમણલાલ કરે. એમને માટે ગરમ પાણી તૈયાર રાખ્યું હોય તે બાલદીમાં રેડી આપે. રમણલાલ માટે નાહવાનો સાબુ, ટુવાલ અને ધોતીઉં પણ એણે યોગ્ય સ્થળે મૂક્યાં જ હોય. રમણલાલ નાહીને આવે એટલે એમને માટે આસનીઉં પાથરી રાખી માળા પણ મૂકી રાખી હોય. રમણલાલ પાંચ છ માળા ફેરવી રહે તેટલામાં અનસૂયા દૂધનો વાડકો એમની પાસે મૂકી જાય. રમણલાલ દૂધ પીને દિવાનખાનામાં હીંચકે બેસી નિરાંતે બીડી પીતા પીતા શાક લેવા ચાલ્યા જાય તે માધવબાગમાં દર્શન કરી શાક લઈને ઘેર આવે.

અનસૂયા સવારના સાત વાગે બાળકોને ઉઠાડે. એમને પરમાત્માની પ્રાર્થના શીખવાડી હતી તે મુજબ બંને બાળકો પ્રાર્થના કરે. પછી દાતણ અને મસી દાંતે ઘસે, પછી પોતાની મેળે પાણીથી મોઢું સાફ કરી પરવારીને તેલની માલીસ કરે, તે પછી ખૂબ ચોળીને ઠંડે પાણીએ નાહી લે, ટુવાલથી શરીરને ઘસીને લૂછી નાખે, પછી સ્વસ્થ થઈ નાહીને દૂધનો પ્યાલો અને ઘેર બનાવેલા બે બિસ્કુટો ખાઈને લેસન કરવા બેસી જાય.

બંને છોકરાંઓને માતા ઉપર આદર અને સ્નેહ હતાં. માતા કદી પણ એમને કઠોર વચન કહેતી નહિ કે ઠપકો આપતી નહોતી, તેમ જ કદી પણ એમને શારીરિક શિક્ષા પણ કરતી નહિ; છતાં સ્નેહભરી શિસ્ત હતી; પ્રેમ સાથે નિયમન હતું; બાળકો માતાનું મન દુભાય

એવું કામ કરવા સદા નારાજ રહેતાં. કદી પોતાનાથી મસ્તી તોફાનમાં કંઈ નુકસાન થઈ જાય તો માતા પાસે જઈ જાતે જ તે ભૂલ નિખાલસપણે કહી દેતાં હતાં, અને એ ભૂલ માટે માફી પણ જરૂર મળતી હતી. અનસૂયા તેમને ખોટાં લાડ લડાવતી નહિ, છતાં યોગ્ય લાલન–પાલન તો હતું જ; મસ્તી, તોફાન, ઘોંઘાટ અને ખોટા વાંધાઓ એમની પાસે નહોતા, પરંતુ દોડવું, રમતગમત, આનંદ–ઉલ્લાસ, ગીતો, વાચન અને કસરત ત્યાં હતાં. બાળકોને મન માતા નારાજ થાય કે દુભાય એ ભારે અપરાધ હતો. એમને એમની મર્યાદામાં સંપૂર્ણ સ્વતંત્રતા હતી. એમની દિનચર્યામાં એમને કામની વહેંચણી કરવાનો સંપૂર્ણ હક્ક માતાએ આપ્યો હતો. જ્યારે જોઈએ ત્યારે માતાની દોરવણી, સલાહ અને સહકાર એમને મળતાં જ હતાં.

બંને બાળકો ગર્ભશ્રીમંતાઈમાં ઉછર્યાં હતાં. એમના શરીરે તેલ માલીસ કરવું, સાબુ લગાડી નવરાવવાં, નવાં ધોયેલ વસ્ત્રો પહેરાવવા, એમનાં પુસ્તકો લાવી આપવા, એમને ગાડીમાં બેસાડી નિશાળે લઈ જવા, એમનાં બિછાનાં પાથરવા, ઉપાડવા અને એમની વસ્તુઓ, ટેબલો સાફ કરવા નોકરો હતા. નોકરો વગરનું જગત આ બાળકોએ જોયું નહોતું. મોઢામાં રૂપાનો ચમચો લઈને એ જન્મ્યાં હતાં. તેમના મોઢે બોલાતી દરેક વસ્તુ એમને મળતી હતી, દરેક વાજબી માગણી માતાપિતા અને દાદીમા પૂરાં પાડતાં હતાં. સુંદર વસ્ત્રો, ખાવા માટે મેવા–મિઠાઈ, રમવા માટે જોઈએ તેવાં કિંમતી રમકડાં અને વાંચવા માટે નવાં પુસ્તકો આ બાળકોને મળતાં હતાં. એમને દાદીમા ઢીંગલીઓ પેઠે કિંમતી વસ્ત્રાલંકારોથી શણગારી આનંદ પામતાં હતાં. બાળકોને જોકે અનસૂયાએ ખૂબ સુધાર્યાં હતાં, છતાં શ્રીમંતનાં સંતાનોમાં જે એક જાતની એશઆરામી વૃત્તિ, મોજશોખથી ભરેલું માનસ અને પરાવલંબી જીવનવૃત્તિ આવે છે તે તેમનામાં પણ આવી ગઈ હતી.

માતાપિતાની શ્રીમંત સ્થિતિમાંથી મધ્યમ સ્થિતિ આવી એ માટે બાળકોનું માનસ તૈયાર નહોતું. એમને મધ્યમ જીવનમાં ભારે અગવડો અને મૂંઝવણો નડી. નોકરોને ઠેકાણે માતાએ થોડો સહકાર આપ્યો, એથી ઘણુંખરું કામ પોતાને માથે આવી પડ્યું. વિપુલતાને સ્થળે સંકુચિત વાતાવરણ દેખાયું. માતાએ બાળકોને હૂંફ આપી સ્વાવલંબી બનાવવાના અખતરા ચાલુ કર્યા. છોકરાંઓનાં નાનાં કબાટો એમની ઓરડીમાં જ વસાવ્યાં હતાં. એમાં પોતાનાં કપડા એ ખાનાંમાં વ્યવસ્થાપૂર્વક મૂકવાની માતાએ એમને ટેવ શીખવી હતી. માતાની નજર નીચે એ બાળકો પોતાનાં કપડાં કબાટમાં ગોઠવતાં શીખ્યાં. મેલાં કપડાં ધોબીને ધોવા આપવાં, નોકરોને ધોવા આપવાં અને પાછાં તે સંભાળી લેવાનું પણ બાળકો શીખ્યાં. જેવી ટેવો બાળકોને માતાપિતા પાડે છે, તેવી ટેવો બાળકોને પકડી લેતાં સમય લાગતો નથી. માતાપિતાની પોતાની સંસ્કૃતિ, આચાર-વિચાર, કર્તવ્યપરાયણતા, રહેણીકરણી અને ચાલચલગતની ઊંડી અસર બાળકો ઉપર પડે છે.

માતાએ બાળકોને સમયસર ઊઠવાની ટેવ પાડી હતી. દાતણ કરવું, મસીથી દાંત સાફ કરવા, જીભ સાફ કરવી, નિયમસર પાયખાને જવું, તેલનું મર્દન કરવું, સાબુથી પોતાને હાથે ઘસીને ટાઢે પાણીએ નાહવું, ટુવાલથી શરીરનાં અંગો ખૂબ ઘસવાં, મોઢું બરાબર ઘસીને ધોવું, આંખો ઠંડા પાણીથી ધોઈ સાફ કરવી, પગનાં તળીઆં ઘસી ધોઈ મેલ કાઢી નાખવો, સુધારેલાં કપડાં પહેરવાં, નાકમાંથી લીંટ ખંખેરી નાખવું, આંખોમાંથી પીયા ધોઈ નાખવા, વખતોવખત નખ કપાવવા, આંખોમાં કાજળ અંજાવવું, માથામાં તેલ નાખીને હોળવું, જમ્યા પછી બરાબર કોગળા કરી મોઢું સાફ રાખવું, બગલમાં અને શરીરના સાંધાઓમાં પરસેવાથી જામેલો મેલ સાફ કરવો, આ બધી ટેવો માતાએ પોતાના અનુકરણ અને તાલિમથી બાળકોને શીખવી દીધી.

બાળકોને માતાએ સરખી રીતે ભોજન કરવાની ટેવ પાડી. જમતાં જમતાં દાણા વેરાઈ જમીન કે કપડાં ઉપર પડે નહિ, બાળકો પોતાનાં વાસણો કપડાંથી લૂછીને પછી જ જમે, ધીમે ધીમે ચાવીને ખોરાક ખાય, જમતી વખતે આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ ઉત્પન્ન કરે, જમણા હાથવડેજ ખાય, જોઈના પ્રમાણમાં જ ખાવાની વસ્તુ લે, એઠું છાંડવાની ટેવ રાખે નહિં, મોટા કોળીઆ ભરીને જલદી ગળે ઉતારે નહિ, ખાવામાં હરિફાઈ કરીને ફલાણી વસ્તુ તો મારે જોઈશેજ એવી હઠ પકડે નહિ, વધારે પ્રમાણમાં ખાઈને પેટમાં પીડા કે અપચો ઉત્પન્ન થવા દે નહિ, એક જ ચીજ વધારે પ્રમાણમાં ખાઈ દાળશાક વગેરે મૂકી દે નહિ, જમતાં જમતાં પલાંઠી વાળી એક જ આસનથી બેસે, પોતાનાં વાસણો અને પાટલાને જમતાં અવ્યવસ્થિત રીતે મૂકી ભોજન કરે નહિ, વધારે પીરસાવે નહિ, એવી એવી અનેક ટેવો માતાએ પોતાનાં બાળકોને પોતાના દખલાથી શીખવી હતી.

ઘર એ સૌથી સરસ તાલિમ આપનારી શાળા છે. સુશિક્ષિત અને સુસંસ્કારી માતાપિતા પોતાનાં બાળકોને સૈનિકો જેવી સુવ્યવસ્થા અને શિસ્ત શીખવે છે. મધુર સ્વભાવ રાખવો, વાત વાતમાં ચીડાવું નહિ, મોઢામાંથી અપશબ્દ કાઢવો નહિ, યોગ્ય કારણ હોય તો પણ ખીજાવું નહિ, ખોટું બોલવું નહિ, માબાપ કે વડીલોને છેતરવાં નહિ, ઘરમાંથી વસ્તુઓ કે પૈસાની ચોરી કરવાની ટેવ પાડવી નહિ, નિખાલસતાથી ભૂલ કે ગુન્હો કબૂલ કરી લેવો, ઘરકામમાં માબાપને વખત મળે ત્યારે મદદ કરવી, પોતાથી નાનાઓ પ્રત્યે સહાનુભૂતિ બતાવવી, સમય મળ્યે પોતાથી નાનાને શીખવવું, નાનાઓને સારાં રમકડાં, વસ્ત્રો અને ખાવાની વસ્તુઓ મળે તો તેથી ઇર્ષ્યા કરી રીસાવું નહિ, ચાડિયો સ્વભાવ રાખવો નહિ, ખરાબ ખીજથી કે તુંકારે કે ઉદ્ધતાઈથી કોઈને બોલાવવું નહિ, બહારના માણસો આવે તેમને પ્રણામ કરી યોગ્ય આદર આપી વિવેકભર્યા સત્ય ઉત્તરો આપવાં

—આ સર્વે અનસૂયાએ પોતાનાં બાળકોની તાલિમમાં ધીમે ધીમે દાખલ કર્યાં.

બાળકો પોતાના આરોગ્યની સારી સંભાળ રાખે એ શિક્ષણ પણ માતાએ જ આપ્યું. એમને બીડી પીવાની, સોપારી ચાવવાની, મોટેથી બરાડા પાડી વાત કરવાની, ચાડી ચૂગલી કરવાની ટેવ ન પડે તે બાબત માતાની ખાસ નજર રહેતી. બજારની વસ્તુ ખાવા માટે બાળકો કદી કજિયા કરે નહિ. મિઠાઈ કે ભજિયાં વધુ પ્રમાણમાં ખાઈ પેટ બગાડે નહિ એ બધું અનસૂયાને જ લક્ષ્યમાં રાખવાનું હતું. અનસૂયા બાળકોને નિયમિત ખુલ્લી હવામાં ફરવા તેડી જતી. દરરોજ ફરવા જતાં કોઈ વાર્તા પણ એ જરૂર કહેતી. છોકરાઓમાં દોડવા, નાચવા અને કૂદકા મારવાની હરિફાઈ પણ કરાવતી. પોતે પણ એમની સાથે રમતો રમી એમને રમાડતી હતી. વખતસર ખાય, સમયસર ફરવા જાય, વખત થતાં ભણવા બેસે અને વાતો કરે, સમયસર સૂએ અને જાગે, સ્નાન કરે એ બધું જ અનસૂયાની લાંબા સમયની તાલિમે બાળકોના હૃદયમાં ખૂબ ઉતારી દીધાં. બાળકોને સહેલી સરળ કસરતો પણ એણે શીખવાડી હતી.

બાળકો પોતાનાં પુસ્તકો ઉપર બરાબર પૂંઠાં ચડાવે, પુસ્તકો ઉપર ડાઘા પાડે નહિ, પુસ્તકોનાં પાનાં ઉપર જ્યાં ત્યાં અક્ષરો લખી બગાડે નહિ, એ પુસ્તકોને ગમે ત્યાં આડાં અવળાં કે રખડતાં મૂકે નહિ, પેન્સિલ, હોલ્ડર તેમ જ સ્લેટ બરાબર યોગ્ય સ્થળે મૂકે; નિશાળમાં વેચવા આવેલા ફેરીઆ પાસેથી ખાવાની ચીજો જેવી કે ભજિયાં, દહીંવડાં, બટાટા, લાલાપુરી વગેરે ખરીદે નહિ, કપડાનાં બટન તૂટે તો તરત ચોડાવી લે, ફાટે ત્યાં સંધાવી લે, ડાઘ પડે તો ધોઈ નાખે, દોડવાથી કે બીજા કારણથી શરીરમાં પરસેવો થાય તો ખૂબ ઘસીને લૂછી નાખે, લેમોનેડ, સોડા, ચાકલેટ વગેરે લઈને પૈસા બગાડે નહિ, જુગાર રમવાની, બીડી પીવાની, ગાળો દેવાની કે બીજી ખરાબ ટેવો શીખે નહિ; છુપાવવું, ખોટું બોલવું, ઠગવું અને અપ્રમાણિકતાથી

વર્તતાં શીખે નહિ; વાણીનું માધુર્ય, વિવેક અને વિનય શીખે, એ સઘળી તાલિમ અનસૂયાના બાળઉછેરમાં આવી જતી હતી.

આપણાં કેટલાંક ગુજરાતી બાળકોમાં એક ખરાબ આદત જ્યાં ત્યાં પેશાબ કરવા અને પાયખાને જઈ ગંદકી કરવાની છે. તેઓ જાહેર રસ્તાઓ ઉપર ગંદકી કરે છે. થૂંકવાનું સ્થાન જોઈને થૂંકતાં નથી, લીંટ પણ જ્યાં ત્યાં ફેંકે છે, એમને નાકમાં વારંવાર આંગળી નાખવાની ટેવ હોય છે. ઘણાં બાળકો મોઢામાં આંગળી કે અંગૂઠો ધાવે છે, ચોપડીઓનાં પાનાં ઉથલાવતાં થૂંકવાળી આંગળી કરે છે, મોઢામાં આવેલો કફનો બળખો ગળી જાય છે, ખાધા પછી મોઢું ધોતાં નથી, દાંત સાફ કરતાં નથી, ગાળાગાળી કરે છે, બૂમો અને ચીસો નાખે છે, નકામા કજીઆ વહોરે છે, નિશાળના છોકરાઓની વસ્તુઓ ઉપાડી લે છે; ત્યાંના બાંકડા અને ફર્નિચર ઉપર અક્ષરો કોતરી તે બગાડે છે, તેમ જ ભીંતો ઉપર અપશબ્દો લખે છે. વળી કેટલાક ચોરી છૂપીથી શૃંગારી નવલકથાઓ અને ગીતો વાંચે છે. સિનેમાનાં નટનટીઓની તસ્વીરો સંગ્રહે છે. સિનેમામાં બે ચાર આના ખર્ચી હમેશાં જાય છે, ત્યાં હલકા વર્ગમાં જઈ બૂમો પાડે છે, ખરાબ છોકરાઓની સાથે કુસોબત કરી કુટેવો શીખે છે, સિનેમાનાં અને નાટકોનાં પ્રેમગીતો ગાય છે. આવાં આવાં ખરાબ લક્ષણો પોતાનાં બાળકોમાં ન પેસી જાય તેની માતા સંભાળ રાખતી હતી. પરંતુ પોતે બાળકોના સ્વભાવ અને રીતભાત ઉપર ચોકી રાખે છે એવું જણાય તેવું અનસૂયા ક્યારેય પણ કરતી નહોતી. પોતે નિખાલસ ભાવે વર્તતી અને બાળકોને નિખાલસ ભાવે વર્તવાની ટેવ પાડતી હતી. માતા આગળ હૃદય ખોલાય; આશ્વાસન, સમાધાન, શાંતિ અને માર્ગદર્શન ત્યાંથી જ મળી શકે.

આપણાં ગુજરાતી બાળકોમાં એક વધુ ખરાબ ટેવ બીકણ અને ડરપોકપણાની છે. નાનપણથી જ માતા બાળકોને ભૂત, પિશાચ,

બાવો હાઉ અને બીજા તરંગી વહેમો એમના મગજમાં ઘુસાડી દેવાની છે. આ ટેવ એમના વિકાસ સાથે ઉત્તરોત્તર પ્રગતિશીલ રહે છે, જે યુવાનીમાં એને ડરપોક બનાવી વૃદ્ધાવસ્થામાં પણ હેરાન કરે છે આ બાળક એકાંત જગ્યામાં જતાં થરથરે છે. ઘણીખરી ઘટાદાર વૃક્ષોવાળી જગ્યાઓ એમના મનથી મેલી છે. એમને રાત્રે એકલાં બહાર નીકળવાનું ગમતું નથી. અંધારૂં એમની કલ્પનામાં હજારો ભયંકર આકૃતિઓ ઉત્પન્ન કરે છે. સહેજ વાત થતાંમાં તો એ ચોંકી ઉઠે છે. એઓ દૈત્યો-રાક્ષસોની વાતો વાંચે છે અને એમના અસ્તિત્વને માને છે, એનાં જ સ્વપ્નાં એમને આવે છે; કાળી બિહામણી આકૃતિઓની એ કલ્પના કરે છે. આથી એમનું હૃદય નબળું પડી જાય છે. યુવાનીમાં પણ એમનામાં સાહસશક્તિ, વીર્ય, તેજ, બળ, હિંમત, ધીરજ અને સહનશક્તિ આવતાં નથી. પરિણામે મોટા થતાં તેઓ બીકણ પ્રકૃતિનાં માણસો બને છે. અનસૂયા પોતાનાં બાળકોને કદી બીવરાવતી નહોતી, કદી એઓ ડરે કે ચોંકી ઊઠે તેવું કંઈજ કરતી નહિ. ભૂત, પ્રેત, પિશાચ, રાક્ષસો, દૈત્યો વગેરે છે જ નહિ એવું એણે એમને ઠસાવી દીધું હતું.

બાળકોમાં અનેક તો શેતલ પ્રકૃતિનાં થઈ જાય છે, વાતવાતમાં તેમની આંખોમાં આંસુ દોડચાં જ આવે છે, મોટો ઘાંટો કાઢી રડે છે, ઘણી વખતે માતાપિતાને કાયર કરીને પણ રડી દઈ ને જોઈતી વસ્તુ મેળવે છે. કોઈ વાત ન રહી, કોઈ વસ્તુ મળી નહિ, કોઈ વખતે જરા માબાપ કહે તો પણ રડીને રાગડા તાણે છે. આ ટેવમાંથી રિસાળપણું આવે છે ને સહનશક્તિ ઘટે છે. બીજાની વાત સમજવાની અને તેની યોગ્ય તુલના કરવાની શક્તિ રહેતી નથી. જ્યારે મોટાં થાય છે ત્યારે પણ કાંઈ સહનશક્તિ રહેતી નથી. વાતવાતમાં કલેશ, વિષાદ, ભય, શોક, વિલાપ, ચિંતા અને મોહનાં વાતાવરણ ઊભાં કરે છે; અને પરિણામે તેઓ દુઃખ સહન કરી શકતાં નથી. જરા પણ તકલીફ આવી પડતાં માથે હાથ મૂકીને રુએ છે, એનું મન એકદમ

પોચું બને છે. જિંદગીના યુદ્ધમાં તે સાહસ કરીને લડી વિજય મેળવી શકતાં નથી. તે શરીર અને મનથી ડરપોક રહે છે.

બાળકોમાં ભૂત, પ્રેત, પિશાચ અથવા રાક્ષસ સિવાય બીજા પણ ખોટા વહેમો બાળપણથી જ માતાપિતા દ્વારા તેમના મગજમાં ઠસવાય છે. ફલાણે દિવસે ઘેરથી નીકળાય નહિ, ગધેડું કે વિધવા સ્ત્રી સામી મળે તો અપશુકન કહેવાય, બિલાડી આડી આવે તો પણ આગળ જવાય નહિ; શુકન અપશુકનના વહેમો, મંત્ર જંત્રના વહેમો, મારણ, ઝડપનના વહેમો, કાળા દોરા ને, માદળીઆના વહેમો એવા એવા અનેક વહેમો બાળકોમાં નાનપણથી જ પ્રવેશવા પામે છે. અનસૂયા આવા વહેમોને ઉત્તેજન આપતી જ નહિ. વહેમો તો ખોટા હોવાનું એણે બાળકોના મગજમાં ઠસાવી દીધું હતું.



## ૨૫

# અનસૂયાની ઘડતરકથા

**અ**નસૂયા બાળકોને સ્વાવલંબી બનાવી શકી હતી. અભ્યાસ અને તાલિમથી બાળકો નાહવા, વસ્ત્રો સંભાળવા, પુસ્તકો યોગ્ય સ્થાને રાખવા અને પોતાની સુઘડતાનાં દરેક કામો કરવા લાગ્યાં. અનસૂયા એમાં ભૂલ હોય તો એમનું મધુર વાણીથી માત્ર ધ્યાન ખેંચતી હતી. અનસૂયાએ પોતાનાં બાળકોને નાનપણથી જ ઇશ્વરભક્તિ શીખવી હતી. આ સિવાય આપણા દેશની વાતો પણ એ બાળકો પાસે ઉમંગથી કરતી. મહાત્મા ગાંધીજી, પં. જવાહરલાલ નહેરુ, લોકમાન્ય તિલક, દાદાભાઈ, દેશબંધુ દાસ વગેરે દેશનેતાઓની વાતો પણ અનસૂયા પોતાનાં બાળકોને સાંજે ફરવા જતાં કહેતી. તેમ જ આપણો દેશ કેમ પરાધીન અને પરતંત્રતા ભોગવે છે તે પણ એ કહી બતાવતી હતી. વળી હિંદની કોંગ્રેસ શું છે, શા માટે એ સરકાર સાથે રાજ્યદ્વારી

વાતોમાં મતભેદ ધરાવે છે, હિંદીઓને પોતાના દેશમાં સત્તા અને અધિકાર કેમ મળતાં નથી, એ પણ એણે બાળકોને સમજાવ્યું હતું. બાળકો આવી સમજાવટથી એ વાતોમાં રસ લેતાં થયાં હતાં.

અનસૂયાએ પોતાનાં વહાલાં બાળકોમાં સ્વદેશી ભાવના પણ ઠીક પ્રેરી હતી. પોતાના દેશની બનાવટની વસ્તુ ખરીદવાથી દેશના માણસોને કામ મળે, દેશમાં ધંધો–વેપાર વધે, દેશી હુન્નર–કારીગરીને ઉત્તેજન મળે અને દેશમાં બેકારી ઘટે એ બધી વાતો સહેલી સરળ ભાષામાં માતા બાળકોને કહેતી. ખાદી વાપરવાથી આપણા લોકોનું વધારે ભલું થાય છે; મિલોમાં બનતા કાપડથી માત્ર થોડા લાખ મજૂરોને કામ મળે છે, જ્યારે હાથે કાંતેલ અને હાથે વણેલી ખાદીથી કરોડોને રોજી અને રોટી મળી શકે છે; એ બધું પણ માતાએ બાળકોને સમજાવ્યું હતું. આપણે સસ્તી પરદેશી ચીજો લઈને સ્વદેશી ઉદ્યોગોનો નાશ કરવામાં કારણભૂત થવું ન જોઈએ; પરંતુ દરેક ચીજ જો સ્વદેશી મળે તો જરૂર એ મોંઘી પણ ખરીદવી જોઈએ. બૂટ, મોજાં, ટોપીઓ, કાગળો, ઓઢવાનાં વસ્ત્રો, ફર્નિચર, ખાવાપીવાનાં પદાર્થો—એ બધું સ્વદેશી જ લેવાં જોઈએ. એમાં પણ ગૃહઉદ્યોગની બનાવેલી વસ્તુ ખરીદવા પર વિશેષ ધ્યાન આપવું. હિંદના ગૃહઉદ્યોગો કરોડોને પાળે છે, એથી દેશની સમૃદ્ધિ દેશમાં જ રહે છે.

અનસૂયા સવારના આઠ વાગે રસોઈ કરવા બેસતી અને દશ વાગે તો રોટલી, દાળ, ભાત, શાક, દૂધ, છાશ સઘળું તૈયાર થઈ જતું એટલે એ બાળકોને બોલાવી જમવા બેસાડી દેતી. રમણલાલને પણ બજારમાં વહેલા જવું પડતું હતું તેથી એમને પણ બાળકોની સાથે જ જમવા બેસાડી દેતી. સૌ જમી રહે એટલે પોતે પોતાના હાથે તૈયાર કરેલાં પાનબીડાં આપી એમને વિદાય કરતી. પછી સાસુજીને બોલાવી એમને પાટલે બેસાડી પીરસતી અને સાથે પોતાની થાળી પણ પીરસી દેતી હતી. બંને આનંદથી વાર્તાલાપ કરતાં જમી

લેતાં હતાં. બાર વાગ્યાની અંદર તો ધાટી ચૂલો લીંપી સાફ કરી વાસણો માંજી ગોઠવી દેતો હતો અને સૌનાં કપડાંને તો વહેલાં ધોઈ સૂકવી નાખતો.

જમીને સાસુજી વામકુક્ષી કરતાં હતાં. અનસૂયા પણ ૦ાા કલાક આરામ લેતી હતી. આરામ લઈને સાદડી પાથરી દિવાનખાનામાં બેસતી. ત્યાં છોકરાંઓનાં કપડાંમાં બટન તૂટયાં હોય, કયાંક ફાટયાં હોય અને સાંધવા જેવાં હોય તેને લગતું કામ કરતી. પોતે ઘરમાં સીવવાનો સંચો પણ વસાવ્યો હતો. તેમાં પોતાની ચોળીઓ, પોલકાં, ચણીઆ વગેરે સાદાં સાદાં તે જાતે સીવી લેતી હતી. છોકરાંઓનાં પહેરણો તેમ જ ખમીસો પણ તે હાથે જ વેતરી લઈ સીવતી હતી. એને વેતરવાની કળા પણ સરસ આવડતી હતી. વળી પતિનાં પહેરણો અને ખમીસો પણ પોતે તૈયાર કરતી હતી. દરરોજ બે કલાક એ સીવવા પાછળ ગાળતી. કાંઈ ને કાંઈ સીવવાનું કુટુંબમાં હોય જ. અનસૂયા આગળથી બધી યોજના તૈયાર કરી રાખે તે પ્રમાણે એનું વેતરવાનું અને સીવવાનું કામ ચાલુ જ રહેતું.

નોકરને પોતાને ઘેર જમવાનું હતું. તે બપોરે ત્રણ વાગે આવે, ઘરમાં સાફસૂફ કરે, અનસૂયા અનાજ કાઢી આપે તે સાફ કરે; પરંતુ નોકરના સાફ કરેલા અનાજ ઉપર પણ અનસૂયાની નજર તો ખરી જ. કયાંક કાંકરો રહી ગયો હોય તો તે પોતે નજર નીચે કાઢી નાખે. અનસૂયા ઘઉં અને બાજરાનો લોટ સંચે પીસાવતી નહોતી. સંચે દળાવેલા લોટમાંથી થુલો નીકળી જાય છે; એ થુલામાં શરીરનાં સંરક્ષક પ્રજીવનકો (વિટામિન્સ) હોય છે. સંચે દળેલા લોટમાં થુલો ન હોવાથી એ વિટામિન્સ વગરનો અને પચવામાં ભારે છે. જોડેના માળામાં એક આર્થિક તંગીવાળી આધેડ બાઈ રહેતી હતી, તે ઘંટી વસાવીને લોટ પીસતી હતી. એને યોગ્ય દળામણ આપી અનસૂયા ઘંટીનો પીસેલો લોટ વાપરતી હતી. વળી આ વિટામિન્સ માટે મગની

દાળ પણ ફોતરાં જ સાથે વાપરતી. નોકર નીચે નળમાંથી પાણી ભરી આવે, ગાળીને વાસણોમાં ભરે, ઘરમાંથી કચરો વાળી ઝૂડીને સાફ કરવાનું કામ કરે, અને સવારનાં સુકાવેલાં કપડાં વાળીને મૂકે.

અનસૂયા કાંઈ કામ ન હોય તો પોતાના પ્રિય પુસ્તકમાંથી



**અનસૂયા**

અનસૂયા કાંઈ કામ ન હોય તો પોતાનાં
પ્રિય પુસ્તકમાંથી કાંઈક વાંચતી હતી.

કાંઈક વાંચતી, એને કવિતાનો પણ સારો શોખ હતો. પ્રાચીન અને આધુનિક કવિઓની પ્રાસાદિક કવિતાઓ મધુર કંઠે અને ધીમે સ્વરે ગાવી એ એને બહુ ગમતું હતું. સાસુજી પણ એની પાસે બેસીને એ

સાંભળે. ડોસીને પ્રથમ ધાર્મિક સાહિત્ય વંચાવવાનો શોખ હતો. અનસૂયા સાસુજીનો પ્રેમ સંપાદન કરી લેવા શરૂઆતમાં ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ અને ૮૪ વષ્ણવોની વાર્તાઓની પોથીઓ એમની આગળ વાંચતી હતી; પરંતુ એમાં એને રસ નહોતો. પછી ગુજરાતી ભાગવતની કથા સાસુજી સમક્ષ વંચાતી હતી. ડોશીમા તે કશું સમજતાં નહોતાં, પરંતુ ભાગવતના કેટલાક ભાગો અનસૂયાને અનુકૂળ લાગ્યા હતા. હવે સાસુ વહુને બિલકુલ અનુકૂળ થઈ ગયાં હતાં. વહુ જે વાંચે તે સમજે કે ન સમજે તોપણ છાનાંમાનાં સાંભળ્યે રાખે. જે દિવસે વહુને વાંચવામાં દિલ ન લાગે તે દિવસે એ પતિ અથવા બાળકોનાં સ્વેટર ગૂંથતી હોય. એમ કરતાં સાંજે પાંચ વાગે અને છોકરાંઓ નિશાળેથી ઘેર આવી જાય.

અનસૂયાની આજ્ઞાથી પાંચ વાગે નોકર સગડી સળગાવતો હતો. દૂધ ગરમ કરી બબ્બે બિસ્કીટો અને દૂધનો પ્યાલો બાળકોને પોતાની પાસે બેસાડી માતા આપતી હતી. અનસૂયા સાસુને પણ દૂધ પાતી. પછીથી ચૂલો સળગાવીને અનસૂયા આધણ મૂકી ખીચડી રાંધતી. ધીમા અગ્નિની આંચે ખીચડી ધીમે ધીમે રંધાતી હતી. બાજરાનો લોટ પણ તે બાંધીને ઢાંકી રાખતી, તેમ જ કઢી પણ બીજે ચૂલે ઊકળવા મૂકી દેતી હતી. ધીમી આંચે કઢી ચૂલા ઉપર ઊકળતી હતી. છ વાગે એ રસોઈમાંથી અચૂક નિવૃત્ત થઈ જતી. સાસુજી આ સમયે કાળો સાલ્લો પહેરી પગપાળાં હવેલી દર્શને જતાં હતાં. અનસૂયા વીસ વરસના જૂના નોકરને (ઘાટીને) ઘર સોંપી બાળકોને લઈ ફરવા જતી હતી. કોઈ દિવસ ટ્રામમાં બેસી પાલવે (એપોલો બંદર) જતી, કોઈ દિવસ રાણીના બાગની મુલાકાત લેતી તો કોઈ દિવસ ચોપાટી ઉપર હવાનો લાભ લેવા સૌ જતાં. છોકરાંઓને માતા પોતાના વિવિધ જ્ઞાનનો લાભ આપતી હતી. કોઈ દિવસ વાર્તા, કોઈ દિવસ વાંચેલી કોઈ વસ્તુ, કોઈ દિવસ યાદદાસ્તમાં ઉતારેલી સુંદર ગસ્પી અનસૂયા

એમને સંભળાવતી હતી. દેશની વાતો, સ્વદેશી વસ્તુઓ સંબંધી હકીકતો, કોંગ્રેસને લગતી બાબતો માતા બાળકોને સંભળાવતી હતી.

રાત્રે સાડાસાતે સૌ ઘેર આવી જતાં. માતા અર્ધા કલાકમાં બાજરાના રોટલા તૈયાર કરી નાખતી. તેટલામાં સૌના પાટલા મંડાઈ જતા. રમણલાલ પણ આઠ વાગ્યે આવી જતા. વસ્ત્રો ઉતારીને ધોયેલું પંચીઉં એ પહેરતા અને હાથ પગ ધોઈ સૌ જમવા બેસતા હતા. જમતી વખતે અગરબત્તીનો ધૂપ પણ કરવામાં આવતો. અનસૂયા સૌને પીરસી પોતાની થાળી પણ પીરસી લેતી હતી. ખૂબ આનંદથી સૌ વાતચીતો કરતાં જમતાં હતાં. આનંદ-વિનોદમાં અર્ધા કલાકમાં સૌ જમી લેતાં. પછી અનસૂયા સૌને પાનબીડાં આપતી, અનસૂયાએ તૈયાર કરેલી સાદી પણ સ્વાદિષ્ટ રસોઈથી સૌને સંતોષ અને તૃપ્તિ થતી હતી. સાસુજી રાત્રે જમતાં નહોતાં, માત્ર એક દૂધનો વાડકો પીતાં હતાં. સૌ જમી રહેતાં અનસૂયાની દેખરેખ નીચે નોકર રસોડું સાફ કરતો. રાત્રે નવ વાગે રસોડું સાફ થઈ જતું, સાડાનવ વાગે નોકર વાસણ માંજી ચાલ્યો જતો.

પછી નવ વાગે અનસૂયા દિવાનખાનામાં સિતાર કે હારમોનીઅમ લઈને બેસતી. એ થોડાં ભજનો ગાતી હતી. મીરાંબાઈનાં ભજનો એને બહુ પ્રિય હતાં. એ પ્રેમઘેલી ભગવાનની લાડીલી આર્યાનાં માધુર્ય અને તનમનાટ ભરેલાં થનગનતા હૃદયના પવિત્ર સ્રોતસનાં ભજનો એના હૃદયમાં અવનવા ભાવો ઉપજાવતાં હતાં. એમાં એનાં સૌથી પ્રિય ભજન નીચે મુજબ હતાં:

જો તુમ તોડો પીયા મેં નહિ તોડું;  
તુમ સંગ તોડી પિયા કૌન સંગ જોડું ?  
તુમ ભયે તરુવર, મેં ભઈ પંખીઆ;  
તુમ ભયે સરોવર, મેં તેરી મછીઆ.  
તુમ ભયે ગિરિવર, મેં ભઇ શાખા;

તુમ ભયે ચંદા, મેં ભઈ ચકોરા;
તુમ ભયે મોતી, મેં ભયા સોહાગા;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર;
તુમ ભયે ઠાકુર, મેં તેરી દાસી.

વળી—

મેરે તો ગિરિધર ગોપાળ, દૂસરા ન કોઈ.

* * * *

પ્રેમની પ્રેમની પ્રેમની રે મને લાગી કટારી પ્રેમની
કાચે રે તાંતણે હરિજીએ બાંધ્યા જેમ તાણે તેમ તેમની રે.

* * * *

મોહે લાગી રે લટક ગુરુ ચરનનની કી
ચરનન બીન મોહે કછુ ન ભાવે
જૂઠ માયા સબ સપનન કી.
મોહે લાગી રે લટક ચરનની કી.

* * * *

મેં તો ગિરિધર કે ઘર જાઉં (ટેક)
ગિરિધર મેરો પ્રીતમ પ્યારો, દેખત મન લોભાઉં
જહાં બેઠાવે તીતહીં બેઠું, જો દેવે સો ખાઉં,
જો પહેનાવે સો મૈં હી પહનું, બેચે તો બીક જાઉં.
મૈં તો ગિરિધરકે૦

અનસૂયાને સાહિત્યનો પણ ભારે શોખ હતો. અર્ધો કલાક દિલરૂબા ઉપર ભજનો ગાઈ એ પતિ અને કુટુંબ સાથે પરમાત્માની ભક્તિનું વાતાવરણ પ્રસરાવતી હતી. પોતાનાં પ્રિય પુસ્તકો શકુંતલા, માલતી–માધવ, વિક્રમોર્વશીય, શેક્સપિયરનાં નાટકો, સરસ્વતીચંદ્ર, ચંદ્રકાન્ત, ગુલાબસિંહ, પ્રેમાનંદનાં આખ્યાનો વગેરે પુસ્તકોમાંથી અવાર-નવાર દરરોજ અર્ધો કલાક સુધી વાચન ચાલતું હતું. ડોશીમા અર્ધું સમજતાં, અને અર્ધું નિદ્રાના તરંગોમાં જતું. દરરોજના અભ્યાસથી

રમણુલાલ પણુ આ પુસ્તકવાચનમાં રસ લેતા હતા. રમણુલાલ બહુ થોડું ભણેલા હતા; તેમ છતાં એણે દુનિયા જોઈ હતી. ભણ્યા નહોતા, પણ ગણ્યા હતા. એમનું અનુભવી મન સારા સંસ્કારો તરફ વળે તેવું હતું. નવરા બેઠા એમને શૅરબજારના ને શૅરસટ્ટાની ઉથલપાથલના વિચારો આવતા હતા; પરંતુ અનસૂયા વાંચતી તે એકાગ્ર ચિત્તે સાંભળવા પ્રયત્ન કરતા હતા. શરૂઆતમાં સટ્ટા અને શૅરોની ઉથલપાથલના વિચારો એમને છોડતા નહિ; વારંવાર એમનું મન, વાચન ચાલતું હોય ત્યારે પણુ વચમાં સટ્ટાબજારમાં દોડી જતું હતું. પરંતુ નિત્યના અભ્યાસ અને પ્રયત્નોથી એમને વાચનમાં રસ ઉત્પન્ન થયો. ક્યાંક સમજાય નહિ ત્યાં એ પૂછી પણુ લેતા.

રમણુલાલ દર માસે એકસો રૂપિયા પત્નીના હાથમાં મૂકતા હતા. એમની કમાણી વધારે હતી નહિ. શૅરબજારમાં મંદી ચાલતી હતી. દલાલો પોતાની મૂડી હોય તો માથાનો વેપાર કરી માથે શૅરો ખરીદી સારા ઘરાકને વેચતા હતા. પોતાની ઘરની મૂડીવાળા દલાલોનું કામકાજ સારૂં ચાલતું હતું. રમણુલાલ પાસે પોતાની પૂંજી રહી નહોતી. એટલે એમની દલાલી બહુ થોડી ચાલતી; છતાં એમના મધ્યમ સ્થિતિના કુટુંબનો નિર્વાહ સારી રીતે ચાલ્યો જતો હતો. પોતાની આબરૂભેર એ રહી શકતા હતા. અલબત્ત, એમના જૂના સંસ્કારો ક્યારેક જોર પણુ કરતા હતા. તે સમયે પોતાના જૂના શ્રીમંત જીવન માટે એમનો આત્મા તલસતો હતો. ગાડી-ઘોડો, મોટર, બંગલો, બગીચો, પૈસાની છૂટ, રસોઇઆ, નોકરનો વૈભવ એને યાદ આવી જતાં હતાં. ક્યારે ક્યારેક રમણુલાલનું મન ચકડોળે ચડીને અસંતોષ અનુભવતું, પરંતુ સુજ્ઞ સદ્દગુણી સ્રીનું પ્રસન્ન મુખ, તેનો આનંદભર્યો વાર્તાલાપ, તેનો કુટુંબ પરનો પ્રેમભાવ, તેની ખરા હૃદયની સેવા, તેનો મનોહર સંતોષ, હૃદયની પ્રસન્ન મનોહરતા—આ સર્વે પતિ પર ખૂબ અસર કરતાં હતાં. રમણુલાલની અસંતોષી વૃત્તિઓ જાગી ઊઠીને એને જરાવાર

ઉદ્વેગમાં નાખીને પાછી તરત શમી જતી હતી: સૂર્યનો પ્રકાશ થતાં વાદળાંઓ વિખેરાઈ જતાં હતાં.

રાત્રે દશનો ટકોરો થતાં જ સૌ મંડળી વીખરાઈ જતી હતી. બાળકો પોતાનાં બિછાનાંઓ પર બેસીને પાંચ મિનિટ પ્રાર્થના કરતાં અને પછી સૂઈ જતાં; ત્યારે અનસૂયા પોતાની ડાયરી લઈ રોજનો હિસાબ માંડતી હતી. દશ મિનિટમાં પોતાની હિસાબની રોજનિશિ લખીને પછી દશ મિનિટ સુધી દિવસમાં બનેલા મુખ્ય બનાવો નોંધી લેતી હતી. તે પછી સૂતાં પહેલાં થોડી મિનિટો ખરા હૃદયની પ્રાર્થના કરીને તે સૂઈ જતી. એની રાત્રિ સુખરૂપ નિદ્રામાં પસાર થઈ જતી. દિવસે ઘરકામમાં જે સારી રીતે મહેનત લીધી હોય તેથી થાકેલું શરીર સુંદર શાંત નિદ્રાને મેળવી શકતું હતું. સ્વપ્ન વગરની નિદ્રા ભોગવીને એ સવારે ઊઠતાં જ તાજી અને થાક વગરની બની જતી હતી: એનો થાક ચાલ્યો જતો હતો.

રવિવારે એનો નિત્યક્રમ બદલાતો. રવિવારની રાત્રે કુટુંબમાં કોઈ ભોજન કરતું નહિ; બધાં જ દૂધ અને પાઉં ખાઈ લેતાં હતાં. બપોરના ભોજન પછી થોડો આરામ લઈને અનસૂયા દિવાનખાનામાં બેસતી. અહીં માળામાં રહેતી યુવતીઓ, બાળાઓ આ સમયે આવતી હતી. સગાંસંબંધી, ઓળખાણવાળી અને કંઈ શીખવામાં રસ લેતી બહેનો પણ ત્યાં આવતી હતી. અનસૂયા બે વાગે શરૂઆત કરતી. એ વખતે એની એક શિષ્યા દશેક નિરક્ષર બહેનોને અક્ષરજ્ઞાન આપતી હતી. પોતે બીજી વીસેક બાળાઓને એકાદ મહાત્માજી, કાકા સાહેબ કાલેલકર કે બીજા લેખકોનાં સુંદર પુસ્તકોમાંથી વાંચી તેનો ભાવાર્થ સમજાવી શીખવતી હતી. તે પછી એક કલાક ભરત-ગૂંથણનો વર્ગ ચાલતો હતો. પછી એક કલાક સુધી શીવણ-વેતરણનો વર્ગ ચાલતો. કુલ ત્રીસેક બાળાઓ એનો લાભ લેતી હતી. તે સૌને અનસૂયા કાંઈ ને કાંઈ શીખવતી હતી. પોતાને પણ તેમાંથી ઘણું

જ્ઞાન મળતું હતું. શીખનાર કરતાં પણ એકાદ સારો શીખવનાર વિશેષ જ્ઞાન મેળવી શકે છે.

અનસૂયા ભરતગૂંથણ અને સીવવા–વેતરવામાં દરરોજના અનુભવથી હોંશિયાર થઈ ગઈ હતી. એની સારી સ્થિતિ હતી ત્યારે એણે ભરતકામ તેમજ શીવણ–વેતરણને લગતાં સારાં અંગ્રેજી માસિકો અને પુસ્તકોનો સંગ્રહ કર્યો હતો. એના લગ્નજીવનની શરૂઆતમાં એક પાડોશની સુજ્ઞ અનુભવી સ્ત્રી પાસેથી એણે આ વિષયનું અનુભવી જ્ઞાન અને તાલિમ મેળવ્યાં હતાં. એણે ખંતથી અને ઉત્સાહથી પોતાના જ્ઞાનનો વિકાસ કર્યો હતો. કોઈ નવો નમૂનો જુએ તો તે શીખી લેવા એનો આત્મા પ્રેરાતો. જ્ઞાન જ્ઞાનને વધારે છે. ખંત અને ઉત્સાહ આ કામમાં પ્રવીણતા લાવી આપે છે. અનસૂયા આ વર્ગમાં જે કાંઈ કામ થતું તેમાંથી સારા સારા નમૂના વેચતી હતી. ઘણી સુજ્ઞ સ્ત્રીઓ આ નમૂનાઓ પોતાના અભ્યાસ માટે ખરીદી લેતી હતી. આથી દરમાસે એને પચીસેક રૂપિયાની આવક થતી. એને વર્ગના નિભાવ માટે દર માસે પચીસ રૂપિયા ખર્ચ આવતો. શીખવા આવતી ઘણી બાળાઓ પાસે સાધનો નહોતાં. એમની આર્થિક સ્થિતિ મંદ હોવાથી અનસૂયાને આ આવકમાંથી એમને માટે સીવવા ભરવાનાં સાધનો ખરીદી આપવાનું રહેતું હતું.

અનસૂયાએ પરસ્પરના સહકારનો સિદ્ધાન્ત આ વર્ગમાં દાખલ કર્યો હતો. એક બાળાને એક કામમાં વ્યુત્પન્ન થાય એટલે એને થોડા સમય માટે શિક્ષિકા થઈ એ કામ બીજી બાળાઓને શીખવવું પડતું હતું. એ પોતાના જ્ઞાનનો લાભ બીજીઓને આપતી હતી. બાકીના સમયમાં તે બીજા વિષયો શીખીને પ્રગતિ સાધતી હતી. અક્ષરજ્ઞાન, વાચન, ગુજરાતી સાહિત્યનાં સુપુષ્પોની સુગંધ, સીવણ, વેતરણ, ભરત-ગૂંથણ આટલા વિષયો દર રવિવારના સાડાપાંચ વાગ્યા સુધી શીખવવામાં આવતા હતા. આ વર્ગ સાડાત્રણ કલાક

ચાલતો હતો. અનસૂયા આ શિક્ષણની સાથે સાથે સ્વચ્છતા કેમ રાખવી, આરોગ્ય કેમ સુધારવું, ઘરખર્ચ કરકસરથી કેમ નિભાવવું, ઘરરખ્ખુપણું કેમ સાચવવું એ પણ ઉદ્યોગો અને અક્ષરજ્ઞાનની પૂરવણીમાં સમજાવી દેતી હતી. સમય વીતતાં સારા સારા શિક્ષણશાસ્ત્રના પ્રેમીઓ આ વર્ગ જોવા–અવલોકવા આવતા હતા.

સાડાપાંચે વર્ગ બંધ થતાં ચૂલો સળગાવી દૂધ ગરમ કરી બિસ્કીટ અને દૂધનો પ્યાલો કુટુંબનાં સૌ સાથે બેસીને લેતાં હતાં. એ દિવસે આખું કુટુંબ સાથે મળીને કોઈ સારી બોધદાયક ફિલ્મ જોવા જતું. જે ફિલ્મ કળાની દૃષ્ટિએ સારી હોય, જેમાં કાંઈક જ્ઞાન મળે અને શિક્ષણ તથા અનુભવ મળે તેવી ફિલ્મ અનસૂયા પસંદ કરતી. બાળકોને એમાંથી શું મેળવવા જેવું છે તે અનસૂયા એમને ખાસ બતાવી દેતી હતી. જે દૃશ્યોમાં નટ–નટીઓની નિર્દોષ કલા ખીલી નીકળતી તે એમને દેખાડતી હતી. પાછળથી ડોશીમા પણ એવી તેવી ફિલ્મો જોવા જતાં હતાં. હવે એમના જીવનમાં પણ કોઈ અજબ પરિવર્તન થયું હતું. અનસૂયાએ એમને વિશેષપણે પ્રભુભક્તિ તરફ દોર્યાં હતાં. સાચી ભક્તિ આવતાં મનની સંકુચિતતા અને અનુદારતા ચાલ્યાં જાય છે. સ્પર્શ્યાસ્પર્શ્યની ટેવ, હદ ઉપરાંત મરજાદ પાળવી, બીજા સંપ્રદાયો તરફ ઘૃણા દાખવવી, તેમ જ પોતે ઊંચાં છે એવો ભાવ એમના સ્વભાવમાંથી ઘણો ઓછો થઈ ગયો. સાંસારિક જડ રિવાજો–જેવાકે ઘૂમટો તાણવો, છૂત–અછૂતને હદ ઉપરાંત સુધી ખેંચવી, સંપ્રદાયની સંકુચિત વૃત્તિઓને પોષવી, સાંસારિક અને વ્યાવહારિક રીતભાતો અને જ્ઞાતિબંધનો ઉપર હદ ઉપરાંત આધાર રાખવો એ સૌ દૂર થયું. એમના હૃદયમાં પણ ઉદારતાની રેખાઓ ખાવા માંડી.

***

# અનસૂયાનાં પાડોશીઓ

**અનસૂયા** એક મોટા માળામાં બીજા માળે ભાડે રહેતી હતી. આ માળો તાજો નવો બાંધેલો અને સુખ-સગવડોવાળો હતો. એમાં નાના દિવાનખાનાવાળા વિભાગોમાં આર્થિક રીતે સંકોચ અનુભવતાં મધ્યમ વર્ગનાં સાદાં કુટુંબો વસતાં હતાં-નાની નાની ઓરડીઓમાં આર્થિક રીતે પછાત ગરીબ કુટુંબો વસતાં હતાં. એક નાના ગામ જેટલાં માણસો આ માળામાં વસવાટ કરતાં હતાં. સંપ અને કુસંપ બંને ત્યાં હાજર હતાં. જેમ ત્યાં હોંસાતોસી, બોલાચાલી અને નાનાં નાનાં છમકલાં થતાં તેમ એકબીજાનો સહકાર અને દુઃખને વખતે પરસ્પર સહાનુભૂતિના પ્રસંગો પણ એ જ માળામાં બનતા હતા. જુદી જુદી જ્ઞાતિઓના અને કચ્છ, કાઠિયાવાડ તેમ જ ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી આર્થિક જીવન નિભાવવા આવેલાં ગુજરાતી કુટુંબોનું આ માળો જાણે એક નાનું સરખું ગામ બની રહ્યું હતું.

માળાના માલિક માણેકચંદ શેઠ સુખી અને સારી આર્થિક આવકવાળા ગૃહસ્થ હતા. કહે છે કે એઓ દોરીલોટો લઈ કાઠિયાવાડના ગામડામાંથી આવેલા; મુંબઈમાં માસિક પચીસ રૂપિયાની નોકરી એક કપાસના વેપારીને ત્યાં દસ વરસ કરીને પચાસનો પગાર મેળવતા થયા હતા. કપાસમાં નાના નાના વેપારની શરૂઆત કરતાં એમને નસીબે યારી આપી હતી. વેપારમાં સારો લાભ મેળવ્યા છતાં એમની તબિયત સારી નહોતી; એટલે એમણે નિવૃત્તજીવન સ્વીકાર્યું હતું. એમને આ મોટા માળા સિવાય બીજાં પણ બે મકાનો હતાં. માસિક ચોખ્ખું ભાડું એક હજાર રૂપિયા આવતું હતું. ઘેર ગાડીઘોડો હતાં. માળાના પહેલા મજલે પોતાને માટે બે દિવાનખાનાં અને ચાર ઓરડીઓ ખાસ બનાવરાવી વાપરતા હતા. અંદર સારું ફર્નિચર પણ વસાવ્યું હતું.

માણેકચંદ શેઠની ઉંમર ચાળીસ વરસની હતી. તેઓ શરીરે સુકલકડી અને દુબળા હતા. એમના શરીરનું વજન માત્ર ૯૦ રતલ હતું. તેઓ અત્યંત બુદ્ધિમાન અને ચંચળ પ્રકૃતિના હતા. નિશાળે જઈ ઝાઝું ભણ્યા નહોતા; પરંતુ સંસારવ્યવહારમાં અટવાઈને સારી રીતે ગણ્યા હતા: વ્યાવહારિક જ્ઞાનનો સારો અનુભવ મેળવ્યો હતો. વ્યવહારમાં ડાહ્યા, સાવચેત અને બે ગળણે પાણી ગાળીને પીએ તેવા હતા. તેઓ સ્વભાવે બહુ સાહસિક નહોતા. એટલે જમીન સૂંઘી સૂંઘીને ડગલું આગળ વધે તેવી સાવચેતી રાખતાં શીખ્યા હતા. કોઈને માટે જરા પણ ઘસારો વેઠે નહિ તેમ પોતે પણ તેવી તકલીફ કોઈને આપે નહિ એવા ચોખ્ખા અને ડહાપણવાળા ગૃહસ્થ હતા. કોઈને વગર કારણે દુભવતા નહિ, સૌની સાથે મીઠી જીભ વાપરવી, નામું અને વ્યવહાર સાફ રાખવાં, વગર વિચાર્યે કોઈ પગલું ભરવું નહિ, પૈસાની પૂરી કિંમત અને કદર સમજવી, ખોટી ઉતાવળ કરવી નહિ, પોતાના વૈષ્ણવ ધર્મના બાહ્યાચારો સંપૂર્ણપણે પાળવા, પરંતુ ધર્માંધી અને વહેમી થવું નહિ, એ એમના સ્વભાવનાં ખાસ લક્ષણો હતાં.

માણેકચંદ શેઠને તબિયત ઉપર બિલકુલ લહેણું નહોતું. બધી વાતમાં આ ડાહ્યા ગૃહસ્થ જ્ઞાતિમાં અને અન્ય વર્ગમાં સારૂં સન્માન મેળવતા હતા; પરંતુ પોતાના શરીર પાસેથી સન્માન મેળવી શકતા નહિ. એમને મિષ્ટાન્ન ખાવાનો ખૂબ જ શોખ હતો. દરરોજ બજારમાંથી સારા મોદક–ભોગ, મેસુર, લાડુ, હલવો અને ગાંઠીઆ પકોડીની છાબડી એમને માટે આવતી હતી. કંદોઈને ત્યાંથી નિયમ મુજબ પકવાનો દરરોજ ખરીદાયે જતાં હતાં. માણેકચંદ શેઠ એ મિઠાઈ આરોગતા હતા. પચે તે કરતાં વધારે પ્રમાણમાં એઓ આ ભારી ખોરાક લેતા હતા. પરિણામે એમને કાયમનો અપચો રહેતો હતો. ભલે ઝાડા થઈ જાય, પણ માણેકચંદ શેઠને મિઠાઈ વગર તો ચાલે જ નહિ. પરિણામે દરરોજ હિંગાષ્ટક ચૂર્ણનું સેવન ચાલુ રહેતું. ક્યારેક ઘરના ડૉ. છોટાલાલની બાટલીઓનો પણ ઉપયોગ કરવો પડતો; તે સિવાય કાયમનો દમ પણ એમના શરીરમાં ઘર કરી ગયો હતો. ઘણી વખત દમને લીધે રાતોની રાતો એમને બિછાનામાં બેસી પસાર કરવી પડતી હતી. એક દાદરો ચડતાં પણ એમને તકલીફ પડતી હતી. પુષ્કળ મિઠાઈ ખાવાથી એમના દાંત પડી ગયા હતા અને તેથી નવી બત્રીસીનું ચોકઠું બેસાડાવવું પડ્યું હતું.

માણેકચંદ શેઠે નાનપણથી જ બહુ થોડું–ગુજરાતી વાંચવા લખવા જેટલું જ–શિક્ષણ મેળવ્યું હતું. વેપારમાં ૨૫ વરસ ગાળવાથી એમની પ્રકૃતિમાં બીજો કોઈ શોખ એઓ કેળવી શક્યા નહોતા. ક્યારે ક્યારેક મિત્રો સાથે નાટકમાં અથવા સિનેમામાં જતા ખરા, પરંતુ તે શોખ પણ મર્યાદિત હતો. એમને ફરવા હરવા કે પ્રવાસનો પણ શોખ નહોતો. ક્યારેક કોઈ મિત્ર સાથે ગંજીફ રમતા, પરંતુ તેમાં પણ અતિશયતા કરતા નહિ. સાહિત્યને નામે "મુંબઈ સમાચાર" વર્તમાનપત્ર દરરોજ વાંચતા હતા. અને એ પેપરનો એકેય અક્ષર કદી પણ વાંચ્યા સિવાય જતો કરતા નહિ. પુસ્તકોમાં માત્ર તુલસીદાસજીની

રામકથા ઉપર એમનો પ્રેમ હતો. એક શોખીન બાવાએ એમને અર્થો સહિત રામકથા શીખવી હતી. એમને દોહરા-ચોપાઈ પણ આવડતા હતા; પરંતુ દમને લીધે મોટે સ્વરે ગાઈ શકતા નહોતા. માણેકચંદ સંસારના પ્રવાહમાં રીઢા થયેલા, જગતની લીલી સૂકી જોઈ પૂરા પાકેલા વ્યવહારકુશળ ગૃહસ્થ હતા.

શેઠાણી વજકુંવર પચીસ વરસનાં હતાં. પતિનું વજન ૯૦ રતલ હતું, જ્યારે પત્ની આડાં અવળાં વધીને ૨૪૦ રતલ થયાં હતાં. ખૂબ ચરબીનો સંગ્રહ કર્યો હતો. રસોઈયો રસોઈ કરે, નોકર ઘરનું કામકાજ કરે, ઘાટણ એમનાં અંગત કામ કરી સેવા કરે, અને ઘરની ગાડી દર્શન કરવા લઈ જાય, એટલે શેઠાણીને કોઈ કામ કરવાનું નહોતું. માણેકચંદ શેઠ ત્રીસ વરસની ઉંમરે પરણ્યા હતા. એટલે એ કોડીલા કંથે પોતાની વધતી જતી સમૃદ્ધિની વહેતી નદીનો ઓધ-લાડીલી શેઠાણીનાં વસ્ત્રો-અલંકારો ઉપર ઠાલવ્યો હતો. શેઠાણી માટે ત્રણ કબાટ ભરી રેશમી અને સુતરાઉ કાપડનાં મુલાયમ વસ્ત્રો વસાવ્યાં હતાં. અર્ધો લાખ રૂપિયાની કિંમતના સોના, હીરા, માણેકના કિંમતી અલંકારો પણ હતા. શેઠાણી નવી નવી જાતના વસ્ત્રાલંકારો પહેરીને શણગાર સજીને બેસે, એ જોવું માણેકચંદ શેઠને ખૂબ ગમતું. પોતે સાદા હતા, પણ પત્ની નવી નવી ફેશનોથી અપટુડેટ શણગારેલી પૂતળી સમાન થાય એવું જોવાને તેઓ સદા ઈન્તેજાર બની રહેતા. અને શેઠાણી પણ શેઠની મનોકામના પૂરી કરતાં હતાં.

શેઠાણી ખાવાનાં પણ શોખીન હતાં. જરા ટાંકણી ઉપાડવા જેટલું પણ એમને કામ કરવું પડતું નહિ. એમની મોટે સાદે નીકળેલી આજ્ઞાનું તરત પાલન થતું. એઓ નોકરોને કારણ-અકારણ ધમકાવતાં હતાં; પરંતુ ઘર કે રસોડા તરફ તેઓ જોતાં પણ નહિ. કોઈ પણ જાતની માથાકૂટ કરવી એમને ગમતી નહિ. "મારે લમણાઝીંક કોણ કરે" એવો પ્રતિધ્વનિ હમેશાં એમની રસિક જીભ કાઢતી હતી. રાત્રે નવ

કલાક એઓ પથારીમાં પસાર કરતાં હતાં. સવારે આઠ વાગ્યા પહેલાં એ કદી બિછાનું છોડતાં નહિ. બપોરના બાર વાગે જમીને ઠેઠ ચાર વાગ્યા સુધી હીંચોળાખાટ ઉપર પોઢતાં હતાં. સારૂં સારૂં ખાવાનું મળે, કાંઈ કામકાજ નહિ, કાંઈ પ્રવૃત્તિ પણ નહિ, એટલે ચરબી-દેવીએ આ ગૃહિણી ઉપર પોતાની સંપૂર્ણ કૃપા ઉતારી હતી. શેઠાણી ખૂબ જાડાં થયાં હતાં. મહેનત વગરનું શરીર મુલાયમ અને સુકુમાર બન્યું હતું. એક દાદરો ચડી પોતાના રહેઠાણમાં આવતાં તો એમને હાંફારો ચડી આવતો.

શેઠાણી વ્રજકુંવર ભલા ભોળા સ્વભાવનાં અને કંઈક જાડી બુદ્ધિનાં સ્ત્રી હતાં. એમને કામકાજ પર ઘૃણા હતી. પતિ મિષ્ટાન્નના શોખીન એટલે પત્નીને પણ એ શ્રીમંતાઈનો અને જીહ્વારસનો આસ્વાદ લાગ્યો હતો. મિષ્ટાન્ન ઉપરાંત કેરીનાં અથાણાં, આંબલીવાળાં સ્વાદિષ્ટ દાળશાક અને બીજું ખાટું–ખારૂં ખાવાનો એમને ખૂબ શોખ હતો. એમને દહીં, દહીંવડાં પણ ખૂબ ભાવતાં હતાં, શેઠાણી વ્રજકુંવર હંમેશ માટે બિમાર રહેતાં. એમનું માથું દરરોજ દુ:ખતું, એમની છાતીમાં અવારનવાર શૂળ ઉપડી આવતું, પગમાં સુસ્તી અને ત્રોડ રહેતાં; દરરોજ સવારે ગાડીમાં બેસીને મંદિરે દર્શન કરવા જતાં હતાં. પરંતુ હમણાં હમણાં ચકરી આવતી એટલે દર્શને જતાં નહોતાં. જો કોઈ મળવા આવે તેની પાસે પોતાના રોગોની રામાયણ ગાતાં હતાં. એમને શ્વેત પ્રદરનો રોગ પણ હતો. ડૉ. છોટાલાલને ઘરના માણસ જેટલો સંબંધ પોતાના બંને દરદીઓ સાથે હતો. એમની દવાનાં મિશ્રણની શીશીઓની દરરોજ આયાત થતી. દિવાનખાનાનું ગોળ ટેબલ હમેશાં આવી શીશીઓથી ભરેલું જ રહેતું. ડૉકટર દરરોજ નિયમિત વિઝીટે આવતા ત્યારે શેઠાણી એમના રોગોની હારમાળા રજૂ કરતાં હતાં.

શેઠાણી ઘર, ઘરનાં કામકાજ, ઘરના નોકરો તેમ જ ઘરના

ભંડાર કે ઘરના રસોડા તરફ બિલકુલ જોતાંજ નહિ. માણેકચંદ શેઠ બનતી ચોકસાઈ રાખતા, પરંતુ પુરુષ એકલો ઘરની અંદર કેટલીક સાવચેતી રાખી શકે? આથી નોકરો પોલ ચલાવવાની યુક્તિઓ શોધી તેનો ગેરલાભ લેતા હતા. ઘોડાવાળો ઘોડાના દાણા ખાઈ જતો, રસોઈયો અને નોકર અનાજ–રસકસ ચોરી જતાં, ઘાટણુ અને નોકર મળીને શેઠાણીનાં કપડાંનો ભાર ઓછો કરી શેઠાણીને નવી ફેશનોનાં કપડાં ખરીદ કરી આપવાની સગવડ કરી આપતાં હતાં. શેઠાણી પોતાનાં વસ્ત્રોમાંથી પાંચ દશ ઘટે તેનો ખ્યાલ રાખતાં નહિ.

વાસણો બરાબર ધોવાતાં નહિ, વાસણો વારંવાર ખૂટી પડતાં, ફર્નિચર સાફ રહેતું નહિ. શેતરંજી અને ગાલીચાઓ નીચે કચરો પડ્યો રહેતો હતો. ચારે તરફ જાળાંઓ બાઝતાં હતાં. રસોડામાં ભીંતો ઉપર તમાકુ અને પાનના શોખીન મહારાજે ચિત્રો ચીતરી મૂક્યાં હતાં. રસોડાની મોરી તો ખૂબ જ ચીકણી બની ગઈ હતી. પુષ્કળ સાબુ વપરાતો છતાં કપડાં સફેદ થતાં નહિ. ઘરની ખાળ-કુંડીઓમાંથી ક્યારેક સડેલા અનાજની દુર્ગંધ નીકળતી હતી. પલંગો અને ગાદલાંઓમાં માંકણની હારમાળા હૃષ્ટપુષ્ટ શેઠાણીનું લોહી પીને ધરાતી હતી. ગાલીચો ક્યારે પણ ઉપાડીને ખંખેરાતો નહોતો. અનાજ પણ બરાબર સાફ થતું નહિ. ઘરમાં દેખરેખને અભાવે ભારે અવ્યવસ્થા વ્યાપી ગઈ હતી. સમજુ માણેકચંદ શેઠ બધું જાણતા છતાં આંખ આડા કાન કરતા હતા. શેઠાણી વ્રજકુંવરને તો તેનું ભાન પણ નહોતું. બે વખત ચાહ, બે વખત જમવાનું, અને નાગરવેલનાં સંખ્યાબંધ પાન ખાવામાં એ ખૂબ પાવરધાં હતાં.

માણેકચંદ શેઠ પોતાના ભાડુતો પાસેથી બરાબર ભાડું વસુલ કરાવી લેતા. ભાડા માટે ભૈયાને આંટા ખવરાવનાર ભાડૂતને નોટિસ આપી કાઢી મૂકતા. પરંતુ બીજી રીતે સારા ગૃહસ્થ હતા. તેઓ ભાડૂતોની સાથે ખૂબ મિઠાશ રાખતા. વળી આર્થિક આંચ ન આવે એવી

રીતે જો કોઈનું કામ થતું હોય તો તે કામ પણ કરી આપતા હતા. ભાડુતોને ત્યાંના દરેક પ્રસંગે અતિ આનંદ અને ઉત્સાહપૂર્વક મુરબ્બી થઈ આગળ પડતો ભાગ લેતા હતા. પોતાને ગમે એવા કોઈ ધાર્મિક કે દયાના કામમાં કોઈ નાની રકમો આપવાની આનાકાની કરતા નહિ. અંધશ્રદ્ધાળુ નહિ હોવાથી મહંતો, મહારાજો અને બીજા અયુક્ત સ્થળે પૈસો આપતા નહિ. વળી વહેમી પણ ન હોવાથી બ્રાહ્મણો, મંત્રો, જપજાપ અને ફળજ્યોતિષ ઉપર પૈસા ગુમાવતા નહિ. એમને કીર્તિદાનનો શોખ હતો, એટલે છાપામાં નામ આવે કે બે સારા માણસો વાહવાહ કહે તે ફાળામાં નાણાં ભરતા હતા.

બીજી તરફ શેઠાણી તદ્દન ભલાં ભોળાં હતાં. એમને કાંઈ સંતતિ નહોતી, એટલે સંતતિ માટે બ્રાહ્મણો, જોશીઓ, મંત્રશાસ્ત્રીઓ અને દોરાધાગાવાળાને ઠીક પૈસા ખવરાવતાં હતાં. એમના શરીર ઉપર બે ત્રણ દોરા અને માદળીઆં હમેશાં નજરે પડતાં. એઓ બહુ લાગણીવાળાં અને વહાલ દાખવનારાં હતાં. આથી એમના માળાનાં સઘળાં બાળકો પ્રત્યે પ્રેમ રાખી તેમને હમેશાં ખાવાનું આપતાં હતાં. ગરીબો માટે એમના હૃદયમાં દયા હતી, એટલે ગરીબ સગાંસંબંધીઓને બનતી આર્થિક મદદ આપવાની પણ તક લેતાં હતાં; ગરીબ ભાડુતોને પણ થોડી થોડી અનાજની મદદ કરતાં હતાં. એમની પાસે આવી દુ:ખ રડનારનાં એ આંસુ લૂછતાં; અને દીન દુ:ખી તથા તંગીવાળા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતાં હતાં એમના હૃદયમાં ખૂબ દયા—માયા હતી. હવેલીના અને મંદિરોના ઓચ્છવ—ઉત્સવોમાં પણ છૂટે હાથે નાણાં આપતાં હતાં. એમના ભોળપણનો લાભ લઈ કોઈ કોઈ એમને ઠગી પણ જતાં. માણેકચંદ શેઠ વ્રજકુંવર શેઠાણીને કદી દુભવતા નહિ; એમની ભૂલો તેઓ હસવામાં કાઢી નાખતા.

માણેકચંદ શેઠને રમણલાલભાઈ સાથે સારો મેળ હતો. દરરોજ બંને ભેગા મળી સવારે માર્કેટમાં શાક લેવા જતા. સંધ્યા પછી



**શેઠાણી વજકુંવર**

શેઠાણી તદ્દન ભોળાં ભલાં હતાં; એમને કાંઇ સંતતિ નહોતી, એટલે સંતતિ માટે બ્રાહ્મણો, જોશીઓ, મંત્રશાસ્ત્રીઓ અને દોરા ધાગાવાળાને ઠીક પૈસા ખવરાવતાં હતાં.


રામમંદિરે બંને સાથે દર્શને જતા. માણેકચંદ પોતાના થોડા શેરોની

હેરફેર રમણુલાલની સલાહ પ્રમાણે અને તેની મારફતે કરતા હતા. જે દિવસે બજાર બંધ હોય અથવા રવિવાર હોય ત્યારે બપોરના ત્રણ વાગ્યા પછી બંને જણ માણેકચંદના દિવાનખાનામાં ચોપાટ કે બીઝીક રમતા હતા. બજાર વહેલું બંધ થતું તો બંને સિનેમા જોવા પણ સાથે જ જતા હતા. માણેકચંદને પૈસાનું અભિમાન નહોતું. એઓ સમજી વિચારીને મૈત્રી કરતા. એથી એમને થાપ ખાવાનો સમય આવતો નહિ. રમણુલાલ પણ સરળ અને સીધે માર્ગે જનાર સજ્જન હતા. એટલે બંનેની સારી મૈત્રી જામી હતી. રમણુલાલ ખાસ ધ્યાન રાખીને માણેકચંદના આર્થિક સંબંધથી દૂર રહેતા. આભાર કે પાડ-ઓશીંગણુમાં પોતે આવી જાય એવું કામ કરતા નહિ. આથી એમની મૈત્રી ટકી રહી હતી.

અનસૂયા વ્રજકુંવર શેઠાણી સાથે મિઠાશથી વર્તતી હતી. બધાં પાડોશીઓની પેઠે વ્રજકુંવરબાઈને પણ તે માન–આદર–સત્કાર આપતી હતી; પરંતુ એ હમેશાં પોતાના ઘરકામમાં જ પ્રવૃત્ત રહેતી હતી. એને ગપ્પાં મારવાની કે ગંજીફે રમીને વખત ગુમાવવાનો સમય જ નહોતો. શેઠાણી પોતાના ભારે શરીરથી બીજા માળનો દાદરો ચડીને ઉપર જતાં શ્વાસે ભરાઈ જતાં હતાં; એટલે એકાદ બે વખત તસ્દી લઈ અનસૂયા પાસે ગયાં હતાં. અનસૂયાએ એમને આદર–સન્માન આપી બેસાડયાં હતાં, પરંતુ અનસૂયાનું ધ્યાન પોતાની પ્રવૃત્તિઓમાં રોકાયેલું રહેતું, એટલે એ બંનેને ગોઠયું નહિ. આથી જ્યારે કયાંક મળી જાય ત્યારે વિવેકથી થોડી વાતચીત કરવા સિવાય આ મૈત્રીનો વિકાસ થઈ શકયો નહિ. અનસૂયા પણ અતડી નહોતી; છતાં બીજાઓને ત્યાં વારંવાર જઈ શકે એટલી ફુરસદ પણ એને મળતી નહિ.

આપણે જોયું તેમ માણેકચંદ શેઠ ધનવાન, બુદ્ધિમાન, ડહાપણવાળા અને સ્થાવર જંગમ મિલ્કતો સાથે વૈભવ માણનારા હતા.

એમની સ્ત્રી પણ દયાળુ, ઉદાર અને ભોળા ભલા સ્વભાવની હતી, પરંતુ એઓને ધન ખરૂં સુખ આપતું નહોતું. કંઈ પણ પ્રવૃત્તિ વગરનાં શેઠાણી તો ખૂબ દુઃખી હતાં. શેઠ પણ દમથી બેહાલ બનતા જતા હતા. આથી એમનો સંસાર શાંત અને આરામમય છતાં સુખી નહોતો. બીજી તરફ રમણલાલની આર્થિક સ્થિતિ મધ્યમ હતી; એમની પાસે ધનદોલત નહોતાં, એમને જે આવક થતી તે ઘર-ખર્ચમાં પૂરી થઈ જતી, લોકોની નજરે એમની સ્થિતિ સુખમય નહોતી, લોકો સુખદુઃખના કાંટે એમના કુટુંબના સુખદુઃખની સ્થિતિને તોલતા. એ ત્રાજવામાં માણેકચંદ શેઠને સુખી ગણવામાં આવતા હતા. પરંતુ શેઠ–શેઠાણીને શેર માટીની ખોટ ખૂબ સાલતી હતી. શેઠાણીને આરામ, સુખ, સગવડ, મોજ, ગાડીઘોડા, માળા અને વસ્ત્રાલંકાર વચ્ચે પણ પ્રવૃત્તિના અભાવની ઉણપ લાગતી હતી. રમણલાલ અને અનસૂયા સંપૂર્ણ સુખી હતાં. એમનો સંતોષ, શરીરનું ઉત્તમ આરોગ્ય, ઘરકામની સેવાની અને બજારની એમની પ્રવૃત્તિ એમને બીજા વિચારો કે ખોટા તરંગો માટે અવકાશ આપતા નહોતા. શુદ્ધ સાત્વિક અને પવિત્ર જીવન, સારાં પુસ્તકો અને સારી પ્રવૃત્તિઓરૂપી મિત્રો, અને સદ્‌ગુણી બાળકોથી તેઓ સુખી હતાં.



# ૨૭

# કજિયાળાં પાડોશી

રમણલાલ બીજે માળે રહેતા હતા. એમની થોડે દૂર એક મજલા ઉપર માધવલાલ નામે એક ગૃહસ્થ રહેતા હતા. માધવલાલની પત્ની લાડકોર વ્રજકુંવરની માસીની દીકરી થતી હતી. આથી નજદિકના સગપણને લીધે એ કુટુંબને આ માળામાં ઓછા ભાડે એક દિવાનખાનું અને બે ઓરડી મળી હતી. માધવલાલ પચાસ વરસની ઉંમરના આધેડ, શાંત અને સરળ હૃદયના ગૃહસ્થ હતા. એઓ એક ઑફિસમાં હેડક્લાર્ક તરીકે ૧૨૫ રૂપિયાનો દરમાયો મેળવતા હતા. એમનો પુત્ર મનોહરલાલ પચીસ વરસનો યુવાન હતો. એ ઝાઝું ભણ્યો નહોતો, પરંતુ પિતાની લાગવગથી ૩૨ રૂપિયાના માસિક પગારે એક વેપારીને ત્યાં નોકરી કરતો હતો. પુત્રી લીલાબાઈ અઠ્ઠાવીસ વરસની ઉંમરની બાળવિધવા હતી. મૃત પતિના થોડા શેરોના વ્યાજની માસિક વીસ રૂપિયા આવક હતી. પુત્રવધૂ મંજુલા અઢાર વરસની

યુવતી હતી, એ થોડું અંગ્રેજી પણ શીખી હતી, એને એક વરસનો બાબુ નામે બાળક હતો.

મધ્યમ વર્ગનું એ કુટુંબ આર્થિક રીતે સ્વતંત્ર હતું, પરંતુ પરસ્પરના સ્વભાવમેળના અભાવે સુખી નહોતું. લાડકોર ૪૫ વરસની આધેડ બાઈ હતી. એનો સ્વભાવ લડ કે લડવા માણસ લાવ એવો હતો; સહનશક્તિનું તો નામ પણ નહોતું. વાત વાતમાં એની ગરમીની શીશીનો પાયો ઊંચે ચડી જતો હતો. આ અતિરથી વીરાંગનાના મોઢામાંથી નીકળતાં વાગ્બાણોનો પ્રવાહ અતિશય વેગપૂર્વક અને એકધારો નીકળતો હતો. એની સામે ન બોલનારના ઉપર એ પ્રસન્ન રહે તેવા ગુણોવાળી હતી. અત્યંત ધરરખ્ખુ અને મહેનતુ બાઈ હતી, પરંતુ એનો તીખો તમતમતો સ્વભાવ જરાવારમાં ઉકળી જઈ દૂધનું પાણી કરી નાખતો.

એમની પુત્રી લીલા પણ આકરી અને સ્વાર્થી બાઈ હતી. માબાપને ત્યાં એનું ચક્રવર્તી રાજ્ય હતું. એ ૨૮ વર્ષની બાળવિધવા હતી. આખા કુટુંબમાં એ માતા માત્ર આ દિકરીને કદી પણ કાંઈ કહેતી નહિ. બાકી એના કઠોર વાક્પ્રહારોમાંથી પતિ, પુત્ર કે પુત્રવધૂ પણ છટકવા પામતાં નહિ. સૌ એને ઘોકે ધોવાતાં હતાં. દિકરી માતાને આ કામમાં સહકાર આપતી હતી.

મનોહરલાલ સ્વભાવે ખરાબ નહોતો, પરંતુ માતા અને બહેનના આકરા સ્વભાવની સામે તે પણ લાગ આવ્યે જંગ ખેલવા મેદાને પડતો હતો; જ્યારે મંજુલા અઢાર વરસની યુવતી હતી, ગરીબ માબાપની ગરીબ છોકરી હતી. સાસુ અને નણંદ એના માથા ઉપર છાણાં થાપતી, વાત વાતમાં એનું અપમાન કરતી, એના પર વાગ્બાણો વરસાવવાનું ચૂકતી નહિ; પત્ની આંસુ વહાવીને ચૂપ રહેતી હતી, પણ મનોહર તો પત્નીની વહારે ધાઈ માતા અને બહેન સાથે જંગ મચાવતો હતો. શાંત પિતા આખરે આ ઝગડાથી કંટાળી પાઘડી

પહેરી: બહાર ચાલ્યા જતા. પાછળથી આ યુદ્ધ પૂરજોસથી ચાલતું, અને તેમાં કોઈ પક્ષ નમતું જોખવા તૈયાર ન થતો.



**પુત્રી લીલાબાઈ**
**એ ૨૮ વર્ષની ઉંમરની બાળવિધવા હતી.**

બિચારી મંજુલા બહુ જ અકળાતી હતી. એનું મોઢું સુકાઈ જતું, એને શરીરે સુસ્તી રહેતી. બાબુના જન્મ પછી એની તબિયત કથળી ગઈ હતી. મંજુલા શરીરસ્વાસ્થ્યની શિથિલતાને લીધે કામ બરાબર કરી શકતી નહોતી, છતાં પણ સાસુ અને નણંદની બીકે બીકે ઘરનો ઘરેડો ઘસડતી હતી. નણંદ સાહેબજાદી થઈને માત્ર આજ્ઞા આપતી હતી; જ્યારે લાડકોર પોતે કામોઢી હતી.

"એ મોટા ઘરની દિકરી! હજી સંજવારી કાઢી સાફસૂફ કરી રહી નથી? કેટલી વાર લાગે છે?" સાસુ રસોડામાંથી તાડુક્યાં.

"ઈ તો ગમાર છે, ગમાર! જાણી જોઈને વખત લગાડે છે; એની તો કામ કરવાની દાનત જ નથી." આળસ ઉડાડતાં નણંદે માતાના સૂરમાં સુર પૂરાવ્યો.

"જો, મારી લીલીનું છાયલ પણ કાલે ધોયા વગરનું રહેવા દીધું છે. આ મારા પૂરવજનમની દુશ્મનને કાંઈ સૂઝતું જ નથી!" સાસુજી એમની અવિરત પુષ્પવૃષ્ટિ કરવાનું ચાલુ રાખતાં વચ્ચે જતાં હતાં.

"મારૂં છાયલ તો ઈ ધુએ જ શું કરવા? નાના બાપની થઈ જાય ને? ગધેડી માથે ઢોંગ જ કરતાં શીખ્યું છે." લીલીબાઈ અનુપૂર્તિ કરતાં બોલ્યાં.

મંજુલાએ કાંઈ જવાબ ન આપ્યો. એનું વિષાદમય શુષ્ક થઈ ગયેલું મુખ અને દુઃખદર્શક આંખોએ નિરાશા વ્યક્ત કરી, નીચે ઢળી બે આંસુ ખેરવ્યાં.

"જો, નમાઈ મીંઢી કેવા ઢોંગ કરે છે! આપણે તો છાતી ઉપર રાખીએ છીએ, છતાં એને ગળે પડતાં વાર લાગતી નથી!" નણંદે છણકો કર્યો.

"અરે, મારા પૂર્વજન્મનાં કોઈ પાપને લીધે આવી વહુ માથામાં ભટકાઈ છે. નથી કામ આવડતું કે નથી એને કામ કરવું." સાસુજી ફરી ગર્જ્યાં.

"બા, બા! તમે શું કરો છો? આખી રાત એને તાવ હતો. કાંઈક તો જંપવા દ્યો! એ બિચારી બિમારના ઉપર કંઈક તો દયા રાખો!" મનોહરે કલેશયજ્ઞની શરૂઆત કરી.

"જો મુઓ બાયલો! બાઈડીની વહારે ધાય છે! બાઈને કામ કરવું નથી અને ભાઈ વહારે ધાય છે!" બાએ તાડુકી કહ્યું.

"ઈને પાટલા ઉપર બેસાડી પૂજા કર. કહેતો હોય તો ફૂલ ને અગરબત્તી લઈ આવું!" બહેનજીએ મધુર વચનોથી અર્ઘ્યપ્રદાન કર્યું.

"અરે, તમને બધાંને થયું છે શું? સવારના પહોરમાં આ શું ધાંધલ માંડીને બેઠાં છો!" માધવલાલ ચશ્મા સાફ કરતા બહાર આવી બોલ્યા.

"તમે શા માટે બૈરાંઓના કામમાં માથું મારો છો? તમે એમાં શું સમજો? તમે તમારૂં કરતા હો તે કામ કરો; ફોકટના વચમાં ગરબડ કરશો નહિ." લાડકોરે પતિ સામે આંખ ચડાવીને કહ્યું.

"પણ વિનાકારણ આ ગરીબ છોકરીનું લોહી શા માટે પીઓ છો? તમારે તે બીજો કાંઈ ધંધો છે કે નહિ? પોતાનું કામ કરો ને!" માધવલાલ ઉશ્કેરાઈને બોલ્યા: "ફેદફજેતો શા માટે કરો છો? કંઈક તો શરમ રાખો."

"હાય હાય રે! મારાં નસીબ જ વાંકાં છે! ઘરનો માટી ઊઠીને વગર વાંકે ધમકાવે છે; આ પેટનો દિકરો બાયડીનો ગોલો બન્યો છે; આ ઘોળાંમાં ધૂળ પડી!" લાડકોરબાઈ વાળ પીંખી, માથું અને છાતી કૂટવા લાગ્યાં. એમની આંખોમાંથી ગંગા–જમનાનો પ્રવાહ વહેવા માંડ્યો.

જેમ હમેશાં બનતું હતું તેમ જ બન્યું. મામલો હાથથી ગયો છે, એટલે પોતાનો પરાજય સ્વીકારી માધવલાલે પોતાના ઓરડાનાં બારણાં બંધ કરીને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વાંચવામાં ચિત્ત પરોવ્યું.

"માડી, તારા આ ઢોંગ મારી પાસે નહિ ચાલે. બાપાની પેઠે હું પાછો હઠું તેવો નથી. તમે અને લીલી નાહકના કજીઆ કરી સૌને હેરાનપરેશાન કરો છો. હું હવે આ બધું વધારે વખત સાંખીશ નહિ."

"ઓ પીટ્યા કપુતર! તારે જુદું રહેવું હોય તો આ રસ્તો ઉઘાડો છે! કોણ તને અટકાવે છે? મુઆ બાયલા! બાયડીની પૂઠે ભેખ લેવો પડશે. જા, તારૂં કાળું કર. મારી સામે રોફ કરછ તે આ રાંડની જણી સામે કર; રોયા નમાલા!"

વાગ્યુદ્ધ આગળ વધ્યું. એકબીજા ઉપર તાકીતાકીને તીરો ફેંકાવા લાગ્યાં. બહેન પણ શબ્દોબાણોની ઝડી વરસાવવા રણક્ષેત્રમાં ઊતરી પડી. આડોશીપાડોશીઓ આ વગરપૈસાના નાટકને જોવા કુતૂહલપૂર્વક ભેગાં મળ્યાં. કોઈ કપડાં ધોતાં દોડી આવ્યું, કોઈ પાયખાનામાં પેસતાં જ આ યુદ્ધના ભણકારા સાંભળી દોડી આવ્યું, કોઈ બહાર શાક લેવા જતાં આ શોરબકોર સાંભળવાની મોજ લેવા ઊભું: ભારે ઠઠ જામી ગઈ.

વાક્યુદ્ધ તો ખૂબ જોસમાં જામ્યું. બંને પક્ષ અનુભવી લડવૈયાનો બનેલો હતો; કોઈ હાર કબૂલ કરે તેમ નહોતું. છેવટે જેવી જલદીથી શરૂઆત થઈ હતી તેવી જ ઓચિંતી ઝડપથી આ યુદ્ધ પાછું શાંત પણ થઈ ગયું. બાબો ઊઠ્યો હતો. તેના રડવાના અવાજે કજિયાને સમય પૂરતો વિરામ આપ્યો; પરંતુ એ ક્યારે ફરી ફાટી નીકળશે તે કોઈ કહી શકે તેમ નહોતું. સઘળી સામગ્રી તૈયાર હતી; માત્ર અકસ્માત દિવાસળીની ચીનગારી ચોંપાવાની વાર હતી.

મંજુલા સૂનમૂન થઈ માથે હાથ દઈને બેઠી બેઠી બાળકને ધવરાવતી હતી. ગૃહજીવનને સુખી કરવાના તેના શરૂઆતના કોડને ટીશીઓ ફૂટે તે પહેલાં તો સુકાઈ ગયા હતા. એની અવસ્થા ખરેખર દીનદુ:ખી અને શોચનીય હતી. ચારે તરફ નિરાશા, દુ:ખ, ઉદ્વેગ અને ચિંતા ઝંઝાવતની પેઠે એના આનંદવૃક્ષને ઉથલાવી પાડતા હતા. એ દુ:ખી હતી, એનું સ્વાસ્થ્ય ખરાબ થઈ ગયું હતું, એની સામે કઠિનાઈઓના ખડકો ખડા હતા. તે પોતાને અભાગિણી માની ધિક્કારતી હતી. સસરો, સાસુ, પતિ, બાળક, સાધારણ સારી સ્થિતિ અને બીજું બધું સુખ એને ઝેર જેવું લાગતું હતું. એને જીવવું ગમતું નહોતું; આપઘાતના વિચારો આવતા હતા; દરરોજની આ હોળી એને બાળતી હતી. આ સ્થિતિમાંથી છૂટવાનો એને એકેય ઉપાય મળતો નહોતો.

સાસુની મંજુલા ઉપર અખંડ ચોકી હતી. કોઈ પાડોશી બાઈ સાથે સહેજ વાત કરે તો સાસુજી મોટેથી તાડૂકતાં કે " જો, રાંડની જણી સાંડાસલાડા કરે છે." કોઈને ત્યાં જવાની એને મનાઈ હતી. બહાર પણ સાસુ ભાગ્યે જ એને કોઈ વાર દર્શને તેડી જતી. અરે કેવા આશાભર્યા કોડથી તે પરણીને સાસરે આવી હતી! એનું ભલું અને ભોળું હૃદય પ્રેમની હૂંફ માગતું આ ઘેર આવ્યું હતું. પરંતુ સાસુ અને નણંદ પારણામાંથી જ એક પાઠ શીખી આવ્યાં હતાં.

વહુ અને વાઘણને દબાવીને જ રાખવાં; એમને મોઢું ઊંચું કરવા દેવું જ નહિ. પારકી જણી વાઘણ થાય તે પહેલાં એને માટે પિંજરૂં તૈયાર કરી દેવું. આ પ્રયોગ લાડકોર અને લીલી સરસ રીતે અજમાવતાં હતાં. વહુને શરૂઆતથી જ ઉધડી લેવાના પ્રસંગોમાંનો એક પણ એ જવા દેતાં નહિ. ખરેખર માથું દુઃખતું હોય તો ઢોંગ કરવાનું બહાનું છે, તાવ આવ્યો હોય તો કામ કરવું નથી, એવાએવા આરોપ એ મૂકતાં હતાં. એક બે વખત વ્રજકુંવરબાઈએ સમજાવીને લાડકોરને સમજાવી હતી; પરંતુ તેથી તો ઊલટી અસર થઈ અને જુલમ વધ્યો હતો, એટલે કોઈ પણ કાંઈ કહેવા હિંમત કરી શકતું નહિ.

સસરો માધવલાલ સમજુ માણસ હતો; પરંતુ એ લાડકોરના રોવા-કૂટવાથી અને નકોરડા ઉપવાસોથી ડરતો હતો. લાડકોર હઠે ચડીને ત્રણ ચાર લાંઘણો ખેંચી કાઢતી, ચુલામાં પાણી રેડતી, રસોઈ પણ કરતી નહિ ને કરવા પણ દેતી નહિ પતિ ઑફિસેથી આવે એટલે એ મહાભારત માંડી એને કાયર કાયર કરી દેતી હતી. આબરૂદાર, બે માણસોમાં પુછાતો આધેડ ગૃહસ્થ ધોતીઆનો છેડો ઊંચો લઈ પોતાની ઝાંગ કેમ ખુલ્લી કરે? એ જ્યારે બહુ જ કંટાળતો ત્યારે પરમાત્મા પાસે પોતાને જલદી બોલાવી લેવાની પ્રાર્થના કરતો. છોકરા મનોહરલાલમાં મા અને બાપના બંનેના ગુણો હતા. કંકાસમાં પણ એ પાછી પાની કરે તેવો નહોતો, તેમ પ્રેમથી વશ પણ થઈ

જતો. નાનાં છોકરાં અને સ્ત્રીને લઈને જુદો રહે તો જ એ સુખી થાય તેમ હતું. પરંતુ એની પોતાની ટેવો ખર્ચાળ હતી. ૩૦-૩૨ રૂપિયામાં મુંબઈ જેવા શહેરમાં કુટુંબ સાથે રહેવું એના સ્વભાવથી પર હતું, એટલે આખું તંત્ર ક્લેશ અને રાગદ્વેષના વાતાવરણમાં કલુષિત થયું હતું.

માધવલાલ હતાશ થયા હતા; એમને કંઈ રસ્તો સૂઝતો નહોતો. પરંતુ એમને રમણલાલની સાથે મૈત્રી હતી. આ આધેડ ગૃહસ્થ વિદ્યાવિલાસી હતા. અનસૂયાના રવિવારના વર્ગમાં તેઓ આવતા હતા. ક્યારેક એના સંગીત અને પ્રાર્થનામાં પણ છાનામાના સામેલ થતા હતા. અનસૂયાનો સુંદર સંસાર, સુવ્યવસ્થા, હૃદયમાધુર્ય અને સાંસારિક ગૂંચો ઉકેલવાનું બુદ્ધિચાતુર્ય જોઈ એમને એના પ્રત્યે આદર અને સન્માન થયાં હતાં.

એક દિવસે માધવલાલે અનસૂયાને ખાનગીમાં મળી પોતાના દુ:ખનો ઇતિહાસ કહ્યો. અનસૂયાએ એને બીજે દિવસે બોલાવીને સલાહ આપી કે મનોહર અને વહુને ખાનગી રીતે છ માસ બહારગામ મોકલી આપો. ત્યાં હવાફેરથી મંજુલાનું સ્વાસ્થ્ય સુધરી આવશે. પછી પાછા ફરી આવે ત્યારે એમનો આ જ માળામાં જુદી ઓરડી લઈ અલગ ગૃહસ્થાશ્રમ વસાવી દેવો. તમે ખાનગીમાં મનોહરલાલ પોતાના ગૃહસંસારને સુખસગવડમાં નિભાવી શકે તેવી આર્થિક મદદ આપજો. સંયુક્ત હિંદુ કુટુંબ સમજુ, સંપીલા અને સહકારી સભ્યોના સંમિલનથી સુખી અને આનંદી મેળા જેવું બને છે; પણ જ્યાં કુસંપ અને મનોમિલન ન હોય તો નરકની સ્થિતિ ઊભી કરે છે. મારી તો આવી સલાહ છે; પછી જેવું તમારું ધ્યાન.

માધવલાલે મનોહરને સમજાવી નાશિક મોકલી દીધો. મંજુલા પણ સાથે જ ગઈ. લાડકોરે થોડું ધાંધલ મચાવ્યું; પણ છોકરો વહુ સાથે નાસી ગયો એવી ખાતરી થવાથી અંદરથી સમસમીને બેસી રહી.

ચોથે માળે એક ઓરડી ખાલી થતાં જ મનોહર અને મંજુલા જુદો ગૃહસ્થાશ્રમ વસાવીને રહ્યાં. પિતાએ ખાનગીમાં આર્થિક સહકાર આપ્યો. લાડકોર એમને બોલાવતી નહિ, પરંતુ એના નાના બાબા ઉપરના સ્નેહે એના કંકાસી હૃદયને નમ્ર બનાવ્યું; એ વહાલા બાબાને તેડવા દિકરાને ઘેર આવતી જતી થઈ. કુટુંબમાં સ્નેહસંબંધ થયો. પરંતુ સંયુક્ત રહેવાની એની વારંવારની માગણીને માધવલાલે કોઈ ને કોઈ બહાના હેઠળ સત્કારી નહિ.

ત્રીજે માળે રહેતા દેવીદાસની વિલાયતી સામાનની દુકાન હતી. દેવીદાસ પણ મહિને ૩૦૦ રૂપિયા પેદા કરતો હતો. ત્રણ દિકરા અને બે દિકરી ઉપરાંત બે માણસ એમ બહોળું કુટુંબ હતું. સાસુ હરકોરબાઈ દયાળુ, વહાલસોઈ અને સાધારણ ઘરરખ્ખુ ગૃહિણી હતી. સૌને મીઠે બોલે સત્કારવાની એને કુદરતે સ્વાભાવિક બક્ષિસ આપી હતી. સૌ આડોશીપાડોશી સાથે પણ વિવેક અને આદરથી એ વર્તતી. કોઈ ઓળખીતી ઘેર આવે તો પ્રસન્નમુખ થઈ "આજે તો અમારે ઘેર સોનાના સૂરજ ઊગ્યા" એવો આદર એ આપતી હતી. નોકરચાકર સાથે પણ પ્રસન્ન અને પ્રફુલ્લભાવે વર્તી કળાથી એને ભૂલ બતાવી દેતી હતી. એના સ્વભાવમાં દિલસોજી, સમાધાન અને કળા હતી. એના સ્વભાવના માધુર્યની સુગંધ આખા કુટુંબ પર ફરી વળી હતી. ચિંતાઓ, તકલીફો, મૂંઝવણો, મુશ્કેલ સમસ્યાઓ એના જીવનમાં પણ આવતી હતી; છતાં ધીરજથી તે સર્વે એ નીવેડતી હતી. ચિંતાઓ એના સ્વભાવને બદલાવી શકતી નહોતી. હરકોરબારૂપ શેરડીમાંથી મીઠો રસ જ નીકળતો હતો.

કુટુંબના વડીલ દેવીદાસ બહુ આકરા સ્વભાવના ગૃહસ્થ હતા. દૂધમાં પાણી નાખતાં વાર લાગતી નહિ. એમનો ક્રોધી સ્વભાવ શાંત થતાં ખૂબ સમય લાગતો હતો. એક વાર રૌદ્ર રૂપ ધારણ કર્યું, એટલે પછી બીજું કાંઈ ખ્યાલમાં રહેતું નહિ. એકાદ વખત તો ક્રોધમાં

એમના માથા ઉપર લોહી ચડી બેશુદ્ધિ આવી ગઈ હતી, એઓ ઉશ્કેરાય નહિ તે માટે ડાહી પત્ની બહુ સંભાળ રાખતી હતી, ને સંસારના અવનવા પ્રસંગોમાં એ છેડાઈ પડે તો નવાઈ નહોતી. છોકરાઓ તો એમના ક્રોધથી થરથરતા હતા. વચેટ છોકરો બે વખત મેટ્રીકમાં નાપાસ થયો. બાપે કહ્યું કે હવે નાપાસ થઈશ તો ઉઘાડો ઊંચે ટીંગાવીને મારે હાથે દશ સોટીઓ મારીશ. છોકરો ત્રીજી વખત પણ નાપાસ થયો. એમણે પોતાને હાથે સત્તર.વરસના એ છોકરાને સોટીઓ ફટકારવામાં પાછું વાળી જોયું નહોતું. મોટો છોકરો બે ત્રણે વખત ના પાડવા છતાં સિગારેટ ફૂંકતો પકડાયો હતો. બાપે ચોવીસ કલાક એને ઓરડામાં પાણી કે ખોરાક આપ્યા વગર પૂરી રાખ્યો હતો.

દેવીદાસ ઉગ્ર અને શીઘ્ર ક્રોધી હતો. એમનું બોઈલર સાધારણ વાતમાં પણ તપી જતું, છતાં એઓ નિખાલસ અને દયાળુ હતા. એમનું હૃદય કોઈનું દુઃખ જોઈને તરત દ્રવી જતું હતું. આથી ગરીબ ગુરબા–દીનદુઃખીને એ સારી મદદ કરતા હતા. સાંસારિક વિષયોમાં પણ એ ખૂબ રસ લઈ સારા નરસા પ્રસંગોએ જ્ઞાતિ અને ઓળખીતા-ઓનાં કુટુંબોમાં આગેવાનીભરેલો ભાગ લેતા હતા. કોઈનું કામ પડે તો શરીરે ઘસાઈને અથવા પૈસો ખર્ચીને પણ કરી આપતા હતા. દેવીદાસ દરેકને ત્યાં પ્રસંગ સાચવવા પહોંચી જતા. એમની કાર્યશક્તિ, ઉત્સાહ અને પારકું કામ પોતાનું કરવાની ભલમનસાઈ પૂરા પ્રમાણમાં વાપરીને એઓ બીજાઓનું કામ પાર ઉતારી દેતા હતા. આથી એમના ઉગ્ર સ્વભાવ છતાં એઓ બહુ લોકપ્રિય હતા. દેવીદાસને કામ સોંપો એટલે એ કામ દીપી નીકળે એવું જ થાય.

હરકોરબાઈની પણ મોઢાની મીઠાશ માત્ર નહોતી, પણ હૃદયનું માધુર્ય પણ તેવું જ મ્હેકી નીકળતું હતું. પત્ની આ રુદ્રનાં પાર્વતી બનીને એમને શાંત રાખી ઘરસંસારના સુખી નાવને હંકારતાં હતાં.

નાનાંમોટાં તોફાનો આ સંસારસાગરમાં જરૂર આવતાં; ઉગ્ર સ્વભાવના દેવીદાસ દાગનું પાણી કરતાં વાર લગાડતા નહિ; પરંતુ વધારે ભયંકર વાવાઝોડાનો ત્યાં અભાવ હતો. આમ છતાં આ સોનાની થાળીમાં લોઢાની પણ એક મેખ હતી. સંસાર સર્વાંગે સુખી કદી નથી હોતો; કંઈ ને કંઈ ખામી તો હોય છે જ. તે પ્રમાણે મોટા છોકરા નલિનની વહુ કામિની એક કોયડાસ્વરૂપ હતી. એનો સ્વભાવ, રીતભાત અને ટેવોને અનેક પ્રયત્નો પણ સુધારી શક્યા નહોતા. સાસુનું માધુર્ય, સસરાની સહાનુભૂતિ, પતિનો પ્રેમ અને દિયેર તથા નણંદોનું ભાભી પ્રત્યેનું વાત્સલ્ય પણ એના ઉપર અસર કરી શક્યાં નહોતાં.

દેવીદાસના વડીલોમાંથી કોઈ કે ઊતરતી જ્ઞાતિની કન્યા સાથે વિવાહ કરવા માટે જ્ઞાતિ બહાર રહેવાની શિક્ષા ભોગવી હતી. ભારે દંડ આપીને જ્ઞાતિભોજન કરાવ્યા પછી એ વડીલ જ્ઞાતિની અંદર પ્રવેશ કરવા માટે યોગ્ય ઠર્યા હતા. ત્યારથી દેવીદાસનું કુટુંબ જ્ઞાતિજનોની દૃષ્ટિમાં ઊતરતી પંક્તિ પામી ચૂક્યું હતું. એમનાં ઉંમરલાયક છોકરાંનાં સગપણ થોડીઆમાં થઈ શકતાં નહોતાં. કન્યાનાં માબાપને કાંઈ पत्रंपुष्पं કર્યા પછી એમને ઘેર વહુરાણીની પધરામણી થઈ શકતી. નલિનની અર્ધાંગના પણ રૂપાથી તોલાઈને શ્વસુરગૃહ પાવન કરવા પધાર્યાં હતાં. મોંઘી કિંમતે આવેલાં મોંઘેરાં પુત્રવધૂનાં માબાપ પણ મુંબઈમાં જ રહેતાં હતાં. કામિની એમનું કલ્પવૃક્ષ હતી. શ્વસુરગૃહમાં અનેક નકામી વસ્તુઓનો કામિનીના પિયરમાં સદુપયોગ થતો હતો. કામિની શ્વસુરગૃહની ચીજો પિયેર પહોંચાડવામાં ભારે કુશળતાભરી તાલિમ પામી હતી. ભૂલેચૂકે કોઈ વસ્તુ બહાર રહી ગઈ તો દેવીદાસના ઘરમાંથી એ વસ્તુને પાંખ આવી જતાં વાર લાગતી નહિ.

પ્રેમભરી દેવકોરને ઘરના આ કાળા કલંકને ધોવા માટે પુષ્કળ પ્રેમભરી સમજાવટ અને મિઠાશભરી શિખામણનો ઉપયોગ કરવો પડતો હતો. પરંતુ એ કલંકનો કાળો રંગ ભારે ગાઢ હતો. પુષ્કળ

સાબુથી પણ એ ધોવાય તેમ નહોતો; ઊલટી, એની કાળાશ વધારે ઘેરી અને ગાઢ થતી જતી હતી. દેવકોરના ઘરરૂપી ચંદ્રને આ ગ્રહણ લાગુ પડ્યું હતું તે ઢાંકવા પ્રયત્ન કરતા હતા, પરંતુ પૂનમનું એ ગ્રહણ છાનું રહી શકતું નહિ. આડોશી–પાડોશીઓ સર્વેને કામિની એમના ઘરમાં આવે તો છૂપી પોલિસની પેઠે ચકોર આંખો રાખવી પડતી હતી, તેથી આ આબરૂદાર કુટુંબને શરમાઈ મરવા જેવો આઘાત લાગતો હતો; પરંતુ કામિનીનો સ્વભાવ પથ્થર પર પાણીની પેઠે બદલાતો જ નહોતો. આખું કુટુંબ ત્રાહી ત્રાહી પોકારતું હતું. ભગવાન પરશુરામ જેવા ભયંકર ક્રોધી દેવીદાસ પણ કોઈ પ્રારબ્ધની વિચિત્રતાને લીધે વહુને એક અક્ષર પણ કહેતા નહોતા. એની આગળ એમનો ક્રોધ પણ સંયમી બની જતો.

આ પ્રમાણે દેવકોરના કુટુંબમાં એક બીજી પણ તકલીફ હતી. વહુનો સ્વભાવદોષ હતો તેમ છતાં વહુ અત્યારથી જ ત્રણ બાળકોની માતા બની હતી. ત્રીજો ચૌદ માસનો છોકરો બિપિન નાનપણથી જ રત્ન જેવી આંખોનું નૂર ગુમાવી બેઠો હતો. શીતળા માતા એના શરીરમાં આવ્યાં હતાં. એ વખતે એની આંખોની સંભાળ લેવાઈ નહિ; આંખોમાં પણ દાણા નીકળ્યા. પરિણામે છોકરાનું નાનપણથી જ જીવન રંડાયું હતું. આંખના ડૉકટરોના કૌશલ્યથી હવે આ આંખોની તકલીફ કંઈક દૂર થઈ હતી, પરંતુ બીજી રીતે આ કુટુંબ સંપીલું, સુખી અને જિંદગીની સગવડો ધરાવતું હતું. તેમાં પણ દેવકોર આખા કુટુંબનું મહામૂલું જ્વાહિર હતી. સૌને પ્રેમ અને આદરથી બોલાવીને સૌના સન્માનનું એ પાત્ર બની હતી. વહુમાં પણ આ એક મોટા કાળા ડાઘ સિવાય બીજો કોઈ ખાસ અવગુણ નહોતો. તે કામોઢી, મહેનતુ અને ઓછાબોલી હતી. આમ આ કુટુંબનું યોગક્ષેમ નભ્યે જતું હતું.

અનસૂયાને આ કુટુંબ સાથે સારો ઘરોબો હતો. અનસૂયાના રવિવારના વર્ગમાં દેવકોરની દિકરીઓ ભાગ લેતી હતી: સાધારણ

રીતે ક્યારે ક્યારેક બપોર પછી દેવકોર કાંઈ શીવણનું કામ લઈને અનસૂયાને ત્યાં આવી બેસતાં હતાં. બંને કામ કરતાં કરતાં વાતો કરી આનંદ મેળવતાં હતાં.

એક દિવસ કોઈક પાડોશીને ત્યાં કામિનીબાઈ કોઈ કારણ નિમિત્તે ગઈ. કોઈની નજર નથી એવું માનીને એણે નાની બાળકીની પહેરેલી સોનાની બંગડીઓ તફડાવી લીધી. બાળકીને રમકડું આપી બંગડીઓ એવી શીફતથી કાઢી લીધી કે કોઈએ કાંઈ જાણ્યું નહિ. પરંતુ થોડી વારમાં ખબર પડતાં એ બાળકીના કુટુંબમાં શોધ અને ખળભળાટ થઈ પડ્યો. કામિની આવી ગઈ હતી, એટલે એના ઉપર સ્વાભાવિક જ સૌને શક ગયો. આ બાળકીના પિતા સમજુ ગૃહસ્થ હતા. પોલિસમાં જઈને તકલીફ, ફજેતો અને હેરાનગતિમાં ઊતરવાની એમની ઇચ્છા નહોતી; પરંતુ આખા માળામાં આ ખબર ઝીણી ઝીણી વાતચીતથી કર્ણો અને જિહ્વારૂપી ટેલિફોનનાં દોરડાંઓ ઉપર ઝણઝણાટ કરતી પ્રસરી ગઈ. બૈરાંઓ ટોળે વળી આ રસિક વાતને ગંભીરપણે ચર્ચા કરતાં હતાં. સૌની દૃષ્ટિ દેવકોરબાઈના ઘર તરફ મંડાઈ હતી.

દેવકોરને કાને આ વાત સડસડાટ પહોંચી ગઈ. કામિનીને કાંઈ કહેવા કરવાથી કંઈ વળે તેમ નહોતું. એ ભારે મુંઝાઈ. કુટુંબની આબરૂ ડૂબવા બેઠી હતી. શું કરવું તે એને સૂઝ્યું નહિ. એ અનસૂયા પાસે રોઈ પડી. એણે પોતાના દુઃખનો ઘડો એની પાસે ઠાલવ્યો. અનસૂયાએ એને સાંત્વન આપ્યું, કામિનીને બીજે દિવસે તેડી લાવવા કહ્યું. કામિનીની એ આદત ભુલાવવા પોતે બનતું કરવાનું વચન આપ્યું.

સાસુ કામિનીને તેડી બીજે દિવસે બપોર પછી અનસૂયાને ત્યાં આવ્યાં. અનસૂયાએ પોતાનું કામ કરતાં કરતાં કામિનીને અનુકૂળ વાતો કરી; એને પોલકામાં બટન ટાંકવાના કામ ઉપર બેસાડી દીધી. એના કામની ભારે પ્રશંસા કરી, એને પ્રિય એવી ચહા બનાવી;

પાઈ. આ રીતે કામિનીનો ખૂબ સત્કાર કર્યો. દેવકોર પાસે કામિનીને રોજ પોતાને ત્યાં મોકલવા પ્રાર્થના કરી. આવા પ્રેમ અને સત્કારની કામિનીએ ભારે કદર કરી. પોતાનો બપોર પછીનો સમય હવે એણે અનસૂયાના દિવાનખાનામાં ગાળવા માંડ્યો. અનસૂયાએ એને સીવવાનો સંચો ચલાવતાં શીખવ્યું. કામિનીનાં બાળકોનાં વસ્ત્રો અનસૂયા વેતરી આપતી. કામિની એ વસ્ત્રો સંચા ઉપર ચડાવતી હતી. એ રીતે કામિનીનો અનસૂયાએ સરસ સત્કાર કરવા માંડ્યો. કામપ્રવૃત્તિ, સન્માન ને શુદ્ધ હૃદયના અનુરાગથી કામિનીનો બપોર પછીનો સમય અનસૂયાના દિવાનખાનામાં વ્યતીત થતો હતો. સૌ પાડોશીઓ એને જોઈ મોં મચકોડતા હતા, જ્યારે અનસૂયા એનો આપ્તજન સરખો સત્કાર કરતી હતી.

અનસૂયાએ એને ઉપદેશ તો આપ્યો જ નહિ. સીધો ઉપદેશ એ ઊંધે રસ્તે દોરાયલી વ્યક્તિઓને માટે હૃદયમાં દ્વેષ ઉપજાવવાનું કારણ બને છે; ઠપકો એ અગ્નિમાં ઘી રેડવાનું સાધન બને છે; સમજાવટ એ પથ્થર પર પાણી રેડવા જેવી અસર કરે છે; શિખામણ એ પાનખર ઋતુનાં પાંદડાંની પેઠે ખરી જાય છે; તિરસ્કાર ઊલટું કાળા રંગની પેઠે હૃદયમાં કાલિમા ફેલાવે છે. એટલે અનસૂયા બળથી નહિ પણ ધીમી ઘડતરથી કામિનીની આ રોગ જેવી આદતને દૂર કરવા માગતી હતી. બપોર પછી એ અચૂક અનસૂયાના શુદ્ધ પ્રેમથી આકર્ષાઈ આવતી હતી. સાસુ એનાં નાનાં બાળકોને સાચવી લેતી હતી.

અનસૂયાએ જે પ્રવૃત્તિમાં કામિનીને કુદરતી આકર્ષણ હોય તે તરફ એને વાળવા માંડી. એને વેતરવાની કળા શીખવાની હોંસ થઈ તો અનસૂયાએ એને એ કળાનું જ્ઞાન આપવા માંડ્યું. કામિની છ માસમાં તો પોતાની નણંદોનાં પોલકાં, તેમ જ દિયેરોનાં ખમીસો વેતરીને સીવતી થઈ. તે હવે રવિવારના વર્ગમાં નિયમિત હાજરી આપતી હતી. એને અક્ષરજ્ઞાન મળ્યું નહોતું. હવે વર્ગમાં આવતી બીજી બહેનોને વાંચતી જોઈ એને પણ શીખવાનું મન થયું.

"મોટાં બહેન, મને વાંચતાં ન શીખવો?" એણે અનસૂયાને હોંસથી પૂછ્યું.

"કામિની બહેન! ખુશીથી શીખો, એ તો દૂધની અંદર સાકર મેળવવા જેવું છે."

"મોટાં બહેન! હું એ શીખી શકીશ?" આત્મવિશ્વાસમાં શંકા પડતાં કામિનીએ પૂછ્યું.

"જરૂર શીખી શકીશ, વહાલી બહેન! તું ખરેખર ચંચળ બુદ્ધિની છે. બીજી છોકરીઓ કરતાં તને વિદ્યા તરત આવડી જશે."

"ક્યારે શરૂ કરીશું, મોટાં બહેન?"

"અત્યારે જ સારૂં મુહૂર્ત છે સામે સ્લેટ પડી છે. આ એક "ક" લખી આપું છું એવો બીજો લખ."

કામિની ત્રણ માસમાં મોટા અક્ષરની ચોપડી વાંચતાં શીખી ગઈ. એની બુદ્ધિ તીવ્ર હતી. એનો ઉત્સાહ ધીરજવાળો પણ એકધારા પ્રવાહે વહેનારો હતો. છ માસમાં તો એ પુસ્તકો વાંચતી થઈ, બાર માસ પછી એ કવિતાઓ પણ ગાઈ શકતી થઈ હતી અને સમજી શકતી પણ હતી. એણે ખાસ ધ્યાન અને હોંસથી શીખવા માંડ્યું. ગુજરાતી ભાષાનું એનું જ્ઞાન વિકાસ પામવા લાગ્યું. બે વર્ષે એ

પોતાની મેળે કાગળો લખતાં તેમ જ સારી વાર્તાઓ અને બીજાં પુસ્તકો વાંચતાં શીખી ગઈ.

કામિનીને અનસૂયાએ સારાં સારાં પુસ્તકો પસંદ કરીને વાંચવા આપવા માંડ્યાં. એનામાં સજ્જનની સોબત, ઉચ્ચ આદર્શનાં પુસ્તકોનું પઠન–પાઠન, સત્પ્રવૃત્તિઓ અને અંતરની સાત્વિક વૃત્તિઓ જાગ્રત થઈ. પાનખર ઋતુમાં જેમ જૂનાં પાંદડાંઓ ખરી જઈ વસંતમાં

નવાં પાંદડાં આવે છે તેમ થયું. કામિનીની હૃદયલતામાં સુવિચાર-રૂપી સુંદર પુષ્પોનો બહાર આવ્યો, એની સુગંધ ચારે તરફ પરાગ પાથરી રહી. એની ખરાબ ટેવો પોતાની મેળે છૂટી ગઈ, એનો હૃદયપલટો થઈ ગયો.



**કામિની**

સજ્જનની સોબત, ઉચ્ચ આદર્શનાં પુસ્તકોનું વાચન અને સત્પ્રવૃત્તિઓથી કામિનીના અંતરની સાત્વિક વૃત્તિઓ જાગ્રત થઈ; એનો હૃદયપલટો થઈ ગયો.

કામિની સંગીત શીખી. એની શીખવાની હોંસનો તો ભારે

વિકાસ થઈ ગયો હતોઃ એ દિલરૂબા વગાડતાં શીખી, એ બીજી બહેનો કરતાં ખૂબ આગળ વધી ગઈ–અનસૂયાનો જમણો હાથ બની ગઈ. એની મુખ્ય શિષ્યા તરીકે વર્ગનો મોટો બોજો એણે ઉપાડી લીધો. એનામાં રહેલો સુષુપ્ત ઉત્સાહ જાગ્રત થયો હતો. એ હવે દિનપ્રતિદિન પાંગરતો હતો, એ હવે શિષ્યામાંથી શિક્ષિકા બની હતી, એના ઘડતરે ત્રણ વરસ લીધાં.

હવે દેવકોરબાઈનું હૃદય આનંદથી ઊભરાઈ જતું હતું. અનસૂયાના આભાર નીચે એ આહ્લાદતું હતું. એના નાના પૌત્રની આંખો એક અમેરિકન ડૉક્ટરે હવે સંપૂર્ણ સુધારી આપી હતી.



## ૨૮

# મરજાદી માનાબાઈ

**ચોથે** માળે મરજાદી માનાબાઈ આખા માળાને પોતાના વૈષ્ણવપણાના રંગથી રંગી દીપાવી રહ્યાં હતાં. સિત્તેર વરસનાં આ ડોસી નીચા ઘાટનાં, મધ્યમ શરીરનાં અને આંખ–કાનના દેવતાઓની પ્રસન્નતા ધરાવી શકયાં હતાં. એઓ ચૂસ્ત હવેલીપંથી મરજાદી હતાં. એઓ મરજાદશાસ્ત્રનાં મહાન ધુરંધર પંડિત હતાં. અમુક વસ્તુ ઠાકોરજીને અમુક વખતે ધરાવાય, આ ચીજ ભોગમાં ન લેવાય, ગોસાંઇજીનાં બાળકોના જન્મદિવસોમાં અમુક ઓચ્છવો થાય, એ સઘળું શાસ્ત્ર એમની જીહ્વાના અગ્રભાગ પર હતું. સ્પર્શાસ્પર્શ અને છૂતઅછૂતનાં એઓ આચાર્ય હતાં. રસ્તામાં ચાલતી વખતે વચ્ચે આવતી અનેક અપવિત્ર વસ્તુઓનું બારીક નિરીક્ષણ કરતાં એમને કૂદકા મારી ચાલવું પડતું હતું. ઠાકોરજીને અમુક સમયે અમુક વાઘા અને શણગાર ધરાવાય એનું સૂક્ષ્મ જ્ઞાન એમને હતું.

માનામા સવારના પરોઢીએ વહેલાં ઊઠીને ઠાકોરજીના ઉત્થાનના દર્શને અંધારામાં પહોંચી જતાં. ગોસાંઈજીનાં બાળકોનાં એ પ્રખર અનુયાયી અને શ્રદ્ધાળુ ભક્ત હતાં. પોતે પણ સારી રીતે સામગ્રીઓ મંદિરમાં પહોંચાડતાં અને બીજી બાઈઓને પણ મંદિરમાં ભેટો મૂકવા ઉત્તેજન આપતાં. ગોસાંઈજી મહારાજનાં કૃપાપાત્ર અને અંદરના મંડળનાં એ નેતા હતાં. હવેલીમાં એમનાં વચનો શ્રદ્ધાથી પળાતાં. હવેલીના મુખીઆ–ભીતરીઆ સર્વે આ વૃદ્ધાને દર્શન વખતે ખાસ સગવડ કરી આપતા હતા. માનામા અત્યંત શ્રદ્ધાળુ હોવા ઉપરાંત સંપૂર્ણ વ્યવહારકુશળ અને ધર્મની ઝીણવટભરી કુંચીઓથી અનેક પ્રશ્નોનાં દ્વાર ખોલવાની આવડતવાળાં હતાં. એઓ અનાશ્રય કરતાં નહિ; મોઢામાંથી ‘શિવ’ શબ્દ બોલતાં નહિ; દરરોજ નિયમિત બે વખત સ્નાન કરી પોતાને હાથે ઠાકોરજીને દરરોજ આઠ વખત મેવા મિઠાઈ ધરાવતાં તેની પ્રસાદી પોતે પણ વૃદ્ધ ઉંમર છતાં સારી રીતે પચાવી જતાં હતાં.

માનામાને ત્યાં દરરોજ બપોર પછી સત્સંગ થતો હતો. એમની વીસ વરસની દોહિત્રી મંગુ એમની સાથે જ રહેતી હતી. મંગુ વિધવા હતી. એનું યૌવન વૃદ્ધત્વને પામ્યું હતું; એનો કંઠ સારો હતો, વિધવા મંગુ મીઠા કંઠે જમનાજીનાં અને ઠાકોરજીનાં કીર્તનો ગાતી હતી. એની સંભાળ અને ઉછેર માનામાના કડક શાસન નીચે સારી રીતે થતી હતી. મંગુ ગરીબ સ્વભાવની હતી. દાદીમાના ઠાકોરજીની સેવા અને નેકભોગ એ જ નિભાવતી હતી. એના મનનો ઉત્સાહ, કોડ અને મોજશોખ કે વિલાસના તરંગો માનામાના લોખંડી શાસને દબાવી દીધા હતા. એનું યૌવન વૃદ્ધત્વને પામ્યું હતું. મંગુનો કંઠ સારો હતો. એ ગુજરાતી ચાર પાંચ ધોરણ સુધી ભણી હતી. દશપંદર બાઈઓ સત્સંગ કરવા ભેગી મળતી ત્યારે વિધવા મંગુ મીઠા સ્વરે યમુનાજી અને ઠાકોરજીનાં કીર્તનો ગાતી હતી; ૨૫૨ અને ૮૪ વૈષ્ણવોની વાર્તાઓ વાંચતી હતી; માનામા આ સત્સંગસભાનાં સમ્રાજ્ઞી હતાં. કોઈ એમના મનને પ્રતિકૂળ લાગે તેવું બોલે તો તરત



મંજુ

મંજુ વિધવા હતી. એનું યૌવન વૃદ્ધત્વને પામ્યું હતું, એનો કંઠ સારો હતો, વિધવા મંજુ મીઠા કંઠે જમનાજીનાં અને ઠાકોરજીનાં કીર્તનો ગાતી હતી.

એ બોલનારને અનાસરાની વાત ન કારાય એમ કહી દબાવી દેતાં હતાં; પરંતુ એમને રસ લાગે તેવી સર્વ વાતો કરી શકાતી હતી.

"આજે તો માનામા, તમારી વહુરાણીને દીઠાં." એક આધેડ બાઈએ મીઠી શરૂઆત કરી.

"ક્યાં! ક્યાં? એમનાં દર્શન ક્યાં થયાં?" બીજીએ કૌતુકથી પૂછ્યું. માનામાને પણ આ વાતમાં રસ હતો.

"અરે, ઈ તો હું જાતી હતી એટલામાં એમની મોટર પસાર થઈ જતી મેં ભાળી. કોઈ જાંગલા જેવા પારકા માણસને પડખે બાઈ સાહેબ મઢમના વેશમાં શણગાર સજીને બેઠાં હતાં!!"

"બાળોને ઈ કાળમુખી જાંગલીનું નામ." માનામાએ મોં મચકોડી ઉદ્ગાર કાઢ્યા.

"અરે માનામા, તમારી વહુ તો ચોટલોય રાખતી નથી! વળી પગમાં બૂટમોજાં પહેરે છે, ને માથે ઓઢતી પણ નથી!! ઈ તો મોઢા ઉપર પાઉડર ચોપડે છે! એના માથાના વાળ કપાવે છે; પારકા ભાયડાઓ સાથે નાચે છે; પારકા મરદોની સાથે હાથમાં હાથ મિલાવી દરિયાકિનારે ફરતાં મારા નાનુએ સગી આંખે એને જોઈ હતી. ઈ તો પારકા મનખને પડખે બેસાડી મોટર પણ પોતે હાંકે છે!" એક યુવાન વિધવાએ ખબર આપી.

"અરે ઈ તો ગોટમોટ કરે છે. ભાઈડાઉ સાથે મળીને ઊંચેથી ખી ખી ખી કરી ભવઈયાની જેમ નાચે કૂદે છે! બધી શરમ નેવે મૂકી દીધી છે. મારો ભાઈ હીરો સાહેબની નોકરી કરે છે ઈ કહેતો હતો કે માનામાની વહુ તો સાહેબલોકની જોડમાં બેસીને એક ટેબલ ઉપર જમે છે." બીજી વિધવાએ પોતાના જ્ઞાનનો લાભ આપ્યો.

માનામાએ ઊંડો નિસાસો નાખ્યો. ઈ રાંડ વંતરીની દિકરીએ મારા કુટુંબની લાજ-મરજાદ સૌને નેવે મૂક્યાં છે. મારા તો ધોળામાં

ધૂળ નાખી છે. જેવું ઠાકોરજીને ગમ્યું તે ખરૂં." નિઃશ્વાસ નાખી ડોસીએ જવાબ આપ્યો.

ડૉ. રમણીકલાલ મુંબઈના પ્રતિષ્ઠિત અને સારી ઘરાકીવાળા ડૉકટર હતા. બ્રહ્મદેશમાં સારા ધનવાન થયેલા મામાની છત્રછાયા નીચે મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજના ઝળકતા ગ્રેજ્યુએટ થયા હતા. દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ, પોતાની વિદ્યામાં અનહદ રસ, અથાગ અને અવિશ્રાંત ઉદ્યોગ, દર્દીઓને આરોગ્યવાન બનાવવાની પ્રમાણિક વૃત્તિ અને મામાના પૈસાથી સ્થાપેલ નાની હૉસ્પિતાલના સહયોગથી ડૉ. રમણીકલાલ વૈદ્યકના ધંધાને શિખરે પહોંચ્યા હતા. એમની માસિક આવક ત્રગડા ઉપર ત્રણ મીંડાં ચડે એટલી મોટી હતી. ડૉક્ટરને પોતાના ધંધા સિવાય બીજા કશામાં રસ નહોતો—બીજો શોખ નહોતો. એમની મોટર પૈસાદાર દર્દીઓના બંગલાઓમાં આખો દિવસ આઠ નવ કલાક રખડતી રહેતી. ડૉકટરને સાંસારિક રિવાજોનું ભાન નહોતું; રાજ્યદ્વારી ચળવળોમાં રસ નહોતો, મેળાવડાઓની સૂગ હતી, નાટક–સિનેમાની પણ પત્નીની બળજોરીથી જ ક્યારેક પરાણે મુલાકાત લેવાતી હતી. એમનાં કપડાંલત્તાં અને જીવનવ્યવહારનાં સાધનોની દેખરેખ પત્નીના કુશળ હાથમાં હતી. એમના અર્થશાસ્ત્રની સંભાળ પણ ચતુર કાર્યદક્ષ ગૃહિણીના હાથમાં સોંપાઈ હતી. બેંકમાં બગડા ઉપર પાંચ મીંડાં ચડેલી મોટી રકમ પણ પત્ની હેમલતાના એકલા નામ ઉપર હતી.

હેમલતા મુંબઈ યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ હતી. એ અપ ટુ ડેટ એટલે સુધારાના શિખરે બેઠેલી નારી હતી. ફૅશનમંદિરની મોટી પૂજારણ હતી; ખુલ્લા ફૅશનેબલ વાળ, પગે બૂટ–મોજાં, જાતજાતની ઊંચી રંગબેરંગી સાડીઓ અને બ્લાઉઝો એના પોશાકમાં નિત્ય બદલાતાં હતાં. ધનવાન, આધુનિક જમાનાની પૂજારી અને પાશ્ચિમાત્ય સુધારાને સર્વમાન્ય ગણનાર જે નવી જ્ઞાતિ હિંદુ, મુસ્લીમ, પારસી

મહિલાઓના શંભુમેળાની બંધાઈ છે તેમાં હેમલતા મહંતની પદવીઃ–



**હેમલતા**

હેમલતા મુંબઈ યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ હતી એટલે સુધારાના શિખરે બેસનારી નારી હતી. હેમલતા નવી ફેશનોનું સર્જન કરતી હતી. બીજી સ્રીસખીઓ એની કાઢેલી ફેશનને અપનાવી લેતી હતી. ફેશનેબલ જગતમાં હેમલતાનું સ્થાન ઉચ્ચ હતું.

ભોગવતી હતી. ફિરંગી દરજીઓ, ફેન્સી કાપડની દુકાનો, ઝવેરીઓના શો રૂમો અને યુરોપિયન શોપો એમના આશ્રય માટે રસાકસી કરતાં હતાં. હેમલતા નવી ફેશનોનું સર્જન કરતી હતી. બીજી એની ફેશન-જ્ઞાતિની સ્ત્રીસભ્યો એણે બહાર પાડેલી ફેશનોને અપનાવી લેતી હતી. ફેશનેબલ જગતમાં એનું સ્થાન ઉચ્ચ હતું.

માનામાએ ડોકટરનું સગપણ નાનપણમાં જ કરી નાખ્યું હતું. એમના વૈધવ્યમાં માત્ર એક ડોકટર જ આરામ અને આશ્વાસનનો પ્રતીક હતો. કેવા ઉત્સાહ, પ્રેમ અને વાત્સલ્યભાવથી યુવાન વિધવાએ પોતાના અંતઃકરણની આ મૂર્તિને ઉછેરી હતી. વિધવાની આંખોના એ નૂર હતા. એને માતા નીકળ્યાં હતાં, એને ન્યુમોનિયા થયો હતો અને એને મેલેરીઆ થયો હતો ત્યારે આ માતાએ જ એને રાતોની રાતો જાગી ભારે કષ્ટ સાથે સેવા કરી આરોગ્ય અપાવ્યું હતું. માનાએ પોતે ઉપવાસ કરી બાળકને ખવડાવ્યું હતું, પોતે ટાઢ સહન કરીને છોકરાને ઓઢાડયું હતું, પોતે દળણાં દળીને છોકરાને ખવરાવ્યું હતું. છોકરો મોટો થયો, એને ગુજરાતી નિશાળે મૂકયો. છોકરો માની મીઠી નજર નીચે ઉછેર પામ્યો હતો.

મામા હીરાલાલ બ્રહ્મદેશથી કમાઈ આવ્યા. એમના ગૃહસંસારમાં શેર માટીની ખોટ હતી. કાંઈક સમજાવટ, કાંઈક ભવિષ્યની લાલચ, અને કાંઈક દબાણથી મામાએ ભાણેજની પોતાના ઘરમાં ભરતી કરી.

"બહેન! તું શું સમજે? ગગાના ભવિષ્યને ભૂંસી નાખવું છે? એને ગામડાનો ગધેડો રાખવો છે? રત્ન જેવા છોકરાને આ ગામડામાં દાટી રાખવો છે? મારી સાથે મોકલ. હું એને માણસ બનાવીશ. આ લાખોની દોલત એના વગર કોણ ખાશે? તારા બાપના ઓરડા ઉઘાડા રાખવા છે કે એને તાળાં વાસવાં છે? જો, આ ચાલાક છોકરો અત્યારથી જ બીડીઓ પીએ છે, કૂતરાં લડાવે છે, ખરાબ છોકરાઓની સોબત કરે છે, ઊકરડા ચૂંથે છે, તોફાન મસ્તી કરે છે; એ તારા

કાબૂમાં નથી; વળી સામા જવાબ દે છે. રાતના વખતે ગધેડા પકડી લાવી તેના પર સવારી કરે છે, ઘરમાં અને બહાર ચોરીઓ કરે છે; તારે શું કરવું છે ? છોકરાને બરબાદ કરવો છે ? મોકલ મારી સાથે. આ એકના એક જ ભાણેજની જિંદગી હું તને પાયમાલી કરવા દઈશ નહિ. તું હા કહીશ કે ના કહીશ તોય હું લઈ જઈશ. મારા ભાણેજની પાયમાલી હું આ આંખે જોઈ શકીશ નહિ. જો તો ખરી, હું એને અફલાતુન બનાવી દઉં છું."

મામાએ વિધવા બહેનના હાથમાંથી અર્ધી હા અર્ધો ના છતાં છોકરો ઝૂંટવી લીધો. માતાએ મરજાદ લઈ ઠાકોરસેવામાં ચિત્ત પરોવ્યું. છ માસ પછી છોકરા ઉપરના સ્નેહે એને મુંબઈ ખેંચી આણી. તે ભાઈના ભેગી રહી, પરંતુ ત્યાંની વ્યવસ્થાથી એનો આત્મા કકળી ઊઠ્યો. એનાં ભાઈ-ભાભીની રહેણી-કરણી એને ગમે તેવી અનુકૂળ નહોતી. ટેબલ—ખુરશી ઉપર ઈરાની ચહા અને બિસ્કુટ ખાવાં, ઘરમાં હલકા વર્ણના નોકરો રાખી સઘળું અભડાવી દેવું, પારસીઓ, મુસ્લીમો અને ખ્રિસ્તીઓ સાથે એક જ ટેબલ પર બેસી ખાવું, સ્પર્શાસ્પર્શનો ભેદ રાખવો નહિ—આ સઘળું આ મરજાદી બાઈને ગમ્યું નહિ. બે દિવસમાં જ એના હૃદયને અણગમો અને કંટાળો ઉપજ્યો. હવે તો છોકરો પણ ગામડીઓ મટીને સાહેબ બન્યો હતો. એ હવે બળજબરીથી પણ માતા સાથે જાય તેમ નહોતું. માતા હતાશ થઈને પોતાને ગામ પાછી ચાલી ગઈ.

માતાએ ગામડામાં આવીને બાળક ઉપરનો સઘળો પ્રેમ બાળકૃષ્ણલાલની મૂર્તિ ઉપર ઢાલવ્યો. એને એનો ભાઈ માસિક ત્રીસ રૂપિયા મોકલતો હતો. વિધવા આ પૈસા ઠાકોરજીની પૂજા અને હવેલીમાં વાપરતી હતી. માતાએ છોકરાનું સગપણ પણ જ્ઞાતિમાં જ કર્યું. છોકરી ગામડોઅણ, અભણ અને કુરૂપ હતી; છતાં મામા કંઈ બોલ્યા નહિ. રમણીકલાલ મેટ્રીક થયો, ગ્રેજ્યુએટ થયો, વૈદ્યકના

અભ્યાસ માટે મામાએ એને વિલાયત મોકલવાની ગોઠવણુ કરી, બહેનને એ બાબત સહેજ સમાચાર લખ્યા. બહેન કાગળ મળતાં જ મુંબઈની ટ્રેનમાં બેસી ગઈ. એણે ભાઈના ઘર પાસે સૂઈ લાંઘણુ ખેંચી અપવાસ આદરી અસહકાર શરૂ કર્યો. ભાઈ ભાણેજને વિલાયતમાં પાવન કરવા મોકલી શક્યો નહિ, અને પરિણામે એ મુંબઈની ગ્રાંટ મેડિકલ કોલેજમાં ભરતી થયો.

માતાએ છોકરાને પરણાવવા તાકીદ કરવા માંડી હતી; પરંતુ પ્રથમ મામાની સંમતિ નહોતી; પછી છોકરે ના પાડી: "આ ગામડાનું ધુંસરૂં મારે ગળે ક્યાં વળગાડું? એ ઝોડ મારે ન જોઈએ." માતાએ સમજાવ્યો, ધમકાવ્યો અને છેવટે ઉપવાસ શરૂ કર્યા. છોકરે સામે એવા જ–પાણી પણુ લીધા વિનાના જ–ઉપવાસ આદર્યા. માતા એ સહન કરી શકી નહિ. પોતાને ગામ જઈ વેવાઈઓ અને સગાં-સંબંધીઓને મોઢું દેખાડી શકાય તેમ નહોતું, ત્યાં નાતજાતમાં સગાઈ તોડીને રહી શકાય તેમ હતું નહિ. આ ગામડામાં સેંકડો વરસમાં સગાઈ તોડવા જેવો ઉલ્કાપાત બન્યો નહોતો. ભાઈની સલાહથી બહેને એક માળામાં ઓરડી લઈ વસવાટ કર્યો. એને મુંબઈની હવેલી અને દર્શનનો લાભ અનુકૂળ આવ્યો.

પુત્ર L. M. & S. થયો. કોડીલા મામાએ સ્વતંત્ર દવાખાનું કરી આપ્યું. અવર જ્ઞાતિની અને ગ્રેજ્યુએટ થયેલી હેમલતા સાથે રમણીક પ્રેમલગ્ન કરવા તૈયાર થયો. એની વિધવા માતાથી આ સહન થઈ શક્યું નહિ. 'આપણા કરતાં હલકી પરજ્ઞાતિમાં પરણીશ તો ઠાકોરજીના સમ ખાઈને કહું છું કે તારૂં મોઢું જોઈશ નહિ.' છતાં ડૉ. રમણીકલાલ માતાની ઉપરવટ થઈ હેમલતા સાથે લગ્ન–ગાંઠથી જોડાયો. માતાએ પણુ મક્કમ બની પોતાનું વચન પાળ્યું. એ દિવસથી છોકરા સાથે એણે બોલવું છોડી દીધું; એને પણુ વીસ વરસનાં વહાણાં વાયાં હતાં. એ મુદ્દત દરમ્યાન મામા અને મામી

પરમાત્માના બ્રહ્મલોકપ્રતિ સંચર્યાં હતાં. એમની મિલ્કતનો વારસ રમણીકલાલ થયો હતો. રમણીકલાલ માતાના મીઠા શબ્દો માટે ઝૂરતો હતો, માતા પણ અત્યંત સ્નેહથી પુત્રને માથે વરદ હસ્ત મૂકી આશીર્વાદ આપવા ચાહતી હતી. પરંતુ એનું ભયંકર અભિમાન એને એમ કરવા દેતું નહિ. દર મહિનાની પહેલી તારીખે ડૉક્ટર સવારના વહેલા ઊઠીને માતા પાસે આવી એના પગમાં એકસો રૂપિયાની નોટો મૂકી મંગુને બોલાવી, ખબરઅંતર પૂછી ચાલ્યા જતા. બંનેનાં નેત્રો મૂંગી ભાષા બોલતાં હતાં, પરંતુ ડોસીનું અભિમાન વાર્તાલાપની આડે આવતું હતું. હેમલતાનો તો અવરજવર કે પગ પણ આ ઘરમાં નહોતો. 'ઈ જંગલીને વહુ તરીકે હું બોલાવીશ નહિ' એવું વચન ડોસીમાએ પાળ્યું.

હેમલતા સંસારસુધારકોની નેતા હતી, વિધવાવિવાહના દરેક પ્રસંગમાં એ ભાગ લેતી હતી. ઘણા વિધવાવિવાહો એની પેરવી અથવા નેતાપણા નીચે થતા હતા. જ્ઞાતિવિચ્છેદક વિવાહો પણ એના આશીર્વાદ મેળવતા હતા. જ્ઞાતિવિઘાતક ખાણાંઓમાં મુખ્ય વકતા તરીકે એનું નામ અગ્રસ્થાને શોભતું હતું. બ્રાહ્મણ કે સાધુ-મહંતોના તરફ એની જરા પણ લાગણી નહોતી. પુરાણો, જ્યોતિષ તેમ જ સંપ્રદાયોમાં તો એ માનતી જ નહિ. વહેમો કે બંધનો એને બાંધી શકતાં નહોતાં. સાંસારિક રિવાજો, લગ્ન સીમંત અને બીજા પ્રસંગો તથા મરણ પાછળના ખર્ચોનો એણે બૉયકૉટ કર્યો હતો. જ્ઞાતિ, વર્ણ, આશ્રમમાં એ માનતી નહોતી; તપોમય જીવન એને પસંદ નહોતું; વ્રત, જપ, ઉપવાસ અને ધાર્મિક તહેવારો પ્રત્યે એ હંમેશાં પોતાની ઘૃણા વ્યક્ત કરતી હતી.

છતાં હેમલતાનું હૃદય આર્ય હતું. એ નિખાલસ ભાવની હતી. દરેક સારી પ્રવૃત્તિમાં એ આગેવાનીભર્યો ભાગ લેતી હતી. દુષ્કાળ, રેલ, ધરતીકંપ વગેરે સંકટો હિંદના કે જગતના કોઈ પણ ભાગમાં

આવી પડે ત્યાં હેમલતા પોતાની સખીઓને ખેંચી તાણીને ભેગી કરે. પછી ઠેકઠેકાણે મોટરો દોડાવીને ફાળો એકઠો કરે. પોતે પણ સારી રકમ એમાં ભરે, બીજાઓ પાસેથી પણ મોટી રકમો ભરાવે. એનું મહિલા મંડળ એક પ્રફુલ્લ સંસ્થા હતી. એની મારફતે હેમલતા પોતાના ફંડ ફાળાની વ્યવસ્થા કરતી હતી. આ સંસ્થાની એ આજીવન પ્રમુખ હતી. સંસ્થા મારફતે એક કન્યા હાઇસ્કૂલ અને એક ઉદ્યોગશાળા ચાલતી હતી. હેમલતાના ઉદ્યોગમાં ખંત અને શકિત બંને હતાં. એ સંસ્થાઓ સુંદર રીતે ચલાવી શકતી હતી. એની વ્યવસ્થાશકિત સરસ હતી. આથી ભણેલા અને સુધરેલા મુંબઈવાસીઓની એ શ્રદ્ધા સંપાદન કરી શકી હતી.

ડૉકટર અને હેમલતાનાં સંતાનો કુમુદિની અને શ્રીકાંત બંને વિલાયતમાં રહી અભ્યાસ કરતાં હતાં. ત્રણ ત્રણ વર્ષે એ માતપિતાને મળવા આવતાં હતાં. વિલાયતમાં રહીને એઓ પોતાની માતૃભાષા પણ ભૂલી ગયાં હતાં. તેઓ અંગ્રેજીમાં જ બોલતાં ચાલતાં હતાં. દાદીમા પાસે હિંદમાં આવતાં ત્યારે એક વખત પિતાનાં પ્રેર્યાં એમને પગે લાગી આવતાં. દાદીમાના આશીર્વાદ સમજવા પૂરતી ભાષા એઓ જાણતાં હતાં પરંતુ દેશી રીતે નમસ્કાર કરતાં એમને આવડતું નહિ. એઓ વિલાયતમાં રહી ત્યાંના સામાજિક રિવાજોમાં આનંદ માણતાં હતાં. એમને દેશી રીતરિવાજ ઉપર સૂગ હતી. પોતે અંગ્રેજી ભાષા, વિચાર, આચાર, સામાજિક રહેણીકરણી અને ત્યાંનાં હવાપાણીનાં પક્ષપાતી બન્યાં હતાં. માતાપિતાના સુધરેલા બંગલામાં પણ એમને હિંદી ગંધ આવતી હતી.

શ્રીકાન્ત અને કુમુદિની બંને વર્ષોવર્ષ તેમની પરીક્ષાઓ સફળતાપૂર્વક અને ઊંચે નંબરે પાસ કરતાં હતાં. છેવટે શ્રીકાન્તે હિંદી સનંદી પરીક્ષા સફળતાથી પસાર કરી. એ હવે આઈ. સી. એસ. ની શાહી અને ઉચ્ચ પગારની નોકરી ખાતાનો સભ્ય બન્યો હતો. એ વિષેનો

તેમનો તાર આવ્યાથી માબાપને ખૂબ આનંદ થયો. તેમણે અંગ્રેજ, પારસી, હિંદુ તેમ જ મુસલમાન મિત્રોને મોટા પાયા પર ખાણું આપી આ શ્રેષ્ઠ પ્રસંગને ઉત્તમ રીતે ઉજવ્યો. ખાણાને પ્રસંગે ડૉકટર અને તેમનાં મિસિસ ઉપર સેંકડો અભિનંદનોના ધન્યવાદની વૃષ્ટિ થઈ. હેમલતાને તો કેમ જાણે સ્વર્ગ એક વેંત જ છેટું રહ્યું લાગ્યું. પતિ મોટો નામાંકિત ડૉકટર અને પુત્ર સનદી નોકર એટલે અભિમાન અને ગૌરવ લેવા જેવું તો હતું જ; તેમાં વળી એ જ વર્ષે પતિ રાવ-બહાદુર થયા! એટલે દૂધમાં સાકર ભળી.

પોતાનો વહાલો પુત્ર હવે તરત વિલાયતથી રવાના થશે; એને મળવા માટે અને છાતી સરસો ચાંપવાને માતાનું હૃદય આતુર બનતું હતું. એક દિવસે માતાના નામનો વિલાયતથી એક પત્ર આવ્યો. હેમલતાએ એ કાગળ ફોડી વાંચ્યો. એ પત્ર એના પુત્રનો હતો. પુત્રે લખ્યું હતું :

"પ્રિય માતા,

હું આઈ. સી. એસ. માં પાસ થયો તેનો બાપુજી અને તમારો અભિનંદનનો પત્ર મળ્યો. તાર પણ મળ્યો હતો. હું તરત દેશ તરફ રવાના થવાનો હતો. પરંતુ એક વાત તમને મેં જણાવી નહોતી. હું ધારું છું કે આટલો વખત તમને ન જણાવવા માટે તમારા પુત્રને માફી આપશો. તમને સમયસર ન જણાવવા માટે મારે કારણો પણ હતાં. જ્યાં સુધી આઈ. સી. એસ. ની પરીક્ષા સફળતાથી પસાર ન કરું ત્યાં સુધી બીજી વાતો લખવા માટે યોગ્ય વાતાવરણ નહોતું, એમ મારું મન કહેતું હતું. હવે પરીક્ષા પાસ કર્યા પછી તમારી સમક્ષ સર્વ હકીકત નિખાલસભાવે મૂકું છું.

"બાર માસ પરની વાત છે. હું એક દિવસે એક પ્રસિદ્ધ રેસ્ટોરાંમાં હળવું ભોજન લેતો હતો. એટલામાં જોડેના ટેબલ ઉપર એક સુંદર પોષાક પહેરેલી સ્વરૂપવાન યુવતી આવીને બેઠી. એણે પણ જમવાની વાનીઓની વરદી આપી. અમે બંને જમતાં હતાં. પછી એ જમીને ઊભી થઈ ચાલવા માંડી. એના હાથમાંથી પાકીટ નીચે પડી ગયું. મેં વિલાયતના શિષ્ટાચાર પ્રમાણે એ પાકીટ ઉપાડી એના હાથમાં મૂકી દીધું. એણે હસતે મુખે મારો આભાર માન્યો; પછી એ ચાલતી થઈ.

"એ દરરોજ આ રેસ્ટોરાંમાં બપોરના ભોજન માટે આવતી હતી. બીજે દિવસે હું પણ ત્યાં ગયો. એને મેં નમન કર્યું. એણે પણ સામું નમન કર્યું. અમારી ઓળખાણ વધી. બેત્રણ દિવસમાં તો અમે ગાઢ મિત્રો બન્યાં. એકબીજા સાથે પુસ્તકોની, નોવેલો અને કવિતાઓની ચર્ચા કરવા માંડયાં. એકબીજાને પુસ્તકો પણ વાંચવા આપવાની શરૂઆત થઈ. પછી તો અમે એક જ ટેબલ ઉપર ભેગાં બેસીને જમતાં. અમે સિનેમા અને નાટયગૃહોની પણ સાથે જ મુલાકાત લેતાં હતાં. અમારી પરસ્પરની મૈત્રી વિકાસ પામતી ગઈ. પછી તો અમે ગાઢ મિત્રો બન્યાં. અને હવે અમો દરરોજ સાથે મળી ફરવા જઈએ છીએ. અમારો બંનેનો સ્વભાવ ખૂબ હળીમળી ગયો હતો.

"મિસ લીના સુશિક્ષિત અને સચ્ચરિત્રવાન નારી છે. યોર્ક-શાયરના ગામડામાં એનાં માબાપ અને ભાંડુઓ રહે છે. એમની ત્યાં દારૂની દુકાન છે. મિસ લીના મને એનાં માબાપના ગામડે લઈ ગઈ હતી. હું બે દિવસ એમની મહેમાની માણી આવ્યો. મને એ લોકો ખૂબ સજ્જન લાગ્યાં. લીના પોતે લંડનમાં શોર્ટ હેન્ડ અને ટાઈપિસ્ટનું કામ કરે છે. એનાં માબાપ ધનવાન નહિ હોવાથી લીનાને નોકરી કરવી પડે છે. એ પોતાની કેટલીક બહેનપણીઓ સાથે મળી લંડનના પરામાં એક ઘર ભાડે રાખીને રહે છે. એ ગરીબ પણ આબરૂદાર અને પોતાનાં માન-પ્રતિષ્ઠા સાચવે એવી યુવતી છે. એની સંસ્કૃતિ ઉચ્ચ છે, તેમ જ સ્વભાવે નિખાલસ અને ભલી છે.

"પ્રિય માતા, તમને કંટાળો ન આવે તે માટે હવે ટુંકાણમાં પતાવીશ. લીના અને મારા વચ્ચેની મૈત્રીએ પ્રેમનું સ્વરૂપ લીધુ છે. અમે એકબીજાને પરણવાનું વચન આપ્યું છે. અમે બને પ્રેમમાં છીએ. આ ખબર, મને આશા છે કે તમને ઘણી ગમશે. લીના એક સુંદર છોકરી છે. એનો સ્વભાવ મધુર છે, એની સંસ્કૃતિ આદર્શમય છે, એનો વિવેક અને શિષ્ટાચાર મોહક છે. મેં બાર માસ સુધી આ બધાનું નિરીક્ષણ કર્યા પછી જ તમને લખ્યું છે. આ મારો ઉતાવળો મત નથી. તમે એને જોશો તેટલામાં જ મોહી પડશો અને આવી સરસ પસંદગી માટે મારા સદ્‌ભાગ્યને અભિનંદન આપશો. અને ઉત્તમ પુત્રવધૂ મેળવવા માટે પોતાને હાર્દિક ધન્યવાદ દેશો.

"મારા અને લીનાના વિવાહ માટે બાપુજી અને તમારી સંમતિ તારથી આપશો. એટલે હું મારી વિવાહિત પત્નીને આપના આશીર્વાદ માટે સાથે લાવી શકું.

—તમારો પુત્ર
શ્રીકાન્ત."

માતાએ કાગળ વાંચ્યો. તે એકદમ દિગ્મૂઢ થઈ ગઈ. જેવો દાખલો પોતાને પોતાની સાસુ સાથે બન્યો હતો તેથી અનેકગણો વધારે ને તીવ્ર ભાવનાવાળો આ દાખલો હતો. એની બુદ્ધિને હતાશ કરી નાખે તેવો બનાવ બનવાની આ આગાહી હતી. તે સમયે એની બુદ્ધિ કિંકર્તવ્યમૂઢ થઈ ગઈ. એને સાંજે એક મેળાવડામાં પ્રમુખપદ લેવાનું હતું. ત્યાં તાકીદની ચિઠ્ઠી લખી ઓચિંતી તબિયત બગડી આવવાનું બહાનું કાઢી એણે વિવેકથી માફી ચાહી લીધી. એ શૂન્યમનસ્ક થઈ બેસી રહી. રાત્રે આઠ વાગે પતિ દવાખાનેથી પાછા આવ્યા. એમની સાથે ખાવા બેઠી, પણ કાંઈ ભાવ્યું નહિ. વિચારમાં પતિ સાથે વિવશની માફક એ વાતો કરવા લાગી. તેમાં તૂટક તૂટક થવા લાગ્યું.

"કેમ હેમ, આજ આમ કેમ? તબિયત ઠીક નથી કે શું?"

"હા, આજે એમ છે ખરૂં. મને બેચેન જણાય છે."

"શું થયું છે તને? નાડ જોઉં; હાથ બતાવ તો. સામાન્ય શરદી હશે."

"પહેલાં આપ જમી લ્યો; પછી મારી દર્દકથા કહીશ."

જમી રહ્યા પછી મોટર મંગાવી પતિ–પત્ની દરિયાકિનારે ગયાં. પત્નીએ પતિના હાથમાં પત્ર મૂકી પોતાના હાથમાંની ટૉર્ચનો પ્રકાશ કરી પુત્રનો પત્ર વાંચવા કહ્યું.

પતિએ આખોય પત્ર સાદ્યંત વાંચ્યો, બીજી વાર ફરીને વાંચ્યો. તે વિચારમાં ગરકાવ થઈ ગયો. એના મુખના ભાવ જાણે સખ્તાઈ ધારણ કરતા હતા. શીતળ પવન છતાં એને ઉકળાટ થવા લાગ્યો.

"શું કરશું હવે?" પત્નીએ પતિનો હાથ પોતાના હાથમાં લઈ નમ્રતાપૂર્વક અને ધીમેથી પૂછ્યું.

"બીજું શું કરવાનું હોય? એને તાર કરી તરત તેડાવી લ્યો. આવા લગ્નમાં સંમાત આપી શકાય નહિ."

"એ વાત ખરી છે, પરંતુ શ્રીકાન્ત પ્રેમમાં આંધળો બન્યો છે; એ કાંઈ સમજશે નહિ. આપણી ઉપરવટ થઈને પણ એ પરણી બેસશે. પ્રેમ આંધળો છે."

"નહિ સમજે તો દર માસે ૨૦ પાઉન્ડ મોકલીએ છીએ તે મોકલવા બંધ કરીશું." પતિએ રોષમાં આવી કહ્યું.

"એથી એને સહેજ મૂંઝવણ થશે ખરી, પરંતુ હવે તો એ આઈ. સી. એસ. છે, એને સરકારી પગાર ચાલુ થઈ ગયેલ છે, એટલે તમારા માસિક ૨૦ પાઉન્ડની એ દરકાર કરશે નહિ." પત્નીએ વિચાર કરી જવાબ આપ્યો.

"ત્યારે શું તું આવા લગ્ન માટે સંમતિ આપવા માગે છે! મારૂં મન તો હા પાડશે નહિ." પતિ વિચારીને બોલ્યા.

"તમારૂં મન શા માટે ના પાડે છે? કારણો દર્શાવશો?"

"હા, કારણો તો જાણીતાંજ છે. મારા બંગાળી, મદ્રાસી અને એકાદ અહીંના મિત્રે એવાં વિજાતીય-યુરોપીયન લગ્નો કર્યાં હતાં. પ્રથમ પ્રેમના આવેશમાં એ હિંદી યુવકોને સ્વર્ગ જેવું સુખ લાગ્યું. પછી સ્વભાવ, રહેણીકરણી, સંસ્કૃતિ અને ધર્મ તેમ જ આચારની વિભિન્નતાએ પોતાનો પાઠ ભજવ્યો. મતભેદ, ક્લેશ, તકરારો, વિવાદ અને છેવટે જુદા રહેવાના પ્રસંગો એમાંથી પરિણમ્યા. એવાં વિજાતીય લગ્નો કદી સુખી થયાનું એકેય દૃષ્ટાંત નથી. એમાં કેટલાંક તો બહુ દુ:ખ અને શોકમાં પરિણામ પામ્યાં હતાં." પતિએ વિચારી વિચારીને પોતાની માન્યતા કહી બતાવી.

"ખરૂં છે. મારો અનુભવ પણ એમ જ કહે છે; પરંતુ હવે બળથી કામ લેવાનું નથી; કળથી કામ લઈશું. આપણે બંનેએ વિલાયત જવું પડશે."

"એમ કેમ બને? મારી પ્રેકટીસ અને દર્દીઓનું શું થાય?"

"તેને માટે તમે ગોઠવણુ કરી લ્યો. આપણુને આપણી સંતતિથી વધારે કાંઈ નથી. આજે સોમવાર છે. શુક્રવારની વિલાયતની સ્ટીમરમાં બે પેસેજ રિઝર્વ કરાવી લ્યો. આપણે ત્યાં જવું જ પડશે."

"જઈને ત્યાં શું કરીશું? આઈ. સી. એસ. ની પરીક્ષા પાસ કરીને સ્વતંત્ર થયેલો યુવાન આંધળા પ્રેમને છોડી દે એ તને લાગે છે?" પતિએ પ્રશ્ન કર્યો.

"જુઓ, મારી સલાહ તો આ વિષયમાં ચોક્કસ છે. વિલાયત જવાનો આપણો ઉદ્દેશ આ વિવાહ અટકાવવાનો નથી. આપણે ત્યાં જઈ કન્યાને જોઈ પાકી ખાતરી કરી જો કન્યા સુશીલ, ગરવી અને ભલી હશે તો શ્રીકાન્તને લગ્ન કરતાં અટકાવવાની કોઈજ જરૂર નથી. ગમે તે જાતિ, વર્ણ અને પ્રજાની સદ્‌ગુણી કન્યા કુટુંબમાં સન્માનને પાત્ર છે જ, એથી કુટુંબ અને પતિનું કલ્યાણ જ થશે. પરંતુ વિલાયતમાં હમણાં કેટલાક દાખલાઓમાં એવી જાતની ખબરો આવી છે કે ત્યાં કેટલીક ટોળીઓ વ્યવસ્થિત કાવતરાં રચી ધનવાન પરદેશીઓને ફસાવે છે. તેઓ આવી સુંદર કન્યાઓને પોતાનાં હથિયારો બનાવી પરદેશી યુવકોને અવનતિના ઊંડા ખાડામાં ધકેલે છે. આપણા પુત્રના ભવિષ્યની સંભાળ રાખવાની પવિત્ર ફરજ આપણા ઉપર છે, અને તે આપણે બજાવવી જ પડશે."

"પણ આપણે તો ત્યાંનાં અજાણ છીએ! આ બધી ઉપાધિ અને શોધખોળ આપણે એકલે હાથે ત્યાં કેવી રીતે કરી શકીશું?" ચિંતાતુર પતિએ પૂછ્યું.

"તે માટે મને જરાયે ફિકર નથી. અહીં આવી ગયેલી અને મારા સંબંધ અને સમાગમમાં આવેલી કેટલીક અંગ્રેજ ભદ્ર મહિલાઓનો નિઃસ્વાર્થ સહકાર મેળવી શકવાનો મને વિશ્વાસ છે. તેમાં પણ મિસ પ્રીશર તો વૃદ્ધ, અનુભવી અને એક સજ્જન મહિલા છે.

હિંદીઓ પ્રત્યે તેઓ ખૂબ સહાનુભૂતિ ધરાવે છે. મારા ઉપર એનો ખાસ પક્ષપાત છે. એટલે એના સહકારની હું જરૂર આશા રાખું છું."

પત્નીની સલાહ પતિને યોગ્ય લાગી. બીજે દિવસે એમણે પી. ઓ. કંપનીની સ્ટીમર 'રાવલપિંડી'માં બે ફર્સ્ટ કલાસ પેસેન્જે રિઝર્વ કરાવી લીધી. સીઝન નહિ હોવાથી એમને તરત ટિકિટો મળી શકી. ડૉક્ટરે તબીઅત સુધારવા માટે વિલાયત જવાનું બહાનું કાઢ્યું. પોતાની પ્રેકટીસની સંભાળ તેમના એક ડૉક્ટર મિત્ર ડૉ. મહેતાને સોંપી દીધી. આ દંપતિ વિલાયત તરફ રવાના થયું. અને જતાં જતાં તેમણે "તમને અને કન્યાને જાતે મળવા અમે આવીએ છીએ, ત્યાં સુધી થોભો" એવો શ્રીકાન્તને તાર કરી દીધો. હેમલતાએ પણ પોતાની પ્રવૃત્તિઓને માટે યોગ્ય બંદોબસ્ત કર્યો.

વિલાયતમાં એક સારી હોટેલમાં એમણે ઉતારો કર્યો. શ્રીકાન્ત અને કુમુદિની માતપિતાને મળ્યાં. શ્રીકાન્તે પોતાની ભાવી વહુરાણીની ઓળખાણ કરાવી. ખરેખર, તે સભ્ય, સુંદર, સંસ્કૃતિશીલ અને વિવેકી હોય તેમ લાગ્યું. એની બોલવાની છટા, વિવિધ વિષયો સંબંધેનું એનું જ્ઞાન અને એની હાજરજવાબીએ પહેલી નજરે શ્રીકાન્તનાં માતપિતા ઉપર સારી અસર કરી. હેમલતાએ જગતને જોયું હતું. એની અનુભવી દૃષ્ટિએ પૂરી તપાસ કરવાની જરૂર દેખાડી. એણે શ્રીકાન્તને જરા પણ ઠપકો કે નિરાશાનો શબ્દ સરખો કહ્યો નહિ. પોતામાં વિશ્વાસ રાખી થોડી ધીરજ રાખવા માટે એણે કહ્યું. જો કન્યા એણે કરેલી કસોટીમાંથી પાર ઊતરશે તો જરૂર આ વિવાહમાં પોતે અને ડૉક્ટર આશીર્વાદ આપશે, એવી ખાતરી પણ આપી. આથી શ્રીકાન્તના મનનું સમાધાન થયું.

હેમલતા પોતાની સખી એવી અંગ્રેજ મિત્રોને મળી, એમની મદદ માગી. સહૃદયતાભરી એ સખીઓએ પોતાનાં વિશાળ મિત્રમંડળો

મારફતે આ વિષયમાં કેટલીક ખાનગી તપાસ કરી. લંડન જેવા ૯૦ લાખ માણુસોની વસ્તીવાળા શહેરમાં એક વ્યક્તિના વિષયમાં તપાસ કરવી ઘણી મુશ્કેલ છે, છતાં મિસ લીના સંબંધે સંતોષકારક હકીકત મળી શકી નહિ. આથી મિત્રોની ભલામણથી એક ખાનગી ગુપ્તચર (ડિટેકટીવ)ને રોકવામાં આવ્યો. એણે બારીક તપાસ કરી. મિસ લીના કોઈ વ્યવસ્થિત બદમાશ મંડળની સભ્ય નહોતી, એમ સાબીત થયું. પરંતુ મિસ લીના સંબંધી બીજી કેટલીક ખબરો મળી, જે તેની કીર્તિમાં વધારો કરે તેવી નહોતી. આ યુવતી મોજીલી અને યુવકોની પ્રશંસા ઉપર ઊડનારી ભ્રમરી હતી. કેટલાક યુવકો સાથેના એના કેટલાક પ્રસંગો ગુપ્તચરે પ્રકાશમાં આણ્યા, જે આ યુવતીના ચરિત્રને દીપાવે તેવા નહોતા. હેમલતાએ શ્રીકાન્તને આ સર્વ પ્રસંગો સાબિતીઓ અને ફોટોગ્રાફો સાથે બતાવ્યા. યુવકની આંખો પરનાં પડળો દૂર થયાં. આથી તે તદ્દન હતાશ થઈ ગયો, તેનું હૃદય નિરાશારૂપી વાદળોથી છવાઈ ગયું. તે દીન અને શોક–મોહનાં વમળોમાં મુંઝાઈ ગયો–એના મોતીઆ મરી ગયા.

હેમલતાએ પુત્રના હૃદયના ભારે આવેગને શમવા માટે થોડો સમય આપ્યો. એને એણે રોવા અને આંસુ સારવાની તક આપી. પછી પુત્ર અને પુત્રીને લઈ આ દંપતિ હિંદ આવતી સ્ટીમરમાં ચડી બેઠાં. રસ્તામાં સમુદ્રની સુંદર હવા, રમતગમતો, પ્રવાસીઓની મૈત્રી અને માતાનો ચાલુ સંસ્કારી સહવાસ શ્રીકાન્તના જખમી હૃદય પર મલમપટાનું કામ કરવામાં અસરકારક નીવડયો. માતા એને જરા વાર પણ માનસિક વિચારોને સ્વાધીન રહેવા દેતી નહોતી. ગંજીફા, સંગીત, માબાપની સાનિધ્યમાં સારાં પુસ્તકોનું વાચન અને સહ-પ્રવાસીઓની સાથે રમતગમતમાં સમય પસાર થવા માંડયો. પરિણામે શ્રીકાન્ત લીનાને ભૂલવા માંડયો હતો.

લંડનમાં હતા ત્યારે જ હેમલતાએ બીજો એક યોગ્ય બંદોબસ્ત

કરાવી લીધો હતો. એણે ગુપ્તચરનો આખો રિપોર્ટ અને ફોટોગ્રાફો પોતાના સૉલિસીટર સમક્ષ મૂકી દીધા હતા. સૉલિસીટરોએ મિસ લીનાને મળીને આ વિવાહ આ સંયોગોમાં અનુકૂળ થઈ નહિ પડે એવી એની ખાતરી કરી આપી હતી. આથી વિવાહ રદ કરવા બાબતનો નુકસાનીનો દાવો ભવિષ્યમાં ન બને એવી ગોઠવણ કરી. બીજી બાજુ શ્રીકાન્ત અને મિસ લીનાએ પરસ્પર પત્રો લખીને સગપણ તોડી નાખ્યું હતું.

આ મંડળને લઈને સ્ટીમર હિંદમાં મુંબઈના કિનારે આવી પહોંચી. મંડળ પોતાને ઘેર પહોંચ્યું. શ્રીકાન્ત થોડા દિવસો પછી સંયુક્ત પ્રાંતમાં ડૅપ્યુટી કલેકટર તરીકેની પોતાની નોકરીમાં જોડાઈ ગયો. તે પછી એકાદ વરસ બાદ પ્રયાગના એક રિટાયર્ડ જડ્જની સુશિક્ષિત કન્યા સાથે એને પ્રેમ બંધાયો. માતાપિતાની સંમતિ અને આશીર્વાદથી એની સાથે લગ્ન કરી પત્નીને લઈ શ્રીકાન્ત પોતાની નોકરીના સ્થાને ચાલ્યો ગયો.

માનામા બિમાર પડયાં. એઓ હવે પથારી મૂકી શકતાં નહોતાં, એમ મંગુએ આવી ખબર આપ્યા. ડૉકટર રમણીકલાલ સો કામ પડતાં મૂકીને માતાના બિછાના પાસે જઈ પહોંચ્યા. માતાએ આખા જન્મારામાં ડૉકટરની દવા મોઢામાં મૂકી નહોતી. એ આખર અવસ્થામાં પોતાને અભડાવે એવું બને તેમ નહોતું. ડૉકટર માતાના બિછાના પાસે પાડોશમાંથી ખુરશી મંગાવી બેઠા. માતાના રોગગ્રસ્ત, મરણોન્મુખ મોઢા તરફ જોઈને ડૉકટર ગળગળા થઈ ગયા. એમના માનસપટ પર પોતાની બાલ્યકાળની સ્મૃતિઓની એક પછી એક તસ્વીરો આવી લાગી. માતા દળણું દળતી હતી, પાસે જ પોતાને રમવા બેસાડયો હતો; ઓચિંતો એક સાપ છોકરાના પગ તરફ આવતો દેખાયો. માતા સ્વભાવે ડરપોક હતી, પરંતુ પોતાની આંખની કીકી સમાન બાળકના ઉપર ભય જોઈને પોતાનો ભય ભૂલી ગઈ. અને

બાજુમાં ધોવાનો ધોકો પડ્યો હતો તે ઉપાડી સાપની સામે થઈ. સાપને ધોકો મારીને એણે બાળકને ઉગાર્યો.

વળી એના માનસપટ પરનું દશ્ય બદલાય છે-એના મગજરૂપી સિનેમામાં બીજી ફિલ્મ આવે છે: પોતાની ચાર વરસની ઉંમર છે. તાવ આવવાથી પોતે ખાટલામાં સૂતો છે. માતા પાસે વૈદ્યને આપવાના પૈસા નથી. આખી રાત જાગી ચાર પાલી દળણું દળી તેમાંથી ત્રણ આના માતા મેળવે છે. એ વૈદ્યને ત્રણ આના આપીને દવા લાવી છોકરાને ખવરાવે છે. ઘરમાં અનાજનો દાણો નથી. માતા નકોડો અપવાસ કરે છે.

વળી તે પછી લાગલી જ બીજી ફિલ્મ મગજસિનેમાના પડદા ઉપર આવે છે. શિયાળાની કડકડતી ટાઢ પડે છે. ઓઢવાનો એક જ ધાબળો મા-દિકરો ઓઢી સૂતાં છે, રાત્રે છોકરો થરથરે છે, માતા ધાબળાને ચોવડો કરીને છોકરાને ઓઢાડે છે, પોતે માત્ર એક સાલ્લો ઓઢી રાત્રિ પસાર કરે છે.

વળી પાછું એક નવું દશ્ય દેખા દે છે: પોતાને ઉનાળામાં માતા નીકળ્યાં છે. શીતળાના દાણા ભરાઈને મોટા થયા છે. છોકરો ગરમીની પીડાથી બેચેન બની અકળાય છે. માતા આખી રાત એના બિછાના પાસે હાથમાં વીંજણો લઈને પવન નાખે છે. ત્રણ રાત્રિ સુધી માતા આંખ બંધ કરતી નથી. કામને વેગળું મૂકીને એ રાતદિવસ બાળકની સેવા કરે છે. ઠાકોરજી પાસે ઊંચે સ્વરે પોતાનો જીવ લઈ બાળકને બચાવવા એ માગણી કરે છે.

ડૉકટર આ બધાં ભૂતકાળનાં દશ્યો જોઈ શક્યા નહિ. તેઓ માતાના પગ પાસે માથું મૂકી રડી પડ્યા: "મા! મને માફ કર. એક વખત મારી સાથે બોલ; મારી સો ભૂલો થઈ છે. મારી મા; મને માફ કર. તારા રમુડાને માફ કર."

માતા અર્ધજાગ્રત અવસ્થામાં પડી હતી. એણે આંખો ખોલીને જોયું તો દિકરાની આંખોમાંથી ચોધાર આંસુ વહ્યાં જતાં હતાં. ડોસીનો રોગી હાથ પોતાની મેળે ઉપડી ધીમે ધીમે ડૉકટરના માથા ઉપર ફરવા લાગ્યો. બધું અભિમાન સ્નેહરૂપી સૂર્ય પાસે બરફની પેઠે પીગળી ગયું. માનામાની આંખોમાંથી આંસુ નીકળીને એના ગાલ પર થઈને વહેવા લાગ્યાં.

"રમુ, દિકરા રમુ! તું રો નહિ. મેં તને માફી આપી છે. મરતાં મરતાં આશીર્વાદ આપું છું કે સો વરસનો થા." ધીમે અવાજે ડોશી બોલ્યાં.

માદિકરાનો મેળાપ અને સમાધાન થઈ ગયું. અર્ધો કલાક આ સુખદ સ્થિતિમાં પસાર થઈ ગયો. ડોસી ધીમેથી બોલ્યાં:

"રમુ, વહુને માણસ મોકલીને બોલાવી લે; છોકરાંઉને પણ તેડાવ. મારે એમને જેશ્રીકૃષ્ણ કરવા છે."

ડૉકટરે બારીમાંથી ડોકિયું કરીને મોટરના શૉફરને આખા કુટુંબને બોલાવી લાવવા વરદી આપી. શ્રીકાન્ત પણ પત્ની સહિત આવ્યો હતો. મોટર બંગલે જઈ સૌને તેડી આવી. ડૉકટર નીચે ઊભા હતા. એમને સૌને લઈ ડૉકટર ઉપર આવ્યા. માનામાના ખાટલા પાસે આખું કુટુંબ ભેગું થયું.

"વહુ, જરા મારી પાસે આવો, હવે મારા તમને છેલ્લા જેશ્રીકૃષ્ણ છે. મારી ભૂલ માફ કરજે, મારી અક્કલ મારી ગઈ હતી." ડોસીના અભિમાનના ચૂરેચુરા થઈ ગયા.

હેમલતા માનામાની નજીક આવીને બેઠી. એણે આર્ય સ્ત્રીને શોભે તેવી રીતે સાસુની ચરણરજ લીધી. સાસુએ પોતાનો નબળો હાથ એના માથે મૂકયો: "વહુ! તારો ચૂડો સલામત રહો." એણે આશીર્વાદ આપ્યા. હેમલતાની આંખમાં પણ આંસુ આવી ગયાં.

ડૉકટર, શ્રીકાન્ત અને તેની પત્નીને ડોસીના પાસે લઈ આવ્યો. એમને અંગ્રેજીમાં માનામાના પગ ઉપર હાથ અડકાડવા અને માથું નમાવવા સૂચના આપી. તેમણે તેમ કરતાં ડોસીએ તેમના મસ્તકે હાથ મૂકી આશીર્વાદ પણ આપ્યા.

કુમુદિની પણ ડોસીને પગે લાગી.

"રમુ! હું બહુ સુખી થઈ છું. દિકરા! મારી વાત માનીશ?"

"જરૂર માનીશ, મા! આજ્ઞા કરો."

"બેટા, મારી પાછળ અગીઆરમું, બારમું કરીને મારૂં શ્રાદ્ધ સરાવજે."

"ડૉકટર ચમકયા. પણ હેમલતાએ તરત જ કહ્યું: "હા, મા! અમે જરૂર કરીશું." ડૉકટરે પણ માના હાથમાં હાથ મૂકયો.

"બ્રહ્મભોજન પણ કરાવજે."

"હા મા, કરાવીશ."

"ગયા જઈ સરાવીશ?"

"હા મા, જરૂર જઈશ."

"મંગુને મારી ઠાકરસેવા સોંપજે."

"હા મા, જરૂર સોંપીશ."

"મંગુ અને ઠાકોરજીના નિભાવ અને નેકભોગ માટે ખર્ચી આપજે."

"જરૂર આપીશ, મા."

ડોસીની આંખમાં સંતોષની રેખા ઝબકી ઊઠી. એના લાંબા જીવનની એ અત્યંત સુખદ ઘડી હતી. ડોસીએ તે જ રાત્રે પ્રાણ છોડયા; ડોસીનું મોત સુધર્યું.

"આપણે માને વચન આપ્યું છે તે પાળવાનું છે." હેમલતાએ કહ્યું.

જ્ઞાતિજનો આવ્યા; ડૉકટરે પણ પોતાનું વચન પાળ્યું. એણે

માતાના શરીરને પોતાને હાથે અગ્નિદાહ દીધો, મૂછો કઢાવી અગીઆરમું, બારમું સરાવ્યું અને પોતાના બ્રાહ્મણ કમ્પાઉન્ડરની મદદથી બ્રાહ્મણોની ચોર્યાશી પણ જમાડી દીધી.

સુધારક જગતમાં મોટો વંટોળીઓ ઊઠ્યો. વર્તમાનપત્રોમાં 'દંભી સુધારક'ના મથાળા નીચે લેખો અને ચર્ચાપત્રોની હારમાળા છૂટી. હેમલતાએ આ આવતા ઝંઝાવાતના પ્રચંડ વંટોળને પારખી લીધો. સર્વે સુધારક સંસ્થાઓના સુકાની તરીકેનું એણે રાજીનામું આપી દીધું. સુધારકજગતમાં એમનું નામ કાળા અક્ષરે લખાયું. જે મહાન સુધારક સંપ્રદાયની એ આચાર્યપદે હતી ત્યાંથી ગબડી પડી ને હેમલતા પડદા પાછળ ધકેલાઈ. પરંતુ મરવા સૂતેલી સાસુની છેલ્લી ઇચ્છા પૂર્ણ કરી આત્મસંતોષના અમૃતઝરણાનું એણે પાન કર્યું. મહાન સુધારક અને બ્રહ્મોસમાજના અધિષ્ઠાતા શ્રી કેશવચંદ્ર સેનના જીવનમાં પણ આવો જ કપરો પ્રસંગ બન્યો હતો. અને એવા પ્રસંગથી જ બ્રાહ્મોસમાજમાં ભાગલા પડ્યા હતા.

હવે તો હેમલતાની પરોપકારવૃત્તિ ઊલટી ખીલી નીકળી. એણે દીનસેવા અને બાળાઓના શિક્ષણનું કામ વિશેષ વેગપૂર્વક ઉપાડ્યું.

વાચકો! આવા કટોકટીના પ્રસંગે તમે શું કરો તે વિચારજો.



# અનસૂયાએ આખા ઘરને કડક ચાહની ટેવ કેમ છોડાવી

**અનસૂયાનાં** બાળકોએ ચાહ પીવી મૂકી દીધી તે આપણે પાછળ જોઈ ગયા. એની પાછળ અનસૂયાએ સારી મહેનત અને અનેક યત્નો કર્યા હતા. શવો મહારાજ એમનો રસોઈઓ હતો. એણે સૌને કડક ચાહ પીવાની ટેવ પાડી હતી. ગરમ પાણી ચૂલે મૂકે, પાણી જ્યારે ખૂબ ઉકળી જાય એટલે અંદર ઊંચી ચાહ મોટા મૂઠા ભરીને નાખે. ચાહને ચૂલા ઉપર દશ પંદર મિનિટ સુધી ઉકળતા પાણીમાં ઉકાળીને આપે, આથી ચાહ ખૂબ રંગ લઈ ટેસ્ટદાર બને. અને ચાહની અંદર રહેલો ટેનીન નામે ઝેરી પદાર્થ ઉકળવાથી બહાર નીકળી ચાહની સાથે મળી જાય. શવો મહારાજ ખસખસના ડોડવા પણ સુગંધ માટે અંદર ઉકાળે, આથી એની ચાહ એક વખત પીએ તે પાછો સ્વાદ ભૂલી જ શકે નહિ. એ ચાહ પીનારને જળોની પેઠે ચોંટી રહે. સમયસર ચાહ ન

મળે તો પીનારને ભારે તલપ થાય–ક્યારે ચાહ મળે એવી ભારે તલપ થયા જ કરે. એ ચાહ પીએ ત્યારે જ એને સ્ફૂર્તિ આવે. આ બંધારણ જેને ચોંટે તે એ ચાહનો ગુલામ થઈ રહે. શવા મહારાજે આ ચાહના જોરે પોતાનું મહારાજ તરીકેનું આસન દૃઢ બનાવ્યું હતું.

અનસૂયાના પતિ રમણલાલ, સાસુ, બાળકો–સર્વે આ કડક ચાહનાં હેવાયાં ભક્ત હતાં. રમણલાલને તો આવી ચાહ પીધા વગર પાયખાનું ઊતરે જ નહિ. ચાહ પીધા વગર ડોસીમા હવેલીએ પહોંચી દર્શન કરવા જેટલી પણ સ્ફૂર્તિ મેળવી શકે નહિ. ચાહ પીધા વગર બાળકો પણ પથારી છોડીને ઊઠવાની વાત કરે નહિ, ઊંઘણસી થઈને પડ્યાં રહે. ચાહ તૈયાર થાય કે દાતણ–પાણી કર્યા વગર માત્ર પાણીના કોગળા કરી ચાહદેવીની ભક્તિ કરે. સમજુ અનસૂયાએ આ ચાહની ગુલામગીરીમાં આખા કુટુંબને ફસાયલું જોયું હતું. એણે કડક ચાહના દુર્ગુણો વિષે ઘણું વાંચ્યું હતું. એના બાપુજીએ પણ એવી કડક ચાહ શરીરના સ્વાસ્થ્યને કેટલું મોટું નુકસાન કરે છે તે વિષે વાતચીત કરી હતી. એણે ચાહનું આધિપત્ય પોતાના કુટુંબમાં જોયું.

પોતાનાં વહાલાંઓ અને પ્રિય પાત્રોને ચાહના ફંદામાં સપડાયેલાં જોઈ અનસૂયાએ એમને એના બંદીપણામાંથી મુક્તિ અપાવવાના પ્રયત્નો કરવાનું માથે લીધું. તે દિવસથી ચાહ પોતે બનાવશે એવી વરધી શવા મહારાજને એણે આપી. નોકર પ્રાઈમસ તો સળગાવી આપતો હતો. પહેલાં અનસૂયાએ હમેશના જેવી કડક ચાહ પોતે બનાવી સૌને પીવરાવી. એ સમજતી હતી કે એકદમ સુધારો કરીને સાદી ચાહ પીવરાવીશ તો સૌના અભ્યાસની જૂની ચાહ વગર કોઈને ચાલશે નહિ. સૌ પ્રથમ તો તેના પતિને જ પ્રથમ પાયખાનું ઊતરશે નહિ, ડોસીમાને હવેલીએ પહોંચવા જેટલી ખોટી સ્ફૂર્તિ સાદી ચાહથી આવશે નહિ, જૂની કુટેવો એક ઘા અને બે ટુકડેથી સુધરે નહિ. એને માટે લાંબા સમયના યત્નો અને ધીરજની જરૂર છે.

શવો મહારાજ ચૂલા ઉપર પંદર મિનિટ સુધી ચાહ ઉકાળતો હતો. બીજે દિવસે અનસૂયાએ ઘડીઆળ પાસે રાખી તેમાં અર્ધી મિનિટ ઘટાડી દીધી. ત્રીજે દિવસે વળી અર્ધી મિનિટ ઓછી કરી. દશ દિવસે દશ મિનિટ સુધી ચાહ ઉકાળવાનું આણી દીધું. ફરી ત્રણ ચાર દિવસો સુધી દશ મિનિટ ઉકાળવાનું ચાલુ રાખ્યું. પોતાના પતિ અને સાસુ પાસે કડક ચાહના અવગુણો એણે વર્ણવવા માંડયા, મહાત્મા ગાંધીજીના ચાહ વિષેના લેખો એમને વાંચી સંભળાવવા માંડયા. આ રીતે માનસિક ભૂમિકા તૈયાર કરી, ચાહ ઉકાળવાના સમયમાં દરરોજ અર્ધી મિનિટનો કાપ મૂકવાનું ફરી ચાલુ કર્યું. છેવટે પાંચ મિનિટ જ ચાહ ઉકાળવા જેટલા સુધારા ઉપર એણે ચાહને પહોંચાડી દીધી. દરમ્યાનમાં કડક ચાહ વિરુદ્ધ એનો યુક્તિપૂર્વકનો પ્રચાર પ્રસંગોપાત ચાલુ હતો.

ધીમે ધીમે એક જ મિનિટ ચાહ ઉકાળવા સુધી એણે સ્થિતિ આણી મૂકી. શરૂઆતમાં સહેજ બડબડાટ થતો, પરંતુ અનસૂયાએ યુક્તિથી કડક ચાહ વિરુદ્ધ એટલો પ્રચાર ચાલુ રાખ્યો હતો કે કોઈ જાતનો બળવો થયો જ નહિ. જાજરમાન ડોસીને ઊલટી અનસૂયાએ પોતાના પક્ષમાં સમજાવીને લઈ લીધી. ચાહ આસામમાં ઉગાડવામાં આપણા હિંદી મજૂરો ઉપર કેવો જુલમ થતો હતો, ગીરમીટીઆ પદ્ધતિથી મજૂરોને લલચાવી પછી તેમની સાથે કેવો સખ્ત વ્યવહાર કરી એમને દુઃખ આપવામાં આવતું હતું તે એણે ડોસીમાને વાંચી સંભળાવ્યું. શ્રી ઠાકુરજી આવી ચાહ આરોગે નહિ એવું એણે ડોસીમાને ખૂબ ખૂબ ઠસાવી દીધું. ડોસીમા એની ચાહ વિરુદ્ધની લડતમાં હવે સહકારી બન્યાં.

એના પતિને ચાહ ખૂબ ચોંટી હતી. કડક ચાહ પીધા વગર એને પાયખાનું ઊતરતું જ નહોતું. ચાહ પીધા વગર એને ભયંકર સુસ્તી લાગતી હતી. દલાલીનું કામ એને સૂઝતું જ નહિ. રમણલાલ

ઘરની ચાહ પીધા પછી ફરી શૅર બજારમાં જતા હતા. ત્યાં પણ શૅર બજારમાં પુટકળ ચાહવાળા પાસેથી દિવસમાં પાંચ દસ કપ પીધા વગર એમની દલાલી કરવાની અને શૅરના બદલા કરવાની બુદ્ધિ તીવ્ર થતી નહિ. રાત્રે જમ્યા પછી એક કલાકે ચાહ પીધા પછી જ એમને નિદ્રા આવતી. ચાહ સાથે આજે એમને વીસ વર્ષો જૂની મૈત્રી અને સોબત હતી. ચાહ એમની માલિક બની બેઠી હતી. એઓ પોતે જ કહેતા કે ચાહની ટેવ તો હવે શ્મશાનમાં લાકડાંમાં બળીશ ત્યારે જ છૂટશે. તેઓ ચાના પાકા બંધાણી હતા. એમના એક ડૉકટર સન્મિત્રે ચાહ છોડી દેવા જણાવ્યું હતું. એમણે ત્રણ ચાર વખત ચાહ છોડવા નિશ્ચય કરી પ્રયત્નો પણ કર્યા હતા, પરંતુ ચાહ વગર પગ ઘસડાવા માંડયા. એથી ફરી એ ચાહ રૂપી ડાકણને સંગ્રહવી પડી હતી.

રમણલાલ પોતાની બીજી પત્ની અનસૂયાને અનુકૂળ રહેતા હતા. એને પ્રસન્ન રાખવાની મનોવૃત્તિ ધરાવતા હતા, છતાં અનસૂયાના ચાહનું બંધન છોડવાના આગ્રહને માન આપી શકવાની સ્થિતિમાં એ નહોતા. અનસૂયાએ આ સ્થિતિમાં પરાજય સ્વીકાર્યો નહિ. તેણે વધારે વ્યવસ્થિત પ્રયત્નો કરવાનું ઉપાડી લીધું. અખંડ ધીરજથી આ કામ એણે ઉપાડયું. ચાહનું બંધન કેમ છૂટે તે માટેના સતત પ્રયત્નો પતિના ઉપર સીધી ફરજ ન નાખતાં કરવાનું એણે સ્વીકાર્યું. અનસૂયાએ ચાહનું બંધન કેમ છૂટે તેનું સાહિત્ય ભેગું કરીને વાંચવા માંડયું. છેવટે એણે વ્યવસ્થિત કાર્યપ્રણાલિ નક્કી કરી લીધી.

રાત્રે સૂતી વખતે એક દિવસે પતિને એણે કાળી દ્રાક્ષનું પલાળેલું પાણી પીવડાવ્યું. ઘરમાં પણ હવે એણે ચૂલા ઉપર ચાહ ઉકાળવાની રોજની ટેવ દોઢેક માસમાં તદ્દન બંધ કરી દીધી હતી. સૌને સાદી અને કડક નહિ એવી ચાહ મળતી હતી. તપેલી નીચે ઉતાર્યા પછી જ એ ગરમ ઉકાળેલા પાણીમાં ચાહ નાખી અનસૂયા પોતાની જાતિ-દેખરેખ નીચે એને ગળણીમાં ગળાવી પીવડાવતી હતી. રમણલાલને

કડક ચાહનો અભ્યાસ હતો. થોડા દિવસ એણે ચાહ ટેસ્ટદાર નથી થતી એવી ફરિયાદ કરી, પરંતુ ધીમે ધીમે એને સાદી ચાહની ટેવ પડવા લાગી.

"આજે તમને ચાહ પીવા નહિ મળે; એમ જ પાયખાને જઈ આવો." અનસૂયાએ ધડાકો કર્યો.

"એમ કેમ બને? મને દસ્ત સાફ નહિ ઊતરે, મારો આખો દિવસ બગડશે; કાંઈ કામ થઈ શકશે નહિ." અનસૂયાના કથન સામે રમણલાલે ફરિયાદ કરી.

"તમે આજે ચાહ પીધા વગર જ જાઓ; મેં જાદુ કર્યું છે. તમને દસ્ત બરાબ સાફ આવી જશે." અનસૂયાએ જાદુનો કોયડો રજૂ કર્યો.

શ્રદ્ધા વગર રમણલાલ સંડાસે ગયા. કાળી દ્રાક્ષના પલાળેલા પાણીના પ્રભાવથી એમને સાફ પાયખાનું આવી ગયું. એમણે હરખાતાં હરખાતાં બહાર આવી વધાઈ આપી.

અનસૂયાએ ધીમે ધીમે કાળી દ્રાક્ષનું પાણી દિનપ્રતિદિન ઓછું કરી છેવટે બિલકુલ બંધ કરી દીધું. પરિણામે રમણલાલને તેની હવે જરૂર પડતી નહિ. અને સવારે ચાહ પીવાની ટેવ છૂટી ગઈ. અને તેના બદલામાં દૂધ પીવા લાગ્યા.

"તમે બજારમાં કેટલી વખત ચાહના કપ પીઓ છો? અનસૂયાએ એક દિવસ પૂછ્યું.

"એનું કંઈ ઠેકાણું નહિ. દલાલો અને વેપારીઓ આવે એટલે ચાહના કપ તો મંગાવવા જ પડે. પાંચ છ વખત પીવાતી હશે." રમણલાલે કહ્યું.

"મારી એક વિનંતિ માન્ય કરશો? ચાહ સ્વાસ્થ્યને માટે સારી નથી, એ આપ જાણો છો. મારી ખાતર: ત્રણ વખતથી વધારે

ચાહના કપ કોઈ પણ સંયોગમાં બજારમાં ન પીવાનું વચન ન આપો ! મારી આ એક જ માગણી નહિ સ્વીકારો ?" અનસૂયાએ વિનંતિ કરી.

રમણુલાલ લહેરમાં હતા, એમણે એ સ્વીકારી લીધી. પત્નીનો એક નાનો બોલ પણ પાછો ન પડે તે માટે સંભાળપૂર્વક એઓ આ ઠરાવને વળગી રહ્યા. એક વખત મજબૂત મન કર્યું એટલે વ્યસનને પલાયન થવા સિવાય છૂટકો જ નહિ.

ધીમે ધીમે ૭ માસના અંતરમાં રમણુલાલને પત્નીના દબાણથી ચાહનું બંધન છોડી દેવું પડયું. એમની જિંદગી બેઠાડુ નહોતી, આખો દિવસ દોડધામ કરવી પડતી હતી. આથી એમને બંધકોષ લાગુ પડચો નહિ. કોઈ કોઈ વાર માથું ખૂબ દુઃખતું તે ચાહનું બંધન છૂટચાથી દુઃખતું બંધ થઈ ગયું.

આખા ઘરમાં હવે દૂધનો જ ઉપયોગ થતો; કોઈ ચાહની નજીક જતું નહિ. અનસૂયાએ મોટા મનથી આનો સઘળો યશ સાસુજીને આપ્યો.



## ૩૦

# અંબામાનો કુટુંબવિસ્તાર

માણેકલાલ શેઠના પાંચ માળના માળાનો સૌથી છેલ્લો માળ મનસુખરામ નામે વેપારીએ આખો ભાડે લીધો હતો. ત્રણે દિવાનખાનાં અને સાત ઓરડીઓ એમનું મોટું કુટુંબ વાપરતું હતું. એ કુટુંબનાં અંબામા સાક્ષાત્ જગદંબાના અવતાર સમાં હતાં. એમનું મંગલમય ઔદાર્ય, એમની શ્રદ્ધા, એમની દીનસેવામાં કાર્ય-દક્ષતા, એમની સાવધાનતા અને હૃદયમાધુર્ય અનુપમ હતું. વૃદ્ધાના કરચલીવાળા મુખ પરની સૌમ્ય શાંત અને સમભાવી સૌંદર્યની રેખાઓ એમની જરાવસ્થાને તદ્દન દૂર કરી શકી નહોતી. એમની નિત્ય આનંદિત મુખમુદ્રા સર્વે પ્રાણીઓ ઉપર સમભાવથી કલ્યાણદૃષ્ટિથી જોઈ રહી હતી. અંબામાને હાથે કદી પણ કોઈનું બૂરૂં થયું નહોતું. એમનો કલ્યાણવાંચ્છુ આત્મા ખરાબ કરનારનું પણ સારૂં ઈચ્છી રહ્યો હતો. એના પ્રાણ જગતને આશિષ આપતા સૌ પ્રાણીઓ પ્રત્યે મમતા ધરાવી રહ્યા હતા. એઓ આધ્યાત્મિક જીવન જીવતાં હતાં.

અંબામાની સદા પ્રસન્ન મનોહર અને મંગળમય મૂર્તિ અત્યંત શ્રદ્ધાળુ હતી. બ્રાહ્મણ, સાધુ, અતિથિ અને દીન દુઃખીને કાંઇને કાંઈ સત્કાર આ વૃદ્ધા નારી તરફથી મળતો હતો. જૂના જમાનાની શ્રેષ્ઠ નારીત્વનું એ પ્રતીક હતાં. એમના પુત્ર મનસુખરામ માતાને અત્યંત પૂજ્યભાવે સન્માનતા હતા. દર માસે માતાને ૨૦૦ રૂપિયા એના આતિથ્ય અને દાનવૃત્તિને સંતોષવા આપતા હતા. અંબામા દર માસે ૧૫ મણ અનાજ ગરીબ અનાથ વિધવાઓને, સાધુસંતોને, દીનદુઃખીઓને પહોંચાડતાં હતાં. એમના અનાજના દુકાનદારને દર મહિને ૭૫ ચિઠ્ઠીઓ અંબામાની સહીની મળતી; તે મુજબ સૌને અનાજ પહોંચતું કરવામાં આવતું. ડોશીમા દર વર્ષે કાપડના એકસો તાકા મંગાવી એનાં પહેરણ, પંચીઆં અને છાયલો તૈયાર કરાવી રખાવતાં. લાંબા અનુભવથી એઓ ગરીબોનાં કુટુંબોને પિછાનતાં થયાં હતાં. આ કુટુંબોની સધવાઓ, વિધવાઓ, બાળકો અને વૃદ્ધોને આ વસ્રો નાતજાતના ભેદ વગર પહોંચતાં હતાં.

અંબામા છત્રીઓ, ટોપીઓ, માટીનાં વાસણો, સગડીઓ, સોય, દોરા અને પગમાં પહેરવાનાં પગરખાં સુદ્ધાં પોતાને ત્યાં સંગ્રહી રાખતાં હતાં. એમને ત્યાં શિયાળામાં ઓઢવાની ધાબળીઓ પણ રાખવામાં આવતી. અંબામા સવારે વહેલાં નાહીધોઈને બહાર નીકળી પડતાં હતાં. એઓ પાંચછ માઈલના મોટા વિસ્તારમાં પગે ચાલીને ફરતાં હતાં. એમની સાથે એમનો વિશ્વાસુ ઘાટી સખારામ બન્ડલ લઈ ચાલતો હતો. શિયાળામાં ટાઢથી થરથરતાં માણસોને એ ધાબળીઓ આપતાં હતાં, ચોમાસામાં છત્રીઓ આપતાં, કપડા વગરનાને કપડાં આપતાં હતાં. સૌ દીન દુઃખીઓને જે જે વસ્તુઓની ત્રુટિ જોતાં તે તે પૂરી પાડતાં હતાં. સાધુસંતો, દીનદરિદ્રો, અનાથ વિધવાઓ અને અપંગોને એમના દાનપ્રવાહનો લાભ મળતો હતો. એનો દયાનો ઝરો સમભાવે વહેતો હતો. ડોસીમાના હૃદયની એકેએક ઊર્મિ

પરોપકાર માટે તલસતી હતી, એમને એ જ વિચારો આવતા હતા. અગીઆર વાગ્યા પહેલાં એ ભાગ્યેજ ઘેર પાછાં ફરતાં.

દરરોજ ઘેર એક બે અતિથિઓ તો જમવાના હોયજ. એમને જમાડયા પછીજ ડોસીમા મુખમાં અનાજનો દાણો મૂકતાં હતાં. ડોસીમા બપોરના એક વખત ભોજન લેતાં. તે સિવાય મોઢામાં ચાહ કે દૂધ પણ લેતાં નહિ. અંબામાની તબિયત સવારસાંજ ખુલ્લી હવામાં ફરીને યોગ્ય શ્રમ કરવાથી, થોડું સાદું ખાવાથી અને આનંદ-મય વિચારોથી ખૂબ સરસ રહેતી હતી; આંખ કે માથું પણ દુઃખતું નહિ. સાંજના પાંચ વાગ્યા પછી પણ અંબામા પોતાનાં દીન–દરિદ્રોની સેવા માટે નીકળી પડતાં હતાં. એમનો જૂનો ઘાટી સખારામ નાની પેટી લઈ એમની સાથે ફરતો હતો. આ પેટીમાં થોડાક મલમો, પાટાની પિંડીઓ અને આયુર્વેદની સાદી દવાદારૂ રહેતાં. દુઃખી રોગીઓ ને પીડિતોને માટે એઓ આલડા સુલડા અને દવા દારૂ કરતાં હતાં. ગરીબોના જખમો ઉપર મલમપટ્ટી સખારામ બાંધી આપતો. ગડગુંમડ તેમજ ખરજ ઉપર ગંધકની દવા ચોપડી આપતો, ઉદર અને પેટના દુખાવા માટે ચૂર્ણો આપતો, તાવ માટે કિવનાઈનની ટીકડીઓ કે સુદર્શન ચૂર્ણ દેતો, ઝાડા વગેરે જાતજાતના રોગો માટે ગરીબોમાં અંબામા મફત દવા વહેંચતાં હતાં. રામલાલ નામે પંજાબી વૈદ્ય એમને આ કામમાં સહકાર આપી પડતર કિંમતે દવાઓ પૂરી પાડતો. ઠેઠ રાત્રે આઠ વાગ્યા સુધી અંબામા આ કામને માટે ફરતાં હતાં.

અંબામાએ ઘર તો વહુઓને સોંપી દીધું હતું. ઘરના રસોડા, ભંડાર અને વસ્તુઓ તરફ એમની નજર પણ નહોતી. પોતે એક વખત જમતાં એટલો જ ઘર સાથે એમનો સંબંધ હતો. ઘર આગળ ગમે તેવા વિવાહ કે શ્રીમંત જેવા પ્રસંગ આવે, બાળકનો જન્મ થાય, એમને જનોઈ અપાય, પણ અંબામા તેમાં સક્રિય ભાગ લે નહિ. એમને તો બપોરના પણ શ્રીમદ્ભગવદ્ગીતાનું વાચન અને મનન ચાલતાં

હતાં. દર રવિવારે બપોર પછી ત્રણથી ચાર વાગ્યા સુધી શાસ્ત્રી બાવા અંબામાને ભગવદ્‌ગીતા શીખવાડતા હતા. શ્રીમદ્‌ભાગવતનો એકાદશ સ્કંધ તેમ જ અધ્યાત્મરામાયણ પણ અંબામા શાસ્ત્રીજી પાસે શીખ્યાં હતાં. સંસારમાં અંબામા નિર્લેપની માફક રહેતાં હતાં. પોતાના બહોળા કુટુંબની જંજાળ અને વ્યવસ્થામાં એઓ રસ લેતાં નહિ, કોઈને કદી ઠપકો આપતાં નહિ; દસ વાગે એમનો મોટો પુત્ર મનસુખ આવીને અંબામાની પગચંપી પોતાને હાથે કરતો હતો. એ વખતે કુટુંબના સુખદુ:ખની વાતો પુત્રના મોંએ માતા સાંભળતી.

બાર બાર વર્ષે કુંભમેળો આવતો હતો. અંબામા આ કુંભમેળામાં જરૂર જતાં. એમના હાથમાં મનસુખલાલ એક હજાર રૂપિયા અગાઉથી મૂકતા. કુંભમેળામાં અંબામા જઈને દીનદુ:ખી અપંગની સેવા કરતાં હતાં. તેઓ મેળાના દિવસો અગાઉ બધી જોઈતી ચીજો ખરીદ કરીને ત્યાં મોકલાવી દેતાં હતાં, પછી જાતે જઈ બે ત્રણ નોકરોની મદદથી ભોજનસેવા, વસ્ત્રસેવા, ઔષધસેવા અને સાધનના અભાવોની સેવા કરતાં હતાં. કોઈને ટિકિટ અપાવવા જેવું હોય તેમને ટિકિટ અપાવતાં હતાં. એઓનો એક પાકો સિધ્ધાન્ત હતો કે કોઈને રોકડા પૈસા હાથમાં આપવા જ નહિ આ સિવાય મહંતો, ધર્મગુરૂઓ, ધર્માચાર્યો અને મોટા રસાલાવાળા ધર્મધ્વજોથી એઓ દૂર રહેતાં હતાં. એમને કીર્તિલોભ નહોતો.

અંબામાને દંભ, પાખંડ, વહેમ અને ધતીંગોથી ભરેલા ધર્મ ઉપર શ્રદ્ધા નહોતી. એઓ સાત ગળણે પાણી ગાળીને પીતાં હતાં. દરેક વાત બુદ્ધિની કસોટી ઉપર કસી જોતાં. એમનો ઘણાં વર્ષોનો અનુભવ એમના દાનધર્મને દંભ, દર્પ કે અભિમાનને માર્ગે પ્રવર્તવા દેતો નહોતો. તેઓ શ્રદ્ધાળુ હતાં, પણ અંધશ્રદ્ધાળુ નહોતાં. હિંદુ ધર્મનાં ઉપાસક અને અનુયાયી છતાં ધર્મને નામે ધતીંગ તરફ એમને અણગમો હતો. એમનામાં પરોપકાર હતો, છતાં જે સદા સન્માર્ગ

તરફ વહેતો હતો. સંસારમાં મોટા કુટુંબનાં અધિષ્ઠાતા હતાં, છતાં કુટુંબના સુખદુઃખમાં લુબ્ધ થતાં નહિ. ભગવત્પરાયણ છતાં આત્માના કલ્યાણનો માર્ગ અને ભક્તિનો વિકાસ માત્ર દીનસેવામાં જ એમણે સ્વીકાર્યો હતો. વૃદ્ધ છતાં કાર્યમાં યુવાન હતાં. વૃદ્ધાવસ્થા એમના શરીરમાં આળસ, આરામ કે સુસ્તી લાવી શકી નહોતી. એમના મનમાં વિચારવમળો આવતાં, પણ દીનસેવા અને ભક્તિમાં અંબામાને મંદિરો કે મૂર્તિપૂજા તરફ અભાવ નહોતો, છતાં ત્યાં જવલ્લે જ દર્શને જતાં.

હિંદના કોઈ પણ ભાગમાં પાણીની રેલ, દુકાળ, ધરતીકંપ કે અછત આવતી તો અંબામા ત્યાં મોકલવાનાં સાધનો ખરીદવા પુત્ર પાસેથી પૈસા લઈ કાપડ, અનાજ વગેરે મોકલતાં હતાં. એઓ કેટલીક સારી સમિતિઓ, રામકૃષ્ણ સેવાશ્રમના સાધુઓના મંડળ, મારવાડી રિલીફ સોસાયટી તેમ જ આર્ય સમાજની સેવા સમિતિઓ, કોંગ્રેસની સમિતિઓ ઉપર વિશ્વાસ ધરાવતાં હતાં. આથી એમની મારફતે દુઃખમાં સપડાયલાઓને એઓ મદદ મોકલતાં હતાં. જેઓ મંદિરોમાં પૈસા આપે, બ્રાહ્મણોની ચોર્યાશીઓ કરે, ધર્મશાળાઓ બંધાવે, સદાવ્રતો સ્થાપે, ભાગવત વંચાવે કે યજ્ઞો કરે તેમના તરફ અંબામા જરા પણ દ્વેષ બતાવતાં નહોતાં. એમને માટે પણ એમને સંતોષ હતો; પરંતુ એમણે પોતે તો ઉપલો જ માર્ગ પસંદ કર્યો હતો. પોતે જાતે વ્રત, ઉપવાસ, માળા, જપ, ધ્યાન કરતાં નહોતાં; તેમજ જ્યોતિષ, મુહૂર્ત, દોરાધાગા, બાધાઆખડી, મંત્રજંત્ર, ક્રિયાકાંડ તરફ પણ એમનું ચિત્ત નહોતું. તીર્થયાત્રા કરવા માટે પણ એમને જરાય ઉત્સાહ નહોતો. બીજાઓ એ માર્ગે જાય તો એમને આનંદ આવતો; પરંતુ પોતે પોતાના સિદ્ધાન્તોને અનુરૂપ સેવાજીવન ગાળતાં.

અંબામાનો મોટો દીકરો મનસુખલાલ હૃદયના ઉચ્ચ ગુણોથી વિભૂષિત હતો; પરંતુ એ બહુ જ ઉશ્કેરાઈ જાય એવા સ્વભાવનો

હતો. પંદર વરસની નાની ઉંમરે પોતાના અત્યંત ઉગ્ર સ્વભાવના પિતા સાથે કચ્છ માંડવીમાં એ લડી પડયો હતો. વકીલ મારફત નોટિસ આપી બાપે દિકરાને સંયુક્ત કુટુંબની હૂંફમાંથી દૂર કર્યો હતો. મનસુખની માતાની નમ્રતા, સમજાવટ, વિનંતિઓ અને પ્રાર્થનાઓની બંને રુદ્રસ્વભાવીઓએ જરા પણ દરકાર કરી નહોતી. ગુજરાતી પાંચ ચોપડી ભણેલો મનસુખ પેટવડીઓ થઈને એક ભાટિયા સદ્ગૃહસ્થના વહાણમાં મસ્કત (અરબસ્તાન) તરફ ચાલ્યો ગયો હતો. ત્યાં એક વરસ સુધી કાંઈ પણ પગાર વગર પીરસવાની નોકરી કરી બીજે વર્ષે બિમાર થયેલા રસોઈયાના મદદનીશ તરીકે માસિક ત્રણ રૂપિયાના પગારે પસાર કર્યું. તેમાંથી શેઠની ઉઘરાણી કરવાનું કામ શીખ્યો, એમ કરતાં એને આરબી ભાષા બોલતાં આવડી ગઈ, એટલે પંદર રૂપિયાના માસિક પગારે ઉઘરાણી કરનાર થયો. વીસ વરસની ઉંમરે ત્રીસ રિઆળ (૪૫ રૂપિયા)ના પગારે કેશીઅર થયો. એમ કરતાં એની પાસે પાંચસો રૂપિયા જમા થયા હતા.

માતાએ એની ગેરહાજરીમાં એનું સગપણ કર્યું. ૭ વરસ મસ્કતમાં રહીને માંડવી આવી ૧૨ વરસની ગંગાને પરણ્યો. બાપ એવો ઉગ્ર-મૂર્તિ હતો કે ૭ વરસ પછી આવેલા પુત્રને એણે બોલાવ્યો પણ નહિ. બંને વચ્ચે માતાના પ્રેમરૂપી સાંકળે મનામણાં કર્યાં. પરંતુ વકીલોની નોટિસો પાછી ખેંચાઈ નહિ. બંને અટંક અડગ સ્વભાવના હતા. પાંચસો રૂપિયા વિવાહમાં વપરાઈ ગયા એટલે ફરી મસ્કતનાં ઝાડો જોવાં પડયાં. ગંગાને અંબામાને સોંપી પુત્ર માંડવીથી રવાના થતાં શેઠના વહાણમાં મસ્કત ખાતે ચડી ગયો.

એના શેઠનો મસ્કતમાં મોટો વેપાર હતો. સુલતાન સૈયદ તુર્કીના જકાતનો ઈજારો ભાટિયા શેઠ પાસે હતો. સુલતાનનો ખજાનચી પણ એ જ ભાટિયા શેઠ હતા. એમનો મસ્કતમાં ભારે વગવસીલો અને લાગવગ હતાં. શેઠની પોતાની તબિયત બગડી જતાં એઓ દેશ તરફ

ઉપડી ગયા. મનસુખલાલે એમનો બધો બોજો ઉપાડી લીધો. એ ચાલાક, ચતુર અને કાર્યદક્ષ હતો. એણે કામમાં પૂરી વાકેફગીરી મેળવી હતી. શેઠે પોતાનું આ મહત્ત્વનું કાર્ય મનસુખલાલને સોંપ્યું. મનસુખલાલે સૈયદ સુલતાન અને શેઠના સંતોષ વચ્ચે આ કામ સારી રીતે દીપાવ્યું. વાર્ષિક ૬૦૦ રિઆલના નજીવા પગારે એણે શેઠને લાખોનો ફાયદો કરી આપ્યો. શેઠે તે તરફના રિવાજ મુજબ સારું કામ કરનાર મુનીમને પોતાનો વેપાર કરવાની છૂટ આપી. વેપાર ખૂબ કસવાળો હતો. પાંચ વરસમાં મનસુખલાલ લક્ષાધિપતિ થયો. ગંગાને બોલાવી એ હવે મસ્કતમાં રહેવા લાગ્યો.

દસ વરસમાં શેઠ અને સુલતાન બંને બદલાઈ ગયા. એમને ઠેકાણે નવા યુવાનો યૌવન, વગરવિચાર્યું સાહસ અને હુંપણું લઈને આવ્યા. ડાહ્યો મુનીમ ધનવાન થયો હતો. એને પોતાની પાઘડીની બીક લાગી. યુવાનોની ઈર્ષા અવિચારથી કયારેક થપ્પડ મારી પાઘડી ઉરાડી દેશે, એવી વાજબી બીક એણે સૂંઘી કાઢી. એ પ્રસંગ આવે તે પહેલાં જ એ રાજીનામું આપી રાજીખુશીથી ખસી ગયો. દેશમાં આવીને એ રહ્યો; પરંતુ કામકાજ વગર એને કચ્છમાં ગમ્યું નહિ. એ મુંબઈ આવ્યો. મુંબઈમાં એણે આડતની પેઢી ખોલી. એની પાસે પૈસો, આબરૂ, પ્રૌઢ ઉંમર અને અનુભવ હતાં. એણે પોતાનો વેપાર જમાવ્યો, મુંબઈમાં માળા લીધા.

પિતાજી તો શ્રીમહાદેવની સાથે ક્રોધમાં હરિફાઈ કરવા કૈલાસ પધારી ગયા હતા. પોતે કુટુંબથી જુદો હતો તો પણ મનસુખલાલ માતાનો આજ્ઞાપાલક ભક્ત હતો. ત્રણ ભાઈ અને બે બહેનોના કુટુંબને લઈ માતાને મસ્તકસ્થાને બેસાડી એણે મુંબઈમાં વસવાટ કર્યો. આ માળામાં એમને પાંચમે દાદરે ગોઠી ગયું. પોતાના ઘરના માળા માત્ર ભાડું ખાવાના ઉપયોગમાં લીધા. માણેકચંદ અને બીજા પાડોશીઓની સાથે એને કુટુંબવત્ સ્નેહ બંધાયો; એટલે આ માળામાં જ એમનો

નિવાસ ચાલુ રહ્યો. પોતાની પેદાશ સારા પ્રમાણમાં હતી. માસિક ૧૨૦૦ રૂપિયાનું તો માત્ર ભાડું આવતું હતું. કુટુંબથી વિભક્ત હતો; છતાં અનેક વર્ષોથી કુટુંબપરાયણ મનસુખલાલ આખા કુટુંબનો બધો ખર્ચો પોતાના પદરથી આપતો હતો. એણે ત્રણે ભાઈઓને પરણાવ્યા. બે બહેનો માટે સુખી સાસરાં શોધ્યાં; આ બધો ખર્ચો એણે ખૂબ હોંશથી પોતાના પદરમાંથી કર્યો. અંબામા હવે દુનિયાદારીનાં કામકાજ, રીતરિવાજો અને સાંસારિક સવાલોમાં વિશેષ રસ લેતાં નહોતાં. આ સઘળો ભાર મનસુખલાલે આદર સહિત ઉપાડી લીધો. અંબામાને કોઈ કાંઈ પૂછતું તો 'ભાઈને પૂછો' એવો ઉત્તર મળતો. અંબામાને માટે પૂજ્યબુદ્ધિ, સન્માન અને સેવા અર્પતો મનસુખ ખરેખર કુટુંબનો અધિષ્ઠાતા હતો. આખા કુટુંબનું લગ્નાદિ શુભ પ્રસંગોનું ખર્ચ પણ મનસુખલાલ આપી આનંદિત થતો હતો.

એના નાના ભાઈ હરજીવનને મોટા ભાઈએ દશહજાર રૂપિયા ધીર્યા હતા. એણે નાગપુરમાં કાપડની દુકાન માંડી હતી. મહિને સો બસો રૂપિયા એ કૂટી કાઢતો હતો. એનામાં સ્વાર્થબુદ્ધિ અને કરકસર બંને હતાં. એની સ્ત્રી દેવકી પણ એના પિયેરથી પૈસો સાચવવાની વિદ્યા શીખી આવી હતી. એટલે એમણે દશેક વર્ષોમાં આઠ દશ હજાર રૂપિયા ભેગા કર્યા હતા. પરંતુ એ રૂપિયામાંથી એક ચોખ્ખો પણ કરી નહોતી. ઊલટું એના છોકરા કનક અને છોકરી લતા માટે કપડાં લેવા એકસો રૂપિયાની ચલણી નોટોનું રજીસ્ટર કારતક સુદ ૨ ને દિવસે નિયમિત હરજીવનને પોસ્ટમેન આપી જતો હતો. નાગપુરમાં આગ લાગવાથી એમની દુકાન માલ સાથે બળી ગઈ હતી. એના વિમાવાળા પાસેથી બે હજાર રૂપિયા અસલ કિંમત કરતાં વધારે મળ્યા હતા. હરજીવને નાગપુર કરતાં મુંબઈમાં કમાણીનું મોટું ક્ષેત્ર જોયું. એણે મારકીટમાં મોટા ભાઈની લાગવગથી એક દુકાન મેળવી પોતાનું થાણું જમાવ્યું. અલબત, મોટા ભાઈને અપમાન લગાડી જુદું રહેવાનું

કેમ બને ? મોટા ભાઈના સાગર જેવા ઉદાર મન અને એના માળાના છાપરા નીચે હરજીવન આનંદથી દિવસો પસાર કરતા હતા.

ત્રીજો લાલભાઈ અંગ્રેજી સાત ચોપડી ભણી મેટ્રીકમાં નાપાસ થયો હતો. ચાર ચાર વાર યુનિવર્સિટીનાં પગથીઆં ઘસ્યા છતાં મેટ્રીકની પરીક્ષામાં નિર્દય કહેવાતા પ્રોફેસરોએ એને સફળ થવા દીધો જ નહિ. નાનપણમાં કચ્છ માંડવીમાં બાવા સાધુઓની ચલમોની એણે ખૂબ સેવા કરી હતી. ભીમ જેવા એના ઉદરમાં એક શેર ભાંગનું પ્રવાહી સમાઈ જતું. એ પ્રવાહી વગર જગતના આનંદનો ઉપભોગ એ કરી શકતો નહિ. કયારેક ચલમમાં ગાંજા માટે તો સંસારના આનંદની માત્રા આઠગણી વધી જતી. ગંજીફાના વેપારમાં એ આઠ કલાક એકચિત્તે ચિત્તની ચંચળતા દૂર કરી શકતો હતો. અને ભાંગ પીધા પછી કોડીઓની ચોપટની રમત વગર એ ભાંગનો આનંદ અધુરો ગણતો હતો. એને વેપાર કે બીજી પ્રવૃત્તિમાં કામે લગાડવાના મોટાભાઈના પ્રયત્નો એનાં ઉપલાં ભવ્ય કામોને લીધે પલ્લવિત થતાં જ નહોતાં. એના શરીરમાં આળસ કે સુસ્તીનું તો નામ જ નહોતું. ચોપટ, ગંજીફા, પાનની પટ્ટી, ભાંગ અને કયારેક ગાંજો એના દિવસને સાર્થક કરતાં હતાં. ચિંતા કરનાર મોટાભાઈ હોય એટલે પછી લાલભાઈને ચિંતા શા માટે કરવી પડે ? ઘણું જીવો ભાંગદેવી ! એને જયંત નામે ત્રણ વરસનો પુત્ર હતો. પુત્ર અને સ્ત્રી કરતાં એ બંગભંગના લોટાને વધારે પ્રિય હતો.

ચોથો પુત્ર હિરાલાલ ઓગણીસ વરસનો હતો. મોટા ભાઈએ એને પણ ગલેરી લીધો હતો. એ ઈન્ટર કલાસમાં હતો. બાર વરસનો હતો ત્યારથી જ એ ગાંધીપંથી થયો હતો. ખાદીદેવીનો એ પરમ ઉપાસક મિલનાં કે વિલાયતી વસ્ત્રોને પોતાની નજીક આવવા જ દેતો નહિ. ચહાદેવીને એના ઉદરમંદિરમાં પ્રવેશવાની એણે સખ્ત મનાઈ કરી હતી. મોજશોખ, ભપકો, મોંઘું જીવન અને ઉચ્ચ રહેણી કરણી

એને સ્પર્શ કરી શકતાં નહિ. તે દરરોજ ચાર કલાક ચરખારૂપી સુદર્શન ચક્રને ફેરવી સૂત્રયજ્ઞ કરતો હતો. સાદાઈ, સરળતા અને અસહકારી તંત્રનો એ સભ્ય હતો. ગાંધી સાહિત્યનો એ મોટો વાચક હતો, હરિજનોને સ્પર્શ કરી જમવાનો એનો નિયમ હતો. મુસ્લીમો કે ખ્રિસ્તીઓ સાથે એક ટેબલ ઉપર બેસીને ખાવાની વાત તે અતિ ઉત્સાહથી કરતો. એની પત્ની આનંદી તેર વરસની હતી, તે પિયર આણું વારવા ગઈ હતી.



## ૩૧

# મોટાભાઈ

મોટા ભાઈ આખા કુટુંબના મોટાભાઈ હતા. એમને ત્રણ પુત્રો હતાઃ રામ, ભરત અને લક્ષ્મણ અનુક્રમે તેર, આઠ અને પાંચ વરસના હતા. સૌ બાળકોમાં રામ વય અને શક્તિ તેમ જ રોફ મારવામાં અગ્રસ્થાને રહેતો. સૌ બાળકોની સેના ઉપર એનો અધિકાર અને દોર હતો. એ અંગ્રેજી પોશાક પહેરી ચોથા અંગ્રેજી ધોરણમાં સેન્ટ ઝેવીઅર સ્કૂલમાં ભણવા જતો. એ અંગ્રેજી પહેલી ચોપડીમાં તરફડીઆં મારતો હતો. મોટાભાઈએ એક ગૃહશિક્ષકને આખા વખત માટે પૂરા પગારથી રોકી લીધો હતો. સૌ છોકરાઓ આગળ પાછળ એની પાસે ભણતા હતા. મોટા ભાઈ રુદ્ર સ્વભાવના છતાં છોકરાંઓનાં તોફાન બાબત શાંતિ જાળવવાની એમણે ટેવ રાખી હતી. પરંતુ લાલભાઈની વહુ ભાનુના તેજ આગળ સૌ છોકરા થરથરતા હતા. ભાનુમતીની

આંખ લાલ થતાં જ એ છોકરાંઓના મોતીઆ મરી જતા. છોકરાંઓને એ કદી મારતી નહિ, પણ એના રોફમાં કુદરતી કળા હતી. કયે સમયે રોફ કરવો તે એ સારી રીતે જાણતી હતી. આથી નાનાંમોટાં સૌ છોકરાંઓ પર એનો રોફ જામી ગયો હતો.

ભાનુમતીના હાથમાં ઘરનો સઘળો કારભાર હતો. રસોઈ કરવી, સર્વેને જમાડવાં, સઘળાં માટે રસોઈ કરવી, બધાં બાળકોનાં કપડાંની સંભાળ રાખવી, સૌ બાળકોને તેમની નિશાળની ફી આપવી, નોકરનો પગાર ચૂકવવો, એની પાસેથી કામ લેવું, ભંડાર સંભાળવો, ઘરની સાફસૂફી ઉપર નજર રાખવી, બજારમાંથી ચીજો મંગાવવી; કાપડીઆ, કણીઆને વરદીઓ મોકલવી, માંદાંઓની માવજત કરવી, સૌના સોનારૂપાના દાગીના સંભાળવા—એ સઘળાં કામ ભાભી (ભાનુમતિ) કરતી હતી. એને ચોકસાઈથી કામ કરતાં આવડતું હતું. આખા કુટુંબના યોગક્ષેમનો ભાર એના ઉપર હતો. મોટા ભાઈ દર માસે ખર્ચ માટે બા (ગંગા)ના હાથમાં બસો રૂપિયા મૂકતા; પરંતુ ઘરના પ્રધાનની પદવી તો ભાભીની જ હતી. ભાભી ઘરરખ્ખુ, પ્રમાણિક, કુટુંબભાવનાવાળી આર્ય સ્ત્રી હતી. એનામાં હિસાબીપણું પણ હતું. પતિના મોજીલા જીવન ઉપર એને બહુ તિરસ્કાર આવતો. એ એને ખૂબ ઠપકો પણ આપતી; પરંતુ એ બધું પથ્થર ઉપર પાણીની પેઠે હવે તેણે વાણીનો વ્યર્થ પ્રયોગ છોડી દીધો હતો.

ગંગાને સૌ બા કહેતાં. 'બા' એકદમ ભોળી અને ભદ્ર સ્ત્રી હતી. એની બુદ્ધિ જરાક જાડી હતી. એને પ્રધાન વગર ચાલતું નહિ. જે કાન ભંભેરે તેની તરફનાં ઢોલ વગાડે, બીજો ચાવી ફેરવે તો તેનાં ગીત ગાય; છતાં એનું હૃદય નિખાલસ હતું. એને કુટુંબ ઉપર અનહદ પ્રેમ હતો, એ પોતાનું અને પારકાનું એવો ભેદ રાખતી નહોતી. એ અન્નપૂર્ણા જેવી સૌને સુખી જોવા ઈચ્છતી હતી. છોકરાંઓ ઉપર પણ સમભાવ રાખતી. ભાનુનો નાનો છોકરો જયંત એની આંખોની

ફીકી હતો. એ છોકરો 'બા' સાથે ખાતો, 'બા' સાથે સૂતો, અને 'બા'ના મોટા પીઠબળથી સૌ છોકરાંઓ ઉપર સામ્રાજ્ય ભોગવતો હતો; જયંત પોતાનાં માતા કે ભાભીથી પણ 'બા'ના ઉપરાણાને લીધે ડરતો નહિ.

"બા, બા! મને ભડટ મારે છે." જયંતનો તોતડો અવાજ 'બા'ને કાને પહોંચ્યો.

"ઊભો રે પીટયા ભરતડા, નાના (જયન્તનું ઉપનામ) નું નામ લીધું છે તો માથું ભાંગી નાખીશ. તને શરમ નથી આવતી?" 'બા' તાડુક્યાં.

"પણ બા, નાનુડો મને બટકાં ભરે છે, તેનું કાંઈ નહિ?" ભરતે સામી ફરિયાદ કરી.

"જાને મુઆ વાઘરી, નાનો કે દિ' કે'ને બટકું ભરે છે? ખોટું બોલે છે?" બાના અવાજથી દિવાનખાનું ગાજી ઊઠયું.

"હજી પરમ દિવસે તો લખમણને આવડું મોટું બચકું ભરી લોહી કાઢયું હતું!" ભરતે યાદ દેવરાવ્યું.

"મુઆ તને તો બચકું નથી ભર્યું ને? ઊભો રહે તારી વાત છે." કહી લાકડી લઈ 'બા' ઊઠયાં.

"ભરતે જરા દૂર જઈ બાને વધારે ચીડવવા માંડયાં. બાની કોઈ છોકરા ઉપર સેહ નહોતી, એનો ક્રોધ નિષ્ફળ અને વખતસરનો કે ન્યાયપૂર્ણ નહોતો, એટલે છોકરાં એમને ગાંઠતાં નહોતાં.

"અરે નાના! તું 'બા'ના છાયલની ઉપર શાહીનો ખડીઓ ઢોળી બગાડશે કે?" ભાભીએ એને એની સુંદર રંગ રંગવાની કળામાં વિક્ષેપ નાખ્યો; નાનાએ ખડીઆનો ઘા કરી શેત્રંજી બગાડી ભેંકડો તાણ્યો.

નાનાનું સંગીત સાંભળતાં જ 'બા' ઓરડાની બહાર દોડી આવ્યાં, એમણે તરત જ નાનાનું ઉપરાણું લીધું.

"આ આવડી મોટી થઈ તોપણ છોકરાને મારતાં અને રોવરાવતાં જ આવડે છે! હવે તો કાંઈક શરમા!"

"પણ બા! તમારાં છાયેલ ઉપર એ કાળા શાહીના ડાઘા પાડતો હતો!" ભાનુએ પોતાનો બચાવ કર્યો.

"તેમાં તારૂં શું ગયું? તારાં માબાપને ત્યાંથી લાવી હતી તે આટલું જોર કરે છે! હોય, નાનું છોકરૂં છે! તેમાં શું થયું?" બાએ ભાનુને ધમકાવી.

"તમે એ નાનાને આમ જ મોંએ ચઢાવી બગાડચો છે." વહુ બડબડી.

"હા હા, બગાડચો છે; સો વાર બગાડચો છે. જા, તારાથી થાય તે કરી લે; મને તારી કાંઈ પરવા નથી."

"પણ મેં નાનાને માર્યો કે ધમકાવ્યો નથી. મેં તો ડાઘા ન પાડવા કહ્યું હતું."

"તારે નાનાના કામમાં માથું મારવું નહિ; ભલે બગાડે. કાંઈ તારૂં તો છાયલ નહોતું ને! ખબરદાર, બીજી વખત રોવરાવ્યો તો."

"બા નાનાને માટે સૌની સાથે લડતાં ઝગડતાં હતાં. એ તદ્દન અભણ હતાં. એમને કક્કો પણ લખતાં આવડતો નહિ. અતિશય ભોળાં હોવાથી સૌ એમને ઊંધે રસ્તે દોરવીને મશ્કરી પણ કરી લેતાં; છતાં આ પ્રેમાળ અને હેતાળ 'બા' આખા કુટુંબ ઉપર માયા રાખતાં હતાં.

હરજીવન આવ્યા પછી કુટુંબના રંગમાં "इदं तृतीयम्"નો પ્રવેશ થયો. જે એકરસતા અને એકભાવ હતો તેમાં કાંઈક પરિવર્તન થવા માંડયું.

"મોટા ભાઈ, આ લાલભાઈ કાંઈ કામ કરતો નથી; મફતના ઓટલા ભાંગે છે. એને કાંઈક કામે લગાડવો જોઈએ." હરજીવને પ્રસ્તાવના કરી.

"અરે, એ ગધેડાને તો કાંઈ જ શરમ નથી; હવે તો હું એનાથી થાકચો છું; એનું નાક વાઢી વાઢીનેય થાકચો છું. પણ એને તો રોજ નવું નાક ઊગે છે!"

"પણ મોટાભાઈ, એને તમારે જુદો કાઢવો જોઈએ. માથે પડશે એટલે પંડે કમાશે. આ તો તમારી ઉપર તાગડધિન્ના કરે છે."

"હા હા, હરજીવન! તેં ઠીક વાત કહી. મને તો એ સૂઝી જ નહોતી; તેં એ ઠીક શોધી કાઢ્યું; ઈ ત્યારે જ પાધરો ચાલશે."

હરજીવને પોતાના વિજય માટે સંતોષ અનુભવ્યો. પરંતુ આઠ દિવસ પસાર થયા, પંદર દિવસ પસાર થયા તો પણ લાલભાઈને જુદા કરવાનાં ચિહ્ન એને જણાયાં નહિ.

મોટાભાઈ જમીને દિવાનખાનામાં હિંચકે બેઠા હતા. સૂડી વડે સોપારીની ઝીણી કાતરી કરી મોઢામાં મૂકતા હતા ત્યાં વળી એક દિવસ એણે ફરી વાત ઉચ્ચારી.

"મોટાભાઈ! પછી લાલભાઈને જુદો રાખવાની વાતનું શું થયું? તમે જ કહેતા હતા કે એને ઠેકાણે લાવવો હોય તો આ જ રામબાણ ઉપાય છે." હરજીવને શરૂઆત કરી.

"હા, હા, હા, હા!" કરતા મોટાભાઈ ખડખડાટ હસી પડચા: "ઠીક યાદ કરાવ્યું. હું કેવો ભૂલકણો થઈ ગયો છું. હા, હવે તરત જુદો કરીશું. લાલભાઈને જુદો કર્યા વગર એ સુધરશે નહિ; તારી વાત સાવ સાચી છે."

વળી મહિનો માસ નીકળી ગયો; પણ લાલભાઈ તો સંયુક્ત કુટુંબની શોભા વધારતા જ રહ્યા.

હરજીવને વળી એક દિવસ ફરી યાદ કરાવ્યું. મોટાભાઈએ વળી મોટેથી હસી દીવાનખાનાને ફરી ગજવી મૂક્યું. "હા હા હા હા" કરીને એમણે હસ્યા જ કર્યું. "અરે, હરજીવન! હું તો સાવ ભૂલકણો

થઈ ગયો છું, મને કાંઈ યાદ રહેતું નથી. હવે તરતમાં એને જુદો કરીશું ત્યારે એની સાન ઠેકાણે આવશે."

મોટાભાઈની યાદદાસ્ત આ વિષયમાં ખૂબ ખૂબ કાચી નીવડી. હરજીવને હજી પણ આશા ન છોડતાં વારંવાર મોટાભાઈની યાદદાસ્ત તાજી કરાવવાનું સુકૃત્ય માથે લીધું; પરંતુ મોટાભાઈના વાયદા ક્યારેય પૂરા થાય જ નહિ.

અંબામા તો આવી વાતોમાં માથું મારતાં જ નહિ-એમણે તો સેવાધર્મ સ્વીકાર્યો હતો.

મોટાભાઈ દુકાનેથી વળી કાંઈક વહેલા આવી હીંચકે બેસી ચહાપાન કરતા હતા. ચહા પીને ધીમેથી સોપારીની કાતરી કરી મોંમાં મૂકીને ઊંચે જોયું ત્યાં લાલભાઈ સામે ઊભો હતો.

"કેમ લાલભાઈ! શું કામ છે?" મોટાભાઈએ પૂછ્યું.

"મોટાભાઈ! મારે પચીસ રૂપિયા જોઈએ છીએ."

"મોટાભાઈનો મિજાજ ઉછળ્યો. અરે, અભાગીઆ! ગધેડા! તને માસિક દસ રૂપિયા ખર્ચવા મળે છે તે પણ ઓછા પડે છે? શા માટે વધારે જોઈએ છીએ? કયા ખાડામાં નાખવા છે?" મોટાભાઈ બૂમબરાડા પાડવા લાગ્યા.

"મારે જોઈએ છીએ." લાલભાઈએ માત્ર ત્રણ શબ્દોમાં જ પતાવ્યું

"શું જોઈએ છીએ, તારૂં માથું? હરામખોર! આણે તો હવે લાજશરમ બધું નેવે મૂક્યું! બોલ બોલ, બકી મર ને! શા માટે જોઈએ છીએ? શું કરીશ એ રૂપિયાને?"

"જોઈએ છીએ." લાલભાઈએ માત્ર બે જ શબ્દોમાં પતાવ્યું.

મોટાભાઈનો અવાજ વધારે મોટો થયો. મારવા દોડતા હોય તેમ એમણે ઘણા સંકેતો હાથથી કર્યાં. 'નકામો, ચોર, મુફલીસ,

હરામખોર, બદમાશ, ગધેડો, ભંગડ, મૂર્ખ, હજામ, ઉડાવગીર, કુટુંબનો કોયલો, બેકાર ' એવાં એવાં અનેક વિશેષણોની પહેરામણી લાલભાઈને મળી. પરંતુ લાલભાઈ તો મોઢેથી એક પણ હરફ કાઢયા વગર સાંભળી રહ્યો. આખરે બૂમો પાડીને મોટાભાઈ થાકયા.

"લે અભાગીઆ, ગધેડા! લે આ પચીસ રૂપિયા; હવે બીજી વાર દઉં તો મને ગધેડો કહેજે; આ છેલ્લી વખત આપું છું. તારો તો દિ' ફરી ગયો છે. આથી તો છોકરી થયો હોત તો સારી વાત હતી કે કોઈનું ઘર મંડાત."

મોટાભાઈની ચાવી લાલભાઈ જાણતો હતો. એમના જમવા પછી સોપારી ચાવતાં એઓ પાસે માંગણી કરવાનો સમય આવે. એ વખતે મોટાભાઈ જેમ વધારે નમે તેમ સારો લાભ મળે. આજ પંદર વર્ષો થયાં લાલભાઈએ આવી જ રીતે પૈસા મેળવ્યા હતા. દરેક વખતે મોટાભાઈ "આ છેલ્લો વખત આપું છું, હવે આપું તો મને ગધેડો કહેજે" એવું બોલ્યા વગર રહે નહિ. પરંતુ છેવટે આપે તો ખરા જ. વર્ષો થયાં આ ક્રમ ચાલ્યો આવતો હતો.

લાલભાઈને ક્યારેક પોતાના નિરુદ્યમીપણા માટે મનમાં બેચેની થતી ખરી, પરંતુ જૂની ટેવોને લીધે ગંજીફા અને ચોપટ આ બેચેનીને ભુલાવવા કારગત નીવડયાં હતાં. ક્યારેક બહુ ભોંઠપ લાગતી ત્યારે કાંઈક કરૂં એવો મનમાં તર્ક આવતો, પરંતુ એને હાથ ઝાલી દોરવનાર કોઈ નહિ હોવાથી આવા વિચારો અમલમાં આવતા નહિ. એનું રગસિયું ગાડું ચીચડુક ચીચડુક કરતું આમ જ ચાલ્યું જતું હતું. અંબામાએ સમદૃષ્ટિ કેળવી હતી; છતાં એમની વ્યાવહારિક સમજણને પુત્રની આ સુસ્તી અને બેકારી પસંદ નહોતી. એ પણ સૌમ્યભાવે પુત્રને કાંઈ ધંધે લાગવા માટે ક્યારેક સૂચવતાં હતાં. પરંતુ કોઈ દોરનારની ગેરહાજરીને લીધે આ બધું પાણી વલોવવા જેવું થતું હતું.

લાલભાઈના સોબતીઓની ટોળીમાં નવું લોહી ભળ્યું હતું. ગંગા

નદી શિવજીના મસ્તક ઉપરથી ઊતરી સ્વર્ગમાં અને ત્યાંથી હિમાલય ઉપર અને ત્યાંથી સપાટ જમીન ઉપર અને છેવટે સાગરમાં પડીને વિલીન થઈ હતી, તેમ જ લાલભાઈના સોબતીઓની ટોળી પણ દિવસે પતન પામતી ગઈ. એનાં નાટક, ચેટક, સિનેમાથી એની બેકારીનો વિકાસ થતાં થતાં ગંજીફા અને ચોપાટમાં આવી પડયો હતો. ત્યાંથી રેસકોર્સનો નાદ કાનમાં ગણગણાટ કરતો. એ એમનાં આપ્તજનોને ચિંતામાં નાખતો હતો. એ પછીના જુગારના પથથિયે પણ આ મંડળ ચડી ચૂકયું હોવાની લોકવાયકા હતી. ગંજીફાના જુગાર પછીનું પગલું પાસાના જુગારનું હતું. ત્રાંબાનાણામાંથી રૂપાનાણાની ફેરબદલી થઈ. રૂપાનાણામાંથી સરકારી ચલણી નોટોનો પ્રચાર આ જુગાર મંડળીમાં દાખલ થયો. ચલણી નોટો ખૂટી એટલે હાથની "ઑન ડિમાન્ડ નોટો"ની ભરતી થઈ. એની ભરપાઈ ન થઈ શકી એટલે કૉર્ટમાં દાવા માંડવાની ધમકી અપાઈ. ફરિયાદી જુગારમાં જીતેલાં નાણાં માટે હુકમનામું મેળવવાની અશકયતા જાણવાથી હાથના બળનો ઉપયોગ થયો. હાથના બળની મુખ્ય અજમાયશ લાલભાઈના સાથીઓએ એના શરીર ઉપર કરી. સારી રીતે ગડદાપાટુથી લાલભાઈના કોમળ ગુજરાતી શરીરને માલીસ મળ્યું.

લાગતા વળગતા ઓળખીતાઓએ માલીસ કરી અશક્ત અને બેહોશ બનાવાયલા લાલભાઈના દેહને મોટાભાઈને ઘેર પહોંચાડયો. કુટુંબમાં આ નવા નાટકના છેક છેલ્લા નૂતન અંકથી ભારે ખળભળાટ થયો. લાલભાઈ માળાના પાડોશીઓની બત્રીસીએ ચડયા. માળાના પાડોશીઓની જીહ્વારૂપી વાયરલેસ ટૅલિગ્રામે આ રસિક ખબરો સગાંસંબંધીઓ, ઓળખીતા અને નાતાદાર સ્નેહીસંબંધીઓને પહોંચાડયા. લાલભાઈ અત્યંત પ્રસિદ્ધિને પામી બૈરાંઓની વચ્ચે રસિક ચર્ચાનો મીઠો વિષય બન્યા. અંબામા તો આવી નિંદાસ્તુતિથી પર હતાં. મનસુખભાઈએ જગતની સફેદ અને કાળી બાજુઓ ઘણા શિયાળાઓ સુધી જોઈ હતી. એટલે એમણે આ કડવી ગોળીથી

જરા જીભને કડવાશ લાગવા સિવાય બીજું કાંઈ થયું નહિ. હરજીવને હવે પોતાના ખરાપણાની વાસ્તવિક સલાહની પ્રશંસા કરવાની તક સાંપડી. ઘરનાં બૈરાંઓ ઘરની બહાર બહેરા કાન રાખી ઘરની અંદર ગુસપુસ કરવા લાગ્યાં.

ભાનુમતી એકેય શબ્દ બોલી નહિ. એણે આ સંબંધી આરસ-પહાણના પૂતળા જેવું મૌન ધારણ કર્યું. એની આંખોએ કોઈની આગળ એક આંસુ પણ સાર્યું નહિ. એણે દિલસોજી મેળવવા ઘરનાં માણસો પાસે આશા કે ઈચ્છા રાખી નહિ. એ પોતાનું નિત્યકર્મ જાણે કાંઈ જ બન્યું ન હોય એ રીતે કરવા લાગી; પરંતુ તેના હૃદયમાં ધુમાડા વગરનો અગ્નિ ભડભડાટ શિખાઓ કાઢતો સળગવા લાગ્યો. બહાર બરફ અને અંદર ૧૨૫ ડિગ્રીથી પણ વધારે ગરમી હતી. ભાનુમતીનો અભિમાની આત્મા બહારથી નિર્લેપ રહ્યો, પણ અંદરથી એની ચિન્તા ભારે વેગથી સળગી રહી હતી. એણે ઘરકામ ઉપરાંત એકચિત્તે પતિની સેવા કરવા માંડી. એને ઘરનાંઓની જીભની ઉપર ઉપરની દિલસોજીની કિંમત કે કદર નહોતાં. પતિને સમયસર કાંજી આપવી, એનાં અંગો ચાંપવાં, હાડવૈદનું આપેલું તેલ માલીસ કરવું, એને વાસણમાં પેસાબ કરાવવો, એને પાયખાનાની બેઠકના વાસણમાં પાયખાનું કરાવવું–એ બધા ગંધાતા પદાર્થોને પોતાને હાથે ધોઈ નાખવા આ સઘળાં કામો પોતાને હાથે એ કરવા લાગી. એ બાબત એક હરફ પણ એણે મોઢેથી ઉચ્ચાર્યો નહિ.

લાલભાઈની તબીઅત ધીમે ધીમે સુધરવા માંડી. ભાનુમતીને હવે થોડો સમય મળવા લાગ્યો. બીજા માળે રહેલી અનસૂયા સાથે એને મૈત્રી હતી. એ રવિવારના વર્ગમાં ફુરસદ હોય તો જરૂર જતી. અનસૂયાનો સાત્વિક પ્રેમ, અહંકારરહિત સદ્‌ભાવ, નિખાલસ હૃદય અને સ્વાર્થરહિત સમભાવી પ્રેમથી ભાનુમતી એના તરફ આકર્ષાઈ હતી. આ સંગે મરમરની મૂર્તિ જેવી મૂક નારીએ પોતાના હૃદયના

દરવાજા અનસૂયા પાસે ખોલવાનો પ્રસંગ સાંપ્યો. મજબૂત બંધથી અટકાવેલો પાણીનો પ્રવાહ એકત્ર થઈને જેમ અત્યંત વેગથી છૂટે છે, તેમ આ સહનશીલ અને બરફના જેવી પ્રકૃતિવાળી નારીના હૃદયમાંનો શોકપ્રવાહ અનસૂયા પાસે અત્યંત વેગપૂર્વક વહેવા માંડયો. એણે રોવાથી પોતાના હૃદયના દાબી નાખતા ભાવને હળવો બનાવ્યો. અનસૂયાએ મૂંગે મોઢે પણ દિલસોજ આંખોથી આ પ્રવાહને વહેવામાં કોઈ અંતરાય નાખ્યો નહિ.

ભાનુમતીનો હાથ પોતાના હાથમાં લઈ એના શરીર ઉપર એણે પોતાનો કોમળ હાથ ધીમેથી ફેરવ્યો. એણે ભાનુમતીને બોકી કરી. અનસૂયાની આંખોમાં પણ ભાનુના દુઃખે પાણી આવ્યાં. એણે એ સમયે એક અક્ષર પણ એને કહ્યો નહિ; પણ એને સંધ્યાસમયે આવવા કહ્યું. આજે રસોઈનું કામ હરજીવનની સ્ત્રી મોટી ભાભીને સોંપીને ભાનુ અનસૂયાને ત્યાં આવી બેઠી. અનસૂયાએ ખીચડી ઓરી દીધી હતી. આજે બાળકોને એણે નોકર સાથે ફરવા મોકલી દીધાં હતાં. એણે પ્રસન્ન મુખથી ભાનુને આવકાર આપ્યો. એને પોતાની પડખે દિવાનખાનાના હીંચકે બેસાડી. પછી ગરમ દૂધનો પ્યાલો આગ્રહ કરી ભાનુને પીવરાવ્યો.

"ભાનુબહેન! તમે પોતે સુશીલ અને સમજુ છો. તમને કાંઈ કહેવા કરવા જેવું છે જ નહિ. પોતાના શરીરની સંભાળ આપણે પોતે જ રાખીએ છીએ. વસ્ત્રોની, રાચરચીલાની, પુસ્તકોની, બાળકોની એ બધાની સંભાળ આપણે રાખીએ છીએ, તેમ માર્ગ ભૂલેલા પથિક જેવા પતિની સંભાળ પણ ચતુર નારીએ પોતે જ રાખવી જોઈએ. પત્નીઓ તો સાગરની દીવાદાંડી છે. તોફાની પવનમાં જ્યારે મોજાં ઉછળતાં હોય, જ્યારે ખરાબા ઉપર અથડાઈને વહાણને ભાંગી પડવાનો ભય ઉપસ્થિત થયો હોય, ત્યારે પત્નીરૂપી દીવાદાંડીનો પ્રકાશ એને માર્ગદર્શક થઈ પડે છે. બીજાઓ ઉપર આશા રાખવાથી

કાર્યસિદ્ધિ થતી નથી, પરંતુ આત્મવિશ્વાસથી કાર્યસિદ્ધિ થાય છે. કોઈ પણ બીજ વાવ્યું કે તુરત બીજે દિવસે ફળ મળતું નથી; પણ કાળે કરીને જ મળે છે. તેમ સુધારણાનું કામ અતિ ધીમું પણ ચોક્કસ તથા નિયમિત થાય તો જ ફળ આપે છે. લોઢાના ખીલા ઉપર ચાલુ હથોડા મારવાથી તે જમીનમાં ઊંડો ઊતરે છે. જંગલી પશુઓ, હિંસ્ર પશુઓ અને ગાંડા ઘેલા માણસોને પણ ધીરજ અને કળથી વશ કરી શકાય છે. આ તો સમજુ માણસને માર્ગદર્શન કરવાનું જ માત્ર રહે છે. તેમાં તમારા પ્રયત્નોને પરમાત્મા જરૂર સહાય કરશે.

તમારા પતિને તમે ઠપકાનો એક પણ શબ્દ કહેશો નહિ, શિખામણ દેશો નહિ. શિખામણથી કદી કોઈ સુધરતું નથી. માર્ગ ભૂલેલાને શિખામણ ઉપયોગી નીવડતી નથી. શરૂઆતમાં તો તમારે દરરોજ રાત્રે સૂતા પહેલાં શ્રીમદ્ભગવદ્ગીતા એમની પાસે વાંચવી. પહેલા દિવસે પા કલાક વાંચવું, દરરોજ એમાં પાંચ પાંચ મિનિટો વધારતાં એક કલાકનું વાચન ચાલુ રાખવું. શ્રી ગીતા કાયર માનસવાળા અર્જુનને ઉત્સાહિત કરવા લખાયલી છે. પા કલાક ગીતાજી, પા કલાક સ્માઈલ્સકૃત જાતમહેનત, પાએક કલાક ભાગ્યના સ્રષ્ટાઓ, પા કલાક શ્રી. મણિલાલ નભુભાઈનું "ચારિત્ર" એમ વિવિધતા સાચવવા એમની પાસે વાચન ચાલુ રાખો. પૂછે તેનો મિઠાશથી અને નિખાલસપણે જવાબ આપવો. હૃદયના માધુર્યને કદી છોડવું નહિ. પતિ તરફ ખૂબ દિલસોજી અને પ્રેમવૃત્તિ બતાવજો. સેવા કરવામાં તો તમે ખામી રાખો તેમ નથી, બાકી તમે કામની શરૂઆત કરશો અને અનુકૂળ રહેવાની વૃત્તિ ધરાવશો તો પરમાત્મા તમને નવા નવા માર્ગ સુઝાડશે. પ્રયત્ન કરનાર મંગળકામી વ્યક્તિના પ્રયત્નો કયારેય નિષ્ફળ જતા નથી. તમે જોશો કે તમારો માર્ગદર્શક કોઈ મશાલ લઈને ઘોર અંધકારમાં હાજર છે."

ભાનુમતીને અનસૂયાએ લંબાણપૂર્વક સમજાવીને સાચો રાહ

દેખાડયો. પવિત્ર હૃદયની આ આર્યાને એ માર્ગ અનુકૂળતાભરેલો લાગ્યો. એણે અનસૂયા પાસેથી પુસ્તકો લીધાં. પતિને રાત્રે કાંજી પીવરાવી દરરોજ પુસ્તકોનું વાચન શરૂ કર્યું. શરૂઆતમાં તો વાચન પછી દશ મિનિટમાં લાલભાઈને નિદ્રા આવી જતી, પણ ધીમે ધીમે એને એમાં રસ લાગ્યો!–સાંભળવાની ઇચ્છા થવા લાગી. દરરોજ ભાનુ એના પતિ પાસે નવાં નવાં ચરિત્રો વાંચી સંભળાવતી. પુરુષાર્થી પુરુષો પોતાના આત્મવિશ્વાસથી કેવું સર્જન કરતા હતા, કેવી રીતે શૂન્યમાંથી મહાન વિશાળ ઇમારત ઊભી કરતા હતા, કેવી રીતે સીડીના પહેલા પગથીઆથી ઉપર ચડીને સાદશ શક્તિથી છેલ્લે પગથીએ ચડી જઈ શકતા હતા; ધીરજ, તાલિમ, સાહસ અને પ્રગતિ કરવાની વૃત્તિથી એઓ કેમ આગળ વધી શકયા હતા, કેવી રીતે રસ્તામાં હજારો સેંકડો, અંતરાયો, ખડકો અને કંટકમય પંથો તેઓ ઓળંગી ગયા હતા; કેવી રીતે કુદરતે તેમની કસોટી કરી હતી, કેવી રીતે ડગલે અને પગલે આવતાં વિઘ્નોથી એમનો આગળ વધવાનો માર્ગ એઓ સ્વચ્છ કરી શકયા હતા, આ સઘળું ચરિત્રોમાંથી એને મળવા લાગ્યું.

લાલભાઇનો ખાટલો જરા લંબાયો. એને મૂઢ માર પડયો હતો, હાડકાં ખખડી ગયાં હતાં, આથી એને લાંબો વખત પથારીવશ રહેવું પડયું હતું. એણે ફુરસદનો આ સમય વાચનના આધાર ઉપર કાઢવા માંડયો. ભાનુમતી પસંદ કરેલાં ચરિત્રનાં પુસ્તકો અનસૂયા પાસેથી લઈ આવીને પતિને વાંચવા આપતી હતી. પાંડવોનાં પરાક્રમો, ભીમનું સાહસ, અર્જુનની યુદ્ધશક્તિ આ સૌ લાલભાઈ વાંચતા હતા. રામચંદ્ર અને લક્ષ્મણના સીતાજીની શોધ માટેના પ્રયત્નો પણ વાંચ્યા; મહાન સિકંદરનું ચરિત્ર, નેપોલિયનનું ચરિત્ર એણે વાંચ્યાં; દાદાભાઈ નવરોજજીનાં ઉન્નત ચરિત્રનું પણ એણે મનન કર્યું. જમશેદજી જીજીભાઈ, જમશેદજી તાતા, રાનાડે, સર રોમેશચંદ્ર દત્તનું ચરિત્ર, શિવાજીનાં પરાક્રમો, રણજિતસિંહનાં પરાક્રમ મેવાડના મહારાણાઓનાં વીર સાહસ આ સર્વે અને બીજાં અનેક ચરિત્રોનો

વાચનરસ લાલભાઈએ લીધો. સાડાત્રણ માસ સુધીમાં એણે પચાસેક ચરિત્રના ગ્રંથો વાંચ્યા. રાત્રિદિવસ એ ચરિત્રોનો પ્રભાવ એના મન ઉપર પડ્યો. એથી ઉત્સાહ અને કર્મનાં બીજ રોપાયાં.

તાવને અંતે આરોગ્ય આવતાં માણસની ભૂખ ઉઘડે છે. ભૂખ ખોરાકને પચાવે છે, પાચનથી આરોગ્ય આવે છે; તેવી રીતે લાલભાઈને પોતાના નિરર્થકપણાનો અને બેકારીનો તાવ ઊતરી ગયો. એને આરોગ્યયુક્ત કામ કરવાની ભૂખ જાગી. 'મારે પણ કાંઈક કરવું જોઈએ,' એમ એને લાગ્યું. એણે પોતાની પત્ની પાસે એક દિવસ આ વિષે વાત કરી. ભાનુમતીએ અંબામા પાસે વાત કરી એમને પોતાના જેઠને સમજાવી કામ આપવા વિનંતિ કરી.

"મોટાભાઈ, હવે લાલભાઈને સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત થયું છે, એને કાંઈ કામ સોંપો."

"અરે માજી! એને ઠેકાણે પાડવા એકસો વખત મહેનત કરીને પણ નિરાશ થયો છું, હવે ભલે બેઠો રોટલા ખાય ને મોટો થાય."

"ફરી એક વાર પ્રયત્ન કરી જુઓ. લાલભાઈ હવે કામ કરવા માગે છે."

મોટાભાઈએ માથું ધુણાવ્યું. "ઈ તલમાં તેલ નથી, પણ માજી! વચમાં એ કામના ગાડાનો ઉલાળીઓ ન કરે તે બાબત જામીન કોણ થાય છે?"

"હું થાઉં છું." ભાનુમતીએ ધીમે સ્વરે અંબામાને ઉદ્દેશી કહ્યું.

"ભાભી જામીન થતાં હોય તો મને સંતોષ છે. કાલે પેઢી ઉપર ભલે આવે."

પછી તો લાલભાઈ બાર માસમાં મોટાભાઈનો જમણો હાથ બની રહ્યો.

# ખંડ ત્રીજો

## ૩૨

# વસંતનાં વધામણાં

અનસૂયાએ પોતાના હૃદયમાં ઊઠતી ઊર્મિ અને સ્ફૂર્તિની સ્ફુરણાઓના ઝરાઓનો સ્રોત પોતાની સ્ત્રીજાતિના કલ્યાણને માર્ગે વાપરવા માંડ્યો હતો. એણે વ્રત અને ઉત્સવોની ઉજવણી બહેનોના નવજીવનનાં પલ્લવોની પ્રફુલ્લિતતા માટે શરૂ કરી. એની શિષ્યાઓ, આડોશીપાડોશીઓ અને સ્નેહીસંબંધીઓએ એમાં ખૂબ ઉત્સાહપૂર્ણ સાથ આપ્યો. જૂના વખતથી જ સ્ત્રીઓમાં વ્રતો–ઉત્સવો ઉજવવાની રીત તો હતી જ. તેમાં ગરબાઓ ગાવા, વિજયાદશમીના દશે દિવસો નવરાત્રિના શક્તિના ઉત્સવો ઉજવવા એ ગુજરાતી નારીઓને માટે શ્રેષ્ઠ પ્રસંગો હતા. દેવદર્શને જઈ ત્યાં રાસલીલાના નાટ્યપ્રયોગો જોવાના પ્રસંગો પણ જૂનાં સંસ્કૃત નાટકોમાં આવે છે: નૃત્યો અને ખાનગી નાટકોમાં સારા ઘરની સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી, એમ મહાભારત

અને અન્ય પુસ્તકો પરથી જણાય છે. મધ્યકાળમાં એ રિવાજ જરૂર ઝાંખો પડ્યો હતો; પરંતુ લુપ્ત થયો તો નહોતો જ.

અનસૂયાએ એ ઉત્સવોમાં આનંદ, સંસ્કૃતિ અને લલિતકળાનાં બીજ જોયાં. એનું મન આ ઉત્સવો દ્વારા આનંદ, શિક્ષણ, જ્ઞાન, આરોગ્ય અને સંસ્કારસુધારણાના પ્રયોગો તરફ આકર્ષાયું. એને સુવ્યવસ્થાસર અને સુયોજિત કાર્યો કરવાની ટેવ હતી. પોતાની મારફત બહેનોનું કલ્યાણમય, પવિત્ર અને શ્રેયસ્કર જીવન થાય એ જ એનો આદર્શ હતો. ઘરકામ એ એના કુટુંબના શ્રેય માટે બલિદાન હતું. જનસેવા કરવાના એના કોડ ધીમે ધીમે વિકાસ પામતા જતા હતા. ઉત્સવો ઉજવવાનું એણે આજ ધ્યેયથી શરૂ કર્યું. તે માટે એણે પોતાના બાળાઓના વર્ગને તાલિમ આપવા માંડી. એણે વસંતોત્સવના વિકાસની અને એની ઉજવણીની તૈયારીઓ કરી.

પોતાનું દિવાનખાનું નાનું અને આવા મોટા મેળાવડા માટે પૂરતું નહોતું. આથી અનસૂયાએ માણેકચંદ શેઠ અને એમનાં પત્નીને કહી આ પ્રસંગ માટે એમના વિશાળ દિવાનખાનાનો ઉપયોગ કર્યો. અનસૂયાના વર્ગની બાળાઓએ એમાંથી હીંડોળો અને બીજા હલકા ફર્નિચરને એમના બીજા દિવાનખાનામાં મોકલી આપ્યાં, આ વિશાળ દિવાનખાનું ખૂબ સાફ કરવામાં આવ્યું. બાળાઓએ ફંડ ખોલીને નાનકડી રકમ ભેગી કરી. દિવાનખાનાને પોતાના હૃદયોલ્લાસપૂર્વક ફૂલપાનથી શણગાર્યું. દરેક બારીબારણા માટે ફૂલો અને પાંદડાંઓનાં તોરણો બાળાઓએ સારી રીતે ગૂંથ્યાં. એક પૈસાપાત્ર શેઠની કન્યા પોતાના સુંદર બગીચામાંથી વસંતનાં ખીલેલાં ગુલાબ, પારિજાતક અને બીજાં સુંદર ફૂલો લઈ આવી. સર્વે બાળાઓએ અનસૂયાની આગેવાની નીચે આ ફૂલો અને પાંદડાંઓની સુંદર સજાવટ કરી. કળામય સુરચનાથી દિવાનખાનું વસંતનાં વધામણાં માટે સુયોગ્ય સ્થાન બની ગયું. આંખને ઠારે એવું સૌંદર્ય એમાં આવી વસ્યું.

દિવાનખાનાની બંને બાજુએ બે ગેલેરીઓ ખુલ્લી હવા માટે રાખવામાં આવી હતી. આ ગેલેરીઓમાં માણેકચંદ શેઠે રમકડાં માટે રાખેલાં કબાટો ખાલી કરીને એમાં બાળાઓએ બનાવેલા ભાતભાતના સુંદર નમૂના ગોઠવ્યા હતા. બાળકો માટે બનાવેલાં વિવિધ પ્રકારનાં ફ્રોકો, ઝભલાં, બાળાઓનાં કળામય પોલકાં, સાડીની કોરો અને ગૂંથણકળાના નમુનારૂપે ગંજીફ્રોક તથા સ્વેટરો પણ ત્યાં હતાં. એક બાળાએ પંખામાં નાની આરસી ગોઠવીને કળામય કામ બતાવ્યું હતું. બીજી બાળાએ સુંદર રીતે શણગારેલો હાથીદાંતનો હાથી મૂક્યો હતો. ત્યાં ભરતની કળાના પણ સરસ નમુના હતા. રેશમી દોરાથી ભરેલી ઝાડપાનની વેલો ત્યાં દીપી ઊઠતી હતી. થોડું કેનવાસ ઉપરનું ઊનનું ભરતકામ પણ ત્યાં હતું. મખમલ ઉપર મોરો, પોપટો અને મેનાઓ વિવિધ કુદરતી રંગે શોભી રહી હતી. રંગીન દાણા અને બીલોરના દાણાની ગોઠવણીથી વિવિધ કળામય રચનાઓનું આ બાળાઓએ અહીં પ્રદર્શન ભર્યું હતું. એ બધામાં રેશમના પોત ઉપરનું જરીકામ ખાસ ધ્યાન ખેંચતું હતું.

ભીંતો ઉપર બહેનોનાં ચીતરેલાં અનેક ચિત્રો ગોઠવ્યાં હતાં. એમાં કેટલાંક તૈલચિત્રો પણ હતાં, ત્યારે કેટલાંક સાદાં હતાં. એમાંના એક ચિત્રનો દેખાવ તો અત્યંત સુંદર હતોઃ અર્ધરાત્રે ચંદ્રોદય હતો. ચંદ્રનો પ્રકાશ અને પ્રતિબિંબ વૃક્ષાચ્છાદિત વહેતા ઝરણામાં પડતો હતો. દેખાવ મનોહર હતો. બીજામાં સુંદર ધોધ પર્વતોમાંથી પડતો દેખાડવામાં આવ્યો હતો. ચારે તરફ પાણીની ઝીણી ઊડતી છાંટ કળાકાર બહેને ખુબીથી દેખાડી હતી. આથી એ ચિત્ર જોવા સૌ પ્રેક્ષકોનું મન આકર્ષાતું હતું. ત્રીજામાં ભવ્ય હિમાલયના ગિરિશૃંગ માઉન્ટ ઍવરેસ્ટનો શિખરભાગ બરફથી આચ્છાદિત બનાવવામાં આવ્યો હતો. ચોથામાં કબૂતરો ચણો ચરતાં હોય એવો કુદરતી દેખાવ હતો. પાંચમામાં મોરો પોતાનાં રંગીન પીછાંઓથી કળા વિસ્તારી નૃત્ય કરતા હતા

તેનું તાદશ ચિત્ર હતું. છઠ્ઠામાં મોઢું ખોલી સિંહ પોતાના દાંત અને જીભ દેખાડી રહ્યો હતો. સિંહના ચહેરા પર ભયાનકતા અને ક્રૂરતા તરી આવતાં હતાં.

આજે શરૂઆતમાં બે બાળાઓએ આવીને જયદેવ કવિની અષ્ટપદીનું સુંદર પદ વાદ્યો સાથે ગાયુંઃ

**લલિત લવંગ લતા પરિશીલન કોમળ મલય સમીરે,**
**મધુકર નિકર કરમ્બિત કોકિલ કુંજિત કુન્જ કુટિરે.**
**વિહરતિ હરિણી સરસ વસન્તે.**

પછી બાળાઓએ બાણભટ્ટનું પ્રસિદ્ધ નાટક પાર્વતિપરિણય ભજવી બતાવ્યું. શ્રી મહાદેવજીની પાસે હઠ પકડીને સતી પોતાના પિતા દક્ષના યજ્ઞમાં આમંત્રણ વગર જાય છે; ત્યાં પિતાના અપમાનથી અપમાનિત થઈ અને પતિ પ્રત્યેના પિતાના દ્વેષથી દુઃખિત થઈને સતી યજ્ઞમાં પોતાને હોમી દે છે. શ્રી શંકર પત્નીવિયોગથી અત્યંત પીડિત થાય છે. પત્નીના ગુણો એમને બહુ સાંભરે છે. એઓને કૈલાસ કંટાળાભરેલો થઈ પડે છે. એથી એઓ કૈલાસને ત્યજી હિમાલયના વનમાં તપશ્ચર્યા કરે છે; શ્રીમહાદેવ તપ, ધ્યાન અને તત્ત્વજ્ઞાનમાં પોતાનો સમય નિર્ગમન કરે છે.

બીજી બાજુ સતી પર્વતરાજ હિમાલયને ત્યાં મેનારાણીથી જન્મ લે છે. યોગ્ય વય થતાં એમના વિવાહ માટે પિતામાતાને ચિંતા થાય છે. પર્વતકન્યા પાર્વતીને કોઈ પતિ પસંદ પડતો નથી. એને તો શ્રી શિવજી સાથે પરણવું છે. પરંતુ શિવજી કૈલાસમાં નથી. એઓ તો કૈલાસને ત્યજી હિમાલયમાં તપ કરે છે. પાર્વતીને માતાપિતા અન્ય પતિની સાથે વિવાહ કરવા ઘણું ઘણું સમજાવે છે, પણ પાર્વતીને તો શિવજીની જ લગની લાગી છે. માતાપિતા એના અતિ આગ્રહથી એને તપશ્ચર્યા કરવા જવા સંમતિ આપે છે. હિમાલયના એક વિભાગમાં પાર્વતી તપશ્ચર્યા કરે છે. રાજપુત્રી એક ચિત્તથી

શિવજીનું ધ્યાન ધરે છે. ને મૃગચર્મ પહેરી રહે છે. શિયાળાની ઠંડી, ઉનાળાની ગરમી અને ચોમાસાનો વરસાદ એ સહન કરે છે. માત્ર કંદમૂળ ખાય છે, કોઈના ભય વગર એકલી અટુલી એ ભયંકર વનમાં રહે છે. એનું તપ મહાકઠોર અને એકાગ્ર છે. રાજકન્યા એકાંતવાસ, તપશ્ચર્યા અને સંયમી કઠિન જીવન પાળે છે. મહાદેવને તપથી મેળવવાનો અને તેમની સાથે જ લગ્ન કરવાનો એનો નિશ્ચય છે. એને જંગલની એકાંત, હિંસ્ર પશુઓનો ભય, સુખસગવડોનો અભાવ પોતાના નિશ્ચયથી ડગાવતાં નથી.

દેવો જગતકલ્યાણરૂપ શ્રી શંકરને જગતથી વિમુખ થઈ તપશ્ચર્યા કરતા જોઈ બહુ ચિંતાતુર થાય છે. એમને શ્રી શંકરને જનકલ્યાણના કાર્યમાં પાછા લાવવા છે, એ માટે પાર્વતીજીના તપ પ્રત્યે એઓ સહાનુભૂતિથી જુએ છે. શ્રી શિવજી તપમાં લાગેલાં હોવાથી પાર્વતીજીના તપનું ફળ નિષ્ફળ જાય છે. સૌથી પ્રથમ શ્રી મહાદેવને ધ્યાનમગ્ન સ્થિતિમાંથી જગાડવાની જરૂર છે. દેવો મળીને કામદેવને આ કામ માટે તૈયાર થવા વિનંતિ કરે છે. શ્રી શંકરને ધ્યાનચ્યુત કરવા એ તો જીવસટોસટના ખેલ જેવું કામ છે. ભગવાન શંકરના ક્રોધમાં હોમાઈ જવાનું કામદેવને પસંદ નથી, પરંતુ દેવોના કાર્યની સિદ્ધિ માટે કામદેવ આ કામ માથે લે છે.

કામદેવ પોતાના સહકારી વસંતને સાથે લાવે છે. એની આજ્ઞાથી વસંત વનમાં પ્રવેશ કરે છે. ચારે તરફ એ પોતાના પ્રભાવને વિસ્તારે છે. મહાકવિ કાલિદાસકૃત કુમારસંભવમાંનું નીચેનું વસંતવર્ણનનું દૃશ્ય બાળાઓએ સુંદર રીતે રજૂ કર્યું હતું.

तस्मिन्वने संयमिनां मुनीनां तपःसमाधेः प्रतिकूलवर्ती ।
संकल्पयोनेरभिमानभूतमात्मानमाधाय मधुर्जजृम्भे ॥

असूत सद्यः कुसुमान्यशोकः स्कन्धात्प्रभृत्येव सपल्लवानि ।
पादेन नापैक्षत सुन्दरीणां संपर्कमासिञ्जितनूपुरेण ॥
चूतांकुरास्वादकषायकण्ठः पुंस्कोकिलो यन्मधुरं चुकूज ।
मनस्विनीमानविघातदक्षं तदेव जातं वचनं स्मरस्य ॥
तपस्विनः स्थाणुवनौकसस्तामाकालिकीं वीक्ष्य मधुप्रवृत्तिम् ।
प्रयत्नसंस्तम्भितविक्रियाणां कथंचिदीशा मनसां बभूवुः ॥
श्रुताप्सरोगीतिरपि क्षणेऽस्मिन् हरः प्रसंख्यानपरो बभूव ।
आत्मेश्वराणां न हि जातु विघ्नाः समाधिभेदप्रभवो भवन्ति ॥
दृष्टिप्रपातं परिहृत्य तस्य, कामः पुरः शुक्रमिव प्रयाणे ।
प्रान्तेषु संसक्तनमेरुशाखं, ध्यानास्पदं भूतपतेर्विवेश ॥

(કુમારસંભવ સર્ગ ત્રીજો)

ત્યાર પછી બાળાઓએ નૃત્ય સહિત નીચેનું ગીત ગાયું :

### ફાગનૃત્ય

#### ભૂપાલી

હાં રે ફાગ ખેલે પ્રફુલ્લ ખેલનારા !
નવીન ફાગ ખેલો પ્રફુલ્લ ખેલનારા !
જાગતી વસંતવને પુષ્પે પ્રાણ પૂર્યા,
ઝીણી ઝીણી વાયુલ્હેરે હોરી સ્પર્શ સ્ફૂર્યા...હાં રે૦
થનગન થન કૂદતા ઘેરૈયા ઘૂમીએ,
ઉત્સવઉલ્લાસે ગુલાલ ઉડાડીએ...હાં રે૦
વેણુ દૂર વાયે, મૃદંગ મંજુ બાજે,
નવલા સરોદ રેડી પંખીઓ નવાજે...હાં રે૦
રાસની રસમૂર્તિઓ મસ્ત બની આવો,
આનંદે વૃંદ ખેલો, લાલ રંગ લાવો...હાં રે૦
વૃદ્ધ, યુવા, યુવતી જીવનમાં ઝૂમીએ,
રસિયાં! વિરાટ સૂરે વિશ્વરાસ રેલીએ...હાં રે૦ *

---

* શ્રી. મનુદેસાઇ કૃત "ગીત માધુરી"માંથી લેખકના સૌજન્યથી સાભાર ઉદ્ધૃત.

વસંતનો ઉદય થયો, વનસ્પતિ નવપલ્લવિત થઈ, સર્વે પ્રાણીઓનાં શરીરોમાંથી શિયાળાની ઠંડી ચાલી ગઈ, વસંતનો ઉત્સાહ નવપલ્લવિત થયો. આ સમયે કામદેવ પુષ્પધન્વાએ પોતાનું સુગંધિત પુષ્પરૂપી બાણ શ્રી પિનાકપાણિ પર છોડયું. શ્રી મહાદેવ ધ્યાનચ્યુત થયા. એમનાં નેત્રો જગતના બાહ્ય સૌંદર્યને અવલોકતાં થયાં. ઉગામેલા પુષ્પધનુષ સાથે શ્રી શિવજીએ કામદેવને જોયો. પોતાનો ધ્યાનભંગ કરનાર આ કામ છે, એ તરત જ એઓ સમજી ગયા. એમનું ત્રીજું લોચન ખુલ્યું, કામદેવ બળીને ભસ્મ થયો.

શ્રી શિવજી ત્યાંથી ધ્યાનભંગ થઈને ઊઠયા. એઓ કૈલાસ તરફ ચાલ્યા ગયા. શ્રી પાર્વતી તપશ્ચર્યા કરે છે એવી એમને જાણ થઈ. પોતે મુનિનો વેશ ધારણ કરીને આવ્યા. પાર્વતીજીને એમના નિશ્ચયમાંથી ડગાવવા ઘણી ઘણી યુક્તિઓ શ્રી શંકરે અજમાવી; પરંતુ પાર્વતીનો અડગ નિશ્ચય જરા પણ ચલાયમાન થયો નહિ. શ્રી શિવજી પર્વતરાજ હિમાલયની પુત્રી પાર્વતીજી સાથે પરણ્યા.

અનસૂયાએ પોતાની શિષ્યાઓની સહાય–સહકાર વડે આખું નાટક સંવાદરૂપે ભજવી બતાવ્યું, તેમાં એમણે વેશ–ભૂષા બદલાવી નહોતી. માત્ર નાના બાજઠો ગોઠવી તે ઉપર ઊભીને આ નાટક મોઢેથી બોલીને ભજવી બતાવ્યું હતું. શ્રોતાઓની તાળીઓ વચ્ચે નાટક પૂરું થયું.

આ પછી વાદ્યો સાથે બાળાઓ નવરાત્રના વિવિધ રાસ ખેલી સુંદર રીતે મીઠા કંઠથી ગાઈને તાળીઓ લેતી કન્યાઓએ ગરબા ગાયા.

### નવદીપ

• મિશ્ર પીલુ •

મંડપે મંડપે દીપે દીપમાળ,
નવરાત્રે નવદીપ રેલે તેજધાર...
દીવડે દીવડે જ્યોત ઝગમકાર,
નવરાત્રે નવદીપ રેલે તેજધાર...

સૂરજ ને ચાંદલે પૂર્યાં પ્રકાશ !
તારલાએ વેરી કૈં છાનીછાની આશ !
આંગણે આંગણે પ્રાણપગથાર,
નવરાત્રે નવદીપ રેલે તેજધાર...
નયણાંની જ્યોતનાં ઝીલે કોણ નૂર ?
રાસસરિતે સરે રસનાં પૂર ?
બારણે બારણે ગીત ટહૂકાર,
નવરાત્રે નવદીપ રેલે તેજધાર...
મંડપે મંડપે દીપે દીપમાળ,
નવરાત્રે નવદીપ રેલે તેજધાર...*

એ રાસ–ગરબા ગવાઈ રહ્યા પછી અનસૂયાએ પ્રવચન કરતાં કહ્યું:

પ્રિય બહેનો, આજે આપણે માત્ર બાળાઓને અને મહિલાવર્ગને જ અત્રે આમંત્રણ કર્યું છે. મારી વિચારસૃષ્ટિ તો એવી છે કે સ્ત્રીઓએ પોતાનાં કાર્યોની પોતે જ વ્યવસ્થા કરવી. એમાં પુરુષો ઉપર આધાર રાખવો ન જોઈએ. વળી હું એમ પણ માનું છું કે આપણે પણ પ્રારબ્ધ શબ્દને ત્યજી દઈ સ્ત્રીશક્તિ વાપરવી જોઈએ. પુરુષો દરેક કામ વ્યવસ્થાસર કરવાનો દાવો કરે છે. પરંતુ આપણે પણ એથી સુંદર વ્યવસ્થાશક્તિ ધરાવીએ છીએ. ખામી માત્ર એટલીજ છે કે આપણે પોતાને ઓળખતી નથી. એટલે આપણામાં બીકના–ભીરુતાના દાસ્યભાવના અને પછાતપણાના સંસ્કારો પડી ગયા છે. ધીમે ધીમે આ સંસ્કારોને આપણે દૂર કરવા જ પડશે. આપણા હૃદયમાં પણ વસંત ઊગી ચૂકી છે. વસંતનો સંદેશ આપણા હૃદયમાં પણ પહોંચ્યો છે. આપણે પરાધીન નથી, એ હવે વ્યવહારદૃષ્ટિથી સાબીત કરવાનું છે. આપણે જગતને બતાવવાનું છે કે અમે હિંદી સ્ત્રીઓ પણ અમારૂં કર્તવ્ય સમજીએ છીએ. બુદ્ધિમાં, શક્તિમાં, કાર્યમાં, વિદ્યામાં અને લલિતકળાઓમાં અમે પુરુષો કરતાં પછાત નથી, એ આપણે બતાવી દેવું જોઈએ. પુરુષો સાથે આપણે સ્પર્ધા કરવી નથી. આપણે

* શ્રી. મનુ દેસાઇકૃત "ગીત માધુરી"માંથી લેખકના સૌજન્યથી સાભાર ઉદ્ધૃત.

એમની સાથે હરિફાઈ કરવી નથી; પરંતુ આપણે પણ પોતાનું સ્વત્વ સાચવવું જોઈએ. આપણે પણ મનુષ્યપ્રાણી છીએ. આપણી પ્રતિષ્ઠા, આપણો મોભો અને આપણી મર્યાદા આપણા જ હાથમાં છે. આપણે જે જૂના સંસ્કારોમાં જકડાઈ રહ્યાં છીએ તેમાં સમય પ્રમાણે પરિવર્તન નહિ થાય તો આપણી અધોગતિ થશે. સ્ત્રી પુરુષનું અર્ધું અંગ ખરૂં. હું પણ એ વાતને સ્વીકારું છું. પરંતુ આ અંગ બીજા અંગેનું પરાધીન નથી; તે તદ્દન જડ યંત્ર નથી, પરંતુ ચેતનવાળું, બુદ્ધિશીલ અને શક્તિયુક્ત અંગ છે. એને પરાધીન રાખશો તો તમે કદી સ્વાધીન બની શકશો નહિ. દંપતિના ધર્મો પણ એકની સરસતા અને બીજાની પામરતાના પાયા ઉપર રચાયલાં જોઇએ નહિ. સંસારના ગાડાનો ભાર ઉપાડવા બંને જણે-સમાન ભાવે પ્રયત્ન કરવો જોઈએ, બંનેએ પોતાની શક્તિઓનો સમભાવે ઉપયોગ કરવો જોઈએ. હવે સમય બદલાયો છે. આપણી પ્રજાએ ગુલામગીરી અને પામરતામાંથી નીકળવું હોય તો સમાનતા અને સાત્વિકતા સેવવાં જોઈએ. આપણે સ્ત્રીઓએ બીજો કોઈ આપણને સ્વરાજ આપશે એવી પુરુષો ઉપર આશા રાખવી નહિ. આપણી પોતાની શક્તિથી એ મેળવી લેવું જોઈએ. સ્વરાજ મેળવીને પણ આપણે સાચવવાને લાયક બનવું જોઈએ, યોગ્યતા વગર કોઈ ચીજ ઓપતી નથી. લાયકાત વગર મેળવેલી વસ્તુ શત્રુરૂપ બને છે, માટે આપણે અંધારાનો ત્યાગ કરી પ્રકાશને પ્રાપ્ત કરવો જોઈએ. નવા સંસ્કારોને આપણે વિવેકને ગળણે ગાળી આપણા સંસારને અનુકૂળ બનાવવા જોઈએ. આપણે ક્રાન્તિ કરવી છે, પરંતુ આપણી એ ક્રાન્તિ પવિત્ર, ઉચ્ચ આદર્શના પાયા પર રચાયલી, શુદ્ધ સાત્વિક ત્યાગી અને આપણાં કુટુંબોની ને આપણા સંસારની ઉન્નતિ કરે તેવી જોઇએ છે. આપણો વિપ્લવ આપણાં પ્રિયજનોને દુઃખી કરવા માટે નથી. તે માટે આપણે વિદ્યા, કળા ગૃહઉદ્યોગમાં રોકાયેલા રહીને પોતાને લાયક બનાવવાનાં છે. આજ મારો વસંતસંદેશ છે.

## ૩૩

# નવરાત્રિ મહોત્સવ

**બહેનો** જાગી ઊઠો, હૃદયમંદિરે પ્રકાશ દિવ્ય આવે.

**( ભોળાનાથભાઈ )**

આજે ફરી વાર માણેકચંદ શેઠનું મોટું દિવાનખાનું ફૂલોના સાજથી સજાવવામાં આવ્યું હતું. જાજમ ઉપર પચાસેક બહેનોની બેઠક જમાવવામાં આવી હતી. બહેનોએ દિવાનખાનાના શૃંગાર માટે સુંદર કળાયુક્ત અને સુરચના રચવાના પ્રયત્નો કર્યા હતા. આજે પણ બહેનોની સરસ કલાકૃતિઓનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. આજે દશેરાનો–વિજયસ્ફૂર્તિ અને ઉત્સાહનો દિવસ હતો. બહેનોને માટે આજે ફળો અને મિષ્ટ વાનીઓનો રકાબીઓમાં અલ્પાહારનો સુયોગ પણ હતો. ચારે તરફ સુંદર સુગંધિત પુષ્પોના તોરાઓ ગોઠવવામાં આવ્યા હતા. આજે શ્રી સીતાવનવાસનું નાટક ભજવી બતાવવાનું હતું. કોઈ વેષ-ભૂષા પહેર્યા વગર બાળાઓએ માત્ર બાજઠો ઉપર ઊભીને મોઢેથી સંવાદો બોલી આ નાટક ભજવી બતાવ્યું.

દશરથ રાજા રથમાં બેસીને દૈત્યો (અનાર્ય શત્રુઓ) સાથે યુદ્ધ કરે છે, એટલામાં રથના પૈડાની લોખંડની ધરી ભાંગી જતાં પૈડું હમણાંજ નીકળી પડશે એવું મહારાજા દશરથની સાથે બેઠેલાં રાજરાણી કૈકયીના જોવામાં આવ્યું. એમણે પોતાની કોમળ આંગળી ભરાવીને રથના પૈડાને ટેકવી રાખ્યો. દશરથ રાજાએ યુદ્ધ જીત્યું. પણ દેવી કૈકેયીની આંગળી છુંદાઈ ગઈ. કૈકેયીને બે વરો આપવાનું રાજા દશરથે વચન આપ્યું.

કૈકેયીએ શ્રી રામચંદ્રજીના રાજ્યાભિષેક સમયે શ્રીરામને ચૌદ વરસ વનવાસ મોકલવા અને શ્રી ભરતને રાજ્યગાદી આપવા માટેનાં મહારાજ દશરથ પાસેથી બે વરો માગી લીધાં. શ્રી રામચંદ્રજી સાથે જવાનો શ્રી સીતાએ દૃઢ આગ્રહ બતાવ્યો. વનમાં એકાંત, હિંસ્ર પશુઓ તેમ જ દૈત્યો અને રાક્ષસોનો ભય રામચંદ્રજીએ બતાવી શ્રી. સીતાને સાથે ન આવવા સમજાવ્યાં; પરંતુ એ સમયની આર્યાઓ કદી ભયથી ડરતી નહોતી. સીતાજી વનમાં ગયાં.

વનમાં હાથે રસોઈ કરવાની હતી; કંદમૂળ અને ફળો ખાવાનાં હતાં; ભોંય પર મૃગચર્મ પાથરી સુવાનું હતું, કાંટાવાળી અને વૃક્ષ-વેલીઓથી અગમ્ય એવી ભૂમિ ઉપર ફરવાનું હતું. ત્યાં વસતા દૈત્યો (અનાર્યો) નો મોટો ત્રાસ હતો. સિંહ, વાઘ, ચિત્તા, વરૂઓ અને સર્પોથી એ વનો ભરચક હતાં; ત્યાં ઝાડની છાલનાં બનાવેલાં વલ્કલ વસ્ત્રો પહેરવાનાં હતાં; છતાં અભય, કઠિન જીવન, જાતમહેનત અને ઉદ્યોગી સીતાએ લગભગ ચૌદ વર્ષ સુધી આ સંયમી અને કઠોર જીવન જીવી બતાવ્યું. આર્યાઓ સમયસર અતિ દુઃખ સહન કરી શકે છે. એમના મહાન આત્મા ફૂલ જેવાં કોમળ અને સહન કરવામાં વજ્ર જેવાં કઠણ હોય છે. એઓએ વનવાસમાં અતિ દિવ્ય શક્તિનાં દર્શન કરાવ્યાં હતાં.

રામચંદ્રજી સુવર્ણમૃગને મારવા જાય છે, એમની પાછળ સીતા

આફતની શંકાથી લક્ષ્મણજીને આગ્રહ કરી મોકલે છે. રાવણ સીતાજીનું હરણ કરે છે. રાવણના સુંદર મહેલ, સુંદર વસ્ત્રાલંકારો અને મોજશોખ ભોગવવાની માગણીનો સીતાજી તિરસ્કાર કરે છે, આ સમયે એનો ભવ્ય આત્મા અને દઢ મનોબળ તથા પવિત્ર નિશ્ચય ગમે તેના ઉપર પણ ધારી અસર કરે છે.

સીતાજીને અશોકવનમાં રાખવામાં આવેલ છે. ત્યાં એઓ તપોમય અને સંયમશીલ જીવન ગુજારે છે. રામચંદ્રજી રાવણને મારીને સીતાજીને તેડી પાછા અયોધ્યા આવે છે. અહીં ધોબીના ખોટા અને આધાર રહિત આરોપથી રામચંદ્રજી સીતાજીને પાછા વનવાસ મોકલે છે. શ્રી વાલ્મીકિના આશ્રમમાં સીતા લવ અને કુશ નામે કુમારોને જન્મ આપે છે.

રામચંદ્રજીનું સીતાજીને ખોટા અને પાયા વગરના આરોપ માટે વનવાસ મોકલવું એ કદી બચાવ ન થઈ શકે એવું પગલું હતું. આથી સીતાજીનો જ આપણે ઉત્સવ ઉજવવો જોઈએ. રામચંદ્રજી કરતાં સીતાજીના સદ્‌ગુણો, ધૈર્ય, સહનશક્તિ, સંયમ અને સત્ય-નિષ્ઠા ખરેખર મહાન છે.

એ પછી અનસૂયાએ દ્રૌપદીજીનું ચરિત્ર વાર્તારૂપે કહી બતાવ્યું હતું. એના અનુસંધાનમાં અનસૂયાએ કહ્યું:

હિંદમાં હજારો મહાન નારીઓ થઈ ગઈ છે; પરંતુ બુદ્ધિ, શક્તિ અને તેજસ્વિતામાં દ્રૌપદીની તોલે કોઈ આવી શકે તેમ નથી. સ્વયંવરની શરૂઆતમાં જ એના મુખમાંથી તેજસ્વી અને શક્તિશાળી વચનો નીકળે છે-હું સૂતપુત્રને નહિ વરું. એના જેવી દિવ્ય નારીનો જોટો જગતમાં મળવો મુશ્કેલ છે.

યુધિષ્ઠિર જુગારમાં પ્રથમ પાંડવોને હાર્યા પછી જ દ્રૌપદીને હોડમાં મૂકીને હાર્યા હતા. આ સમયે અત્યંત મહત્ત્વનો પ્રશ્ન દ્રૌપદીએ સભામાં બેઠેલ ભીષ્મ અને બીજા વૃદ્ધ વડીલોને પૂછ્યો હતો. પોતે હારીને દાસ થયા પછી, સ્વતંત્ર એવી મને હોડમાં કેમ મૂકી શકે?

જુગારમાં જીતાયલા દાસનું સ્વામિત્વ મારા ઉપર કેવી રીતે સ્થાપી શકાય? આખી સભા આ પ્રશ્ન અને દ્રૌપદીના બુદ્ધિચાતુર્યથી આશ્ચર્ય પામી ગઈ હતી. આનો ઉત્તર દ્રૌપદીના જયમાં આવ્યો હતો.

દ્રૌપદી મહાન શક્તિશાળી નારી હતી. સત્યભામા અને દ્રૌપદીના સંવાદ પરથી જણાય છે કે આ શક્તિશાળી સ્ત્રી રાજ્યમહેલની વ્યવસ્થા જ માત્ર રાખતી નહોતી, પરંતુ આખા રાજ્યની સુવ્યવસ્થા રાખતી હતી. રાજ્યની પેદાશ કેટલી છે, કેવી રીતે એનો સદુપયોગ થઈ શકે, પ્રજાનું પાલન કેમ થાય, કેમ પ્રજાની ઉન્નતિ થાય, રાજ્યમાં ખોટી રીતે પૈસાનો વ્યય ન થાય—એ સઘળાં કાર્યોમાં દ્રૌપદીની સલાહ કામ આવતી હતી. દ્રૌપદી આખા રાજતંત્ર ઉપર દેખરેખ રાખતાં હતાં. કોઈ પણ કામ પાંડવો દ્રૌપદીની સલાહ વગર કરતા નહિ. દ્રૌપદી સર્વત્ર દેખરેખ રાખતાં હતાં, પાંડવોના મહાન સામ્રાજ્યની ઉપર એઓ સંપૂર્ણ દૃષ્ટિ રાખતાં. ઉપજ, ખર્ચ અને સુવ્યવસ્થામાં એમનો હાથ હતો.

આ પ્રમાણે વાર્તાલાપરૂપ નાટકો બહેનોએ કહી—ભજવી બતાવ્યાં, પછી બાળાઓએ સુંદર રાસ ગરબા ગાયા. વિવિધ ગરબાઓને સુંદર વેલો, પક્ષીઓ અને બીજાં ચિત્રોથી શણગારવામાં આવ્યા હતા. સુંદર રંગબેરંગી વસ્ત્રાલંકાર સજીને આવેલ બાળાઓએ નૃત્ય સાથે ગરબાઓનો આરંભ કર્યો:

## (૧) વીરપૂજન *

· મિશ્ર કાફી ·

હું વીરને પૂજનારી
 વેરું ફૂલો વીરવાટે,
 હું વીરને પૂજનારી...

કુંકુમનો કરું ચાંદલો ભાલે,
અક્ષત રંગી રંગ ગુલાલે,
 માળા ધરું ઉરપાટે;
 હું વીરને પૂજનારી...

ઓવારણાં ઓવારું હું પ્રેમે,
શુભ શકુને સિધાવો ક્ષેમે,
શૂરા ઘૂમો રણઘાટે;
હું વીરને પૂજનારી...

કેસરી સાફો શિરપે સોહાવું,
ક્યો શમશેર હું કમરે ઝૂલાવું;
વીરા ઝૂમો માત માટે;
હું વીરને પૂજનારી...

## (૨) આદર્શ ગુજરાતણ *

• વાઘેશ્વરી •

દીવડે દીવડે જ્યોતિ પૂરતી;
પ્રેમનિર્ઝરિણી
રસતરંગિણી
ગુર્જરીવને કૂજે કલ્લોલિની;
દીવડે દીવડે જ્યોતિ પૂરતી.

પગલી પાડે નવપગથારે
કૌમારકુંજે કલા પ્રસારે
સત્યજીવન સ્વીકારે
દીવડે દીવડે જ્યોતિ પૂરતી.

ગરવી ગુણિયલ ગૃહમંદિરે
સ્નેહસુરભિ વેરે સંસારે
રમતી આત્મઓવારે
દીવડે દીવડે જ્યોતિ પૂરતી.

જ્યોતિપ્રકાશે આશ વિકાસે
ભૂત તણાં તિમિર દૂર ભાસે
ભમતી ભાવિ ઉજાસે
દીવડે દીવડે જ્યોતિ પૂરતી.

---

* શ્રી. મનુ દેસાઈકૃત "ગીતમાધુરી"માંથી લેખકના સૌજન્યથી સાભાર ઉદ્ધૃત.

## (૩) લહરી *

• માઢ •

હાં રે લહરી રે! મંદમંદ વાજે મીઠેરા પ્રભાતમાં.
પ્રકૃતિના ઉદ્યાને ગુલકલિકા ખીલે
એના રવે પિયુજી નિંદર ના ઝીલે
જરા કે'જે કલિકાને ધીરે ખીલે!
હાં રે લહરી રે! મંદમંદ વાજે મીઠેરા પ્રભાતમાં.
સ્હામે સરવરતીરે નાની નાવડી ડોલે
તરંગનાદે પિયુજી ઘેરાં નયણાં ખોલે
જરા કે'જે તરંગમાળ ધીરે ડોલે!
હાં રે લહરી રે! મંદમંદ વાજે મીઠેરા પ્રભાતમાં.
પીળાં પીપળપાનનાં ઝૂમખાં ઝૂલે
જેના સાદે સલૂણાનાં સ્વપ્નાં ડૂલે
જરા કે'જે પાંદડિયાંને ધીરે ઝૂલે!
હાં રે લહરી રે! મંદમંદ વાજે મીઠેરા પ્રભાતમાં.

તે પછી અનસૂયાએ બ્હેનોને ઉદ્દેશીને કહ્યું:

આ નવરાત્રિ મહોત્સવ એ આર્યોનું અતિ પ્રાચીન પર્વ છે. એમાં ઉત્સાહ, શક્તિ, ઓજસ, બળ, વીર્ય અને સાહસનાં બીજો રોપાય છે. હિંદના દરેક વિભાગમાં આ આદ્યશક્તિ ભિન્ન ભિન્ન રૂપે આર્ય પ્રજા વચ્ચે ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસની વૃદ્ધિ કરે છે. પશ્ચિમભારતમાં નવરાત્રિનો ભવ્ય દિવ્ય ઉત્સવ બ્હેનો આનંદ અને ઉત્સાહથી ઉજવે છે. બંગાળમાં તો આ શક્તિનો ઉત્સાહ એ પ્રજાકીય ઉત્સવ છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કચ્છથી તે ઠેઠ બંગાળ સુધી આ નવશક્તિની પૂજા વ્યાપક છે.

શ્રી શક્તિપૂજાનું તત્ત્વજ્ઞાન અતિ સૂક્ષ્મ અને વિદ્વાનોને બુદ્ધિગમ્ય છે. શક્તિ એટલે શ્રી પરમાત્માની અક્ષિસઃ કાર્ય અને બુદ્ધિબળ

* શ્રી. મનુ દેસાઈકૃત "ગીતમાધુરી"માંથી લેખકના સૌજન્યથી આભાર ઉદ્ધૃત.

આપનારૂં ઓજસ છે. દરેક સ્ત્રીપુરુષમાં આ ઓજસ ન્યૂનાધિક ભાવે હોય છે જ; પરંતુ આ શક્તિનો એકલો ઈજારો પુરુષોનો નથી. સ્ત્રીઓ પણ એ જ શક્તિ બતાવી શકે છે. શ્રી અહલ્યાબાઈ હોલ્કર, રજીઆ બેગમ, ચાંદબીબી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને નૂરજહાન બેગમે આ શક્તિ વ્યક્ત કરી હતી. મંડનમિશ્રનાં પત્ની ભારતીએ આ શક્તિનાં દર્શન કરાવ્યાં હતાં. શ્રી લીલાવતી ગણિતની રચયિતાએ આ શક્તિ સ્પષ્ટ કરી બતાવી હતી. મીરાંબાઈએ આ શક્તિના બળથી પ્રભુને વિષે પ્રેરણા મેળવી હતી. કેનોપનિષદમાં આ શક્તિને માટે લખ્યું છે કે

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमां
हैमवती ताहोवाच बिक्षतद्यक्षमिति

શ્રી દેવી ભાગવતમાં શ્રી રામચંદ્રજીનાં વચનો છે કે—

शक्तिहीनं च निंद्यं स्यात् वस्तुमात्रं चराचरम् ।
अतः शक्तिः सदा सेव्या विद्वद्भिः कृतनिश्चयैः ॥

**અર્થ**—ચરાચર જગતમાં શક્તિહીન વસ્તુ નિંદાને પાત્ર છે. આથી દૃઢ નિશ્ચયવાળા વિદ્વાનોએ શક્તિની સેવા કરવી જોઈએ.

પુરુષ અને પ્રકૃતિ બંને સ્વસ્વરૂપને ભૂલી ગયાં છે. તેની પુનઃસ્મૃતિ આણવા આ નવરાત્રિ મહોત્સવ ઉપયોગી ઉત્સવપ્રસંગ છે. પુરુષ ઘરનો સ્વામી છે, જ્યારે પ્રકૃતિ ગૃહની સ્વામિની છે.

પ્રાચીન શાસ્ત્રો વાંચતાં તેમાં જે અર્ધનારીશ્વરની કલ્પના શ્રી· શૂલપાણિ માટે બતાવી છે તે પ્રમાણે શ્રી શંકર જમણા અંગ તરીકે જગતના પિતા છે. વામાંગે રહેલાં જગતની આદ્યશક્તિ પાર્વતી વગર ઈશ્વર કાંઈ જ કરી શકે નહિ. સંસારમાં મનુષ્યશરીરને જેટલું દક્ષિણાંગ ઉપયોગી છે, તેટલું જ વામાંગ પણ ઉપયોગી છે. સંસારરૂપી ગાડું બંને ચક્રો વગર આગળ જઈ શકે નહિ. જમણા બળદથી ડાબો બળદ કોઈ રીતે ગાડામાં ઓછી અગત્યનો નથી.

આપણી બહેનોનો જે વર્ગ આજે અહીં એકત્ર થયો છે તે રસપિપાસુ, ઉત્સાહી અને સંસ્કારી છે. આમાંની ઘણી બાળાઓ

સંસારની રસસિંચન કરનારી શક્તિશાળી માલણો છે. એ આ રસભાર ઝીલી એના સંસ્કારોથી રસાઈ ભવિષ્યના પોતાના સંસાર, કુટુંબ-કબીલા, સગાંસંબંધી અને સખીઓની સેવામાં એનો ઉપયોગ કરો. શક્તિનો ખરો મહિમા શૌર્ય, તેજ, સાહસ, શક્તિ, વીર્ય અને ઓજસ છે. શક્તિ એટલે સ્ત્રીઓમાં જે જે શ્રેષ્ઠ, જે જે તેજોમય, કલ્યાણમય અને દિવ્ય હોય તેનો પ્રકાશ સર્વત્ર ફેલાવી દેવો.

ભગવતી આદ્યશક્તિની પેઠે ભારતની પુત્રીઓ પોતાની સમગ્ર શક્તિને એકત્ર કરી, સંગઠનપૂર્વક હિંદના દીન, અપંગ, ગરીબ અને દુઃખીઓને મદદ કરે. રેલસંકટો જેવા સમયે જે મોટું જાનમાલનું નુકસાન થાય છે તે પ્રસંગે કેડ કસીને દુઃખીઓને ભોજન, વસ્ત્રો અને આશ્રયસ્થાનો આપીને સેવા કરે, દુકાળ વખતે દુકાળીઆઓને અનાજ-વસ્ત્રોની મદદ કરી નિભાવે, મૅલેરીઆ અને બીજા રોગચાળાને સમયે દર્દીઓની સેવા કરે, ધરતીકંપોમાં જ્યારે હિંદની પ્રજાનો કોઈ ભાગ સપડાય ત્યારે તેમને માટે ફાળા ઊભા કરીને પોતાથી બનતી મદદ આપે અને અપાવે. આવી આવી ઘણી સેવાઓ સ્ત્રીઓ પોતાની શક્તિનો સદ્વ્યય કરી આપી શકે.

એક જમાનો એવો હતો કે સ્ત્રીઓ પોતાનાં ઘરકામમાં જ ઉદ્યમી રહેતી હતી. ત્યારે ધાર્મિક ક્રિયાવિધિઓ કુટુંબપરંપરામાં ઊતરી આવતી. નાના ઉછરતા બાળકનું માનસ પણ એ સંસ્કાર-પ્રવાહને ઝીલી વાતાવરણને પવિત્ર કરતું: સ્વચ્છતા, ચોકસાઈ, વિવેક, કરકસર અને ઉદ્યમથી પોતાનાં ઘરોને આ સ્ત્રીઓ સ્વર્ગ બનાવી શકે છે. અતિ પ્રાચીન કાળમાં આર્યા સ્ત્રીઓએ મહાન કાર્યો કર્યાં છે. પરંતુ વચગાળાનો જમાનો અંધકારયુગનો હતો. ત્યારે સ્ત્રીઓની વિદ્યા, કળા, શક્તિ અને ચાતુર્ય તેમનાથી દૂર થયાં. સ્ત્રીઓ એટલે વેચવાની વસ્તુ, સ્ત્રીઓ એટલે કોઈક હલકું પ્રાણી, સ્ત્રીઓ એટલે ભોગની વસ્તુ, સ્ત્રીઓ એટલે શણગારવાની વસ્તુ, ગમે તેટલી સ્ત્રીઓ પરણી શકાય,

મોટા ઝનાના નિભાવી શકાય, સ્ત્રીઓને મારી શકાય, એમને પરતંત્ર-તાની બેડીમાં જકડી શકાય: આવા અંધકારમય જમાનામાં સ્ત્રીઓ ખરેખર પછાત પડી ગઈ હતી. એમની વિદ્યા અને સંસ્કૃતિ નીચી પાયરી પર આવી ગયાં હતાં. સ્ત્રીઓ બીકણુ, ઢોંગી અને આંસુ સારતી બની ગઈ હતી.

પરંતુ હમણાં હમણાં જમાનો બદલાયો છે. યુરોપમાં સ્ત્રીઓનો ઉચ્ચ દરજ્જો, એમની ઉચ્ચ સંસ્કૃતિ, એમની મહત્તા અને એમનું ગૌરવ આપણે જોઈએ છીએ. આપણે ત્યાં પણુ સ્ત્રીઓ ઉચ્ચ કક્ષા પર આવી શકે એવાં દૃષ્ટાંતો જોઈએ છીએ. મિસિસ સરોજિની નાયડુ અને પંડિતા રમાબાઈ જેવી વિદુષીઓ પણુ આપણે ત્યાં થઈ શકે છે. હવે સ્ત્રીઓએ વિશેષ શિક્ષણુ લેવું જોઈએ. તેમણે તેમની નિરક્ષ-રતાને દૂર કરવી જોઈએ. આપણા દેશની સ્ત્રીઓમાં બે ટકા સ્ત્રીઓ પણુ અક્ષરજ્ઞાન ધરાવતી નથી. આ સ્થિતિ બહુ દુઃખદ છે. નિરક્ષરતા, અનારોગ્ય, અલ્પ જીવન અને ભયંકર ગરીબી એ આપણી સ્ત્રીઓના મોટામાં મોટા શત્રુઓ છે. એમનો આ મહાશત્રુઓથી ઉદ્ધાર કરવો જોઈએ. સ્ત્રીઓ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકશે. પોતે કટિબદ્ધ થઈ સંઘશક્તિથી પોતાને અને પોતાનાં પ્રિયજનોને દુઃખ, શોક, દરિદ્રતા અને રોગમાંથી મુક્ત કરી શકશે.

આપણી સ્ત્રીઓ અજ્ઞાનમાં સબડે છે. એઓ પીર, સાધુ, બ્રાહ્મણો પ્રત્યેની ખોટી અંધશ્રદ્ધામાં સપડાય છે. સ્ત્રીઓમાં વહેમો અને અનેક દોરાધાગા, ખોટી માન્યતાઓ, નિરર્થક કહેવાતી ધાર્મિક વૃત્તિઓ અને શુકન–અપશુકનોના રૂઢ થયેલા રિવાજો નડે છે. સ્ત્રીઓમાં જૂના ખરાબ અને વહેમી વિચારો પ્રચલિત થવા પામ્યા છે. અમુક તિથિને દિવસે બહાર ન જવાય, ફલાણા દિવસે નવું કામ ન થઈ શકે આવા આવા વગર જરૂરના વહેમો એમનામાં પ્રચલિત થયા છે. બાધા–આખડીઓ, દોરા–ધાગા, તેમ જ માદળીઆંઓનો પણુ સ્ત્રીઓ ખૂબ પ્રમાણુમાં ઉપયોગ

કરે છે. ખોટા ધાર્મિક માની લીધેલા વહેમો ઉપર એમને અંધશ્રદ્ધા ચોંટે છે. એથી એમનું આખું જીવન વહેમો, અજ્ઞાન અને અંધશ્રદ્ધા ઉપર રચાય છે. જીવન આધ્યાત્મિક બને, સુખી અને સગવડવાળું બને, નીરોગી બને તેમ જ ઉચ્ચ આદર્શવાળું બને એ માર્ગે તેઓ વળતી નથી.

જૂના જમનાના જીવનમાં પણ કેટલીક સારી બાબતો જેવી કે ઘરરખ્ખુપણું, સાદું જીવન અને કુટુંબ ઉપર અનન્ય પ્રીતિ એ સાચવી રાખીને નવીન સંસ્કૃતિની સારી વિશેષતાઓ પણ આપણે ગ્રહણ કરવી જોઈએ. અસલના જીવનમાં સ્ત્રી પુરુષ સમોવડી થવાનો દાવો કર્યા વિના જીવન ગાળતી ને પુરુષની સાથોસાથ ખેતીકામ વગેરે મહેનતનાં ક્ષેત્રોમાં કામ કરતી. આ રીતે એણે મેળવેલું આછું પાતળું ધન એની તિજોરીરૂપ પટારામાં એ મૂકતીઃ જૂનાં ફાટેલાં કપડાંનાં ગાદલાં, તોરણ, ચાકળા વગેરે હસ્તકળાનાં કાર્યોમાં તે સિદ્ધહસ્ત પણ થતી. આપણી સ્ત્રીઓએ પોતાનાં શરીરોની વિશેષ સંભાળ રાખવી જોઈએ. આપણા ખોરાકમાં બહુ ખાટા, ખારા, તીખા, વાસી અને રાજસ–તામસ પદાર્થો ખાવાથી, ખાઉધરાપણાથી, બહુ મિષ્ટાન્ન, ભજીઆં, ઢોકળાં એવાં પદાર્થોના ખોરાકથી, જલદી જલદી ચાવ્યા વગર ખાવાથી આપણું આરોગ્ય બગડે છે. આપણા અનિયમિત જીવનથી પણ આપણી તબિયત લથડે છે. કયારેક સવારના અગીઆર વાગે ખાઈએ છીએ, કયારેક બાર વાગે ખાઈએ છીએ અને કયારેક એક વાગે જમીએ છીએ. આથી આપણા આરોગ્ય પર માઠી અસર થાય છે.

આપણે ખુલ્લી હવાનો લાભ લેતાં નથી. ઘણી વખત તો ચોવીસે કલાક ઘરમાં ભરાઈ બેસીએ છીએ. સૂર્યનાં કિરણોનો તાપ પણ શરીરના આરોગ્ય માટે ખુલ્લી હવા જેટલો જ લાભકારક છે, તેનું આપણે સેવન કરતાં નથી. આપણે આહારવિહાર અને આરોગ્ય માટેના સાદા ખોરાકની ઉપયોગી સૂચનાઓ પાળવી જોઈએ. ફળો



અસલના જીવનમાં સ્ત્રી પુરૂષ સમોવડી થવાનો દાવો કર્યા વિના જીવન ગાળતી ને પુરૂષની સાથો સાથ ખેતી વિગેરે મહેનતનાં ક્ષેત્રમાં કામ કરતી ને આ રીતે મેળવેલું ધન તિજોરી રૂપ પટારામાં મુકતીઃ જુનાં ફાટેલાં કપડાના ગાંદલા ઢાંકવાનાં ચંદરવા, તોરણ, ચાકળા વિગેરે હસ્તકળાનાં કાર્યોમાં તે સિદ્ધહસ્ત ગણાતી.

અને શાકોના આહાર ઉપર વિશેષ ધ્યાન દેવું જોઈએ. જીવનને નિર્દોષ અને આનંદી બનાવવું જોઈએ. દરેક કાર્ય નિયમિત અને ઘડીઆળના કાંટા માફક કરવું જોઈએ. આપણામાં અનેક સુધારાઓની આવશ્યકતા છે. આપણા ધનવાન ગૃહસ્થોની કન્યાઓ ઉદ્યોગી જિંદગી ગુજારતી નથી. એશઆરામથી પણ તબિયત બગડે છે. સાદાં વસ્ત્રો, સાદો ખોરાક, નિયમિત જીવન, થોડીક કસરત અને ગરીબોની સેવા, એ આપણી ધનવાન સ્ત્રીઓ માટેનાં મુખ્ય કર્તવ્યો છે. પોતાના શરીરનું આરોગ્ય ડૉક્ટરોની અને વૈદ્યોની દવાથી સુધરશે નહિ, પરંતુ યોગ્ય આહાર, નિયમિત કાર્યપદ્ધતિ, યોગ્ય પ્રવૃત્તિ, યોગ્ય આરામ અને આનંદી તથા ઉલ્લાસમય વૃત્તિથી આપણે રોગોને દૂર રાખી શકીશું.

આપણામાં બાળલગ્નની ખરાબ પ્રથા હતી તે આપણા સારા યોગે નાશ પામતી જાય છે. આપણી બાળાઓ આરોગ્યના નૈસર્ગિક નિયમો પાળે તો તેમનાં શરીરો સુદૃઢ મજબૂત બને; કસાયલાં, મહેનતુ અને ખડતલ શરીરવાળી બાળાઓ સારાં સશક્ત અને બળવાન બાળકોની માતાઓ બની શકે. માતા જો આરોગ્યવાન હોય તો બાળક મજબૂત અને દીર્ઘજીવી બને છે આપણી દોહદાવસ્થાવાળી સ્ત્રીઓ ગર્ભાવસ્થા સમયે જો સારું, સંયમી અને નિયમિત જીવન ગાળે તો એમને પ્રસવસમયની પીડાઓ કે તકલીફો વેઠવી પડે નહિ આપણે ત્યાં આ વિષયમાં ખૂબ અજ્ઞાન હોવાથી પહેલી સુવાવડ વખતે બાળાઓમાં ભયંકર મરણપ્રમાણ રહે છે. અનેક કસુવાવડો થાય છે, સુવારોગો લાગુ પડી તેમનાં જીવન ધૂળધાણી થઈ જાય છે. આપણી યુવાનીમાં પ્રવેશ કરતી ઘણી બાળાઓ પીળી ચામડીની, ફિક્કા ચહેરાવાળી, આંખો ઊંડી ઊતરી ગયેલી હોય એવી અને દુબળી જોવામાં આવે છે. ઘણી બાળાઓને આર્તવ, પ્રદર અને હીસ્ટીરીઆ જેવા રોગો લાગુ પડ્યા હોય છે, છતાં આ વાતને એઓ છુપાવે છે. એવે વખતે યોગ્ય આહારવિહારથી રહીને અનુભવી વૈદ્ય ડૉક્ટરોની તેઓ દવા કરતી નથી. રોગોનો યોગ્ય ઉપચાર કર્યા વગર એમની જીવનવેલ કરમાયા કરે છે.

ઘણી બાળાઓના પતિઓ જિંદગીની સૌથી મોટી ભૂલો કરી અયોગ્ય અસંયમી જીવનથી દુષ્ટ ચેપી રોગોથી સપડાય છે. આવા રોગી પતિઓના રોગોનો ચેપ બાળાઓનાં શરીરમાં પ્રવેશવા પામે છે. લોકલાજના અપવાદની બીકે યોગ્ય ઉપાયો કરવામાં આવતા નથી. તેના પરિણામે આ ખીલતી કળીઓ જેવી બાળાઓ ભારે રોગગ્રસ્ત થઈ અકાળે મૃત્યુને પ્રાપ્ત થાય છે. આપણામાં યુવાન સ્ત્રીઓનું મરણ-પ્રમાણ ઘણું મોટું છે. આપણી યુવાન સ્ત્રીઓમાં સૌંદર્ય છે, પણ મોટા પ્રમાણમાં નબળાઈ, ફીકાશ, અતિ કોમળતા, સુસ્તી, બેચેની અને વિષાદ પણ હોય છે. જે સ્ફૂર્તિ, શક્તિ, સાહસ, યૌવનોત્સાહ અને ઉલ્લાસ જોઈએ તે દેખાતા નથી. વિકાસ, પ્રગતિ, તેજસ્વિતા, આગળ ધપવાનો ઉત્સાહ, આહ્લાદમય જીવન અને વિદ્યાનો પ્રકાશ તથા જ્ઞાનનું ઓજસ્વીપણું આપણી એ દેવીઓને પ્રાપ્ત થતાં નથી. આપણે જ આપણાં ભાગ્યોના વિધાતા છીએ. સ્વાવલંબન, સ્વાશ્રય અને પોતાની સુધારણાથી આપણે સ્ત્રીઓ આપણી રહેણી-કરણીની કુટેવો અને ભૂલો સુધારી શકીશું.

આપણામાં બાળમરણનું પ્રમાણ પણ કેટલું ભયંકર છે! યુરોપના દેશોના પ્રમાણમાં આપણે ત્યાં ત્રણગણું બાળમરણપ્રમાણ આવે છે. ઘણા રોગો જે આપણે સુયોગ્ય ઉપાયો અને ચિકિત્સાથી દૂર કરી શકીએ છીએ તેવા રોગોથી બાળકો બાળવયમાં જ ઝડપાઈ જાય છે. સ્વચ્છતા, નિયમિતતા, નૈસર્ગિક જીવનપદ્ધતિ અને યોગ્ય ઉપચારોથી આપણાં બાળકો નીરોગી બની શકે છે. આપણો દેશ ઘણો ગરીબ છે. બાળમરણપ્રમાણ વધારે હોવાનું કારણ ઘણાંઓ ગરીબીમાં માને છે. પરંતુ ગરીબી એ એક જ મુખ્ય કારણ નથી. ધનવાનોનાં બાળકોનું મરણપ્રમાણ પણ ઘણું મોટું છે. વિવાહ, ગર્ભાધાન, યોગ્ય સંભાળ અને બાળપ્રસવ તથા ઉછેર સંબંધી આપણે કુદરતના કાયદાઓનું પાલન કરીને જ જીવન જીવવું જોઈએ. સ્ત્રીઓ રૂઢિચુસ્ત છે. ઘણી

ખરાબ રૂઢિઓ—જેવી કે બાળવિવાહ, સ્વચ્છતાની ખામી, રોગો છુપાવવાની કુટેવ, યોગ્ય ઉપચારો માટે બેદરકારી, ગુહ્ય અવયવોનો દુરુપયોગ, શારીરિક જ્ઞાનની ખામી વગેરેથી આપણે અનારોગ્ય ભોગવીને આપણી આયુષ્યમર્યાદાને ટુંકાવી નાખીએ છીએ.

આપણે બીજાઓની ભૂલો જોવા કરતાં પોતાની ભૂલો જોવી જોઈએ સજ્જન પુરુષોના ઉપદેશો, સારા ગ્રંથોનાં વાચન અને જ્ઞાન મેળવવાની દૃઢ ઈચ્છા અને સારા અનુભવો જીવનના આચારમાં આણવાની વૃત્તિથી જ આપણે આપણી ઉન્નતિ કરી શકીશું. સ્વાર્થ-ત્યાગી પરમાર્થ તરફ ઢળીશું ત્યારે જ સમાજ ઉચ્ચ માર્ગે પ્રયાણ કરશે. આપણા સંયુક્ત કુટુંબની પ્રથા સંપ હતો ત્યાં સુધી સ્વર્ગ સમાન સુખ આપતી હતી. જમાનો બદલાય છે. આ પ્રથા પોતાનું ઉપયોગીપણું ખોઈ નાખતી આવે છે. સ્નેહલગ્નો, સ્વતંત્ર દંપતી-જીવન, જાહેર પ્રવૃત્તિઓ અને આર્થિક સ્વતંત્રતા એ હવે સ્ત્રીઓએ શુદ્ધ કરીને પોતાના જીવનમાં લાવવાં જોઈશે. જમાનાનો નવો વેગ આવે છે તેના પૂરને આપણે અટકાવવું જોઈએ નહિ. પરંતુ એમાંના મલિન અંશો દૂર કરી શુદ્ધ અંશો જીવનમાં દાખલ કરવા જોઈએ. સ્ત્રીઓ પોતાનું સંગઠન કરી દેશોદય, લોકોદય, ગ્રામોદય, ઉદ્યોગ, કળા, હુન્નર અને સંગીતના ઉદયોમાં પોતાની શક્તિઓને ખર્ચે એ આજનો જમાનો માગી રહ્યો છે.

સર્વે ભારતવાસી બહેનોને મારી નમ્ર વિનંતિ છે કે બહેનો! ઊઠો, જાગ્રત થાઓ, સંઘશક્તિ કેળવો, હૃદયમંદિરની અંદર પ્રકાશ લાવો, ખૂબ કામ કરવાનો મોકો મળ્યો છે. તમારી વિદ્યા, શક્તિ અને જ્ઞાનનો લાભ તમારી અન્ય બહેનોને આપો. બહેનોમાં સ્વદેશ, સ્વદેશીની ભાવના અને સ્વત્વ પ્રેરી એમને કલ્યાણમાર્ગે લઈ જાઓ. સ્વદેશનો મહિમા ગાઓ, સ્વદેશી પ્રદર્શનો ભરો, કટિબદ્ધ થઈને પોતાની બહેનોને અક્ષરજ્ઞાન આપો, એમને કળાકૌશલ્યને માર્ગે લઈ જાઓ. ખૂબ કાર્યો કરવાની ધગશ તમારામાં જાગો. તમે દયાની,



[ ચિત્રકાર શ્રી. કનુ દેસાઈ ]

જમાનાનો નવો વેગ આવે છે તેના પૂરને આપણે અટકાવવાં જોઈએ નહિ; પરંતુ એમાંના મલિન અંશો દૂર કરી શુદ્ધ અંશો જીવનમાં દાખલ કરવા જોઈએ.

કરુણાની, કૃપાની મૂર્તિઓ અને દેવીઓ બનો. તમે જે જે શ્રેયસ્કર છે, જે જે શ્રેષ્ઠ છે, જે જે ઉન્નત છે, દિવ્ય છે, પવિત્ર છે, કલ્યાણમય છે, જ્ઞાનમય છે, પ્રકાશમય છે તે સર્વે તમારા દ્વારા હિંદની નારીઓને સાંપડો, એવી પરમાત્મા પાસે મારી પ્રાર્થના છે.

મંગલ મંદિર ખોલો દયામય મંગલ મંદિર ખોલો રે
તિમિર ગયો ને જ્યોતિ પ્રકાશ્યો શિશુ સહ પ્રેમે બોલો રે
દિવ્ય તૃષાતુર આવી બાળક, પ્રેમે અમીરસ ઢોળો રે.

—નરસિંહરાવભાઈ

# ગુજરાતની નવી નારીના આદર્શો

**અ**નસૂયાના માળામાં ચોથે માળે રહેતાં એમનાં ઓળખીતાં એક બહેન છે. તેમણે ઇન્ટરની પરીક્ષા પાસ કરી છે. એક વેપારી યુવક સાથે એમનાં લગ્ન થયાં છે. પુસ્તકવાચનનાં શોખીન છે, પરંતુ ઘરમાં વાતાવરણ જૂના જમાનાનું છે. આથી એ બહેનને યોગ્ય માનસિક ખોરાક મળતો નથી. સાસુ ભલાં છે; આખો દિવસ કુટુંબસેવામાં પસાર કરે છે. ગામડાનાં મૂળ રહેવાસી હોવાથી શરીરે સશક્ત અને મહેનતુ છે. સાધારણ રીતે પૈસેટકે સુખી કુટુંબ ગણાય, છતાં પચાસ વરસનાં આધેડ સાસુ પ્રાતઃકાળના પાંચ વાગ્યાથી રાત્રિના દસ વાગ્યા સુધી નાનાંમોટાં ઘરકામ કરે છે. શહેરમાં પણ એમણે પોતાની પ્રિય લોટ દળવાની ઘંટી મેડાના કાતરીઆમાં સાચવી રાખી છે. દરરોજ વહેલાં ઊઠીને એ એમની ઘંટીએ બેસે છે. સાથે નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંનું સંગીત પણ ધીમે હલકે ઘંટીમાં સૂર પૂરે છે. તેઓ

રસોઈ પણ હાથે કરે છે. નોકરબાઈ ઘરનાં કપડાં ધોવાનું, વાસણો માંજવાનું અને બીજું કુટકળ કામ કરે છે. બાકી ઘરનું ઘણુંખરૂં કામ સાસુના કસાયલા અવયવો કરી નાખે છે.

બે નણંદો ૧૦ અને ૧૩ વરસની છે. બંને સ્વભાવે માયાળુ છે. પોતાની ભાભી ઉપર સારો સ્નેહ રાખે છે—વહાલસોઈ છે. બંને કન્યાશાળામાં અંગ્રેજી બીજી અને ચોથી ભણે છે, છતાં માતાની તાલિમને લીધે એમને ઘરકામનો કક્કો આવડે છે. સાસુ જૂના વિચારનાં છે; માત્ર તુલસીકૃત રામાયણ વાંચી શકે એટલું એમનું શિક્ષણ છે. તે સિવાય સંગીત, ચિત્રકળા, સાહિત્ય, વર્તમાનપત્રો કે બીજી કોઈ પણ વિદ્યા પ્રત્યે એમને પક્ષપાત કે તેનું જ્ઞાન નથી. રામજીનું મંદિર અને ઘર એ જ એમનું જગત છે. બંને નણંદો પણ પોતાના શિક્ષણના જ્ઞાન સિવાય બીજી કાંઈ સંસ્કૃતિ ધરાવતી નથી.

આ બહેનનું નામ અરૂંધતી છે. એમના પતિદેવ મેટ્રિક થયા છે. એ પિતાને વેપારમાં મદદ કરે છે. સ્વભાવે અને વ્યવહારમાં સરળ અને વહાલસોયા છે. પોતાનાં પત્ની પ્રત્યે શુદ્ધ હૃદયનો પ્રેમ ધરાવે છે, એનું મન પ્રસન્ન કરવા પોતાની શક્તિ અનુસાર પ્રયત્નો કરે છે, પોતાને રોજીંદાં વર્તમાનપત્રો વાંચવા સિવાય બીજો કોઈ શોખ એમને નથી. સાહિત્ય, સંગીત, પુસ્તકોની સોબત એ ત્રણેનો એમના જીવનમાં સુમેળ નથી. કયારેક કયારેક સિનેમા જોવા જાય છે, એમને બીડી, તમાકુ જેવાં નાનાં વ્યસનો હેરાન કરતાં નથી. એમણે પોતાના વેપારના વિષયમાં એકાગ્રતા કેળવી છે. બાકી સાદા સીધા સાધારણ બુદ્ધિમાન યુવક છે. એમનું માનસ યુવાનોચિત ઉલ્લાસ અને પ્રફુલ્લતા ધરાવતું નથી; કારણ કે વેપારી સંસ્કારોએ એમને ગંભીર અને ચિંતાશીલ બનાવી દીધા છે.

કુટુંબના વડીલ સાઠ વરસની વયના જૂના જમાનાની લઢણવાળા પ્રૌઢ ગૃહસ્થ છે. અંગ્રેજી ભણ્યા નથી, પરંતુ ગુજરાતી વર્તમાનપત્રોના



બહેન અરુંધતી

સમાજમાં જેને આગળ આવવાની અત્યંત ઉત્કંઠા છે.

શોખીન છે. કોઈવાર કીર્તિદાન આપે છે. પોતાના પ્રારબ્ધના પોતે ઘડવૈયા છે. સંસારની અનેક લીલીસૂકી એમણે જોઈ છે. બ્રાહ્મણભોજન, ગૌસેવા અને મૂર્તિપૂજામાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર છે, જૂનું તે સોનું એવું કાંઈક માનસ છે, રહેણીકરણીમાં બહુ સાદા છે. બાળપણાને વટાવ્યા પછી પોતાના ખભા ઉપર કાપડના તાકા ઉપાડી ફેરી કરી છે. તેથી શરીર ખડતલ અને મહેનતુ હોવાથી સારું આરોગ્ય ભોગવે છે. વ્યવહારમાં જેને પુરા "પાકા" કહીએ તેવી વલણનો એમનો સ્વભાવ છે. કોઈને છેતરે પણ નહિ, તેમ કોઈનાંથી છેતરાય પણ નહિ એવું માનસ ધરાવનારા છે. દરેક ક્રિયા વેપારની રીતે જોખી જોખી વિચારી વિચારીને કરે છે.

બહેન અરૂંધતીની મહત્ત્વાકાંક્ષાઓ વિશાળ છે. એમને સાહિત્ય-ક્ષેત્રમાં આગળ ધપવું છે. પોતાના શિક્ષણના સમયમાં સ્ત્રીઓનાં માસિકોમાં લેખો લખવાનો એમને મહાવરો હતો. એમને સંગીતનો પણ શોખ છે; દિલરૂબા ઉપર એમનો હાથ સારો બેસી ગયો છે, હારમોનીઅમ પણ સરસ રીતે બજાવી શકે છે, ચિત્રકળામાં પણ એમનું હૃદય રાચે છે; સરોવરનાં દૃશ્યો, સાગરનાં મોજાંઓ, ધોધોના પ્રપાતો, સૂર્યાસ્ત, સૂર્યોદય, પક્ષીઓના કલ્લોલો અને વૃક્ષોની વનરાજીઓનાં ચિત્રો ચિત્રફલક ઉપર ઉતારવાનો એમને ખાસ શોખ છે. તે વિષયમાં એમણે પ્રગતિ પણ કરી છે. અંગ્રેજી સાહિત્યનાં સુંદર પુષ્પો સૂંઘવાં એમને ગમે છે. ગુજરાતી સાહિત્ય પણ પ્રેમથી વાંચે છે. સાહિત્ય, સંગીત કે ચિત્રકળાની ચર્ચા કરનારાઓ વચ્ચે એમનું વ્યક્તિત્વ દીપી નીકળે છે. સભાઓ ગજાવી તાળીઓથી શાબાશી મેળવવાનાં એને સ્વપ્ન આવે છે. સ્ત્રીઓની ઉન્નતિ કરવાના એ કોડ સેવે છે.

બહેન અરૂંધતી ગૃહકાર્યમાં બિલકુલ દક્ષ નથી: બલ્કે કાંઈક સૂગ પણ છે. કપડાં ધોળાં, ચૂલાનો તાપ સહન કરવો, પાણીનાં બેડાં

ભરીને ઉપાડી લાવવાં, સાસુજીની ઘંટી ચલાવવી, ઘરમાં ઝાડુ કાઢવું, રસોઈ તૈયાર કરવી, સૌ વસ્તુઓને ગોઠવીને રાખવી, વાસણો માંજીને ચકચકિત રાખવાં, નવી નવી જાતનાં સ્વાદિષ્ટ ભોજનો તૈયાર કરવાં, ઠાકુરજીની સેવા કરવી, ગાયોની સેવા કરવી, રસોડામાં ઘી, દૂધ, અનાજની વપરાશ યોગ્ય પ્રમાણમાં કરવી વગેરે કામો તરફ એને કોઈ પ્રીતિ નથી. એટલે એવાં કામોમાં ઉત્સાહ વગર એમાં વ્યુત્પન્ન કેમ પણ થવાય ? બહેન અરૂંધતી પોતાનાં વસ્ત્રો, પુસ્તકો અને વાદ્ય તથા ચિત્રસાધનો સિવાયની અન્ય વ્યવસ્થા ઉપર પ્રેમ ધરાવતાં નથી; એમાં એમને આવડત પણ નથી, સાસુજીના પગ ચાંપવાનું માનસ એમને અનુકૂળ નથી; દેવદર્શને પણ કદીકદી સાસુને પ્રસન્ન કરવા જાય છે. જૂના માનસના વ્યવહારો તરફ એમને અણગમો છે, વિવાહ અને સીમંત સમયે ગવાતાં બેસૂરાં અને સંગીત રહિત ગીતો તરફ તદ્દન અભાવ છે. એવી ઘણી ક્રિયાઓ અને રીતરિવાજો એમને બેહૂદાં લાગે છે.

બહેન અરૂંધતી ગાંધીવાદી છે: પણ એનું કુટુંબ ગાંધીવાદી નથી. અરુંધતી ખાદીધારી છે: સાસરા વિલાયતી વસ્ત્રો પરિધાન કરે છે. સ્વદેશી માનસ કે વિચારો એ કુટુંબના હૃદય સુધી પહોંચ્યા નથી, આઝાદીનાં સ્વપ્નાં એમની નિદ્રા સમયે આવતાં નથી, સસરાજી કયારેકયારેક દેખાદેખી અને કીર્તિના લોભે આવાં દેશનાં કામોમાં પૈસા આપે છે, પરંતુ એમને હૃદયને આવાં કામો સ્પર્શતાં નથી. પતિ પત્નીના આગ્રહથી ખાદીધારી જરૂર થયા છે, પરંતુ એમને ખાદીનો ઊંડો રંગ લાગ્યો નથી, હૃદય રંગાયું નથી. સાસુજી તો સ્પર્શાસ્પર્શમાં ભારે શ્રદ્ધાળુ છે, કાંઈક મરજાદી જેવાં છે. સુધારાને ગાંધીપંથીઓનો શંભુમેળો અને અનાચાર ગણી એ તરફ એમને ખરા હૃદયનો દ્વેષ છે. 'પીટ્યાં ગાંધીડાં' એ શબ્દો કયારેકયારેક ઓચિંતા એમના હોઠોમાંથી બહાર આવી જાય છે.

છતાં બહેન 'અરૂંધતી' સ્વતંત્ર રીતે ઘરમાં રેંટીઓ પોતે કાંતે છે, પતિને સમજાવી રેંટીઓ કાંતતાં શીખવ્યું છે. નણંદો પાસે

પણ રેંટીઓ કંતાવે છે નણંદોને સમજાવીને પોતાના સાથમાં લેવાની એને થોડી ઘણી સફળતા મળી છે. સાસુજી આ સર્વે હિલચાલો તરફ અણગમાની દૃષ્ટિએ જુએ છે. સમજુ છતાં ક્યારે ક્યારે બબડે છે, ક્યારેક ધમકાવીને પણ એ બે બોલ કહી લે છે. એમને મન ઘોર કળિયુગ બેઠો છે. સસરાજીએ તટસ્થતા જાળવી છે. બંને વિરોધી તત્ત્વોમાં પોતાની પત્નીના વિચારો પ્રત્યે દિલસોજી છતાં વહુને દુભાવવા રાજી નથી. તેમ છતાં વહુને સરઘસોમાં કે પીકેટીંગમાં ભાગ લેવાની પરવાનગી આપે તેમ નથી. ઘર બેઠાં જે કાંઈ વહુ કરે તેમાં એ વાંધો લેતા નથી.

અરૂંધતી શરીરે સુકલકડી છે. ઘરકામમાં એનું દિલ ચોંટતું નથી. એથી મળતી કસરત એમને મળતી નથી, અને શરીરનું ખડતલપણું આવ્યું નથી. કસરતો તરફ પહેલેથી જ સદ્ભાવ નહોતો. સ્કૂલમાં પણ વાંચવા લખવા અને વિચારવામાં પુષ્કળ સમય એ ગાળતી હતી. આ ઉપરાંત આરોગ્ય કેમ સારી રીતે રાખવું, કેવી રીતની દિનચર્યા રાખવી, તેમ જ નિયમિતતા અને મિતાહારના પણ એમને સંસ્કારો નહોતા. ખાવાનો ખાસ શોખ નહોતો. જે સમયે જે મળી રહે તે ખાઈ લેતાં, નિયમિત આહારવિહાર અને કાર્યપદ્ધતિ નહોતાં. ખુલ્લી હવા, સૂર્યનો પ્રકાશ લેવાની અને પગે ચાલવાની ટેવ પણ એણે કેળવી નથી. રાત્રે મોડે સુધી વાંચવું અને પ્રાતઃકાળે આઠ નવ વાગ્યા પહેલાં પથારી છોડવી નહિ એવી ટેવો પણ પડી હતી. જલદી જલદી દાતણ કરી લેવું, મોઢું બરાબર સાફ ન કરવું, એવી ઉતાવળ પણ થતી હતી. સ્નાન કરવાની બાબતમાં પણ ઉતાવળ જ હતી. અંગો ચોળીને ઠંડા પાણીથી સરસ રીતે નાહવાનું એમને ગમતું નહોતું.

# રાષ્ટ્રીય ઉત્થાન

હિંદ જેવા ૩૯ કરોડની વસતીવાળા અને પ્રાચીન દેશ ઉપર ગ્રેટબ્રિટન જેવો માત્ર ૪ાા કરોડની વસતીવાળો દેશ ૬૦૦૦ માઈલ દૂરથી ૧૫૦ વરસ અખંડ રાજ્ય કરે, એ તે દેશના કૌશલ્ય અને આપણી નબળાઈનાં સાક્ષીરૂપ છે. ૧૮૫૭–૫૮ ના બળવામાં જે બળોએ અંગ્રેજ સરકાર સામે માથું ઊંચકયું હતું તે બળો નિર્દોષ અને પવિત્ર નહોતાં; એની પાછળ પ્રજાકીય ભાવના કામ કરતી નહોતી. એ બળવો નિષ્ફળ નીવડચો તેમાં કુદરતનો પણ હાથ હતો.

૧૯૦૫ માં બંગભંગને લીધે બંગાળમાંથી નીકળેલો ચેતનપ્રવાહ આખા હિંદમાં પ્રસરી ગયો. સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ, સ્વરાજ અને સ્વાવલંબનનાં વમળો હિંદમાં ફરી વળ્યાં. બંગભંગ રદ થતાં એની અસર ઓછી થઈ.

મહાત્મા ગાંધીજી ઈ. સ. ૧૯૧૪ માં દક્ષિણ આફ્રિકામાંથી

હિંદમાં આવ્યા. દક્ષિણ આફ્રિકામાં પણ એમણે હિંદીઓના ન્યાયપૂર્ણ હક્કોની બાબતમાં અસહકારથી ત્યાંની સરકારની સાથે લડત ચલાવી હતી. હિંદમાં આવી મહાત્માજીએ એમના રાજ્યદ્વારી ગુરુ શ્રી. ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી એક વરસ સુધી આખા હિંદના બધા પ્રાંતોની મુલાકાત લઈ પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. ૧૯૧૬ સુધી એમણે દેશની રાજ્યદ્વારી ચળવળમાં બહુ થોડો ભાગ લીધો. અમદાવાદમાં આશ્રમ સ્થાપી ગાંધીજી સીવવા, દળવા, વણવા અને રાંધવાનાં કામો પોતાને હાથે કરતા હતા. બ્રિટન લડાઈમાં રોકાયલું છે તે સમયે એને પજવવું નહિ એવી વિચારશ્રેણી મહાત્માજી તે સમયે ધરાવતા હતા.

આ સમયે સ્વરાજની ચળવળ લોકમાન્ય તિલક અને મિસિસ એની બિસેન્ટ ચલાવતાં હતાં. ગાંધીજી એમાં સક્રિય ભાગ લેતા નહિ.

૧૯૧૭ થી મહાત્માજીની રાજકીય પ્રવૃત્તિની શરૂઆત થઈ. હિંદમાંથી ગીરમીટીઆ મજૂરોને આંબા આંમલી દેખાડી ફીજીના ટાપુમાં લઈ જતા, ત્યાં એમના ઉપર અમાનુષી જુલમ ગુજારવામાં આવતા. એ રદ કરવવાને ગાંધીજીએ કમર કસી. ૧૯૩૭ ના મે માસની તા. ૩૧ મી સુધીમાં આ ગિરમીટીઆ પદ્ધતિ બંધ થવી જ જોઈએ, એવી એમણે સમયમર્યાદા મૂકી. એ મુદત વીત્યે જો એક પણ મજૂરને ગિરમીટીઆ પદ્ધતિથી ફીજી ખાતે મોકલવાનું ચાલુ રહે તો અસહકાર શરૂ કરવાની એમણે તૈયારી બતાવી. સરકારે એ તારીખ પહેલાં જ ગિરમીટીઆ પદ્ધતિ રદ કરીને અસહકાર શરૂ થવા દીધો નહિ.

ચંપારણ્ય (બિહાર) માં ત્યાંના યુરોપીઅન બગીચાવાળા હિંદી ખેડૂતો સાથે ઘણી જ સખ્તાઈથી વર્તતા હતા. મહાત્માજી જાતે તપાસ કરવા ૧૯૧૭ ના એપ્રિલ માસમાં ચંપારણ્ય ગયા. મોતીહારીના કલેકટરે મહાત્માજીને ચંપારણ્ય છોડી જવા હુકમ કર્યો. તેનો ગાંધીજીએ વિનયપૂર્વક અનાદર કર્યો. સરકારની ખાસ સૂચનાથી મેજીસ્ટ્રેટે પોતાનો હુકમ પાછો ખેંચી લીધો. અને બગીચાવાળાઓએ પણ નમતું આપ્યું.

વળી વિરમગામ સ્ટેશને કાઠિયાવાડના ઉતારૂઓના સામાનની તપાસ થઈ જકાત લેવાતી હતી. મહાત્માજીએ આ થાણામાં પડતી મુશીબતો રદ કરવા સરકારને વિનંતિ કરી. કંઈ પણ કડવો બનાવ બને તે પહેલાંજ આ જકાતનું થાણું રદ કરવામાં આવ્યું, એટલે આ વિષયમાં આગળ કાંઈ પગલાં મહાત્માજીએ લીધાં નહિ.

૧૯૧૭ માં ત્રણ લડતો સફળતાથી પૂરી કરી ૧૯૧૮ માં પણ મહાત્માજીએ પોતાનું અથાક આત્મબળ બતાવ્યું. અમદાવાદના મિલ-મજૂરોની હડતાલ ભાંગી પડવાની તૈયારીમાં હતી. મહાત્માજીએ સમાધાન ન થાય ત્યાં સુધી પોતે અનશન વ્રત લેવાનું જાહેર કર્યું. ત્યાં તો ત્રણ દિવસમાં સમાધાન થઈ ગયું.

ખેડા જિલ્લામાં ૧૯૧૮ માં અતિવૃષ્ટિથી પાક નાશ પામ્યો, એ સ્થિતિમાં સરકારે પણ ખેડૂતો પાસેથી પૂરૂં ભરણું માંગ્યું. ૧૯૧૮ ની ૨૨ મી માર્ચે મહાત્માજીએ નડિયાદ મુકામે આ લડત શરૂ કરી. સરકારે ગાંધીજીએ મૂકેલી તપાસની શરત કબૂલ કરી એટલે સત્યાગ્રહ મોકુફ રહ્યો.

૧૯૧૯ માં સરકારે રૉલેટ એકટનો કાયદો પસાર કર્યો. મહાત્માજી સખ્ત બિમાર હતા છતાં એમણે સત્યાગ્રહની લડત ઉપાડવાની ઘોષણા કરી. તા. ૨૩મી ફેબ્રુઆરીએ સાબરમતી આશ્રમમાંથી એ સત્યાગ્રહની શરૂઆત થઈ. તા. ૭મી એપ્રિલને દિને ગાંધીજીએ પોતાની જપ્ત થયેલ ચોપડીઓ ફરી છપાવીને મુંબઈ ખાતે અસહકાર જાહેર કર્યો. તે પલવલના સ્ટેશને મહાત્માજીની ધડપકડ થઈ. હિંદભરમાં હડતાલો ઊભી થઈ. ચૌરીચોરાના અત્યાચારના પ્રસંગમાં કેટલાક પોલિસોને લોકોએ બાળી નાખ્યા, પરિણામે આવી હિંસાથી કંટાળીને મહાત્માજીએ અસહકાર પાછો ખેંચી લીધો. દોઢ વર્ષે કાળા કાયદા ધારાપોથીમાંથી મુદત વીતતાં સ્વયમેવ રદ થયા.

૧૯૧૯ ની આખરે તુર્કીને ખિલાફત સંબંધી અંગ્રેજ સરકારે

અન્યાય કર્યો છે, અને તુર્કોની સ્વતંત્રતા ઉપર તરાપ મારી છે, એવી હિંદના મુસ્લીમોની માન્યતા થવાથી એમણે સત્યાગ્રહની ચળવળમાં ભાગ લીધો. પંજાબમાં સર માઈકલ ઓડવાયરની સરકારે અત્યાચારો કર્યાં હતા, એ પણ કારણ લઈને અસહકારની ચળવળ ૧૯૨૦ ની શરૂઆતમાં શરૂ થઈ. તા. ૧૭મી એપ્રિલ ૧૯૨૦ ની ખિલાફત પરિષદમાં નીચેના ઠરાવો થયાઃ

(૧) સરકારી નોકરી અને ધારાસભાના સભ્યપદનાં રાજીનામાં આપવાં;

(૨) પોલિસ અને સૈન્યની નોકરીઓ છોડી દેવી;

(૩) કર આપવાનું બંધ કરવું.

તા. ૧ લી ઑગસ્ટ ૧૯૨૦ ના રોજ અસહકારની લડત શરૂ કરવાનો ગાંધીજીએ આરંભ કર્યો. જલિયાંવાળા બાગમાં વૈશાખી મેળાને અંગે થએલા હત્યાકાંડને આગળ ધરી પંજાબના જુલમોનું કારણ પણ ખિલાફત સાથે જ ઉમેરાયું. આખા દેશમાં હડતાલ પાડી સત્યાગ્રહની શરૂઆત થઈ. ધારાસભા છોડવી, શાળા-કૉલેજનો ત્યાગ કરવો, સરકારી સંસ્થાઓ છોડી દેવી, હિંદુમુસ્લીમોનું ઐક્ય સાધવું, અસ્પૃશ્યતા નિવારવી, રેંટીઓ કાંતવો, શત્રુ પ્રત્યે પણ પ્રેમ રાખવો વગેરે કાર્યક્રમ ગાંધીજીએ પ્રજા સમક્ષ મૂક્યો.

મુસ્લીમોના આગેવાન નેતા અલી બિરાદરો મૌલાના મહમદઅલી અને શૌકતઅલી આ ચળવળમાં ઉત્સાહ સહિત જોડાયા. ૧૯૨૧ ના નવેમ્બર માસમાં નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની પધરામણી પ્રસંગે અસહકાર પૂરજોસમાં હતો. ઘણાખરા નેતાઓ જેલમાં પુરાઈ ગયા હતા. એક વરસમાં સ્વરાજ મેળવવાનો દૃઢ નિશ્ચય મહાત્માજીએ જાહેર કર્યો હતો. ૧૯૨૧ માં સત્યાગ્રહની એ ચળવળ પૂરજોસમાં ચલાવવામાં આવી.

૧૯૨૧ ના એપ્રિલમાં મહાસભાની સમિતિએ એક કરોડ કોંગ્રેસ

સભ્યો નોંધવા, એક કરોડ રૂપિયાનું ફંડ ભેગું કરવા અને ૨૦ લાખ રેંટિયા ચલાવવાનો ઠરાવ કરી દેશને હાકલ કરી. એના પરિણામે ૨૫ લાખ સભ્યો નોંધાયા, ૨૦ લાખ રેંટિયા ચાલુ થયા અને લગભગ ૧ કરોડ રૂપિયાનું ફંડ થયું. મહાત્માજીએ તા. ૧ ઑગસ્ટને દિવસે લોકમાન્ય તિલકની જયંતિ ઉજવવા માટે પરદેશી કાપડનો બહિષ્કાર જાહેર કર્યો, ચહાનો બહિષ્કાર પણ શરૂ થયો. દારૂની દુકાનો ઉપર ચોકી બેઠી, ખાદીની સફેદ ટોપીઓ પહેરવાની શરૂઆત થઈ.

અસહકારના સિદ્ધાંતોમાં શત્રુ પ્રત્યે પણ પ્રેમ રાખવો, અહિંસામય વૃત્તિ રાખવી અને મન ઉપર કાબુ રાખવો, સત્ય બોલવું, સૂતર કાંતવું, ખાદીનાં વસ્ત્રો પહેરવાં; કદી પણ કોઈનું અપ્રિય ઇચ્છવું નહિ—આટલી બાબતોનો સમાવેશ થાય છે. આ માર્ગે હિંદ માટે સ્વરાજ મેળવવાની મહાત્માજીએ હિંદની પ્રજાને ચાવી આપી. હિંદી પ્રજાને શિસ્ત, નિયમિતતા, આપભોગ, સહનશક્તિ અને સ્વતંત્રતાના પાઠ આ માર્ગે આપવાની મહાત્માજીએ શરૂઆત કરી. પ્રજામાં જુસ્સો ઉત્પન્ન કરી એને યોગ્ય માર્ગે દોરવવાની મહાત્માજીની વૃત્તિ હતી. સ્ત્રીઓ, પુરુષો અને બાળકો સૌને માટે યોગ્ય કાર્યક્રમ હતો. બ્રિટિશો ઉપર જરા પણ દ્વેષ ન કરવાની એમાં જોગવાઈ હતી.



૩૬

# અરુંધતી ઝંપલાવે છે.

ચારે તરફ દારૂની દુકાનો ઉપર બહેનોનું પિકેટિંગ (ચોકી) લાગી ગયું હતું. દારૂનાં વાર્ષિક લિલામોમાં સરકારને જે મોટી આવક થતી હતી તેમાં બહુ જ મોટો ઘટાડો થયો. ક્યાંક ક્યાંક તો ½ જેટલી જ માત્ર પેદાશ થઈ. બહેનો કેસરી સાડીઓ પહેરીને પિકેટિંગ કરવા નીકળી પડી. ચહાની દુકાનો ઉપર પણ પિકેટિંગ હતું. પરંતુ બહેનોનું મુખ્ય ધ્યાન દારૂની દુકાનો ઉપરની ચોકી ઉપર હતું યુવાન અને વૃદ્ધ સ્ત્રીઓ બબ્બે અને ત્રણ ત્રણના જૂથમાં વહેંચાઈ દુકાને દુકાને ચોકી કરવા બેસી ગઈ. ત્યાં અનેક જાતના દેખાવો જોવામાં આવતા. દારૂડીઆઓ–હિંદુ, મુસ્લીમ, ખ્રિસ્તીઓ–દારૂ પીવા માટે દારૂનાં પીઠાંઓ તરફ આવતા હતા. બહેનો તેમને હાથ જોડી નમ્રતાપૂર્વક વિનંતિ કરી દારૂ નહિ પીવા સમજાવતી હતી. તેમાંના ઘણા માની જતા હતા, જ્યારે ઘણા જૂની ટેવોવાળા દારૂડીઆઓ બહેનોની એ વિનવણીને પણ ન માનતાં દારૂની દુકાનોમાં ઘૂસતા હતા.

સરકારની પૉલિસ દારૂની ચોકી કરતી કેસરી સાડીવાળી બ્હેનોને કંઈ કહેતા નહિ. પરંતુ કોઈ દારૂડીઆને બળજબરીથી અટકાવવાના પ્રયત્નો થાય તો સરકારની પૌલિસ વચ્ચે પડતી હતી. બ્હેનોમાં ભારે ઉત્સાહ હતો. એમની પ્રભાતફેરીઓ નીકળતી હતી, સરઘસો નીકળતાં હતાં, હડતાલો ચાલુ હતી. પરદેશી કપડાંઓ બ્હેનો ઘેરઘેર ફરીને ભેગી કરતી હતી. તેની દરરોજ મોટી હોળી થતી હતી. પરદેશી કપડાનો બહિષ્કાર ( બૉયકૉટ ) થયો હતો. પરદેશી કાપડની દુકાનો ઉપર પણ ચોકી બેસતી હતી. આ પ્રવૃત્તિમાં પુરુષો કરતાં પણ બ્હેનોનો ઉત્સાહ વધારે હતો. 'સૂતરને તાંતણે સ્વરાજ' મેળવવા સહુ તૈયાર થયા હતા. બ્હેનો રેંટીઓ ચલાવતાં શીખી હતી. ઘેરઘેર રેંટીઆઓ ચાલવા શરૂ થઈ ગયા હતા, સૂતરના મહાયજ્ઞો ઘેર ઘેર મંડાયા હતા. ઉત્સાહ, ધગશ બલિદાનની ઉદાત્ત વૃત્તિ અને દેશ માટે આઝાદી મેળવવાની તમન્નાએ સૌ હૃદયોમાં અત્યારે વાસ કર્યો હતો.

બ્હેન અરુંધતી સત્યાગ્રહની શરૂઆતની આ સર્વે તૈયારીઓ વર્તમાનપત્રોમાં વાંચતી હતી વર્તમાનપત્ર એ એને મન એક ધાર્મિક વાચન થઈ પડયું હતું. વહેલી સવારના પાંચ વાગે શય્યા છોડીને અરુંધતી વર્તમાનપત્રમાં સત્યાગ્રહના સર્વે સમાચારો ઝીણી નજરે વાંચતી હતી. એને એમાં ખૂબ રસ આવતો હતો. પતિની સાથે રાત્રે આ સત્યાગ્રહનાં આંદોલનોની સારી ચર્ચા પણ કરતી હતી. પતિને પણ સત્યાગ્રહપ્રવૃત્તિમાં રસ જણાતો હતો, પરંતુ એનો રસ આપભોગ આપવા જેટલો નહોતો; એ માત્ર સમાચાર જાણવા પૂરતો હતો; જ્યારે પત્નીનો રસ વધારે ઊંડો અને વ્યાપક હતો, એની પ્રત્યેક ઊર્મિ આ મહાયુદ્ધમાં સક્રિય ભાગ લેવા તરફ દોડતી હતી, એની દરેક વૃત્તિ આ મહાયજ્ઞમાં જાતે હોમ કરવાની થતી હતી. એની ચારે તરફ કુટુંબનાં બંધનો હતાં; એના હૃદયના આવેશ અને આવેગને સમજી શકે તેવું ઘરમાં કોઈ નહોતું. કેટલોક વખત તો અરુંધતી પોતાના હૃદયની ઊર્મિઓ દબાવી શકી. પરંતુ પછી તો તેના અંગે

અંગમાં સત્યાગ્રહની જ્વાળા વ્યાપ્ત થઈ ગઈ. સાસુ સસરાને તો વાત થઈ શકે તેમ હતી નહિ; એટલે એણે પતિ સમક્ષ વાત મૂકવાની હિંમત કરી. એક રાત્રે વિનયથી એણે વાત છેડી:

"આ સત્યાગ્રહની લડતમાં આપણે શું મૂંગાં મૂંગાં જોયા જ કરવું ?"

"આપણાથી બીજું શું થાય ? આપણે તો મનના નબળા રહ્યા, તેમ આપણા સંયોગો પણ પ્રતિકૂળ છે. એટલે આપણે તો જોયા જ કરવું રહ્યું. હા, બનતી આર્થિક સેવા કરીશું અને એ પણ ભાગ લેવા બરાબર જ છે." પતિએ લાચારી બતાવી.

"મારા મનથી એ પૂરતું નથી. મારી તો દરેક વૃત્તિ જાગ્રત થઈ ગઈ છે. હું એમાં વિશેષ ભાગ લેવા ધારું છું. મારા મનની પ્રત્યેક ઊર્મિ સત્યાગ્રહનાં જ ગુંજન અનુભવ્યા કરે છે, મને રાત્રિદિવસ એના જ વિચારો આવે છે, મારે એમાં વિશેષ ભાગ લેવો છે." પત્નીએ હૃદય ખોલ્યું.

"તું કેવી રીતે આગેવાનીભર્યો ભાગ લેવા ઇચ્છા રાખે છે ?" પતિએ જિજ્ઞાસાથી પૂછ્યું.

"હું દારૂની દુકાન ઉપર પિકેટિંગ કરીશ, કેસરીઆ સાડી પહેરીને સરઘસમાં ભાગ લઈશ, દેશની આઝાદી માટેની પ્રવૃત્તિમાં ઝંપલાવીશ. મારો આત્મા મને એમ કરવા પ્રેરી રહ્યો છે."

"પણ મારાં માતાપિતા એ સ્વીકારવા તૈયાર થશે નહિ. ઘરની વહુ લાજ શરમ મૂકીને દારૂની દુકાન ઉપર પિકેટિંગ કરે, પોલિસના હાથના દંડા ખાય, દારૂડીઆઓની સાથે પંચાતી ઊભી કરી એમના ધક્કા ખાય એ સઘળું મારાં માતપિતા આપણી કુળ-મર્યાદાથી વિરુદ્ધ માને છે, તે તને પણ ખબર છે !" પતિએ ચિંતાતુર થઈ પૂછ્યું.

" મને એમના માનસિક વલણની ખબર છે. મને એઓ ખુશીથી પરવાનગી આપશે નહિ, એ હું સારી રીતે જાણું છું. પરંતુ મારો અંતરાત્મા જાગી ઊઠયો છે. હું કોઈ રીતે એને રોકી શકીશ નહિ. કોઈ બળવાન પ્રેરણા મને તે તરફ ધકેલી રહી છે. તમે રજા આપો છો કે નહિ તે મને સ્પષ્ટ કરી કહો. તમારી પાસે ખોળો પાથરું છું, મને જવા દો."

" મારી રજાનો તો સવાલ જ નથી. આપણા સંસારમાં એ ચાવી વડીલો પોતાના હાથમાં રાખી બેઠાં છે. મને તારા જેવો પાકો ભગવો રંગ હજી લાગ્યો નથી, એટલે હું મારા માનસની સંપૂર્ણ કદર કરી શકતો નથી. મારી સલાહ છે કે તારે ઘરકામમાં મન પરોવવું અને સત્યાગ્રહ સંબંધી વાતો વાંચવાનું છોડી દેવું. સૌને માટે આ કલ્યાણકારક માર્ગ છે." પતિએ મમતાથી પત્નીનો હાથ પોતાના હાથમાં લઈ મીઠાશથી કહ્યું.

" હું રડીશ નહિ, કઠોર શબ્દ બોલીશ નહિ, તમારા કહેવા પ્રમાણે મનનો સંયમ પાળવા ખૂબ કોશીશ કરીશ. માતા અને પિતાજીને તો પૂછવા પણ જઈશ નહિ. કારણ કે ત્યાંથી તો મને જરૂર નકાર જ મળશે. છતાં મન ન રોકી શકતાં હું બળવો કરું તો તમે આશ્ચર્ય પામશો નહિ. મારું મન મારા હાથમાં નથી."

" બળવો કરીશ એટલે શું ? મને સમજાવીશ ?" પતિએ જિજ્ઞાસા વ્યક્ત કરતાં પૂછ્યું.

" હું કોંગ્રેસના સ્વયંસેવિકા મંડળમાં જોડાઈ જઈશ, ત્યાંની સ્વયંસેવિકા બનીશ. ઘરનાં માણસો મને ત્યજી દેશે તો હું સેવિકા મંડળમાં જ મારું રહેઠાણ રાખીશ. મારું ભવિષ્યનું સઘળું કાર્ય દેશ માટે જ રહેશે. દેશને મેં મારો આત્મા અર્પણ કર્યો છે." પત્નીએ દૃઢ નિશ્ચય દેખાડયો.

" તારે કદાચ એક પગલું આગળ વધીને જેલમાં જવું પડે તો

તેનું શું પરિણામ આવશે તે જાણે છે? જેલમાં ગયા પછી આપણા વૈષ્ણવ કુટુંબમાં તારો સમાસ મુશ્કેલ બનશે. આવા વહાલસોયા કુંટુબનું રક્ષણ છોડી શામાટે બહિષ્કૃતની સ્થિતિ ભોગવવી જોઈએ?"

"જો તમે કહો છો તેમ બને અને બનવાનો સંભવ પણ છે, તો મારા એકમાત્ર આધાર પછી તમે જ રહો. તમે મને સ્વીકારશો જ એમ મને તમારો પ્રેમ કહે છે." પત્નીએ શ્રદ્ધા બતાવી.

"હું તને પ્રાણથી પણ અધિક ચાહું છું; પરંતુ મારે પણ મર્યાદા છે. હું સંયુક્ત કુટુંબનો પરાધીન સભ્ય છું. મારી પાસે પૈસો નથી, સ્વતંત્ર ધંધા માટે મૂડી નથી. માબાપને આધારે આ ૨૫ વર્ષો ગાળ્યાં છે. એટલે હું શું કરીશ તે કેમ કહી શકું? મારા આશ્રય માટે તારો વિચાર રહેતો હોય તો તેમાં સુધારો કરજે. હું સ્વાધીન નથી." પતિએ ચિંતાતુર થઈને કહ્યું. એનું મન ઉદાસ થઈ ગયું હતું.

"તમે આવી નામરદાઈની વાતો કરશો એવી મને સહેજે ઉમેદ નહોતી." પત્ની ભભૂકી ઊઠી "મેં તો પરમાત્મા સિવાય કોઈનો આશ્રય કે આધાર રાખ્યો જ નથી. હું તો પ્રભુના આધાર ઉપર જ વિશ્વાસ રાખી કામ કરીશ. ગમે તેમ થાઓ; મને તેની પરવાર નથી. તમે મને પ્રસન્ન ચિત્તે રજા આપી હોત તો મને જરૂર આશ્વાસન મળત." પત્નીએ પોતાનો અડગ નિશ્ચય બતાવ્યો.

"અરુંધતિ! તું છેલ્લે પાટલે ન જા. મારે કેટલું કષ્ટ ઉઠાવવું પડશે તેનો પણ તારે વિચાર કરવો ઘટે છે. હું તને જવા દેવા તૈયાર નથી. માતાપિતાને છોડવા તૈયાર છું, પણ સ્વતંત્ર સાધનોને અભાવે તેમ કરવા ખુશી નથી. હું તો સૂડી વચ્ચે સોપારી છું."

પતિપત્નીએ તે રાત ઉજાગરામાં વીતાવી. તેઓ બંનેનો વિચારોએ પીછો છોડચો નહિ. તેમ છતાં બંનેમાંથી કોઈને પણ કાંઈ માર્ગ મળ્યો નહિ.

ત્રણ ચાર દિવસ પસાર થઈ ગયા. પત્નીનું મનોમંથન વધી ગયું એના હૃદયમાં ઉપડેલ તોફાને બળ કરી એને પરવશ બનાવી. એક સવારે એ કુટુંબની રજા વગર કોન્ગ્રેસના સ્વયંસેવિકા મંડળમાં નામ નોંધાવી તેમાં જોડાઈ ગઈ.

બહેન અરુંધતીના પતિ મનુભાઈએ પોતાની મેળે કોંગ્રેસ હાઉસમાં જઈને પત્નીને ઘણું ઘણું સમજાવ્યું; પણ એનો દૃઢ નિશ્ચય જરા પણ ડગ્યો નહિ. એ તો ખૂબ મક્કમ મનની રહી. મનુભાઈ પિતા પાસે તો આ વાત કરી શક્યો નહિ, પણ માતા પાસે જઈ એણે પોતાની નિષ્ફળતા વ્યક્ત કરી.

"મના, મારા દિકરા! હવે તો ઘોર કલજુગ આવ્યો છે! ઈ વહુ આપણા ઘરજોગ રહી નથી; એણે એનો મારગ ગોતી લીધો છે, એણે આપણા ઘરની લાજ–આબરૂ–મરજાદા સર્વે મૂકી છે. હવે બાળ એના નામને."

"માજી, તમે સાવ એવી વાત કરો નહિ. આપણે પનારે પડી છે તો આપણે એને કેમ છોડી શકીશું?"

"ત્યારે તું જાણે, મેં તો એનાથી હાથ ધોઈ નાખ્યા છે. છતાં સમજશે તો વહુ જેવી વહુને કંઈ ફેંકી દેઈશું નહિ. એનાં નસીબ હશે તો સુધરશે. રામજી સૌની લાજ રાખશે."

ગંભીર અને જમાનાખાધેલ પિતા કાંઈ બોલ્યા નહિ. એમના અંતરમાં શું રમત હતી તે એમણે કોઈને જણાવી નહિ. એ તો હમેશની પેઠે પોતાના નિત્ય કાર્યક્રમમાં જ લાગ્યા રહ્યા.

મનુભાઈ દરરોજ અને ક્યારેક એકાંતરે પત્નીને મળી આવતા હતા. બહેન અરુંધતીને સ્વયંસેવિકા તરીકેનો પૂરો રંગ લાગી ગયો હતો. કેસરી સાડી એણે ધારણ કરી હતી. એ સતત છ કલાક સુધી દારૂની દુકાને ખડે પગે ચોકી કરતી હતી. ચાર કલાક સુધી સૂતરના

યજ્ઞાર્થે રેંટીઓ ચલાવતી હતી. બે કલાક સુધી મહાત્માજીનાં ભાષણો વાંચતી હતી. સરઘસોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતી હતી. એણે આઝાદીનાં અને હિંદુમુસ્લીમ ઐક્યનાં તમામ રાષ્ટ્રગીતો મોઢે કરી રાખ્યાં હતાં. અત્યંત શ્રદ્ધા અને સાહસથી અરુંધતીએ પોતાના હાથમાં રાષ્ટ્રધ્વજનો ઝંડો લઈ આગળ ચાલવા માંડ્યું. એનો ઉત્સાહ અને શ્રદ્ધા અદમ્ય હતાં, એ પોતાના નબળા શરીરની અશક્તિને વિસરી ગઈ. એના શરીરમાં શક્તિ, બળ અને ઉત્સાહના ફુવારા ફૂટવા લાગ્યા. એ બુલંદ અવાજે સરઘસને મોખરે ઝંડો ઉપાડી ગાતી હતી:

વિજયી વિશ્વ તિરંગા પ્યારા ઝંડા ઊંચા રહે હમારા. ધ્રુવ.
સદા શક્તિ બરસાનેવાલા, પ્રેમસુધા સરસાને વાલા,
વીરોંકો હરષાનેવાલા, માતૃભૂમિકા તનમન સારા. ઝંડા૦ ૧
સ્વતંત્રતાકે ભીષણ રણમેં, લખકર બઢે જોશ ક્ષણક્ષણમેં,
કાંપે શત્રુ દેખકર મનમેં, મિટ જાયે ભય સંકટ સારા. ઝંડા૦ ૨
ઇસ ઝંડેકે નીચે નિર્ભય, લે સ્વરાજ યહ અવિચલ નિશ્ચય,
બોલો ભારત માતાકી જય, સ્વતંત્રતા હી ધ્યેય હમારા. ઝંડા૦ ૩
આઓ પ્યારે વીરો, આઓ દેશ ધર્મ પર બલિ બલિ જાઓ,
એક સાથ સબ મિલ કર ગાઓ, પ્યારા ભારત દેશ હમારા. ઝંડા૦ ૪
ઇસકી શાન ન જાને પાયે, ચાહે જાન ભલે હિ જાયે,
વિશ્વવિજય કર કે દિખલાયે, તવ હોવે પ્રણ પૂર્ણ હમારા. ઝંડા૦ ૫

આ ગીત પૂરૂં થતાં એણે રાષ્ટ્રીય પતાકાનું ગીત ઉપાડ્યું:

રાષ્ટ્રગગનકી દિવ્ય જ્યોતિ રાષ્ટ્રીય પતાકા નમો । નમો ।
ભારત-જનનીકે ગૌરવકી અવિચલ શાખા નમો । નમો । ધ્રુવ૦
કર મેં લે કર ઇસે શૂરમા, તીસ કોટિ ભારત સંતાન—
હંસતે હંસતે માતૃભૂમિકે ચરણોં પર હોંગે બલિદાન ।
હો ઘોષિત નિર્ભિક વિશ્વમેં ચિરલ તિરંગા નવલ નિશાન ।
વીર હૃદય ખિલ ઉઠે, માર લેં ભારતીય ક્ષણમેં મૈદાન ।
હો નસનસમેં વ્યાપ્ત ચરિત શૂરમા શિખીકા નમો । નમો । રાષ્ટ્રગગનકી૦

છેવટે અરુંધતી પૂર્ણાહુતિમાં ગવરાવતી—

વન્દે માતરમ્ ધ્રુ૦

સુજલામ્, સુફલામ્, મલયજ શીતલામ્
શસ્ય શ્યામલામ્, માતરમ્૦
ફૂલકુસુમિત દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્, સુમધુર ભાષિણીમ્
સુખદામ્, વરદામ્, માતરમ્ વન્દે૦
ત્રિંસત્કોટિ કંઠ કલકલ નિનાદ કરાલે
દ્વિ–ત્રિંસત્કોટિ ભુજૈર્ધૃત ખરટરવાલે,
કે બલે મા, તુમિ અબ્લે ।
બહુ બલધારિણીમ્, નમામિ તારિણીમ્
રિપુદલવારિણીમ્ માતરમ્ વન્દે૦

છેવટે એક દારૂની દુકાને દારૂડીઆઓને અટકાવવા અરુંધતી પિકેટીંગ કરવા ગઈ. ત્યાં એણે એક જણને પીઠામાં ન જવા માટે વિનંતિ કરી. દારૂડીઆએ માન્યું નહિ. અરુંધતી પોતાની બહેનપણી સાથે આડી સૂતી. પોલિસે એની સહકારી બહેનો સાથે એને પકડી લીધી. કોર્ટમાં કેસ ચાલ્યો, એને છ માસની સજા થઈ. અરુંધતી જેલનિવાસી થઈ.

હિંદી સરકારે ૧૯૨૨ ના બજેટમાં મીઠા ઉપરનો કર બેવડાવ્યો. મહાત્માજીએ તેની સામે પોકાર ઉઠાવ્યો. અલી બિરાદરોને સૈન્યમાં ફિતુર ફેલાવ્યાના આરોપસર પકડવામાં આવ્યા. તા. ૫ ઑક્ટોબર ૧૯૨૧ ને રોજ મહાત્મા ગાંધીજી અને બીજા ૪૬ આગેવાનોએ એક જાહેરનામું બહાર પાડ્યું, તે પછી સર્વે મોટા મોટા આગેવાનો શ્રી. ચિત્તરંજન દાસ, પં. શ્રી. મોતીલાલ નહેરૂ અને પં. જવાહરલાલ નહેરૂ આ સર્વેને ન્યાયકોર્ટોમાં સજા થઈ. એઓ કેદમાં ગયા. મહાત્મા ગાંધીજીને પણ ગિરફતાર કરવામાં આવ્યા. તા. ૧૮ માર્ચ ૧૯૨૨ ના રોજ મહાત્માજી ઉપર શ્રી. બ્રુમફિલ્ડની કોર્ટમાં કેસ ચાલ્યો. "યંગ ઈન્ડીઆ"માંના એમના ત્રણ લેખો ફિતુરી હતા એવો એમના ઉપર આરોપ હતો.

"તમે તહોમત કબૂલ કરો છો કે મુકદ્દમો ચલાવવા માગો છો ?" ન્યાયાધિકારીએ પૂછ્યું.

મહાત્માજી ઊભા થયા. એમણે કહ્યું–"મારી સામેના દરેક તહોમતનો હું સ્વીકાર કરૂં છું." મહાત્માજીએ કોર્ટમાં પોતાનો લેખિત એકરાર વાંચ્યો. તેમાં તેમણે એવી મતલબનું જણાવ્યું હતું:

"ચાલુ રાજ્યપદ્ધતિ સામે અપ્રીતિ ફેલાવવાની તો મને લગભગ લ્હે લાગી છે, હું આગ સાથે ખેલી રહ્યો છું; હું દયા માગતો નથી. હું ગુન્હાને હળવો ગણવો એવી પણ કશી દલીલ કરવા માગતો નથી. સખ્તમાં સખ્ત સજા માગુ છું."

ના૦ ન્યાયાધીશે ચુકાદો આપતાં જણાવ્યું કે—

"મિ. ગાંધી, તમે આરોપનો સ્વીકાર કરી એક રીતે મારૂં કામ સરળ કરી આપ્યું છે. તમારા કરોડો દેશબંધુઓની દૃષ્ટિમાં તમે મહાન દેશભક્ત છો. રાજપ્રકરણમાં જેઓ તમારાથી જુદા પડે છે તેઓ પણ તમને ઉચ્ચ આદર્શવાન, અલૌકિક અને સંત કોટિના માને છે; છતાં તમે કાયદાનો ભંગ કર્યો છે તે માટે હું તમને છ વરસની આસનકેદની સજા કરૂં છું. સરકાર પરિસ્થિતિ વિચારી જો તમને તે પહેલાં છોડી મૂકે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય."

મહાત્માજીએ વળતો જવાબ આપતાં કહ્યું–"કોઈ પણ ન્યાયાધીશ મારા ઉપર જે હળવામાં હળવી સજા ફરમાવી શકે તેટલી હળવી સજા મને કરવામાં આવી છે. અહીંઆં જેટલો વિનય બતાવવામાં આવેલો મેં જોયો એથી વધુની આશા રાખી શકાય નહિ."

પ્રજાના હજારો લોકોને ઉદ્દેશી એમણે કહ્યું: "ખૂબ કામ કરો, સંપથી રહો, રેંટીઓ ચલાવો, ખાદી પહેરો, શાંતિ જાળવો."

મહાત્માજીની ખાસ ઇચ્છાઓના સંદેશામાં એમણે જણાવ્યું હતું:

(૧) હડતાલ બિલકુલ ના પાડો, (૨) હર પ્રયત્ને શાંતિ જાળવો, (૩) ખાદી રેંટિયાનાં વ્રત લ્યો, (૪) મહાસભાએ કરેલી આજ્ઞાને માન આપો.

## મહાત્માજીનાં થોડાં વચનોની પ્રસાદી

"જે પુરુષ સાધુજીવન ગાળે છે, જેની વૃત્તિઓ સાદી છે; જે સાત્વિક મૂર્તિ છે, જે નમ્રતામય છે, જે સત્યનું સ્વરૂપ છે, જેણે પોતાપણાનો આત્યંતિક ત્યાગ કર્યો છે, તે પુરુષ પોતે જાણે અથવા ન જાણે તો પણ ધર્માત્મા છે."

"તમે જે વ્રતો લીધાં હોય તેમાં દૃઢ રહેજો. અસ્પૃશ્યતાનું પ્રાયશ્ચિત્ત આપણે કરવું જ રહ્યું."

"ગૌરક્ષા મને અતિ પ્રિય છે. આપણે આત્મશુદ્ધિ તો કરવી જ રહી. આશાવાદ આસ્તિકતા છે. આશાવાદી પ્રેમમાં મગ્ન રહે છે. શુદ્ધ પ્રેમથી નિર્ભયતા આવે છે. આ લડતમાં દંભને, દ્વેષને, અધીરાઈને સ્થાન નથી. મરણથી ડરતા નહિ, પણ બીકણ બનવું નહિ. અભયને સેવવો, મન વચન કર્મથી અહિંસા સેવવી, બલિદાન આપીને પણ દેશને આઝાદ બનાવો. આભડછેટને ત્યજી દેવી. હિંદમાં વીરાંગનાઓ પેદા થાઓ. સ્ત્રીઓ સ્વાશ્રયી થાઓ, ઉદ્યમી થાઓ, દેશભક્ત બનો. જીવનને આદર્શમય બનાવો, સત્યમય અને પ્રકાશમય બનાવો. દેહ પડે તો પણ તમારી પ્રતિજ્ઞાને ચૂકશો નહિ.



## ૩૭

# અરુંધતીનું ઘડતર

જેલમાં અરુંધતીએ છ માસ ગાળ્યા, એનું શરીર મજબૂત નહોતું. ત્યાં જતાં જ એ બિમાર પડી, એને ઇસ્પિતાલમાં લઈ ગયા. એક મહિનો ઇસ્પિતાલમાં રહ્યા પછી એ કંઈક સાજી થઈ. અરુંધતીનું શરીર નબળું હતું; પણ એણે મનોબળ કેળવ્યું હતું. એનો આત્મા આગ્રહી અને ધાર્યું કરે તેવો હતો. એણે જેલના જીવનને અનુરૂપ પોતાના શરીરને બનાવવા પ્રયત્નો કર્યા. જેલના રોટલામાં સહેજ કાંકરી આવતી હતી. એ માટે બીજી બહેનો ફરિયાદ પણ કરતી હતી. અરુંધતીને એ રોટલો અનુકૂળ પડતો નહિ. શાક પણ બધી જાતની ભાજીઓ સાથે ઘાસ મેળવેલું આવતું, એ કોઈ રીતે એના ગળે ઊતરતું નહિ; એવી જાતનો ખોરાક હતો. અરુંધતીએ પોતાના મન ઉપર મજબૂત અંકુશ મૂકી ભૂખ હોય ત્યાં ભાવે તેટલું જ ખાતી

હતી. ધીમે ધીમે એણે આગ્રહપૂર્વક એ ખોરાક ખાવાની ટેવ પાડી દીધી. થોડા દિવસોમાં એ એવા ખોરાકથી ટેવાયલી બની ગઈ. એણે જીભના સ્વાદ ઉપર આગ્રહપૂર્વક વિજય મેળવ્યો. એ ખોરાક એને ઊલટો શરીરનું ખડતલપણું મેળવવામાં ઉપયોગી થયો.

રાત્રે ત્રણચાર બહેનોને એક ઓરડીમાં સાથે રાખવામાં આવતી. અરુંધતીની સાથે એક બહેનને ભગવદ્ગીતા વાંચતાં અને તેના અર્થ આવડતા હતા. અરુંધતીએ એની પાસે ગીતાજી શીખવા માંડ્યાં, કંટાળા વગર એણે શ્લોકો યાદ કરવા માંડ્યા. પાંચ મામસાં તો એણે આખી ગીતા મોઢે કરી લીધી. એણે બીજી એક જેલવાસી બહેન પાસે રામકથા માગી લઈને વાંચવા માંડી. પરિણામે એનું અભ્યાસી મન પોતાને યોગ્ય માનસિક ખોરાક મેળવતું થયું હતું. થોડા દિવસો સુધી તો એને જેલની જિંદગી અનુકૂળ આવી નહિ; કઠોર અને સંયમભરેલી એ જિંદગીની રીતોથી ટેવાતાં એને એકાદ માસ લાગ્યો, પરંતુ છેવટે એ એનાથી ટેવાઈ ગઈ. ત્યાં બીજી પણ સત્યાગ્રહી બહેનોના પ્રસંગમાં એ આવી. આમાં ઘણી બહેનો ઉચ્ચ સંસ્કાર-સંપન્ન પણ હતી. એમના સહવાસથી અરુંધતીને ઘણું જાણવા-વિચારવાનું મળ્યું.

અરુંધતીને આસનકેદની સજા હતી, એટલે દિવસે તો એ સૌ બહેનો સાથે રહીને સમય વ્યતીત કરતી. એક બહેન પાસેથી એણે કસરત કરવાની પદ્ધતિ શીખી લીધી. જેલમાં તે નિયમિત કસરત કરતી રહી. આથી એના શરીરને ઘણો ફાયદો થયો. ત્યાંની અન્ય સંસ્કારી બહેનો પોતાના અનુભવો કહી બતાવતી હતી, એમાંથી પણ અરુંધતીને સંસાર સંબંધી ઘણું જ્ઞાન મળ્યું. એક બહેનનો ૭ માસનો નાનો બાબો પણ એની માતા સાથે જેલમાં આવ્યો હતો. અરુંધતી એ બાબાને પણ ખૂબ રમાડતી હતી.

એક વખત એનો પતિ એને મળવા આવ્યો. પોતાની પત્નીને

જેલમાં જોઈ એનું હૃદય ગળગળું થઈ ગયું. મનુભાઈની આંખોમાંથી આંસુ ખર્યાં, પણ એને પત્નીએ એવી રીતે પોચા મનના ન થવા માટે કહી દીધું: "હું અહીં દુઃખી નથી. થોડા દિવસ સુધી મનમાં જરા ઉદાસ ભાવ રહેતો હતો, પણ હમણાં તો હું તદ્દન આનંદી છું, જેલની ચોકીદાર બાઈઓ શરૂઆતમાં કડકાઈ દાખવતી હતી; પણ હવે તો તેઓ પણ મારી સાથે હળી ગઈ છે. અમો પચાસ બહેનો અહીં છીએ. સૌ એકબીજાની સાથે હળી મળી વિશાળ કુટુંબની પેઠે સાથે રહીએ છીએ. વાર્તાલાપ, વાચન, વિચાર, કસરત અને રમતગમતમાં અમારો સમય ઠીક ઠીક પસાર થાય છે. તમે મારી જરા પણ ચિંતા કરશો નહિ."

છ માસ વીત્યે અરુંધતી જેલમુક્ત થઈ. એણે મનુભાઈને અગાઉથી ખબર આપી હતી. બહાર આવતાં જેલને દરવાજે એણે પતિને ઊભેલો દીઠો. મનુભાઈ ગાડી લઈ આવ્યા હતા. તેઓ પત્નીને લઈ પોતાને ઘેર ગયા. સાસુ બેઠાં હતાં; પણ એમણે કાંઈ આવકાર આપ્યો નહિ. નણંદોએ હસીને ભાભીને વધાવી લીધી. સાસુએ રાત્રિ પડતાં એને અલગ બેસાડી જમાડી, એને અલગ જગ્યાએ રજસ્વલા સમયે વપરાતું ગાદલું સૂવા માટે આપ્યું. રાત્રે પિતા–પુત્રને કાંઈક વાતચીત થઈ; માતાએ તેમાં ભાગ લીધો. મનુભાઈ પત્ની પાસે આવ્યા.

"પિતાજી અને માતાજીએ તારો સ્વીકાર કરવા સ્વીકાર્યું છે, પણ તારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે." પતિએ વાતનું મંગળાચરણ કર્યું.

"પ્રાયશ્ચિત્ત! મેં મન, વચન કે શરીરથી કંઈજ પાપ કે દોષ કર્યો નથી, એટલે મારે પ્રાયશ્ચિત્ત કરવાનું કાંઈ જ રહેતું નથી." પત્નીએ અભિપ્રાય આપ્યો.

"પણ જેલમાં તેં ગમે તેના હાથનું ખાધું છે, એટલે એનું પ્રાયશ્ચિત્ત કરવાનું બાપા કહે છે. જયશંકર આચાર્ય કાલે આવી તારી પાસે બધી વિધિ કરાવશે. અને જ્ઞાતિમાં પણ આ સવાલનો નિવેડો લાવવો પડશે."

"જ્ઞાતિને વળી આ બાબતમાં શું લાગેવળગે છે?" પત્નીએ પૂછ્યું.

"આપણી જ્ઞાતિમાં આ સવાલ ચર્ચાયો છે. તું જેલમાં જઈ આવી તેથી જ્ઞાતિના ધોરણનું ઉલ્લંઘન થયું છે. તારે પ્રાયશ્ચિત્ત કરાવ્યા પછી પણ જ્ઞાતિના ધોરણ અનુસાર દૂર બેસી જમવું પડશે. જે કાંઈ દંડ ઠરાવાશે અને ભારણ મુકાશે તે પ્રમાણે આપણે વર્તવાનું પતિએ કહ્યું.

"મેં કાંઈ પાપ કર્યું નથી, અનાચાર કર્યો નથી, અધર્મ આચરણ આચર્યું નથી; તો પછી હું પ્રાયશ્ચિત્ત પણ કરીશ નહિ, અને જ્ઞાતિની દયા પણ માગીશ નહિ. હું એવા જરી પુરાણા ધારા કે રિવાજોમાં માનતી નથી." પત્નીએ ખુલ્લેખુલ્લું સંભળાવી દીધું.

"એમ કાંઈ બને? જે સમાજમાં રહેવું તેના ધારાધોરણો અને રીતરિવાજો તો જરૂર પાળવા જ જોઈએ. જ્ઞાતિ તો ગંગાનો પ્રવાહ છે; એ સૌને પાવન કરી શકે છે."

"ના રે, મારે એવી જ્ઞાતિનો કોઈ ખપ નથી. મને છો જ્ઞાતિ-બહાર મૂકવાની સજા કરે. હું તો ક્રાન્તિકારી છું; આઝાદ છું; એટલે માત્ર પાપથી હું ડરું છું; પરમાત્માના કાયદા મુજબ ચાલું છું; ત્યાં પછી જ્ઞાતિ જખ મારે છે." પત્નીએ રોકડું પરખાવી દીધું.

"અરે, આવો ગાંડી વાત કરવી સારી નથી. નાતે તરવું અને નાતે મરવું. આપણે કુટુંબી માણસો છીએ. ઘડીના છઠ્ઠા ભાગમાં જ્ઞાતિ આપણી સાન ઠેકાણે લાવવાની શક્તિ ધરાવે છે, માટે આપણે વખત આવ્યે નમી જવું જરૂરી છે. જીદથી કોઈનું ભલું થતું નથી." ચિંતાતુર પતિ બોલ્યા.

"જુઓ, તમે જ્ઞાતિને માનો છો, હું માનતી નથી. હિંદની સમસ્ત પ્રજા મારી જ્ઞાતિ છે. ખાવાપીવામાં અભડાઈ જવાનું હું અંતઃકરણથી માનતી નથી, એટલે આ અંતરના અવાજથી વિરુદ્ધ હું વર્તી શકીશ નહિ."

"મારા પિતા જ્ઞાતિના આગેવાન પટેલ છે. એઓ જ્ઞાતિનું અપમાન કેમ સહન કરશે? તારી માન્યતા ગમે તેવી હોય તો પણ વડીલોને રાજી રાખવા માટે તારે તારી માન્યતાને જરા હળવી કરવી પડશે. જો, પરમ દિવસે શાસ્ત્રી મહારાજે મને એક શ્લોક કહ્યો છે—" यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयं नाचरणीयम् અર્થાત્ લોકવિરુદ્ધ કદાપિ કાંઈ જ કરવું ઉચિત નથી." પતિએ સમજાવતાં કહ્યું.

"જુઓ, આવાં ડહાપણવાળાં શાસ્ત્રોનું મારે કાંઈ કામ નથી. હું તો સત્યાગ્રહી છું, એટલે જે શુદ્ધ, સત્ય અને અહિંસાયુક્ત હશે તે જ માનીશ. જેમાં હું માનતી ન હોઉં તે કદી પણ કરી શકીશ નહિ; હું બિલકુલ મક્કમ છું. તમે મારા પૂજ્ય છો, પણ મારું અંતઃકરણ જે માર્ગ કલ્યાણમય અને પવિત્ર હશે તે જ ગ્રહણ કરશે. તેમાં જ્ઞાતિ, તમે, વડીલો કે શાસ્ત્રનાં તૂટક છૂટક વાક્યો આડે આવી શકશે નહિ. હું મારો નિશ્ચય ફેરવવા માંગતી નથી." પત્નીએ છેવટનો નિર્ણય સંભળાવ્યો.

પત્નીનાં વચનોથી મનુભાઈ ઘડીભર ઝંખવાણા પડી ગયા. એ શૂન્યમનસ્ક થઈ બેસી રહ્યા. કાંઈ માર્ગ એમને સૂઝ્યો નહિ, એઓ ખિન્ન વદને માતા પાસે ગયા. પિતા પાસે સીધી વાત કરવાની તો હિંમત નહોતી; એટલે માતા પાસે જઈને બધી વાત સંભળાવીને ચૂપ રહ્યા.

માતાએ બેઠકમાં બેઠેલા વડીલને તેડાવ્યા. એમની પાસે ધીમેથી વાત કરી કે, મનુની વહુ પ્રાયશ્ચિત્ત કરવા ના કહે છે.

"ના કે'છ! ત્યારે ઈ આપણા ઘરમાં રહી શકશે નહિ. ઈ વટલેલને આપણે સંઘરી શકશું નહિ. મેં જાણ્યું કે કાંઈ રસ્તો નીકળતો હોય તો માર્ગભૂલી જુવાન છોકરીને સંઘરી લેઉં; પણ ઈ તો પહેલેથી જ સાવ આડી છે, ભલે એનો મારગ એ ગોતી લે. મને ઈ વહુ ન ખપે. મારા બારણામાં એનો પગ ન જોઈએ." વડીલે મગજ ગુમાવીને સંભળાવી દીધું.

"અરુંધતી તુરત જ દાદરો ઊતરી નીચે ચાલી ગઈ. આ ઘરમાં હવે એને જરા પણ ગમતું નહોતું; એને પોતાનો સિદ્ધાન્ત તોડી બાંધછોડ કરવાની વૃત્તિ નહોતી, એણે પોતાનું ભવિષ્ય પોતાની હથેળીમાં લીધું હતું. એણે આગળથી વિચાર કરી પોતાનો માર્ગ નક્કી કરી રાખ્યો હતો. પતિ, કુટુંબ, સુખસગવડ, સંબંધીઓ ને જ્ઞાતિ એ સર્વેનો પોતાના સિદ્ધાન્ત માટે ભોગ આપવા તે તૈયાર હતી. હવે એ પાકી બળવાખોર બની હતી.

અરુંધતી નીચે ઊતરીને અનસૂયાના ઘર પાસે થઈને પસાર થતી હતી. અનસૂયાના વર્ગમાં એણે અગાઉ ભાગ લીધો હતો. અનસૂયાને એ ખરા દિલથી ચાહતી હતી. એના ઘર પાસેથી વળતાં જ દિવાનખાનામાં ઊભેલી અનસૂયાની નજર એના ઉપર પડી. તે હર્ષભેર બહાર આવી ને અરુંધતીનો હાથ પકડી એને ઘરમાં તેડી ગઈ. પોતાની પાસે બેસાડી અનસૂયાએ પ્રેમથી પૂછ્યું:—

"તમે શ્રીકૃષ્ણજન્મસ્થાન (જેલ) માંથી ક્યારે આવ્યાં? કુશળ તો છો ને?"

"હું ખુશીમાં છું. આજે જ આવી, તમે પણ આનંદમાં છો ને? આપણો વર્ગ કેમ ચાલે છે, અનસૂયા બહેન?"

"ઠીક ચાલે છે, અરુંધતી બહેન! પણ અત્યારે રાતના વખતે તમે ક્યાં જાઓ છો?"

"જ્યાં પ્રારબ્ધ લઈ જાય ત્યાં ચાલી જઈશ, અનસૂયા બહેન!"

"એમ કેમ? ઘર મૂકીને આટલી રાત્રે ક્યાં જશો? મને વાત તો કરો, શું બન્યું છે?"

"બીજું શું બન્યું હોય! આ ઘરમાં હવે મારો ઋણાનુબંધ રહ્યો નથી, એટલે એમાં હું નભી શકીશ નહિ."

"નહિ નહિ, વહાલી બહેન! જે કંઈ બન્યું હોય તે મને કહો.

આ બાબતમાં એક કરતાં બેની બુદ્ધિ વધુ શ્રેયસ્કર થશે." અનસૂયાએ મધુર વાણી વડે કહ્યું.

"બિલકુલ ખરૂં છે. તમારા પર મને સંપૂર્ણ શ્રદ્ધા છે એટલે વાત કરવામાં કાંઈ વાંધો નથી. વળી અમારે સત્યાગ્રહીઓને કશું છુપાવવા જેવું પણ હોતું નથી. નિખાલસ ભાવથી વાત કરવી એ તો અમારો ધર્મ છે."

આ લોકો મારી પાસે પ્રાયશ્ચિત્ત કરાવવા માગે છે, વળી જ્ઞાતિના દંડ અને ભારણ ઉપાડવા માગે છે. હું કહું છું કે શરીર, મન અને વચનથી મેં કાંઈ પાપ નથી કર્યું. એટલે મારે પ્રાયશ્ચિત્ત કરવાની કાંઈ આવશ્યકતા કે જરૂર નથી. આ પ્રાયશ્ચિત્તાદિ કરાવ્યા વગર એઓ મને ઘરમાં આશ્રય આપવા માગતાં નથી. આથી મારે માથે ઘર છોડવાની અનિવાર્ય ફરજ આવી પડી છે."

"લાકડું પણ ન ભાંગે અને સર્પ પણ ન મરે એવો વચલો રસ્તો શોધી કાઢીએ તો ન ચાલે? સમાધાન માટે અવકાશ નથી?"

"સમાધાન બિલકુલ અશક્ય છે. અમારા બંનેના ધર્મો અને માર્ગો નિરાળા છે. એઓ જ્ઞાતિમાં માને છે, હું નથી માનતી; એઓ રૂઢિભંગમાં માનતાં નથી, હું માનું છું; એઓ પ્રાયશ્ચિત્ત જેવી જડ વિધિઓમાં જ્ઞાતિને સમજાવી લેવાની ખોટી શ્રદ્ધા સેવે છે, હું તેમ રાખતી નથી; એઓ પાપની વ્યાખ્યા જુદી જ માને છે, મારે મન એ વ્યાખ્યા જુદી જ છે. આમ અમારા પંથો જુદા છે." અરુંધતીએ સ્પષ્ટ વ્યાખ્યા કરી કહ્યું.

"તમારી વાત સાચી લાગે છે." ગંભીર બનીને અનસૂયાએ કહ્યું, "તમારૂં અને કુટુંબીઓનું નભે એવા સંયોગો નથી; પરંતુ હવે તમે શું કરવા માંગો છો?"

"માટે જ મારા નિર્દિષ્ટ પંથે મારે આગળ ધપવું છે. જેલમાં

મેં પણી સંસ્કારી બહેનપણીઓ બનાવી છે. અમે એકબીજીને હાથ આપવા વચન આપ્યાં છે. અમારી પણ જુદી–નવી સત્યાગ્રહીઓની જ્ઞાતિ બની છે."

"પણ અત્યારે રાતના વખતે તમે ક્યાં જશો ?" અનસૂયાએ કહ્યું.

"કોટ—હોળી ચકલામાં એક બહેન રહે છે. એ પણ આજે જ જેલમાંથી છૂટયાં છે. હું શોધતી શોધતી રાત્રે પણ એના ઠેકાણાની ભાળ કાઢવા ધારું છું. એક રાત્રિ એનો આશ્રય મેળવીને આવતી કાલે મારે સાબરમતી આશ્રમમાં ધામા નાખવા છે; મારું ભવિષ્યનું ત્યાં જ રહેઠાણ રહેશે."

"આવા રાત્રિના વખતે બહાર ક્યાં શોધશો ? અહીં મારી સાથે જ રાત્રિ ગાળો. બહેન ! તમે ઉતાવળાં ન થાઓ. હું તમને અમદાવાદ જવાની દરેક સગવડ કરી આપીશ." અનસૂયાએ આશ્વાસન આપતા મધુર અવાજે કહ્યું.

"તમારા કહેવા મુજબ તમારી સાથે રાત્રિ ગાળવામાં મારે વાંધો હોય જ નહિ; પરંતુ માળાવાળા સૌ જૂની ધરેડ પર ચાલનાર અને સાંકડા મનના માણસો છે. મને સંઘરતાં તમને સહન કરવું ન પડે તે ધ્યાન રાખજો."

"કાંઈ વાંધો નહિ, બહેન ! તમારા જેવી વહાલસોઈ સખીને આશ્રય આપતાં ભલે કોઈ બે ઘડી વાતો કરે તેમાં મને વાંધો નથી. તમે આ ઘર તમારું જ સમજીને રહી જાઓ." અનસૂયાએ પ્રેમ દાખવતાં કહ્યું.

અરુંધતી અનસૂયા સાથે રહી ગઈ. એના આગ્રહથી આખું એક અઠવાડિયું અનસૂયા સાથે ગાળ્યું. મનુભાઈને અનસૂયાએ બોલાવી સમાધાનના માર્ગ શોધવા માંડયા, પરંતુ બંનેના માર્ગો બિલકુલ નિરાળા હતા, એકતા શકય નહોતી. બંને સમાધાન માટે આતુર નહોતાં. મનુભાઈ પોતે પત્નીને કોઈપણ ભોગે રાખવા

માગતા હતા, પણ એમનામાં પિતામાતાને છોડી સ્વતંત્ર થવા જેટલી આર્થિક શક્તિ કે હિંમત નહોતાં. આથી અનસૂયાએ સમાધાનથી લાભને બદલે વધારે નુકસાન જોયું એટલે એણે પ્રયત્નો મૂકી દીધા.

સાબરમતી આશ્રમમાં જઈ રહેવાની અરુંધતીને ઈચ્છા હતી. અનસૂયાએ ત્યાંના વ્યવસ્થાપક સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. ત્યાંથી અરુંધતીને ત્યાં મૂકવા સંમતિ મળી ગઈ. અનસૂયાએ એને અમદાવાદની ટિકિટ કઢાવી રેલવેમાં બેસાડી દીધી.

આશ્રમમાં આવી અરુંધતીએ ગોસેવાનું કામ ઉપાડયું. એને હવે કામ કરવા ઉપર ખૂબ પ્રીતિ થઈ હતી. કર્મ કરવું એ આપણું કર્તવ્ય છે. ફળની આશા રાખવી નહિ, એવું એને ગીતાજીએ શીખવ્યું હતું. તે વહેલી ઊઠીને પ્રાર્થના કરી ગૌશાળામાં જતી. પોતાને હાથે કડબ અને ઘાસનું નીરાણ કરતી. છાણ અને મૂત્ર ભેગું કરી એ વાસીદું નાખી આવતી હતી. વળી ગૌશાળા ખૂબ સાફ કરતી. અરુંધતી પોતાનાં કામમાં એકચિત્ત હોવાથી સાવચેતી અને ચોકસાઈથી કામ કરવાથી એનું કામ ઘણું સારું થતું હતું. અરુંધતી ગાયોને છોડીને ગોવાળ સાથે નદીકિનારે ચરવા મોકલી આપતી હતી. વાછરડાંઓ અને વાછરડીઓની પણ એ ખૂબ સંભાળ લેતી હતી. ગાયો ફરી આવે તેને બાંધવી, તેને ખાવાનું ઘાસ નાખવું, ઘાસ બગડે નહિ તે માટે સંભાળ રાખવી, ગાયો માટે ખાણુ (ગોવાર) રાંધવું, તેમાં કપાસીઆ અને ખોળ પલાળી મેળવી કુંડી બનાવવી—એ બધું કામ પોતાને હાથે કરતી, એ કામમાં એ ઓતપ્રોત થઈ ગઈ. ગાય દોહવાનું કામ પણ એણે શીખી લીધું.

એક દિવસ અરુંધતી આશ્રમના મુખ્ય સંચાલક પાસે જઈ ઊભી રહી.

"કેમ આવ્યાં છો બહેન?" એમણે ઊંચુ જોઈ પ્રશ્ન કર્યો.

"મેં છ માસ અહીં શરૂઆતના કામની દીક્ષા લઈ યથાશક્તિ એ પૂરું કર્યું છે."

"હા, તમારા માટે મને સંતોષકારક અહેવાલ મળ્યો છે. તમે ગોસેવા સારી કરો છો. નિયમિત રેંટિઓ ચલાવો છો, ફુરસદે બીજી બહેનોને રસોઈમાં મદદ કરો છો, ભક્તિમય અને સેવામય જીવન ગાળો છો, બહેન 'ક' બિમાર પડયાં તેની તમે એકનિષ્ઠ સેવા કરી હતી." અધિષ્ઠાતાએ સંતોષ બતાવ્યો.

"હવે મારે કાંઈક વધુ શીખવાની ઈચ્છા છે." અરુંધતીએ આંખો જમીન પર ટેકવી રાખી કહ્યું.

"તમે શું શીખવા માગો છો, બહેન?"

"હું પરિચારિકાનું કામ શીખવા ઈચ્છું છું. એ કામ સેવાનું છે. મને એ ઘણું ગમે છે. એ શીખીને હું વિશેષ સેવા પણ કરી શકીશ."

"તમે જે કામ સરસ રીતે બજાવ્યે જાઓ છો તે જ કામ ચાલુ રાખી ન શકો?"

બહેન "ક" સાજાં થઈ ગોસેવામાં રસ લઈ રહ્યાં છે. મેં એમને એ કામમાં દીક્ષિત કર્યાં છે. એઓ ઉત્સાહી અને કાર્યદક્ષ છે. એમના આવવાથી મને બીજું કામ શીખવાનો અને જ્ઞાન-પિપાસા છિપાવવાનો અવસર મળ્યો છે. આથી જ હું આપની પાસે આવી છું. મને પરિચારિકાનું કામ ઘણું ગમે છે. આપ મને તે માટેનો ઘટિત બંદોબસ્ત કરી આપો."

"અમદાવાદની ઈસ્પિતાલમાં મારી લાગવગ છે. અહીંના શેઠ 'લ' નર્સિંગ હોમના મંત્રી હોઈને સારા પરોપકારી ગૃહસ્થ છે. હું એમને મળીને વાત કરી તમારી ગોઠવણ કરાવીશું."

અરુંધતી આશ્રમના સંચાલકની લાગવગથી આ સેવાકાર્યમાં જોડાઈ. એણે બધું કામ કરવાનું શરૂ કર્યું. એણે સંયમપૂર્વક મનુષ્યના શરીરમાંથી નીકળતા પાયખાની બદબો કે પેશાબને ન ગણકારી

ઊલટી, કફ વગેરેનાં વાસણો જાતે સાફ કરવા માંડયાં. અને પોતાના મનના ક્ષોભ ઉપર જય મેળવ્યો. હવે એ મલપદાર્થો જોઈ એને ગ્લાનિ થતી નહિ. આશ્રમમાં પણ એણે થોડા દિવસો પાયખાનાં સાફ કરવાની તાલીમ લીધી હતી.

સારી પરિચારિકા થવા માટે એણે ખૂબ ઉદ્યમશીલતા દાખવી. સૌ પરિચારિકાઓનાં વડાં એક અંગ્રેજ બાનુ હતાં. એ બહુ ભલાં હતાં, તેમ માયાળુ પણ હતાં. એમને આ નવી પરિચારિકાનો ઉદ્યમ, શીખવાની હોંશ અને કાર્યતત્પરતા ગમ્યાં. એને એણે તરત મદદનીશ પરિચારિકા બનાવી દીધી. અરુંધતીને પચીસ રૂપિયા પગાર મળવા લાગ્યો. હવે એણે ઈસ્પિતાલમાં ઓરડી મેળવી હતી. એમાં રહી એ હાથે રાંધી ખાતી. દશ રૂપિયા ખોરાકીના અને પાંચ રૂપિયા પરચુરણ ખર્ચ આવતું હતું. બાકી વધારાના દશ રૂપિયા એ આશ્રમમાં મોકલી આપતી. એ અંગ્રેજ બાનુની કૃપાથી એને પરિચર્યા (નર્સિંગ) સંબંધી કેટલાંક ઉપયોગી પુસ્તકો વાંચવા મળ્યાં. એ ખંતથી પુસ્તકો વાંચતી અને એમાંથી પોતાની નજરે જોયેલાં કાર્યોને સરખાવી અનુભવ મેળવતી હતી. એણે બાર માસમાં તો ખૂબજ જ્ઞાન મેળવ્યું. મુંબઈ જઈ નર્સિંગની પરીક્ષા પણ આપી આવી. સાઠ રૂપિયાના પગારે એ પાકી પરિચારિકા થઈ. પરંતુ એણે જીવનનો ક્રમ બદલ્યો નહિ; જે બચત રહેતી તે એ આશ્રમમાં મોકલી આપતી હતી. એણે દેશસેવા, ત્યાગ અને સંયમના માર્ગે જીવનનૌકાને ઝુકાવી. તેમાં એ આહ્લાદવા લાગી.

## ૩૮

# અરુંધતીનો જીવનવિકાસ

**અરુંધતીએ** ઇસ્પિતાલમાં ખરા ઉત્સાહથી કામ કરવા માંડ્યું. અંગ્રેજ મુખ્ય પરિચારિકા ગુણપરીક્ષક હતી. એણે અરુંધતીને કામ શીખવવા માંડ્યું. ધીમે ધીમે એને ઑપરેશન ( શસ્ત્રક્રિયા ) કરવાના કાર્યસમયે ડૉક્ટરને કેવી મદદ આપવી તેની તાલિમ પણ આપવા માંડી. ઇસ્પિતાલમાં અનેક દર્દીઓ આવતા. આમાં ગરીબ અકિંચન દર્દીઓની સેવામાં અરુંધતી પોતાના હૃદયના ભાવોને એકનિષ્ઠપણે અર્પતી હતી. એનું શરીર ખડતલ બન્યું હતું. એણે નાજુકતા અને કોમળતાને ત્યજી દીધી હતી. ધીમે ધીમે ત્રણ વરસના ગાળામાં એણે દરરોજ ૧૦-૧૨ કલાક કામ કરીને શરીરને ખૂબ કસાયલું બનાવ્યું. કામ કરવામાં એને આનંદ આવતો તેથી મન પરોવીને એ કામ કરતી. આથી પરિચારિકાનું કામ એને ભારરૂપ લાગતું નહિ. ઉત્સાહ

અને ખંતથી એ કાર્યમય બની હતી. પરિચારિકાના કામનાં દરેક અંગ એને આવડી ગયાં.

ગરીબ દર્દીઓની અરુંધતી માતા બની. દર્દીઓનાં પાયખાનાં, ઊલટીઓને કાંઈ પણ સંકોચ વિના એ સાફ કરતી હતી. એમના પરૂભર્યા જખમો પણ પોતાને હાથે જરા પણ સૂગ વગર અરુંધતી નરમ હાથે ધોતી હતી, એના ઉપર મલમ લગાડી પાટો બાંધતી હતી. લોહી જોઈ એ મનથી મુંઝવાતી નહિ. પણ તરત જ એને બંધ કરવા ડૉકટરે સૂચવેલા ઉપાયો લેતી હતી. એનું અંગ્રેજીનું શિક્ષણ પરિચારિકાના કામમાં બહુ મદદે આવ્યું. એણે ધીમે ધીમે મનનપૂર્વક એ જાતનું સાહિત્ય વાંચ્યું. ગરીબ દર્દીઓનાં માતાની માફક માથાં ખોળામાં લઈને અરુંધતી સમજાવી પટાવી દવા પાતી હતી. દર્દીઓ દુઃખ, પીડા કે અસહનશીલતાને લીધે ઘણી વખતે ઉશ્કેરાઈ જતા. એમને આશ્વાસન આપવા મીઠી મધુર વાણીનો અરુંધતી ઉપયોગ કરતી. એણે દર્દીઓની લોકપ્રિયતા મેળવી લીધી. કઠિન શસ્ત્રક્રિયા પછી થતી પીડા કે મૂંઝવણ ટાળવા માટે પણ એ દર્દી પ્રત્યે ખૂબ સહાનુભૂતિ દર્શાવતી હતી. શસ્ત્રક્રિયા પછી ચોવીસ કલાક ચતાં સૂઈ રહેવાની જરૂર હોય છે. ઘણા દર્દીઓ ભારે ચંચળ મનના થઈ જલદી શરીરને એક બાજુથી બીજી બાજુ ફેરવવા આતુર હોય છે; અરુંધતી એવાઓને સમજાવી શાંત રાખતી હતી.

સ્ત્રીઓની સુવાવડના કેસો ઈસ્પિતાલમાં આવતા હતા. આ કેસો ઉપર અરુંધતી ખાસ ધ્યાન આપતી. એનો અનુભવ, એના હાથની નરમ ક્રિયાઓ, એનો શુદ્ધ હૃદયનો સહકાર, એની મદદ કરવાની અંતઃકરણની વૃત્તિ એને ખૂબ યોગ્યતા આપતાં હતાં. સ્ત્રીઓના વિભાગમાં એણે પોતાની બદલી કરાવી. બસ, સેવાભાવથી એ રોગી, દુઃખી બહેનોની સેવા કરવા લાગી. પૈસાની તો એને લાલચ જ નહોતી. એથી ગરીબ સ્ત્રીદર્દીઓ ઉપર તે વધારે સમય

આપતી હતી, તેમના પર ખૂબ માયા રાખતી હતી. ઘણી ગરીબ દર્દીઓને તે પોતાના પદરથી ફળો અને કપડાં અપાવતી હતી. અરુંધતી દયાની દેવી બની હતી. સ્ત્રીઓ પ્રત્યે એની હમદર્દી અને દિલસોજી ઊંડા અને હૃદયના શુદ્ધ પ્રેમની હતી. સ્ત્રીઓનાં દુઃખો દૂર કરવા માટે તે ઘણી વખત પોતે રાંધ્યા અને ભોજન કર્યા સિવાય અનાહાર સ્થિતિમાં પણ લાંબો સમય ગાળતી હતી.

અરુંધતી બાળકોની તો ખાસ સંભાળ લેતી. એને પોતાને બાળક નહોતું. એનો સઘળો માતૃપ્રેમ એ બાળકોની ઉપર ઠાલવતી. વળી એણે બાળકોના વિભાગમાં પોતાની બદલી કરાવી. રોતાં, કકળતાં, દુઃખોથી ચીસો નાખતાં નાનાં નાનાં બાળકોની એ ખાસ માતા બની. બાળકોની ચીસો કે રુદનથી એને કંટાળો આવતો નહિ. ફૂલની પેઠે બાળકોનું એ જતન કરતી હતી. એમને યોગ્ય સમયે નવરાવવાં, યોગ્ય સમયે ગરમ પાણીમાં ટુવાલ બોળીને એમનાં અંગો લૂછવાં, પથારી અને પાથરણાં વારંવાર સાફ કરવાં, બાળકોનાં ગડગૂમડ ઉપર પાટાપિંડી કરવી, એમનાં પાયખાનાં સાફ કરવાં, એમને હાલરડાં ગાઈ સુવાડી દેવાં, એમને યોગ્ય સમયે ખાવાપીવાનું આપવું, સમયસર દવા પાવી, વાર્તાઓ કહી શાંત કરવાં–આ સઘળું કામ અરુંધતીએ ખૂબ પ્રેમથી કરવા માંડ્યું.

અરુંધતીએ પોતાની છાતી પથ્થરની બનાવી હતી. એક વખત અમદાવાદમાં કોઈ ચેપી રોગ ફાટી નીકળ્યો. મ્યુનિસિપાલિટીએ તેને માટે ખાસ જુદી ઇસ્પિતાલ ખોલી હતી. એના પરિચારિકાવિભાગની જોખમભરેલી જવાબદારી લેવા અનુભવી પરિચારિકાની જરૂર પડી. અંગ્રેજ મુખ્ય નર્સે આ ચેપી ઇસ્પિતાલમાં કામ કરવા માટે જૂની અને ઘણાં વર્ષોથી કામ કરતી નર્સોને પૂછ્યું; પરંતુ ચેપી ઇસ્પિતાલમાં તો મૃત્યુની સાથે રમત રમવાની હતી. મોટા પગારની લાલચે પણ ત્યાં કામ કરવા જવા માટે આનાકાની થવા લાગી. મુખ્ય

પરિચારિકાએ અરુંધતીના ઉત્સાહથી એને ત્યાં કામ કરવા ને વ્યવસ્થા લાવવા મૂકી. અરુંધતીએ માત્ર ચાર વરસ જ કામ કર્યું હતું; પણ એની કામ ઉપરની પ્રીતિ અને ધગશ જોઈ આ જોખમકારક કામ ઉપર એની નિમણુંક થઈ. એણે જરા પણ ડર રાખ્યા વગર ચેપી રોગના દર્દીઓની સેવા પોતાના ખરા અંતઃકરણથી કરવા માંડી. તે પોતાના કામમાં ઓતપ્રોત થઈ રહી. યશ અને ફળની ઇચ્છા વગર એ પોતાના સેવાના કામમાં એકાગ્ર બની ગઈ. અહીં એનો પગાર માસિક રૂપિયા એકસો જેટલો હતો.

અરુંધતીએ પોતાના સંસારની સામે બળવો કર્યો હતો. એના ગયા પછી છ મહિના પસાર થયા. એક દિવસ વૃદ્ધ પિતાએ મનુભાઈને પાસે બોલાવ્યો. વૃદ્ધે શાંત ગંભીર અવાજે કહ્યું:

"મના, તારી વહુ તો કપાતર નીવડી, એણે માવતર અને સાસરાની આબરૂ અને મરજાદા ઉપર પાણી ફેરવ્યું! મારા બુઢ્ઢાના ધોળામાં ધૂળ નાખી એ ઘર છોડીને ભાગી ગઈ. હવે શું કરવું છે?"

મનુભાઈએ નિઃશ્વાસ નાખ્યો. એણે કાંઈ જવાબ આપ્યો નહિ.

થોડી વાર મનુભાઈના મોં સામે જોઈ રહી ડોસાએ વાત આગળ ચલાવી: "મેં તારે માટે ગોઠવણ કરી છે. માણેકલાલ શેઠ આપણી જ્ઞાતિમાં આબરૂદાર અને ધનવાન છે. અઢાર વરસની એની છોકરીને માટે વર જોઈએ છીએ. આપણી નાતમાં કન્યાઓ તો ઘણી છે, જ્યારે યોગ્ય વરની ખૂબ અછત છે. કાલે માણેકલાલ શેઠના કાકા દીનુભાઈએ મારી પાસે વાત કરી. મેં મનમાં વિચાર કર્યો કે છોકરો મોટો છે. એને પૂછી જોઉં કે શું મત છે?"

મનુભાઈએ હા—નાનો કંઈ જવાબ આપ્યો નહિ.

"કન્યા મજાની છે, ગુજરાતી ભણી છે; અંગ્રેજી ભણેલીઓનાં માથાં ઠેકાણે રહેતાં નથી. એવીઓ જૂની વહુની પેઠે માથું ફેરવતાં

વાર લગાડે નહિ. એ લલિતા અંગ્રેજી ભણી નથી. ઘર અને છોકરી તારી માને પસંદ છે; તું જોઈ આવ." અનુભવી વૃદ્ધે સમજાવીને કહ્યું.

મનુભાઈએ મૌન સેવ્યું. એના મોઢાનો ભાવ નિરાશ હૃદયની પીડા અને શોકથી વ્યાપ્ત થઈ ગયો. ડોસાએ એના હૃદયના એ ભાવો વાંચી લીધા.

"મના, તું શું રાંડીરાંડ છે? બોલતો કેમ નથી? પથ્થરની માફક શા માટે જડ થઈ બેઠો છે? એ નફ્ટ બૈરી પાછળ આમ ઘેલો કેમ બન્યો છે? ઈ તો ખ્રિસ્તાન થઈ છે, ખ્રિસ્તાન! એને સંભારી શું કરીશ? શો કલજુગ આવ્યો છે!! અમારા વખતમાં તો જમણા પગનું પગરખું બદલવું અને બૈરી બદલવી સરખું હતું. મારા બાપ ત્રણ વખત પરણ્યા હતા; મારા કાકા પંચાવન વરસની ઉંમરે ઘોડે ચડ્યા હતા; આપણા આબરૂદાર ઘરને કન્યાની ખોટ ક્યારે પડી છે? તું શા માટે ગભરાય છે! એ ગઈ તે તો જૂનું પગરખું ગયું છે, પીડા વગર લપ ગઈ. જોઈએ એટલી કન્યાઓ તારા પગ ચાંપવા દોડી આવે તેમ છે. તારે માત્ર હા કહેવાની જ વાર છે."

મનુભાઈ પિતાની વાત પૂરી થતાં ઉઠી ચાલ્યો ગયો. એના મનમાં લાગણીઓનું તુમુલ યુદ્ધ ચાલતું હતું.

પિતાની સૂચનાથી માતાએ મનુભાઈને સાથે તેડી લઈ જઈ કન્યા બતાવી. માતાએ દશ વખત પૂછ્યું; પણ મનુભાઈએ કાંઈ જવાબ આપ્યો નહિ; નિસ્તેજ વદને શૂન્ય મનથી તે બેઠો રહ્યો.

"કાં, મનાની મરજી છે?" મોટા મોટા કોળીઆ ભરીને વાગોળતાં ડોસાએ પૂછ્યું.

"ઈ તો કાંઈ બોલતો નથી; મૂંગો બેઠો છે, પૂછતાં જવાબ પણ દેતો નથી."

લલિતા કાંઈ શામળી છે. એના મોઢા ઉપર કંઈક માતાના

કાય છે, પણ માણેકલાલનું ઘર આપણા જેવું જ આબરૂદાર એટલે મારું મન જરા ઢળ્યું હતું. પણ મનાને રૂપાળી કન્યા જોઈએ તો પણ મારી ક્યાં ના છે! પેલા અમથાલાલની કન્યા અઢાર વરસની છે, દેખાવે પણ ઠીક છે. ગઈ કાલે આવ્યો હતો ને મારું ,માથું દોઢ કલાક ખાઈ ગયો. લાલભાઈએ તો પોતાની દિકરી લેવા માટે દશ જણા પાસે ચોવટ કરાવી છે; જ્યારે મેં ક્યાંયે જીભ કચરી નથી. મનાને ગમે તે પસંદ કરે; મારી છૂટ છે." વૃદ્ધે હૃદયની ઉપલક ઉદારતા દેખાડી.

"હું ફરીથી એને પૂછી જોઈશ; કાલે જવાબ આપીશ."

માતાએ ફરી મનુભાઈને પૂછ્યું. મનુભાઈએ છ માસ હજી વાટ જોવી છે એવો ટુંકાક્ષરી જવાબ દીધો. ડોસીએ ડોસાને વાત કરી. ડોસા ભભૂકી ઊઠ્યા:

"ઈ ગોલકીનો શું સમજે? મેં જાણ્યું કે મોટું છોકરું છે તો લાવ પૂછી જોઉં, પણ જૂની વહુએ એના ઉપર જાદુ કર્યું છે. ભાઈનાં લક્ષણ હું જોતો આવ્યો છું; મને ઈ પસંદ નથી. મારા ઘરનો હું માલિક છું. આ ઘરમાં રહેવું હોય તો મારું કહ્યું માનવું પડશે, નહિ તો આ રહ્યો મોટો રસ્તો; એને જ્યાં જવું હોય ત્યાં જાય; બારણાં ખુલ્લાં છે."

"એકના એક છોકરાને બારણે કાઢી જગતને તમે શું મોઢું દેખાડશો? તે કરતાં છ મહિના થોભી જાઓ. કાલે છ મહિના નીકળી જશે." ડોસીએ દિકરાનો પક્ષ ખેંચ્યો.

"હું તો એવી ને એવી જ રહી. આગળ પાછળનો વિચાર નહિ. નાતીલા કહેશે કે જીવણલાલના છોકરાને કન્યા મળતી નથી; અને મારી લાખની આબરૂ ઉપર પાણી ફરશે. હમણાં કન્યાનાં માબાપ મારી ખુશામત કરે છે. છ મહિના પછી મારે એમનાં

પગથીઆં ઉપર પગરખાં ઘસવાનો વારો આવે. પોતાનો વખત આવ્યે ઘા ન મારે તે મોટો ગધેડો; હું એવો ગધેડો નથી. મારે તો હા–નાનો જવાબ કાલેજ જોઈએ. તું પૂછ, નહિ તો હું એને થથરાવી નાખું. મારી સાત પેઢી થયાં બાપ વગર દિકરાનું સગપણ પૂછ્યા વગર જ થતું જાય છે. તારો દિકરો એવો કુલદીપક નીવડ્યો છે જે બાપની વાતને ઉથાપે છે." બુઢ્ઢાએ આકળા થઈ ઉદ્ગારો કાઢ્યા.

માતાએ મનુભાઈને પિતાનું અલ્ટીમેટમ આપી દીધું. યુવક કિંકર્તવ્યમૂઢ થઈ ગયો. એ પોતાની ઓરડીમાં જઈ પોકેપોક રોયો. એણે થોડી વાર પછી અરુંધતીને એક પત્ર લખ્યો:

"અરુંધતી !

છ માસ થયાં તું મને મૂકી ચાલી ગઈ છે; હું તને ભૂલી શકતો નથી. મારૂં હૃદય તારી પાસે છે, ને ખોળીયું અહીં છે. પિતા મારા ગળામાં તોક પહેરાવવા તૈયાર થયા છે, હું અંધારા ખાડામાં ધકેલાઈ રહ્યો છું. તારી પાસે ભાગી આવવા સો વખત તૈયાર થાઉં છું, પરંતુ તારી કમાણી ઉપર હું જીવવા માગતો નથી તેથી અચકાઉં છું. મને સ્વતંત્ર ધંધો આવડતો નથી. મારી પાસે મૂડી પણ નથી. કદી કદી આપઘાત કરવાનું મન થાય છે; પણ એ કાયરોનો માર્ગ હું લઇશ નહિ. વડીલ વૃદ્ધ માતાપિતાને રવડાવી ભાગી જવાના વિચારને પણ હું પોષી શકતો નથી. મારી સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી છે. હૃદયનો ભાર ઉપડતો નથી. હું દુઃખી અને અનાથ છું.

લિ. તારો

–મનુભાઈ."

ત્રીજે દિવસે જ એનો જવાબ ફરી વળ્યો. તેમાં અરુંધતીએ લખ્યું હતું:

"પ્રિય પતિ !

તમારો હૃદયને હચમચાવી નાખનારો પત્ર મળ્યો. હું પણ આર્ય સ્ત્રી છું. મેં મારા હૃદયમંદિરમાં તમારી મૂર્તિ પધરાવી છે. એનું સ્થાન ક્યારેય પણ પદભ્રષ્ટ થશે નહિ, તેની પાકી ખાતરી રાખજો. પરંતુ હમણાંના તમારા સંસારમાં મારો આત્મા કચરાય છે. મારા આત્માના અવાજ મુજબ હું મારી ફરજ બજાવું છું. દેશને હું તમારા કરતાં પણ વિશેષ મહત્ત્વ આપું છું. જ્યારે પણ તક મળશે ત્યારે ફરી હું એ જ માર્ગે મારી સર્વ શક્તિઓ

સહિત ઊતરી પડીશ. મારી ફરજ મારે સ્વતંત્રતા અને આઝાદીમાં બજાવવાની છે. તેમાં બેડીઓ કે બંધનો હું સ્વીકારીશ નહિ.

"તમે ખુશીથી બીજી વખત લગ્ન કરો. હું તેથી ઘણી પ્રસન્ન થઇશ. આપની નવી પત્ની પર હમેશાં મારો આશીર્વાદ રહેશે. એને હું મારી નાની બહેન માનીશ. હું તમને અને માતપિતા સૌને સુખી જોવા ઇચ્છું છું. તમારા ફરી વિવાહમાં હું આખા કુટુંબનું કલ્યાણ જોઉં છું. કુટુંબ પ્રત્યે મારા મનમાંથી મમત્વ ગયું નથી. તે મમત્વના આધારે જ હું મારા સઘળા બળથી તમને ફરીથી લગ્ન કરવા ભલામણ કરું છું.

લિ. હમેશાં તમારી

—અરુંધતી."

મનુભાઈએ ત્રણ ચાર વખત કાગળ ફરી ફરીને વાંચ્યો. આખી રાત એણે નિદ્રા વગર પથારીમાં આળોટીને વિચારમાં પસાર કરી. સવારે જીવણલાલે એને બોલાવ્યો. પિતા પૂજા કરી રહ્યા હતા. માતા સામે બેઠી હતી. પિતાએ શાંતિથી વાત શરૂ કરી:

"મના, પછી સગપણ બાબત તેં શું નિર્ણય કર્યો? જો ભાઈ, મારે તો મારી પાછળ પાણી પાનારો અને શ્રાદ્ધ કરનારો જોઈએ છીએ. મારા દોઢસો વરસના ઘરને હંમેશ માટે તાળું લાગી જાય તો મારા પિતૃઓ અધોગતિને પામે. પાછળ પાણીનો છાંટો આપનાર રહે તે માટે તું અમારા બંને તરફ જોઈને પણ પરણ. આજ્ઞા માન તો આજ્ઞા અને વિનંતિ માન તો વિનંતિ, પણ અમારી વાત માન્ય રાખ. જો વાત નહિ રાખે તો મારો આ લોક અને પરલોક બંને બગડશે. અમારા ધોળા વાળ સામે જોઈને કાંઈક તો દયા રાખ. સાઠ વર્ષે આ એક જ માંગણી કરું છું."

માથું નીચું કરી બેઠેલા મનુભાઈએ કહ્યું: "જેવી તમારી અને બાની ઇચ્છા." એમ કહી એ ઊઠી ગયો.

* * *

બીજે સોમવારે લલિતાવહુ નવો કસુંબો પહેરીને આવ્યાં. એ સાસુ–સસરાને પગે લાગ્યાં અને મનુભાઈના નવા ગૃહસ્થાશ્રમની પાપા પગલીઓ મંડાઈ.

# ૩૯

# અરુંધતીની રહેણી-કરણી

**અરુંધતીને** પરિચારિકાના જીવન દરમિયાન અનેક અનુભવો મળ્યા. એ યુવતી હતી; બહુ રૂપાળી તો નહોતી, પરંતુ સાધારણ આકર્ષણવાળી જરૂર હતી. યુવાનીએ એના રૂપમાં જાદુ ભર્યું હતું. એ ઘઉંવર્ણા વર્ણની હતી. સત્યાગ્રહમાં જોડાયા પછી ચાલુ કસરત અને શરીરના ઉદ્યમને લીધે એના અવયવો સુડોળ અને ઘાટીલા થયા હતા. પ્રથમ સુકલકડી હતી, પરંતુ હમણાં એનામાં કસરતને લીધે સ્વાસ્થ્ય સુધરી સારી વૃદ્ધિ થઈ હતી. કસરતથી એનું લોહી રતાશ પકડતું થઈ ગયું હતું. યુવાની એને દીપતી હતી. એની ખાદીની સાદી સાડીમાં એ શોભી નીકળતી હતી. હાથમાં બે સાદી ઝીણી સોનાની બંગડીઓ પહેરવા સિવાય કાંઈ અલંકાર એ ધારણ કરતી નહિ. કપાળમાં સૌભાગ્યસૂચક ચાંદલો કરતી હતી. પગમાં પ્રથમ ચંપલ પહેરતી, પરંતુ પરિચારિકાનું કાર્ય ગ્રહણ કર્યા પછી એણે

આશ્રમમાંથી સાદા સ્લીપરો મંગાવી રાખ્યા હતા. મોજાંનો ઉપયોગ તે કદી પણ કરતી નહિ.

અરુંધતીનો ખોરાક તદ્દન સાદો હતો. તે એક વખત રોટલી, શાક, દાળ અને દૂધ લેતી. ક્યારેક માત્ર રાત્રે દૂધ લેતી, ક્યારેક મોસમી ફળો પણ ખાતી. એણે ખાંડ, મિઠાઈ કે ખાટા, ખારા, તીખા પદાર્થોને ત્યજી દીધા હતા. આશ્રમમાં એણે મીઠા વગરનું ખાવાની ટેવ પાડી હતી. ક્યારેક દૂધ જમાવી દહીં કે છાસ પણ લેતી હતી. કાચાં ગાજર, મૂળા, ટમેટા, શેરડી પણ એ લેતી. મોસંબી, નારંગી, આંબા, પપૈયા, કેળાંનો પણ એ ક્યારેક ઉપયોગ કરતી હતી. એ આરોગ્યશાસ્ત્રના નિયમો આશ્રમમાં રહીને સમજી હતી. ક્યારેય કોઈ સામાજિક ઉત્સવમાં ભાગ લેતી નહોતી. કોઈ દર્દી બહુ આભાર-વશ બનીને એને નોતરું આપે તો એવા આમંત્રણને સ્વીકારી ત્યાં માત્ર દૂધનો સ્વીકાર કરતી હતી. કોઈ તરફથી કાંઈ ભેટ સ્વીકારતી નહોતી. એને પૈસાદાર દર્દીઓ અનેક વસ્તુઓના પ્રલોભનમાં નાખવા માટે અનેક સુંદર અને કિંમતી વસ્તુઓ સુકાંલીલાં ફળો અને મિઠાઈની ભેટ મોકલતા હતા. પરંતુ એવી ભેટો એ પાછી જ વાળતી. એક ધનવાન દર્દીએ મેવાની કરંડીઆમાં એને માટે પાંચ સોનામહોરો મૂકી; પણ અરુંધતીએ એ સ્વીકારી નહિ.

પોતાની ઓરડી ઈસ્પિતાલમાં હતી. એનો અધિકાર વધ્યો તેમ એકને બદલે બે મોટી ઓરડીઓ મળી; પરંતુ અરુંધતી એવી ને એવી સાદી રહી. ઓરડીમાં એક પણ ખુરશી કે ટેબલ કે પલંગ નહોતા. જમીન ઉપર શેત્રંજી પાથરી તેના ઉપર એક મૃગછાલ બિછાવી પોતાના નાના ઓશીકા પર માથું મૂકી અરુંધતી કામથી થાકેલા શરીરે સુખી અને સ્વપ્ન વગરની મધુર નિદ્રાનો અનુભવ મેળવતી હતી. સુંદર સ્વાસ્થ્ય, શરીર અને મનને યોગ્ય પ્રવૃત્તિ, નિયમિત કસરત, સાદો આહાર અને સરળ જીવનથી અરુંધતીનું આરોગ્ય સરસ રહેતું હતું. ખુલ્લી હવામાં એ સાંજના બે ત્રણ માઈલ

સમય હોય તો ફરી આવતી હતી. એને કોઈનો ભય નહોતો. એની ઓરડીના એક નાનકડા કબાટમાં એનાં પ્રિય પુસ્તકો હતાં. શ્રીમદ્ ભગવદ્‌ગીતા, રામકથા, મહાત્મા ગાંધીજીનાં પુસ્તકો, કેટલાંક સસ્તા સાહિત્યનાં પુસ્તકો, અમૃતલાલ સુંદરજી પઢિયારનાં સ્વર્ગો, ગાંધીજીની અંગ્રેજીમાં ડૅકસકૃત જન્મકથા, પાતંજલ યોગસૂત્ર, શ્રી રામકૃષ્ણ પરમહંસના અંગ્રેજીમાંથી અનુવાદ કરેલ ચરિત્ર અને કથામૃતો, શ્રી રામતીર્થના અંગ્રેજી લેખોનાં પુસ્તકો, મીરાબાઈ, કબીર, નાનક, દાદૂ, નરસિંહ મહેતાનાં ભજનો, સરસ્વતીચંદ્રના ચારે ભાગો, ચંદ્રકાન્તના ૩ ભાગો, સેન્ટ ફ્રાન્સિસનું અંગ્રેજી જીવનચરિત્ર, બાઈબલ, ધમ્મપદ અને બીજાં કેટલાંક આરોગ્ય અને પરિચારિકાના ધંધાને લગતાં પુસ્તકો હતાં. એક નાનું મેજ હતું. પોતે દર્ભના આસન ઉપર બેસીને મેજ ઉપર પોતાની નિત્યનોંધ દરરોજ લખતી હતી. કોઈક વાર સાબરમતી આશ્રમની બહેનો સાથે એ પત્રવ્યવહાર પણ કરતી હતી.

અરૂંધતીએ પોતાનાં વાસણો માંજવા ને ઓરડી સાફ કરવા માટે ઇસ્પિતાલમાં કામ કરતી એક હરિજન બાળાને રાખી હતી. તે એને માટે નળમાંથી પાણી ભરી લાવતી, વાસણો સાફ કરતી, ઓરડી સાફ કરતી અને લૂગડાં ધોઈ દેતી. અરુંધતી એને માસિક ત્રણ રૂપિયા પગાર આપતી હતી. અરુંધતીની જ્ઞાતિનાં કુટુંબો અમદાવાદમાં રહેતાં હતાં. કોઈ કોઈ કુટુંબ સાથે માવિત્ર કે સાસરાનું દૂરનું સગપણ નીકળતું. પરંતુ અરૂંધતી ઘણાખરા સાથે કોઈ જાતનો સંબંધ રાખતી નહોતી. એની માતાની કુટુંબી એક વૃદ્ધ ડોસી પોતાની દિકરી સાથે રહેતી હતી. એક પ્રસંગે એની સાથે ઓળખાણ થતાં સગપણ નીકળ્યું. ડોસીનો નિઃસ્વાર્થી પ્રેમ જોઈ અરૂંધતી કયારેક એને ઘેર જતી હતી. પરંતુ એને ઘેર નાસ્તો સરખો પણ લેતી નહિ. સાબરમતી આશ્રમની બહેનો કયારેક મળવા આવતી; અને પોતે પણ રજાને દિવસે ત્યાં આંટો મારી આવતી હતી.

યુવાન, કાંઈક આકર્ષક અને સુઘાટીલી યુવતી ઉપર કામી

યુવાનોની નજર ક્યારેક વરૂની નજર પેઠે ઠરતી હતી. એના શરીરના વાંચ્છુઓ બળતી આંખોથી એના મોઢા સામે મીટ માંડી આંખોથી ઈશારા કરતા, સીસોટીઓ વગાડતા એની પાસેથી પસાર થતા હતા. અરુંધતીને એમના તરફ નજર કરવાની દરકાર નહોતી, કોઈ વધારે છૂટ લેવા એની નજીક આવી એના અંગને અડપલું કરવાને હિંમત કરતું તેટલામાં તો અરુંધતીના હાથની મજબૂત મુઠ્ઠી એના માથા સાથે અફળાઈ અવાજ કરતી અથવા એના ગાલ ઉપર પાંચે આંગળીઓ ઊઠતી. એવા બે ત્રણ બનાવો બન્યા પછી એની છેડતી કરવાનું એ લોકો ભૂલી ગયા. સાંજે ફરવા નીકળતાં પણ કોઈક અજાણ્યો યુવક એના એકલાપણાનો લાભ લઈને નજીક આવી કાંઈક છૂટછા કરવા પ્રયત્ન કરે તે પહેલાં જ એ ચંડી શક્તિનું સ્વરૂપ ગ્રહણ કરતી.

ઇસ્પિતાલના એક યુવાન ડૉકટરની નજરમાં અરુંધતીનું રૂપ વસ્યું. એ ડૉકટર લાગવગવાળો અને મોટા ડૉકટરનો માનીતો હતો. અરુંધતીનો એ ઉપરી હતો. એણે અરુંધતી પાસે અયોગ્ય માગણી કરી. એણે પહેલાં તો એની કાંઈ પરવાહ કરી નહિ. પરંતુ ડૉકટરે બેદરકારી અને કામમાં બેકાળજીના ખરાબ રિપોર્ટો કરવા માંડ્યા. આથી એને રજા મળે એવી સ્થિતિ ઉત્પન્ન થાય તેમ હતું. અરું-ધતીએ યોગ્ય વિચાર કરીને એને સપડાવવાનો ઘાટ રચ્યો. અંગ્રેજ મુખ્ય પરિચારિકા સાથે એને ગાઢો સ્નેહસંબંધ હતો. એણે એ ભલી બાઈ પાસે જઈ બધી વાત કહી પોતાને મદદ આપવા વિનંતિ કરી. બંનેએ મળીને યોગ્ય ગોઠવણ કરી. એક એકાંત ઓરડામાં અરુંધતીએ યુવાન ડૉકટરને બોલાવ્યો. ડૉકટરે એકાંત જોઈને પોતાનો પ્રેમ જાહેર કર્યો. ખૂબ લાલચ આપવી શરૂ કરી, તેટલામાં નજીકમાં છુપાયલી અંગ્રેજ મહિલાએ એ બધી વાત પોતાને સગે કાને સાંભળી લીધી. એણે મોટા ડૉકટરને એક યાદી મોકલાવી. પરિણામે પેલા યુવાન ડૉકટરની બદલી થઈ.

એક યુવાન ધનવાન અને સારા કુળનો યુવક કોઈ નાની શસ્ત્રક્રિયા માટે ઈસ્પિતાલમાં આવ્યો. એ પંદરેક દિવસ ત્યાં રહ્યો. અરુંધતી પરિચારિકા તરીકે આવ–જાવ કરતી હતી. યુવકને એક સાંજના દિવાબત્તી પછી એકાંતનો લાભ મળ્યો. એણે પોતાનો પ્રેમ જાહેર કરી આંગળીએ પહેરેલી હીરાની વીંટીની અરુંધતીને લાલચ આપવા માંડી. અરુંધતીએ કાંઈ જવાબ આપ્યો નહિ. એ યુવકનાં પત્ની સંસ્કારી હતાં. તે પતિને મળવા દરરોજ ઈસ્પિતાલમાં ઘરની મોટરમાં બેસી આવતાં હતાં. અરુંધતીએ એમને એકાંતમાં મળી સાંજે દિવાબત્તી સમયે આવવા વિનંતિ કરીઃ 'તમારું જરૂરનું કામ છે' એમ કહી સંમતિ મેળવી લીધી. સાંજે જ્યારે યુવકનાં પત્ની આવ્યાં ત્યારે એમનો હાથ પકડી એ ઓરડાની બહાર લઈ જઈ તે સાંભળી શકે એમ એને ઊભી રાખી. પોતે એકલી અંદર ગઈ. યુવકે એકાંત જોઈ પ્રેમ જાહેર કરવાનો મોકો લીધો. હીરાજડિત વીંટી આપવાની ફરી માગણી કરી. અરુંધતીએ વીંટી એના હાથમાં લઈ બહારથી યુવકની પત્નીને બોલાવી વીંટી તેના હાથમાં મૂકી દીધી. પતિપત્ની વચ્ચે શું વાતચિત થઈ તેના ઉપર આપણે પડદો જ નાખવો રહ્યો.

અરુંધતી બિલકુલ એકાંત જીવન ગાળતી નહોતી. સ્ત્રીસમાજની એક સંસ્થાની એ સભ્ય થઈ હતી. એ સમાજના કાર્યમાં અરુંધતી ખરા હૃદયથી ભાગ લેતી હતી. દર રવિવારે એ આ સમાજના કામકાજમાં ભાગ લેવા જતી. આપણી સ્ત્રીઓનું આરોગ્ય કેમ સુધરે, એ વિષે એણે દર પંદર દિવસે વ્યાખ્યાન આપવાનું ચાલુ રાખ્યું હતું. પહેલાં શરૂઆતમાં બહુ થોડી બહેનો આ ભાષણો સાંભળવા આવતી; પરંતુ પાછળથી જેમ જેમ વિષય રસિક થતો ગયો, જેમ જેમ બોલનારની વક્તૃત્વશક્તિ ખીલતી ગઈ, તેમ તેમ શ્રોતાઓની સંખ્યા વધતી ગઈ. અરુંધતીના આરોગ્ય વિષેના સંક્ષિપ્ત વિચારો નીચે મુજબ હતા:—

આપણી સ્ત્રીઓમાં ત્રણ વર્ગ છેઃ ધનવાન વર્ગ બહુ થોડા

પ્રમાણમાં છે. ગુજરાતમાં વસતી પ્રજાનો ૦॥ ટકા જ માત્ર ધનમાં અને ઐશ્વર્યમાં આળોટે છે. એ વર્ગ પાસે ગાડી-ઘોડા, મોટરો, બંગલા, નોકરો, વસ્ત્રો, અલંકારો અને બાગ-બગીચા હોય છે. એમાંની ઘણી-ખરી સુસ્ત જીવન ગાળે છે. એમને કાંઈ આદર્શ રહેતો નથી. ધન અને ઐશ્વર્યની પોતે ટ્રસ્ટી છે, એ ભાવ એમનામાં ઉદય પામતો જ નથી-પોતાનું કાંઈક કર્તવ્ય પોતાની બહેનો પ્રત્યે છે એ વાત તેમના મનમાં વસતી જ નથી. તેઓ પોતાને ધનની માલિક સમજે છે. રસોઈયા રસોઈ કરે છે, નોકરો કપડાં ધુએ, ઘર સાફસૂફ રાખે, અનાજ સાફ કરે, માળી બગીચો સંભાળે, ડ્રાઈવર મોટર હાંકે, દાસી કપડાં સંભાળે અને સેવા કરે, એટલે શેઠાણીને કાંઈ કરવાનું રહે નહિ. મોજશોખ, સુસ્તી, પૈસા ખર્ચીને આનંદ મેળવવાની વૃત્તિ, ઉદ્યમ કે ઉદ્યોગ વિનાનું બેઠાડુ જીવન, જલદી પચે નહિ તેવા ભારે પદાર્થોનું ભોજન, ખાઉધરાપણું-આ સર્વે પૈસાદારના જીવનમાં શાપ સમાન એમને ઝોડની પેઠે વળગે છે.

આ શ્રીમંતવર્ગમાં રાજા-મહારાજાઓ, નવાબો, મોટા મોટા જમીનદારો, મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓની સ્ત્રીઓ આવી જાય છે; એમને કંઈજ ધ્યેય હોતું નથી. એમાંની ૯૦ ટકા સ્ત્રીઓનાં શરીર જોશો તો કાંઈ ને કાંઈ રોગોથી યુક્ત હશે જ. ડૉકટરોની દવા એમના ગળામાં ચાલુ ઠલવાતી જ રહે છે. આ વર્ગ મોજશોખમાં પડવાથી અત્યંત સાંકડા મનનો થઈ જાય છે. એ પોતાની જુદી જ્ઞાતિ સ્થાપે છે, એને બીજાઓ પાસેથી પોતાના પંડ માટે ધનના બળથી માન જોઈએ છીએ. પોતાથી ધનમાં અને ઐશ્વર્યમાં ઊતરતા વર્ગ પ્રત્યે એમની દૃષ્ટિ ઉદારતાભરેલી નથી હોતી. એમનામાં સ્વતંત્રતા છે, પણ સંયમ નથી; ધન છે, પણ સાથે અહંકાર આવે છે; ઐશ્વર્ય છે, પણ આરોગ્ય નથી; દાન છે, પણ કીર્તિદાન છે; વસ્તુની વિપુલતા છે, પણ કદર અને સદુપયોગ નથી; સુખનાં સાધનો પુષ્કળ વસાવે છે, પણ ખરું સુખ મેળવતાં નથી. બાહ્ય શોભા પુષ્કળ છે,

પણ હૃદયના સદ્‌ગુણોની શોભા નથી. બાહ્ય વિવેક છે, પણ અંતરનો ઉમળકો નથી; બહારનો દંભી શિષ્ટાચાર છે, પણ અંતરનો ઉચ્ચ સ્વભાવ નથી; બાહ્ય દેખાવો દંભ અને વિનયને અંતરમાં ઉતારવાના પ્રયત્નો શિથિલ છે; વિદ્યા છે, પણ તેનો વિશાળ ઉપયોગ નથી.

આપણા મધ્યમ વર્ગની સ્ત્રીઓને તો સંસારના વાણાતાણા ભેગા કરીને વસ્ત્રો વણવાનું રહે છે. આપણો એ વર્ગ સેંકડે ૪૦ ટકા જેટલો મોટો છે. એ વર્ગમાં સાધારણ વિદ્યા છે, પણ વિદ્યાના ભાવિ વિકાસનાં સાધનો નથી. સુઘડતા છે, પણ સુઘડતા રાખવાનાં સાધનો ટુંકાં છે; જીવનના નાવને સંસારસાગરમાં તરતું રાખવામાં એમને પોતાની સર્વે શક્તિઓ ખર્ચવી પડે છે. એમની પાસે મહેનત છે, પરંતુ મહેનતને ફળદ્રૂપ કરનાર દૂધ, માખણ, છાસ, ફળો અને શાકભાજીની વિપુલતા નથી; યુવાન શરીરો છે, પણ મન યુવાન નથી. રોગોને સહજ કરી વિકાસ કરવામાં આ વર્ગ પ્રથમ દરજ્જો મેળવે છે. આ વર્ગની સ્ત્રીઓને જૂને ચીલે ચાલવું છે, જૂની ઘરેડની રીતભાતો નિભાવવી છે, બહારનો સાંસારિક દેખાવ પોતાના ગજા ઉપરાંત રાખવો છે. એમનાં નિવાસો સાંકડાં અને હવા અજવાળા વગરનાં છે. એક કે બે ઓરડીમાં એમનું મોટું કુટુંબ સાંકડમાંકડ રહે છે, એમનો ખોરાક પણ સારો અને આરોગ્યવર્ધક ધનના અભાવથી રહેતો નથી. એમને ઓઢવા–પહેરવાનાં વસ્ત્રો પણ બાહ્ય દેખાવ પૂરતાં જ મળે છે. બાળકોને વિદ્યાભ્યાસ કરાવવાની વૃત્તિ છે, પરંતુ તે માટે આર્થિક સગવડ નથી. આ વર્ગની સ્ત્રીઓ ક્ષય, મેલેરીઆ, ખાંસી, તાવ વગેરે રોગોથી હેરાન રહે છે, એમનું જીવન આર્થિક યુદ્ધની હાડમારીઓ અને સંકટોથી ભરેલું રહે છે. રોગો તો વારસામાં ચાલ્યા જ આવે છે, એમની આયુષ્યમર્યાદા ઘણી ઓછી રહે છે. ખરેખરો દુઃખીવર્ગ આ કહેવાય.

આપણો શ્રમજીવી વર્ગ એટલો દુઃખી નથી. એમનામાં સ્વતંત્રતા

છે, પણ અજ્ઞાન છે. એમનામાં સાદું જીવન છે, પણ સંસ્કાર નથી; એમનામાં ઉદ્યોગ છે, પણ જીવનનો મધુર રસ નથી; એમને ખુલ્લી હવાનો લાભ મળે છે, પણ સ્વચ્છતાના અભાવે એનો સંપૂર્ણ લાભ લેવાતો નથી; એમનામાં સરળતા છે, પણ પરસ્પર રાગદ્વેષ માતા નથી; ગ્રામ્ય જીવન છે, પણ સાથે ગંદકી છે; ઉદ્યોગ છે, પણ શિસ્ત અને નિયમન નથી. ધર્મશ્રદ્ધા છે, પણ વહેમો અને પીરફકીર સાધુઓથી આચ્છાદિત છે; એમનામાં મોજશોખી જીવન નથી, પરંતુ સ્વાસ્થ્યના કાયદા પાળવા સમજવા જેટલું જ્ઞાન નથી; સાદી સમજ છે, પણ નિરક્ષરતા પણ તેટલી જ છે; દારૂરૂપી વ્યસન નથી, પણ તેને બદલે તમાકુ, અફીણ વગેરે લાગેલાં છે. હૃદયની પવિત્રતા છે, પણ મનનું સાંકડાપણું પણ અતિશય છે; આતિથ્ય છે, પણ સાથે ગરીબાઈ પણ છે. ગ્રામ્ય જીવનમાં સાદાઈ, સરળતા, મહેનત, અને ઉદ્યોગ સાથે જીવનના રસની મધુરતા મેળવવા સ્વચ્છતા, શિસ્ત, સુસંસ્કાર, અક્ષરજ્ઞાન અને આગળ વધવાની ધગશ હોય તો સોનાની સાથે સુગંધ મળે. શ્રમજીવીઓની સ્ત્રીઓનું સરસ આરોગ્ય, અજ્ઞાન, વહેમો, બાધા, આખડી, આરોગ્યના કાયદાઓના અજ્ઞાનને લીધે બગડે છે.

આપણી સ્ત્રીઓએ પોતાનું આરોગ્ય સુધારવા માટે પોતે જ પ્રયત્નો કરવા પડશે; બહારથી કોઈ બીજો સુધારવા આવશે નહિ– કોઈ બીજો સુધારી દેશે નહિ. ધનવાન સ્ત્રીઓ જો સ્વાર્થ અને મોજશોખને ઘટાડીને સેવાભાવનો વિકાસ કરશે તો તેઓનું આરોગ્ય સુધરશે. એમણે સેવાવ્રત લેવું જોઈએ, એમાંથી રસ અને આનંદ મેળવવા જોઈએ. સિનેમા અને નાટકોનો આનંદ પોતાની જીવતી ગરીબ બહેનોના ગૃહસ્થાશ્રમમાંથી મેળવવો જોઈએ. સાદું જીવન, સાદી રહેણીકરણી અને પરોપકારી જીવન એમને આનંદમાં રાખી સ્વાસ્થ્ય સંબંધમાં ઘણો ફાયદો કરશે. મધ્યમ વર્ગની બહેનો ખોટી રીતભાતો, વ્યવહારના ભમભરેલા રિવાજોમાંથી છૂટે તો ઘણો ફાયદો થાય. વિવાહ, સીમંત, યજ્ઞોપવીત, મરણ પાછળના ખર્ચો, પ્રેતભોજનો

વગેરે આપણા પર સવાર થઈ બેઠેલાં રૂઢ બંધનોમાંથી છૂટવું જ જોઈએ. આપણે આપણા શ્રમજીવી વર્ગમાં સુસંસ્કારો અને આરોગ્યના જ્ઞાનનો પ્રચાર કરવો ઘટે. આપણને આપણું ગ્રામ્યજીવન સુધારવાની ઉત્તમ તક છે. પહેલાં આપણે પોતે સુધરીએ, પછી બીજાઓને સુધારાય. આપણે આઝાદ થઈએ તો બીજાઓને આઝાદ બનાવી શકાય.

અરુંધતી પોતાની સ્વતંત્રતાનો સંયમથી, પોતાની વિદ્યાનો પ્રચારથી, પોતાના કાર્યક્ષેત્રનો સેવાથી, પોતાના શરીરનો સાદા જીવનથી, પોતાના મનનો સારાં પુસ્તકોના વાચનથી વિકાસ કરી રહી હતી. એનું મન પરમ આનંદમાં મહાલતું હતું. સંસારનાં બંધનો અને બેડીઓથી અરુંધતીનું મન મુક્ત હતું. એની નાની દિલરૂબા રાત્રે નવ વાગ્યા પછી કબીર, મીરાંબાઈ, નરસિંહ મહેતો, તુકારામ વગેરેનાં ભજનો સાથે એકતાન થતી હતી. અરુંધતી આધ્યાત્મિક અને સૌંદર્યમય પવિત્ર જીવન ગાળતી હતી. એમાં રોગ, શોક, મોહ, તૃષ્ણા, ઇચ્છા, વાસના, અપવિત્રતા, દ્વેષ, ભય, અસૂયાની ગંધ પણ નહોતી; એનું જીવન સંપૂર્ણ સુખી હતું.

એકાદ વરસ ઇસ્પિતાલમાં વીતી ગયું. ઓચિંતા એક દિવસે પોતાના કામમાંથી અરુંધતી પાછી ફરી. એણે પોતાની ઓરડી બહાર બે જણાને બેઠેલા જોયા. એક સ્ત્રીને એક પુરુષ સાથે આવતાં એણે જોઈ—મનુભાઈ ને એક અજાણી સ્ત્રી સહિત જોયા. તેનું હૃદય પ્રફુલ્લ થઈ ગયું. એ જરા ઝડપથી આગળ ચાલીને ઓરડી પાસે આવી. એણે મનુભાઈને શિષ્ટાચારથી નમીને માન આપ્યું.

"અરુંધતિ ! આ તારી નાની બહેન !" અરુંધતીને ઉદ્દેશી મનુભાઈએ કહ્યું. અને પછી લલિતા તરફ વળી તેને કહ્યું: લલિતા ! તમારી મોટી બહેનને વંદન કરો."

લલિતાએ નમીને અરુંધતીને પ્રણામ કર્યા.

ઓરડીનાં દ્વાર ખોલી અરુંધતી એમને અંદર તેડી ગઈ. બે દૂધના બે પ્યાલા ગરમ કરી પાસે મૂક્યા, પ્રસન્ન વદને એણે સૌના આરોગ્યના સમાચાર પૂછ્યા.

"અરુંધતિ! ઘરમાં સૌ કુશળ છે. પણ તારી સાસુની તબિયત હવે લથડે છે. એમને તાવ છોડતો નથી; વૃદ્ધાવસ્થા છે; દિનકર વૈદ્યની દવા ચાલુ છે. બાપાજી સારી પેઠે છે. આ લલિતાની આપણા ઘરનું વૈતરું કરવા માટે ભરતી થઈ છે. મારા શરીરની તંદુરસ્તી સારી છે; પણ મારા મનની તંદુરસ્તી વિષે તો તું જાણે છે."

"આમ ક્યાં નીકળ્યા? અહીં ક્યાં ભૂલા પડ્યા?"

"અરે, અમે આપણી કુલદેવીને પગે લાગવા માટે આપણે ગામ ગયા હતા. મેં કહ્યું લાવને, એકાદ દિવસ અમદાવાદ ઊતરું. લલિતાને પણ પોતાની મોટી બહેનને જોવાની ઈચ્છા હતી, એટલે એ પણ ઊતરી."

"તમે ભલે આવ્યા. હું તમને અને મારી નાની બહેનને મળવાથી ઘણી ખુશી થઈ છું. નાની બહેન! થોડા દિવસ તારી પ્રીતિની કસોટી કરવા માટે આપણે સાથે રહેવાની હું ઈચ્છા રાખું છું. તને ગમશે?"

"જરૂર ગમશે, મોટી બહેન! તમે હમણાં જ ચાલો."

"હમણાં મુહૂર્ત નથી, નાની બહેન! જંગલની પંખિણી એક વખત સોનાના પિંજરામાં પુરાઈ હતી. કોઈ પ્રારબ્ધના સુયોગે એનું માનસિક બંધન છૂટી ગયું. એટલે શારીરિક સ્વતંત્રતા પોતાની મેળે મળી ગઈ. હવે એ પંખિણી જંગલના ઝાડે ઝાડે પોતાની ઈચ્છાનુસાર ઊડે છે. મરજી મુજબ જંગલનાં ફળો ખાઈ ઝરાનું પાણી પીએ છે. ઝાડે ઝાડે બેસી કુંજે છે. એને ભય નથી, કારણ કે એણે સંયમી જીવન પોતાને માટે ઘડી રાખ્યું છે. જગતની એ મિત્ર છે, જગત એનું મિત્ર છે. હવે એ સોનાના પિંજરામાં પુરાવા નહિ આવે. એની સ્વતંત્રતા મોંઘેરી–મહામૂલી છે."

અરુંધતીએ અંગ્રેજ પરિચારિકાને ચિઠ્ઠી લખી તે દિવસ માટે રજા મંગાવી લીધી. એણે આખી સાંજ પોતાનાં પ્રિયજનો સાથે ગાળી. એમને પોતાને હાથે રસોઈ કરી જમાડ્યાં. રાતની ટ્રેનમાં ગાડી કરી એ એમને સ્ટેશને મૂકી આવી. ટ્રેન ચાલવાની તૈયારીમાં

થઈ એટલે અરુંધતીએ પતિને પ્રણામ કર્યા. અરુંધતીએ સાસુ-સસરાને પ્રણામ પહોંચડવાનો સંદેશો મનુભાઈને આપ્યો.

"શું વાત કરી, અરુંધતી ? તારા મુંબઈના ઘરમાં તોફાન જગાડવું છે ? તારા સસરાને ખબર પડે એટલે અમને ઘરમાંથી ઝાડુ મારી બહાર કાઢે. એમનું મન તું જીવતી છે કે મરેલી તેની પણ ખબર જાણવા ઈંતેજાર નથી. વટલેલી-ખ્રિસ્તાન થયેલી, કાળમુખીને ત્યાં અમે ખાધું છે, એમ તેઓ જાણે તો અમારા પણ ભોગ મળે. ના ભાઈ, એ ન બને." હસતાં હસતાં મનુભાઈએ કહ્યું.

ત્રણ માસ પછી મનુભાઈનો કાગળ આવ્યો. તેમાં ડોસીમા સ્વર્ગે દેવોની નોકરીમાં સંચર્યાં હોવાની ખબર હતી. અરુંધતીએ એનો યોગ્ય જવાબ આપ્યો.

બાર માસ પછી અરુંધતીનો પગાર વધ્યો હતો. એને મોટી બે ઓરડીઓ અને નોકર મળ્યાં હતાં. એક દિવસ મનુભાઈનો દ્વારકાથી કાગળ મળ્યો:

"અમે દ્વારકા આવ્યાં છીએ: કાંઈક યાત્રા માટે અને કાંઈક ફરવા માટે. આ સોમવારે અમે સવારની આઠની ટ્રેનમાં અમદાવાદ ઊતરશું." એવા ખબર હતા. અરુંધતી વખતસર સ્ટેશન પર જઈ મનુભાઈ અને લલિતાને તેડી પોતાને ત્યાં લઈ આવી. ત્રણ દિવસ સુધી અરુંધતીના ઘરમાં સૌ સાથે રહ્યાં. અરુંધતીએ બારીક સમીક્ષા કરી જોયું તો તેને લલિતા ખૂબ પ્રેમાળ અને મીઠા સ્વભાવની બાળા જણાઈ. તેણે પોતાનું હૃદય મોટી બહેનને અર્પણ કરી દીધું. એ અરુંધતી સાથે ખૂબ હળી મળી ગઈ. જાણે જુગજૂની પ્રીતિ હોય તેમ એ અરુંધતીના સહવાસમાં મહાલવા લાગી. મનુભાઈનું હૃદય પણ આ ત્રણ દિવસ માટે ખૂબ પ્રફુલ્લિત બન્યું. એ સુખી નહોતા એમ અરુંધતી જોઈ શકી હતી, અરુંધતીએ ત્રણ દિવસની રજા લીધી હતી. આનંદી વાતાવરણમાં અરુંધતી એમને મુંબઈ વળાવી પાછી ફરી.

૪૦

# અરુંધતીનો અભ્યુદય

મુંબઈમાં મનુભાઈના પિતા જીવણલાલ જૂની ઘરેડના વેપારી હતા. એમનો વેપાર સાધારણ ઠીક ચાલતો હતો. દર વર્ષે ત્રણ ચાર હજાર રૂપિયા ચોખ્ખો નફો કરતા હતા. જીવણલાલ પોતાના કુટુંબનું યોગક્ષેમ બરાબર નભાવતા હતા. વૃદ્ધ સંસારની લીલી સૂકી જોઈને અનુભવી બન્યા હતા. સઘળો કારભાર પોતાના હાથમાં રાખવાનો એમને શોખ હતો. સત્તાનાં સૂત્રોની લગામ એઓ કદી બીજાના હાથમાં સોંપતા નહિ; છતાં વેપારમાં એમણે સહકાર મળે તે માટે કામ કરનાર ભાગીદાર લલ્લુભાઈને સાથે લીધા હતા. લલ્લુભાઈ પાસે મૂડી નહોતી, મહેનત હતી. સવારે વહેલા આવીને રાત્રે મોડે સુધી દુકાનનો ઘરેડો ઢસડતા હતા. જીવણલાલ એને ચાર આની ભાગ આપતા હતા. આ વિશ્વાસુ બુઢ્ઢાનો લલ્લુભાઈ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. નામુંઠામું, રોકડ અને ઉઘરાણી સૌ કામ લલ્લુભાઈને માથે હતું.

ઓચિંતા લલ્લુભાઈ હૃદય બંધ પડવાથી પોતાનો હિસાબ પતાવવા સ્વર્ગમાં પ્રયાણ કરી ગયા. એમનો પુત્ર જગન્નાથ એક વેપારીને ત્યાં ચાલીસ રૂપિયા માસિક પગારે નામાનું કામ કરતો હતો. જગન્નાથને જૂના નાતા પ્રમાણે જીવણલાલે પોતાની દુકાનમાં એના પિતાને સ્થાને ભાગીદાર તરીકે લાવી રાખ્યો. છેલ્લાં આઠ દશ વરસ થયાં જગન્નાથે પેઢીમાં એના પિતાને ઠેકાણે એનું બધું કામ સંભાળી લીધું હતું. જૂનો નોકર અને કામ કરનાર ભાગીદાર હોવાથી સાવચેત જીવણલાલે એની ઉપર વિશ્વાસ મૂક્યો હતો. દેશી પેઢીઓમાં ઘણી વખતે નાની બાબતોમાં ખૂબ ચોકસી રાખવામાં આવે છે; જ્યારે મોટી બાબતો એટલે નામાઠામાની ચોખવટ બરાબર રહેતી નથી. જીવણલાલનું નામું પણ બે વરસે મંડાતું હતું. વિશ્વાસે વહાણ ચાલતાં હતાં. પેઢી ચાલીસ વરસની જૂની હતી; એમાં કાંઈ સટ્ટાનું કામ નહોતું. તૈયાર અનાજ દેશાવરથી મંગાવીને મુંબઈમાં સામટું એ વેચતા હતા.

જીવણલાલ પોતાની પત્નીના મરણ પછી શરીરે કાંઈક થાક્યા હતા. એમનાથી દાદરા ઊતરચડ વધારે વખત થતા નહિ. બે ત્રણ વિસામા ખાઈ ચાર દાદરા ચડવા પડતા હતા. આથી એઓ જમીને એક વખત દુકાન ઉપર જતા. સાંજે છ વાગે વળી પાછા આવતા તે રાત્રે દુકાને જતા નહિ. એમને બદલે મનુભાઈ સવારના આઠ વાગે દુકાને જતા. વેચાણનું કામ એમના હાથમાં હતું. રાત્રિના નવ વાગે દુકાન બંધ કરી ચાવી લઈ મનુભાઈ ઘેર આવી જમતા હતા. બપોરના પણ બાર વાગે જમવા પાછા આવી જતા હતા.

જગન્નાથ ઉપર પિતાપુત્રનો સંપૂર્ણ વિશ્વાસ હતો. જગન્નાથના હાથમાં રોકડ રહેતી. એને જૂનો નોકર જાણી પિતાપુત્ર રોકડની બહુ કાળજી રાખતા નહોતા. જગન્નાથે પોતાના અઢાર વરસના પુત્ર મોતીલાલનું સગપણ કર્યું અને બે વરસ રહીને પરણાવ્યો. જગન્નાથ પાસે પોતાની કાંઈ મૂડી નહોતી. જે ભાગમાં નાણાં મળતાં તે

કુટુંબના ખર્ચમાં વપરાઇ જતાં હતાં. એની સ્ત્રી દિવાળી મોટા મનની હતી. ખાવા-પીવા ને પહેરવા ઓઢવાની વસ્તુઓ માટે એ બહુ ઉદારતા દાખવતી. આથી કાંઈ બચાવ થતો નહિ. જગન્નાથ પ્રમાણિક વૃત્તિનો માણસ હતો. એની બુદ્ધિ ખરાબ નહોતી. ઈશ્વર આપી રહેશે, એવી માન્યતાથી સાધનો વગર એણે છોકરાનું સગપણ કર્યું. દિવાળીનાં ઘરેણાં છોકરાની વહુને કરાવ્યાં. મોતીલાલને પરણાવ્યો. દિવાળીએ અપવાસની ધમકી આપી. આથી જગન્નાથને જ્ઞાતિભોજન આદિ ખોટા ખર્ચા પોતાના ગજા ઉપરાંત કરવા પડચા. શેઠની રોકડમાંથી એક હજાર રૂપિયા એમની સંમતિ વગર એણે ઉપાડચા.

જગન્નાથને આ એક હજાર રૂપિયા ભરવાની ચિંતા રહેતી હતી. એનો કુટુંબનો ખર્ચો નાની વહુ આવવાથી વધ્યો હતો. દિવાળી કોઈ રીતે ખર્ચ ઘટાડવામાં સહકાર આપે તેમ નહોતું. જગન્નાથ મુંઝાયો. કોઈ કમનસીબ ઘડીએ એને મારવાડી બજારમાં ધકેલ્યો. એણે ત્યાં સટ્ટો કર્યો. હમેશાં, હાર્યો જુગારી ભવિષ્યના લાભ માટે વધારે જોસથી રમે છે. જગન્નાથ પણ આજે નહિ તો કાલે લાભ થશે એવા વિશ્વાસથી વાયદાના સોદામાં ઊતર્યો. આઠ દશ હજાર નુકસાની આવી પડી. આપઘાત કરવો કે નુકસાની ચૂકવવાને બદલે દિવાળુ ફૂંકી નાદારીમાં જવું એ સવાલે એને ઘણો સમય મૂંઝવ્યા કર્યું. એણે બેમાંથી એકેય માર્ગ લીધો નહિ. નુકસાનીના બધા રૂપિયા એણે પોતાની શેઠની રોકડમાંથી ઉપાડી લીધા. એના હાથમાં મોસમને લીધે મોટી રકમનાં નાણાં આવ્યાં હતાં. એનો ઉપયોગ કરવાની લાલચને એ રોકી શકચો નહિ. પરિણામને વિચાર્યા વગર એણે પોતાને અને શેઠને કીચડમાં ખેંચ્યા.

બેએક અઠવાડિયાં વિવાહને વીતી ગયાં. કાંઈક માલ લીધો. જગન્નાથે એક સવારે કહ્યું કે નાણાં ચૂકવવા મારી પાસે પૈસા નથી. મનુભાઈએ પૂછ્યું: " નાણાની મોટી રકમ ફાજલ હતી; તે ક્યાં ગઈ?"

જગન્નાથ ખેં ખેં ફેં ફેં થઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહિ. મનુભાઈએ નામું તપાસ્યું. રોકડમાં પુરાંત દશહજાર રૂપિયા નીકળતી હતી. બેંકોમાં એ રૂપિયા ભરવાને બદલે જગન્નાથે પોતાના ઉપયોગમાં લીધા હતા. મનુભાઈએ ૭ કલાક સતત તપાસ બધા નામાની કરી. જગન્નાથે વિશ્વાસનો દુરૂપયોગ કર્યો હતો. આજે જીવણલાલ નબળી તબિયતને લીધે દુકાને આવ્યા નહોતા. જગન્નાથ પણ બપોર પછી પેઢી ઉપર જમીને આવ્યો નહોતો. તે પરબારો જીવણલાલને ઘેર ગયો. ડોસા તકીએ અઢેલીને સૂતા હતા. જગન્નાથ એમની પાસે આવી બેઠો.

"કેમ જગુ, અત્યારે કેમ આવ્યો? શું સમાચાર છે?"

જગન્નાથે વૃદ્ધના ચરણોમાં પોતાની પાઘડી ઉતારીને મૂકી. "બાપુજી! મેં બહુ ખોટું કર્યું છે; તમારે શરણે આવ્યો છું."

"તે શું કર્યું છે?" વૃદ્ધે આશ્ચર્યમાં પડીને પૂછ્યું.

"મેં તમારાં નાણાંનો દુરૂપયોગ કર્યો છે; મને માફી આપો." તે મોટેથી રોઈ પડ્યો. બોર બોર જેવડાં આંસુ એની આંખોમાંથી ઢળવા લાગ્યાં. "મેં નિમકહરામી કરી છે."

"રો નહિ ગાંડા, મારી પાસે બધી વાત કહી દે." જીવણલાલે બેઠા થઈને પૂછ્યું.

જગન્નાથે પહેલેથી છેલ્લે સુધી બધી હકીકત કહી સંભળાવી; કેવી રીતે એણે નાણાં ઉપાડ્યાં હતાં તે પણ વર્ણવી બતાવ્યું; જરા પણ છુપાવ્યું નહિ.

"મારા બાપ તમારું અન્ન ખાઈ જીવ્યા; હું પણ તમારા અન્નથી ઊછર્યો; છતાં મંદ ભાગ્યથી મેં જે ઝાડે મને મીઠાં ફળો દીધાં તેને જ મારા હાથે કુહાડો મારી કાપી નાખ્યું. મારા જીવતરને

ધિક્કાર છે! મેં ભૂંડું કામ કર્યું છે. તમારો ગુન્હેગાર છું. મારો કે તારવો એ તમારા હાથમાં છે." જગન્નાથે રોતાં રોતાં કહ્યું.

"જગુ! તેં આ કામ સારૂં કર્યું નથી. તું ડૂબ્યો, અને સાથે મારી આબરૂની નાવ પણ જોખમમાં મૂકી દીધી છે. હવે મનાને આવવા દે. હું એની સાથે સલાહ-મસલત કરીશ. આ વાતની કોઈને ખબર પડવા દેવાની જરૂર નથી; કોઈને કહેતો નહિ. ઘેર પણ વાત કરીશ નહિ. પેઢીને કેમ બચાવવી એમાં આપણી સર્વેની શક્તિની જરૂર પડશે. તું કાંઈ બન્યું જ ન હોય તેમ વર્તીને પેઢી ઉપર બેસ. અને મનાને મારી પાસે મોકલ."

જગન્નાથ ગયો. એક કલાકમાં મનુભાઈ ઘેર આવ્યો. સાથે તે ચોપડા લેતો આવ્યો. બાપદિકરાએ ભેગા મળી ચોપડાની બારીક તપાસણી કરી. રોકડ બધી ચાલી ગઈ હતી. ઉઘરાણી ત્રણ ચાર હજારની હતી. આવતી કાલે પાંચ હજાર અનાજની કિંમતના ભરવાના હતા. બાપદિકરાએ રાત્રે મોડે સુધી વાતો કરી.

બીજે દિવસે મનુભાઈ પોતાની સ્ત્રીના અને માતાના સોનાના દાગીના લઈ બજારમાં વેચી આવ્યો. મનુભાઈની પહેલી ઈચ્છા એને ઘરેણે મૂકી વ્યાજ ઉપર નાણાં લેવાની હતી. અનસૂયા પાસે એની આવ-જાવ અરુંધતી ગયા પછી ચાલુ થઈ હતી. અરુંધતીના નિ:સ્વાર્થ ઉચ્ચ ચારિત્ર માટે એને ઘણું માન હતું. તે એની પાસે દિલ ખોલીને વાત પણ કરતો હતો. અરુંધતી સાથે મૈત્રી રાખવાની સલાહ પણ અનસૂયાના ઉદાર હૃદયની હતી. આ સંકટસમયે પણ તે પોતાના નિ:સ્વાર્થ સલાહકાર પાસે એ પહોંચ્યો, એને સઘળી વાત કરી. દાગીના વેચવાની જ સલાહ અનસૂયાએ આપી. પિતાની તબિયત બીજે દિવસે સલાહ લેવા જેવી રહી નહોતી. એણે દાગીનાના ત્રણ હજાર રૂપિયા બજારમાંથી મેળવ્યા. બાકીના બે હજાર પણ એણે

અનાજનો તેટલો ભાગ વેચીને મેળવ્યા. પરિણામે તરત માટેનો ભય તો માથા પરથી દૂર થયો.

આફત એકલી આવતી નથી. જ્યારે આવે છે ત્યારે ચારે તરફથી એકસામટી આવે છે. દૃષ્ટાંત તરીકે એક કચ્છની વાત સાંભળવામાં આવી છેઃ

એક યુવાન પુરુષ પોતાની સ્ત્રીને લઈને ગાડામાં બેસી કચ્છના રણમાં મુસાફરી કરતો હતો. એને રણની બીજી બાજુએ જવાનું હતું. રણમાં રસ્તો ભૂલ્યા. રાત પડી ગઈ, ગાડાનું એક પૈડું નીકળી ગયું; તે સરખું કરતાં બહુ સમય નીકળી ગયો. બીજે દિવસે બપોર થયા, પણ રણને પાર કરી શક્યા નહિ. બપોરના રણનો તડકો ધખવા માંડ્યો. પાણીના કૂજાનું તળીઉં દેખાયું. સૌને પાણીની ભારે તરસ લાગી હતી. એટલાં સંકટો પૂરાં ન હોય તેમ યુવકની પત્નીને શૂળ ઊપડ્યું. બાળક અવતરવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. ચાર પાંચ સંકટોમાં ઘેરાયલા યુવકે શું કરવું તે તેને સૂઝ્યું નહિ. એટલામાં રણમાં પ્રવાસીઓને લૂંટવાનો ધંધો કરતા લૂંટારૂઓ ત્યાં આવ્યા. એમણે એકલા ગાડાને જોઈ કિંમતી વસ્તુઓ આપી દેવા જણાવ્યું. પાંચ સંકટો ભેગાં થયાં. એટલે યુવકે એક નવીન જાતનું કાર્ય કર્યું. એણે રણમાં જરા આગળ વધીને મોટેથી પોકાર પાડ્યોઃ "આવો, આવો, હજી બાકી રહેતા હોય તે સૌ આવી જાઓ. હજી ઘડો પૂરો છલકાયો નથી."

લૂંટારૂના સરદારે આ વિચિત્ર ઘટના જોઈને યુવકને પોતાની પાસે બોલાવીને પૂછ્યુંઃ "કેમ, તું શાની રાડો નાખે છે? મને એનો અર્થ સમજાવ."

યુવકે નિખાલસ ભાવે કહ્યુંઃ "ભાઈ! રસ્તો ભૂલ્યા છીએ, રણનો તડકો ખમાતો નથી, પાણી ખૂટ્યું છે, તરસે મરીએ છીએ. અને તમે લૂંટવા આવ્યા છો. હજી દુઃખોનો ગાંસડો પોટલો અધુરો છે. એટલે બીજાં દુઃખોને સાથે બોલાવી લેવા માટે હાકલ કરૂં છું, જેથી ઘડો પૂરો ભરાય."

લૂંટારૂના સરદારને દયા આવી. એણે એમને પાણી પીવરાવ્યું. સ્ત્રીની સુવાવડ માટે ગાડા ઉપર જાડા કપડાનો છાંયો કરાવ્યો અને બધી સગવડ કરી આપી એમને રણને બીજે પાર પહોંચાડયા.

મનુભાઈના પિતાને આ નુકસાની અને વેપારના નાશનો સખ્ત આઘાત લાગ્યો. એમને ડાબા અંગમાં અર્ધાંગ થયો, ડોસા પથારીવશ થયા, એમની સેવા-ચાકરી માટે માણસની જરૂર પડવા લાગી. બીજી તરફ લલિતાને પાંચમો માસ ચાલતો હતો તે કસુવાવડ થઈ ગઈ. એને પણ સેવાચાકરીની જરૂર હતી. ઘરમાં કોઈ માણસ મળે નહિ. લલિતાનાં માવિત્રો પણ યાત્રાએ ગયાં હતાં. મનુભાઈને ચારે તરફથી તકલીફ ઊભી થઈ. ધંધાને અંગે એની દુકાન ઉપર હાજરીની જરૂર હતી. વળી ઉઘરાણીની સંભાળ પણ લેવી જોઈએ. પિતા કાળજી અને સેવા માંગતા હતા, પત્નીને ઇસ્પિતાલમાં મોકલી હતી, ત્યાં એની તબિયત ચિંતા કરાવે તેવી હતી. સઘળે સ્થળે મનુભાઈની હાજરીની જરૂર હતી. મનુભાઈ ખૂબ મુંઝાયા. એમણે અનસૂયા પાસે વાત કરી. અનસૂયાએ પાડોશીઓના સહકારથી વૃદ્ધની સેવા ઉપાડી લીધી અને ઇસ્પિતાલમાં પણ બનતી સગવડ કરાવી. મનુભાઈને પોતાને ત્યાં જમવા આગ્રહ કરી તેડી ગઈ. એણે અરુંધતીને પત્ર લખ્યોઃ—

"બહેન !

બહુ અગત્યના કારણે આ પત્ર લખવાની તક હું લઉં છું. તારા પ્રત્યેનો સ્નેહ તને મુંબઇ તરત આવવા માટે નિમંત્રણ કરે છે. તારૂં કુટુંબ વિપત્તિના વાદળાંઓથી ઘેરાયું છે. વૃદ્ધ સસરા પથારીવશ છે, લલિતા ઇસ્પિતાલમાં માંદગીને બિછાને છે. ધંધો ખાડામાં ધકેલાં ખાય છે. બિચારા મનુભાઈ ચિંતાઓના કીચડમાં ચોંટી ગયા છે. જલદી આવ. તારી હાજરીની જરૂર છે. મને આશા છે કે તારી ઉદાર મનોવૃત્તિ તને બીજા દિવસની ટ્રેનમાં આ તરફ આવવા પ્રેરણા દેશે.

લિ. તારી

—અનસૂયા"

કાગળ મળતાં જ અરુંધતીએ એક માસની રજા માટે અરજી કરી મેટ્રન પાસેથી તરત માટે આઠ દિવસની રજા લઈ બીજે દિવસે મુંબઈ તરફ રવાના થતી ટ્રેનમાં એ ચડી બેઠી ને મુંબઈ આવી પહોંચી. એણે ઘરનો સઘળો કારભાર પોતાના હાથમાં લઈ લીધો. રસોઈ, વૃદ્ધ અને ઇસ્તિપાલ, એ ત્રણે ય વસ્તુ એણે સંભાળી લીધી. એણે જીવણલાલની પ્રાણપણે સેવા કરવા માંડી. વૃદ્ધ જૂની વહુને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. એના અસ્તિત્વની પણ એમને ખબર નહોતી. એ અરુંધતીના હાથે સુંદર સેવા પામવા લાગ્યા. ખૂબ ગેમથી, ઉલટથી શેક કરવો, પગ ચાંપવા, દવાથી માલીસ કરવી, નિયમસર વૈદ્યની દવા ખવરાવવી, પથારી સાફ કરવી, શરીરને ગરમ પાણીમાં નીચોવેલા ટુવાલથી લૂછી નાખવું—આ બધી સેવા એ નિયમિત રીતે કરવા લાગી. રાત્રે પણ એમની પાસે બેસી તંબુરો લઈ સરસ ભજનો એ ગાવા લાગી. વૃદ્ધ આનંદમાં રહે તેવા પ્રયત્નો એણે કરવા માંડ્યા. બપોરના ઇસ્પિતાલમાં જઈને પાંચ કલાક લલિતા પાસે એ ગાળવા લાગી. આમ એણે નિઃસ્વાર્થ ભાવે કુટુંબની સેવા કરવા માંડી. અરુંધતીએ પોતાનો આત્મા કુટુંબની સેવામાં રેડયો.

પતિને નાણાં સંબંધી મુશ્કેલી હતી. એણે એને વેપાર ટુંકો કરવાની સલાહ આપી પેઢી કાઢી નંખાવી. તેને બદલે નાના પાયે અનાજની દુકાન રખાવી. જગન્નાથને સારું સર્ટિફિકેટ આપી બીજા વેપારીને ત્યાં માસિક ૭૫ રૂપિયાના પગારે નોકરી રખાવ્યો. જગન્નાથના પુત્ર મોતીલાલને પતિની દુકાને ચાલીસ રૂપિયાના પગારે રખાવી દીધો. લલિતા સ્વાસ્થ્ય મેળવી પાછી ઘેર આવી. પણ વૃદ્ધને આરામ થયો નહિ અરુંધતીએ અઢી માસ સુધી માતાની પેઠે એની સેવા કરી. વૃદ્ધ એક દિવસ રડી પડયા. જેમ તેમ બોલી ઊઠયા—"દિકરી! મેં તને અન્યાય કર્યો છે. મેં તને મરચાં ખવરાવ્યાં; તેં મને આમ્રફળ ખવરાવ્યાં. મારા દિકરાનો હાથ છોડીશ નહિ."

થોડા દિવસો પછી વૃદ્ધ વૈકુંઠમાં વિષ્ણુ સાથે વેપાર કરવા વિદાય થયા.

અરુંધતીના ત્રણ માસની રજા પૂરી થવા આવી હતી. એણે હવે અમદાવાદ જવાની રજા માગી. લલિતા તો એને પગે જ ચોંટી. હવે કેમે કરી જવા દઉં જ નહિ. મનુભાઈની આંખમાંથી આંસુ ઝરવા લાગ્યાં. અરુંધતીએ એમને શાંત કર્યા. હજી હમણાં સમય નથી. ગરીબો અને અપંગોની સેવા મને પ્રિય છે તે મૂકીને હું આવી શકું તેમ નથી. મારૂં આ ઘર છે તે હું જાણું છું. પરંતુ મારી ફરજ અને અંતઃકરણની વૃત્તિ મને બીજે બોલાવે છે. મને મારા માર્ગે જવા દો. તમારૂં અને મારૂં બંનેનું એમાંજ કલ્યાણ છે. મેં અનસૂયા બહેન સાથે પણ આ બાબત ચર્ચા કરી છે. સૌના કલ્યાણનો આ જ માર્ગ છે, તે હું લઉં છું. સુખદુઃખે આપણે સાથે છીએ. પાણીનો પ્રવાહ ધોકાના મારથી જુદો થશે નહિ. આપણે મનથી એક જ છીએ. મને ખુશીથી રજા આપો.

અરુંધતી જતી વખતે ૨૫૦૦ રૂપિયાની થેલી પતિના હાથમાં મૂકતી ગઈ. મને હવે રૂ. ૧૫૦નો પગાર મળે છે. તેમાંથી આ નાણાં કોઈ સ્ત્રી કે બાળક ઉપયોગી સંસ્થા માટે મેં બચાવ્યાં છે. એ થાપણ તરીકે તમને સોંપું છું. એનો ઉપયોગ તમારા વ્યાપાર માટે કરજો. હું જાણું છું કે તમને નાણાંની છૂટ નથી. એટલે આ થાપણ તરીકે સ્વીકારો. જ્યારે કમાઓ ત્યારે પાછા આપશો તો હું સ્ત્રીઓ કે બાળકોના કલ્યાણ માટે એ રકમ છેવટે વાપરીશ." અરુંધતી પતિને પ્રણામ કરી, લલિતાને કોટી કરી ટ્રેનમાં ચડી ગઈ. તેઓ વચ્ચે કાગળપત્રનો વ્યવહાર ચાલુ રહેતો હતો.

* * *

ત્રણ વરસ વીતી ગયાં. અરુંધતી હવે ઇસ્પિતાલની મુખ્ય પરિચારિકા બની હતી. એ પોતાનું કામ આનંદ, ઉત્સાહ અને સેવાભાવથી કરતી હતી. એણે પરિચર્યા શીખવવા માટેનો એક વર્ગ પણ કાઢયો હતો. બહેનોને આ વર્ગમાં નર્સિંગનું જ્ઞાન આપવા પોતે અને બીજી સેવાભાવી નર્સો ઈસ્પિતાલના સમય ઉપરાંત આવતી

હતી. એમને થોડો પગાર પણ આ સંસ્થા આપતી હતી. મ્યુનિસિપાલિટી તરફથી આ સંસ્થાને ગ્રાન્ટ મળતી હતી. અરુંધતી પણ દર માસે એકસો રૂપિયા પોતાના પદરથી આપતી હતી.

એક દિવસ ઓચિંતા મનુભાઈ મોટરમાં એને ત્યાં આવી પહોંચ્યા. માણસને મોકલી અરુંધતીને બોલાવી લીધી. ' આ તારી નાની બહેન ખાટલે પડી છે. એટલે તારી પાસે સેવા કરાવવા એને લઈ આવ્યો છું. લે, એને સંભાળ, એ તારા નામને ઝંખે છે " અરુંધતીએ બિમાર લલિતાને પોતાના બંગલામાં તેડી જઈ સુવાડી. છ માસ સુધી એણે એની ખરા દિલથી ચાકરી કરી; પરંતુ છેલ્લી કસુવાવડ પછી એણે સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત કર્યું જ નહોતું. આ વખતની સુવાવડમાં એ નાની કુમુદને જન્મ આપીને સ્વર્ગે સંચરી.

નાની કુમુદ અને તેના મનુભાઈને સાચવવાની ફરજ અરુંધતી ઉપર આવી પડી. એણે ફરજને કયે દહાડે નકારી હતી !

મનુભાઈએ અમદાવાદમાં દુકાન ખોલી. બંને સાથે રહેવા લાગ્યાં. મનુભાઈને પણ અરુંધતીની સેવાભાવનાનો ચેપ લાગ્યો. તેઓ પણ તેના વિવિધ સેવાકાર્યમાં સહકાર આપવા લાગ્યા.

**સમાપ્ત**

# ઉપસંહાર

**અરુંધતી** જેવી સ્વદેશાભિમાની, દેશને માટે સર્વસ્વનું બલિદાન દેનારી એવી આદર્શ આર્ય સન્નારીના સમુજ્જ્વલ દૃષ્ટાંત સરખી વીરાંગનાઓનો આજે આપણને લગભગ ભારતભરમાં–ગામેગામ અને શહેરે શહેરમાં પરિચય મળે છે.

રાષ્ટ્રોન્નતિ માટે આજે એવા અંતઃકરણપૂર્વકના અને ભાવનાથી ભરપૂર પ્રયત્નો થાય છે કે આપણા દેશની પરાધીનતાની સાંકળો જાણે ટૂંક સમયમાં જ તૂટી જશે અને સ્વરાજસૂર્યોદયનો અરુણકાળ ત્વરિત વેગાએ જ આવી પહોંચશે.

દેશ માટે સર્વ કંઈ કરી છૂટનાર સેવકો અને નેતાઓનો આજે દેશને સારો સાથ છે અને તેમના સુપ્રયત્નોને પરિણામે જે ધ્યેયને અર્થે હિંદી રાષ્ટ્રીય મહાસભા અર્ધા સૈકા ઉપરાંત વર્ષો થયાં પ્રયત્નશીલ રહી છે તે ધ્યેયસિદ્ધિનો દિવસ હવે નજીકમાં જ આવી રહેલો ક્ષિતિજ પર દૃષ્ટિગોચર થાય છે. લોકસ્વાતંત્ર્યનો સૂર્યોદય થતાં લોકકલ્યાણનાં વિરોધી બળોનો અંત આવશે અને ત્યારે સ્વરાજ સૂર્યોદય પૂર્ણકળાએ ભારતવર્ષ પર પ્રકાશતો થશે.

આ આવનાર દેશોન્નતિનાં મૂળ કારણુ શોધવા જરા ઊંડા ઊતરી તપાસ કરીશું તો જણાશે કે ભારતની આદર્શ નારીનો જ એ પ્રતાપ હતો. એ ભારતીય નારી—એ આર્ય સન્નારીની કૂખે જન્મેલી સંસ્કારશાલ પ્રજાએ ક્રમે ક્રમે પ્રગતિ સાધી સંસ્કારસિદ્ધિ પ્રાપ્ત કરીને દેશની આર્થિક, સામાજિક અને રાજકીય સુધારણાને સાથ આપ્યો છે.

આગલાં પ્રકરણોમાં આપણે જોયું તેમ, જૂના જમાનાની ચુનીલાલની માતાએ પોતાની આર્થિક અસહાયમાં દાંતમાં છેડો રાખી સ્થિતમાં દિવસો કાઢ્યા, પોતાના પુત્ર અને પુત્રીને જમીનદાર દેસાઈનાં વૈતરાં કરીને પણ પાળ્યાં—પોષ્યાં, અનેક સંકટોની ઝડીઓ સહન કરીને પણ તે બન્ને ભાઈબહેનને ઉચ્ચ સંસ્કારનું દાન દીધું—એ સર્વ સદ્ગુણો અને આદર્શો આપણા પ્રાચીન આર્ય પૂર્વજોનો કિંમતી વારસો છે.

અને એની પુત્રી શ્યામા ? બીજવરને પરણીને 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' એ કહેવત અનુસાર માતાએ પોતા માટે પસંદ કર્યો તે પતિ સ્વીકારીને—તેને જ પોતાના સર્વસ્વતુલ્ય સમજીને—તેની અનુગામિની થઈ રહી; ઉપરાંત, ઘરનાં નાનાં મોટાં, અભિમાની—ક્રોધી તેમ જ વાતવાતમાં છેડાઈ પડનારાં કુટુંબીઓને પોતાનાં કર્યાં. એવી સુલક્ષણા અને પતિવ્રતા આર્યાઓ આપણા સમાજમાં આજે ઘેરઘેર હોય તો આપણા સંસારમાં, દુઃખ—દાવાનળો કે ક્લેશકંકાસનાં જે સામ્રાજ્યોનાં તાદશ દશ્યો અવાર નવાર આપણને જોવા મળે છે તેનું જવલ્લે જ દર્શન થાય. પરંતુ એવી આદર્શ સ્ત્રીઓ પણ આપણે ત્યાં હોય છે. 'બહુરત્ના વસુંધરા' એ કહેવત મુજબ, શ્યામા સરખાં અનેક ગુપ્ત રત્નો આપણા સમાજને ઓપ આપતાં અને તેમના ચારિત્ર્યની સુગંધમય ફોરમ ફેલાવતાં આજે આપણને અહીંતહીં નજરે પડે છે. સંતતિવિહીન છતાં ભાઈની પુત્રીને એ પોતાનો સંસ્કાર વારસો પોતાની પાછળ આપતી જાય છે.

અને અનસૂયા ! સાચે જ અનસૂયા તે અનસૂયા જ હતી ! સાચી પતિવ્રતધારિણી, પતિના સુખે સુખી અને તેની ઊતરતી અવસ્થામાં એ પરિસ્થિતિને અનુરૂપ જીવનઘડતર ઘડનારી સન્નારી આપણા સમાજના એક પરમોજ્જ્વલ આભૂષણરૂપ છે. પોતાના પતિના ગૃહસ્થાશ્રમને સંભાળવા સાથે સાથે આધેડ પતિના ઘરમાં ખાઈબદેલા નોકરોની ધીમે ધીમે સાન ઠેકાણે લાવી તેમને ઘર સુવ્યવસ્થિત રાખવાની પરિસ્થિતિમાં લાવી મૂકવાનું અનસૂયાનું કાર્ય ખરેખર આપણી પ્રશંસાને પાત્ર ઠરે છે.

એ તો બધી એના સ્વાર્થની વાતો હતી, પરંતુ એણે પરાર્થ માટે પણ ક્યાં ઓછું કર્યું છે !! આડોશપાડોશની પ્રૌઢ સ્ત્રીઓને શિક્ષણ મેળવવાની એણે સગવડ કરી આપી, નાની બાળાઓને વિવિધ કલાઓમાં રસ લેતી કરી, અને સ્વભાવપરિવર્તન કરાવવામાં એણે અથાગ પ્રયત્નો કર્યા—એ બધું પારકાના ભલા માટે જ ! આવી પરોપકારી અને સેવાપરાયણ સન્નારીઓ શહેરો અને ગામડાંના લક્ષ લક્ષ હોય તો !

અને અરુંધતી ? ખરેખર, એણે એના શિક્ષણને દીપાવ્યું. આજે કૉલેજનું શિક્ષણ મેળવી ઘમંડી બની જતી કન્યાઓ એમના શિક્ષણના ઘમંડમાં અને સ્વૈરવિહાર વાંચ્છતી એ પતંગવનિતાઓ અનેક કૉલેજિયનોરૂપી દીપકોમાં ઝપટાઈ તેમના જીવનને વેરવિખેર કરી નાખે છે.

અરુંધતી નવા યુગની નારી છે, સ્વદેશસેવાની ભાવનામાં ઓતપ્રોત થયેલી છે, દીન-દુઃખીઓની સેવા કરવાની દીક્ષા ગ્રહણ છે, અનેક પ્રલોભનો છતાં પણ ક્યાંય ફસાતી નથી અને પોતે નક્કી કરેલા—જીવનવ્રત સમા બનાવી દીધેલા પોતાના કર્તવ્યપંથે એકધારી એ ચાલી જાય છે. એ કોઈની શરમમાં તણાતી નથી, દુઃખો વેઠીને પણ એ પોતાની માન્યતાઓ અને સિદ્ધાંતોને દૃઢતાપૂર્વક વળગી રહે

છે; તેમ કરવામાં પોતાના સંસારસુખનેનો ત્યાગ કરતાં પણ એ અચકાતી નથી–ખુદ પતિનો ત્યાગ કરવા સુધીનું પગલું ભરવામાં પણ એ પાછી પાની કરતી નથી. દેશસેવાને કાજે જેલ જવાની પણ એ હિંમત કરે છે, માંદાઓની માવજત પાછળ પોતાનો સર્વ સમય આપી દે છે! આ બધું છતાં એના પતિને એ ભૂલતી નથી, પોતાના પતિ પ્રત્યેના પ્રેમને એ જરાય વિસરતી નથી; એની ગમે તેવી પરિસ્થિતિ, પોતાને સાથ–સહકાર ન આપી શકવાની એની અશક્તિ છતાં, એ એની જરાય ઉપેક્ષા કે અવગણના કરતી નથી! અને એનો પતિ ફરી પરણવા તૈયાર થતાં તેને તેમ કરવા રાજીખુશીથી પોતાની સંમતિ અર્પી આશીર્વાદ પણ આપે છે! અને તેનો પતિ ફરીવાર લગ્ન કર્યા પછી પોતાની શોકય પ્રત્યે સહેજ પણ ઘૃણા નહિ દર્શાવતાં ઊલટ તેના પ્રત્યે ઉદારતા દાખવે છે: એ આજની નવા યુગની નારીના સર્વોત્કૃષ્ટ આદર્શ રૂપે લેખી શકાય.

આમ એક માતાની સંતતિની ત્રણ પેઢીનો સંસાર ઉત્તરોત્તર વિકાસ પામતો જઈ આખર તે નવા યુગના કાળબળ સાથે પોતાના આર્ય આદર્શને અપનાવતો કેવો સુંદર સુમેળ સાધે છે!!


સાચેજ, શ્યામા, અનસૂયા અને અરુંધતી આપણા સંસ્કારદર્શનનાં સમુજ્જવલ આરસી સમાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંતો છે! જૂનામાંથી સારું ગ્રહણ કરી તેની સાથે નવીન યુગની પરિસ્થિતિનો સુમેળ સાધી જે નવરચના થઈ શકે તે આપણા ભારતીય આદર્શની પરિસીમા ભલે થાય.


વાચક! આ આદર્શોને અપનાવજે, જીવનમાં બને તેટલો સેવાભાવ કેળવજે, કુટુંબને સુખી કરવા બંધુભાવને વિસ્તારજે, જનકલ્યાણને અર્થે બને તેટલું કરી છૂટવા પ્રયત્નશીલ રહેજે.

✡



કનુ દેસાઈની
કલા
MAHATMA GANDHI
FESTIVAL OF LIFE
By Kanu Desai
FOLK RITUALS






36
642



 : ચિત્રકાર શ્રી. ભાનુ સ્માર્તે : સમૂહ નૃત્ય



ઘરનીરાણી

પતંગ

★
☆☆

સર્વ રમતોમાં પતંગની રમત કુદરતી રમત મનાય છે, તેમાં ખુલ્લા આકાશમાં પવનની સાથેજ રમવાનું હોવાથી નાના મોટા સર્વ ભાન ભૂલે છે ને જાણે કુદરત સાથેજ ખેલ ખેલતા હોઇએ તેવી લાગણી અનુભવે છે. આ ચિત્ર ગુજરાત કલા સંઘ (મુંબઇ) ના સભ્ય શ્રી. હીરાલાલ પી. પટેલનું છે.



શ્રી સૌન્દર્યની દેવી છે અને સાથે લક્ષ્મી અને જ્ઞાનની પ્રતિમા પણ છે. એની દ્વારા જ્ઞાનની જ્યોત પ્રકટે છે—એ જ શ્રી અને સમૃદ્ધિનો યોગ કરાવી આપે છે.



પૌરાણિક સમયમાં પુરુષો પણ્ અલંકારો પહેરતાં હતાં.



ગામડાના લોકોને સ્વચ્છ હવા તથા વૃક્ષો અને ડુંગરો દ્વારા મળતાં વાયુનું સેવન
કરવું પડતું હોવાથી તેમના શરીર તંદુરસ્ત અને સુરેખ તથા સુંદર હોય છે.



કુદરતમાંથી જન્મ્યા છો તેથી શરીર સ્વાસ્થ્ય માટે કુદરતને ખોળે રમો. તમારૂં મન અને સૌન્દર્ય એનાથી સમૃદ્ધ થશે. કુદરતની ખુલ્લી હવા તમારામાં ચેતન, સૌન્દર્ય અને સ્વાસ્થ્ય બક્ષશે.


# ઘરની રાણી

ભાગ ૨ જો.





ઘરનાં નાના—મોટા બધા સાથે સ્ત્રીએ મિલનસાર સ્વભાવ રાખી તેમનો પ્રેમ જીતી લેવો જોઈએ. પતિને જીતવા માટે મિલનસાર સ્વભાવ પણ અગત્યનો છે.



ઘરનીરાણી મેંદી મૂકી

શ્રી. મોરારજી સંપટની આ કલાકૃત્તિમાં ખુલ્લી અગાસીમાં મોરપીંછથી માતા પોતાની બાલિકાના હાથમાં મેંદી મૂકે છે. ડાબા હાથમાં મેંદી મુકાઇ ગઇ છે તેથી તે મેંદી ભુસાઈ ન જાય તે માટે બાલિકાએ તે હાથ સીધો રાખ્યો છે. પાસેનું નાનું બાળક રમકડાની રમત પડતી મુકી મા તથા બ્હેન પાસે જીજ્ઞાસાથી દોડી જાય છે.



**ઘરનીરાણી** — **બપોરા**

ખેડુત જગતનો તાત ગણાય છે જ્યારે સ્ત્રી એ જગત જનની છે. (Woman is the Mother of World) ખેડુત શ્રમ કરી જ્યારે ભૂખ્યો થાય છે ત્યારે બપોરે ઘરની સ્ત્રી વાડીપર ખાવાનું (રોટલો, શાક, વિગેરેનું ભાથું) પહોંચાડે છે ને ઝાડની ઠંડી મીઠી છાંયતળે ખેડુત જમે છે.

ચિત્રકારઃ—શ્રી. મોરારજી સંપટ





વરઘોડો

લગ્ન પ્રસંગનો ઉત્સાહ ને આનંદ અવર્ણનીય હોય છે. જીવનનાં સર્વ મંગલ પ્રસંગોમાંનો આ એક અપૂર્વ પ્રસંગ ગણાય છે. જેમાં વૃધ્ધોથી માંડી નાના બાળકો બધાં એકસરખાં આનંદે છે. ઉપરનાં વરઘોડાના ચિત્રમાં વૃદ્ધ, યુવાન, સ્ત્રી ને બાળકો સર્વ ઉલટભેર ભાગ લેતા જણાય છે. આ ચિત્ર ગુજરાત કલા સંઘ (મુંબઇ) ના સભ્ય શ્રી. હીરાલાલ પી. પટેલનું દોરેલું છે.



ઘરનીરાણી : ચિત્રકાર શ્રી. ભાનુ સ્માર્ત : ફુદરડી



ઘરનીરાણી

**નવરાત્ર ગરબી**

નવરાત્રના રાસનો આ પ્રકાર શહેરવાસી માટે નવો હશે પરંતુ ગુજરાતનાં ગામડામાં હજી પણ આ પ્રકાર જોવા મળે છે. નવરાત્રનાં નવ દિવસ હોય તેમ આ ગરબીમાં પણ નવ જણુ ભાગ લ્યે છે. દીપક જ્યોતને શીરપર ધારી ગરબે ઘૂમતી ગુજરાતણોનાં અંગમરોડ ત્થા ગરબાના તાલ સાથેની એકતાનતા ભલ ભલા નૃત્ય પ્રકારોની તુલનામાં પ્રસંશા માગીલે તેવા હોય છે. આ કલાકૃત્તિ ગુજરાત કલા મંડલ (મુંબઇ) ના સભ્ય શ્રી હીરાલાલ પી. પટેલની છે.



રનીરાણી — રાસ નૃત્ય

ગુજરાત કલા મંડલ (મુંબઇ) નાં સભ્ય શ્રી. હીરાલાલ પી. પટેલની આ અપૂર્વ કલાકૃત્તિમાં **'રાસ નૃત્ય'** ની ગતિ, તથા તાલનો અપૂર્વ સંગમ સધાયો છે. ભાતભાતનાં ભરતકામ વાળા વસ્ત્ર સજેલી રાસમૂર્તીઓ જ્યારે મોટાં ફળીયાવાળાં વિશાળ ઘર આંગણે રાસ ખેલે છે ત્યારે આપણા ગ્રામ્ય જીવનની રસભરી યાદ આપી જાય છે.



ધાર્મિક ક્રિયાવિધિઓ કુટુંબપરંપરામાં ઊતરી આવતી. નાના બાલકનું માનસ એ સંસ્કારપ્રવાહને ઝીલતું ને વાતાવરણને પવિત્ર રાખતું.



